# જીવ વિચાર

## યાને

## સિદ્ધ સ્વરૂપ પ્રગટાવવાનો ટૂંકો માર્ગ





અનેક ગ્રંથોના ભાવાનુવાદક અધ્યાત્મયોગી પૂ. આચાર્ય દેવ
શ્રીમદ્ વિજયરાજશેખરસૂરિજી મહારાજાના વિનેય
પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજયરવિશેખરસૂરિજી મહારાજા

ગૌતમ સ્વામિને નમ : શ્રી મહાવીર સ્વામિને નમઃ શ્રી સુધર્મા સ્વામિને નમઃ

શ્રી આત્મ–કમલ–દાન–પ્રેમ–રામચંદ્ર–હીર–મહોદય–લલિતશેખર–રાજશેખર સૂરિભ્યો નમઃ

# જીવવિચાર

યાને

## સિદ્ધ સ્વરૂપ પ્રગટાવવાનો ટૂંકો માર્ગ (શોર્ટ વે)

### કર્તા : વાદિવેતાલ શાન્તિસૂરિ મહારાજ

### (વાચનારૂપ)

❑ આશીર્વાદ દાતા ❑

પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય લલિતશેખરસૂરિજી મહારાજ
તથા
પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય રાજશેખરસૂરિજી મહારાજ

■ પ્રવચનકાર ■

પૂજ્ય આચાર્યભગવંત શ્રીમદ્ વિજય રવિશેખરસૂરિ મહારાજ

**આર્થિક સહાય** : **શ્રીમતી સીમાબેન પ્રદીપભાઈ પાટડીયા**
**શ્રીમતી ધ્વનીબેન જીલેશભાઈ પાટડીયા**
**શ્રીમતી જલ્પાબેન જીમીતભાઈ પાટડીયા, રાજકોટ**

**મૂલ્ય કિંમત** : પઠન–પાઠન–પરિણમન

**આવૃત્તિ** : પ્રથમ ૧૦૦૦ નકલ વિ.સં. ૨૦૭૩, દ્વિતીય ૧૦૦૦ નકલ વિ.સં. ૨૦૭૩
તૃતીય ૨૦૦૦ નકલ વિ.સં. ૨૦૭૬

❑ **પ્રાપ્તિ સ્થાન** ❑

❑ **શ્રી નયનભાઈ દેઢિયા**
મંગેશ મહાલક્ષ્મી ગૌશાળા રોડ,
**મુલુન્ડ (વે),**
**મુંબઈ–૪૦૦ ૦૮૦**
ફોન : ૦૨૨–૨૫૬૪૪૨૦૮
મો. ૯૦૨૯૮ ૨૬૮૯૫

❑ **શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**
C/o હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ,
૪૮૧–ગની એપાર્ટમેન્ટ,
રતનટોકીઝની સામે, ભીવંડી–આગ્રારોડ,
**ભીવંડી(મુંબઈ)–૩૨૧૩૦૫**
મો. ૯૩૨૧૨ ૩૨૨૬૬–(૦૨૫૨૨)૨૩૨૨૬૬

❑ **શ્રી પ્રમોદભાઈ છોટાલાલ શાહ**
૧૦૨, વોરા આશિષ બિલ્ડીંગ,
૫–સોલીસીટર માર્ગ, આનંદપરા
હોસ્પીટલ સામે, **મલાડ(ઈસ્ટ)**
**મુંબઈ–૯૭.** મો. ૯૩૨૨૨ ૩૬૫૮૩

❑ **શ્રી પ્રદિપભાઈ મહેતા**
શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાબંર મૂર્તિપૂજક
તપગચ્છ સંઘ ટ્રસ્ટ, આરાધના ભુવન,
માઈ મંદિર રોડ, વિકટ્રલ પ્રેસ, **સુરેન્દ્રનગર**
મો. ૯૪૦૯૦ ૬૯૪૬૪

❑ **શ્રીમતી ઝંખનાબેન શાહ**
સુપન ફ્લેટસ, દુકાન નં. ૩,
ધરણેન્દ્ર BRTS ની સામે, પાલડી,
**અમદાવાદ–૭.** મો. ૮૧૪૧૨ ૪૫૫૩૪

❑ **શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા" કરણપરા શેરી નં. ૨૭,
**રાજકોટ–૧.** ફોન : ૦૨૮૧–૨૨૩૩૧૨૦
મો. ૯૪૨૭૧ ૬૮૬૧૩

❑ **કસ્તુર ધામ ધર્મશાળા**
ગિરિ વિહારની પાછળ, તળેટી રોડ, **પાલીતાણા.** ફોન : ઓ. ૦૨૮૪૮–૨૪૨૨૩૧

:: **કોમ્પ્યુટર ટાઈપ સેટીંગ** ::
**અમીન આઝાદ**
૫, સુભાષનગર, આમ્રપાલી સિનેમા પાસે,
રાજકોટ. ફોન : ૦૨૮૧–૨૪૫૧૮૬૪
મો.: ૯૯૯૮૮ ૫૪૨૫૩

:: **પ્રિન્ટીંગ** ::
**નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ**
૯–પુનાજી ઈન્ડ. એસ્ટેટ, ધોબી ઘાટ,
દુધેશ્વર, અમદાવાદ.
ફોન : ૦૭૯–૨૫૬૨૪૯૯૯

:: **પ્રકાશક** ::
**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાબંર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ ટ્રસ્ટ**
**આરાધના ભુવન,** માઈ મંદિર રોડ, વિકટ્રલ પ્રેસ, સુરેન્દ્રનગર.

# :: મુખપૃષ્ઠ ચિત્રની સમજ ::

**સંસારચક્ર :** (નિગોદ મૂળ) ચાર ગતિ (૧) તિર્યંચ (૨) નરક (૩) દેવ (૪) મનુષ્ય.

**(૧) તિર્યંચ ગતિ :** (૧) એકેન્દ્રિય (સ્થાવરકાય) (૨) વિકલેન્દ્રિય (૩) પંચેન્દ્રિય.

**(૨) નરક ગતિ :** (૧) રત્નપ્રભા (૨) શર્કરાપ્રભા (૩) વાલુકાપ્રભા (૪) પંકપ્રભા (૫) ધૂમપ્રભા (૬) તમઃપ્રભા (૭) તમસ્તમઃપ્રભા.

**(૩) દેવગતિ :** (૧) ભુવનપતિ (૨) વ્યંતર (૩) જ્યોતિષ (૪) વૈમાનિક.

**(૪) મનુષ્ય ગતિ :** (૧) કર્મભૂમિ (૨) અકર્મભૂમિ (૩) ૫૬ અંતર્દ્વીપ.

ચાર ગતિરૂપ સંસારચક્રમાં જીવ અનાદિકાળથી પરિભ્રમણ કરે છે. તેનું મૂળ **નિગોદ** છે. એક જીવ જ્યારે સિદ્ધગતિ (મોક્ષ) પામે ત્યારે એક જીવ અનાદિ નિગોદમાંથી બહાર આવે ત્યારે તે જીવ વ્યવહારરાશિનો કહેવાય. વ્યવહાર રાશિમાં આવ્યા પછી અનંતકાળ જીવ તિર્યંચ ગતિમાં એકેન્દ્રિયપણામાં પસાર કરે, ત્યાં અકામ નિર્જરા કરવા વડે તિર્યંચ એકેન્દ્રિયમાંથી તિર્યંચ વિકલેન્દ્રિયમાં પસાર કરે, પછી ત્યાંથી તિર્યંચ પંચેન્દ્રિયમાં સંજ્ઞી કે અસંજ્ઞીમાં જાય. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાંથી જીવ અકામ નિર્જરા વડે હલકી દેવગતિમાં જાય અથવા અશુભ પ્રવૃત્તિ કરવા વડે પ્રથમ નરકમાં જાય. સંજ્ઞીમાંથી તિર્યંચ પંચેન્દ્રિય જીવ અકામ નિર્જરા કે શુભ પ્રવૃત્તિ વડે કે દેશવિરતિના પાલન વડે દેવગતિમાં ભુવનપતિથી વૈમાનિક આઠમાં દેવલોક સુધી જઈ શકે અને અશુભ પ્રવૃત્તિ વડે એકથી સાત નરકમાં જઈ શકે, મનુષ્ય ગતિમાં કે પાછો તિર્યંચ ગતિમાં પણ જઈ શકે. દેવગતિના જીવો રત્નાદિમાં આસકત થવા વડે સ્થાવરકાય એકેન્દ્રિયમાં પણ આવી શકે, મનુષ્યગતિ કે તિર્યંચ પંચેન્દ્રિયગતિમાં પણ આવી શકે પણ વિકલેન્દ્રિયમાં ન જઈ શકે. અસંખ્યાત વર્ષવાળા યુગલિક મનુષ્ય માત્ર દેવગતિમાં જ જાય. જ્યારે

કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય ચારે ગતિમાં જઈ શકે અને પૂર્ણ પુરુષાર્થ કરવા વડે તે મોક્ષગતિને પણ પામી શકે. મોક્ષગતિ માટે ચાર ગતિમાંથી માત્ર ગર્ભજ મનુષ્ય સંખ્યાત વર્ષવાળા જ પૂર્ણ પુરુષાર્થ કરીને મોક્ષને પામી શકે. બીજી કોઈ ગતિમાંથી મોક્ષ પામી શકે નહીં. માટે જ ચાર ગતિમાં મનુષ્ય ગતિની એ જ વિશેષતા છે.


મોક્ષ માર્ગમાં પ્રવેશવા માટે પ્રથમ સમ્યકત્વ જરૂરી. સમકિતથી મોક્ષમાર્ગની શરૂઆત થાય.

**सम्यग्दर्शन–ज्ञान–चारित्राणि मोक्षमार्ग.**

**(तत्त्वार्थसूत्र)**

સમ્યગ્દર્શનનું પ્રથમ લક્ષણ આસ્તિકય સર્વજ્ઞ વચન વડે સ્વનો જીવ તરીકે સ્વીકાર કરવો અને સ્વની જેમ સર્વ જીવોનો પણ સ્વીકાર કરવો એ સર્વજ્ઞ વચન છે. **જારિસો સિદ્ધ સહાવો તારિસો હોઈ સવ્વજીવાણં** જેવા સિદ્ધના જીવો છે તેવા જ જગતના (૧૪ રાજલોકના) સર્વ જીવો સત્તાએ સિદ્ધ જ છે. લોકાન્ત પર પાંચમે અનંતે સિદ્ધના જીવોએ પોતાનું શુદ્ધ સિદ્ધ સ્વરુપ પ્રગટ કરીને શાશ્વત સિદ્ધગતિને પ્રાપ્ત કરેલ છે અને તે સિવાયના જીવો જે કર્મ, કષાય અને કાયાને પરાધીન થઈને જીવી રહ્યા છે તે બધા સત્તાએ સિદ્ધ હોવા છતાં કર્મના ઉદયથી અશુદ્ધ અવસ્થાવાળા હોવાથી ચાર ગતિમાં પરિભ્રમણ કરવા રૂપે દુઃખી છે, તે દુઃખી જીવો પર દયા પ્રગટવી તે સમ્યગ્દર્શનનું બીજું લક્ષણ છે. દયાના પરિણામ જ વિકાસ પામતા અહિંસા, સંયમ, તપ અને ધ્યાનમાં પૂર્ણતા પામતા ઘાતીકર્મના ક્ષયથી, ગુણની પૂર્ણતારૂપ વીતરાગ, સર્વજ્ઞ અને અનંત વીર્ય સ્વભાવ મુક્તિ પ્રાપ્ત થાય પછી અઘાતીના નાશથી કાયાદિ સંયોગના અભાવરૂપ આત્માની શુદ્ધ અવસ્થારૂપ સિદ્ધ અવસ્થા પ્રગટ થાય. આત્માની શુદ્ધ સિદ્ધાવસ્થા પ્રગટાવવા માટેનો જે મોક્ષ માર્ગ અરિહંત પરમાત્માએ ફરમાવ્યો છે તે મોક્ષ માર્ગની પૂર્ણ સાધના માત્ર ગર્ભજ મનુષ્ય ભવમાં જ થઈ શકે તેમ છે તેથી મનુષ્ય ભવ દેવોને પણ ઝંખનીય છે. આથી મનુષ્ય ભવ પામીને જે આત્મા મોક્ષ માર્ગની આરાધના વડે પોતાની સત્તાગત સિદ્ધાવસ્થા પ્રગટાવવા પુરુષાર્થ કરે તેનો મનુષ્યભવ સફળ થાય.

# ચૌદ રાજ લોક


લોકની ઉપર અનંત અલોક
અલોકાકાશ લોકની ફરતો બધી દિશામાં અનંત અલોક
પહોળાઈ ૧ રાજ
અનંતાનંત સિદ્ધાત્માઓ
સિદ્ધશિલા (મોક્ષ સ્થાન)
૪૫ લાખ યોજન લાંબી
પાંચ અનુત્તર વિમાન
૧૧૧ વિમાન
૧૦૦ વિમાન
૧૦૦ વિમાન
કુલ ૩૧૮ વિમાન
આરણ
અચ્યુત
આનત
પ્રાણત
સહસ્રાર
શુક્ર
પહોળાઈ ૫ રાજ
લાંતક
મહાશુક્ર
સનત્કુમાર
માહેન્દ્ર
અલોકાકાશ લોકની ફરતો બધી દિશામાં અનંત અલોક છે.
ઈશાન
સૌધર્મ
મેરુ પર્વત
તિર્છાલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રો
પહોળાઈ ૧ રાજ
૧૪ રાજલોકનું મધ્યબિંદુ
પહેલી નરક પૃથ્વી - રત્ન પ્રભા
બીજી નરક પૃથ્વી
ત્રીજી નરક પૃથ્વી
ચોથી નરક પૃથ્વી
પાંચમી નરક પૃથ્વી
છઠ્ઠી નરક પૃથ્વી
સાતમી નરક પૃથ્વી
મધ્યલોક - મનુષ્યલોક
વાણવ્યંતર-જ્યોતિષ્ક-ભવનપતિ દેવોનાં સ્થાન
નરકાવાસ
લોકની નીચે અનંત અલોક છે.
અહીં લોકની પહોળાઈ ૭ રાજ કહેવાય છે
૧ રાજ
૨ રાજ
૩ રાજ
૪ રાજ
૫ રાજ
૬ રાજ
૭ રાજ

## પ્રથમ પ્રસ્તાવના

# જીવવિચાર

### યાને

### સિદ્ધ સ્વરૂપ પ્રગટાવવાનો ટૂંકોમાર્ગ = (શોર્ટ વે)

પ્રાપ્ત વિગતો મુજબ સંવત ૧૦૦૪માં જીવવિચાર પ્રકરણના કર્તા વડગચ્છના વાદિવેતાલ પૂ. શાંતિસૂરિ થયા. આ વાદિવેતાલનું બિરુદ ભોજરાજાએ તેમને આપ્યું હતું. તેઓ જીવવિચારના રચયિતા હોવાનું માનવામાં આવે છે. તેઓએ આગમોમાંથી જીવવિચારનું પ્રકરણ ઉદ્ધર્યું છે. ચક્રેશ્વરી દેવી અને પદ્માવતી દેવીની સહાયથી સંવત ૧૦૯૩માં તેમણે શ્રીમાલીના ૭૦૦ ગોત્રને ધૂલિકોટ પડવાની આગાહી જણાવી તેમનું રક્ષણ કર્યું હતું. ઉત્તરાધ્યયન સૂત્રની મોટી ટીકા ૧૮,૦૦૦ શ્લોક પ્રમાણ તેમણે રચી છે. તે ઉત્તરાધ્યયનની 'પાઈઅ' (પ્રાકૃત) ટીકા કહેવાય છે. પૂ. શાંતિસૂરિજીએ ધનપાલ પંડિત કૃત તિલકમંજરી ગ્રંથનું પણ સંશોધન કરેલ છે.

વીતરાગ પરમાત્મા કેવલજ્ઞાનરૂપી સૂર્યના પ્રકાશવાળા છે અને ત્રણે ભુવનમાં તેનો પ્રકાશ પાથરી રહ્યાં છે. ૧૪ રાજલોકમાં જીવો ઠાંસી ઠાંસીને ભરેલા છે. પરમાત્મા એ બધાને જોનાર છે. પરમાત્મા સતત આપણા દર્શન કરે છે. આપણે તેમના દર્શન નથી કરતાં માટે આપણે પરમાત્માના દર્શન કરવાનાં છે. સત્તાએ મારો આત્મા પણ કેવલી છે. પ્રત્યેક જીવોનો આત્મા પણ સિદ્ધ = કેવલી છે. જિનેશ્વર પરમાત્મા જે રીતે કહી ગયા તે રીતે સમગ્ર જીવરાશિને અને તેના સ્વરૂપને જાણવાનું છે. જીવવિચાર એટલે જ આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવાની પ્રક્રિયા.

જૈન સાહિત્યમાં જીવોને લગતા સ્થૂલ અને સૂક્ષ્મ વિગતથી ભરેલા તથા તે વિષેના વિચારના અનેક ગ્રંથો મળી આવે છે. અનેક દેશોના વૈજ્ઞાનિકોએ પણ એ હકીકત સ્વીકારી છે કે પ્રાણીઓની ચૈતન્ય શકિત, ઈંદ્રિય શકિત, જીવન પ્રકાર વગેરે મનુષ્ય જીવનની ચૈતન્ય શકિત, ઈંદ્રિય શકિત વગેરે સાથે

મળતી આવે છે. એ જ રીતે પ્રાણીઓ અને વનસ્પતિના લક્ષણોની એકતા પ્રયોગો દ્વારા સિદ્ધ કરેલ છે. જેમાં પણ અનેક લક્ષણો સમાન છે. લોખંડ જેવી ધાતુઓમાં પણ સજીવ પદાર્થોના લક્ષણો છે એમ વૈજ્ઞાનિકોએ સિદ્ધ કર્યું છે.

અત્યાર સુધી આપણે તેની ભાષા સમજતા ન હતા. આપણા નેત્રો એની લાગણીઓ જોઈ શકતી ન હતી તેથી આપણે તેને જડ માનતા હતા. વૈજ્ઞાનિકો દ્વારા આ બાબતે પ્રયોગો કરી તે સજીવ છે તેવું સિદ્ધ થતાં હવે આપણે તેને સજીવ તરીકે સ્વીકારતા થયા છીએ. પરંતુ આ બધી જ બાબતે જ્ઞાની પુરુષોએ જૈન શાસ્ત્રોમાં આ વિશે બહુ વર્ષો પહેલાં જે કાંઈ લખેલું મળી આવે છે તેટલું જગત આગળ આ વૈજ્ઞાનિકો હજારો વર્ષે પણ મૂકી શકશે કે કેમ ? એ સંશય છે.

· ચારગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કરતાં જીવો મિથ્યાત્વાદિને લઈને જે કાંઈ પ્રવૃતિ કરે તેના માઠા પરિણામોને કારણે દુઃખોની પરંપરા સર્જાય છે. પોતે કરેલી ભૂલોના પરિણામે દુઃખની ગર્તામાં લાંબા સમય સુધી ભટકવું પડે છે. માટે સાવચેત રહી પ્રવૃતિ કરવાથી કર્મબંધ ઓછો અને અલ્પ રસવાળો થાય, તેથી ભવભ્રમણ ઓછું થાય, સદ્‌ગતિ વહેલી મળે.

આ પુસ્તકમાં પૂ. શાંતિસૂરિ મ.સા. રચિત જીવવિચાર પ્રકરણની ૫૦ ગાથા તથા તેનો ગુજરાતી અનુવાદ પૂ. આચાર્ય ભગવંત દક્ષસૂરિ મ. સાહેબે કરેલ છે તેના આધારે પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રવિશેખર સૂરિ મ.સા. એ પોતાની આધ્યાત્મિક શૈલીમાં જીવોના ૫૬૩ ભેદોને સૂક્ષ્મ રીતે સમજાવવાનો નમ્ર પ્રયાસ કરેલ છે. પ્રત્યેક જીવોનું ભેદજ્ઞાન કરાવી દરેક જીવ સત્તાએ સિદ્ધ= કેવલી છે તેની તત્ત્વ દ્વારા પ્રતીતિ કરાવી છે. આ ઉપયોગને ધ્યાનમાં રાખી પ્રત્યેક જીવની ભાવ જયણા તથા દ્રવ્ય જયણા કરી તેની રક્ષા કરવાના પ્રણિધાન માટે પ્રેરિત કરેલ છે.આ અમારા પ્રયાસમાં કંઈ પણ ક્ષતિ જણાય તો જણાવશો. આ પહેલાના બે પુસ્તકોને મુમુક્ષુ આત્માઓએ વાંચન મનન કરી ખૂબ જ આવકારેલ છે. ભવિષ્યમાં પૂજ્ય ગુરુ ભગવંતની જ્ઞાન વૈરાગ્ય આત્મલક્ષી વાંચનાઓનો વધુમાં વધુ લાભ મળે તેવી અભ્યર્થના.

**પોષ વદ–૧૩, ૨૦૭૩** **–પ્રકાશક**

**સિદ્ધ ક્ષેત્ર, પાલિતાણા.**

# જીવવિચાર

## યાને

## સિદ્ધ સ્વરૂપ પ્રગટાવવાનો ટૂંકો માર્ગ (શોર્ટ વે)

જૈન શાસન એટલે સર્વજ્ઞ પરમાત્માએ પ્રરૂપેલ તત્ત્વ શાસન. તત્ત્વ મુખ્ય બે જીવ – અજીવ રૂપ છે. તેમાં પણ મુખ્ય જીવ તત્ત્વ છે. જીવ જ જીવ અને અજીવને જાણનાર છે. તેથી જ પરમાત્માની આજ્ઞા છે કે, જીવે જીવ અને અજીવને જાણવા જોઈએ.

**જો જીવે વિ વિયાણેઈ, અજીવે વિ વિયાણઈ,**
**જીવાજીવે વિયાણંતો, સો હુ નાહીઈ સંજમં.**

**(દશ વૈકાલિક)**

જે જીવ – અજીવને જાણશે તે જ સંયમને જાણી શકશે – પામી શકશે. જિનાજ્ઞા **सव्वे जीवा न हन्तव्वा** સર્વ જીવો હણવા યોગ્ય નથી અર્થાત્ રક્ષા કરવા યોગ્ય છે. **अभयं जिनशासनं । पढमं नाणं तओ दया ।** જિનની સર્વ આજ્ઞા જીવો માટે અભયરૂપ છે. માટે જિનની પૂર્ણ આજ્ઞાનું પાલન = દીક્ષા (સર્વ વિરતિ)રૂપ છે. સર્વ જીવોને અભય આપવા રૂપ છે. સર્વ જીવના હિતસ્વરૂપ છે. તે માટે પ્રથમ જીવોનું જ્ઞાન અને પછી જીવ દયા પાલન.

### ❑ જીવનું ચાર ગતિમાં પરિભ્રમણનું કારણ :

અનાદિથી અજ્ઞાન, મિથ્યાત્વ અને કષાયને વશ થયેલો જીવ સ્વ અને પરની હિંસાના કારણે સ્વપક્ષે પીડાને અનુભવતો, અને બીજાની પીડામાં નિમિત્ત બનતો આવ્યો છે તેથી તેનું પરિભ્રમણ ચાલુ છે.

જીવે પીડામાંથી મુકત થવા હિંસામાંથી મુકત થવું જરૂરી છે તે માટે સર્વ જીવોનું જ્ઞાન જરૂરી છે. માત્ર જીવોનું જ્ઞાન થવાથી જીવ હિંસાથી મુકત થતો નથી પણ સમ્યગ્દર્શન યુકત જ્ઞાનવાળા જીવને જ સર્વ હિંસાના ત્યાગની

રુચિ પ્રગટે. આથી આત્માની પૂર્ણતાના વિકાસમાં સમ્યગ્ દર્શન ગુણ મહત્વનો છે. તે માટે **तत्त्वार्थश्रद्धानं सम्यग् दर्शनम्** । જીવાદિ તત્ત્વોની શ્રદ્ધા કરવી રુચિ કરવી તે સમ્યગ્દર્શન છે.

**जीवाइ नव पयत्थे जो जाणइ तस्स होइ सम्मत्तं**
**भावेण सद्दहंतो अयाणमाणे वि सम्मत्तं ॥**
**(નવતત્ત્વ)**

જે જીવો જીવાદિ નવ તત્ત્વોની રુચિ કરે છે તેમાં અવશ્ય સમ્યક્ત્વ છે પણ જે જીવો મંદ ક્ષયોપશમના કારણે વિશેષથી જાણતા નથી પણ ભાવથી નવ તત્ત્વની શ્રદ્ધા કરે છે તે જીવોમાં પણ સમ્યક્ત્વ છે.

સમકિતના ૬૭ બોલમાં પ્રથમ સદ્દહણા = પરમાર્થ સંસ્તવ છે.

સર્વજ્ઞ કથિત પરમ અર્થ = તત્ત્વનો પરિચય કરવો, જીવ તત્ત્વને પૂર્ણ સ્વરૂપે જાણવું, રુચિપૂર્વક શ્રદ્ધાથી સ્વીકારવું અને તે પ્રમાણે પરિણમવું અર્થાત્ સર્વ જીવોને સ્વ તરફથી પીડા ન આપવારૂપ પ્રવર્તવું.

સર્વ સંગથી રહિત સંપૂર્ણ સ્વતંત્ર અવસ્થારૂપ અને સર્વ પીડાથી રહિત અવ્યાબાધ રૂપ આત્માની સિદ્ધાવસ્થા પ્રગટાવવા માટે સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માએ દેશના રૂપે **અહિંસા પરમો ધર્મ** રૂપ મોક્ષ માર્ગનો વિસ્તાર **આચારંગાદિ દ્વાદશ** આગમમાં ફરમાવ્યો છે.

તેમાં પ્રથમ આગમ આચારાંગનું પ્રથમ અધ્યયન ષટ્જીવ નિકાય છે. હાલમાં દશવૈકાલિક આગમમાં ત્રસ–સ્થાવર, સૂક્ષ્મ–બાદર રૂપ છ કાય જીવોનું જ્ઞાન સાધુને પરિણમન પામે, જીવદયાના પરિણામ પ્રગટે પછી જ તેને ચારિત્રના આરોપ સ્વરૂપ પાંચ મહાવ્રતો – છઠ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રત ઉચ્ચરાવવામાં આવે છે. આથી સાધુ–શ્રાવક ધર્મની આરાધનામાં ષટ્જીવ નિકાયના સ્વરૂપનું જ્ઞાન અને શ્રદ્ધાપૂર્વકની રુચિ અત્યંત આવશ્યક છે.

જીવોનું વિસ્તારથી સ્વરૂપ આચારાંગ, ઉત્તરાધ્યયન, દશવૈકાલિક, પન્નવણાદિ આગમોમાં છે.

જે જીવો આગમ વાંચનના અધિકારી ન બની શકે અને જે મંદ ક્ષયોપશમવાળા હોય તેવા જીવોને પણ આ ષટ્જીવ નિકાય જીવોનો બોધ સરળ રીતે પ્રાપ્ત થાય, તેથી આ જીવવિચાર પ્રકરણ એ આગળના નવતત્ત્વ, દંડક, લઘુસંગ્રહણી, કર્મગ્રંથાદિમાં પ્રવેશવાના પાયારૂપ છે અર્થાત્ તત્ત્વના દરિયારૂપ જિનશાસનમાં તે પ્રવેશ દ્વાર સમાન છે. આથી અત્યંત ઉપયોગી એવા જીવવિચાર પ્રકરણની રચના પ્રાયઃ કરીને સંવત ૧૦૦૪ માં વડગચ્છમાં થયેલા પૂ. શાંતિસૂરિ મહારાજે કરી છે. જેઓએ ભોજરાજાની સભામાં ૫૦૦ પંડિતોને તથા બીજા પણ પંડિતોને હરાવતાં ભોજરાજાએ તેમને **વાદિવેતાલ**નું બિરુદ આપ્યું. જેમણે ઉત્તરાધ્યન આગમ પર ૧૮૦૦૦ શ્લોક પ્રમાણ **પાઈઅ** ટીકા રચી છે અને ધનપાલ પંડિત રચિત **તિલક મંજરી**નું સંશોધન કર્યું છે. એવા પ્રકાંડ વિદ્વાન ઋષિએ આગમરૂપ મહાસાગરમાંથી સંક્ષેપ રુચિવાળા અને મંદ મતિ જિજ્ઞાસુ જીવોના બોધ માટે **જીવવિચાર પ્રકરણ**ની રચના કરી.

પ્રાતઃ સ્મરણીય મારા પરમોપકારી પૂ. ગચ્છ સ્થવિર દાદા આચાર્ય ગુરુદેવ શ્રીમદ્ વિજય લલિતશેખર સૂરિ મહારાજાએ માસતુષ જેવા જડમતિવાળા એવા મને આ જીવ વિચાર પ્રકરણ અને નવતત્ત્વનો અભ્યાસ ઘણા વર્ષો સુધી જાતે પાઠ સાંભળવા રૂપે, પુનરાવર્તન કરાવવા વડે તે પદાર્થો મુખપાઠ કરાવીને ઘણો ઉપકાર કર્યો છે. તેના કારણે હું જીવ વિચાર – નવ તત્ત્વની વાચના આપવા ભાગ્યશાળી થયો છું.

૨૦૬૯ માં નાના માંઢાથી શંખેશ્વર છ'રી પાલિત સંઘમાં જતાં રસ્તામાં વૈયાવચ્ચી મુનિરાજ શ્રી દિવ્યશેખર વિ. મ. નો અકસ્માત થતાં, રાજકોટ વર્ધમાન નગરમાં વૈશાખ–જેઠ મહિનામાં રોકાણ થતાં સંઘના તત્ત્વ જિજ્ઞાસુ આરાધકોની તીવ્ર માગણીના કારણે **જીવ વિચાર**ની વાચના શરૂ કરાઈ – અધૂરી રહેલી વાચના સુરેન્દ્રનગર મુકામે પૂર્ણ થઈ શ્રાવકોને તે ઘણી ઉપયોગી બનતાં પુસ્તકરૂપે પ્રકાશિત કરવાનો નિર્ણય થયો.

દેવગુરુ કૃપાબળે વાચના આપતાં જે વિશિષ્ટ સંવેદનારૂપે ભાવો પ્રગટ

થયા તે વંદના સ્વરૂપે પ્રગટ કર્યા છે. જીવ વિચારના પદાર્થોનું આત્મા સાથે અનુસંધાન થાય અને તેના ફળરૂપે સમ્યક્ત્વના લક્ષણરૂપ દયા, નિર્વેદ, સંવેગાદિ ભાવોથી આત્મા ભાવિત થાય, આત્મા સર્વવિરતિના પરિણામમાં પરિણમન પામે તે રીતે જીવવિચારનો સ્વાધ્યાય થાય તો સ્વાધ્યાયની સફળ તા થાય. જીવવિચાર એ ધ્યાન યોગની પરમ ભૂમિકા રૂપ છે તેથી મુમુક્ષુ આત્માઓએ તેના સ્વાધ્યાયમાં પ્રમાદ ન કરવો પણ જીવ વિચારના પદાર્થોને આત્મસાત્ કરી વ્યવહારમાં તેનો ઉપયોગ મૂકી દયાના પરિણામોની સંવેદના, વૃદ્ધિનો લક્ષ્ય કેળવવાનો પ્રયત્ન કરવો. કારણ જીવદયાનો વિશુદ્ધ પરિણામ જ અર્થાત્ સ્વભાવ દયામાં તે પરિણામ પરિણમતા આત્મા શ્રેણિએ ચઢી સ્વભાવ રક્ષાની પૂર્ણતા રૂપ વીતરાગતાને પામી–ભાવાતીત થઈ ભવથી અતીત એવી આત્માની શુદ્ધ સિદ્ધ અવસ્થા પ્રગટ કરશે. આમ જીવ વિચાર પ્રકરણ એ સિદ્ધગતિના પ્રયાણમાં અને સિદ્ધ સ્વરૂપ પ્રગટાવવામાં મહત્વનું સ્થાન ધરાવે છે.

સુરેન્દ્રનગરના પ્રદીપભાઈ, મિલિંદભાઈ તથા રાજકોટના કમલેશભાઈ દામાણી, નીતિનભાઈ ચોકસી તથા સાધુ તથા સાધ્વીજી ભગવંતો વગેરે ઘણા મહાનુભાવોની સહાયથી આ પુસ્તક તૈયાર થયું છે.

મારી મતિમંદતા અને શાસ્ત્રના બહોળા અભ્યાસના અભાવના કારણે શાસ્ત્ર વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો ક્ષમા કરશો. જે કંઈ ક્ષતિ દેખાય તેને વાચકવર્ગ સુધારીને વાંચે તથા અમને જણાવવાની કૃપા કરે જેથી ભવિષ્યમાં તેનો સુધારો થઈ શકે.

**પાલીતાણા** **આચાર્ય રવિશેખરસૂરિ**
**પોષ વદ–૧૩, ૨૦૭૩**

જયા:
મહા સુદ-૨
રાજકોટ

હૈ પૂજ્ય અધ્યાત્મપ્રેમી
આચાર્ય ભગવંત
શ્રી વિક્રમ
સૂરીશ્વરજી મહારાજ!

સાદર વંદન!

- કુશળ હશો?
- આપ પ્રભુ પ્રસાદે પરમ આનંદ..

- જીવવિચાર પુસ્તક મળ્યું..
- જીવવિચારના પદાર્થોને અલગ જ આયામમાં સજાવવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે,

તત્ત્વરસિક જિજ્ઞાસુ જીવને તત્ત્વબોધ મેળવવામાં મંગલ નિમિત્તભૂત બની રહેશે..

પૂજ્ય કાકાજી

હે ક વિ.
યશોવિજયસૂરિ
વંદન!

**'જિજ્ઞાસુ વાચક વર્ગને ખાસ સૂચના'**
**આ જીવ વિચાર આત્મપ્રતીતિના પ્રયાણ સ્વરૂપ હોવાથી અત્યંત મનનીય– ચિંતનીય છે.**

# તૃતીય પ્રસ્તાવના

આ પુસ્તકનું પ્રથમ અને દ્વિતીય વિમોચન સિદ્ધગિરીરાજમાં પૂ.ગચ્છસ્થવિર આચાર્ય ભગવંત શ્રી લલિતશેખરસુરીશ્વરજી મહારાજાના સાનિધ્યમાં વિશાળ સાધુ–સાધ્વી તથા સંઘની હાજરીમાં અત્યંત ઉલ્લાસમય વાતાવરણમાં થયેલ. અંતરિક્ષમાંથી પ્રાપ્ત થતા પૂ. ગુરુદેવ આચાર્ય રાજશેખરસૂરિશ્વરજી મહારાજાના દિવ્ય આશિર્વાદથી આ પુસ્તક ચર્તુવિધ સંઘમાં ખૂબ જ આદરણીય બન્યું. બહુ જ ટુંકાગાળામાં આ પુસ્તકોની નકલો પૂર્ણ થઈ જતા **તેની ત્રીજી આવૃતિ વિશેષતાથી સુધારા–વધારા ચિત્રો સાથે પ્રકાશિત કરી રહ્યા છીએ તેનો અમને સવિશેષ આનંદ છે.**

આ તૃતીય આવૃતિમાં ખાસ વિશેષતા, પૂ. આચાર્ય ભગવંત રવિશેખરસૂરિશ્વરજી મહારાજાના **વાચના દરમ્યાન પ્રગટેલ આત્મ સંવેદના છે.** જેનો અમોએ અલગથી સંકલન કરીને પુસ્તકના અંતિમ સ્થાનમાં ગોઠવેલ છે જે આખા જીવવિચારનો સાર કહી શકાય તેવી આત્મસંવેદનાથી ભરેલ છે.

આ ત્રીજી આવૃતિમાં અમોએ મુમુક્ષુઓને જીવોની વિશેષથી સમજણ પ્રાપ્ત થાય તે માટે શક્ય તેટલા ચિત્રો રજૂ કરેલ છે. કેવી–કેવી જાતની જીવસૃષ્ટિ છે તેનું ચિત્રીકરણ કરવાના પ્રયત્નો કરેલ છે. અનુમોદનીય વાત જણાવતા, આ ચિત્રનું કામ કરનાર જૈન આર્ટિસ્ટ હોય પુસ્તક અને ચિત્રો વિશેનું લખાણ વાંચતા અપ્કાય જીવોની વિરાધનાના પાપો તથા મૂળો ખાવો તે માંસ બરાબર છે, ખાય તે નરકે જાય તે વાંચતા પાણીનો નિર્યંત્રિત ઉપયોગ શરૂ કર્યો તથા મૂળાનો આજીવન ત્યાગ કર્યો. એક આર્ટિસ્ટમાં ફક્ત ચિત્રો દોરવાથી આટલું પરિવર્તન શક્ય બનતું હોય તો..... આ પુસ્તકની માહિતી માત્ર જાણકારી નથી પરંતુ સાક્ષાત સર્વજ્ઞની વાણીનો મહિમા છે તો જ આ શક્ય બને.

આપને આ સંવેદના તથા ચિત્રકરણવાળું પુસ્તક જરૂરથી પસંદ આવશે અને આપના જ્ઞાનને વધુ નિર્મળ બનાવશે તો અમારા પ્રયત્નો સફળ થયા ગણાશે.

**માગસર–વદ, ૨૦૭૬** **–પ્રકાશક**
**ભિવંડી, મુંબઈ**

# અનુક્રમણિકા


| | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | વાદિવેતાલ શાંતિસૂરિ મહારાજ 'જીવવિચાર' પ્રકરણની રચના શા માટે કરે છે ? | ૧૯ |
| ૨. | જીવો પર અનુગ્રહ શા માટે કરવો જોઈએ ? | ૨૫ |
| ૩. | આત્માને કર્મનો બંધ કયા કારણે થાય ? | ૩૧ |
| ૪. | જિનશાસન કોને અવશ્ય મુક્તિનું કારણ થાય ? | ૩૧ |
| ૫. | જીવ કોને કહેવાય ? | ૩૩ |
| ૬. | અન્ય દર્શનની મોક્ષ માન્યતા | ૩૭ |
| ૭. | સંસારી જીવોના ભેદ | ૪૦ |
| ❑ | **પૃથ્વીકાય** | **૫૧** |
| ૮. | પૃથ્વીકાય જીવોના પ્રકાર | ૫૧ |
| ૯. | પૃથ્વીકાયમાં જીવપણાની સાબિતી | ૫૩ |
| ૧૨. | પૃથ્વીકાય જીવોનું પ્રમાણ | ૫૪ |
| ૧૩. | પૃથ્વીકાય જીવોની વિરાધના કયા કારણથી થાય ? | ૫૮ |
| ❑ | **અપકાય** | **૬૨** |
| ૧૪. | અપકાય જીવોના પ્રકાર | ૬૨ |
| ૧૫. | પાણીમાં આસકત દેવો કયાં ઉત્પન્ન થાય ? | ૬૪ |
| ૧૬. | વિજ્ઞાને દર્શાવેલ પાણીના ટીપાનું ચિત્ર | ૬૫ |
| ૧૭. | પાણીમાં જીવપણાની સિધ્ધી | ૬૭ |
| ૧૮. | અપકાયની વિરાધનાનું મુખ્ય કારણ | ૭૦ |
| ૧૯. | પાણી ગાળવાથી શું લાભ થાય ? | ૭૩ |
| ❑ | **અગ્નિકાય** | **૭૫** |
| ૨૦. | અગ્નિકાય જીવોના પ્રકાર | ૭૭ |
| ૨૧. | અગ્નિકાય સંખ્યા પ્રમાણ | ૭૯ |
| ૨૨. | અગ્નિકાયમાં જીવપણાની સિધ્ધી | ૮૦ |
| ૨૩. | અગ્નિકાયને પ્રગટાવનાર વિરાધક કે બુઝાવનાર વિરાધક ? | ૮૧ |
| ૨૪. | અગ્નિકાય જીવોની જયણા | ૮૨ |
| ❑ | **વાયુકાય** | **૮૪** |
| ૨૫. | વાયુકાય જીવોના પ્રકાર | ૮૫ |
| ૨૬. | વાયુકાયમાં જીવપણાની સિધ્ધી | ૮૭ |
| ૨૭. | વાયુકાયનું સંખ્યા પ્રમાણ | ૮૮ |
| ૨૮. | વાયુકાયની રક્ષા કોણ કરી શકે ? | ૯૦ |
| ❑ | **વનસ્પતિકાય** | **૯૨** |
| ૨૯. | સાધારણ વનસ્પતિકાય | ૯૩ |

| | વિષય | પાના નં. |
|---|---|---|
| ૩૦. | સોયના અગ્રભાગ પર બટેટાનો જે અંશ આવે તેમાં કેટલા જીવો રહેલા હોય ? | ૯૩ |
| ૩૧. | ૭મી નરકના દુઃખ કરતા નિગોદનું દુઃખ અધિક કેમ ? | ૯૭ |
| ૩૨. | ચૌદ રાજલોક અસંખ્ય સૂક્ષ્મ નિગોદનું ચિત્ર | ૯૯ |
| ૩૩. | સાધારણ વનસ્પતિકાયના લક્ષણો | ૧૧૦ |
| ❑ | **પ્રત્યેક વનસ્પતિકાય** | **૧૧૨** |
| ૩૫. | વનસ્પતિકાયમાં જીવપણાની સિદ્ધિ | ૧૧૭ |
| ૩૭. | રૂપાદિ પાંચે ઈન્દ્રિયોનું મૂળ વનસ્પતિ કઈ રીતે ? | ૧૨૨ |
| ૩૮. | વનસ્પતિની જયણા | ૧૨૩ |
| ❑ | **ત્રસકાય જીવોનું સ્વરૂપ** | **૧૨૪** |
| ૩૯. | ત્રસકાયના મુખ્ય ભેદ | ૧૨૫ |
| ❑ | **વિકલેન્દ્રિય જીવોનું સ્વરૂપ** | **૧૨૮** |
| ૪૦. | બેઈન્દ્રિય જીવો | ૧૨૮ |
| ૪૧. | તેઈન્દ્રિય જીવો | ૧૩૦ |
| ૪૨. | ચઉરિન્દ્રિય જીવો | ૧૩૫ |
| ❑ | **પંચેન્દ્રિય જીવોનું સ્વરૂપ** | **૧૪૦** |
| ૪૩. | સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના પ્રકાર | ૧૪૨ |
| ❑ | **નરકગતિ** | **૧૪૪** |
| ૪૫. | જીવરાશિમાંથી નરકગતિમાં કોણ જાય ? | ૧૪૪ |
| ૪૬. | રત્નપ્રભા પૃથ્વીનું ચિત્ર | ૧૫૨ |
| ૪૭. | રત્નપ્રભા પૃથ્વીનો સંપૂર્ણ ચિત્ર | ૧૫૨A |
| ૫૦. | પરમાધામી કોણ થાય ? | ૧૬૭ |
| ૫૧. | વનસ્પતિ ઉપર ચાલવામાં પાપ શું ? | ૧૭૫ |
| ૫૨. | જળચર મનુષ્ય ક્યાં ઉત્પન્ન થાય ? શા કારણે ? | ૧૭૫ |
| ❑ | **તિર્યંચ ગતિ** | **૧૭૭** |
| ૫૪. | પંચેન્દ્રિય સ્થલચરના ત્રણ ભેદ | ૧૮૦ |
| ❑ | **ખેચર જીવો** | **૧૯૦** |
| ૫૬. | કામલતા વેશ્યા અને તેમાં આસકત પુરુષોનું દૃષ્ટાંત | ૧૯૨ |
| ❑ | **મનુષ્ય ગતિ** | **૧૯૬** |
| ૫૭. | મુનષ્યના મુખ્ય ત્રણ ભેદ | ૧૯૯ |
| ૫૮. | સંમૂર્છિમ મનુષ્યને ઉત્પન્ન થવાના ચૌદ સ્થાનો | ૨૦૧ |
| ૫૯. | સાડી પચીસ આર્ય દેશોના નામ | ૨૦૮ |
| | અઢી દ્વીપ સમુદ્રનું ચિત્ર | ૨૧૨ |
| ❑ | **દેવગતિ** | **૨૧૩** |
| ૬૦. | દેવોના પ્રકાર | ૨૧૩ |
| ૬૧. | વ્યંતર નિકાયમાં કોણ ઉત્પન્ન થાય ? | ૨૧૭ |
| ૬૨. | જ્યોતિષ દેવોમાં કોણ ઉત્પન્ન થાય ? | ૨૨૦ |

| | વિષય | પાના નં. |
|---|---|---|
| ૬૩. | નવગ્રૈવેયકમાં કોણ ઉત્પન્ન થાય ? | ૨૨૨ |
| ૬૪. | પાંચ અનુત્તરમાં કોણ ઉત્પન્ન થાય ? | ૨૨૩ |
| ૬૫. | દેવલોકમાં શું હોય ? | ૨૨૫ |
| ❑ | **સિદ્ધ ના ૧૫ ભેદો** | **૨૨૮** |
| ૬૬. | માપ | ૨૩૧ |
| ૬૭. | જીવોના શરીરની અવગાહના | ૨૩૨ |
| ૬૮. | એકેન્દ્રિય જીવોનું શરીર પ્રમાણ | ૨૩૩ |
| ૬૯. | પ્રત્યેક વનસ્પતિનાં શરીરની અવગાહના | ૨૩૫ |
| ૭૦. | વિકલેન્દ્રિય જીવોની અવગાહના | ૨૩૬ |
| ૭૧. | નરકના જીવોની અવગાહના | ૨૩૮ |
| ૭૨. | પંચેન્દ્રિય તિર્યંચના શરીરની અવગાહના | ૨૪૪ |
| ૭૩. | સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચોની અવગાહના | ૨૪૫ |
| ૭૪. | મનુષ્યના શરીરની અવગાહના | ૨૪૭ |
| ૭૫. | અવસર્પિણી કાળના છ આરાનું સ્વરૂપ | ૨૪૮ |
| ૭૬. | દેવોના શરીરની અવગાહના | ૨૫૧ |
| ❑ | **જીવોનું આયુષ્યકાળ** | **૨૫૨** |
| ૭૭. | સ્થાવર જીવોનો આયુષ્યકાળ | ૨૫૫ |
| ૭૮. | ત્રસકાય જીવોનો આયુષ્કાળ | ૨૬૧ |
| ૭૯. | ત્રેઈન્દ્રિય જીવોનો આયુષ્યકાળ | ૨૬૨ |
| ૮૦. | ચઉરિન્દ્રિય જીવોનો આયુષ્યકાળ | ૨૬૨ |
| ૮૧. | દેવો તથા નારક જીવોનો આયુષ્યકાળ | ૨૬૩ |
| ૮૨. | ખેચરના જીવોનો આયુષ્યકાળ | ૨૬૫ |
| ૮૩. | દ્રવ્ય અને ભાવપ્રાણનું સ્વરૂપ | ૨૭૧ |
| ❑ | **યોનીદ્વાર** | **૨૭૭** |
| ૮૪. | ૮૪ લાખ જીવયોનિનું સ્વરૂપ | ૨૭૮ |
| ❑ | **સંવેદનાનો રસથાળ** | **૨૮૫** |
| ૮૫. | યોની સ્વરૂપનો ચાર્ટ | ૩૧૯ |
| ૮૫. | તિર્યંચ ગતિના જીવોનું આયુષ્ય અને અવગાહના યંત્ર | ૩૨૦ |
| ૮૬. | મનુષ્યની અવગાહના અને આયુષ્યના યંત્રો | ૩૨૧ |
| ૮૭. | સાતે નારકીનું ઉત્કૃષ્ટ–જઘન્ય આયુષ્ય તથા અવગાહનાનો યંત્ર | ૩૨૧ |
| ૮૮. | ભવનપતિ–વ્યંતર દેવોના શરીરની અવગાહના અને આયુષ્ય યંત્ર | ૩૨૨ |
| ૮૯. | વૈમાનિક દેવોનું જઘન્ય–ઉત્કૃષ્ટ આયુષ્ય અને અવગાહનાનું યંત્ર | ૩૨૩ |
| ૯૦. | જુદા જુદા જીવોની કાય સ્થિતિ | ૩૨૪ |
| ૯૧. | એક થી સાત નરકના પ્રતરો સહિત આયુષ્યનું યંત્ર | ૩૨૫ |


ooo

# જીવવિચાર

યાને

# સિદ્ધ સ્વરૂપ પ્રગટાવવાનો ટૂંકો માર્ગ (શોર્ટ વે)

## ★ ગ્રંથકર્તાનો પરિચય ★

## કર્તા : વાદિવેતાલ પૂ. શાન્તિસૂરિ મહારાજ

### ગ્રંથકર્તાશ્રી વાદિવેતાલ પૂ. શાન્તિસૂરિ મહારાજનો ટૂંકો પરિચય

જન્મ રાધનપુર (ઉણ) ગામે–પિતા : ધનદેવ, માતા : ધનશ્રી, તેમને ભીમ નામે પુત્ર. તે વખતે પાટણમાં થારાપદ્ર ગચ્છાધિપતિ વિજયસિંહસૂરિ નામે ચૈત્યવાસી આચાર્ય વિદ્યમાન હતાં. તેઓ એક વખત ઉણ ગામે પધાર્યા. ભીમને અનેક લક્ષણો યુક્ત જોઈને માતા–પિતા પાસે તેની યાચના કરી. માતા–પિતાએ તેમને પુત્ર અર્પણ કર્યો અને ભીમે તેમની પાસે દીક્ષા અંગીકાર કરી. તેમનું નામ ભીમમાંથી મુનિ શાંતિભદ્ર પડ્યું અને તેમણે સૂત્ર–સિદ્ધાંત, ન્યાય, વ્યાકરણ, કાવ્ય, કોષ, જ્યોતિષ, મંત્ર શાસ્ત્ર વગેરેનો અભ્યાસ કર્યો. આગળ જતાં આચાર્ય પદ પ્રદાન થયું અને ત્યારે પૂ. શાન્તિસૂરિજી નામ સ્થાપન થયું. પૂ. ગુરુ વિજયસિંહસૂરિ આચાર્ય ભગવંતનું સ્વર્ગ ગમન થતા ગચ્છનો ભાર વહન કરવાનો તેમના શિરે આવ્યો.

તે વખતે પાટણમાં રાજા ભીમદેવ હતાં. અનેક પંડિતોની સભાથી શોભતાં તેમના દરબારમાં પૂ. આચાર્ય શાંતિસૂરિશ્વજીએ અદ્‌ભૂત કવિત્વ શક્તિ અને વાદકળાનો પરિચય આપ્યો. રાજાએ તેમની કળાથી ખુશ થઈ તેમને **કવીન્દ્ર** અને **વાદિ ચક્રવર્તી**નું બિરુદ આપ્યું.

કવિ તરીકે સર્વત્ર પ્રસિદ્ધ ધનપાલ પંડિતે આચાર્ય પૂ. શાંતિસૂરિજીને માલવદેશ આવવા વિનંતિ કરી. વિનંતિને માન આપી ધારાનગરી તરફ વિહાર કર્યો. છેલ્લા મુકામે રાજા ભોજ સામે આવ્યા અને રાજા ભોજે કહ્યું કે ધારા નગરીની રાજસભામાં જેટલા પંડિતોને જીતશો તેટલા લાખ માલવી દ્રમ્મ તમને આપીશ. મારે જોવું છે કે ગુજરાતના જૈન સાધુઓમાં વિદ્વતાનું કેટલું સામર્થ્ય છે? આચાર્યશ્રીએ પડકાર ઝીલી–રાજસભામાં પ્રવેશી ૮૪ વાદીઓને જીત્યા. રાજાએ ત્યારે તેમને **વાદિવેતાલ**નું બિરુદ આપ્યું, અને શરત પ્રમાણે ૮૪ લાખ દ્રમ્મ અર્પણ કર્યા જે જિન મંદિર નિર્માણમાં આપી દેવાયા. આચાર્યશ્રીની વાદ વિષયક ખ્યાતિ સાંભળી તે વખતે બીજા ૫૦૦ પંડિતો ધારાનગરીમાં આવ્યાં તેમને પણ આચાર્યશ્રીએ વાદમાં જીતી લીધા. વડ ગચ્છીય પૂ. મુક્તિચન્દ્રસૂરિજી જેઓએ બૌદ્ધ દર્શનના પ્રમેયનો પાઠ ૧૦ દિવસમાં ૧૦ અધ્યયનો સાંભળવા માત્રથી (ગુપ્તરીતે) કંઠસ્થ કર્યા, તે જાણી આચાર્ય પૂ. શાંતિસૂરીશ્વરજીએ તેમને ષડ્‌દર્શનનો અભ્યાસ કરાવ્યો તથા ૪૧૫ રાજકુમારોને પ્રતિબોધ કરી જૈન ધર્મની છત્રછાયા નીચે લાવ્યાં. પૂ. આચાર્યશ્રીએ ઉત્તરાધ્યયન સૂત્રની બૃહદ્‌વૃતિ ૧૮ હજાર શ્લોક પ્રમાણ રચી જે વાદ શક્તિ માટે કિલ્લા સમાન મનાય છે. વાદિદેવ સૂરિજીએ તેના જ આધારે સિદ્ધરાજની સભામાં દિગમ્બર આચાર્ય કુમુદચંદ્રસૂરિને પણ પરાજય આપ્યો હતો. આચાર્યશ્રીએ ૧૦૯૬માં ગિરનાર તીર્થની યાત્રાર્થે સંઘ સાથે પ્રયાણ કર્યું અને ત્યાં જઈ અનશનનો સ્વીકાર કરી જેઠ સુદ–૯ના સમાધિ પૂર્વક દેહ છોડ્યો.

—x—x—x—x—x—x—

## ★ જીવ વિચાર પ્રકરણનું પ્રયોજન ★

કેવલજ્ઞાન સ્વરૂપી વીર પરમાત્માને તથા તેમની વાણીને અને પોતાના ગુરુને નમસ્કાર કરીને સૌ પ્રથમ પૂ. શાંતિસૂરિ મહારાજે જીવવિચાર પ્રકરણની રચના હું રચના કરીશ તેમ પ્રતિજ્ઞા કરી.

જન્મ, મરણ, રોગ અને શોકાદિ દુર્ગતિ સ્વરૂપ અનાદિ અનંત ભવ સમુદ્રને સહેલાઈથી પાર પામવાનો જો કોઈ સરળ ઉપાય હોય તો તે છે એક જ છે જીવતત્ત્વનું જ્ઞાન.

### ❑ વાદિવેતાલ પૂ. શાંતિસૂરિમહારાજ જીવવિચાર પ્રકરણની રચના શા માટે કરે છે ?

પૂ. શાંતિસૂરિ મ.સા.એ સમસ્ત આગમો જોયા ને રહસ્ય સાર માત્ર એટલો જ મળ્યો કે જીવે જીવમય બનવાનું છે. પોતાની જાતનો નિર્ણય કરી લેવાનો છે કે હું જીવ છું, અજીવ નથી ને **અજીવમય બનેલા જીવને જીવમય બનાવવો એ જ ધર્મનો સાર છે પ્રભુએ પણ આ જ કર્યું છે. સર્વજ્ઞના વચનને પકડીને તેમનું સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ પ્રગટ કર્યું છે.** મોક્ષમાર્ગની વ્યાખ્યા પણ એ જ છે કે સંસારથી મુક્તિ મેળવવાની છે અર્થાત્ જડને છોડવાનું છે. **જીવમય થવું એટલે જીવતા થવું અને તેની માટે દયા ધર્મ કા મૂલ હૈ** તો પોતાના જીવદ્રવ્ય પ્રત્યે જ્યારે દયાનો પરિણામ આવે કે આનંદને ભોગવવાના સ્વભાવવાળો આત્મા પીડા ભોગવી રહ્યો છે તે હકીકત માત્ર જિન જ બતાવી શકે છે. કારણ જ્ઞાનથી પૂર્ણ થયા વિના કોઈ આ વાત નહીં કહી શકે. આખું જગત પરમાં જ સુખ માને ત્યાં આપણને એમ થાય કે બધા જ કરે તે ખોટું કેમ હોય ? એટલે તમારો ભ્રમ વધારે દૃઢ થાય. **જીવનું મરણ શું ? મિથ્યાત્વનો**

**ઉદય એ જ જીવનું ભાવ મરણ છે.** આપશું તેવું મળશે એ શ્રદ્ધા છે માટે જગતમાં પરોપકારાદિ કાર્યો થાય છે. અનાદિના જે સંસ્કારો છે તે એટલા મજબૂત છે કે પરિણામ ન આવે તો પણ સત્પ્રવૃત્તિના સંસ્કારો નાખવા જ પડે તો જ પછી પરિણામ આવશે અને અનુભવવાના પરિણામના લક્ષે જ કાર્ય કરવાનું છે. વર્તમાનમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ વગેરેના જે પરિણામ થશે તે ક્ષાયોપશમિક ભાવે જ થશે. કારણ ક્ષાયિક ભાવે થાય તેવા પ્રકારની લાયકાત આપણે કેળવી જ નથી એટલે જ પાંચમા આરામાં આપણો જન્મ થયો.

## ❑ આત્માને જાગૃત રાખવા સત્સંગ જરૂરી :

**સત્સંગની જે સીમા છે એ જેટલી મજબૂત બનાવીએ તેટલા જ બચવાના ચાન્સ છે નહીં તો પડવાના તો ચાન્સ છે જ. સત્સંગ એટલે આત્મજ્ઞાની સદ્ગુરુનો સંગ એ પ્રથમ સત્સંગ છે.** જે પોતાનો અનુભવ કરતા હોય, આત્માના અનુભવ માટે નીકળેલા હોય, તેની માટે જ પ્રયત્ન કરતા હોય અને આંશિક પણ તેનો અનુભવ કરતા હોય, શાશ્વત એવા આત્માનો અનુભવ તે સત્ નો સંગ. આત્માના અનુભવનો લક્ષ નથી તો તે માત્ર દ્રવ્યલિંગી છે પછી તે ગમે તે સંપ્રદાયનો કે સમુદાયનો હોય. આગમો બીજા નંબરે આવે અર્થાત્ અનુભવયોગી સદ્ગુરુ પાસે આગમ શાસ્ત્રાભ્યાસ રૂપ સત્સંગ.

## ❑ જિન આગમ – જિન બિંબ ભવીયણકો આધારા

કલિકાલે એક આગમ ને બીજું જિનબિંબ બે તરવાનાં સાધન કહ્યાં છે. આગમ એ પરમાત્માની વાણી સ્વરૂપ દેહ છે. જિનબિંબને પણ ત્યારે જ પરખી શકશો જ્યારે આગમને સમજીને કામ કરશો. જે તત્ત્વને જાણતો નથી તે પરમાત્માને નહીં જાણી શકે. પરમાત્માને જાણવા માટે તત્ત્વને આગમને જાણવા જ પડશે. જિનબિંબમાં પ્રતિબિંબ કોનું પડે ? પોતાના આત્માનું અર્થાત્ જિનના દર્શન કરતાં પોતાના આત્માનું પોતાને જિન બિંબમાં દર્શન થાય. આગમના અભ્યાસ પછી જ મહાપુરુષો પરમાત્મામાં લયલીન બન્યાં. જ્ઞાન ઉપાસનાની શક્તિ છે તેણે તો જ્ઞાન જ જાણવાનું છે. જિનબિંબ તેવા માટે છે કે જેનામાં

જ્ઞાનની શક્તિ નથી. આટલી સાધનાનો નિશ્ચય હોવો જોઈએ કે આખા દિવસમાં આટલા સામાયિક, જાપ, સ્વાધ્યાય, ખમાસમણા, કાઉસ્સગ્ગ વગેરે થવું જોઈએ. નકામો – આળસમાં સમય ન જવો જોઈએ. આ બધા અનુષ્ઠાનો એ પણ સત્સંગ કહેવાય. આ આપણી સાથે હોય તો કલિકાળની તાકાત નથી કે તે કાંઈ કરી શકે.

જેને અનાદિ દુઃખ જંજાળમાંથી નીકળવાનો ભાવ થાય અને તેને તે માટે જીવાદિ પદાર્થોના સમૂહનું હેયોપાદેયપૂર્વક જ્ઞાન ભણવું જરૂરી છે. જ્ઞાનને સમ્યક્ રીતે પ્રાપ્ત કરવું હોય તો તેનો એકમાત્ર ઉપાય ગુરુની વિધિપૂર્વક સેવાદિ કરીને સદ્ગુરુ પાસેથી જ્ઞાન ગ્રહણ કરવું. **સદ્ગુરુ વિના પ્રાપ્ત કરેલ જ્ઞાન પ્રાયઃ સાધકને ઈષ્ટ અર્થની પ્રાપ્તિ કરાવતું નથી.** તત્ત્વજ્ઞાતા એવા સદ્ગુરુ પાસે વિધિપૂર્વક જ્ઞાન ગ્રહણ કરવાથી ઈષ્ટ અર્થની પ્રાપ્તિ થાય અર્થાત્ જીવવિચાર ભણવા વડે દુઃખી જીવો પર કરુણાદિ ભાવ પ્રગટ થાય.

## ❑ વાદિવેતાલ પૂ. શાંતિસૂરિ મહારાજ દ્વારા જીવનું સ્વરૂપ પ્રકરણની રચનાની પાછળ હેતુ શું છે ?

જીવ સ્વરૂપને જાણ્યા વિના જીવ સ્વરૂપની પૂર્ણતા પ્રાપ્ત કરી શકતો નથી. સ્વરૂપની પૂર્ણતા પ્રાપ્ત કરવા સર્વ જીવોને જાણીને સર્વ જીવોને અભયદાન આપવાનું છે. **જીવવિચાર વિના નવકાર મહામંત્ર પણ પૂર્ણ ફળને આપનારું ન થાય.** નવકારનું પૂર્ણફળ સર્વ પાપનો નાશ છે. સર્વ પાપનો નાશ એટલે સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ. તે માટે સર્વ જીવરાશિને સિદ્ધ સ્વરૂપે જુવે નહીં, શ્રદ્ધાથી સ્વીકારે નહીં અને તે પ્રમાણે જ આચરણ કરે નહીં અર્થાત્ જે રીતે સિદ્ધ ભગવંતોની પ્રતિમાની સહેજ પણ આશાતના કરવા મન તૈયાર થતું નથી તે જ પ્રમાણે સત્તાએ સિદ્ધ સ્વરૂપી જીવ સાથે પણ સાક્ષાત્ સિદ્ધ સ્વરૂપી માનીને તેની આશાતના બંધ થાય નહીં ત્યાં સુધી પાપનો બંધ ચાલુ રહે. આથી સર્વ પ્રથમ જીવે સર્વપાપના નિમિત્તોને બંધ કરવા જોઈએ. **જીવ માત્રને પીડા ન આપવી તે જ જિનાજ્ઞા. તે જિનાજ્ઞા ન માનવી – ન**

**આચરવી તે જ મોટું પાપ.** તેથી દરેક જીવની આશાતના–પીડાના નિમિત્તથી આપણે મુક્ત ન બનીએ ત્યાં સુધી સર્વ પાપનો નાશ થતો નથી. તેથી સર્વજીવોનું પ્રથમ જ્ઞાન ગ્રહણ તે આવશ્યક રૂપે લાગવું જોઈએ.

આગમ અને અનુભવ જ્ઞાન થકી થયેલા ચોક્કસ નિર્ણય વડે પૂ. શાંતિસૂરિ મહારાજ ભવ્ય જીવો પર પ્રગટેલી કૃપાદૃષ્ટિથી પ્રેરાઈને જીવતત્ત્વના ઉપદેશ રૂપે આ જીવવિચાર પ્રકરણ રચનાનો આરંભ કરવા શિષ્ટ પુરુષોના માર્ગને અનુસરવાપૂર્વક ઈષ્ટદેવને નમસ્કાર કરવા પૂર્વક હવે **જીવવિચાર પ્રકરણનો** આરંભ કરતાં વિઘ્નોના નાશ માટે અને ગ્રંથની સમાપ્તિ વિઘ્ન રહિત થાય તે માટે મંગલાચરણ રૂપ ગાથાનો આરંભ કરે છે.

❑ **વાદિવેતાલ પૂ. શાંતિસૂરિ મહારાજ મંગલાચરણ શા માટે કરે છે ?**

**જીવ પોતે મંગલ સ્વરૂપ છે, કેવી રીતે ?** આત્મા જ્ઞાનાદિ ગુણોથી ભરેલો છે તેથી મંગળ માટે બીજે કયાંય જવાની જરૂર નથી. કર્મ–કાયા એ અમંગલ છે. જે રૂપી છે તેને દૂર કરવાનું છે. મંગલરૂપ આત્મા અમંગલથી જોડાયેલો છે. કર્મ–કાયા દૂર થઈ જાય તો આત્મા પરમ મંગલ થઈ જાય. આથી પૂ. શાંતિસૂરિ મહારાજ અરિહંત પરમાત્માને વંદન કરે છે. અરિહંતો જ્ઞાનાદિ ગુણોથી પૂર્ણ થઈ ગયા છે તેથી પરમ મંગલરૂપ છે. આથી પૂ. શાંતિસૂરિ મહારાજ પોતાના આત્માને પરમ મંગલ બનાવવા ભાવ વંદના કરે છે. **જીવવિચારને જાણ્યા વિના જીવ પરમ મંગલરૂપ ન બને. તેને જાણ્યા વિના બીજા ગમે તેટલા મંગલ કરો તો તે વાસ્તવિક મંગલ રૂપે ફળે નહીં.**

નંદિસૂત્રમાં જ્ઞાનને જ મંગલ કહ્યું છે, જ્ઞાન આત્મામાં જ છે. **આથી જીવને જીવ તરીકે ન જાણે તે તેનું અમંગલ છે. બધા પાપનું મૂળ અજ્ઞાન છે. જ્ઞાનને સુખની ખાણ અને અજ્ઞાનને દુઃખની ખાણ કહી છે. પોતાના આત્માને ન જાણવું તે મહાપાપ છે.** દ્રવ્ય પ્રાણોનો નાશ તે દ્રવ્ય હિંસા છે અને ભાવ પ્રાણનો નાશ એ ભાવ હિંસા છે. આથી આત્માને (જીવ દ્રવ્યને) ન જાણે તે (તેની ભાવહિંસા) અમંગલરૂપ છે. પોતાના આત્માને જાણીને સર્વ આત્માઓને સર્વજ્ઞ દૃષ્ટિથી સિદ્ધ સ્વરૂપી જાણીને સ્વ આત્માને

અમંગલમય બનતાં અટકાવવો અને જીવમય બનાવવા પરમ મંગલમય આત્માએ થઈ જવાનું છે. મોક્ષમાર્ગ સમ્યગ્દર્શનથી થાય છે. સમ્યગ્દર્શનથી જ્ઞાન શુદ્ધ થાય, શુદ્ધ જ્ઞાન સ્વ–પર પ્રકાશક બને છે. જેમ દીવાનો પ્રકાશ બહાર અજવાળું આપે પોતાને ત્યાં અંધારું રહે. જ્યારે રત્નનો દીપક નિર્મળ પ્રકાશ કરનારો બને.

સાચા એક પદનું પણ શુદ્ધ જ્ઞાન તારક થાય. માષતુષ મુનિને એક દ્રવ્યથી અશુદ્ધ પદનું પણ જ્ઞાન કેવલજ્ઞાન આપનારું થયું. સમ્યગ્દર્શન પૂર્વકનું જ્ઞાન વિરતિ અપાવે અને જો વિરતિ ન અપાવે તો અવિરતિના પાપનો પશ્ચાત્તાપ કરાવે. આથી જીવવિચાર ભણતાં જીવોનું સ્વરૂપ જાણતાં–જાણતાં જીવો પર કરુણા પ્રગટે. જેમ–જેમ જ્ઞાન વધે તેમ–તેમ કરુણા વધે, નહીં તો કઠોરતા અભિમાન વધે, તો તે જ્ઞાન પરિણામ પામ્યું ન કહેવાય. જેમ–જેમ જ્ઞાન વધે તેમ–તેમ આત્મા કોમળ બનતો જાય, અર્થાત્ જીવ, જીવમય, ગુણમય બને.

પૂ. શાંતિસૂરિ મહારાજાએ મહાવીર પરમાત્માને મંગલા ચરણમાં **भुवण पइवं वीरं** વિશેષણ શા માટે આપ્યું ? ભુવન એટલે ત્રણ ભુવન ઉર્ધ્વ, અધો અને તિચ્છર્લોકરૂપ ભુવન, શેનું બનેલું છે ? પૃથ્વીકાય, અપ્કાય (અગ્નિકાય અલ્પ સ્થાન) વાયુકાય, વનસ્પતિકાયથી યુક્ત અને ત્રસકાયથી યુક્ત, તેમાં સ્થાવરકાયની પ્રધાનતા છે. તેના દ્વારા કહેવા માંગે છે કે ત્રસકાય જીવોને સ્થાવર કાયને આધારે રહેવું પડે છે. જ્યારે સ્થાવરકાય જીવોની સાથે વધારે રહેવાનું થાય અને તેમાં તેની સતત અસાતાનાનું ભાન થાય અને તે ટાળવાનું મન થાય અને તે પ્રમાણે ટાળવાનો પૂર્ણ પ્રયત્ન થાય ત્યારે તેની સફળતા રૂપે ત્રણ ભુવન ઉપર જીવને સદા માટે સર્વ સ્થાવર જીવોથી અલિપ્ત થઈને રહેવાનું પ્રાપ્ત થાય. પ્રભુએ પણ આ પરમ પુરુષાર્થ સ્વયં કરી અને જગતને પણ તે જ માર્ગ બતાવીને સ્વયં લોકાંત પર સદા માટે વાસ કર્યો છે.

કોઈ જીવને અસાતા ન આપવા માટેનો માર્ગ પ્રભુએ સર્વ જીવોને અભયદાન આપવા રૂપ સર્વવિરતિ ફરમાવી. તેમાં પણ જીવોની વિરાધનાથી બચવા ઉત્કૃષ્ટે સર્વવિરતિ (સાધુપદ) લઈને સૌ પ્રથમ કાઉસ્સગ્ગ ધ્યાનમાં

ત્યાં સુધી રહેવાનું જ્યાં સુધી સર્વ જીવોને સિદ્ધ તરીકે ન જોવાય. (બાહુબલીની જેમ). તેવા પ્રકારનું સામર્થ્ય ન હોય તો છેવટે સંસાર પરિમિત કરવાનું લક્ષ રાખવું તે માટે સમ્યગ્દર્શન જરૂરી છે. તેનું પ્રથમ લિંગ આસ્તિક્ય છે. તો સ્વજીવ સાથે સર્વજીવોના અસ્તિત્વની શ્રદ્ધા થાય તો સમકિતના પ્રથમ પગથિયે આવ્યા કહેવાય માટે સર્વ જીવનાં અસ્તિત્વ માટે જીવવિચાર ભણવાનું ફરજિયાત છે. એટલે જ પૂ. શાંતિસૂરિ મહારાજે સૌ પ્રથમ જીવવિચાર પ્રકરણની રચના કરી.

## ❑ ચાર પ્રકરણમાં જીવવિચાર પ્રથમ શા માટે ?

જ્ઞાની ભગવંતોએ ચાર પ્રકરણમાં **જીવવિચાર** ને પ્રથમ મૂક્યું, કારણ કે આના વિના એક પણ પ્રકરણ ભણવાનો આત્મા અધિકારી બનતો નથી. કર્મગ્રંથ વગેરેમાં જીવ સંબંધી વિસ્તાર કરવામાં આવ્યો છે. કર્મ બાંધ્યા પછી તેનો વિપાક (ફળ) કઈ રીતે ભોગવે છે ? તે સંબંધી બધી વિગતો છે.અર્થાત્ તમામ જીવોને જાણવા માટે જીવવિચારાદિ પ્રકરણ ગ્રંથો ભણવા પડે, વિવિધ પ્રકારના જીવોની વિવિધ અવસ્થાઓને જાણવી પડે અને એના દ્વારા પોતાના આત્માને જાગૃત કરવાનો છે. પીડામય જીવ જીવોને જાણીને પોતાના આત્માની પીડા બંધ કરી અને સર્વ જીવોની પીડામાં નિમિત્ત રૂપ ન બને ત્યારે જાણેલું જ્ઞાન સાર્થક નીવડશે. પીડા રૂપે થવું એ આત્માનો સ્વભાવ નથી. **જ્ઞાનસ્ય ફલં વિરતિ** પીડા પામતા એવા આપણા આત્માને પીડાથી અટકાવવું એનું જ નામ વિરતિ અને આ કાર્ય થાય તો જ્ઞાનનું કાર્ય થયું, નહીં તો માત્ર જાણકારી અને અહંકાર વધે તો પીડામાં વધારો.

દીક્ષા લઈને સૌપ્રથમ **ષડ્ જીવનિકાય** અધ્યયન ભણવાનું છે અને એ જ્યારે આત્મામાં પરિણમન પામતું દેખાય ત્યારે જ મહાવ્રત અપાય નહીં તો રવાના કરી દેવાય. માત્રું પરઠવવું છે તો ઉપરથી નીચે ફેંકાય નહીં, કારણ વાયુકાયના જીવોની વિરાધના થાય. વાયુકાયના જીવોની કાયા અતિ કોમળ છે ને શીતળ છે, માત્રુ ગરમ છે એ બે ભેગા થતા વાયુકાય માટે શસ્ત્ર બને છે, ને નીચે કીડી વગેરે ત્રસકાય જીવો છે તેની પણ વિરાધના થાય માટે આ ભણે ત્યારે જ એ દયાનું પાલન કરી શકે.

## ★ જીવ વિચાર પ્રકરણનો આરંભ ★

ગાથા : ૧

**ભુવણપઈવં વીરં, નમિઊણ ભણામિ અબુહબોહત્થં,**
**જીવસરૂવં કિંચિ વિ જહ ભણિયં પુવ્વસૂરીહિં ॥ ૧ ॥**

ત્રણ ભુવનમાં દીપસમ, શ્રી વીરને વંદન કરી;
અબુધ જીવના બોધ માટે, પૂર્વ સૂરિ અનુસરી;
સ્વરૂપ જીવનું હું કહું, તે સાંભળો હેજે ધરી.
મુક્ત અને સંસારી છે, જીવભેદ બે મુખ્યે કરી. ૧

**ભુવણપઈવં વીરં નમિઊણ** એટલે ત્રણ ભુવનમાં પ્રદીપ સમાન એવા વીર પરમાત્માને નમસ્કાર કરીને આ પ્રથમ પૂર્વાર્ધ ગાથામાં ઈષ્ટદેવને નમસ્કાર કરવાપૂર્વક મંગલાચરણ કરાયું. પછી **ભણામિ અબુહબોહત્થં** અબુધ જીવોના બોધને માટે (અર્થે) **જીવ સરૂવં કિંચિવિ** જીવનું કંઈક સ્વરૂપ કહીશ, **જહ ભણિયં પુવ્વસૂરીહિં** જે પ્રમાણે પૂર્વના સૂરિભગવંતોએ કહ્યું છે તે પ્રમાણે હું કહીશ. આ પ્રમાણે **ઉત્રાર્ધ** ગાથાવડે અભિધેય (જે કહેવાનું હોય તે) અને સંબંધ, પ્રયોજન કહ્યો.

સંબંધ શું છે ? સંબંધ ઉપાય કે ઉપેય, અથવા સાધન—સાધ્ય લક્ષણ રૂપ છે. અહીં જીવવિચાર પ્રકરણ (શાસ્ત્ર) તે ઉપાય અથવા સાધનરૂપ છે અને જીવવિચાર શાસ્ત્રના અર્થનું પરિજ્ઞાન ઉપેય અથવા સાધ્ય છે.

❑ **પ્રયોજન શું ?** કર્તાનું પ્રયોજન બે પ્રકારે છે. (૧) અનંતર (૨) પરંપર.

(૧) અનંતર પ્રયોજન : જીવ પર અનુગ્રહ (ઉપકાર) કરવો.
(૨) પરંપર પ્રયોજન : મોક્ષની પ્રાપ્તિ.

❑ **જીવો પર અનુગ્રહ શા માટે કરવો જોઈએ ? પરસ્પરોપગ્રહો જીવાનામ્**(તત્ત્વાર્થસૂત્ર) જીવે જીવ પર અવશ્ય ઉપકાર કરવો એ જીવનો

સ્વભાવ છે. જીવ જ્યાં સુધી અન્ય જીવ પર ઉપકાર કરતો નથી ત્યાંસુધી મોક્ષમાર્ગની શરૂઆત થતી નથી.

**सर्वज्ञोक्तोपदेशेन यः सत्त्वानामनुग्रहं**
**करोति दुःख तप्तानां, सःप्राप्नोत्यचिराच्छिवम् ॥१॥**
**(શ્રી રત્નાકર વિજયરચિત ટીકા)**

જે સર્વજ્ઞ ભગવંતે કહેલા ઉપદેશ વડે જીવો પર ઉપકાર કરે છે તે જલદી મોક્ષને પામે છે. આથી પૂ. શાન્તિસૂરિ મહારાજે મોક્ષ મેળવવાની તીવ્ર લગન અને આગમ વચન પર તીવ્ર શ્રદ્ધાના પ્રભાવે સંસારમાં દુઃખથી ત્રાસ પામેલા જીવો દુઃખથી મુક્તિ પામે તેવી કરુણા બુદ્ધિથી સ્વ–પરનો જલદી મોક્ષ થાય તે હેતુથી જ આ જીવવિચાર ગ્રંથની રચના કરી છે.

❑ **શ્રોતાનું અનંતર તથા પરંપર પ્રયોજન :** જીવવિચાર શાસ્ત્ર સાંભળીને જીવતત્ત્વના અર્થની પ્રાપ્તિ અને પરંપર પ્રયોજન મોક્ષપ્રાપ્તિ છે.

ગ્રંથકારશ્રીજી કહે છે કે જીવનું કંઈક સ્વરૂપ કહીશ તો જીવનું સ્વરૂપ મહાઅર્થવાળું હોવાથી હું પૂર્ણ સ્વરૂપે કહી શકીશ નહીં પણ અલ્પ જ કહીશ. આ જીવ વિચારનો વિસ્તાર ગણધરકૃત આગમમાં (દ્વાદશાંગીમાં) છે. પ્રજ્ઞાપના સૂત્ર, આચારાંગ, ઉત્તરાધ્યયનાદિ સૂત્રમાં છે. તેમાંથી સારભૂત અર્થને હું કહીશ. કોને કહીશ ? अबुधा : જેઓને જીવ અજીવાદિ તત્ત્વનો બોધ નથી તેમને જીવાદિતત્ત્વનો બોધ થાય તે માટે હું ગ્રંથની રચના કરું છું અને આ ગ્રંથમાં પણ હું મારી મતિ કલ્પનાથી નહીં પણ જે રીતે ગૌતમ ગણધરાદિ પૂર્વમહર્ષિઓએ કહ્યું છે તે પ્રમાણે જ હું કહીશ.

❑ **જીવનું સ્વરૂપ શા માટે જાણવું ?**

પૂ. શાંતિસૂરિ મહારાજ જીવનું સ્વરૂપ જણાવવાનું કારણ કહેતા કહે છે જીવના સ્વરૂપના વિચાર વિના મોક્ષમાર્ગ ઘટી શકતો નથી. જીવે પોતાના જ પુરુષાર્થથી અનંતકાળ કર્મોથી દબાયેલા પોતાના આત્માને સિદ્ધાત્મા તરીકે

પ્રગટ કરવાનો છે અને તે જ મોક્ષ માર્ગ છે. પ્રથમ પુરુષાર્થ પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવું. તેથી સ્વ–આત્મા પર બહુમાન પ્રગટ થવું જોઈએ તો જ પોતાના સ્વરૂપને પ્રગટ કરવાનો પ્રયત્ન થાય. તે માટે જીવ દ્રવ્યનું સ્વરૂપ જાણી, પોતાનામાં જ પરમાત્માનો નિર્ણય થાય તો સર્વ જીવોમાં પરમાત્માનો નિર્ણય થાય. સત્તાએ સર્વ જીવો સમાન છે. પોતાના આત્માનો જ્યાં સુધી પરમાત્મા સ્વરૂપ નિર્ણય ન થાય, ત્યાં સુધી મોક્ષ અભિલાષ ન થાય. સંસારમાં પરિભ્રમણ કરતાં જ્યારે અપુનર્બંધક દશામાં આત્મા આવશે ત્યારે દૃષ્ટિ આત્મ તત્ત્વ પ્રત્યે જશે અને ત્યારે જ આત્મા કલ્યાણની ખોજ માટે પ્રયત્ન શરૂ કરશે અને તેમ કરતાં સર્વજ્ઞનો માર્ગ મળશે ત્યારે મોક્ષ માર્ગમાં સ્થિર થશે. મોક્ષના સ્વરૂપનો નિશ્ચય થશે તેથી સ્થિરતાની પ્રાપ્તિ થશે. જ્યાં સુધી સ્થિરતા નહીં પ્રગટે ત્યાં સુધી જીવ ભટકવાનો.

હવે જીવને જીવવાનો ભાવ થશે અને પોતાને જીવવા માટે બીજા જીવોને પણ જીવવા દેવાનો ભાવ થશે. મોક્ષમાર્ગમાં જીવ દ્રવ્યને પીડા આપવાની નથી. કારણ આત્માનો મૂળભૂત સ્વભાવ પીડા આપવાના કે ભોગવવાનો છે જ નહીં. સ્વ કાયાને જે પીડા થાય, તે પીડામાં સમાધિ ટકે ત્યાં સુધી ચિંતા નહીં કરવાની. જ્યાં સુધી કાયાની સાતા ગમે છે ત્યાં સુધી બીજા કાયાવાળા આત્માઓને પીડા આપ્યા વગર રહી શકાતું નથી. આપણને વિપર્યાસ થયો છે કે સાતા હોય તો ધર્મ આરાધના સારી થાય અને અસાતા હોય તો ધર્મ આરાધના સારી ન થાય. **જીવે ધર્મ સાતા માટે નહીં પણ સમતા માટે કરવાનો છે. સમતા ક્યાં રહેલી છે ? કાયામાં કે આત્મામાં ?** કાયાના નાશમાં પણ આત્માની સમતા ન હણાય તેવું સામર્થ્ય કેળવવાનું છે. ગજસુકુમાલ મુનિએ સળગતા શરીરમાં પણ પૂર્ણ સમતા ટકાવી રાખી તો વીતરાગ થઈ કેવલી થયા. **કાયાની સાતાનો રાગ જ કર્મનો વિશેષ બંધ છે અને તેથી ફરી ફરી આત્માને કાયાની કોટડીમાં પૂરાવું પડે.** મોક્ષ માર્ગ મુખ્ય કાયાના સુખને છોડવામાં છે. તે માટે સુખ છોડવાનું લક્ષ્ય જરૂરી છે. વીતરાગી બનવા કાયાનો રાગ તોડવો પડે. માટે સર્વ જીવોને સ્વરૂપે સિદ્ધ સ્વરૂપી જાણી

વિચારવાનું કે જેમ મને પીડા ગમતી નથી તેમ કોઈને પણ પીડા ગમતી નથી. માટે બીજાને પીડા કેમ અપાય ? મૈત્રી–કારુણ્યભાવ વડે સામાયિક સ્વભાવને સિદ્ધ કરવાનો છે. દેવો તે કરી શકતા નથી મનુષ્યભવમાં જ તે શક્ય છે. આથી કાયાને દુશ્મન માની સાતાને છોડવાના નિર્ણય પૂર્વક સમતાને આત્મસાત્ કરવા માટે કોઈને પીડા ન આપવાનો નિર્ણય કરવો પડે, તે માટે સામાયિકનો સ્વીકાર કરવાનો છે.

જિન શાસન દ્રવ્ય, ગુણ અને પર્યાયની ત્રિપદી પર રચાયેલું છે. આથી સમગ્ર જીવ દ્રવ્યને પીડા ન આપવા રૂપ પ્રધાન જિનાજ્ઞા છે. **सव्वे जीवा न हन्तव्वा** અર્થાત્ કોઈપણ જીવ હણવા યોગ્ય નથી, પીડા આપવા યોગ્ય નથી. અભયદાતા આત્મા પોતે જ છે. પ્રભુએ આચારાંગ સૂત્રનું પ્રથમ અધ્યયન **ષટ્ જીવનિકાય** રૂપે પ્રરૂપ્યું અને તેમાં ષટ્ જીવનિકાયના જીવોની રક્ષા માટે જ ઉપદેશ આપ્યો. દ્રવ્ય પ્રાંણ અને ભાવ પ્રાણોની હિંસા ન કરવા રૂપે મોક્ષ માર્ગની પ્રરૂપણા કરી.

**જીવોની દયા–રક્ષાની વાતનો જે જીવો સ્વીકાર કરતા નથી તે જીવો પ્રભુના આજ્ઞાયોગમાં નથી. જે નિશ્ચયવાદમાં ષટ્જીવનિકાય જીવોની જયણા–રક્ષા રૂપ સર્વ સામાયિકને સ્થાન આપ્યા વિના આત્મધ્યાન માટે એ.સી. પંખા વગેરેમાં ધ્યાન કરવાનું વિધાન બતાવાય છે તે આજ્ઞા માર્ગ નથી. તેમાં શરીર સાતાની પુષ્ટિ અને જીવોની વિરાધના ચાલુ હોય છે તેથી ત્યાં સમતા ક્યાં ?**

આથી પરમાત્મ સ્વરૂપ પ્રગટ કરવાનો માર્ગ સર્વ જીવોને પીડા આપવાનું બંધ કરવામાં છે. પીડામાં પોતે નિમિત્ત ન બને તે માટે પુરુષાર્થ કરવાનો છે. પરમાત્માએ શું કર્યું ? જગતના સર્વ જીવોને શાસન પમાડવાનો (મોહના શાસનથી મુક્ત થવાનો) ભાવ કર્યો પણ પ્રથમ પોતાના આત્માને જ દ્રવ્ય–ભાવ પાપથી સંપૂર્ણ મુક્ત કર્યો અને તે જ માર્ગ જગત માટે બતાવતા ગયા. વીર પ્રભુ મોક્ષમાં એકલા જ ગયાં. સતત એમની ઉપાસનામાં રત એવા

ગૌતમસ્વામીને પણ મૂકીને ગયા. સાથે કોઈને લઈ જઈ શકતા નથી. દરેક જીવે પોતે જ પોતાના આત્માનો ઉદ્ધાર કરવાનો છે. પણ જ્યાં સુધી સ્વ પરની પીડામાં નિમિત્ત બનવાનું બંધ નહીં થાય ત્યાં સુધી જીવનો ઉદ્ધાર નહીં થાય તે નક્કી જ છે. પરમાત્મા પણ સાધના કરતી વખતે આ વાતનો ખાસ ઉપયોગ રાખતા હતા કે કોઈને પીડામાં, અપ્રીતિમાં નિમિત્ત ન બનું, તેથી પ્રભુએ પ્રથમ ચાતુર્માસમાં પણ વિહાર કરેલ. તાપસોને અપ્રીતિ ન થવી જોઈએ. પરમાત્માના ઉપયોગમાં (ધ્યાનમાં) આ જ પરિણામની પ્રધાનતા હતી તેથી પરમાત્મા છદ્મસ્થ મટી વીતરાગ–કેવલી બન્યા.

જો આપણે અત્યાર સુધીમાં બે ઘડીની પણ સામાયિક શુદ્ધ કરી હોત તો દેશવિરતિથી આગળ વધી સર્વવિરતિ સુધી પહોંચી ગયા હોત. કારણ કે ધર્મથી ધર્મની વૃદ્ધિ થાય. વિરતિથી વિરતિ ધર્મની વૃદ્ધિ થાય. જે સાધના શુદ્ધ હોય તે આગળ વધારે પણ ભટકાવે નહીં. જે દિવસે બીજા જીવોને પીડા આપવાનું બંધ થશે તે દિવસથી તમારા જીવનમાં શાંતિ વ્યાપતી જશે, શાંતિ આવતા વાર નહીં લાગે.

ગ્રંથકાર પૂ. શાંતિસૂરિ મહારાજ સૌ પ્રથમ વીર પરમાત્માને ભાવ વંદના કરે છે. જ્ઞાનીની વંદના જ્ઞાનોપયોગની પ્રધાનતાપૂર્વક જ હોય. જ્ઞાનગુણ હંમેશા જ્ઞેયને પકડે, અજ્ઞાની સ્વરૂપને ન પકડે, તે માત્ર ઓઘથી વંદના કરે, બાહ્ય આકારને પકડીને બાહ્ય વેશાદિને દ્રવ્ય વંદના કરે. સ્વરૂપને પકડીને ગુણનું લક્ષ કરી વંદના થાય ત્યારે જ ખરી ભાવ વંદના થાય.

**જીવનું કંઈક સ્વરૂપ કહીશ,** પરમાત્માએ કેવલજ્ઞાન દ્વારા જીવોને ૧૪ રાજલોકમાં સર્વત્ર જોયા છે તેની બહાર કયાંય પણ જીવ નથી. જીવવિચારના રચયિતા પૂ. શાંતિસૂરીશ્વરજી મહારાજ છદ્મસ્થ છે તેથી છદ્મસ્થને સાધનનો ઉપયોગ કરવો પડે. કેવલીને સાધનની જરૂર નહીં. જીવવિચાર એટલે જીવનો વિચાર કરવો, સાધન મન વડે જીવનો વિચાર કરે છે. **મોટા ભાગના જીવો મનમાં જીવનો વિચાર કરવાને બદલે અજીવનો**

**વિચાર કરે છે માટે તે જીવ અજીવમય બનતો જાય છે. આત્માને જીવનો વિચાર આવવો દુષ્કર છે.** પરમ જાગૃતિ માટે જીવે જીવનો વિચાર કરવા જેવો છે. મન દ્વારા જીવને વિષે વિચારવું તે જીવવિચાર. મનમાં જે વિકલ્પો ચાલે તે જ્ઞાનના પરિણમનના આધારે થાય છે. જેણે જીવોને જાણ્યા નથી એવા અબુધ જીવોના બોધને માટે આ **જીવવિચાર**ની ગ્રંથકારે રચના કરી છે.

જગતમાં મુખ્ય બે તત્ત્વો છે. જીવ અને અજીવ તત્ત્વ અર્થરૂપ છે. વ્યવહારથી અર્થ એટલે ધન. આપણા આત્માનું ધન જ્ઞાનાદિ ગુણ છે. જીવ–અજીવને જાણવું એ જીવનું પરમ કર્તવ્ય છે. તે જ મુખ્ય જિનાજ્ઞા છે. **પઢમં નાણં તઓ દયા એવં ચિટ્ઠઇ સવ્વ સંજએ પ્રથમ જ્ઞાન, પછી દયા, જ્ઞાન વિના દયા નહીં. દયા વિના સંયમ નથી. સંયમ વિના તપ નથી અને તપ વિના નિર્જરા નથી તો નિર્જરા વિના મોક્ષ નથી.**

**ઇચ્છારોધે સંવરી પરિણતિ સમતા યોગે રે**
**તપ તેહિ જ આત્મા વર્તે નિજ ગુણ ભોગે રે**

**(નવપદ દુહા)**

**જો જીવેવિ ન યાણેઇ, અજીવેવિ ન યાણેઇ**
**જીવાજીવે અયાણંતો, કહં સો નાહીઇ સંજમં ?॥**

૪।૧૨। (દશવૈકાલિક)

જે આત્મા જીવોને પણ જાણતો નથી, અજીવોને પણ જાણતો નથી, તે કઈ રીતે સંયમને જાણશે ? જાણ્યા વિના સંયમનું પાલન કઈ રીતે થશે ? આથી જીવ અજીવને નહીં જાણતો આત્મા જ્યારે જીવ અજીવને જાણે ત્યારે જ્ઞાનરૂપી ધન આવે. જ્ઞાનાદિ ગુણથી આત્મા સમૃદ્ધ બને. તેથી જ્ઞાન જેવું કોઈ સુખ નથી. જ્ઞાન સુખની ખાણ છે. **જ્ઞાનરૂપી ધન જેની પાસે નથી તેના જેવો કોઈ દરિદ્ર દુઃખી નથી.** જે જીવ અજીવને સર્વજ્ઞની દૃષ્ટિ પ્રમાણે જાણે છે તે જ સાચું જ્ઞાન ધન છે બાકી બધું નકામું છે.

## ❑ આત્માને કર્મનો બંધ કયા કારણે થાય ?

**अजयं चरमाणो अ (उ), पाणभूयाइं हिंसइ ।**
**बंधई पाववं कम्मं, तं से होइ कडुअं फलं ॥**

૪–૧ (દશવૈકાલિક)

જે આત્મા અજયણાપૂર્વક ચાલવાનું કાર્ય કરે છે અને તેના કારણે પૃથ્વીકાયાદિ જીવોની જે હિંસા થાય છે અને તે નિમિત્તે તેને કર્મનો બંધ થાય છે અને તેના કડવા ફળ તે આત્માને ભોગવવા પડે.

આત્માનો સ્વભાવ ચાલવાનો, બેસવાનો વગેરે છે જ નહીં પણ શરીરાદિ યોગના કારણે તેને ચાલવાદિના વ્યવહાર કરવા પડે છે. **જો આત્મા જયણાપૂર્વક ચાલે, જયણાપૂર્વક ઊભો રહે, જયણાપૂર્વક બેસે, જયણાપૂર્વક ભોજન કરે–ભાષણાદિ કરે તો પાપ કર્મનો બંધ ન થાય.**

જયણાને જાણવા–સમજવા માટે જ જીવવિચાર ભણવાનું છે. આથી જીવવિચાર અમૃત તુલ્ય લાગવું જોઈએ. જિનવચન–જીવતત્ત્વ અમૃત સ્વરૂપ છે અર્થાત્ જે કોઈ આત્માઓ અમરપણાને પામ્યા છે બધામાં જિનવચનામૃત જ મુખ્ય કારણભૂત છે. છતાં પણ મોટા ભાગના જીવોને જીવાદિ તત્ત્વોની વાત સાંભળવામાં કંટાળો આવે–માથું ભારે થઈ જાય.....!!!

## ❑ જિનશાસન કોને અવશ્ય મુક્તિનું કારણ થાય ?

પૂર્વે જિનેશ્વરના આત્માઓને સર્વજ્ઞનું શાસન પામીને જિનવચન પર અપૂર્વ શ્રદ્ધા–સંવેગ પરિણમે ત્યારે તેમને સહજ જીવરાશિ પ્રત્યે કરુણા પ્રગટે. કારણ કે સર્વજ્ઞના વચન વડે તેમને જગતના જીવો વિષે તત્ત્વ નિર્ણય થાય છે કે સત્તાએ સર્વ સંસારી આત્માઓ સિદ્ધ સ્વરૂપી છે. છતાં વર્તમાનમાં કર્મ, કષાય અને કાયાને આધીન છે. અર્થાત્ મોહને આધીન હોવાના કારણે દુઃખી છે. **જ્યાં સુધી જીવો પર મોહનું શાસન ચાલે છે ત્યાં સુધી કોઈ તેમને સુખી કરી શકે નહીં માત્ર ધનાદિ ભૌતિક બાહ્ય વસ્તુ ગમે તેટલી**

**મળવાથી તે સુખી થઈ શકે નહીં.** આથી મોહનો પ્રતિપક્ષ એ જિનશાસન છે અને તે જ જીવને સુખી બનાવી શકે. તેથી પરમાત્માએ ભાવના ભાવી કે સર્વ જીવોને જિનશાસનના રસિયા બનાવું.

જૈનશાસન અર્થાત્ જિનનું શાસન. રાગ, દ્વેષ, મોહથી સંપૂર્ણપણે જેઓ મૂકાયા છે તે જિન અને તેનું શાસન એટલે તેની આજ્ઞા. જીવોને રાગ–દ્વેષ, મોહથી મુક્ત કરવાના સ્વભાવવાળું જૈન શાસન એટલે જગતના પૂર્ણ સનાતન સત્યને પ્રકાશ કરનારું અને તે પ્રમાણે જ આચરણ કરવાવાળું શાસન છે. આવા શાસનનો સ્વીકાર જેઓ સાચી સમજણપૂર્વક કરે અને તે પ્રમાણે આચરણ કરે તો સર્વથા મોહમુક્ત બની સર્વ દુઃખ મુક્ત બની સદા શાશ્વત સુખના ભાગી બને. માટે તત્ત્વથી જૈનશાસન સમજી સ્વીકારી જે પાળે તેને આ જિન શાસન મુક્તિનું અવશ્ય કારણ થાય.

અનાદિકાળથી જીવ પર મોહનું શાસન ચાલે છે તેને દૂર કરીને જિનનું શાસન સ્થાપવાનું છે. માટે તો જિનની આજ્ઞા એ જ છે કે **તું તત્ત્વનો પરિચય કર, જીવ–અજીવને જાણ અને જીવમય બની જા.** એટલે જીવોને જાણી તેની જયણા કર અને આ જયણા ધર્મ સમજવા માટે જીવ વિચાર ભણવું અત્યંત જરૂરી છે. કારણ કે જીવોને જાણ્યા વગર જીવોની જયણા કઈ રીતે પાળશું ? જીવાદિતત્ત્વને જાણવા દ્વાદશાંગીરૂપ આગમ જાણવું–ભણવું જરૂરી છે અને આગમને જાણવાની યોગ્યતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અલ્પ બુદ્ધિવાળા જીવો માટે જીવવિચાર પ્રકરણ ભણવું જરૂરી છે. તેથી પૂ. શાંતિસૂરિ મહારાજ પ્રજ્ઞાપના આદિ મૂળ આગમ ગ્રંથોના આધારે આપણને જીવનું કંઈક સ્વરૂપ કહેવા માટે આરંભ કરે છે.

**ગાથા : ૨**

**જીવા મુત્તા સંસારિણો ય, તસ થાવરા ય સંસારી.**
**પુઢવી જલ જલણ વાઉ, વણસ્સઈ થાવરા નેયા ॥ ૨ ॥**

ત્રસ ને સ્થાવર મળી, સંસારીના બે ભેદ છે;
પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ ને વનસ્પતિકાય છે,
એ પાંચ ભેદો થિર રહે, તે સ્થાવરોના થાય છે. ૨

જીવના સ્વરૂપને પ્રગટ કરતાં ગ્રંથકારશ્રીજી ફરમાવે છે કે જીવો બે પ્રકારે છે. મુક્ત (સિદ્ધ) અને સંસારી. જે સંસારી જીવો છે તે બે પ્રકારે છે, ત્રસ અને સ્થાવર. સ્થાવર જીવો પાંચ પ્રકારે જાણવાં (૧) પૃથ્વીકાય (૨) અપ્કાય (૩) અગ્નિકાય (૪) વાયુકાય અને (૫) વનસ્પતિકાય.

## ❑ જીવ કોને કહેવાય ?

પ્રાણોને ધારણ કરે તે જીવ. પ્રાણો બે પ્રકારે, દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ. આયુષ્ય કર્મના ઉદયે દ્રવ્ય પ્રાણોને જીવ ધારણ કરે અને આયુષ્યની પૂર્ણતાની સાથે જીવ દ્રવ્ય પ્રાણોને અવશ્ય છોડી દે છે. આથી દરેક ભવોમાં જીવ દ્રવ્યપ્રાણોને નવા ધારણ કરે અને ધારણ કરેલા પ્રાણોને છોડે, પણ આત્મામાં ભાવપ્રાણરૂપે જે ગુણો સત્તા કે પ્રગટ રૂપે રહેલાં છે તે ભાવ પ્રાણ વડે સદા જીવે તે જીવ કહેવાય. **अजीवन् जीवन्ति, जीविष्यन्ति इति जीवाः**

આપણો આત્મા અનંત ભૂતકાળમાં પણ જીવતો હતો, વર્તમાનમાં પણ જીવે છે અને અનંતા ભવિષ્યકાળમાં પણ જીવતો રહેશે. આત્માનો કદી નાશ (મૃત્યુ) થતો નથી. જે નાશ થાય છે તે દ્રવ્યપ્રાણ શરીરાદિનો થાય છે. પણ આત્મ દ્રવ્ય અનુત્પન્ન છે તેથી તે અવિનાશી—અક્ષય સ્થિતિવાળું દ્રવ્ય છે, અર્થાત્ શાશ્વત છે.

## ❑ જીવ દ્રવ્ય શું છે ?

ગ્રંથકાર જીવ દ્રવ્ય શું છે તેનું સામાન્યથી લક્ષણ બતાવી જીવની પ્રતીતિ કરાવે છે. દ્વાદશાંગીનું પ્રથમ અંગ આચારાંગ શાસ્ત્ર છે. તેમાં પણ વીર પ્રભુએ જીવદ્રવ્યનું અસ્તિત્ત્વ જણાવેલ છે. જીવે તે જીવ **ચેતના લક્ષણો જીવ** કહ્યું છે. જીવના અસ્તિત્વનો પ્રતીતિરૂપ પરિણામ થવો તે સમ્યગ્દર્શનનું

પ્રથમ પગથીયું છે. આપણને આપણા આત્માના અસ્તિત્ત્વનું ભાન થાય ત્યારે જ આપણામાં સમ્યગ્દર્શન આવ્યું છે તેમ કહેવાય. હું ત્રણે કાળમાં વિદ્યમાન છું. તેથી અનંત ભવિષ્યકાળને સુધારવા માટે પોતાના આત્મા ઉપર અનુકંપા થાય. **જે ઉત્પન્ન થાય છે તે જ નાશ પામે આથી જીવ કે અજીવ તત્ત્વ ઉત્પન્ન થતાં નથી માટે તે નાશ પણ પામતાં નથી,** માત્ર તેના પરિણામ ફરે છે. જેમ સોનું લગડી રૂપે હતું, તેમાંથી બંગડી વિગેરે બનાવી તો સોનું લગડી રૂપે નાશ પામ્યું પણ બંગડી વગેરે રૂપે ઉત્પન્ન થયું. પણ સોનારૂપે નાશ પામતું નથી, માત્ર પર્યાયમાં ફેરફાર થયો. તેમ જીવમાં પણ મનુષ્યાદિ પર્યાય ફરે પણ જીવનો નાશ ત્રણે કાળમાં ક્યારેય થતો નથી. નાસ્તિકને આ શ્રદ્ધા થતી નથી, તેથી ખાઓ, પીઓ, મજા કરો, કાલ કોણે દીઠી છે એ રીતે જીવન જીવતાં હોય છે, તે ફક્ત વર્તમાન માટે જ જીવતો હોય છે. **જીવનું વિસ્મરણ એ પ્રમાદ છે** અને તે ભાવહિંસા સ્વરૂપ છે. દ્રવ્યહિંસા કરતાં ભાવહિંસા વધી જાય છે.

**ચેતના લક્ષણો જીવ** ચેતના એટલે જ્ઞાન શક્તિ કે સંવેદના. સુખ–દુઃખનો અનુભવ એક માત્ર આત્માને (જીવને) જ થાય, જીવને ગરમ–ઠંડાનો અનુભવ થાય, મડદાને ગરમ–ઠંડાનો અનુભવ ન થાય. ઠંડો પવન શરીર સાથે અથડાય તો સ્પર્શેન્દ્રિય વડે આત્માને ઠંડા પવનનું જ્ઞાન થાય પણ સાથે ઠંડો પવન જો સુખરૂપ લાગે તો તે રતિ મોહનીયનું કાર્ય છે. જો ઠંડાપણામાં સુખરૂપ આસક્તિ થાય અને ત્યારે જ જો આયુષ્યનો બંધ પડે તો વાયુકાયમાં ઉત્પન્ન થવું પડે. તેઉકાય–વાયુકાય અત્યંત તુચ્છ ગતિ છે. તે ગતિમાંથી સીધા મનુષ્ય ભવની પ્રાપ્તિ ન થાય, ફરી જલદી મનુષ્ય ભવ ન મળે. પવન ઠંડો છે કે ગરમ તેનું જ્ઞાન થવું તે દોષ નથી પણ ગરમમાં દુઃખની અનુભૂતિ થવી માટે દુઃખરૂપ અને ઠંડુ છે માટે સુખરૂપ તેવાં અભિપ્રાય (માથું મારવાં) રૂપ રાગદ્વેષ રતિ–અરતિ કરવી તે દોષરૂપ છે અર્થાત્ ઠંડો પવન હાશ રૂપે થાય–ઉપાદેય લાગે, ગરમ પવન હેય લાગે તો આત્માનું અહિત થાય.

– જ્ઞેય = જાણવા યોગ્ય.
– હેય = આત્માને જે અહિતકારી હોય તે છોડવા યોગ્ય.
– ઉપાદેય = આત્માને જે હિતકારી હોય તે ગ્રહણ કરવા યોગ્ય.

આ જ્ઞેય–હેય–ઉપાદેય એ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરાવવામાં મુખ્ય ચાવીરૂપ છે. કોઈ પણ પદાર્થ–વસ્તુ પ્રથમ સર્વજ્ઞ દષ્ટિ પ્રમાણે જ્ઞેયરૂપ બને. પછી તે હેય–ઉપાદેય રૂપ બને. હેયમાં ત્યાગની રુચિ અને ઉપાદેયમાં ગ્રહણની રુચિ. જેમકે સોનાનું ઘરેણું તે પૃથ્વીકાયનું મડદું છે માટે આત્મા માટે હેય રૂપ છે તેથી તેમાં છોડવાની રુચિ હોવી જોઈએ.

જીવનો વિચાર કરતી વખતે બધાય જીવોની સાથે આપણા પોતાના જીવનો પણ વિચાર કરવો જોઈએ. ૧૪ રાજલોક જીવરાશિથી ભરેલો છે અને તે બધા જીવો સત્તાએ સિદ્ધ સ્વરૂપી છે. તેથી સર્વજ્ઞના વચનથી દરેક જીવ સિદ્ધ સ્વરૂપી છે તે વાત સ્વીકારવાની છે.

**जारिसो सिद्ध सहावो, तारिसो होइ सव्व जीवाणं**

(પૂ. સિદ્ધસેન દિવાકરસૂરિ મ.સા.)

જેવું સિદ્ધના જીવોનું સ્વરૂપ–સ્વભાવ છે તેવું જ સર્વ જીવોનું પણ સમાન સ્વરૂપ–સ્વભાવ (સત્તાએ) છે. પૂ. સિદ્ધસેન દિવાકરસૂરિએ તો દરેક જીવ રાશિ પર બહુમાન ભાવ લાવવાનું કહ્યું છે. બહુમાન ભાવ ન આવે તો તેની સાથે ઔચિત્ય વ્યવહાર ન થાય. પરમાત્માએ સર્વ જીવોની સાથે ઔચિત્ય વ્યવહાર કરીને અને અંતરમાં તેમને સિદ્ધ સ્વરૂપી માની સમતાની સાધના વડે જ પરમાત્મપદ (સિદ્ધપદ) પ્રાપ્ત કર્યું અને તેવા પ્રકારનો જ ઉપદેશ જગતના ભવ્ય જીવોને આપ્યો. વ્યવહારથી મૈત્રાદિ ભાવરૂપ ધર્મ અને નિશ્ચયથી સમતાધર્મ. સર્વ જીવોને સમદષ્ટિથી સ્વીકારી તેવા પ્રકારનો જ વ્યવહાર કરવો. જેમ પ્રતિમામાં પરમાત્માના દર્શન કરતાં તેની આસાતના કરતાં નથી તેમ જીવ માત્રને સિદ્ધ સ્વરૂપી માની તેની આસાતના બંધ કરવાની છે અને તેમાં પણ સૌ પ્રથમ પોતાના આત્માની આસાતના બંધ કરવાની છે.

જીવવિચાર એટલે જ જીવનો વિચાર કરી **જીવને જીવતો રાખવો તે સર્વ જીવો પરનો મહા અનુગ્રહ છે અને સર્વ જીવોનો વિચાર કરી સર્વ જીવોને જીવતાં રાખવા એ મહા અનુગ્રહ છે.** જીવના સ્વરૂપને જાણવું તે જીવનો સ્વભાવ છે. જિનાજ્ઞા છે **તું જ્ઞેયનો જ્ઞાતા બન.** જીવ, જીવને જાણવાનું છોડી અજીવને જાણવામાં વધારે રસ ધારણ કરી સંસાર વધારે છે. શાળા કોલેજમાં પ્રાયઃ કરીને અજીવને જ જાણવાની વાતો હોય છે, જ્યારે પાઠશાળામાં જીવજીવાદિ પદાર્થો જાણવાં સમજવા મળે પણ શાળા–કોલેજમાં હોંશે હોંશે જવાય ને પાઠશાળા – જિનવાણી સાંભળવામાં કંટાળો આવે !!! જે જીવને ત્રણેકાળ જીવતો માને છે તેને પછી મરણનો ભય જ ન રહે. દ્રવ્ય અને ભાવ બન્ને મરણથી મુક્ત થવાનું છે. મિથ્યાત્વાદિ ભાવમરણ છે. દેહમાં રહું છું પણ દેહમાં રહેવાનું નથી, તેમાંથી નીકળવાનું છે તેથી મરણનો ભય પણ રહે નહીં. પ્રભુનું વચન છે કે **સદા જીવે તે જીવ અને જે મરે છે તે મારું નથી. તેથી હું ભવિષ્યમાં પણ જીવનાર છું.** આમ મરણનો ભય ટળવાથી ચિત્ત સમાધિપણાને પામે. સમ્યગ્દર્શનનું લક્ષણ શમ છે તેની પ્રાપ્તિ થાય. માટે જિનના એક એક વચન ગ્રહણ કરવાથી સમાધિના કારણભૂત શમની પ્રાપ્તિ થાય.

### ❑ જીવની શુદ્ધ–અશુદ્ધ અવસ્થા :

જીવ એ જીવદ્રવ્યરૂપે પદાર્થ છે, તેની મુખ્ય બે અવસ્થા છે. એક શુદ્ધ અવસ્થા અને બીજી અશુદ્ધ અવસ્થા. આત્મ દ્રવ્ય અરૂપી એવું શુદ્ધ દ્રવ્ય અનાદિથી છે અને અનાદિકાળ સુધી રહેવાનું છે તેને રૂપી એવા આઠ કર્મોના સમૂહનો સંયોગ થયો છે અને કર્મના વિપાક રૂપે આત્માને ઔદારિકાદિ દેહમાં પૂરાઈને રહેવું પડે છે. વિવિધ ભવમાં તે દેહ બદલાતો જાય અને નવા–નવા દેહમાં આત્મા પાછો પૂરાતો જાય. આ રીતે અનાદિકાળથી જન્મ–મરણ રૂપી ચક્ર ચાલુ જ છે. કર્મ, કષાય અને કાયારૂપ અશુદ્ધિ અવસ્થામાંથી સદા માટે નીકળી પોતાની શુદ્ધ નિરંજન, નિરાકાર, અરૂપી અને ચિદાનંદમય શુદ્ધ અવસ્થા રૂપ સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરી આત્મા પરિભ્રમણ કરતો બંધ થઈ

જાય ત્યારે ઉર્ધ્વગતિ વડે ૧૪ રાજલોકના છેડે ૪૫ લાખ યોજન પ્રમાણ લોકાંત સિદ્ધક્ષેત્ર પર આવી સદા માટે સ્થિર થઈ જાય છે.

❑ **જૈન દર્શન તથા અન્ય દર્શનની મોક્ષ માન્યતા :**

**(૧) સાંખ્ય દર્શન :** આત્મા (પુરુષ–પ્રકૃતિ) જુદાં થાય એટલે મોક્ષ માને છે. પ્રકૃતિમાંથી જ્ઞાન આત્મામાં પ્રગટ થાય. આથી આત્મા જ્ઞાનાદિ ગુણથી રહિત થાય એટલે મોક્ષ. આત્માની મુક્ત અવસ્થા. તેઓ આત્માને નિર્ગુણ માને છે.

**(૨) બૌદ્ધ દર્શન :** આત્માના અસ્તિત્વના અભાવરૂપ મુક્ત અવસ્થાને માને છે.

**(૩) વેદ દર્શન :** વેદાંતવાદીઓ માત્ર ભેદજ્ઞાનમાં મુક્તિ માને છે. આમ મોક્ષ વિષે દરેકની જુદી જુદી માન્યતા છે.

**(૪) જૈન દર્શન :** જ્યારે સર્વજ્ઞ કથિત જૈન શાસન સિદ્ધ અવસ્થા એટલે આત્માની પૂર્ણ શુદ્ધ, મુક્ત, આનંદ અને સુખથી ભરેલી અવસ્થાને માને છે. અન્ય દર્શનોમાં પણ મોક્ષ માર્ગની સાધના કરનારા સાધુ–સંતો જોવા મળે પણ સાધના કરતાં માર્ગનું પૂર્ણ, શુદ્ધ, સત્ય જ્ઞાન ન હોવાના કારણે આગળ જતાં મોક્ષ વિષે અટવાય છે. જો આત્મા નિર્ગુણ હોય તો ત્યાં જઈને કરવાનું શું ? તેથી તેઓ આગળ વધતા નથી માટે સમાજ–દેશ સેવાદિ કાર્યોમાં જોડાઈ જાય છે.

સિદ્ધ થતાં પૂર્વે આત્મા જે કાયામાં રહેલો હોય તે કાયામાં તેના આત્મપ્રદેશો વિસ્તાર પામેલા હોય છે. સિદ્ધ થતી વખતે તે શરીરનો ૧/૩ ભાગ સંકોચાઈ જાય. ૫૦૦ ધનુષ્યની કાયાવાળા સંકોચાતા ૩૩૩.૧/૩ ઘન ભાગમાં આત્મ પ્રદેશો સ્થિર થયેલાં ઉર્ધ્વગતિ કરતાં લોકાંતે જઈ અટકીને પૂર્વે રહેલા અનંતા અરૂપી શુદ્ધ આત્માઓ સાથે ભળીને ત્યાં સદા માટે રહે છે.

લોકાંતે જ્યાં સિદ્ધાત્માઓ રહેલાં છે, ત્યાં જ પાંચે સૂક્ષ્મ સ્થાવરકાયનાં જીવ અને બાદર વાયુકાયનાં જીવો જ્યાં પોલાણ છે ત્યાં સર્વત્ર ઠાંસી–ઠાંસીને રહેલાં હોય છે. એ સ્થાનમાં પાંચમે અનંતે રહેલા સિદ્ધના જીવો અનંત સુખનું વેદન કરનારા હોય અને ત્યાં જ રહેલા શરીરધારી સ્થાવર (સંસારી) જીવો

અનંત દુઃખને વેદનારા હોય છે. **જે શરીરથી રહિત તે કર્મ–કષાયથી રહિત.** કષાયથી ભાવ પીડા અને શરીરથી દ્રવ્ય પીડા આત્મા અનુભવે છે. સિદ્ધો કર્મ–કષાયથી રહિત હોવાથી દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારની પીડાથી રહિત છે. સિદ્ધના જીવો જ્યાં રહેલા છે ત્યાં કાર્મણ વર્ગણા પણ રહેલી છે પરંતુ સિદ્ધના જીવો એક પણ કાર્મણ વર્ગણાને ગ્રહણ કરતાં નથી અર્થાત્ હવે શુદ્ધ સિદ્ધ થયેલાં સિદ્ધના જીવને કોઈપણ પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની કંઈ પણ અસર થાય નહીં. આથી જ સિદ્ધના જીવો કોઈનાથી પીડા પામતા નથી અને કોઈની પીડામાં નિમિત્ત બનતા નથી. માટે **આપણે કોઈની પીડામાં નિમિત્ત ન બનીએ અને કોઈથી પીડા ન પામીએ એ જ વહેલામાં વહેલી તકે સિદ્ધ બનવાનો ઉપાય છે.** આથી સર્વ જીવોમાં સિદ્ધ સ્વરૂપના દર્શન કરવા અર્થાત્ સર્વ જીવોને સત્તાએ સિદ્ધ માનવા માટે જ જીવ વિચાર ભણીને સર્વ જીવોનું જ્ઞાન મેળવી શુદ્ધ જીવદયા પ્રગટાવી જીવમય બની અજીવ કાયાથી સદા મુક્ત થવાનું છે.

## ❑ જીવોના મુખ્ય બે ભેદ :

મુક્ત અને સંસારી (**जीवा मुत्ता संसारिणो य**) **मुक्त= मोचनात् मुक्त** બે શબ્દોથી સમગ્ર જીવરાશિને જણાવી દીધી, ૧૪ રાજલોકનું સમગ્ર સ્વરૂપ બતાવી દીધું, વર્તમાનમાં આપણે જીવાજીવ (જીવ અને અજીવ બન્ને સાથે) છીએ એટલે જીવ વિચારને સમજીને આપણે આપણા આત્માને માત્ર જીવમય બનાવવાનો છે અને અજીવથી છૂટવાનું છે. નવતત્ત્વમાં પણ પ્રથમ ગાથામાં જીવાજીવ શબ્દ લખીને જીવ અને અજીવ બન્ને બતાવી દીધાં. પાપ, આશ્રવ, બંધ વગેરેથી જીવ અજીવમય બન્યો એને સંવર, નિર્જરા, મોક્ષ દ્વારા જીવમય બનાવવાની પ્રક્રિયા બતાવી દીધી. સિદ્ધના આત્મા સિદ્ધ થઈ ચૂક્યા છે એને કાંઈ કરવાનું નથી પણ સંસારી જીવોને સિદ્ધ બનવાનું છે એટલે એણે સંસારી જીવોનું સ્વરૂપ જાણવું પડે અને એ તમામ જીવો પણ સિદ્ધ સ્વરૂપી જ છે એટલે આપણો આત્મા આ બધા જ જીવો સાથે સિદ્ધ જેવો વ્યવહાર

કરશે ત્યારે જ એ સિદ્ધ બનશે. સિદ્ધ બનવાની પ્રક્રિયા આ જ છે. સમગ્ર ૧૪ રાજલોક સ્થાવર જીવ અને ત્રસ જીવથી ભરેલો છે અને એ તેમનો કર્મકૃત પર્યાય છે. આત્માના સહજ સ્વરૂપને જાણીને કર્મકૃત પર્યાય પર હેય પરિણામ અને સત્તાગત શુદ્ધ જીવો પ્રત્યે ઉપાદેય પરિણામ લાવવો પડશે. વધારેમાં વધારે આત્માઓ સ્થાવરમાં રહેલા છે ને વધારેમાં વધારે વેદના નિગોદના જીવો અનુભવે છે. આત્માનો સ્વભાવ તો આનંદનું વેદન કરવાનો છે **જ્ઞાનાનંદે પૂરણ પાવનો વર્જિત સકલ ઉપાધિ** અને વર્તમાનમાં કર્મની ઉપાધિના કારણે આત્મા કર્મકૃત વેદના અનુભવે છે.

**(૧) મુક્ત જીવો :** સિદ્ધના જીવો માત્ર શુદ્ધ સિદ્ધ સ્વરૂપે છે બાકી બધા જીવો સત્તાએ સિદ્ધ છે પણ વ્યવહારથી સંસારી છે માટે સિદ્ધના જીવોને મુક્ત જીવો કહ્યાં છે. અનાદિ આઠ કર્મોના સંયોગથી સદા માટે જેઓ મૂકાયા છે તે મુક્ત, અર્થાત્ કર્મના કારણભૂત એવા જે કષાયો અને કર્મનો વિકાર ઔદારિકાદિ કાયા એટલે કે **કર્મ–કષાય–કાયા આ ત્રણથી સંપૂર્ણ અને સદા માટે જે મૂકાયા છે તે મુક્ત જીવો.**

તેથી તો સંસારી જીવો સિદ્ધોને નમસ્કાર કરે છે. આથી અરિહંત પરમાત્માના આત્મા પણ દીક્ષા ગ્રહણ કરતી વખતે સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરે છે. આથી પૂ. શાંતિસૂરિ મહારાજ વંદના કરતી વખતે પોતાના આત્માને સત્તાએ સિદ્ધના જીવ તરીકે અને મહાવીર પરમાત્માને લોકાંતે રહેલા પાંચમા અનંતે સિદ્ધના જીવોની સાથે રહેલા વીરપરમાત્માના આત્મ પ્રદેશોમાં રહેલા જ્ઞાનાદિ ગુણોને વંદના કરે છે. પૂ. શાંતિસૂરિ મહારાજે ત્રણ ભુવનમાં દીપક સમાન એવા વીર પ્રભુને જે ભાવ વંદના કરી તો તે ભાવ વંદનાનું સ્વરૂપ કેવું હતું તે પ્રથમ વિચારવાનું છે. સર્વજ્ઞ પરમાત્મા જ્ઞાનાદિ ગુણથી પૂર્ણ છે અને પોતે જ્ઞાનાદિ ગુણથી અપૂર્ણ છે તેથી પૂર્ણતાને માટે વંદના કરી રહ્યાં છે. તેથી જેને વંદના કરવાની હોય તે મય બન્યા વગર સાચી ભાવ વંદના થાય નહીં.

વંદના માત્ર ગુણની પૂર્ણતાને જ કરવાની છે. આથી અરિહંતો–સિદ્ધો

સિવાય કોઈને વંદના ન કરે. આચાર્યાદિને વંદના એટલા માટે છે કે તેઓ પણ ગુણથી પૂર્ણતાની સ્વયં પ્રતિજ્ઞાબદ્ધ સાધના કરે છે તેથી તેમને પણ વંદન કરાય છે. જીવ માત્ર પણ સત્તાએ ગુણરૂપ પૂર્ણ છે, તેથી તેઓ પણ વંદનને યોગ્ય છે. તેથી તે પણ હણવા યોગ્ય નથી, પીડા આપવા કે આસાતના કરવા યોગ્ય નથી. આ સર્વજ્ઞની આજ્ઞા છે અને સર્વજ્ઞ બનવાનો આ જ માર્ગ છે. સર્વ જીવોને જાણીને સર્વજીવોને પીડા આપવામાં આપણો આત્મા નિમિત્ત ન બને તે માટે જીવવિચાર ભણવાનું છે.

**(૨) સંસારી જીવો :** (i) ત્રસકાય (ii) સ્થાવરકાય.

(i) **ત્રસકાયની વ્યાખ્યા :** જે જીવો ત્રસનામ કર્મના ઉદયથી તાપાદિ પીડાદિથી ત્રાસ પામીને તેને દૂર કરવાર્થે પોતાની ઈચ્છા મુજબ એક સ્થળેથી ખસી બીજા સ્થાને જવા માટે સમર્થ હોય તેને ત્રસ જીવો કહેવાય. બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય જીવો ત્રસ જીવો છે.

(ii) **સ્થાવરકાયની વ્યાખ્યા :** જે જીવો સ્થાવર નામ કર્મના ઉદયથી શીતોષ્ણ ભયાદિથી પરિતાપને પામવા છતાં તેને દૂર કરવા સમર્થ ન હોય અર્થાત્ ઈચ્છા મુજબ હલન–ચલન ન કરી શકે તેને સ્થાવર જીવો કહેવાય. તેમને ફકત એક સ્પર્શેન્દ્રિય જ હોય. સ્થાવરકાય જીવો પાંચ પ્રકારે છે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાય. જ્ઞેય જાણવા યોગ્ય, આત્માનો સ્વભાવ જાણવાનો છે, તેથી અવશ્ય ત્રસ–સ્થાવર જીવો જાણવા જોઈએ.

સ્થાવર જીવોને વ્યવસ્થિત સમજવા હોય તો ત્રસ જીવોને પણ સમજવા પડે. આપણે ત્રસ પર્યાયમાં છીએ એ ત્રસ પુણ્ય પ્રકૃતિનો ઉદય ગણાય છે. સ્થાવર પાપ પ્રકૃત્તિનો ઉદય છે. સંજ્ઞી પંચેન્દ્રિય જ પોતાનો ભવ સફળ કરી શકે. વિકલેન્દ્રિયપણું પાપની વૃદ્ધિ માટે જ છે. જે માત્ર અનુકૂળતાની જ શોધ કરે છે અને અનુકૂળતાને ભોગવવા માટે પુણ્યપ્રકૃતિ જોઈએ તો ત્યાં મિથ્યાત્વ છે. સ્થાવરને એકાંતે પાપ પ્રકૃત્તિ હોય છે. પ્રત્યેક વનસ્પતિને સંજ્ઞા છે માટે

અનુકૂળતાને મેળવવા અને પ્રતિકૂળતાને દૂર કરવા માટે પ્રયાસ કરે છે. અમુક વૃક્ષોની પાસે જઈને અવાજ કરીએ તો એને એ પસંદ નથી તો એ વૃક્ષ દુર્ગંધ છોડે જેથી આપણે ત્યાંથી દૂર ભાગી જઈએ. પ્રતિકૂળતાને દૂર કરી અને અનુકૂળતા ભોગવવી. આ સંજ્ઞા અનાદિથી જીવોમાં પ્રાયઃ રહેલી હોય છે. વૃક્ષના મૂળિયા ધનના ભંડાર સુધી લંબાય છે. ત્રસપણું એ પુણ્ય પ્રકૃતિ છે પણ વિકલેન્દ્રિયને માટે એ ત્રસપણું પણ પાપના સર્જન માટે જ છે. અકામ નિર્જરા કરે છે. દવા છાંટવાથી મચ્છર ગૂંગળાઈને મરી જાય, અતિશય વેદના ભોગવી તેથી અકામ નિર્જરા થઈ.

સર્વજ્ઞ વીરપ્રભુ કેવલજ્ઞાન વડે ત્રણ લોકને જ્ઞાનથી પ્રકાશી રહ્યાં છે. ૧૪ રાજલોકમાં સર્વત્ર જીવ–અજીવરાશિ ભરેલી છે. તેથી જિનવચન છે કે તું પ્રથમ જીવોને જાણ તેમાં પણ સૌથી પ્રથમ સ્થાવરકાયને જાણ, કારણ કે સ્થાવરકાય જીવોનું પ્રમાણ સૌથી વધારે છે અને ભૂતકાળમાં આપણે પણ દીર્ઘકાળ સ્થાવરકાયમાં રહીને આવ્યા છીએ અને હાલમાં પણ વધારે સ્થાવરકાય જીવોની સાથે રહેવાનું છે. તેથી વધારેમાં વધારે વિરાધના સ્થાવરકાય જીવોની થાય છે તેથી સ્થાવરકાય જીવોને જાણ્યા વિના તેમની વિરાધનામાંથી કઈ રીતે બચાય ? વધારે સુખની અનુકૂળતાની અનુભૂતિ સ્થાવરકાય જીવોની વિરાધના વડે જ પ્રાપ્ત થાય છે તેથી જો સ્થાવરકાય જીવોના સ્વરૂપને જાણવામાં ન આવે તો તેની વિરાધનાથી બચી શકાશે નહીં.

સતત સ્થાવરકાયની વિરાધના કરનારને સ્થાવરમાં જ ઉત્પન્ન થવાનો પ્રાયઃ પ્રસંગ આવે. આથી ગ્રંથકારશ્રીજીએ **થાવરા નેયા** શબ્દ લખીને સ્થાવરકાય જીવોને અવશ્ય જાણવાનું ફરમાવ્યું છે. ગ્રંથકારશ્રીજીએ પ્રથમ ત્રસકાય જીવોની વ્યાખ્યા કરી પછી સ્થાવર કાય જીવોની વ્યાખ્યા કરી તેની પાછળ પણ રહસ્ય રહેલું છે. સ્થાવરકાય જીવો એ પાપ પ્રકૃતિના ઉદયવાળા જીવો છે અને ત્રસકાય જીવો પુણ્ય પ્રકૃતિના ઉદયવાળા છે. જીવ જ્યારે પણ મોક્ષને પ્રગટ કરશે ત્યારે ત્રસકાયમાં માત્ર મનુષ્ય ભવ માંથી જ કરી શકશે.

આથી ત્રસકાયનું મહત્ત્વ બતાવવા પ્રથમ ત્રસકાયની વ્યાખ્યા કરી પછી સ્થાવરકાયની વ્યાખ્યા કરી છે.

ત્રસ અને સ્થાવર આ બે સત્તાએ સિદ્ધ સ્વરૂપી હોવા છતાં તેમજ અરૂપી નિરાકાર અવસ્થાવાળા હોવા છતાં નામ કર્મે રૂપ તથા આકારમાં ગોઠવી દીધાં. આત્મા પોતાની મૂળભૂત અવસ્થા કર્મના કારણે ભૂલી રૂપ અને આકારમાં પાગલ બની ગયો.

**ત્રસનામ કર્મ પુણ્ય પ્રકૃતિ છે પરંતુ તે સફળ ત્યારે જ થાય જ્યારે જીવ તેને ખપાવવા માટેની મહેનત કરતો હોય અને તે ખપાવવા માટે જ સંયમ માર્ગ બતાવ્યો છે. અર્થાત્ આત્માએ ત્રસનામ ખપાવવા અને સ્થાવર નામકર્મ ન બંધાય તે માટે સંયમ માર્ગમાં સ્થિર થવાનું છે.** સંયમ માર્ગનો સ્વીકાર અને પાલન તે જ જીવ કરશે જે જીવાજીવના સ્વરૂપને સર્વજ્ઞ પ્રમાણે જાણશે. જે જીવને અનાદિ સંસારનું વિસર્જન કરવું હશે તેણે સંયમ અર્થે ત્રસ–સ્થાવર જીવોનું જ્ઞાન જાણવું અતિ જરૂરી છે. જે જીવ અને અજીવ બન્નેને જાણે તે જ સંયમને જાણી શકે.

**जो जीवे वि वियाणेइ अजीवे वि वियाणइ ।**
**जीवाजीवे वियाणंतो सो हु नाहीइ संजमं ॥**

૪–૧૩ (દશવૈકાલિક)

આમ સંયમાર્થે ત્રસ–સ્થાવર જીવોનું સ્થાન જાણવું જરૂરી તેમાં સ્થાવરકાય જીવોની વિશેષ વિરાધના થતી હોવાથી પ્રથમ સ્થાવર જીવોનું વિશેષ સ્વરૂપ કહેવાશે.

❑ **સ્થાવર જીવ :** તાપાદિ પીડાથી પીડા પામવા છતાં સ્થાવરજીવ પોતાના અનુકૂળ સ્થાને ઈચ્છા મુજબ ગતિ કરી શકતા નથી અને ઠંડી આદિ ગમે તેવી પ્રતિકૂળતા હોય તો પણ ત્યાંથી ખસીને ઈચ્છા મુજબ જઈ શકતા નથી. અપ્કાય, વાયુકાય, અગ્નિકાયને ગતિ કરતાં આપણે જોઈએ છીએ, પણ તેઓ ઈચ્છા મુજબ ગતિ કરી શકતા નથી. અપ્કાયનાં જીવોને જે તરફ

ઢાળ મળે તે તરફ ઢળી જાય, વાયુકાયના જીવો વાયુ જે રીતે ફરે તે રીતે ગતિ કરે અગ્નિકાયની જવાળા રૂપે ગતિ, વનસ્પતિ રૂપે વેલડીને જે રીતે ઉપર ચડવાનું આલંબન મળે તે રીતે ચડે. આમ સ્થાવરકાય જીવો પણ ગતિ કરવાના સ્વભાવવાળા હોવા છતાં કીડી આદિની જેમ ઈચ્છા મુજબ ગતિ કરી શકતા ન હોવાથી તેઓ સ્થાવર છે.

❑ **સ્થાવરકાય જીવોની મુખ્ય બે પરાધીન અવસ્થા :** (૧) કોઈ પણ પ્રકારની ઇચ્છા મુજબ જીવી ન શકે. (૨) પ્રત્યેક વનસ્પતિકાય સિવાયના સ્થાવર જીવો અસંખ્ય અને અનંત જીવોની સાથે મોટાભાગે રહેલા હોય છે, અર્થાત્ એકલા સ્વતંત્ર રહી શકે નહીં. સ્થાવરકાય જીવોને જ્ઞાનનો અતિ અલ્પાંશભાગ ઉઘાડો હોય બાકી બધા જ્ઞાનાદિ ગુણો ઢંકાયેલા હોવાથી એ સૌથી અધિકમાં અધિક દુઃખ ભોગવવાની કર્મકૃત્ અવસ્થાવાળા છે. કારણ કે જેમ જેમ આત્માના ગુણો કર્મોથી ઢંકાય–દબાય તેમ તેમ આત્માની મૂંઝવણ વધતી જાય તેથી દુઃખ પીડા વધે. આપણો આત્મા પણ સૌથી વધારે કાળ સ્થાવરકાયમાં રહીને આવ્યો છે અને હજી પણ જે કંઈ વ્યવહાર ચલાવવાનો છે, સુખ–અનુકૂળતા પ્રાપ્ત કરવાની છે, તેમાં મોટા ભાગનો હિસ્સો સ્થાવર કાય જીવોનો જ રહેવાનો છે. તેથી એક બાજુ સ્થાવરકાયની વિરાધના પણ વધારે થાય અને જો સાવધાન થવાય તો દયાનો પરિણામ પણ સૌથી વધારે.

❑ **સ્થાવર કાયના મુખ્ય બે ભેદ સૂક્ષ્મ અને બાદર :**

સૂક્ષ્મ નામકર્મના ઉદયથી સૂક્ષ્મ પરિણામી જે પુદ્ગલ છે, તે પુદ્ગલની કાયાનો જે સંયોગ થવો તે સૂક્ષ્મ સ્થાવરકાય કહેવાય. જે અસંખ્યાતા કે અનંતા શરીરો ભેગા થાય તો પણ તેનું શરીર છદ્મસ્થ જીવોની ઈન્દ્રિયોનો વિષય ન બને, પણ વિશિષ્ટ અવધિજ્ઞાનીઓનો જ તે વિષય બને. જ્યારે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય અને સાધારણ વનસ્પતિકાય બાદર હોય, અસંખ્યાતા જીવો ભેગા થાય ત્યારે ઈન્દ્રિયોથી જોવાય કે અનુભવાય. સૂક્ષ્મ જીવો છેદન, ભેદન અને દહનને અયોગ્ય છે અને અંતર્મુહૂર્ત આયુષ્યવાળા

છે, અને સમગ્ર ૧૪ રાજલોકમાં છે. સ્થાવર કાયના સૂક્ષ્મ અને બાદર ભેદ ગણતાં ૧૦ થયા અને પ્રત્યેક વનસ્પતિકાય માત્ર બાદર જ હોય પણ સૂક્ષ્મ ન હોય તેથી ૫+૫+૧=૧૧ ભેદ થયાં. ૧૧ ભેદ પર્યાપ્તા અને ૧૧ ભેદ અપર્યાપ્તા =૧૧+૧૧=૨૨ ભેદ સ્થાવર કાયના થાય. સ્થાવરકાય જીવોને ૪ પર્યાપ્તિ હોય. તેમાં ૩ પર્યાપ્તિ બધા જ જીવો પૂર્ણ કરે, પણ ૪થી શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ આરંભ કરે પણ કોઈનું આયુષ્ય પૂર્ણ થઈ જાય તો તે શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ પૂર્ણ ન કરે ને મૃત્યુ પામે તો તે જીવ અપર્યાપ્ત કહેવાય. આથી સ્થાવર કાયના પર્યાપ્ત અને અપર્યાપ્ત બે ભેદ પડે. આ બધાં કર્મને આધીન જીવોને વેદના ભોગવવાની જુદી–જુદી અવસ્થા છે.

## ❑ સંસારિણો – સંસારી જીવ કોને કહેવાય ?

જે સંસરણ કરવાના સ્વભાવવાળો હોય અર્થાત્ ચાર ગતિ રૂપ સંસારમાં કાયા લઈ જે પરિભ્રમણ કરે તે સંસારી. કર્મ સંયોગ રૂપ સંસાર અવસ્થા પામેલો સંસારી જીવ કર્મના ઉદય રૂપ પીડા ભોગવવાના સ્થાન રૂપ ૫૬૩ ભેદોમાં પરિભ્રમણ કરતો જીવ સર્વકર્મના સંયોગથી છૂટે નહીં ત્યાં સુધી ભમે.

## ❑ સંસારી જીવોના ૫૬૩ ભેદો :

### (એ) સ્થાવરકાયના ૨૨ ભેદો :

| | | | | |
|---|---|---|---|---|
| (૧) પૃથ્વીકાય | – | સૂક્ષ્મ | – | બાદર |
| (૨) અપ્કાય | – | સૂક્ષ્મ | – | બાદર |
| (૩) તેઉકાય | – | સૂક્ષ્મ | – | બાદર |
| (૪) વાયુકાય | – | સૂક્ષ્મ | – | બાદર |
| (૫) સાધારણ વનસ્પતિકાય | – | સૂક્ષ્મ | – | બાદર |
| પ્રત્યેક વનસ્પતિકાય | – | – | – | બાદર |

૫ સૂક્ષ્મ + ૬ બાદર = ૧૧

૧૧ પર્યાપ્ત + ૧૧ અપર્યાપ્ત = કુલ ૨૨

**(બી) વિકલેન્દ્રિયના ૬ ભેદો :**

(૧) બેઈન્દ્રિય

(૨) તેઈન્દ્રિય

(૩) ચઉરિન્દ્રય

૩ પર્યાપ્ત + ૩ અપર્યાપ્ત = કુલ ૬

**(સી) તિર્યંચ પંચેન્દ્રિયના ૨૦ ભેદો :**

(૧) જલચર :

(૨) સ્થલચર :

(i) ઉરપરિસર્પ (ii) ભૂજ પરિસર્પ (iii) ચતુષ્પદ

(૩) ખેચર :

૫ ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય

૫ સંમૂર્છિમ તિર્યંચ પંચેન્દ્રિય

૧૦ ૧૦ પર્યાપ્તા + ૧૦ અપર્યાપ્તા = કુલ ૨૦

**(ડી) મનુષ્યના ૩૦૩ ભેદો :**

મુખ્ય ત્રણ પ્રકારે

| | | | | |
|---|---|---|---|---|
| (૧) કર્મભૂમિ | – | ૧૫ – ગર્ભજ પર્યાપ્ત મનુષ્ય – | | ૧૦૧ |
| (૨) અકર્મભૂમિ | – | ૩૦ – ગર્ભજ અપર્યાપ્ત મનુષ્ય– | | ૧૦૧ |
| (૩) અંતર્દ્વીપ | – | ૫૬ –સંમૂર્છિમ અપર્યાપ્ત મનુષ્ય– | | ૧૦૧ |
| | | ૩૦૩ | | ૧૦૧ |

**(ઈ) દેવના ૧૯૮ ભેદો :**

મુખ્ય ચાર પ્રકારે

(૧) ભવનપતિ – ૧૦

(i) અસુરનિકાયના + પરમાધામી ૧૫ = કુલ ૨૫

(૨) વ્યંતરના – ૮

(i) વાણવ્યંતરના – ૮

(ii) તિર્યગ્‌જૃંભકના – ૧૦ = કુલ ૨૬

(૩) જ્યોતિષ

(i) સ્થિર (અઢી દ્વીપની બહારે) રહેલાં –

સૂર્ય–ચંદ્ર–તારા–નક્ષત્ર–ગ્રહ– ૫

(ii) અસ્થિર (અઢીદ્વીપની અંદર) ૫ = કુલ ૧૦

(૪) વૈમાનિક – ૧૨

(i) કિલ્બિષિક – ૩

(ii) લોકાંતિક – ૯

(iii) ગ્રૈવયક – ૯

(iv) અનુત્તર – ૫ = કુલ ૩૮ – ૨૫+૨૬+૧૦+૩૮ = ૯૯

૯૯ પર્યાપ્ત+૯૯ અપર્યાપ્ત કુલ– ૧૯૮

**(એફ) નરકના ૧૪ ભેદો :**

રત્નાદિ પૃથ્વી –૭

૭ પર્યાપ્ત+ ૭ અપર્યાપ્ત કુલ ૧૪

સંસારી જીવોના ૫૬૩ ભેદો

(એ) સ્થાવરકાયના – ૦૨૨

(બી) વિકલેન્દ્રિયના – ૦૦૬

(સી) તિર્યંચ પંચેન્દ્રિયના – ૦૨૦

(ડી) મનુષ્યના – ૩૦૩

(ઈ) દેવના – ૧૯૮

(એફ) નરકના – ૦૧૪

કુલ = ૫૬૩ ભેદ

## ❑ સિદ્ધ એવા જીવને સંસારી નામ કેમ આપ્યું ?

જ્યાં સુધી આત્મા અન્યના સંગવાળો અર્થાત્ કર્મ, કાયા અનેકષાયના સંયોગવાળો હોય ત્યાં સુધી સંસારી કહેવાય. પૂર્વે એક વખત આત્મા શુદ્ધ હતો અને પછી તે અશુદ્ધ બન્યો તેવું નથી, અનાદિકાળથી આત્માને કર્મ–કષાય કાયાનો સંયોગ છે. જેમ ખાણમાં સોના સાથે માટી મિશ્ર છે, પછી અગ્નિ વગેરે પ્રયોગ વડે માટી અને સોનું જૂદું કરી શકાય છે. તેમ આત્માનો મૂળ સ્વભાવ પણ પોતાના (સ્વ) સ્વભાવમાં જ પરિણમન કરવાનો હોવા છતાં અનાદિથી કર્મ, કાયા અને કષાય રૂપ સંસારનો સંયોગ થવાને કારણે તેનાં આત્મગુણમાં રમણતાનો સ્વભાવ છૂટીને ભવમાં (દેહમાં) ભ્રમણ કરવાનો વિપરીત સ્વભાવ પ્રગટ થયો. અર્થાત્ રમણતાને બદલે ભવ ભ્રમણતાનો સ્વભાવ પ્રગટ થયો. જ્યાં સુધી કર્મ, કાયા અને કષાય છૂટે નહીં ત્યાં સુધી કર્મના વિપાક રૂપે કાયા ગ્રહણ કરી કષાયને આધીન થઈ ચારગતિ નરક, તિર્યંચ અને દેવ અને મનુષ્ય રૂપ સંસારમાં ભ્રમણ (સંસરણ) ચાલુ રહે. કાયા પર મમતા કરી કષાય કરે, હવે શરીર માટે જીવશે આત્માને ભૂલી, શરીર–શરીરવાળાને પકડીને ચાલશે. આત્માના સ્વભાવને ભૂલી ગયો માટે શરીર માટે ભટક્યા વગર ચેન નહીં પડે, કદાચ શરીરથી ન ભટકવા જાય તો પણ ઈન્દ્રિયો અને મનની ચંચળતાના કારણે જગતમાં ભટક્યા કરે. કાયાથી ક્યાંક હોય અને મન તો ક્યાંય પહોંચી ગયું હોય એટલે જ કહ્યું છે કે **કર ઉપર તો માળા ફીરતી, જીવ ફરે વનમાંહી, ચિત્તડું તો ચિંહુ દિશિએ દોડે, ઈણ ભજને સુખ નાહિ....** આત્માનો સ્વભાવ સ્થિર અને કર્મનો સ્વભાવ જીવને અસ્થિર બનાવવાનો છે. કેવલી ભગવંત અને તીર્થંકર પરમાત્મા પણ કાયામાં જ્યાં સુધી રહેલાં હોય ત્યાં સુધી વ્યવહારથી સંસારી પણ નિશ્ચયથી સિદ્ધનાં જીવ કહેવાય, સાધુ પણ સંસારી જ કહેવાય.

આચારાંગશાસ્ત્રમાં પૂ. સુધર્માસ્વામી શિષ્ય જંબૂસ્વામીને કહે છે કે વીર પ્રભુના મુખારવિંદથી મેં સાંભળ્યું છે કે કેટલાક જીવોને સંજ્ઞા (જ્ઞાનસમજ) હોતી નથી. કર્મવશ ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં જીવોને જ્ઞાન (સમજ)

હોતું નથી કે **હું આત્મા છું – ચેતનવંત છું** કર્મવશ કાયામાં પૂરાયેલો છું અને કર્મને આધીન થઈ દિશા–વિદિશામાં પરિભ્રમણ કરી રહ્યો છું. ક્યાંથી આવ્યો છું તેનું પણ ભાન નથી અને હવે અહીંથી ફરી ક્યાં જવાનો છું તેનું પણ જ્ઞાન નથી. ઔદારિક કે વૈક્રિય કાયાની મમતાનો જ્યાં સુધી સંપૂર્ણ સંબંધ છોડે નહીં ત્યાં સુધી સંસારી જીવોને કાયા લઈ કાયા માટે દ્રવ્ય–ભાવ દિશા વિદિશામાં ભટકવાનું ઊભું રહેશે.

## ❑ દ્રવ્ય દિશા – ભાવ દિશા – વિદિશા :

### ૧૮ દ્રવ્ય દિશા ઉત્પત્તિ સ્થાન :

મેરુ પર્વતની અંદર બે ક્ષુલ્લક પ્રતરો છે. તેની ઉપર ચાર આકાશ પ્રદેશો ગાયના આંચળના આકારે અને ચાર નીચે એમ આઠ રુચક પ્રદેશો રૂપ ચતુષ્કોણ એ દ્રવ્ય દિશા–વિદિશાનું ઉત્પત્તિનું સ્થાન છે. (આચારાંગ નિર્યુક્તિ)

(I) દ્રવ્ય ચાર મૂળદિશા : (૧) પૂર્વ (૨) પશ્ચિમ (૩) ઉત્તર (૪) દક્ષિણ

(II) દ્રવ્ય ચાર વિદિશા : (૧) ઈશાન (૨) અગ્નિ (૩) નૈઋત્ય (૪) વાયવ્ય

(III) દ્રવ્ય આઠ આંતરાની દિશા : (૧) સામુત્થાણી (૨) કપિલા (૩) ખેલનીયા (૪) આદિધર્મા (૫) પયોધર્મા (૬) સાવિત્રી (૭) પ્રજ્ઞપ્તિ (૮) સોમા

(IV) ઉર્ધ્વદિશા : વિમલા

(V) અધો દિશા : તમા

### ૧૮ ભાવ દિશા : ભવમાં ભટકવું તે ભાવ દિશા છે.

**(૧) મનુષ્યની ૪ દિશા :**

(૧) કર્મભૂમિ (૨) અકર્મભૂમિ (૩) ૫૬ અંતરદ્વીપ (૪) સંમૂર્ચ્છિમ મનુષ્ય.

**(૨) તિર્યંચની ૪ ભાવદિશા :**

(૧) બેઈન્દ્રિય (૨) તેઈન્દ્રિય (૩) ચઉરિન્દ્રિય (૪) પંચેન્દ્રિય.

**(૩) એકેન્દ્રિયની ૪ ભાવદિશા :**

(૧) પૃથ્વીકાય (૨) અપ્કાય (૩) તેઉકાય (૪) વાયુકાય.

**(૪) વનસ્પતિકાયની ૪ ભાવદિશા :**

(૧) મૂળ (૨) અગ્રબીજ (૩) સ્કંધ (૪) પર્વબીજ.

**(૫) દેવની ૧ ભાવદિશા :**

ઉર્ધ્વદિશા.

**(૬) નરકની ૧ ભાવદિશા :**

અધોદિશા.

૧૮ દ્રવ્યદિશા + ૧૮ ભાવદિશામાં જે જીવ કર્મ, કાયા અને કષાયને આધીન બનેલો છે તે ૧૮–૧૮ દિશામાં રખડપટ્ટી કરે છે અને જે જીવ કર્મ, કાયા અને કષાય આ ત્રણથી વિરામ પામવાના પ્રયત્નવાળો બને છે તે શુભગતિ–સદ્ગતિને પામે છે અને જે સંપૂર્ણ વિરામ પામવાનો પુરુષાર્થ સિદ્ધ કરે તે આત્મા સિદ્ધગતિને પામે છે.

જે જીવની આત્મા તરફ ગતિ હોય તે સંયમી –સાધુ કહેવાય અને ફક્ત શરીર માટે જ ગતિ કર્યા કરે તે સંસારી કહેવાય. આથી સાધુ ભગવંત જયણાપૂર્વક ગતિ–પ્રવૃતિ કરે તો તેથી તેમને કર્મબંધ ન થાય.

**जयं चरे, जयं चिट्ठे, जयमासे जयं सये,**
**जयं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधई**

**(દશવૈકાલીક)**

જે જયણાપૂર્વક ચાલે, ઉભો રહે, સુવે, ભોજન કરે કે બોલે તેને પાપકર્મનો બંધ થતો નથી.

### ❑ આત્માએ પોતાના માટે શું વિચારવાનું ?

હું સત્તાએ સિદ્ધ સ્વરૂપી અને આત્મ રમણ કરવાના સ્વભાવવાળો, હું કર્મને વશ બની સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છું હવે મારે મારી સત્તાગત સિદ્ધાવસ્થા પ્રગટાવવાનો સતત પ્રયત્ન કરવાનો છે. તે માટે મારે જીવના સ્વરૂપને જાણી શ્રદ્ધા પ્રતિતી કરી અને મારા આત્મા પર શુદ્ધ દયા લાવવા માટે જીવવિચાર ભણવાનું છે. ભણીને વારંવાર વિચારવાનું છે કે સિદ્ધ સ્વરૂપી એવો હું ક્યાં ક્યાં ભટકીને આવ્યો છું. હવે મારે ભટકવું નથી. તેથી જીવમાં જીવ તરીકે અને અજીવમાં અજીવ તરીકે જ્ઞાનનો શુદ્ધ ઉપયોગ મૂકી ભવમાં ભ્રમણ કરવાનું બંધ કરવાનું છે. જ્યાં સુધી આત્મા સ્વભાવમાં રમણતા નહીં કરે ત્યાં સુધી આરાધના સફળ નહીં થાય. તેથી ભવ ભ્રમણતા ચાલુ રહેશે.

ooo

## સ્થાવરકાય

### ❑ સ્થાવરકાય જીવો પાંચ પ્રકારે :

(૧) પૃથ્વીકાય (૨) અપ્કાય (૩) અગ્નિકાય (૪) વાયુકાય (૫) વનસ્પતિકાય.

**ગાથા : ૩**

**फलिहमणिरयण विद्दुम, हिंगुल हरियाल मणसिलरसिंदा,**
**कणगाई धाउ सेढी, वन्निय अरणेइय पलेवा ॥ ૩ ॥**

સ્ફટિક, મણિ, રત્ન, પરવાળા, અને હિંગળોક છે.
હડતાળ અને મણસિલ પારો, સોનું આદિ ધાતુઓ;
ખડી, લાલ ધોળી માટીને, પાષાણ પારેવો જાણો; ૩

ગાથા : ૪

**અબ્ભય તૂરી ઊસં, મટ્ટી–પાહાણ–જાઈઓ ણેગા,**
**સોવીરંજણ લુણાઈ, પુઢવિ–ભેઆઈ ઈચ્ચાઈ ॥ ૪ ॥**

અબરખ, તેજંતુરી-ફટકડી, ખારો, માટી અને
પથ્થર તણી ઘણી જાતિઓ; સુરમો, મીઠું આદિ, ભેદ પૃથ્વીના જુઓ. ૪

## (૧) પૃથ્વીકાય જીવો :

સ્થાવર નામ કર્મના ઉદયથી પૃથ્વીરૂપી કાયા જેને પ્રાપ્ત થઈ છે તે પૃથ્વીકાય આ પૃથ્વીકાય રૂપી કાયામાં પણ સત્તાએ સિદ્ધ સ્વરૂપી આત્મા પૂરાયેલ છે, તે સ્ફટિક, મણિરત્ન, પરવાળા, હિંગળોક, હડતાળ, મણશીલ, પારો, સોનુ વગેરે ધાતુઓ ખડી, રમચી, અરણેટો, પલેવા, અબરખ, તેજંતૂરી, ખારો, માટી અને પથ્થરોની અનેક જાતો, સુરમો, મીઠું વગેરે પૃથ્વીકાય જીવોના ભેદો છે.

### ❑ પૃથ્વીકાય જીવોના પ્રકાર :

★ **ફલિહ (સ્ફટિક):** સ્ફટિક પારદર્શક અતિ કિંમતિ પથ્થર (રત્ન). (૧૪ રાજલોકના ઉપરના છેડે રહેલ ૪૫ લાખ યોજનની સિદ્ધશિલા આ સ્ફટિક રત્નની બનેલી છે.)

★ **મણિ:** સમુદ્રમાં ઉત્પન્ન થનાર રત્ન (સૂર્યકાંત – ચંદ્રકાંત મણિ) ચંદ્રકાંતમણિ પર ચંદ્રનો પ્રકાશ પડતા તેમાંથી કાળા રંગનો રસ ઝરે છે તેની હાજરીમાં અગ્નિ પ્રગટવા છતાં દઝાડી શકતો નથી. મણિની ઉત્પતિ ૮ સ્થાનોમાં થાય : (૧) હાથીના કુંભ સ્થળમાં (૨) શંખમાં (૩) માછલીના મુખમાં (૪) વાંસમાં (૫) જંગલી સુવરની ડાઢમાં (૬) સર્પના મસ્તક ઉપર (૭) મેઘમાં (૮) છીપમાં

★ **રયણ (રત્ન) :** ૧૪ પ્રકારના રત્ન જેમ કે –ઈંદ્રનીલ, ચંદન, પુલક, સૌગંધિક, ચંદ્રપ્રભ, વૈડર્ય, જલકાંત, સૂર્યકાંત, ગોમેદક, રુચક, અંક, લોહિત, મરકત, ભુજમોચક.

★ **વિદ્રુમ(પરવાળાં):** પ્રવાલ (રેડ કોરલ) પરવાળાં દરિયાઈ બેટમાં જંતુઓના શરીરનો જથ્થો. તે મુખ્યત્વે લાલ રંગના હોય છે. જે પેસેફિક મહાસાગરમાં ઘણા જોવા મળે.

★ **હિંગુલ(હિંગળોક):** (સિંદુર) લાલ ખનીજ પદાર્થ જે સ્ત્રીઓ સેંથામાં પૂરે તે પારો અને ગંધક (સલ્ફર) બંનેનો મિશ્ર પત્થર છે. (એક શેર હિંગળોક માંથી પોણોશેર પારો નીકળે)

★ **હરિયાલ(હડતાલ):**પીળો ઝેરી ખનીજ પદાર્થ છે તેમાં ગંધક અને સોમલ નામનો ખનિજ પદાર્થ હોય છે. જે અક્ષર છેદવામાં ઉપયોગમાં આવે.

★ **મનઃસિલ :** આ લાલ રંગનો ખનિજ પદાર્થ છે તેના પર ગમે તેટલું પાણી છાંટવા છતાં ભીંજાય નહીં તેવો પથ્થર તેનો ઉપયોગ ઝેર બનાવવામાં કે ફટાકડા બનાવવામાં થાય છે.

★ **રસીંદા(પારો) :** ખાણમાં બીજી ધાતુઓ સાથે મિશ્ર પત્થરરૂપે અને શુદ્ધ સ્વરૂપે પ્રવાહીરૂપે જોવા મળે. પારો, બધાં રસોનો રાજા કહેવાય છે. (અનાજની કોઠીમાં રખાય છે.)

★ **કણગાઈ ધાણી :** ખાણમાં હોય ત્યાં સુધી સચિત સુવર્ણાદિ વિવિધ ધાતુઓ સોનું, રૂપુ, તાંબુ, લોઢું, કલાઈ, સિસુ, જસતાધિ સાત ધાતુ. તાંબુ અને સિસુ ભેગું કરવાથી કાસુ નામની ધાતુ બને છે.

★ **સેઢી(ખડીચુનો):** ખડી (ચોક) સ્લેટમાં લખવા માટેની પેન તરીકે વપરાય.

★ **વણિય(રમચી) :** સોનાગરૂ, લાલ માટી.

★ **અરણેટ્ઠ:**પથ્થરના ટુકડાથી મિશ્રિત માટી.

★ **પલેવા :** પોચો પથ્થર. (આ પથ્થર ઠંડો હોય છે.)

★ **અબ્ભય :** અબરખ ખાણમાંથી નીકળે તે રસાયણ. વજનમાં હલકો, પડવાળો, ચમકદાર, લીસો અને સુંવાળો હોય છે.

★ **તૂરી :** તેજંતુરી એક જાતની માટી, લોઢાના રસમાં નાંખતા સુવર્ણ થાય તે. બીજો અર્થ તૂરી એટલે ફટકડી. (પાણીમાં કચરો બેસાડવામાં કરાય છે.)

★ **ઊસ :** ખારો, પાપડખાર, સોજીખાર, નવસાર.

★ **મટ્ટી :** માટી (જુદા–જુદા રંગની હોય).

★ **પાહાણ્ણ::**અનેક પ્રકારના પથ્થર લાવામાંથી બનતા પત્થર કઠિન હોય. ગ્રેનાઈટાદિ જમીનમાંથી બનતા પત્થર, આરસ, રેતાળ પત્થરાદિ.

★ **સોવીરંજણ :** સફેદ અને કાળા રંગનો ખનિજ પદાર્થ. સુરમો (આંખમાં આંજવાનું અંજન) તથા બેટરી અને લખવાની શાહીમાં વપરાય છે.

★ **લૂણ :** સિંધાલૂણ આદિ. (સિંધવ, સંચળ, બિડલૂણ દરિયાના ખારા પાણીને સૂકવીને બનાવવામાં આવે તે મીઠું.)

❑ **પૃથ્વીકાયમાં જીવપણાની સાબિતી :**

પૃથ્વીકાય જીવો પોતાના જેવા બીજ અંકુર ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવે છે. આરસની ખાણોમાંથી આરસ કાઢવા છતાં નવો નવો આરસ ઉત્પન્ન થયા કરે છે. સાબરકાંઠાના ગામમાં ઘરઘરની અંદર પૃથ્વીકાયમાંથી પથ્થર ઉત્પન્ન થઈને બહાર આવ્યા કરે છે માટે વારંવાર તે પથ્થરોને કાપવા પડે.

❑ **પારો એ જીવ છે તેની સાબિતી :**

પારામાં સ્ત્રી પ્રત્યેની મૈથુનસંજ્ઞા પ્રબળ હોય છે. પૂર્વના કાળમાં પારાને કાઢવા એક સુંદર કન્યાને સોળે શણગારે સજાવી તીવ્ર વેગી ઘોડા પર બેસાડવામાં આવતી અને પછી તે સ્ત્રી કુવામાં દૃષ્ટિપાત કરતી અને ઘોડાને દોડાવવામાં આવતો. સ્ત્રીના પડછાયાથી કામાતુર યુવાનની જેમ પારો કુવામાંથી ઉછળી બહાર જમીન પર પડતા તે નિર્જીવ થઈ જાય. જો પારામાં જીવત્વ ન હોય તો પુરુષની જેમ ઉછળે નહીં. અમેરિકાના વૈજ્ઞાનિકના દાવા પ્રમાણે પથ્થરના ઢેફાને પાણી પીવડાવવાથી તે વારંવાર વૃદ્ધિ પામતું હોય છે.

## ❑ પૃથ્વીકાય જીવોના લક્ષણો :

**उवओगजोग, अज्झवसाणे, मइसुय, अचक्खुदंसे य ।**
**अट्ठविहोदयलेसा सन्नुस्सासे कसाया य ॥८४॥**

**(આચારાંગ નિર્યુક્તિ)**

પૃથ્વીકાય જીવોને અતિસૂક્ષ્મ મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન રૂપ જ્ઞાનોપયોગ તથા થીણદ્ધિ નિદ્રાનો ઉદય, અચક્ષુદર્શનનો ઉપયોગ પણ હોય, શ્વાસોચ્છ્વાસ, આઠે કર્મનો ઉદય, અશુભલેશ્યા, સંજ્ઞા, કષાય વગેરે હોય છે.

## ❑ પૃથ્વીકાય જીવોનું સ્થાન :

પૃથ્વી રૂપી કાયામાં સિદ્ધાત્મા પૂરાયેલો છે. કાયા અને જીવ જુદા–જુદા સ્વરૂપે રહેલા છે. જીવ જ્યાં સુધી પૃથ્વીરૂપી કાયામાં હોય ત્યાં સુધી તે પૃથ્વીને સચિત્ત કહેવાય. સૂક્ષ્મ પૃથ્વીકાય જીવો ૧૪ રાજલોકમાં ઠાંસી ઠાંસીને અસંખ્ય રાજલોક પ્રમાણ સંખ્યામાં રહેલાં છે. આપણે જે રત્ન પ્રભા નામની બાદર પૃથ્વી પર રહેલા છીએ તે પૃથ્વી એક રાજ પ્રમાણવાળી છે. અસંખ્ય યોજન પહોળી જેમાં અસંખ્ય દ્વીપ સમુદ્ર આવેલાં છે અને ૧ લાખ ૮૦ હજાર યોજન (ઊંડાઈ) નીચે રહેલી છે. તે પછીની છ પૃથ્વીઓ નીચે નીચે રહેલી છે અને તેનો વિસ્તાર ત્રસ નાડીની બહાર પણ વધતો જાય છે. આમ ૭ પૃથ્વી જેટલા વિસ્તારમાં સર્વત્ર બાદર પૃથ્વીકાય જીવો રહેલાં છે અને ઉપર મેરુપર્વત ૧ લાખ યોજન ઊંચો છે ત્યાં તેની ઉપર રહેલા દેવ વિમાનો તેમજ ૮મી સિદ્ધશીલા નામની પૃથ્વી આવેલી છે ત્યાં પણ પૃથ્વીકાયના બાદર જીવો રહેલા છે.

## ❑ પૃથ્વીકાય જીવોનું પ્રમાણ :

એક લીલા આંબળા જેટલી સચિત્ત માટીમાં રહેલા જીવોની કાયાને કબૂતર જેટલી કરવામાં આવે તો તે જંબૂદ્વીપમાં પણ ન સમાય.

**(૧) પર્યાપ્ત બાદર પૃથ્વીકાયની સંખ્યા**– લોકાકાશ પ્રતરના અસંખ્યાતમા ભાગ પ્રદેશ રાશિ પ્રમાણે છે.

**(૨) અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયની સંખ્યા**– પર્યાપ્તથી અસંખ્ય ગુણ અધિક.

**(૩) અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયની સંખ્યા**– અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયથી અસંખ્યગુણ અધિક.

**(૪) પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયની સંખ્યા**– અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયથી અસંખ્યગુણ અધિક.

જો પૃથ્વીકાય ત્રણ રાશિમાંથી (પ્રથમ છોડી બાકીના ત્રણ ભેદ વિષે) કોઈપણ રાશિના એક–એક જીવોને જો પ્રત્યેક આકાશ પ્રદેશ પર સ્થાપવામાં આવે તો એક ૧૪ રાજલોક – એવા અસંખ્ય ૧૪ રાજલોક ભરાય.

❑ **પ્રતિસમય પૃથ્વીકાયમાં કેટલા જીવો ઉત્પન્ન થાય અને મરણ પામે ?**

પ્રતિ સમય અસંખ્ય લોકાકાશ પ્રદેશોની સંખ્યા પ્રમાણ અસંખ્ય પૃથ્વીકાય જીવો પ્રતિ સમયે ઉત્પન્ન થાય અને તેટલા દ્રવ્યભાવે મૃત્યુને પામે.

❑ **પૃથ્વીકાયના શસ્ત્ર : બે પ્રકારે**

(૧) **દ્રવ્યશસ્ત્ર :** હળ, કોદાળી, અફીણ, ઝેર, મળ, વિષ્ટા, મૂત્રાદિ...

(૨) **ભાવશસ્ત્ર :** મન, વચન, કાયાનું દુષ્ટ પ્રણિધાન–અસંયમ.

❑ **દ્રવ્યશસ્ત્રના ત્રણ ભેદ :**

(A) **સ્વકાય શસ્ત્ર :** સફેદ માટી, પીળી, કાળી આદિ જુદાં–જુદાં વર્ણવાળી માટી ભેગી થતાં.

(B) **પરકાય શસ્ત્ર :** પાણી, અગ્નિ વગેરે પૃથ્વીકાય સાથે ભેગાં થતાં શસ્ત્ર બની જાય.

(C) **ઊભયકાય શસ્ત્ર :** પૃથ્વી જલ મિશ્રિત, પૃથ્વી અગ્નિ મિશ્રિત, પૃથ્વી વાયુ મિશ્રિત, પૃથ્વી વનસ્પતિ મિશ્રિત.

❑ **ભૂમિ કેટલા અંગુલ સુધી અચિત્ત કે સચિત્ત હોય ?**

(૧) **રાજમાર્ગની ભૂમિ**– પાંચ અંગુલ સુધી અચિત્ત તે પછીની નીચેની ભૂમિ સચિત્ત.

(૨) **શેરી–ગલીની ભૂમિ**– સાત અંગુલ સુધી અચિત્ત તે પછીની નીચેની ભૂમિ સચિત્ત.

(૩) **ઘરની ભૂમિ** – દસ અંગુલ સુધી અચિત્ત તે પછીની નીચેની ભૂમિ સચિત્ત.

(૪) **મલ–મૂત્રની ભૂમિ**– પંદર અંગુલ સુધી અચિત્ત તે પછીની નીચેની ભૂમિ સચિત્ત.

(૫) **પશુ–બેઠકવાળી ભૂમિ**– બત્રીસ અંગુલ સુધી અચિત્ત તે પછીની નીચેની ભૂમિ સચિત્ત.

(૬) **ભાંડ, ભૂંજા કે ભઠિયાળી ભૂમી**– બોતેર અંગુલ સુધી અચિત્ત તે પછીની નીચેની ભૂમિ સચિત્ત.

(૭) **ઈંટના નિભાડાની ભૂમિ**– એકસો એક અંગુલ સુધી અચિત્ત તે પછીની નીચેની ભૂમિ સચિત્ત.

❑ **પૃથ્વીકાયાદિજીવોને તત્ત્વદૃષ્ટિ પૂર્વક જોવાથી રાગ–દ્વેષ ન થાય.**

સમ્યગ્દૃષ્ટિ જીવને પૃથ્વીકાયના મડદાઓ ઉપર ઉપાદેય બુદ્ધિ ન થાય કારણ કે તેમને ભેદજ્ઞાન થયેલું હોય કે પૃથ્વીકાય જીવો જીવ રૂપે છે. પૃથ્વીકાયમાંથી જીવ નીકળી ગયા પછી તેના મડદા જ હોય. તેથી તેના પર રાગ ન કરાય.

❑ **ચેલાની તત્ત્વવાણી – "મીઠી પે મીઠી ક્યોં ડાલી ?"**

એક ગુરુ ચેલા જંગલમાંથી પસાર થતાં હતાં, જંગલના મધ્ય ભાગમાં ચેલાને માત્રુની શંકા થઈ તેથી ચેલો પાછળ રહી ગયો. ગુરુ આગળ હતાં. તેવામાં સરોવરમાં સ્નાન માટે ગયેલી રાજાની રાણીએ પોતાનો કિંમતિ હાર

કિનારા પર રાખ્યો અને પોતે સરોવરમાં અંદર સ્નાન માટે પ્રવેશી. લાલ રત્નોથી ઝગમગતા હારને સમડી પોતાનું ભક્ષ્ય માનીને ચાંચમાં ઉપાડી જંગલમાં ઊડી અને એક વૃક્ષ પર બેઠી. ગુરુ ત્યાંથી પસાર થયા અને અચાનક રત્નનો હાર નીચે પડ્યો. ગુરુ ઝગમગતો કિંમતિ હાર જોઈ ચમક્યા અને મનમાં વિચાર આવ્યો કે જો આ હાર ઉપર ચેલાની નજર પડશે તો તેની બુદ્ધિ બગડશે તેથી તરત ખાડો ખોદી હાર પર ધૂળ નાંખી દ્યટી દીધો. દૂર રહેલા ચેલાએ ગુરુ કંઈક કરી રહ્યાં છે તે જાણી પાસે આવીને ગુરુને પૂછ્યું તમે શું કરતાં હતા ? ખૂબ આગ્રહ કર્યો. ત્યારે ગુરુ કહે, "આ ભર જંગલ છે અહીં વધારે રહેવું યોગ્ય નથી." પણ ચેલાને કુતૂહલ થયું તેથી જાતે ધૂળ દૂર કરી, જોયું તો ચમકતો હાર– અને ચેલાને બધો ખ્યાલ આવી ગયો–તે ગુરુને કહે છે, **મીઠી પે મીઠી ક્યોં ડાલી?** માટી પર માટી શા માટે નાંખી ? ગુરુને હાર કિંમતિ લાગ્યો છતાં ગ્રહણ કરવાની બુદ્ધિ ન જાગી. ચેલાની બુદ્ધિ ન બગડે માટે તેના પર ધૂળ નાખી. જ્યારે ચેલાને રત્ન જોઈ તે કિંમતિ ન લાગ્યું, ધૂળરૂપ લાગ્યું. તેમ સમ્યગ્દષ્ટિ જીવોને રત્નાદિ પૃથ્વીકાય મડદારૂપે જ લાગે. તેથી તેમાં ઉપાદેય બુદ્ધિ ન જાગે પણ સંસારમાં છે તેથી જરૂરિયાત પૂરતો જ વ્યવહાર કરે પણ તેના પર આસક્તિ કરી સંસાર ન વધારે.

જે દેવો પોતાના ઘરેણા–રત્નોમાં આસક્ત થઈ જાય તો તેઓ ત્યાં જ રત્ન રૂપે ઉત્પન્ન થાય. જ્યાં સુધી જીવમાં જીવ તરીકેનું જ્ઞાન ન થાય અને જડમાં જડપણાનું જ્ઞાન ન થાય ત્યાં સુધી જીવ પર પ્રેમ લાવવાને બદલે જીવની વિરાધના (આસાતના) અને જડનો રાગ થયા કરવાનો. આમ જીવ સ્વ પરની આસાતના વડે ૧૪ રાજલોકમાં પરિભ્રમણ કર્યા કરશે. આથી પૂ. શાંતિસૂરિ મહારાજ જીવવિચાર પ્રકરણના આરંભમાં વીર પરમાત્માને ભાવ વંદના કરે છે તે વખતે તેમનો પ્રધાન ઉપયોગ પરમાત્માના સર્વજ્ઞાદિ ગુણો પર, સ્વમાં સર્વજ્ઞ બનવાની રુચિ સહિતનો છે. તેમને જિનાગમવડે પોતાનો આત્મા સત્તાએ સર્વજ્ઞ છે તેવી પ્રતીતિ થઈ છે તેથી સર્વજ્ઞ બનવાનો ઉપાય પણ ભાવ

નમસ્કારથી પ્રગટ થશે. તેથી પોતાની સાથે સર્વ જીવોને તેઓ સત્તાએ સર્વજ્ઞ માને છે.

**लोगागासपएसेइक्किक्कं निक्खिवे पुढविजीवं**
**एवं मविज्जमाणा हवंति लोआ असंखिज्जा ॥ ८८ ॥**

**(આચારાંગ નિર્યુક્તિ.)**

સ્થાવર જીવોમાં માત્ર પૃથ્વીકાય જીવોને જો એક એક આકાશ પ્રદેશ પર એક એક જીવને રાખવામાં આવે તો અસંખ્ય ૧૪ રાજલોક ભરાય એટલી સંખ્યા માત્ર એક પૃથ્વીકાયની છે. આ વાતની શ્રદ્ધા થાય તો સાધુ–સાધ્વીને પોતાના જીવનમાં હતાશા, નિરાશા, ખેદાદિ ન વર્તે. તેઓને ૧૪ રાજલોકના સમગ્ર જીવોને અભયદાન આપવા રૂપ મહાધર્મ–મહાવ્રતોનું પાલન કરવાનો લાભ પ્રાપ્ત થયો છે. અભયદાનના મહાદાતા બનીને પરમાત્મ સ્વરૂપનું અંશમય જીવન તેઓ જીવી રહ્યાં છે. જેથી જગત તેમને પણ વંદન કરે છે અને તેથી સાધુ જેટલું બીજું કોઈ મહા આદર્શ ઊંચું સ્થાન આ સંસારમાંનથી. સાધુ જીવનની અનુમોદના એટલે સાધુએ કરેલાં ૧૪ રાજલોકના જીવોના અભય ધર્મની અનુમોદના. જેથી પોતાને પણ તે જ ભાવ આવે અને દુષ્કર એવું સ્થાવરકાય જીવોને અભય આપવાનું સામર્થ્ય પ્રગટે. આથી જીવવિચારમાં સ્થાવરકાય જીવોને અવશ્ય જાણવા યોગ્ય છે એવું પૂ. શાંતિસૂરિ મહારાજ ફરમાવી રહ્યા છે.

### ❑ પૃથ્વીકાય જીવોની વિરાધના કયા કારણથી થાય ?

**चंकमणे य ट्ठाणे निसीयणे तुयट्टणे य कयकरणे ।**
**उच्चारे पासवणे उवगरणाणं च निक्खिवणे ॥९२॥**

**आलेवण पहरण भूसणे य कयविक्कए किसीए य ।**
**भंडाणंपि य करणे उवभोगविही मणुस्साणं ॥९३॥**

**(આચારાંગ નિર્યુક્તિ–૯૨/૯૩)**

પૃથ્વીકાય જીવોની વિરાધના સચિત્ત પૃથ્વી પર ચાલવાથી, ઊભા રહેવાથી, બેસવાથી, આડે પડખે પડવાથી, વિષ્ટા–માત્રુ વિસર્જન કરવાથી, ઉપકરણ રાખવાથી, શસ્ત્રના પ્રહાર કરવાથી, પૃથ્વીને લેપ કરવાથી, શોભા કરવાથી, ખેતી આદિ ખેડવાથી તથા આયુષ્ય કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલાં ૧૦ પ્રાણોરૂપી જીવનની રક્ષાર્થે તડકાથી બચવા મંડપ બાંધવા, ખોદવું, વૃક્ષારોપણાદિ કરવા (શાતા મેળવવાર્થે) તથા લોકો તરફથી માન–સન્માન, પૂજા–સત્કાર, મોટાઈ પ્રતિષ્ઠા મેળવવા મોટાઘર–બંગલા હવેલી–ચિત્રાલયો, સંગ્રાહલયો આદિ વિવિધ સ્થાનો બનાવવા–શોભાવવા તથા ધનાદિ મેળવવાર્થે અનેક પ્રકારનાં કર્માદાનના ધંધા (ખાણો ખોદાવવી, કુંભાર–લુહારના કાર્યોમાં તથા ઈંટો–ચૂનો–લાદી–બનાવવા, તળાવ ખોદવા વગેરેમાં મહારંભ થાય) કરવાથી થાય. તેને જ જન્મ–મરણના દુઃખોમાંથી મુક્ત થવા અજ્ઞાનતાને વશ જીવો જમીન ખોદી તેમાં દટાઈ જવું, પર્વતથી પડી જવું, શીલા નીચે સૂઈ જવું વિગેરેથી પૃથ્વીકાયની વિરાધના કરે છે. **ઘણા જીવો ભૂમિદાનને ધર્મ માનીને દાન કરે તે પણ અજ્ઞાન મૂલક છે.** ઔષધ રૂપે પણ પૃથ્વીકાયનો ઉપયોગ સર્પ ડંસાદિમાં મુખમાં રાખી ઝેર ચૂસાવા માટે જરૂર પડે અથવા ઝેર ઓકાવવા માટે માટીનો ઉપયોગ કરે ત્યારે તે માટે માટી જયણા પૂર્વક મેળ વવાની છે. બળેલી ભૂમિ, ગોમૂત્રવાળી ભૂમિ, રાફડાની માટી, હળમાં લાગેલી માટી, ઉપરના ભાગની માટી ગ્રહણ કરે કે ક્ષીર ઝરતાં વૃક્ષની નીચેની માટી પણ અચિત્ત કે મિશ્રિત તે ગ્રહણ કરે.

પૃથ્વીકાય જીવની વિરાધનાની સાથે તેની નિશ્રાએ રહેલા અપ્કાયના જીવો, વનસ્પતિકાયના જીવો (નિગોદ વિગેરે) તથા વાયુકાયના જીવો પૃથ્વીકાયને સ્પર્શે તથા બેઈન્દ્રિય, કુંથવા આદિ જે ત્રસ જીવો રહ્યાં હોય તે સર્વની પણ જાણે કે અજાણે, કારણે કે અકારણે, સંકલ્પ સહિત કે સંકલ્પ રહિત વિરાધનાની સંભાવના રહે.

❑ **પૃથ્વીકાયનો આરંભ અનર્થ માટે થાય :**

આચારાંગ શાસ્ત્રમાં મહાવીર સ્વામી ફરમાવે છે કે પૃથ્વીકાય જીવોના આરંભ સમારંભાદિ કરે કરાવે અને અનુમોદના કરે તે અનર્થ માટે થાય.

**तं से अहियाए, तं से अबोहीए, से तं संबुज्झमाणे आयाणीयं समुट्ठाय सोच्चा खलु भगवओ अणगाराणं वा अंतिए इहमेगेसिं णाम्रं भवई । एस खलु गंथे, एस खलु मोहे । एस खलु मारे एस खलु णरए...**

**(આચારાંગ સૂત્ર–૧૭)**

❑ **પૃથ્વીકાય જીવોને જે આરંભાદિવડે આસાતના કરે તેને શું અનર્થ થાય ?**

પૃથ્વીકાય જીવની આરંભાદિ કરનાર જીવોનું અહિત થાય અને તેને પરમહિતનું કારણ એવી બોધિની પ્રાપ્તિ થતી નથી. ભવિષ્યમાં પણ તેનું હિત દુર્લભ થાય. પૃથ્વીનું આરંભાદિ એ મોહની વૃદ્ધિ કરનાર હોવાથી આઠે પ્રકારના કર્મબંધનું કારણ બને અને તેમાં પણ નરક (સીમન્તાદિક)માં ઉત્પન્ન થઈ ઘોર અસાતાવેદનીયને ભોગવવા રૂપ કર્મ ફળ પ્રાપ્ત થાય.

❑ **પૃથ્વીકાય જીવોની વિરાધના કરવાથી તેમને કેવા પ્રકારની વેદના થાય ?**

કોઈ પુરુષ જે જન્માંધ મૂક, બહેરો કે પાંગળો હોય અને તેને ભાલાદિથી ભેદન કરવામાં આવે અર્થાત્ એક એક અવયવ છેદવામાં આવે જેમ કે ઢીંચણ જંઘા–ઉર–કમર–નાભિ–પેટ–પીઠ–હૃદય–છાતી, ખભા–હાથ–અંગુલી–હડપચી–હોઠ–તાળવાદિ સર્વે અવયવોનું છેદન કરવાથી જે વેદના તેને થાય તેનાથી ઉત્તરોત્તર વધતી વેદના, પૃથ્વીકાય જીવોની વિરાધના કરવાથી થાય અને તેના વિપાક રૂપે નરકાદિ ઘોર વેદના પ્રાપ્ત થાય.

**एत्थं सत्थं असमारंभमाणस्स इच्चए आरंभा परिण्णया भवंति। तं परिण्णाय मेहावी नेव सयं पुढविसत्थं- समारंभेज्जा, णेवण्णेहिं पुढविसत्थं समारंभावेज्जा, णेवण्णे पुढविसत्थं समारंभंते। समणुजाणेज्जा जस्सएए पुढविकम्मसमारंभा परिण्णाया भवंति से हु मुणी परिण्णायकम्मे त्तिबेमि ॥**

**(आचारांग, सूत्र १८)**

આચારાંગ સૂત્રમાં મહાવીર સ્વામી આ પ્રમાણે કહે છે કે જેઓ પૃથ્વીકાયના આરંભ–સમારંભોને જાણે છે એવા મેધાવી જ્ઞાની સ્વયં પૃથ્વીકાયનું આરંભ ન કરે, બીજા પાસે ન કરાવે અને કરનારની જે અનુમોદના ન કરે તો તે સાચો પૃથ્વીકાયને જાણનારો શ્રદ્ધા કરનારો છે અને તે જ તેના આરંભથી વિરામ પામેલો સાચો મુનિ છે.

આ પ્રમાણે પ્રથમ જીવવિચારમાં પૃથ્વીકાય જીવોનું વર્ણન કર્યું. સૌ પ્રથમ જિનાજ્ઞા તો મુનિ બનવાની છે. તે જ સાચો મુનિ છે જે પૃથ્વીકાયાદિ જીવોને સર્વજ્ઞની દૃષ્ટિથી જાણીને આરંભાદિ કાર્ય કરતાં નથી અર્થાત્ તેની હિંસાનો સર્વથા ત્યાગ કરે છે. જે સર્વથા ત્યાગ ન કરી શકે તેણે શક્ય એટલી હિંસાથી બચવાનું લક્ષ રાખવું જોઈએ.

**जन्मजरामरणमाद्यैः पीडितमालोक्यविश्वं अनगारा**
**निःसंगत्वं कृत्वा ध्यानार्थे भावना जग्मुः।**

**(आचारांग)**

જન્મ–જરા–મરણાદિ પીડાથી પીડિત એવા લોકને જોઈને આ આત્માઓની પીડામાં નિમિત્ત ન બનાય અને પોતાનો આત્મા પણ આ પીડાથી મુક્ત બને તે માટે અણગાર ધર્મનો અર્થાત્ સર્વ સંગનો ત્યાગ કરી નિઃસંગરૂપ–અવ્યાબાધ સુખના ધામરૂપ સિદ્ધિની સાધના માટે સાધુપણાનો ઉપદેશ જ્ઞાની ભગવંતોએ આપ્યો અને તે ઉપદેશ ખરેખર તે જ પાળી શકે જે પૃથ્વીકાયાદિ સર્વ જીવોને જાણી સ્વ પર કરુણા લાવી તેની હિંસાનો ત્યાગ કરે.

❑ **પૃથ્વીકાયને પોતાના આત્માની જેમ માની પૃથ્વીકાયની રક્ષા માટે પોતાની કાયાનો ત્યાગ કરનારા પૂ. વજ્રઆર્યસૂરિ.**

જંગલમાંથી પસાર થતા પૂ. વ્રજઆર્યસૂરિએ સામેથી સિંહ આવતો જોઈ અસંખ્ય સચિત્ત પૃથ્વીકાયની દોડવાથી વિરાધના થશે. જાણી ત્યાંજ અનસન સ્વીકારી સિંહના મુખમાં કોળીયા બની કેવલી થયા.

## (૨) અપ્કાય જીવો :

પાણીરૂપે દેહ જેને પ્રાપ્ત થયો છે તે અથવા સ્થાવર નામકર્મના ઉદયે અપ્કાય યોનિ પ્રાપ્ત થઈ છે એવા અપ્કાયના જીવોની પૃથ્વીકાયથી અધિક સંખ્યા છે અને આપણને તેમની સાથે વધારે રહેવું ગમે છે. અનંત ભૂતકાળમાં આપણે ત્યાં પણ દીર્ઘકાળ રહીને આવ્યાં છીએ, અને જો ફરી પાછા ત્યાં ન જવું હોય તો અપ્કાયના સ્વરૂપને જાણવું અને તેની વિરાધનાથી અટકવું અતિ જરૂરી છે.

**ગાથા : ૫**

**ભોમંત રિક્ખ–મુદગં, ઓસા હિમ કરગ હરિતણુ મહિઆ ।**
**હુંતિ ઘણોદહિમાઈ, ભેયાણેગા ય આઉસ્સ ॥ ૫ ॥**

ભૂમિનું અને ગગનનું જળ, હીમ ઝાકળ ને કરા;
લીલી વનસ્પતિ ઉપર, જામેલ જળબિંદુ ખરા;
ધુમસ, ઘનોદધિ આદિ જળના, ભેદ ભાખે જિનવરા. ૫

ભૂમિનું પાણી, આકાશનું પાણી, ઝાકળ, બરફ, કરા, લીલી વનસ્પતિ ઉપર ફૂટી નીકળતું પાણી, ધુમ્મસ, ઘનોદધિ વગેરે અપ્કાયના ભેદો છે.

❑ **અપ્કાય જીવોના મુખ્ય બે ભેદ :**

(૧) **ભૂમિનું પાણી :** કૂવા, નદી, તળાવ, સમુદ્ર, દ્રહો, ખાબોચિયા વગેરેનું પાણી.

(૨) **આકાશનું પાણી :** બે ભેદ. (૧) સચિત્તવર્ષા (૨) અચિત્તવર્ષા.

અચિત્ત વર્ષાને કેવલી આદિ વિશિષ્ટ જ્ઞાનીઓ જાણી શકે પણ પ્રાયઃ તેનો વ્યવહાર કરે નહીં. વિહાર કરતા મહાવીર પરમાત્માએ તૃષિત સાધુઓને અચિત્ત સરોવર હોવા છતાં અનુજ્ઞા આપી નહીં. (ખોટી અનવસ્થા થાય માટે)

(૩) **ઝાકળ :** ઠંડીમાં વાતાવરણની સ્નિગ્ધતાથી રાત્રે જે ઠારરૂપે થાય તે.

(૪) **હિમ :** બરફ ઠંડી ઋતુમાં અતિશય ઠંડીના કારણે તથા પાણીમાં રહેલી સ્નિગ્ધતા જે કઠિનતાને (ઘનપણાને) પામે તે.

(૫) **કરા :** બરફના ટુકડા જે વરસાદ રૂપે પડે તે.

ઠંડીના વાતાવરણમાં પાણી હિમ–બરફ રૂપે જામી જાય. ઠંડીમાં સ્નિગ્ધતાનું પ્રમાણ વધી જાય ત્યારે સરોવરો બરફરૂપે બની જાય અને ગરમી પડતાં ઓગળી જાય. પાણીમાં સ્નિગ્ધતા છે. જેમ ચામડીમાં સ્નિગ્ધતા ને રૂપ બે સાથે જ્યારે ભળે ત્યારે ચામડી મોહનું કારણ બને. તેમ પાણીમાં સ્નિગ્ધતા, શીતળતા અને કોમળતા હોવાને કારણે પાણીમાં રહેવાનું વધારે ગમે.

(૬) **હરિતનું (વનસ્પતીમાંથી નીકળતું પાણી) :** ઉનાળામાં સવારના પહોરમાં ઘાસ પર મોતીના દાણા જેવાં બિંદુ જોવા મળે. તે જમીનને ભેદીને નીચેથી ઉપર આવે છે. ડાંગરનો પાક કાઢી લીધા પછી ખેડૂતો જમીનમાં વાલાદિ વાવે તો પાણી આપ્યા વગર જ તે ઊગી જાય છે. આમ જમીનમાં રહેલું પાણી ચૂસી લે અને એ રીતે વધે. **અજ્ઞાની જીવો સવારે ઘાસ પર વોકિંગ કરવા જાય છે તેનાથી તેઓને કર્મબંધ થાય છે.**

વનસ્પતિ કાયના જીવોનો વિકાસ પાણી અને ખાતરથી થાય. જ્યાં ઘાસ હોય ત્યાં નીચે માટી હોય જ અને તે માટીની સાથે જ્યારે પાણી ભળે એટલે તેમાં નિગોદ તથા બીજા પણ સંમૂર્ચ્છિમ જીવોની ઉત્પત્તિ સંભવે.

(૭) **ધુમ્મસ :** સમુદ્રો, નદીઓમાંથી નીકળતી પાણીની વરાળ, ઠંડી હવાને મળે ત્યારે તે વરાળ પાણીના સૂક્ષ્મ ટીપામાં બદલાય છે તે ટીપાઓનો સમુહ એ જ ધુમ્મસ. પ્રાયઃ શિયાળામાં વિશેષ થાય તે અપ્કાયના અતિ સૂક્ષ્મ બાદર

જીવોના જથ્થાઓ સ્વરૂપે છે અને તે સર્વત્ર પ્રસરી જાય છે. **ધુમ્મસ પડતી હોય ત્યારે હાલવા–ચાલવાની કે બીજી કોઈપણ પ્રવૃત્તિ ન થાય. (સ્વાધ્યાય– પ્રતિક્રમણાદિ પણ ન થાય)** હલન–ચલનાદિ કરવાથી આ જીવોની ખૂબ વિરાધના થાય તેથી મૌનપૂર્વક એક સ્થાનમાં અંગોને સંકોચીને બેસવું જોઈએ. શત્રુંજય ગિરિરાજ પર ઘણી વખત સવારના ધુમ્મસ જોવા મળે છે. આવે વખતે ધુમ્મસ પડતી હોય ત્યારે ઉપર ચડાય–ઉતરાય નહીં પણ કોઈ એક સ્થાનનો આશરો લઈ ઊભા રહેવું જોઈએ. આમ યાત્રા કરતા પરમાત્મા દાદાની પૂજા કરતાં પણ જીવ રક્ષાનો ઉપયોગ અને જીવ રક્ષાની પ્રધાન આજ્ઞા સામે રાખવાથી મોટી વિરાધનાથી બચાય.

**(૮) ઘનોદધિ :** ઘી જેવું થીજેલું પાણી પૃથ્વી નીચે રહેલું છે તેના પર પૃથ્વી રહેલી છે. તે ઘનોદધિ ઘનવાત અને તનવાતના આધારે રહેલું છે અર્થાત્ ઘનવાત તનવાતની ઉપર ઘનોદધિ છે. ઘનવાત તનવાત નીચે અસંખ્ય યોજન માત્ર આકાશ છે, પછી બીજી પૃથ્વી શરૂ થાય. આમ સાત પૃથ્વી ઘનોદધિ–ઘનવાત–તનવાતના આધારે રહેલી છે. અર્થાત્ સાત પૃથ્વીઓ વાયુકાય જીવોના શરીરના આધારે રહેલી છે તેમજ ઉપર દેવવિમાનો પણ તનવાતને આધારે રહેલા છે.

### ❑ પાણીમાં આસક્ત દેવો ક્યાં ઉત્પન્ન થાય ?

પાણીની વાવડીમાં આસક્ત દેવો તંદુલિયા મત્સ્ય તરીકે ઉત્પન્ન થાય. આઠમાં દેવલોક સુધીના દેવો મેરુની વાવડીમાં સ્નાન કરવા જાય અને ત્યાંની વાવડીમાં રહેલા પાણીમાં આસક્ત બની ને ત્યાં તંદુલિયા મત્સ્ય તરીકે સ્વયંભૂ રમણ સમુદ્રમાં ઉત્પન્ન થઈ ખાવાની તીવ્ર આસક્તિથી સાતમી નરકમાં જાય, જ્યાં આખા જગતની અધિકમાં અધિક શીતળતા (ઠંડી) છે ત્યાં ઉત્પન્ન થાય. દેવો આઠમાં ઊંચા દેવલોકમાં હોવા છતાં હલકા સ્થાનમાં (તિર્યંચ ગતિમાં) ઉત્પન્ન થાય અને ત્યાંથી નરકમાં સૌથી નીચા સ્થાનમાં ઉત્પન્ન થાય છે.


ઉનાળામાં બાથ, સરોવર, નદીમાં સ્નાન કરવાનું મન થાય અને તેમાં

મજા આવી જાય અને ત્યાં રહેવાનો વારંવાર ભાવ થાય તો તે અનુમોદનાદિ વડે ભાવિમાં પાણીના જીવ તરીકે કે તિર્યંચ પર્યાયમાં માછલાદિ જળચર પ્રાણી પણે ઉત્પન્ન થવાય તેવા કર્મનો બંધ પણ સંભવે. પાણીમાં રહેલી સ્નિગ્ધતા, શીતળતા, અને કોમળતા એ પુદ્‌ગલના ગુણ છે, આત્માના નથી. આત્માએ તેનું જ્ઞાન કરી તેમાં ઉદાસીનતા કેળવવાની છે.

### ❑ અપ્‌કાય જીવોનું સંખ્યા પ્રમાણ :

વિજ્ઞાન પાણીના એક બિન્દુમાં ૩૬૪૫૦ હાલતાં–ચાલતાં ત્રસ જીવો માને છે પણ પાણીને અસંખ્ય જીવોના સમૂહરૂપ માનતા નથી. જ્યારે શાસ્ત્રમાં કહ્યું છે કે સાત નારકીના (અસંખ્ય) જીવો કરતાં અસંખ્યાત ગુણ અધિક અપ્‌કાયના જીવો રહેલાં છે અથવા ચારે નિકાય (પ્રકારે) દેવોની સંખ્યા કરતા અસંખ્યાત ગુણ અધિક અપ્‌કાય જીવો રહેલાં છે અથવા ઉત્તરમીમાંસા માન્યતા મુજબ કરોળિયાના મુખમાંથી નીકળેલા તંતુ જેવા બારિક વસ્ત્રથી ગાળેલ પાણીના એક બિન્દુમાં જે સૂક્ષ્મ જીવો છે તે જો ભ્રમર જેવડા થાય તો ત્રણ જગતમાં ન સમાય. જિનમત મુજબ એક બિંદુમાં રહેલા પાણીના જીવોને સરસવના દાણા જેટલા શરીર પ્રમાણ કરવામાં આવે તો જમ્બૂદ્વીપમાં ન સમાય.

**પાણીના એક બિંદુમાં રહેલા ત્રસ જીવો (વિજ્ઞાન)**



★ **બાદર પૃથ્વીકાય પર્યાપ્તથી :** અપ્કાય બાદર પર્યાપ્ત અસંખ્ય ગુણા.

★ **બાદર પૃથ્વીકાય પર્યાપ્તથી :** અપ્કાય બાદર અપર્યાપ્ત અસંખ્ય ગુણા.

★ **સૂક્ષ્મ પૃથ્વીકાય પર્યાપ્તથી :** અપ્કાય સૂક્ષ્મ અપર્યાપ્ત વિશેષ અધિક.

★ **સૂક્ષ્મ પૃથ્વીકાય પર્યાપ્તથી :** અપ્કાય સૂક્ષ્મ પર્યાપ્ત વિશેષ ગુણા.

❑ **અપ્કાય જીવોનું સ્થાન :**

સૌથી વધારે બાદર અપ્કાયના જીવો સ્વયંભૂરમણ સમુદ્રમાં છે. તિચ્છર્લોકમાં અસંખ્ય દ્વીપ સમુદ્ર છે તેમાં અડધા રાજમાં અસંખ્ય દ્વીપ અને અર્ધ રાજમાં માત્ર એક સ્વયંભૂરમણ સમુદ્ર છે. દેવોની વાવડીઓમાં અને નીચે ૧ થી ૭ મી પૃથ્વીમાં ઘનોદધિ રૂપે અપ્કાયના જીવો રહેલા છે. પૃથ્વીકાય કરતાં અપ્કાયના જીવોની સંખ્યા વધારે છે અને અપ્કાયના જીવોના શરીર અત્યંત કોમળ હોય છે. આથી સહજ રીતે પૃથ્વીકાય જીવોની વિરાધના કરતાં અપ્કાયની વિરાધનામાં પાપ અધિક લાગે.

❑ **અપ્કાયના શસ્ત્રો :**

**(૧) દ્રવ્ય શસ્ત્ર :** કૂવામાંથી કોસવડે પાણી કાઢવું, અથવા બાલદીમાંથી પાણી કાઢવું. વસ્ત્ર, વાસણ, ઉપકરણ અને ચામડાના કોસાદિ, લોખંડની કડાઈ વિગેરે ધોવા વડે તે બાદર અપ્કાય જીવોને શસ્ત્રરૂપે બને.

**(૨) સ્વકાય શસ્ત્ર :** કૂવા અને નદીનું પાણી ભેગું કરવામાં આવે તો અથવા સરોવર સમુદ્ર આદિ વિવિધ સ્થાનનું પાણી પરસ્પર ભેગું થાય ત્યારે તેમાં રહેલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શાદિ દરેક પાણીના જુદા–જુદા હોવાને કારણે શસ્ત્ર બને.

**(૩) પરકાય શસ્ત્ર :** માટી, તેલ, ક્ષાર, સાબુ, લોટ, રાખાદિ વનસ્પતિ, અગ્નિ, પૃથ્વીકાય, વાયુકાય, ધૂમાડો વગેરે પરકાય શસ્ત્ર બને.

**(૪) ઉભયકાય શસ્ત્ર :** કાદવ, કચરો, ધૂળ, ચૂનો, રાખ, ક્ષારાદિના

સંપર્કથી પાણી અચિત્ત થાય પણ તેમાં તેનું પ્રમાણ પાણીના પ્રમાણે હોવું જરૂરી છે. થોડું (અલ્પ) પ્રમાણ નાંખવાથી તે અચિત્ત ન થાય. સચિત્ત પાણીને અચિત્ત કરવામાં આવે કે તેનો ઉપયોગ કરવામાં આવે તો જીવ અદત્તનું પાપ લાગે, કારણ અપ્કાયના જીવો તેના પ્રાણ લેવાની આપણને રજા આપતા નથી.

## ❑ જુદા–જુદા સમુદ્રના પાણી જુદા–જુદા રસ–સ્વાદ વાળા હોય

★ લવણ સમુદ્રનું પાણી ખારું તથા કટુરસ યુક્ત હોય.

★ કાલોદધિ–પુષ્કરવર સમુદ્રનું પાણી વરસાદના પાણી જેવું શુદ્ધ હોય છે.

★ ક્ષીરવર સમુદ્રનું પાણી ખીર જેવા સ્વાદવાળું, વારુણીવર સમુદ્રનું પાણી દારૂના સ્વાદ જેવું હોય.

★ ઈક્ષુવર સમુદ્રનું પાણી શેરડીના રસ જેવું હોય છે. બીજા પણ શીત–ઉષ્ણ પાણી હોય તે બધા ભેગા થાય ત્યારે પરસ્પર શસ્ત્ર બને.

સાધુ ભગવંતને કોઈએ ભૂલથી સચિત્ત (કાચું) પાણી વહોરાવી દીધું હોય તો સાધુ ભગવંતોને આ ખબર પડતાં તેઓ જ્યાંથી પાણી વહોરાવીને લાવ્યા હોય તેને પાછું દેવા જાય. જો તે વ્યક્તિ ન લે તો તે વ્યક્તિને પૂછીને તે કૂવા–નદી જેનું પાણી હોય તેમાં ધીમે ધીમે પરઠવી દે.

## ❑ પાણીમાં જીવપણાની ત્રણ સિદ્ધિ :

**सचेतना आपः, कवचित् खातभूमि स्वाभाविक**
**सम्भवत्वाद दर्दुरवत् ।**
**जह हत्थिस्स सरीरं कललावत्थस्स अहुणोववन्नस्स ।**
**जह वोदगतडगस्स व एसुवमा आउजीवाणं ॥**

**(आचारांग नि. ११०)**

**(१)** જેમ હાથીનું શરીર પ્રથમ સાત દિવસ સુધી કલલ (પ્રવાહી) ચોખાના ઓસામણરૂપે હોય છે. (મનુષ્યનું પણ તે પ્રમાણે) તેમાંથી મહાકાય હાથીનું

શરીર બને છે. પક્ષી પણ ઈંડામાં પ્રવાહી રૂપે હોય છે, તે સચેતન પ્રવાહી રૂપ હોવાથી જ તેમાંથી શરીર નિર્માણ થાય તેવી જ રીતે પાણી પણ પ્રવાહી રૂપ સચેતન શરીરરૂપ છે તેથી તે છેદન–ભેદન– દહનને યોગ્ય છે, તેમજ પીવાને યોગ્ય છે.

(૨) ભૂમિ ખોદવાથી દેડકાની જેમ સ્વાભાવિક ઉત્પન્ન થાય છે. આકાશમાં પણ માછલાની જેમ સ્વાભાવિક સહજ રીતે ઉત્પન્ન થાય છે અને વર્ષારૂપે પડે છે.

(૩) પાણી સચેતન છે કેમકે ઠંડીમાં પણ પાણીમાં ઉષ્ણતા હોય છે. સરોવર કરતાં નદીમાં વધારે ઉષ્ણતા છે જેમ પાણી વધારે તેમ ઉષ્ણતા વધારે.

ભારતના જ વૈજ્ઞાનિક ડૉ. જીઓરાજ જૈને આ પાણીના વિષય પર સાત વર્ષની મહેનત પછી પાણી પોતે જીવ છે તે વૈજ્ઞાનિક રીતે પુરવાર કર્યું છે. ગરમ કરેલું પાણી સચિત્ત પાણી કરતા વધારે શીતળ થવાનું કારણ કે તેમાંથી તૈજસ શરીર ન હોવાથી તે વધારે શીતળ થઈ શકે.

પરમાત્માએ કેવલજ્ઞાનમાં સર્વ જીવોના સ્વરૂપને જોઈ આપણને કહ્યું છે તેથી આપણને હવે પાણી એ જીવ છે તે સમજાવું જોઈએ અને તેમાં સિદ્ધના જીવોના દર્શન થવા જોઈએ. જીવવિચાર ભણ્યા પછી ભણેલું જ્ઞાન ત્યારે જ સાર્થક કહેવાય કે જ્યારે બધા જીવોમાં સિદ્ધના દર્શન થાય, તેની આસાતના ન કરવાનો ભાવ થાય, આસાતના ન થાય તેવા પ્રયત્ન કરવાની વૃત્તિ થાય, ત્યારે આપણામાં સમ્યગ્દર્શનનાં અંશ રૂપે કરુણા પ્રગટ થઈ કહેવાય. આ કરુણા વાસ્તવિક પરમાત્મ તત્ત્વોનો જ પ્રકાશ છે. આ જ પ્રકાશ આત્માને પરમાત્માપદને પ્રગટ કરવાનું કારણ બને છે. અર્થાત્ પરમાત્મા જેવા જ ગુણો મારામાં છે તો પોતાને પરમાત્મા બનવાની રુચિ પ્રગટ થાય તો સમગ્ર જીવરાશિમાં સિદ્ધપણાના દર્શન થાય, તો સિદ્ધ બનવાનો માર્ગ ખૂલ્લો થાય. અર્થાત્ જીવને જીવદ્રવ્ય પ્રત્યે કરુણા પ્રગટે અને પ્રમાદ ટળે, માટે જીવોને બચાવવાનો પુરુષાર્થ શરૂ થાય.

**□ પૂ. અઈમુત્તામુનિને અપ્કાય જીવો પ્રત્યે કરુણા પ્રગટતાં કેવલી થયા.**

બાળ ચેષ્ટા વડે અપ્કાયની વિરાધના થવાથી પ્રભુએ તેમને સ્થવિરો પાસે જીવવિચારથી માંડીને અગિયાર અંગ સુધી ભણાવ્યા અને હિતશિક્ષા આપતી વખતે પ્રભુએ તેમને ભાન કરાવ્યું કે **હે, અઈમુત્તા ! શરીર તે તું નથી, તારું અસ્તિત્વ શરીરથી ભિન્ન છે અને તે અનંતકાળથી છે અને શરીર આ ભવનો નવો માત્ર સંબંધ છે.** બીજી વખત બાળકોની નાવકિડા જોઈ પ્રભુના વચનને યાદ કરી અઈમુત્તાએ વિચાર્યું કે આ શરીરના કારણે મારાથી ભૂલ થઈ અને મારા આત્માનું અસ્તિત્વ પ્રભુએ અનાદિકાળથી કહ્યું છે. આ સાધુપણામાં પણ મારાથી આવી ભૂલ થઈ તો પછી અનંતા ભવમાં પ્રમાદ વશ કેટલા જીવોની વિરાધના થઈ હશે ? વળી સિદ્ધાંતમાં કહ્યું છે કે **जत्थ जलं तत्थ वनं જ્યાં પાણી હોય ત્યાં વનસ્પતિ પણ હોય** તો આઠમાં અનંતે રહેલા જીવોની પણ વિરાધના થાય. એમ સમગ્ર જીવરાશિ સાથે પોતાના સંબંધની વિચારણા કરતાં પોતાને ભાવ આવ્યો કે હું એક શરીરની ખાતર કેટલા જીવોની આસાતના કરનારો થયો છું અને જ્યાં સુધી શરીર ધારણ કરી રાખીશ ત્યાં સુધી તે નિમિત્તે જીવોની વિરાધના ચાલુ રહેશે. હું સિદ્ધ સ્વરૂપી છું અને તે બધા જીવો પણ સિદ્ધ સ્વરૂપી છે તો તેમની આશાતનામાંથી હું હવે કેવી રીતે બચું ? આમ આસાતના ન કરવાનો ભાવ પ્રગટ થયો અને તેની સાથે શરીરમાંથી છૂટવાનો ભાવ પણ પ્રગટ થતાં અને શરીરના કારણે થતી વિરાધનાનો તીવ્ર પશ્ચાતાપ થતા કેવલી થયા. **આમ વિરાધનાનો તીવ્ર ભાવે પશ્ચાતાપ થાય તે જ તપ છે, તે ધ્યાન નિર્જરાનું કારણ બને અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરાવે.**

**જીવ વિચાર જાણીને જીવે કોઈને મહાપીડા પ્રાપ્ત થાય તે રૂપે કોઈને જન્મ આપવો ન જોઈએ અને પોતાને પાછો જન્મ મળે તેવું જીવન જીવવું ન જોઈએ..**

❑ **અપ્કાયની વિરાધનાનું મુખ્ય કારણ :**

અપ્કાયની વિરાધના મુખ્ય બે રીતે થાય.

(૧) શરીરની સાતા માટે (૨) બહાર શરીરની શોભા વધે તે માટે થાય.

**સ્નાન, હાથ–પગ મોઢું ધોવા માટે તથા વસ્ત્રાદિ ધોવા વિગેરેથી સાતા અને શોભા બંને વધે પણ આપણને અસાતાનો બંધ પડે.** પાણીના જીવોના શરીરમાં કોમળતા–શીતળતા હોય છે જ્યારે આપણું શરીર તેનાથી વિરુદ્ધ હોવાથી તેને વધારે પીડા થાય. આપણું શરીર કઠણ–કર્કશાદિ વિરુદ્ધ ગુણનું ધારક હોવાથી પીડાનું કારણ બને. સ્નાનાદિ કરતાં તેનામાં તીવ્ર રાગાદિ થવાના કારણે અસાતા તથા ભાવ હિંસાનું પાપ લાગે. તેમ પાણીને જેમ તેમ ઢોળવાથી જો પાણી બે ઘડીની અંદર સૂકાય નહીં તો માટી અને પાણી ભેગા થવાથી કાદવ થાય તેથી ત્યાં નિગોદની ઉત્પત્તિ થાય સાથે સંમૂર્ચ્છિમ ત્રસ જીવો પણ ઉત્પન્ન થાય અને તે રીતે આપણે બીજા જીવોને જન્મ આપવામાં નિમિત્ત બનીએ. (આપણી બેદરકારી– અજયણાના કારણે)

**વરસાદ પડે તો રાજીપો વ્યકત ન કરવો, તેમ લગાતાર ૫/૧૦ દિવસ વરસાદ પડે તો હવે જલ્દી બંધ થાય તેવું પણ ન વિચારવું બોલવું.** કારણ કે વરસાદથી જીવોત્પતિ અને વિરાધના થાય અને બંધ થયા પછી તડકા પડવાથી આનંદ વ્યકત કરવા વડે નિગોદના જીવો જે સુકાય મૃત્યુ પામે તેથી જે કંઈ વિરાધના થાય તે સર્વનું પાપ આપણને લાગે.

**ભગવાનની પૂજા કરવા માટે શ્રાવકોને સ્નાન કરવાનું છે પણ તે પરિમિત જલ વડે તથા જયણા વડે સ્નાન કરવાનું વિધાન છે. સ્મશાનમાં ગયા હોય તે સિવાય શ્રાવકોને સ્નાનનું વિધાન નથી અને સાધુ–સાધ્વીજીઓને તો સંપૂર્ણ નિષેધ છે.** જ્યારે ઈતર દર્શનોમાં આત્મ શુદ્ધિમાં સ્નાન પ્રધાન માનવામાં આવે છે. તેથી ગંગા નદીના જળમાં સ્નાન કરવાથી પાપ નાશ પામે તેવું મનાય છે. જ્યારે આપણે ત્યાં, **दयांभसाकृत**

સ્નાનઃ, દયા રૂપી પાણીથી આત્માને પવિત્ર કરવાનું વિધાન છે. આમ દયાની લાગણીથી પશ્ચાતાપની ધારા પર ચડી અઈમુત્તા આદિ કેટલાએ કેવલજ્ઞાનને પામ્યાં.

પરસ્પર વિરુદ્ધ દ્રવ્ય ભેગા થાય એટલે શસ્ત્ર બને. પોતે જીવદ્રવ્ય છે અને અજીવ દ્રવ્ય એવા શરીરની સાથે રહેલો છે તો તેનાથી પણ સતત છૂટવાનો ભાવ જોઈએ. જીવને અજીવ શરીરના સંયોગમાં સાતા–અસાતાની પીડા ભોગવવી પડે અને જીવ જ્યાં સુધી અજીવના સંગમાં છે ત્યાં સુધી અવ્યાબાધ સુખ ભોગવી ન શકે. મોક્ષમાર્ગમાં ત્યારે જ આવ્યા કહેવાય કે પરના સંગથી છૂટવાનો ભાવ–રુચિ હોય અને યથાશકિત આચરણ કરતો હોય.

પૂ. અર્ણિકાપુત્રાચાર્યને જ્યારે ખાતરી થઈ કે સાધ્વીજી કેવલી થયાં છે ત્યારે સૌ પ્રથમ પ્રશ્ન કર્યો કે મારો મોક્ષ ક્યારે થશે ? (બીજો કોઈ પ્રશ્ન ન ઊઠતાં મોક્ષ યાદ આવ્યો, મુક્તિ માટે કેવી તાલાવેલી ?) સાધ્વીજી ભગવંતે કહ્યું કે **ગંગા પાર ઊતરતાં** જેવું તેમણે સાંભળ્યું કે તરત ઉભા થઈને ચાલવા માંડ્યા.... તરત ગંગા પાર ઊતરવા માટે નાવમાં બેઠાં, નાવ હાલક–ડોલક થતાં લોકો કહે છે **આ મુંડિયો છે માટે.** તરત બધાએ તેમને પકડી નદીમાં ફેંક્યા. દેવોએ ત્રિશૂળમાં ઝીલ્યાં, લોહીના ટીપાં પાણીમાં પડતાં જોઈ પારાવાર વેદના ભોગવતાં વિચાર્યું કે મને આટલી વેદના તો અતિકોમળ કાયાવાળા આ અપ્કાયના જીવોને કેવી વેદના થતી હશે ? સત્તાએ સિદ્ધના જીવોની ઘોર આશાતના મારા નિમિત્તે ? અસંખ્ય જીવોનો સંહાર ? પશ્ચાતાપ કરતાં કરતાં શુકલ ધ્યાનમાં ચડી કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું.'

**આચારાંગ શાસ્ત્રમાં** જિનવચન છે, **શસ્ત્રથી ન ઉપહત (હણાયેલું)** અર્થાત્ સચિત્ત પાણીનો પીવા કે શરીરાદિની વિભૂષાર્થે ઉપયોગ ન કરવો જોઈએ.

□ **શ્રાદ્ધવિધિમાં શ્રાવક માટે સચિત્ત આહાર વર્જવો** સચિત્ત આહારાદિના ત્યાગનું વિધાન છે.

**लोगं च आणाए अभिसमेच्चा अकुओभयं ॥२२॥**

**(આચારાંગ)**

જિનની આજ્ઞા છે કે અપ્કાય લોકનો ત્યાગ કરવો. અપ્કાયમાં જીવપણાનો નિશ્ચય કરીને સંયમનો સ્વીકાર કરે, અર્થાત્ પોતાના તરફથી કોઈને ભય પીડા ન આપે. અપ્કાય જીવો પણ સતત ભય સંતાપથી પીડિત હોય છે તેથી તેનો આરંભ ન કરવા વડે તે જીવોની રક્ષા થાય અને પોતે પણ અભય ભાવને પામે.

❑ **અપ્કાય જીવોની યતના :**

અપ્કાય જીવોની રક્ષાર્થે સમુદ્ર, નદી, સરોવર, કૂવા, કુંડ, હોજ, બાથ અથવા ખુલ્લા નળ નીચે બેસીને કે ફૂવારા આદિથી સ્નાન ન કરવું. પરંતુ પૂજાદિ માટે સ્નાન કરવું પડે તો પરિમિત પાણી વડે જ નિર્જીવ ભૂમિ પર સ્નાન કરવું જોઈએ. જીવે અનાદિ વિભાવ દશામાં સાતાની જ શોધ કરી છે તેથી વધારે સાતા અને શરીર શોભા જ્યાં થાય ત્યાં જવા માટે તે ઉત્સુક થાંય છે. તેથી સ્નાનાદિ સ્થાનોમાં જવાનું જલ્દી મન લલચાય છે. પણ સમતા આત્માનો સ્વભાવ છે, તે માટે મન લલચાતું નથી. સાતાની શોધમાં ને સાતાના ભોગવટામાં સમતાનું ખંડન થાય છે.

❑ **જગતના મોટા ભાગના જીવોને શરીર સૌંદર્ય ગમે છે પણ આત્મ સૌંદર્ય ગમતું નથી.**

ગરમીમાં બાથમાં ન્હાવાથી શરીરનાં બધા અવયવોને પાણીની શીતળ કોમળ કાયાના સ્પર્શથી સાતા મળે, મેલ દૂર થવાથી શોભા સ્વચ્છતા થાય તેથી આનંદની વૃદ્ધિ થાય. તેમાં પણ ઉનાળાના ભયંકર તાપમાં માટલાનું કે બરફનું શીતળ જળ મળે તો અંદર બહાર ઠંડક થાય સુખાભાસ અનુભવાય. કાયા પર રાગ વધે અને પાણીના જીવોને પીડા વધે, તેમની સાથે વધારે રહેવાનું મન થાય અર્થાત્ તેમને પીડા આપવાનું અને આપણને શાતા મેળવવાના ભાવ

વડે દ્રવ્ય હિંસા અને ભાવ હિંસા બન્ને લાગે. આમ ગરમીનો રોગ દૂર કરી અને અંદર શરીરમાં સાતાના રાગનો રોગ ઘૂસાડી દેવાય. શરીર શોભા વધારી આત્માનું સૌંદર્ય ભૂલી જીવે ભયંકર ભૂલ કરી. દેરાસરમાં પણ નિસીહિ બોલીને પ્રવેશ કરીને કાયાની બાહ્ય શોભા જોવાનું છોડી માત્ર પ્રભુની અંદર રહેલું અનુપમ ગુણ સૌંદર્ય નિહાળવાનું છે અને તે દ્વારા સ્વાત્માનું પણ અખૂટ–અમાપ જેની ગણના કરાય નહીં એવું સૌંદર્ય જોવાનું છે. ચામડાની આંખને બદલે પ્રવચન અંજનથી જગતને જોઈએ તો જગત નિરાળું દેખાઈ આવે. દુઃખી જીવો પર કરુણા ઊભરાય અને સંસારનું વિસર્જન થાય અને આત્મા પરમાત્મા બનવા તરફ પ્રગતિ કરે.

**ઘણા જીવોને પરમાત્માની વાત ગમે છે પણ પરમાત્મા બનવું ગમતું નથી. પરમાત્મા બનવાનો સરળ માર્ગ એ છે કે પરમાત્માએ કહ્યું છે તે માનવું–સ્વીકારવું અને યથાશક્તિ તેનો અમલ કરવો.** જ્યાં સ્વીકાર છે ત્યાં સાહસ છે, જ્યાં સ્વીકાર નથી ત્યાં સાહસ નથી, તેથી સિદ્ધિ પણ પ્રાપ્ત થતી નથી. પર સાથે જોડાયેલા પામર જીવને પરમાત્મા બનવાનો આ જ સરળ માર્ગ છે પણ તેમાં બધા સંબંધો છૂટી જાય તે જીવને ગમતું નથી. આ જ જીવની ભ્રમણા ખોટી છે. પરમાત્મ ભાવ પ્રગટ થતાં જગતના સર્વ જીવો સાથે પરમાત્મા સ્વરૂપે સંબંધ બંધાય છે. અર્થાત્ બધા જ જીવો સત્તાએ સિદ્ધ છે, તેમને સિદ્ધ સ્વરૂપે સ્વીકારવાનું અને તે પ્રમાણે વર્તવાનું થાય છે.

### ❑ પાણી ગાળવાથી શું લાભ થાય ?

પાણી ગાળવામાં કપડું કોમળ અને જાડું રાખવું જોઈએ જેથી ત્રસ જીવોની રક્ષા થાય. (૩૬ અંગુલ પહોળું અને ૨૦ અંગુલ લાંબુ ગરણું હોવું જોઈએ.)

**त्रैलोक्यमखिलं दत्वा यत् पुण्यं वेदशास्त्रे,**
**कोटिगुणं पुण्णं वस्त्रपूतेन वारिणा**

**(पुराण शास्त्र)**

પુરાણ શાસ્ત્રમાં કહ્યું છે કે ત્રણ લોકના દાનથી જે પુણ્ય થાય તેનાથી કોટી ગણું પુણ્ય, પાણીને ગાળવાથી પ્રાપ્ત થાય અને ન ગાળવાથી ૭ ગામ બાળવાથી જેટલું પાપ લાગે તેટલું પાપ લાગે. આથી જીવોની વિશેષથી કાળજીપૂર્વક યતના કરવી જોઈએ.

## ❑ જીવોને સચિત્ત પાણી શા માટે વાપરવાનું ગમે છે ?

જીવોની અજ્ઞાનતાના કારણે સચિત્ત પાણીમાં શીતળતા વધુ લાગે છે. જ્યારે શાસ્ત્રકારો કહે છે અચિત્ત પાણી વિશેષ શીતળ બની શકે કારણ કે સચિત્ત પાણીને અચિત્ત કરવાથી તેમાં રહેલું તેજસ શરીર નાશ પામે તેથી સચિત્ત કરતાં પણ અચિત્ત પાણી વધારે શીતળ બને છે. અચિત્ત એવું પણ શીતળ પાણી વાસ્તવિક અપ્કાયના મડદા રૂપે છે. માત્ર આત્માની સમાધિ ટકે અને આત્માના પરિણામમાં નિર્ધ્વંસપણું ન થાય માટે જ અચિત્ત પાણી વાપરવાનું છે. સચિત્તનું અંચિત્ત કરવા રૂપે વિરાધનાનું પાપ લાગે જ તો પણ અચિત્ત જ પાણી વાપરવું જોઈએ કારણ કે એવી જિનાજ્ઞા છે. પાણીનો જેટલો કાળ હોય તેટલા કાળ સુધી પાણી અચિત્ત રહે તેથી તેમાં અસંખ્યાત સતત નવા જીવોની ઉત્પતિ ન થાય તે લાભ પણ મળે.

## ❑ કાંબળી શા માટે ઓઢવાની ?

અરુણવર સમુદ્રના ઉપરના તળથી ઊંચું ઉછળતું બાદર અપ્કાય સ્વરૂપ પાણી મહાકૃષ્ણ (ઘોર અંધકારમય) હોવાથી તમસ્કાય સ્વરૂપે ઓળખાય છે. આ તમસ્કાયનું પાણી ઊછળીને ૧૭૨૧ યોજન ઉપર જઈ પછી ત્રાંસુ વિસ્તાર પામી એક થી ચાર દેવલોકને આવરી પાંચમાં દેવલોકની કૃષ્ણરાજી ઉપરથી ચારે દિશામાં નીચે આવે છે. જે વ્યવસ્થિત સૂર્યપ્રકાશની હાજરીમાં સચિત્ત સ્વરૂપે તથા સૂર્યપ્રકાશની ગેરહાજરીમાં સચિત્તાચિત્ત સ્વરૂપે હોય છે, આથી જ્યારે કાંબળીનો કાળ હોય ત્યારે આ અચિત્ત અપ્કાયના જીવોની વિરાધનાથી બચવા ગરમ કાંબળી પર તે પડતા તેમને પીડા ઓછી થાય માટે કાંબળીનો ઉપયોગ કરે.

## (૩) અગ્નિકાય જીવો :

પૂ. શાંતિસૂરિ મહારાજ મંગલાચરણમાં જીવના સ્વરૂપને પકડીને ભાવ વંદના કરે છે. પ્રથમ પોતાનું સત્તાએ સિદ્ધ સ્વરૂપ સ્વીકારી અને પરમાત્મામાં પ્રગટ થયેલા સિદ્ધ સ્વરૂપને વંદના કરે છે. સત્તાએ સર્વ જીવો સિદ્ધ સ્વરૂપી છે, તેવા ભાવથી રુચિપૂર્વક ભાવવંદના કરે છે. આથી આપણને જીવનાં સ્વરૂપને જીવવિચાર પ્રકરણ દ્વારા જાણીને સિદ્ધ સ્વરૂપ પ્રગટાવવાની રુચિ થવી જોઈએ. રુચિ થઈ ત્યારે જ કહેવાય જ્યારે સત્તાએ સિદ્ધ એવા સર્વસંસારી જીવો પ્રત્યે કરુણા આવે તેમાં પણ અગ્નિકાય જીવો ઉપર વિશેષ કરુણા આવવી જોઈએ એટલે જ ગ્રંથકારે પણ અગ્નિકાય જીવોને નિપુણ બુદ્ધિથી જાણવાનું કહ્યું છે.

**ગાથા : ૬**

**ઈંગાલ જાલ મુમ્મુર, ઉક્કાસણિ કણગવિજ્જુમાઈઆ ।**
**અગણિ જિયાણં ભેયા, નાયવ્વા નિઉણ–બુદ્ધિએ ॥ ૬ ॥**

• જળ અંગારા અને, જ્વાલાતણો અગ્નિ જરા.
અગ્નિ કણિયાવાળો ભાઠો, અગ્નિ વજ્રતણો વળી,
ઉત્પાતહેતુ જાણ ઉલ્કાપાત, ને વળી વિજળી;
છે અગ્નિના તારાના સમા, ખરતા કણો નભથી વળી;
અરણિ, ભાનુકાંત, ચકમક, વાંસ ઘર્ષણનો મળી.
ભેદ ઈત્યાદિક અગ્નિકાય જીવના જાણવા. ૬

હવે પૂ. શાંતિસૂરિ મહારાજ અગ્નિકાયને નિપુણ બુદ્ધિથી જાણવું જોઈએ એમ કહી વિશેષ ગંભીરપણે અહિ ઉપયોગ મૂકવાનું કહે છે. ગ્રંથકાર એક પણ અક્ષર કારણ વિના વધારે લખે નહીં. પૃથ્વીકાય અપ્કાય કરતાં પણ અગ્નિકાય જીવો અપેક્ષાએ વધારે વેદના ભોગવી રહ્યાં છે અને બીજાને વધારે વેદના આપવામાં નિમિત્ત પણ બને છે. આથી અગ્નિકાય જીવોનું સ્વરૂપ જાણીને તેના વિષે કરુણા લાવીને તેની વિરાધનામાં આપણે નિમિત્ત ન બનીએ તેની વિશેષ કાળજી કરવાની છે. જેમ કોઈ જન્મથી ગર્ભશ્રીમંત અબજોપતિ

હોય અને લોકમાં ચારે બાજુ પ્રખ્યાતિને પામેલો હોય અને તેવી વ્યક્તિને કર્મના ઉદયથી સ્થિતિમાં પલટો આવે ત્યારે ભીખ માંગવા નીકળે, માંગવા છતાં કોઈ તેને ભીખ આપતું ન હોય ઉલ્ટાનું હડધૂત કરતાં હોય ત્યારે તે વ્યક્તિને જોઈ આપણને વિશેષ કરુણા આવે તેમ આ અગ્નિકાયના જીવો સ્વરૂપે સિદ્ધ હોવા છતાં વર્તમાનમાં અગ્નિરૂપે કાયા પ્રાપ્ત થઈ છે. તેથી સતત અગ્નિરૂપે બળ્યા કરવા દ્વારા તેને મહાસંતાપ પીડા ભોગવ્યા કરવાની અને બીજા જીવોને સંતાપ કરવામાં નિમિત્ત બનવાના પાપના ભાગીદાર બનવાનું. અગ્નિકાયથી ગમે તેટલો બીજા જીવોને લાભ થાય, સુખમાં નિમિત્ત બને તો પણ તેને કોઈ લાભ મળે નહીં.

ચંડકૌશિકનો આત્મા પૂર્વે સાધુ હોવા છતાં તેને અન્ય સાધુ ઉપર ક્રોધ આવ્યો—વ્યાપ્યો અને સાધુને હણવા માટે દોડ્યા અને પોતે જ હણાયા. ક્રોધના સંસ્કારોના કારણે ભવાંતરમાં ચંડકૌશિક સર્પ તરીકે ઉત્પન્ન થયા. ક્રોધ ઝેરરૂપે દૃષ્ટિમાં પરાવર્તન પામ્યું, જ્યાં જ્યાં દૃષ્ટિ નાંખે ત્યાં ત્યાં સર્વ અગ્નિની જેમ ભસ્મીભૂત થઈ જાય. વીર પરમાત્માને તેના પર કરુણા આવી તેથી તેને પ્રતિબોધવા પ્રભુએ **બુજઝ બુજઝ** કહ્યું. એ અમૃતવાણી ચંડકૌશિકે સ્વીકારી પોતાની ઝેરી દૃષ્ટિ ફેરવી નાંખી. હવે કોઈપણ જીવ પોતાનાથી વિરાધના ન પામે તેવો ભાવ થયો. પ્રભુની કરુણા તેનામાં પ્રવેશી ગઈ. પ્રભુની સમતાના બળે તેનામાં વિવેક પ્રગટી ગયો તેથી પોતાનું મોઢું બીલમાં નાંખી દીધું. બીજાને જોવાનું બંધ કર્યું. મનુષ્યના અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો થયાં અને કીડીઓના ઉપદ્રવથી શરીર ચાળણીની જેમ ચળાઈ ગયું છતાં પણ શરીરને જરાપણ હલાવતાં—ચલાવતાં નથી. હવે મારા નિમિત્તે કોઈ જીવની વિરાધના ન થઈ જાય. બસ, જીવો પર કરુણા ઉપજી અને સમતાની ધારા વૃદ્ધિ પામી પણ તિર્યંચભવને કારણે પૂર્ણતા ન પામતા માટે આઠમા દેવલોકની પ્રાપ્તિ થઈ.

પરમાત્માની જેમ આપણે પણ અગ્નિકાય જીવોને બળતાં જોઈ તેમના પર કરુણા લાવવાનો પ્રયત્ન કરવાનો છે. આપણા ઉપયોગને જો શુદ્ધ બનાવવામાં આવે તો આપણો આત્મા પવિત્ર થઈ જાય. અગ્નિકાય જીવો

સ્થાવર નામકર્મના ઉદયે અગ્નિરૂપી કાયામાં પૂરાયેલા છે. કાળા કોલસા રૂપે રહેલા તે અગ્નિના સંસર્ગે અંગારારૂપે લાલ બની ગયા. જે અગ્નિ ભડભડતી જવાળારૂપે બળતી દેખાય છે તેમાં વાયુ સાથે ભળવાથી ઊંચે આજુ–બાજુ ફેલાય છે અને ઘણી વખત ઘરાદિ બાળવામાં નિમિત્ત બને. આમ અગ્નિકાયને બળતાં અને બાળતાં જોઈ કરુણાનો પરિણામ આવે તો આપણો સમ્યગ્દર્શનનો પરિણામ નિર્મળ થાય. અગ્નિકાય જીવોની વિરાધના સાથે છ કાય જીવોની વિરાધના થાય. જેમ એક કપ ચા બનાવાવમાં અપ્કાયના જીવોની વિરાધના, વનસ્પતિકાયના જીવોની વિરાધના, અગ્નિ હોય ત્યાં વાયુ હોય તેથી વાયુકાયના જીવોની વિરાધના, અગ્નિ જમીન પર હોય તેથી પૃથ્વીકાયની અને પાણી તે વાયુની યોનિ છે. અગ્નિકાયમાં ઉડતાં–ઉડતાં ત્રસ જીવો આવીને પડવાની સંભાવના છે તેથી છએ કાયના જીવની વિરાધના થાય.

❑ **અગ્નિકાય જીવોના પ્રકાર :**

★ **અંગારા :** કોલસાદિનો અગ્નિ. (તપાવેલ લોઢાદિ)

★ **જ્વાળા :** અગ્નિમાં જ્વાળાઓ નીકળે તે. (દીપક, મીણબત્તી)

★ **ભાઠાનો અગ્નિ :** કોલસા કે અંગારા ઘણાં બળ્યા પછી ઠંડા પડી જાય પછી તેના પર રાખ દેખાતા તે અગ્નિ બૂઝાયેલો લાગે પણ તે અગ્નિ અંદરથી સળગતો હોય, પવન વાય તો ફરી અગ્નિ ભભૂકી ઊઠે.

★ **ઉલ્કા :** આકાશમાં અગ્નિના પટ્ટારૂપે વિવિધ આકારવાળી રેખાઓ ક્યારેક ક્યારેક દેખાય (૧૭૯૦/૧૮૩૦ માં ફ્રાન્સમાં ઉલ્કા પડી હતી.)

★ **અશનિ :** આકાશમાંથી જે તણખા કે અગ્નિકાયના કણિયારૂપે જે ખરે તે અથવા ચકમક વ્રજ લાલચોળ પથ્થરરૂપ હોય વગેરેનો અગ્નિ.

★ **કણિયા :** આકાશમાંથી ખરતા તારા જેવા અગ્નિના કણિયા પડે તે જમીન સુધી પહોંચતા તે ઓલવાઈ જાય.

★ **વીજળી :** આકાશમાં જે વર્ષાઋતુમાં અવાજ સહિત થાય તે પરસ્પર વાદળોના ઘર્ષણથી જે વિજ પ્રગટ થાય તે.

★ **વિદ્યુત :** જે પાણીના ઘોધ ચક્રો પર પડવાથી તેમાંથી જે અગ્નિ પ્રગટે તે.

અગ્નિ મહાવિરાધનાનું કારણ છે. તેમાં પંચેન્દ્રિયો–માછલાદિ જીવોનો ઘણો સંહાર થતો હોય છે તથા ઈલેકટ્રીક પ્રવાહ વાયરવડે પ્રવાહિત કરવામાં શોર્ટ–શર્કિટથી પણ ઘણા જીવોનો સંહાર થાય છે. **આથી ઈલેકટ્રીક સીટીનો ઉપયોગ દેરાસરો, ધર્માનુષ્ઠાનોમાં શક્ય હોય ત્યાં સુધી ન કરવો હિતાવહ છે.** દીવા વગેરે પણ અગ્નિકાય છે. તેનો ઉપયોગ કરતી વખતે પણ દીવા ખુલ્લા ન રહે તેવી રીતે જયણાપૂર્વક ઉપયોગ કરવો જોઈએ.

**પરમાત્માની આંગી આદિમાં કે મહાપૂજામાં દીવાની રોશની કરવામાં આવે છે પણ પરમાત્માની શોભા શેમાં છે ? પરમાત્માની આંગી રચવામાં કે જિનાજ્ઞા મુજબ જયણાપૂર્વક આંગી કરવામાં ?** ખુલ્લા દીવાઓમાં ત્રસ જીવો પડીને મૃત્યુ પામે, ત્રસ જીવોની રક્ષાનો ઉપયોગ ન હોય તો જીવો પ્રત્યેની કરુણાનો અભાવ છે, તો તે અનુષ્ઠાન દયાહીન છે તેથી આવા અનુષ્ઠાન જિનાજ્ઞાહીન હોવાને કારણે તેનો પૂર્ણપણે લાભ ન થાય પણ વિરાધનાની વૃદ્ધિ થાય, શાસન પ્રભાવનાને બદલે વિચારક વર્ગમાં શાસન બહુમાન હણવાનું કારણ બને.

❑ **બીજી રીતે અગ્નિના બે પ્રકાર :**

(૧) **નિર્ઘાત અગ્નિ :** વૈક્રિય અગ્નિનું આકાશમાંથી પડવું તે.

(૨) **સંઘર્ષ અગ્નિ :** લાકડાદિના સંઘર્ષથી જે અગ્નિ ઉત્પન્ન થાય તે.

આ શુદ્ધ અગ્નિ છે. આ અગ્નિ ઋષભદેવ ભગવાનના વખતમાં સૌ પ્રથમ વૃક્ષોના ઘર્ષણથી પ્રગટ થયેલ. સૂર્યકાન્તમણિ તથા વાંસ વગેરેના ઘસારાથી પણ અગ્નિ ઉત્પન્ન થાય. યુગલિક ક્ષેત્રમાં અને યુગલિક કાળમાં

બાદર અગ્નિ ન હોય એ જ રીતે દેવલોક નરકાવાસમાં પણ અગ્નિ ન હોય. અઢીદ્વીપ સિવાય પણ બાદર અગ્નિ ન હોય. અતિ ઋક્ષ કે અતિ સ્નિગ્ધકાળમાં અગ્નિ ઉત્પન્ન ન થાય. આથી પાંચમા આરાના અંતે અગ્નિ પણ નાશ પામશે.

સૂર્યની ગરમી એ અગ્નિ નથી, પરંતુ આતાપ નામ કર્મનો ઉદય છે. તે સ્વભાવે શીતળ છે પણ તેના કિરણો જેમ દૂર જાય તેમ–તેમ ઉષ્ણ થાય તેથી આપણને ગરમ લાગે પણ સૂર્ય વિમાનમાં રહેલા દેવો શીતળતા અનુભવે છે. દેવલોકમાં સૂર્યનો પ્રકાશ ન હોય. દેવલોકમાં સદા રત્નોનો પ્રકાશ હોય અને નરકમાં સદા અંધારું હોય. ચંદ્ર વિમાનમાં ઉદ્યોત નામ કર્મના ઉદયવાળા રત્નો છે તેથી તેનો પ્રકાશ સદા શીતળ છે.

યુગલિકોને બાદર અગ્નિકાયની જરૂર શા માટે નહીં ? યુગલિકોને સદા કલ્પવૃક્ષો પાસેથી સર્વ સામગ્રી મળી રહે તેમને પકાવવાનો આરંભ–સમારંભ કરવાનો હોતો નથી તેથી જરૂર નહીં.

સૌથી વધારે અગ્નિકાયના જીવો ભરતક્ષેત્રમાં. જ્યારે અજિતનાથ ભગવાન હતા ત્યારે તે વખતે ૧૫ કર્મભૂમિમાં ઉત્કૃષ્ટે ૧૭૦ તીર્થંકરો હતાં. કેવલીઓની સંખ્યા પણ ઉત્કૃષ્ટે ૯ કોટી અને સાધુઓની સંખ્યા ૯૦ અબજ હતી. મનુષ્યોની સંખ્યા વધારે હોવાથી મનુષ્યોને અગ્નિકાયની જરૂર પડે તેથી તે વખતે સૌથી વધારે સંખ્યા બાદર અગ્નિકાયની હતી.

❑ **અગ્નિકાય સંખ્યા પ્રમાણ :**

તંદુલ જેટલી જગ્યામાં રહેલા અગ્નિકાયના જીવોને જો ખસખસના દાણા પ્રમાણ કરવામાં આવે તો જંબુદ્વીપમાં ન સમાય.

(૧) બાદર અગ્નિકાય જીવો સ્થાવરકાયમાં સૌથી ઓછા પ્રમાણમાં છે. ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાત આકાશ પ્રદેશ પ્રમાણ પર્યાપ્ત અગ્નિકાય જીવો અને તે બાદર પૃથ્વીકાય અપર્યાપ્તથી અસંખ્ય હીન છે.

(૨) બાદર અપર્યાપ્ત પૃથ્વીકાયથી બાદર અપર્યાપ્ત અગ્નિકાય અસંખ્યાત ગુણ હીન છે.

(૩) સૂક્ષ્મ અપર્યાપ્ત પૃથ્વીકાયથી બાદર અપર્યાપ્ત અગ્નિકાય અસંખ્યાત ગુણ હીન છે.

(૪) સૂક્ષ્મ પૃથ્વીકાયથી બાદર પર્યાપ્ત અગ્નિકાય અસંખ્યાત ગુણ છે.

### ❑ અગ્નિકાયમાં જીવપણાની સિદ્ધિ :

**जह देहप्परिणामो रत्तिं खज्जोयगस्य सा उवमा ।**
**जरियस्स व जा उम्हा एसुवमा तेउजीवाणं ॥११९॥**
**(આચારાંગ નિ.)**

જે પ્રમાણે ખદ્યોત (ચઉરિન્દ્રિય જીવ વિશેષ) જીવના શરીરમાં પ્રકાશ જોવા મળે છે તથા તાવવાળા મનુષ્યના શરીરમાં ગરમી અનુભવાય છે, મૃતદેહમાં ઉષ્ણતા હોતી નથી તેથી અગ્નિ સચિત્ત જાણવી. વળી **(आत्मको अग्नि आहारेण वृद्धि दर्शनात् बालकवत् ।)** બાળક જેમ આહારથી વૃદ્ધિ પામે છે તેમ અગ્નિ પણ ઈંધણથી વૃદ્ધિ પામે છે અને ઈંધણના અભાવ વિના તે ધીમે–ધીમે બુઝાઈ જાય છે તેથી તે સચિત્ત છે. પવન વિના અગ્નિ બળી શકતો નથી. બલ્બમાં પણ યંત્રવડે ઘનવાયુ શોષી શકાય છે પણ તનવાત (પાતળો વાયુ) શોષી શકાતો નથી, તેની હાજરી હોવાથી જ અગ્નિકાય પ્રગટે છે. શાસ્ત્ર વચન છે **जत्थ अग्गि तत्थ वायु** જ્યાં અગ્નિ હોય ત્યાં વાયુ હોય.

### ❑ અગ્નિકાય દીર્ઘલોક શસ્ત્ર છે :

આચારાંગ શાસ્ત્રમાં અગ્નિકાયને **दीहलोगसत्थ** દીર્ઘ લોક શસ્ત્ર કહ્યો છે. કારણ કે પાંચ સ્થાવરોમાં સૌથી ઉત્કૃષ્ટ શરીરની ઊંચાઈ પ્રત્યેક બાદર વનસ્પતિકાયની છે (સાધિક ૧૦૦૦ યોજન છે.) અગ્નિકાય વનસ્પતિકાયનું શસ્ત્ર છે. જંગલ વગેરેમાં અગ્નિ પ્રગટે ત્યારે તેમાં વાયુના

સંયોગથી દીર્ઘ જવાળાઓ વનસ્પતિ સમૂહને અને તેમાં રહેલા પક્ષીઓ–ત્રસ જીવો તથા પશુઓને બાળીને ભસ્મીભૂત કરે છે. બીજા બધા શસ્ત્રો કરતાં અગ્નિકાય શસ્ત્ર અતિપ્રબળ, તીક્ષ્ણ, ભયાનક છે. માત્ર વનસ્પતિકાય નહીં પણ પૃથ્વીકાયાદિ સર્વનું અગ્નિકાય શસ્ત્ર બને છે. અગ્નિકાયનો આરંભ કરનાર વ્યકિત છ કાયનો વિરાધક છે કારણ કે અગ્નિકાયની વિરાધનામાં છ કાયની વિરાધના રહેલી જ છે.

અગ્નિ જે પદાર્થમાંથી પેદા થાય છે તે પદાર્થ જલીય (ભીનાશવાળો) હોય, અર્થાત્ તેમાં પાણીનો ભાગ રહેલો હોય. અગ્નિ વાયુ વિના ન બળે. વાયુ તે અપ્કાયની યોનિ છે. જ્યાં પાણી ત્યાં વનસ્પતિ **જત્થ જલં તત્થ વણ્ણં,** અગ્નિ પૃથ્વીકાય પર બળે, તેથી પૃથ્વીકાયની પણ વિરાધના થાય અને તેમાં ત્રસ જીવો પણ ઉડતાં આવીને પડે. આમ અગ્નિકાય એ છ કાયનો શસ્ત્ર છે તેથી તેને દીર્ઘલોક શસ્ત્ર પણ કહ્યો છે.

❑ **અગ્નિકાયને પ્રગટાવનાર વિરાધક કે બુઝાવનાર વિરાધક ?**

**दो पुरिसा सरिसवया अन्नमन्नेहिं सद्धिं अग्निकायं समारंभति, तत्थ जं एगे पुरिसे अग्निकायं समुज्जायेति,**

**एगे विझार्वेति तत्थणं के पुरिसे महाकम्मयराए ? के पुरिसं अप्पकम्मयराए ? गोयमा !**

**जे उज्जालेंति से महाकम्मराए जे विझार्वेति से अप्पकम्मराए ॥**

**(ભગવતી સૂત્ર)**

જે અગ્નિકાયને પ્રગટાવે છે તે મહારંભ કરનારો છે અને જે બુઝાવનારો છે તે અલ્પારંભ કરનારો છે.

❑ **અગ્નિકાય શસ્ત્રો :** ધૂળ, પાણી, લીલી વનસ્પતિ અને ત્રસકાયોના જીવોના શરીરો બાદર અગ્નિકાયના સામાન્ય શસ્ત્રો છે.

- **સ્વકાય શસ્ત્રો :** તૃણનો અગ્નિ, પાંદડાનો અગ્નિ, લાકડાનો અગ્નિ, કોલસાનો અગ્નિ વગેરે પરસ્પર શસ્ત્ર છે.
- **પરકાયશસ્ત્રો :** જળ, વાયુ, ધૂળાદિ...
- **ઉભયકાય શસ્ત્રો :** ફોતરાનો અગ્નિ અને બકરીની લીંડી આદિથી મિશ્ર અગ્નિ બીજા અગ્નિનું શસ્ત્ર થાય.

જે જીવો મનુષ્યભવમાંથી અગ્નિકાયમાં જાય તો તે જીવો ત્યાંથી ફરી પાછા તરત મનુષ્ય ભવમાં ન આવી શકે અને અગ્નિકાયમાંથી જો તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય તો પણ તેને તે ભવમાં સમકિતની પ્રાપ્તિ ન થાય. આથી અગ્નિકાયમાં ન જવાય તેની ખાસ કાળજી રાખવી જોઈએ. અગ્નિકાયમાં સ્વયં બળવાનું અને બીજાને પણ બાળવાનું તેથી અતિ તુચ્છ ભવના કારણે તે ભવમાંથી તુરત મનુષ્યભવની પ્રાપ્તિ થતી નથી. બાદર અપ્કાય–બાદર વનસ્પતિકાયમાંથી સીધા મનુષ્ય ભવમાં આવી શકાય અને પુણ્યયોગે અનુકૂળ સામગ્રી પ્રાપ્ત થાય તો કેવલજ્ઞાન પણ પ્રાપ્ત થઈ શકે. જો અગ્નિકાયમાં આપણને સુખ દેખાય–ગમી જાય તો તેમાં જવાનું થાય. અગ્નિકાય ગમવું એટલે ગરમા ગરમ ધૂમાડાયુકત ચા જોઈ ગમી જાય અનુમોદના થાય. ભવિતવ્યતાને યોગે કદાચ આયુષ્યનો બંધ તે સમયે પડે તો પ્રાયઃ ધૂમાડાના ગમામાં જીવ અગ્નિકાય તરીકે ઉત્પન્ન થઈ જાય.

અગ્નિકાય જીવોમાં જયણાનો વિશેષ ઉપયોગ રાખવો જોઈએ, વધારે કરુણાને પાત્ર અગ્નિકાયના જીવો છે, સતત અગ્નિમાં બળવા–બાળવાનું તો તેમની જયણા કઈ રીતે કરવાની ?

- **અગ્નિકાય જીવોની જયણા :**

પૂર્વે પ્રકાશની જરૂર પડે ત્યારે એક ફાનસ કે દીવાનો જયણાપૂર્વક ઉપયોગ થતો, જ્યારે આજે ચાર–પાંચ લાઈટોનો સામાન્ય બિનજરૂરી

ઉપયોગ થઈ ગયો. તેમાં જેટલો પાવર વધારે તેટલા જીવોની કિલામણા અને હિંસા વધારે થાય. આનાથી ઉષ્ણ યોનિના જીવોની ઉત્પત્તિ થાય અનેશીત યોનિવાળા જીવોની હિંસા–કિલામણા વધે. કપડાંની શોભા માટે કપડાની ઘડી જાતે વાળવી પણ તેમાં ઈલેકટ્રીક ઈસ્ત્રીનો ઉપયોગ ન કરવો જોઈએ. પૂર્વે કોલસાની ઈસ્ત્રીથી કાર્ય થતું હતું. જે અગ્નિ સળગતો હોય તેને ફરી સળગાવવાથી વિરાધના ઓછી. નવો અગ્નિ – નવા લાકડા સળગાવવામાં વિરાધના વિશેષ તેથી પહેલાંના લોકો સળગેલા કોલસા બુઝાતા પહેલા તેને માટલામાં ભરી દેતાં અને જરૂર પડે ત્યારે તેનો જ ઉપયોગ ફરી કરતાં.

❑ **જયણા પાળવા શું બદલાવી શકાય ?**

લાઈટ ને બદલે દીવો, પંખાને બદલે તાલવૃંત્ત, રેફ્રીજરેટરને બદલે માટીનાં માટલાં, ટી.વી. આદિને બદલે પુસ્તકનો શોખ, મકાનમાં કચરો કાઢવાં વેક્યુમ ક્લીનરને બદલે કોમળ ઝાડુનો ઉપયોગ.

❑ **આયુષ્યના બંધનો આધાર આત્મા પોતે છે, માટે આત્માએ કયાં રહેવું ? કયાં વસવું ?**

જો આત્મા મોક્ષમાં સંપૂર્ણ પોતાની સિદ્ધાવસ્થામાં રહેવાનો નિર્ણય ન કરે તો કોઈપણ દેહમાં તેને રહેવું જ પડે. મનુષ્ય ભવમાં પણ જો જીવ ફકત સાતા સુખની પાછળ જ દોડે તો પ્રાયઃ કરીને મોટા ભાગે સાતા સુખના આર્તધ્યાનમાં તિર્યંચગતિમાં ધકેલાવું પડે. આથી આપણે અગ્નિ કાયાદિમાં ન જવું હોય તો નિર્ણય કરવો પડે કે મારે સાતા સુખ જોઈતા નથી. **સાતાને છોડયા વિના જીવ સમતા ધર્મમાં આવી શકે નહીં.**

આપણને અંધારામાં રહેવાનું ગમતું નથી કારણ કે રૂપ જોવાને ટેવાયેલાને વારંવાર લાઈટ વિના ન ચાલે. આત્મા અરૂપી છે તેને જોવા માટે અંધકાર સહાય રૂપ છે, **જે જગતને જોવાનું બંધ કરે તે જ જાતને જોઈ શકે.**

## (૪) વાયુકાય જીવો :

પૂ. શાંતિસૂરિ મહારાજ મંગલાચરણમાં જીવના સ્વરૂપને સમજીને વંદના કરે છે. તેમને જીવનું સ્વરૂપ કહેવાનું કારણ એ છે જીવો મોટાભાગે જીવના સ્વરૂપ વિના બાંકી બધું જાણનારા હોય છે. જીવે કઈ રીતે જીવવું તે જ તે જાણતો નથી અને તેથી તે મહાઅનર્થ સ્વયં પામે છે અને બીજાને પણ પીડા આપીને જીવે છે. જે જીવતા શીખે તેને પછી દુઃખ ન હોય, જીવતા જે શીખે તે પોતે જીવે અને બીજાને પણ જીવતા રાખવાનો પ્રયાસ કરે છે. જે પોતે જીવતો નથી તે બીજાને પણ જીવવા દેતો નથી. પ્રભુની આજ્ઞા છે **જીવો અને જીવવા દો.** તે માટે પ્રથમ તે પોતે જીવે છે તેના અસ્તિત્વનો સ્વીકાર હોવો જોઈએ. પોતે જેમની સાથે રહેલો છે તેના અસ્તિત્વનો પણ પોતાને સ્વીકાર હોવો જોઈએ. જો તે સર્વ સ્વીકાર થઈ જાય તો બીજાના જીવવાના અધિકારને જીવ છીનવી ન લે. બીજાને જીવવા દેવાનો ભાવ થવો તે જ મહાકરુણા છે. બીજાને જીવતા જોઈ આનંદ સહજ આવે, આનંદમાં સમતા આવે અને કરુણા વિના સમતા આવે નહીં. સમતા સેવ્યા વિના પરમાત્માને સાત્ત્વિક વંદના ન થાય. પરમાત્મા સમતાના ધામ છે. તેમને વંદના કરીને તેમના જેવી પૂર્ણ સમતા આપણે પ્રાપ્ત કરવાની છે. તે પૂર્ણ સમતા ત્યારે જ મળે જ્યારે આપણે (ક્ષયોપશમ ભાવે) અલ્પ સમતા રાખીએ તો પૂર્ણતાને પામીએ. તેનું મૂળ કારણ–કરુણાના પરિણામ પૂર્વક જીવતા રહેવાનું અને બીજાને પણ જીવતા રહેવા દેવા રૂપ જિનાજ્ઞાના પાલનનો આરંભ કરવો એ છે. કરુણા વિનાનો આત્મા ભાવ વંદનાનો અધિકારી બનતો નથી. કરુણાના વિકાસ માટે પણ જીવોનું સ્વરૂપ જાણવું જરૂરી છે. તેમાં સૌથી વધારે જેના સસંર્ગમાં રહ્યાં છીએ જેની વિરાધનામાં આપણે સતત નિમિત્ત બની રહ્યાં છીએ તે વાયુકાયના સ્વરૂપને પૂ. શાંતિસૂરિ મહારાજ જણાવતા ફરમાવે છે કે :

ગાથા : ૭

**ઉબ્ભામગ ઉક્કલિયા, મંડલિ મહ સુદ્ધ ગુંજવાયા ય**
**ઘણ–તણુ–વાયાઈઆ, ભેયા ખલુ વાઉકાયસ્સ ॥ ૭ ॥**

ને વાત ઉદ્‌ભ્રામક કહ્યો, ઉંચે ભમાવે જે હવા;
રેખા પડે ધૂળમાંહિ જેથી, વાય જે નીચે રહી;
તે જાણ ઉત્કલિકા વળી, વંટોળીયો વાયુ સહી;
મહાવાયુ ને શુદ્ધવાયુ, ગુંજ શબ્દ કરતો વાયુ છે;
ઘનવાત ને તનવાત આદિ, વાયુના બહુ ભેદ છે. ૭

❑ **વાયુકાય જીવોના પ્રકાર :**

★ **ઉદ્‌ભ્રામક વાયુ :** ઘાસાદિને ઊંચે ભમાડે–ઊડાડે.

★ **ઉત્કલિક વાયુ :** રહી રહીને વાય, ઘાસાદિને એક સ્થળેથી બીજા સ્થળે નાંખે ધૂળમાં રેખાઓ પડે તે.

★ **મંડલિક વાયુ :** વંટોળિયા ગોળ–ગોળ ભમે, આથી પાંદડાદિ ગોળ ગોળ ભમવા લાગે. ગોળ–ગોળ ભમતાં પાંદડાદિ જોઈ આપણને તે જોવાનું ગમે તેમાં આનંદ આવે તો પણ આપણને કર્મ બંધ થાય.

★ **શુદ્ધવાયુ :** જે વાયુ મંદ–મંદ વહેતો હોય તે શુદ્ધવાયુ કહેવાય.

★ **ગુંજવાયુ :** સીસોટી જેવો અવાજ કરતો વાયુ.

★ **મહાવાયુ :** મોટા વંટોળિયા, વાવાઝોડા. પાંચ સ્થાવરમાં માત્ર વાયુકાય જીવોને શરીર (વૃદ્ધિ) વિકુર્વાની શકિત હોય છે. અસંખ્યાત વાયુકાયમાંથી સંખ્યાત જીવોને (પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી કંઈક ન્યૂન તેટલા પ્રમાણ) વૈક્રિય શરીર બનાવવાની શક્તિ હોય છે.

★ **વંટોળિયો :** વૈક્રિય શરીરરૂપે છે અને તેના વડે મોટાં–મોટાં નગરો, જંગલો આદિનો મહા વિનાશ સર્જે છે. તે જ રીતે દરિયામાં પણ જે તોફાન આવે છે, મોજાઓ ઉછળે છે, તેનું મૂળ કારણ વિવિધ રીતે

વિકુર્વેલા વાયુકાય છે. આમ વાયુ અને પાણી ભેગા મળવાથી પરસ્પર શસ્ત્ર બને છે તથા (**જત્થ જલં તત્થ વણ્ણં**) તેમાં રહેલ વનસ્પતિ પણ નાશ પામે છે તેમજ તેમાં રહેલા જળચર પ્રાણીઓને પણ પીડા થાય નાશ પામે. આમ છ કાય જીવોની વિરાધનામાં વાયુકાય નિમિત્ત બને તેથી વાયુકાયને વિશે ગમાના પરિણામ કે દ્વેષનો પરિણામ વિશેષથી ન થાય તેની ખાસ કાળજી રાખવી જોઈએ નહિતર તેમાં આપણે આવી ગયા તો કેટલાયના સંહારમાં નિમિત્ત બનવાનું થાય.

★ **ઘનવાત :** ઘન વાયુ રત્નાદિ ૭ પૃથ્વીઓમાં વલયાકારે થીજેલા પાણી ઘનોદધિ (બરફ) રૂપે છે તેને ફરતો વલાયાકારે ૭ પૃથ્વીમાં ઘટ્ટવાયુ રહેલો છે.

★ **તનવાત :** પાતળો વાયુ, તે પૃથ્વીમાં ઘનવાતની નીચે વલયાકારે રહેલો છે.

અગ્નિકાયનું કાર્ય પોતે બળે અને બીજાને બાળે, તેમ વાયુકાયનું કાર્ય પોતે ભમે અને બીજાને ભમાડે. આથી આપણે વધારેમાં વધારે જો ભમતાં હોઈએ તો વાયુકાયના કારણે. આથી આપણે વધારે સાવધાન રહેવાનું છે કારણ કે આત્માનો સ્વભાવ સ્થિર છે પણ જો અત્યારે આપણામાં અસ્થિરતા હોય તો તેનું મુખ્ય કારણ વાયુકાયના જીવોની સાથેનો ગમો છે અને જો તેના ગમાની અનુમોદનામાં આપણે વધારે સ્થિર થઈ ગયા અને જો તે વખતે આયુષ્યનો બંધ પડે તો કર્મસત્તા વાયુકાયમાં આપણને ધકેલી દે, પછી ફરી પાછો મનુષ્ય ભવ પ્રાપ્ત થવો અતિ દુર્લભ બને. વાયુકાયમાંથી તરત મનુષ્યભવની પ્રાપ્તિ ન થાય. બાદર પૃથ્વી, અપ્, તેઉ, વનસ્પતિ અને ત્રસકાય તે મનુષ્યોની દૃષ્ટિથી ગોચર છે પણ વાયુકાય દૃષ્ટિગોચર નથી, માત્ર સ્પર્શ કે ગંધથી જ અનુભવ યોગ્ય છે, આથી શ્રદ્ધા થવી દુષ્કર છે માટે જ આચારાંગ શાસ્ત્રમાં ચાર સ્થાવરકાયના વર્ણન પછી ત્રસકાયના સ્વરૂપનું વર્ણન કરી પછી વાયુકાયનું

વર્ણન કરીને વાયુકાયમાં જીવની સિદ્ધિ બતાવવામાં આવી છે.

જિનકુળમાં જન્મેલાને પ્રાયઃકરીને પૃથ્વી, અપ્, અગ્નિ અને વનસ્પતિ કાયનું જ્ઞાન હોવાથી સામાયિકમાં તેનો સંઘટ્ટો ન થાય તે માટે સાવધાની રાખશે પણ સામાયિક લેવાનું સ્થાન બારી–બારણાદિ પાસે જ્યાં પવન સારો આવતો હશે ત્યાં લેતા અચકાશું નહીં. ત્યાં કોઈ પાપ જેવું નહીં લાગે. ઘણા આત્માઓ તો માત્ર સંવત્સરીના દિવસે સામાયિક–પ્રતિક્રમણ કરવા માટે આવે અને તેમાં પણ વહેલા આવી પ્રથમ હવા ક્યાં આવે છે તેવું સ્થાન શોધીને જગ્યા બુક કરાવી લેશે. તો મહત્ત્વ શેનું પ્રતિક્રમણનું કે હવાનું (પવન) ? પ્રતિક્રમણ કરવા આવ્યા છતાં લક્ષ હવા ખાવાનું જ રહી જાય. તેની વિરાધનાનું જીવને ભાન પણ ન હોય તે કેવી આપણી કરુણા ? હવામાં બેસવાનું પસંદ કરવું એટલે આત્માને કઠોર બનાવવો, કારણ કે વાયુકાયનું શરીર પાણી કરતાં પણ કોમળ, શીતળ અને સ્નિગ્ધ છે તેથી વધારે વિરાધના થાય તેથી તેની સાથે રહેવાનું આપણને સહજ મન થાય. રહેવામાં ગમો–આનંદ–સુખરૂપ લાગે અનુમોદના સહજ થઈ જાય. આપણને કોમળતાદિનો ગમો વધારે છે પણ તે સમતા માટે અતિ બાધક છે.

### ❑ વાયુકાયમાં જીવપણાની સિદ્ધિ :

**चेतनावान् वायुः, अपरप्रेरिततिर्यगनियमितगमित्त्वात्,**
**एजृ कम्पने एजतीत्येजो वायुः कम्पनशीलत्वात् ॥**

**(આચારાંગ)**

પોતાનો કંપાયમાન સ્વભાવ હોવાથી ધજાદિને વાયુ હલાવે છે. વાયુનો આકાર પણ ધ્વજ જેવો છે. જેમ દેવ પોતાનું અદશ્યરૂપ કરે છે તથા અંજન વિદ્યા પ્રયોગવડે શરીર અદશ્ય થાય છે પણ તેનો અભાવ થતો નથી. સ્પર્શથી તેનો અનુભવ થાય છે. માત્ર સ્પર્શ જ નથી પણ વર્ણ–ગંધ અને રસ પણ રહેલા છે. પરતીર્થિકો (અજૈનો) વાયુમાં માત્ર સ્પર્શ જ માને છે પણ બે વાયુ

ભેગા કરવાથી ($H_2O$) તેમાં (વર્ણ, ગંધ, રસ, સ્પર્શ) ચારેની ખાત્રી થાય છે. વાયુ ગાય–ઘોડા આદિની જેમ બીજાની પ્રેરણા વિના પણ તિર્ચ્છા અનિયમિત ગતિ કરે છે. વાયુકાય એ પાણીની યોનિ છે, તે વાત વૈજ્ઞાનિક લેવાંક ઈઝરે પણ સાબિત કરી છે. પાણી એ સ્વતંત્ર દ્રવ્ય નથી પણ વાયુનુ બનેલું છે. પાંચ સ્થાવરમાં બાદર વાયુકાય પર્વત વગેરે નક્કર ભાગ સિવાય ૧૪ રાજલોકમાં સર્વત્ર છે. પોલાણમાં સર્વત્ર વાયુના જીવો રહેલાં છે. સિદ્ધના આત્માઓ જ્યાં છે ત્યાં પણ બાદર વાયુકાય છે. એક લીમડાના પાન જેટલા બાદર વાયુકાયનાં જીવો જો પોતાનું શરીર લીખ જેટલું બનાવે તો આખા જંબુદ્વીપમાં ન સમાય.

❑ **વાયુકાયનું સંખ્યા પ્રમાણ :**

બાદર વાયુકાય ઘનીકૃત લોકાકાશ પ્રતરના અસંખ્યાતમા આકાશ પ્રદેશ પ્રમાણ રાશિ, સંખ્યા પ્રમાણ છે. બાદર પર્યાપ્ત અપ્કાયથી વાયુકાય અસંખ્યગુણ અધિક છે. જ્યારે પર્યાપ્ત બાદર વાયુકાય અપર્યાપ્ત બાદર અપ્કાયથી અસંખ્યાત ગુણ અધિક છે. અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાય સૂક્ષ્મ પર્યાપ્ત અપ્કાયથી વિશેષ અધિક છે.

આમ ચાર સ્થાવરકાયમાં (વનસ્પતિ સિવાય) વાયુકાયની સંખ્યા સૌથી વધારે છે. આથી દરેક જીવને વાયુકાય સાથે રહેવાનું વધારે થાય. આથી આપણને પણ અનાદિના સંસ્કારના કારણે તેની સાથે રહેવામાં આનંદ–સુખરૂપ લાગે છે અને તેમાં જ સૌથી વધારે સાતાનો અનુભવ થાય છે. એ આનંદ–અનુમોદનાના અનુબંધની પરંપરા વડે ૭મી નરકમાં ૩૩ સાગરોપમનો દીર્ઘકાળ અત્યંત શીત વેદનાનો અનુભવ કરવા જવું પડે. માટે વાયુકાયથી સાવધાની પૂર્વક રહેવું જોઈએ. એ.સી. આદિનો ઉપયોગ કરતી વખતે આ સાવધાની રાખવાની જરૂર છે નહીં તો ૩૩ સાગરોપમ સુધી સહન ન થાય તેવી ઠંડીમાં રહેવાની કર્મસત્તા સજા કરશે.

❑ **વાયુકાયના શસ્ત્રો :** પંખા, વીજળી, ચામર, સુપડી, બારી ખોલ બંધ કરવી, ચંદનગંધ, જ્વાળા, તાપ.

- **સ્વકાય શસ્ત્રો :** શીતવાયુ, ઉષ્ણવાયુ, પૂર્વ દિશાનો વાયુ, પશ્ચિમ દિશાનો વાયુ.
- **પરકાય શસ્ત્રો :** અગ્નિ, પાણી વગેરે.
- **ઊભયકાય શસ્ત્રો :** વાયુ–અગ્નિ મિશ્રિત, વાયુ–જલ મિશ્રિત, અગ્નિ કે સૂર્ય તાપથી થયેલ વાયુ.

મુખમાંથી ભાષા વર્ગણા વચનરૂપે ગ્રહણ કરતી વખતે સૂક્ષ્મ પરિણામી હોય પણ જ્યારે વચન રૂપે પરિણમાવીને વિસર્જન કરીએ ત્યારે તે આઠ સ્પર્શી બાદરરૂપે થાય અને મોઢાનો વાયુ અને બહારનો વાયુ બે ભેગા થાય તો તે શસ્ત્ર બને છે.

**સાંખ્યમત :** પરિવ્રાજકો મુખ આગળ લાકડાની પટ્ટી રાખે એક એક અક્ષર બોલનારની નાસિકા અને મુખમાંથી નીકળતા એક શ્વાસ વડે સેકડો (અસંખ્યાત) જંતુઓ હણાય છે.

બારી–બારણા ખોલો ત્યારે બહારનો વાયુ જો શીતલ હોય અને અંદરનો વાયુ ઉષ્ણ હોય તો શસ્ત્ર બને. હથોડાદિ મારવાથી પણ વાયુની ઉત્પત્તિ થાય. કપડાને ઝાટકવાથી તથા કપડા હવામાં જેટલાં વધારે હાલે તેટલી વાયુકાયની વિરાધના થાય. **તેથી સાધુ ભગવંતોના અતિચારમાં આવે છે કે કપડાં-કામળી તણા છેડા સાચવ્યા નહીં, ફૂંક દીધી.** ફૂંક મારવાથી પણ વાયુકાયની વિરાધના થાય આથી સતત ઉપયોગમાં રહેવું જોઈએ. **ઉપયોગ એ ધર્મ છે.** સાધુ–સાધ્વી પધારે તે નિમિત્તે કાંઈ પણ આઘું–પાછું ન કરાય. સાધુને અતિચાર **ઉગ્ઘાડ કવાડ ઉગ્ઘાડણયાએ** ગોચરી વહોરાવવા માટે બારી બારણાં ખોલે, અંધારામાંથી વસ્તુ પ્રકાશમાં લાવે અથવા પ્રકાશ માટે બારી–બારણા ખોલે, તો તે બધામાં સાધુને દોષ લાગે. બારી ખોલે તો વાયુકાયની તો વિરાધના થાય પણ જો તેમાં જયણાપૂર્વક ખોલવામાં ન આવે તો ત્રસકાયની વિરાધના પણ થઈ જાય. વાસણમાંથી દૂધ વગેરે વસ્તુને ઊંચેથી

ધાર કરીને વહોરાવે તો પણ વાયુકાયની વિરાધના થાય. વસ્તુ જોરથી ફેંકવાથી–દોડવાથી પણ વાયુકાયની વિરાધના સાથે બીજા જીવોની પણ વિરાધના સંભવે.

तत्थअक्कंतो चिखिल्लादिसु घंतो दितिमादिसु ।
पीलिओ पुत्त चम्माइसु ।
उसासनीसासवाऊ उदरत्थाणिओ समुच्छिमो
तालवृंदादीहिं जणिओ ।

(ओघ निर्युक्ति)

## ❑ વાયુ અચિત્ત ક્યારે થાય ?

પાંચ પ્રકારે વાયુ અચિત્ત થાય. (૧) કાદવાદિ સાથે અથડાવાથી અચિત્ત થાય (૨) મુખના વાયુથી ભરેલી દત્તિ ઘાણી, તેલ પીલવાના યંત્રમાંથી નીકળે ત્યારે (૩) શરીરમાંથી નીકળતો શ્વાસોચ્છ્વાસ (૪) ભીનું વસ્ત્ર નીચોવવાથી (૫) તાલવૃંત્ત પંખા વગેરેનો અચિત્તવાયુ જાણવો. વસતિ વગેરેમાં રહેલો વાયુ ઋક્ષકાળ (ઉનાળામાં) ત્રણ દિવસ, મધ્યમ ૨ દિવસ અને જઘન્ય ૧ દિવસ અચિત્ત અને સ્નિગ્ધકાળમાં ૩ પોરિસી, ૨ પોરિસી અને ૧ પોરિસી અચિત્ત રહે.

## ❑ વાયુકાયની રક્ષા કોણ કરી શકે ?

आयंकदंसी अहियंति णच्चा,
जे अज्झत्थं जाणइ से बहिया जाणइ,
जे बहिआ जाणइ से अज्झत्थं जाणइ एयं तुलमन्नेसिं

(आचारांग अध्ययन–१–उद्देशक : ७ ))

જે શારીરિક અને માનસિક પીડાને જાણનારો છે અર્થાત્ બીજાની પીડાને જે જાણે છે તે પોતાની પીડાને જાણે છે. આરંભાદિ પ્રવૃત્તિ વાયુકાયાદિ જીવોનું અહિત કરનારી છે. આત્મવત્ સર્વભૂતેષુ પોતાની જેમ જ બીજાને જુએ, જેમ મને શારીરિક, માનસિક પીડા ગમતી નથી તેમ કોઈને પણ ગમતી

નથી તો તે પીડા મારે બીજાને કઈ રીતે અપાય ? વાયુકાય, જે અપ્કાય કરતાં પણ કોમળ શરીરને ધારણ કરનારો અને તેઉકાયથી પણ વધારે વિકસિત ચેતનાવાળો છે, તેથી તેને અપ્કાયાદિથી અધિક પીડા છે આવું જાણનારો વાયુકાયાદિને પીડા ન આપે અને તેને પીડા ન થાય તેવું વર્તન કરવાનો પ્રયત્ન કરે.

## ❑ વાયુકાય જીવોની જયણા :

ઈલેકટ્રીકસીટીથી ચાલતા પંખા, એરકંડીશન વગેરે સાધનો વડે કૃત્રિમ અને શીતળવાયુની સ્પર્શના રૂપ સુખ ભોગવવા રૂપ ભાવની પુષ્ટિમાં જીવને અનુકૂળતાની પ્રતીતિરૂપ રાગાદિ ભાવ હિંસા અને ઈલેકટ્રીકસીટીના કારણે પંચેન્દ્રિયાદિ જીવોની દ્રવ્ય હિંસાનું પાપ લાગે. થોડો સહનશીલતા ગુણ કેળવી તેવા સાધનનો ઉપયોગ કરવામાં ન આવે તો આત્માની સહનશીલતા શકિતનો વિકાસ થાય, સમાધિ ન જ ટકતી હોય તો ઈલેકટ્રીક સાધનોના ઉપયોગને બદલે હાથ પંખા કે બારી દ્વારા આવતા પવનના ઉપયોગ કરવા વડે પણ હિંસા તો થાય જ પણ તેમાં વાયુકાયની જ વિરાધનાનું પાપ લાગે. કારણ વિના બારી–બારણા પણ ખોલવા ન જોઈએ. ઘરાદિનો કૅચરો સાફ કરવામાં પણ ઈલેકટ્રીકસીટીથી ચાલતા સાધનોનો ઉપયોગ ઉચિત નથી. તેના બદલે કોમળ સાવરણી, કે મોરપીંછાદિ વડે વાળવામાં આવે તો જયણા સચવાય, વિમાનાદિ ઝડપી વાહનોમાં પણ વાયુકાયાદિની વિરાધના ઘણી થાય તેથી અતિ ઝડપી વાહનો કરતા ઓછી વિરાધના થાય તેવા વાહનોનો ઉપયોગ રાખવો જોઈએ.

## ❑ વર્તમાનકાળમાં મુમુક્ષુઓને ગુરુ કેવા ગમે ?

કોમળ કે કઠોર. કોમળ ગુરુની શોધ કરે તેથી તેનો આત્મા કોમળ બને નહીં. શરીરની કોમળતા છૂટે નહીં વળી આપણે બધી બાબતોમાં કોમળતાની ઈચ્છાવાળા છીએ તેથી રખડપટ્ટી ચાલુ છે. જગતની પાસે કોમળતાની અપેક્ષાએ જીવવું છે પણ જગત સાથે કઠોર બનીને રહેવું છે. ક્યાં કોમળ રહેવું અને ક્યાં કઠોર બનવાનું છે તે સમજવા માટે તેને જીવનમાં ઉતારવા માટે જ

જીવવિચાર ભણવાનું છે. આત્માની કોમળતાનું ફળ સમતા છે. સમતા માટે સાતામાં સુખની બુદ્ધિ અને અસાતામાં દુઃખની બુદ્ધિ દૂર કરવી પડે. અર્થાત્ સાતાનો ગમો તોડવો પડે અને અસાતામાં અણગમો દૂર કરવો પડે તો જ સમતા આવે.

### ❑ સમતા અને વેદનાનું કારણ કોણ ?

દરેક જીવમાં ચેતનાક્રમ ભિન્ન છે. જેટલી ચેતના વધારે ખૂલે અને કાયા સાથે મમતા વધારે તેટલી વેદના વધે. ચેતના જેટલી વધારે ખૂલે અને સાથે સમજણપૂર્વક કાયાની મમતા ઘટતી જાય તેટલી સમતાનું વેદન વધે–તેટલી નિર્જરા વધે તેથી આત્મામાં નિર્મળતા વધે. સૌથી વધારે ચેતનાનો વિકાસ પંચેન્દ્રિય સંજ્ઞી મનુષ્યપણામાં થાય અને મનુષ્ય જો નિર્ણય કરે કે મારે હવે વેદના ભોગવવી નથી અને સમતા જ ભોગવવી છે તો તેને ચેતનાવાળા જીવોનો ઉપયોગ મૂકવો પડે. સ્થાવરકાય જીવોમાં વાયુકાયના જીવોમાં ચેતનાનો વિકાસ (પ્રત્યેક વનસ્પતિકાય સિવાય) સૌથી વધારે છે અને માટે જ કાયા સાથે સૌથી વધારે વાયુકાયનો સંબંધ છે. તેથી તેના કોમળ શરીરના સ્પર્શથી શીતળતાનો અનુભવ થાય ત્યારે કાયા પ્રત્યે ઉદાસીનતા તથા સ્વાત્મા અને તે જીવો પ્રત્યે કરુણા પ્રગટ થાય અને શક્ય વાયુકાયની રક્ષામાં અને સ્વાત્માને મોહ સ્પર્શના ન થાય તે પ્રમાણે પ્રયત્ન વાળો બને પણ વાયુકાયની શીતળતામાં આનંદ– અનુમોદન તો ન જ થવા દે.

## (૫) વનસ્પતિકાય :

❑ **નમિ રાજર્ષિ :** ભયંકર દાહજવર રાણીઓનું ચંદન ઘસવું ઘસવાથી કંકણનો અવાજ, રાજર્ષિને કંકણનો અવાજ પણ સહન નથી થતો. રાણીઓએ હાથમાં એક કંકણ રાખીને બીજા કાઢી નાખ્યા સંપૂર્ણ અવાજ બંધ, રાજર્ષિ અનિત્ય ભાવનામાં ચડ્યા, કંકણ કાઢવાથી બહાર શાંતિ તો કંકણવાળીઓના અભાવથી કેટલી શાંતિ ? સમગ્ર સંસારના ત્યાગની ભાવના થઈ. જો રોગ શાંત થાય તો સમગ્ર રાજ્યનો ત્યાગ કરી પ્રવ્રજ્યા ગ્રહણ કરવી. અભિગ્રહની

સાથે જ અસાધ્ય દાહજવર શાંત થઈ ગયો. સર્વ જીવોને પીડા નહી આપવાની ઉત્કૃષ્ટ ભાવનાનો આ પ્રભાવ તો પછી સંયમ સ્વીકારી જીવોને પીડા આપવાનું બંધ થઈ જાય તો ધર્મનો કેવો પ્રભાવ પડે? તેવા પ્રકારના જીવોને અભયદાન પીડા ન આપવારૂપે સંયમ (સામાયિક) ધર્મ માટે જીવ વિચારનું જ્ઞાન જરૂરી છે. તેથી પૂ. શાંતિસૂરિ મહારાજ હવે વનસ્પતિ કાયના સ્વરૂપનું વર્ણન કરે છે.

**ગાથા : ૮**

**સાહારણ પત્તેઆ, વણસ્સઈજીવા દુહા સુએ ભણિયા ।**
**જેસિંમણંતાણં તણુ એગા સાહારણા તે ઉ ॥ ૮ ॥**

સાધારણ અને પ્રત્યેક, બે ભેદો વનસ્પતિના ગણો.
જે અનંત જીવની એક કાયા, તેહ સાધારણ ગણો. ૮

### ❑ વનસ્પતિ કાયના મુખ્ય બે પ્રકાર :

(૧) સાધારણ વનસ્પતિકાય (૨) પ્રત્યેક વનસ્પતિકાય.

### ❑ સાધારણ વનસ્પતિકાય :

સાધારણ નામકર્મના કારણે અનંતા જીવો વચ્ચે જેને એક શરીર મળ્યું હોય તથા તૈજસ અને કાર્મણ શરીર દરેક જીવને એક એક હોય. અનંતા જીવોના ઔદારિક શરીર ધારણ કરવારૂપ જન્મ બધાનો સાથે થાય છે અર્થાત્ તે બધા સાથે જન્મ પામે, સાથે જ આહાર ગ્રહણ કરે, સાથે શરીર બનાવે, શ્વાસોચ્છ્વાસ સાથે ગ્રહણ કરે અને એક સાથે બનાવેલા નવા શરીરને છોડી દેવા રૂપ સાથે જ મરણ પામે તેથી તેમને સાધારણ વનસ્પતિ કહેવાય અથવા અનંતા જીવો વચ્ચે સૂક્ષ્મ કે બાદર ઔદારિક કાયા એક જ હોય છે.

### ❑ સોયના અગ્રભાગ પર બટેટાનો જે અંશ આવે તે અંશમાં કેટલાં જીવો રહેલા હોય ?

જ્ઞાની ભગવંત કહે છે કે તેમાં આઠમા અનંતે જીવો રહેલા હોય. એક નિગોદમાં પણ આઠમા અનંતે અને સર્વ નિગોદમાં પણ આઠમા અનંતે, સર્વ

જીવ રાશિ ભેગી કરવામાં આવે તો પણ આઠમા અનંતે નિગોદના જીવોની સંખ્યા થાય. આપણો આત્મા કે જગતનાં સર્વ જીવો જે વર્તમાનમાં વ્યવહાર રાશિમાં રહેલાં છે તે સર્વ જીવો સૌ પ્રથમ સૂક્ષ્મ નિગોદમાં (અવ્યવહાર રાશિમાં) અનંતો અનંત કાળ રહીને આવ્યા છે. જીવની ક્યારેય કદીપણ ઉત્પત્તિ થતી નથી. આથી જીવ અનાદિ કાળથી છે અને તેને કર્મનો કાયાનો સંયોગ પણ અનાદિનો છે પણ કર્મ અને કાયા પ્રતિ ભવમાં બદલાતા જાય, આત્મા તો તેનો તે જ હોય છે, તે કદી બદલાતો નથી પણ તે કર્મોથી દબાયેલો અને કાયાથી ઢંકાયેલો છે.

પરમાત્મા **લોગહિયાણં** એટલે લોકોના હિત કરનારા છે. **લોગનાહાણં** એટલે લોકોના નાથ છે. આ બંને પદમાં વિશેષણ જુદાં જુદાં છે. પરમાત્મા બધાં જ ભવ્ય જીવોના નાથ બની શકતાં નથી પણ જે અપુર્નબંધકદશામાં આવ્યાં હોય તેવા આસન્ન ભવ્ય જીવોના જ નાથ બની શકે, નિગોદમાં રહેલાનો પ્રભુ નાથ ન બની શકે. યોગ ક્ષેમ કરે તે નાથ કહેવાય. સમ્યગ્દર્શનાદિ ગુણનું આધાન કરી શકે તેના નાથ બની શકે.

**લોગહિયાણં** એટલે સર્વ જીવોના હિત કરનારાં છે. પ્રભુએ પણ સર્વજ્ઞ બનીને ભવ્ય જીવોને હિત કરનારી દેશના આપી. આત્માને પોતાના આત્માનું તાત્ત્વિક રીતે ભાન થશે ત્યારે જ સાચો પ્રેમ જાગશે, પછી આત્મા, આત્માનું હિત કરવામાં પાછી પાની કરશે નહીં. વ્યવહારમાં પણ આપણને જેના પ્રત્યે રાગ હોય તેનું બધું સહન કરી લઈએ છીએ. **આપણા તરીકે જેને માન્યા તેનું માનવું છે પણ પરમાત્માનું માનવું નથી.** પરમાત્માની આજ્ઞા છે **મન્હ જિણાણમાણં** તું જિનની આજ્ઞા માન. જનની આજ્ઞા માનીને જગતમાં હે જીવ ! તું ભમ્યો છે. હવે દરેક જીવોને પછી તે નિગોદનો હોય કે બીજો બધા જ જીવોને સિદ્ધનાં જીવો તરીકે માનવાનું કર. ચારિત્ર ગ્રહણ કર્યા પછી સાધુ–સાધ્વીજી ભગવંતો નિગોદ આદિ સર્વ જીવોને પોતાના તરફથી અભયદાન દેવાનું કાર્ય કરે છે.

અઈમુત્તા મુનિએ બાલ સ્વભાવથી સંયમમાં ભૂલ કરી, પણ પરમાત્મા દ્વારા સમજાયું ઈરિયાવહિયં સૂત્ર બોલતાં **પણગ–દગ** પદ આવતાં વિચારે ચડ્યા, **(જત્થ જલં તત્થ વણ્ણ)** શુકલ ધ્યાનની ધારા પર ચડતાં.... પશ્ચાતાપ દ્વારા કેવલજ્ઞાનને પામ્યાં. પ્રભુએ જે પ્રમાણે નિગોદ આદિના જીવોને સિદ્ધ સ્વરૂપે કહ્યાં તે પ્રમાણે તેમણે સ્વીકાર્યા.... પોતાની ભૂલ સમજાણી..... પશ્ચાતાપ થતાં કેવલજ્ઞાન સુધી પહોંચી શક્યા.

સર્વ જીવો મૈત્રી કરુણાને પાત્ર છે, જ્યારે ભારે કર્મી જીવો માધ્યસ્થ ભાવોને પાત્ર છે અને ગુણોનો જે અનુભવ કરી રહ્યાં છે તેઓ પ્રમોદ ભાવને પાત્ર છે. આમ ચારે ભાવના ભાવધર્મ સ્વરૂપ છે પણ સ્વભાવ ધર્મરૂપ નથી. પરંતુ સ્વભાવ ધર્મનું કારણ છે. સ્વભાવ સમગ્ર જીવરાશિને સમદૃષ્ટિથી જોવાનો અને તે પ્રમાણે વર્તવાનો છે.

**जीवादि श्रद्धानं सम्यक्त्वं** સર્વજ્ઞ પરમાત્માએ પોતાનાં કેવલ જ્ઞાનમાં જે રીતે જીવોનું સ્વરૂપ જોયું અને જગતને તે પ્રમાણે જણાવ્યું તે જીવોમાં તે પ્રમાણે શ્રદ્ધા કરવી તે સમ્યગ્ દર્શન છે.

જીવોના મુખ્ય બે ભેદ (૧) મુક્ત (૨) સંસારી. તેમાં સંસારી જીવો સત્તાએ સિદ્ધ પણ કર્મના સંયોગના કારણે સંસારી અવસ્થા (પીડા ભોગવવા વિવિધ કાયા ધારણ) રૂપ છે. તેમાં સૌથી વધારે પીડા ભોગવવાનું સ્થાન નિગોદ છે, જ્યાં (નિકૃષ્ટ–અત્યંત) સૌથી ઓછામાં ઓછા જ્ઞાનનો ઉઘાડ, તેથી તે જીવોને વધારે અવ્યક્ત પીડા છે.

સંસારી જીવમાં ત્રસ–સ્થાવર મુખ્ય બે ભેદ. સ્થાવરનાં પણ બે ભેદ (૧) સૂક્ષ્મ (૨) બાદર. જીવ, વાસ્તવિક સૂક્ષ્મ પણ નથી અને બાદર પણ નથી. સૂક્ષ્મ–બાદર એ પુદ્ગલનો સ્વભાવ છે. કર્મ પુદ્ગલ રૂપ છે, આત્મા કર્મને વશ પડ્યો હોવાથી, આત્માને વસવા માટે પુદ્ગલરૂપ શરીર સૂક્ષ્મ–બાદર પ્રાપ્ત થવાનાં કારણે સિદ્ધ સ્વરૂપી આત્માનો પણ વ્યવહારથી હવે સૂક્ષ્મ–બાદર–સાધારણાદિ ગતિથી વ્યવહાર કરવામાં આવ્યો.

કાલ અનંત નિગોદ ધામમાં, પુદ્ગલ સંગે રહ્યો.
દુઃખ અનંત નરકાદિથી, તું અધિક બહુવિધ સહ્યો. ॥ ૨૩ ॥

(પુદ્ગલગીતા)

આપણા આત્માએ પુદ્ગલના સંગે નરક નિગોદમાં ખરાબમાં ખરાબ દશામાં અનંતકાળ પીડા ભોગવી. કર્મસત્તાએ સિદ્ધ સ્વરૂપી આત્માની કેવી દુર્દશા કરી નાખી ? સૌથી વધારેમાં વધારે અવ્યક્ત પીડા જીવે નિગોદમાં ભોગવી અને વ્યક્ત પીડા સાતમી નરકમાં ભોગવી. સાતમી નરકમાં જે વ્યક્ત પીડા છે તેનાથી અનંતગણી પીડા નિગોદમાં એક જીવને ભોગવવી પડે.

जं नरए नेरईआ दुहाई पावंति घोर-णंताइं
तत्तो अणंतगुणियं, निगोअमज्झे दुहं होइ ॥४९॥

(વૈરાગ્ય શતક)

❑ **સાતમી નરકનું દુઃખ :**

સાતમી નરકના ઘોર અંધકાર, અતિશય શીત વેદના, સર્પાદિના મરેલા કલેવરની તીવ્ર દુર્ગંધ, પ્રથમ પાથડામાંથી એક કોડી જેટલી ગંધ અહીં મનુષ્યક્ષેત્રમાં લાવવામાં આવે તો ૧ માઈલના વિસ્તારમાં રહેલા તિર્યંચો–મનુષ્યો મૃત્યુ પામે, તો પછી ૭મી નરકમાં ગંધની તીવ્રતા કેટલી ભયંકર હશે ? આવી તીવ્ર ગંધ ૩૩ સાગરોપમ સુધી સતત સહન કરવી પડે. ૭મી નરકનાં તળિયા અશુચિ પદાર્થોથી ખરડાયેલાં અને ઊભા ખોડેલા છરાવાળા હોય, તેમાં નરકના જીવોના પગના તળિયા સતત કપાયા કરે. વળી નારકો એક બીજાને દુશ્મન માની પરસ્પર લડ્યા કરે તે વેદના પણ ભયંકર હોય છે. તથા તેઓના શરીરમાં રોગો (૫ કોડ, ૯૮ લાખ, ૯૯ હજાર, ૫૮૪) ઉત્પન્ન થાય. અર્થાત્ સમગ્ર શરીરમાં આટલા રોગો પ્રગટ થાય તેની ઘોર વેદના તેઓને ભોગવવી પડે. આવી ભયંકર વેદના ૧–૨ વર્ષ નહીં પણ ૩૩ સાગરોપમ સુધી ભોગવવી પડે. આ વેદનાઓ કરતાં પણ નિગોદનું દુઃખ અધિક છે.

## ❑ સાતમી નરકના દુઃખ કરતાં નિગોદનું દુઃખ અધિક કઈ રીતે ?

સાતમી નરકના ૩૩ સાગરોપમ તેના જેટલા સમય થાય તેટલા સમય પ્રમાણ સંખ્યારૂપે સાતમી નરકના ભવની જ પ્રાપ્તિ થાય અને તે ભવોમાં જે દુઃખો ભોગવે તેના કરતાં નિગોદના જીવને એક ભવનું દુઃખ વધારે હોય. નિગોદના એક શ્વાસોચ્છ્વાસમાં ૧૭॥ વાર જીવોનું જન્મ–મરણ થાય. (એટલે ૧ મુહૂર્તમાં ૬૫૫૩૬ જન્મ–મરણ થાય અને એક દિવસમાં ૧૯ લાખ ૬૬ હજાર ૮૦ ભવ થાય.)

આવી રીતે અવ્યવહાર રાશિ સૂક્ષ્મ નિગોદમાં જીવોના જન્મ મરણ રૂપ ઘોર વિડમ્બણા અનંતાનંત કાળ જીવે ભોગવી છે. એક આત્મા સર્વથા પીડાથી મુકત થાય તેના પ્રભાવે એક જીવાત્મા અનાદિ નિગોદની જેલમાંથી બહાર આવે અને પછી તે પાંચ સૂક્ષ્મમાં (પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, સાધારણ વનસ્પતિમાં) ઉત્પન્ન થાય. ૧૪ રાજલોકમાં અસંખ્ય આકાશ પ્રદેશમાં (અનંત) ઉત્સર્પિણી–અવસર્પિણી કાળ સુધી પાંચ સૂક્ષ્મમાં ભમે પછી તે બાદરપણાને પામે.

આત્મા બાદર કે સૂક્ષ્મ નથી પણ નામકર્મની ૧૦૩ પ્રકૃતિમાંની મુખ્ય બાદર કે સૂક્ષ્મ નામકર્મ રૂપ છે. તે નામકર્મના ઉદયે જીવને તેવી કાયામાં પૂરાવું પડે છે. ૧૪ રાજલોકમાં વિસ્તાર પામી શકે તેવો આત્મા કર્મને વશ બની સૂક્ષ્મ કાયામાં પૂરાઈ જાય, તે જીવોને વિશિષ્ટ જ્ઞાની સિવાય (અવધિ–કેવલજ્ઞાની સિવાય) કોઈ જોઈ પણ શકતા નથી, ને કાયા ચર્મચક્ષુ કે ઈન્દ્રિયનો વિષય પણ ન બને, તેથી તેની શ્રદ્ધા કરવી પણ દુષ્કર થાય. એક ઔદારિક જીવની કાયામાં અનંતાનંત–૮મા અનંત રાશિ પ્રમાણ નિગોદના જીવો રહેલા હોવા છતાં તે દેખાય નહીં તેવા ઠાંસી ઠાંસીને ૧૪ રાજલોકમાં ભરેલા છે. એક સૂક્ષ્મ સાથે બીજા સૂક્ષ્મ જીવો સ્પર્શના પામે એટલે એમને ભયંકર પીડા થાય પણ બાદર જીવોના શરીરથી સૂક્ષ્મ જીવોને પીડા ન થાય. સૂક્ષ્મ જીવોનું શરીર એટલું બધુ સૂક્ષ્મ પરિણામી છે કે જેથી તેમના શરીરને ગમે તેવા શસ્ત્રો, અગ્નિ વિગેરે પીડા આપવા સમર્થ નથી. અર્થાત્ બાળવા, છેદન–ભેદન કરવા સમર્થ


ન થઈ શકે. આ સૂક્ષ્મ શરીરમાં અસંખ્ય આત્મપ્રદેશો સંકોચાઈને રહેલા છે અને એક એક આત્મ પ્રદેશ પર અનંતાનંત કાર્મણ વર્ગણાના જથ્થા રૂપ કાર્મણ શરીર અને તૈજસ શરીર દરેક જીવનું જુદું–જુદું રહેલું છે. આથી તે જીવોને તેની તીવ્ર વેદનાનો અવ્યક્ત અનુભવ થાય. જ્ઞાનાદિ ગુણો જીવોને માટે સુખની ખાણ છે, સુખના કારણરૂપ છે, પણ નિગોદના જીવોને જ્ઞાનનો અંશમાત્ર ભાગ ખુલ્લો હોય છે, બાકી ઢંકાયેલો હોય છે. આથી કર્મોના સંયોગરૂપ કાયા–મોહની ઉદયરૂપ અવસ્થાના કારણે તે જીવો મહાભયંકર પીડા અવ્યકત રીતે અનુભવે. તે પીડા કોઈને તેઓ પ્રગટ કરી શકતા નથી. આવા સૂક્ષ્મપણાની અવસ્થામાં જીવ અનાદિકાળ રહ્યો. મનુષ્ય ભવને પામ્યા પછી પણ જો આત્મા પ્રમાદને વશ બની સમકિત પામ્યા વિના મરે તો ફરી આ સૂક્ષ્મ નિગોદમાં પણ જઈ શકે, પણ ત્યાં કાયમી રહી શકે નહીં. ઉત્કૃષ્ટ ૨–૧/૨ (અઢી) પુદ્‌ગલ પરાવર્તકાળ રહી શકે અને જો સમકિતની સ્પર્શના એક વખત પણ થઈ ગઈ હોય તો અર્ધ પુદ્‌ગલ પરાવર્તકાળની અંદર ત્યાંથી નીકળીને મોક્ષ પામી જાય.

### ❑ સૂક્ષ્મ નિગોદના અસંખ્ય ગોળા (શરીર) રહેલા છે, તેમાંથી વ્યવહારરાશિમાં આવેલા જીવોની સંખ્યા કેટલી છે ?

કેવલી ભગવંતે એક જ ઉત્તર આપ્યો છે કે એક નિગોદના ગોળાના અનંત ભાગ પ્રમાણ જ જીવો આજ સુધી વ્યવહારરાશિમાં આવ્યા છે અને ભવિષ્યમાં અનંતાકાળમાં પણ એક નિગોદના ગોળાના અનંતમા ભાગ પ્રમાણ જ જીવો આવશે. એક ગોળો પણ ક્યારેય પૂર્ણ ખાલી થવાનો નથી. બાદર નિગોદમાં પણ એવા અનંતા જીવો છે કે જે અનાદિથી આજ સુધી પ્રત્યેક વનસ્પતિકાયને પણ પામ્યા નથી. આમ નિગોદના જીવો સૌથી વધારેમાં વધારે અવ્યકત પીડાનો અનુભવ કરતા હોય છે.

નિગોદ–નિષ્કૃષ્ટ સ્થાન અર્થાત્ જ્યાં અક્ષરના અનંતમા ભાગ પ્રમાણ માત્ર જ્ઞાનાદિ ગુણો ખુલ્લા છે. બાકી બધા ગુણો કર્મોથી ઢંકાયેલા હોવાને કારણે તેઓ આકુળતા–વ્યાકુળતા રૂપ, મોહના ઉદય રૂપ મૂંઝવણને આર્ત્તધ્યાન રૂપે

❑ ૧૪ રાજલોક અસંખ્ય સૂક્ષ્મ નિગોદના ગોળાથી વ્યાપ્ત છે.



અનુભવતા હોય છે. એક બીજા પ્રત્યે અવ્યક્ત દ્વેષ પરિણામ તેઓને રહેલો હોય છે. અનાદિકાળ સુધી જીવ અનંતા શરીરવાળાની સાથે રહેવા ટેવાયેલા હોવાથી તેને શરીરવાળાઓનો સંગ છોડવો ગમતો નથી. **પરનો સંગ જેટલો વધારે તેટલું આત્માને દુઃખ વધારે અને પરનો સંગ જેટલો ઓછો તેટલું આત્માને સુખ વધારે.**

**મોક્ષ માર્ગમાં છોડવાની પ્રધાનતા છે અને આપણને છોડવાનું ગમતું નથી.** અનાદિકાળથી જે પકડ્યું છે તે છોડ્યા વિના આત્માને સુખનો અનુભવ નહીં થાય. મિથ્યાત્વના ઉદયે મોટા ભાગના જીવોને પર વસ્તુ મેળવવામાં સુખનો ભ્રમ પ્રગટ થયો છે, તેથી જેટલું બહારનું વધારે મળે તેમાં વધારે સુખ માની વધારે દુઃખી થાય છે.

આમ જીવ સૂક્ષ્મપણામાં દીર્ઘકાળ વ્યતીત કરી ત્યાં અકામ નિર્જરા દ્વારા બાદરપણાને પામે. એટલે સૂક્ષ્મપણામાં સૌથી ઓછી અકામ નિર્જરા થાય તેના કારણે ઘણા ભવો સૂક્ષ્મપણાના બંધાય. એમ દીર્ઘકાળ વ્યતીત થયા પછી અકામ નિર્જરા વધતાં જીવ બાદરપણાનું આયુષ્ય બાંધી સૂક્ષ્મ કાયામાંથી બાદર કાયામાં આવે. સૂક્ષ્મપણામાંથી સીધો આત્મા ત્રસપણાને પામી શકતો નથી પણ બાદર એકેન્દ્રિયમાંથી ત્રસપણાને પામી શકે અને તે પણ તેઉ–વાઉ સિવાય. જેમ મરુદેવીનો આત્મા સૂક્ષ્મ નિગોદમાંથી બાદર નિગોદમાં આવી ત્યાંથી પ્રત્યેક વનસ્પતિકાયમાં, ત્યાંથી સીધો મનુષ્યભવમાં આવી મોક્ષને પામ્યો.

❑ **બાદર નિગોદને અનંતકાય પણ કહેવામાં આવે છે.**

**ગાથા : ૯**

**કંદા અંકુર કિસલય, પણગા સેવાલ ભૂમિફોડાય,**
**અલ્લતિય ગજ્જર મોત્થ, વત્થુલા થેગ પલ્લંકા ॥ ૯ ॥**

કંદ, અંકુરા, કુંપલો, ને પંચવરણી નીલ ફૂગ,
સેવાલ, ગાજર, મોથ, વત્થુલ, શાક, પાલખું જાણ થાગ;

લીલી હળદર લીલો કચુરો, આદુ લીલું જાણીએ,
ટોપ બિલાડી તણા, સર્વે કુણાં ફળ માનીએ. ૯


**ગાથા : ૧૦**

**કોમલ–ફલં ચ સવ્વં, ગૂઢ સિરાઈ સિણ્ણાઈ પત્તાઈ,**
**થોહરિ કુંઆરી ગુગ્ગુલિ, ગલોય પમુહાઈ છિન્નરુહા ॥ ૧૦ ॥**

તે પાંદડાં શિણ આદિનાં, જેની નસો છાની રહે;
થોર, કુંવર, ગળો, ગુગ્ગળ, આદિ ચિત્તે આણીએ;
છેદ્યા છતાં ઉગે ફરી, તેવા વળી જે હોય છે;
અનંતકાય તણા જ, ઇત્યાદિક ભેદ અનેક છે. ૧૦

## ❑ વ્યવહાર રાશિમાં આવેલા બાદર નિગોદ (અનંતકાય) નું સ્વરૂપ :

બાદર નિગોદ સામાન્યથી પૃથ્વીકાય, અપ્કાયને આશ્રયીને રહેનારી છે. જ્યાં જ્યાં અપ્કાયના જીવો રહેલા છે ત્યાં ત્યાં વનસ્પતિકાય (સાધારણ) પણ રહેલી હોય છે.


કંદા

★ **કંદા :** બધી જાતના કંદો (ભૂમિના મધ્યભાગમાં થયેલા) કાંદા–બટેટા વગેરે જે લીલાં હોય ત્યાં સુધી તે અનંતકાય જ હોય પણ હળદર, આદુ વગેરે સુકાય પછી અનંતકાય ગણાતા નથી. એક ઔદારિક શરીરમાં અનંતા જીવો રહેલા છે. સોયના અગ્રભાગ પર રહેલા બટેટાનો અંશ તેમાં પણ અનંતા જીવો રહેલા છે. આખા બટેટામાં આઠમાં અનંતે જીવો છે અને બધા નિગોદના ગોળાની પણ સંખ્યા આઠમાં અનંતની છે અને સઘળી જીવરાશિની પણ સંખ્યા આઠમે અનંતે છે. અનંતકાયમાં જીવોની મહાવિરાધનાના પાપને જાણીને (ઉર અનંતકાયને ઓળખીને) તેનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. **જેના ઘરમાં કંદમૂળ ખવાય તેનું ઘર સ્મશાન જેવું જાણવું. આથી અનંતકાયને માંસની પણ ઉપમા**

**આપવામાં આવી છે માટે તેનો ત્યાગ અવશ્ય કરવો. ખાવું નહી તેમ ખવડાવવું પણ ન જોઈએ.** તેમજ વાપરવાના ત્યાગ સાથે વાહનાદિ વગેરે ચલાવતાં બટેટાદિ કચડાઈ ન જાય તેનો પણ ખાસ ઉપયોગ રાખવો જોઈએ.




★ **અંકુર :** ફણગા અવ્યકત પાંદડાદિ અવયવરૂપ અવસ્થા, અર્થાત્ પાંદડાથી રહિત અવસ્થા. પાણીમાં કઠોળ પલાળ વામાં આવે ત્યારે જો વધારે વખત પાણીમાં પલળે તો તેમાં ફણગા ફૂટવાની પૂરી સંભાવના છે. ફણગા ફૂટે તે અનંતકાય છે (બીનું ફૂટવું તે).




★ **કિસલય :** કૂંપળ વનસ્પતિ ઉગતી વખતે જે નવા કૂણા પાંદડા તરીકે પ્રગટ થાય તે.


**सव्वोवि किसलओ खलु उग्गममाणो अणंतओ भणिओ ।**
**उदगच्छन् प्रथमाङ्कुर, सर्व साधारणो भवेत् ।**

**(લોક પ્રકાશ)**

બીજનો જીવ અથવા અન્ય જીવ મૂળપણે ઉત્પન્ન થઈ તેની બીજ અવસ્થા જમીન ફાડવા રૂપ અંકુર તરીકે ઉત્પન્ન થઈ તે પછી કિસલય (પાંદડારૂપ) અવસ્થા થાય ત્યારે તેમાં અનંતા જીવો નિયમા હોય. આથી ઊગતી વખતે પાંદડારૂપ જે કિસલય અવસ્થા છે તે અનંતકાય સ્વરૂપ છે પછી તે પ્રત્યેક વનસ્પતિ હોય તો પ્રત્યેક રૂપે વિકાસ પામે અને અનંતકાય હોય તો અનંતકાય રૂપે થાય, **માટે જ શ્રાવકે ખેતીવાડી, બાગ, બગીચા, ફાર્મહાઉસ કરવા ન જોઈએ.**

ચાતુર્માસમાં પ્રથમ જ્યારે વરસાદ થાય ત્યારે જમીનમાં આવા કિસલયોની પુષ્કળ ઉત્પતિ થાય. આથી હરવા–ફરવામાં મહાદોષ સંભવે તેથી વરસાદ પહેલાં જ સાધુઓને પ્રવેશ કરવાનું વિધાન છે.

★ **પનક :** પંચવર્ણીય ફૂગ. વિજ્ઞાને ફૂગની ૫૦ હજાર જાતિ શોધી છે.




બગડેલી કેરીમાં જે કાળા ડાઘ પડે તે ગોળાકારે કાળી–લીલી ફૂગ છે. તેમાં અનંતકાય જીવોની ઉત્પતિ થઈ માટે તેટલો ભાગ કાઢીને પણ તે ન વપરાય (આદ્રા નક્ષત્ર પછી તે વધારે સંભવે માટે આદ્રા નક્ષત્ર પછી કેરી ત્યાજય છે.) લીલા વર્ણવાળી, લીલ ફૂગ પાણીમાં વિશેષ થાય. નદી, સરોવર, ખાબોચિયા જ્યાં પાણી વધારે ટાઈમ પડ્યું રહે, માટીવાળા સ્થાનોમાં પણ લીલીફૂગ થવાનો સંભવ, બાગ–બગીચા, વાડીઓ, ફૂલાદિ છોડવાઓના કૂંડામાં પણ આ પુષ્કળ પ્રમાણમાં થાય.

પાણીના ટાંકા ભરેલા હોય તેના તળિયામાં તેમજ પાણીના માટલાં પણ રોજે રોજ બદલવામાં ન આવે અને ભીના જ માટલામાં પાણી ભરવામાં આવે તો તેમાં પણ નિગોદ થવાનો સંભવ રહે. માટે સચિત્ત પાણીથી ભરેલા માટલાનું પાણી વાપરવામાં નિગોદના જીવોની વિરાધનાનો દોષ લાગે. પરંતુ અનંતકાય ત્યાગવાળાઓનો નિયમ ભંગ ન થાય, પણ દોષ જરૂર લાગે. માટે પાણી અચિત્ત કરીને વાપરવું તે વધારે હિતાવહ છે. વરસાદના કાળમાં જવા–આવવાના માર્ગમાં ડામર કે સફેદ પટ્ટો ન કરાવવામાં આવે તો મહા વિરાધનાનો દોષ લાગે. સાધુ ભગવંતોને પણ ચાતુર્માસ બેસે તે પહેલાં એક વખત સંપૂર્ણ કપડાનો કાપ કાઢવાની જિનાજ્ઞા છે. નહિંતર વરસાદનું પાણી મેલ– પરસેવાદિના કારણે કપડામાં નિગોદ થવાનો સંભવ રહે.

મિઠાઈ વગેરે ખાદ્ય પદાર્થોમાં ફુગાદિ વિશેષ સંભવે. અગાસી, ભીંતો વગેરેમાં પણ જોવા મળે. ખાવાની બધી જ વસ્તુ (ગોળાદિ) જરાપણ ભેજ ન લાગે તેવી રીતે પેક કરીને રાખવી જોઈએ. સુખડીનો કાળ ચાર્તુમાસમાં ૧૫ દિવસનો હોવા છતાં તેમાં ભેજ લાગવાના કારણે નીલ–ફૂગ થઈ જાય તો તે

અભક્ષ્ય બની જાય.

બગડી ગયેલા ઘીમાં લાલવર્ણના ઝીણા ઝીણા કણ પેદા થઈ જાય, પાટુડીમાં ઘી એમને એમ પડ્યું રહે તો પણ ક્યારેક લાલવર્ણની ફૂગ થવાનો સંભવ. ભેજવાળા વાતાવરણમાં પાપડ–બુંદી–મિઠાઈ, સૂકવણી વિગેરેમાં નિગોદ થવાનો સંભવ.





★ **સેવાળ :** પાણીમાં તળિયે લીલા રંગનું પડ જામી જાય તે. જમીન તેથી ચીકણી બની જાય. આથી ચોમાસામાં કારણ વિના હલન–ચલન કરવાનું નહીં વારંવાર પૂંજવા–પ્રમાર્જવાનો ઉપયોગ રાખવો જરૂરી છે. **જિન શાસન જીવદયા પ્રધાન છે અને સમગ્ર વ્યવહાર આજ્ઞા પ્રધાન છે. પ્રભુની આજ્ઞા જયણાપૂર્વક આચરણ કરવાની છે.**





★ **ભૂમિફોડા :** બિલાડીના ટોપ છત્રાકારે વર્ષાકાળમાં ભૂમિ ઉપર ઊગે. વર્તમાનમાં તેની પુષ્કળ ખેતી કરવામાં આવે છે. લોકો સ્વાદ માટે તેનો ઉપયોગ કરે છે. શરીરની પુષ્ટિમાં તે વધારે સહાયક થાય. તેમાં મીઠાશ છે પણ તે ખાવાથી માંસથી પણ વધારે વિરાધના છે, મહાવિગઈ છે. સામાન્યથી લોકોમાં કંદમૂળનું વપરાશ વધારે પડતું જોવામાં આવે છે કારણ લોકોની દૃષ્ટિ જીભ–મન–શરીર તરફ જ છે પણ આત્મા સામે નથી, તેથી તેનો બેફામ ઉપયોગ કરે છે. આ ઘોર અજ્ઞાનતા છે. અમુક અમુક જૈનેતર ગ્રંથોમાં પણ કાંદા–બટાટા–લસણ ખાવાનો નિષેધ કરવામાં આવ્યો છે. મસરુણ (ભૂમિફોડા) અનંતકાય છે માટે તે ત્યાજ્ય છે તેવી વાત પ્રાયઃ ક્યાંય જણાવવામાં આવી નથી. તેથી અજ્ઞાનતાના કારણે લોકો તેનો ઉપયોગ કરે છે.

★ **અલ્લયતિય :** લીલું આદુ, લીલી હળદર, લીલો કચૂરો, તે અનંતકાય છે તેથી તે વપરાય નહીં પણ સૂકાઈ ગયા પછી આદુને સૂંઠ કહેવામાં આવે છે અને તેનો મસાલા તથા ઔષધ તરીકે ઉપયોગ થાય છે. હળદર પણ સૂકાઈ ગયા પછી મસાલા તરીકે કે ઔષધ તરીકે વપરાય છે. કચૂરાનો ઉપયોગ પ્રાયઃ જૈનો કરતાં નથી, જૈનેતરોમાં થતો દેખાય છે. કોંકણ દેશમાં વિશેષ થાય તેનો છોડ હળદર જેવો બે હાથ લાંબા અને કાળાશ પડતા લીલા રંગના પાન આવે છે તેનું કંદ જમીનમાં થાય છે.





★ **ગજ્જર :** ગાજરમાં મીઠાશ વધારે હોવાને કારણે ઘણા દેશોમાં તેમાંથી ખાંડ પણ બનાવાય છે. ગાજરથી પણ રતાળુમાં વધારે મીઠાશ હોય છે તેથી તેમાં વધારે આસક્તિ થાય એટલે કર્મ બંધ વિશેષ થાય.




★ **મોત્થ :** મોત્થ એક પ્રકારનું ઘાસ છે. તે જળાશયના કિનારે કાળા રંગની થાય છે. ભૂંડને એના પાંદડા પ્રિય છે. મોત્થના મૂળને નાગરમોથ પણ કહેવાય છે.


★ **વત્થુલા :** ટાંકાની ભાજી (લુણી) તેના પાંદડા ઘણા નાના અને અતિકૂણા તેથી તે સાધારણ વનસ્પતીમાં ગણાય.













★ **થેગ :** મોગરી સ્વાદમાં મૂળા જેવી તીખી તે અનંતકાય છે.


★ **પલ્લંકા :** પાલકની ભાજી અભક્ષ્ય.

★ **કોમલ ફલ : (निर्बीज फलमनंतकायः)** જે ફળમાં બી કે ગોટલી બંધાણી ન હોય તે સર્વ કોમળ ફળ કહેવાય અને કોમળ ફળને અનંતકાય જાણવા. કાચી આંબલી અત્યંત કુણી હોય એટલે જેમાં બી બંધાયા ન હોય તેવી, આંબાના મોર, કુણા પાંદડા વિગેરે અનંતકાય સ્વરૂપ હોવાથી ન વપરાય–વર્જ્ય છે.





બધા જ ધાન્યના કોમળ દાણા જ્યાં સુધી પરિપકવ ન થાય ત્યાં સુધી અનંતકાય હોવાથી ન ખવાય. લોકમાં તે પોંક (ઘઉંના, મકાઈ આદિના કોમળ દાણા) તરીકે પ્રસિદ્ધ છે પરંતુ તે અનંતકાય રૂપે હોવાથી ન વપરાય. જેમ માંસ રાંધ્યા પછી પણ તેમાં તદ્‌વર્ણીય નિગોદની ઉત્પત્તિ થાય છે તેમ પોંક રાંધ્યા પછી પણ ખાદ્ય ન બને. તેમાં ભાવહિંસા વિશેષ છે. જેટલી વસ્તુમાં કોમળતા, મીઠાશ અને સ્નિગ્ધતા વધારે તેટલી તે ઈન્દ્રિયોને શરીરને વધારે પ્રિય, તે શાતાનું તથા મહારાગનું કારણ બને. રાગ થવો તે ભાવહિંસા છે. મોટા ભાગના જીવોની પસંદગી કોમળતા પર છે. મચ્છર પણ કોમળ અંગો ઉપર જ બેસશે કારણ જીવને કર્કશ સ્પર્શ ગમતો નથી પણ કોમળ સ્પર્શ જ ગમે છે, તેમાં જ સુખ માની મહા કર્મબંધ કરે છે. મોટા ભાગના જીવો સ્વાદ–સુખ માટે જ જીવે છે. તેમાં જ પોતાને સુખી માને છે. આ મહા અજ્ઞાનતા છે. પુદ્‌ગલની

કુણાશમાં ખોવાઈ જાય છે. પરિણામે આત્માની કરુણા–કુણાશ ખોઈ નાખી સંસાર ભ્રમણ વધારી નાંખે છે.




★ **મૂળા :** મૂળાનો કંદ અનંતકાય છે. તેના પાંચે અંગ અભક્ષ્ય છે પણ અનંતકાય નથી માટે આપણાથી વપરાય નહીં, પુરાણ શાસ્ત્રમાં મૂળાનો નિષેધ કર્યો છે. માંસ ખાવું સારું પણ મૂળાનું ભક્ષણ કરવું સારું નહીં, મૂળા ખાય તે નરકે જાય, રાતા મૂળાનાં ભક્ષણથી ગાયના માંસના ભક્ષણથી પણ વધારે પાપ લાગે છે. શ્વેત મૂળા મદિરાપાન સમાન છે.

★ **ખારી જાળ વગેરેના પાંદડા :** સાધારણ વનસ્પતિકાયમાં ગણના કરેલ છે. તેના પાન ટૂંકા અને પહોળા હોય છે. પીલુ તરીકે તેના વૃક્ષ જાણીતા હોય છે.




★ **થોર :** જે કાંટાળી હોય– વાડીમાં વાડ કરવામાં ઉપયોગી જોવા મળે છે. જેને છેદવાથી તેમાં દૂધ ઝરે અને થોરને કાપીને વાવવાથી તે ઉગે.




★ **કુંવાર :** કુવારપાઠું–ગર્ભવાળા પાંદડા–તેમાં જે ચીકણો રસ હોય તે અમુક રોગોમાં ઔષધિ તરીકે વપરાય.

★ **ગુગ્ગળ :** રેતાળ પ્રદેશમાં ઊગે તેના પાંદડા અત્યંત નાના અને અણી વિનાના હોય અને તે ઝાડનો રસ ઔષધમાં વપરાય.

★ **ગળો :** લીમડાના ઝાડ પર એક જાતની વેલ વીંટાય છે. તે સૂકાયા

પછી ઔષધ તરીકે વપરાય છે. કડવી—અણાહારી તરીકે તેનો ઉપયોગ થાય છે. (ગળોસત્વ)

**ગાથા : ૧૧**

**ઈચ્ચાઈણો અણેગે, હવંતિ ભેયા અણંતકાયાણં ।**
**તેસિં પરિજ્ઞાણત્થં, લક્ખણ–મેઅં સુએ ભણિઅં ॥ ૧૧ ॥**

અનંતકાય, નિગોદ, સાધારણ ત્રણે એક માનવા,
આ ભાખ્યું લક્ષણ સૂત્રમાં, તેને વિશેષ જાણવા;
જેની નસો, સાંધા અને, કાંઠાઓ ગુપ્ત જણાય છે,
ભાગ સરખા ભાંગતાં બે, જેહના ઝટ થાય છે ૧૧.

**ગાથા : ૧૨**


**ગૂઢસિર–સંધિ–પ્પવ્વં, સમભંગ–મહીરુગં ચ છિન્નરુહં**
**સાહારણં સરીરં, તવ્વિવરીઅં ચ પત્તેયં ॥ ૧૨ ॥**

જે છેદીને વાવ્યું છતું, ફરી ઉગનારું હોય છે;
ભંગ સમયે તાંતણા વિણ, કાય જેની જણાય છે;
શરીર સાધારણ વનસ્પતિકાયનું તે જાણવું;
વિપરીત તેથી હોય તે, પ્રત્યેકનું તનુ માનવું. ૧૨


આમાં બતાવેલા અનંતકાયના ભેદોથી બીજા પણ અનંતકાયના અનેક ભેદો છે. છતાં આગમમાં ૩૨ ભેદો જ બતાવાય છે કારણ કે લોકમાં ૩૨ ભેદો જ પ્રસિદ્ધ છે, બાકી અપ્રસિદ્ધ ભેદો ઘણાં છે, તે બધા જાણવા માટે સૂત્રમાં તેના સામાન્યથી લક્ષણો કહ્યાં છે.


ગુપ્ત એવી નસો, સાંધા અને ગાંઠાવાળું, ભાંગતા એક સરખા ભાગ થાય તેવું, તાંતણા વગરનું અને કાપ્યા છતાં ફરીથી ઊગનારું સાધારણ વનસ્પતિકાયનું શરીર છે. તેનાથી વિરુદ્ધ પ્રત્યેક વનસ્પતિકાયનું શરીર જાણવું.









**(૧) ગુઢસિર (ગુપ્તનસો) :** જેમાં નસો ગુપ્ત હોય એટલે કે અંદર હોવા છતાં જે સ્પષ્ટ દેખાતી ન હોય તે ગુઢસિર કહેવાય. જેમ કે કુંવારપાઠા, શેરડીના સાંઠા વગેરે કે જેમાં નસો, સાંધો અને ગાંઠો હોવા છતાં સ્પષ્ટ દેખાતી નથી.









**(૨) ગુઢસંધિ (ગુપ્ત સાંધો) :** સંધી એટલે સાંધો. એક ડાળીને બીજી ડાળી જોડાય તેને સાંધો કહેવાય અને તે સાંધો જેના ગુપ્ત હોય તે ગુઢસંધિવાળી ડાળી કહેવાય.





**(૩) ગુઢપર્વ (ગુપ્તગાંઠ) :** જેમાં ગાંઠ હોવા છતાં દેખાય નહીં તે. પર્વ એટલે બે ગાંઠ વચ્ચેનો ભાગ.




(૪) **સમભંગ :** જેને ભાંગતા સરખા ભાગ થતા હોય તે.




(૫) **મહિરંગ :** તાંતણાં વગરનું હોય તે. જેમ કે બટાકું.

(૬) **છિન્નરુંહ :** છેદવા છતાં ઊગે તેવું.

❑ **સાધારણ વનસ્પતિના સામાન્ય લક્ષણો :** જે વનસ્પતિમાં ગુઢ, ગુપ્ત, શિર, સાંધા અને પર્વ–ગાંઠ હોવા છતાં જેમ બિલાડીના ટોપમાં છત્ર અને દંડ વચ્ચેનો સાંધા હોવા છતાં પ્રગટ દેખાય નહીં અને જે વનસ્પતિનો છેદેલો ટૂકડો વાવવાથી ફરી ઊગે. (સૂકાય જાય પછી પણ તે ઉગે) જેમ બટેટાના ટૂકડા કરીને જમીનમાં વાવવામાં આવે તો તે ઊગે. કુંવારપાઠુમાં નસો–સાંધા–પર્વ છે છતાં દેખાય નહીં. પીલું વનસ્પતિના પાંદડાં ભાંગવાથી એરંડાના પાંદડાંની જેમ વાંકા ચૂકા થતાં નથી, પણ સમાન ભાગ થાય છે. બટેટા–શક્કરીયા વગેરેમાં તાંતણાં દેખાતા નથી. કુંવારપાઠુને છેદીને અદ્ધર લટકાવવાથી ફરીથી ઊગે.

❑ **સાધારણ વનસ્પતિકાયના વિશેષ લક્ષણો :**

(૧) મૂળના કાષ્ઠથી (વલ્કલરૂપ) છાલ વિશેષ જાડી કે સમાન હોય તો તે અનંતકાય જાણવી.

(૨) વનસ્પતિની ગાંઠ (પર્વ) રજવાળી હોય અથવા વનસ્પતિ ભાંગવાને સ્થાને ઘણી રજ વ્યાપ્ત થઈ હોય તે.

(૩) જે વનસ્પતિ સૂકાવવા દીર્ઘકાળ જોઈએ અને મૂળ વિના પણ વૃદ્ધિ પામનારી હોય અને તે વૃક્ષાદિને સંપૂર્ણ ઢાંકી દે.

(૪) જે વનસ્પતિના પાંદડાં ભાંગતા તેમાંથી દૂધ ઝરે (આંકડાદિ).

(૫) જે વનસ્પતિના મૂળાદિ દશે અવયવ ભાંગતાં સમભંગ થાય. (કોમળપણાને કારણે.)

(૬) જે વનસ્પતિના મૂળ–કંદપત્ર–સ્કંધ––પુષ્પ–છાલને ભાંગતા ચક્રાકાર સમ છેદ થાય.

(૭) કેટલીક વનસ્પતિ (સાધારણ) તેનો આગળનો ભાગ વાવવાથી ઊગે.

કેટલીક વનસ્પતિનું મૂળ વાવવાથી ઊગે, કેટલીક વનસ્પતિની ડાળો રોપવાથી ઊગે, કેટલીક વનસ્પતિની ગાંઠ રોપવાથી ઊગે, કેટલીક વનસ્પતિના બી વાવવાથી ઊગે અને કેટલીકના બી વિના માત્ર દ્રવ્યોના સંયોગ માત્રથી ઊગે.

### ❑ સાધારણ વનસ્પતિની સંખ્યા પ્રમાણ :

– સૂક્ષ્મ સાધારણ વનસ્પતિ ૧૪ રાજલોકમાં સર્વત્ર અસંખ્ય નિગોદના ગોળારૂપે જે અનંતા ૧૪ રાજલોક પ્રમાણ.

– બાદર સાધારણ વનસ્પતિ ઘનીકૃત સંપૂર્ણ લોકના પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશ રાશિ પ્રમાણ.

– અસંખ્ય પર્યાપ્ત બાદર નિગોદ (શરીરો) છે. જે એક શરીરમાં અનંતાનંત જીવો રહેલાં છે. અપર્યાપ્ત બાદર–પર્યાપ્તાથી અધિક હોય.

**કંદમૂળ :** એક આખા બટાકામાં આઠમાં અનંતે જીવો રહેલા છે અને સોયના અગ્રભાગ પર પણ જીવો આઠમે અનંતે છે. અર્થાત્ સોયનાં અગ્રભાગ

પર રહેલા બટેટાનાં કણમાં દુનિયાની સમસ્ત પૃથ્વી, અપ્, તેઉ, પ્રત્યેક વનસ્પતિ, વિકલેન્દ્રિય, સર્વ તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્યો–દેવો–નારકોથી અનંત ગુણી સંખ્યા રહેલી છે. તેમાં જીવો ઉત્પન્ન થાય અને મરણ પામે.

## ★ પ્રત્યેક વનસ્પતિકાય ★

### ❑ આત્મા સમભાવ વાળો અને સ્થિર કેવી રીતે બને ?

પૂર્વના મહર્ષિઓ જિન વચનને પકડીને ચાલ્યા તેથી શરીરની સામે જોયું નહીં અને સર્વત્ર આત્માને ભૂલ્યા નહીં. જીવમાં શિવના દર્શન કરી શિવમય બનવાના લક્ષ્યે જીવમાત્ર સાથે સિદ્ધ પ્રમાણે ઔચિત્ય વ્યવહાર કરવાનો પ્રયત્ન કર્યો. આપણને જિન વચન ન ગમ્યું એટલે જ શરીર ગમ્યું તેથી બે મોહ ઊભા થયાં. એક પોતાના શરીરનો મોહ અને બીજો શરીરવાળાનો મોહ. આથી જીવે શરીર સાચવવા, સાજું રાખવા તગડું કરવા શરીરવાળા એકેન્દ્રિય વનસ્પતિકાયની વિરાધના વિશેષથી કરી છે અને કરી રહ્યો છે. શ્રાવક જીવનમાં સંપૂર્ણ રીતે જીવરાશિને અભયદાન આપી ન શકાય પરંતુ જિનાજ્ઞાનું બહુમાન કરી જીવદયાનો પરિણામ એવો ઊભો કરે કે તેનાથી દર્શન મોહનીય કર્મ તૂટે અને સમ્યગ્દર્શન નિર્મળ થાય. કરુણાનો પરિણામ વિકસિત બને તેથી જ્ઞાન શુદ્ધ થાય. જ્ઞાનનું ફળ વિરતિ જેથી ચારિત્રનો ભાવ વૃદ્ધિ પામે અને સમતાની રુચિ પ્રગટે. પુદ્ગલમાં ઉદાસીનતા અને ત્યાગ ભાવ પ્રગટ થાય. સાતાની રુચિ તૂટતી જશે તેમ તેમ સાતામાં નિમિત્ત ભૂત શરીરવાળા જીવોની કરુણા વધશે અને તેઓને પીડા આપવાનો ભાવ અટકશે ત્યારે આત્મા સાતા–અસાતામાંથી સમભાવવાળો થશે અને સ્થિર બનશે.

ગરમીમાં શીતળતાની અપેક્ષા તૂટશે તો વાયુકાયની સહજ રક્ષા થશે. આમ એકેન્દ્રિય જીવોની રક્ષાના પરિણામ જેમ જેમ વૃદ્ધિ પામશે તેમ તેમ સમતાના પરિણામની પણ વૃદ્ધિ થશે. તે માટે શરીર પર ઉદાસીનતા અને શરીરવાળા જીવો પર કરુણા જરૂરી છે. ભાવ કરુણા પાત્ર કરવા માટે આત્માનું સામર્થ્ય કેટલું ? છ મહિના ચાર પ્રકારના આહાર બંધ કરી શકે છતાં ગ્લાનિ ન

પામે અને પોતાની આત્મરમણતા જ માણી શકે. આ વાતની શ્રદ્ધા થાય તો આત્મા સબળો થઈ જાય અને પોતે નબળો છે તે ભ્રમ દૂર થાય. જો છ મહિના સુધીનું સામર્થ્ય ન પહોંચે તો ધીમે ધીમે ઊતરતાં પશ્ચાતાપ પૂર્વક કરે તો તેને નિર્જરા ચાલુ અને જેટલું શરીર સામર્થ્ય ઉલ્લાસ જાગે તેટલું પણ છેલ્લે જિન આજ્ઞા તો એક ભક્ત ભોયણં **એક જ વખત ભોજનની છે.** એ ભોજન પણ શરીરને ટકાવવા માટે છે. પછી કેટલું આપવું? કેવું આપવું? જો આત્મા કરુણા રસથી ભરપૂર થઈ જાય તો જિનની આજ્ઞાને સાથે રાખી સત્વ ફોરવી સચિત્ત આહાર વર્જવા, એટલે સચિત્તનો સર્વથા ત્યાગ કરી શકે. આત્મા સચિત્ત છે અને શરીર અચિત્ત છે તો શરીરને અચિત્ત આપવાથી ટેકો મળી શકે છે તો પછી સચિત્ત શા માટે આપવું ? સચિત્ત આપવું એટલે એકેન્દ્રિય જીવોની હિંસા કરવા રૂપ જિનાજ્ઞા ભંગ કરવાનું પાપ તો કઈ રીતે થાય ? એકેન્દ્રિય જીવોમાં જીવ તરીકેનું જ્ઞાન પ્રાપ્ત કરવા જ જીવ વિચાર ભણવું જરૂરી.

**ગાથા : ૧૩**

**એગ સરીરે એગો, જીવો જેસિં તુ તે ય પત્તેયા**
**ફલ ફૂલ છલ્લિ કટ્ઠા, મૂલગ પત્તાણિ બીયાણિ ॥ ૧૩ ॥**

પ્રત્યેક છે જીવ એક તનુમાં, એક જેને હોય તે;
જાણ–ફલ, ફુલ, છાલ ને મૂલ, કાષ્ઠ, પત્ર ને બીજ તે;
આ સાતમાં જુદા જુદા, પ્રત્યેકના જીવ હોય છે;
આખા તરુમાં તોય પણ જીવ, એક જુદો હોય છે. ૧૩

પ્રત્યેક વનસ્પતિ એટલે સાધારણ વનસ્પતિથી ઉલ્ટા લક્ષણવાળી છે. એક શરીરમાં સામાન્યથી એક જીવ રહેલો હોય તે પ્રત્યેક વનસ્પતિ કહેવાય. (એક કે એકથીવધારે સંખ્યાત કે અસંખ્યાત પણ હોય તો પણ તે પ્રત્યેક વનસ્પતિકાય જ કહેવાય. જ્યારે અનંતની સંખ્યાને પામે ત્યારે જ તે વનસ્પતિ અનંતકાય, સાધારણ કે નિગોદ કહેવાય.)

પ્રત્યેક વનસ્પતિકાય મુખ્યત્વે સાત સ્વરૂપે જોવા મળે છે, ફળ, ફૂલ, છાલ, કાષ્ટ, મૂળ, પાંદડાં અને બીજ.




★ **પ્રત્યેક વનસ્પતિકાયના દસ વિભાગ (અવયવો) છે.**

મૂળ, કંદ, સ્કંધ, ડાળી, પાન, બીજ, પુષ્પ, ફલ, થડ અને છાલ.

પાંદડે–પાંદડે, ફળે–ફળે અને બીજે–બીજે એક જીવ હોય પણ પુષ્પે–પુષ્પે અનેક જીવો હોય. બાકીનાં છ અવયવો મૂળ–સ્કંધ–કંદ–શાખા (પર્વ), છાલ અને પ્રવાલ એ અવયવોમાં અસંખ્ય જીવ હોય. આમ દરેક વૃક્ષમાં અર્થાત્ એક સંપૂર્ણ વૃક્ષમાં એક આત્મા વ્યાપીને રહેલો હોય છે અને તેનાં દસ અવયવોમાં એક જીવ પણ હોય, સંખ્યાત જીવ પણ હોય કે અસંખ્યાત પણ જીવો હોય આથી વૃક્ષો ત્રણ પ્રકારે શાસ્ત્રમાં કહ્યાં છે.

❑ **પાંદડાના આધારે :**

(૧) **સંખ્યાત જીવવાળા વૃક્ષ :** ખજૂર, નાળિયેર, સોપારી વગેરે

(૨) **અસંખ્યાત જીવવાળા વૃક્ષ :** કોઠું, આંબો વગેરે.

(૩) **અનંત જીવવાળા વૃક્ષ :** શૃંગબેર વગેરે.

❑ **ફળના આધારે :**

(૧) **એક ઠળિયાવાળા (એકબીજ) વૃક્ષો :** આંબો, લીમડો, રાયણ, જાંબુ, બોર, હરડે.

(૨) **બહુબીજ :** જે ફળોમાં અંતરપટ (આંતરા) વિના ઘણા બીજ હોય તે ખસખસ, ઉદુંબર, કપિત્થ (કોઠા) બિલ્વ, પનસ, બીજોરુ.

❑ **બીજના આધારે :**

❑ **(લોક પ્રકાશનાં આધારે) છ પ્રકાર :**

(૧) **અગ્રબીજ :** કોરીંટ, નાગવલ્લી – તેનાં અગ્રભાગ વાવવાથી ઊગે.

(૨) **મૂળ બીજ :** કદલી (કેળા) ઉત્તાલ – મૂળ વાવવાથી ઊગે.

(૩) **સ્કંધ બીજ :** શલ્લકી, અરણિક – ડાળી વાવવાથી ઊગે.

(૪) **પર્વબીજ :** શેરડી, વાંસ, નેતર – પર્વ વાવવાથી ઊગે.

(૫) **બીજરુહ :** શાલિ, ઘઉં, વગેરે – બી વાવવાથી ઊગે.

(૬) **સમૂર્ચ્છિમ :** શિંગોડા, ઘાસ વગેરે વાવ્યાં વિના ઊગે.


❑ **પ્રત્યેક વનસ્પતિના બાર ભેદો :**

(૧) **વૃક્ષ :** એક ઠળિયાવાળા, જેમકે આંબો, જાંબુ, બહેડા, અશોક વગેરે. ઘણાં ઠળિયાવાળા જેવા કે અગથિયો, ટીંબરૂ, પીપળ વગેરે.

(૨) **ગુચ્છ :** જે નીચા અને ગોળ છોડવા હોય તે જેના પાંદડાં ગુચ્છારૂપ હોય તે. (રીંગણા, ભોરીંગણી, જવાસા, તુલસી)

(૩) **ગુલ્મ :** જેમાં થડનો વિકાસ ન હોય પણ નીચેથી જ ડાળીઓ ફૂટે તે ફૂલની જાતિ વિશેષ કહેવાય. (જાઈ, જૂઈ, ડમરો, મોગરો, જવમાલિકા).

(૪) **લતા :** જે વૃક્ષ કે સ્તંભ વગેરેના આધારે ઉપર ચડે તેને લતા કહેવાય. (નાગલતા, અશોકલતા, ચંપક, ચૂત, વાસંતિ)




(૫) **વલ્લી :** જે વનસ્પતિના વેલા ચાલે તે, કોળું, તુંબડી, ચીભડાં, દ્રાક્ષ, કારેલીનાં વૃક્ષના વેલા, ચણોઠીનાં વેલા ઇત્યાદિ અનેક પ્રકારે.

(૬) **પર્વગા :** જે ગાંઠવાળા ઝાડ હોય તેને પર્વગ કહેવાય. (શેરડી, નેતર)

(૭) **તૃણ :** ઘાસ, ડાભનું, તૃણ, દુર્વા, અર્જુન, કુરુવિંદ.

(૮) **વલય :** ઊંચાને ગોળ ઝાડ હોય. (સોપારી, ખજૂર, નાળિયેર, તજનાં, એલચી, લવિંગ, તાડ, તમાલ.)





(૯) **હરિત :** ભાજીની જાતિ વિશેષ કહેવાય—તાંદલિયા, મેથી, સુવાની

(૧૦) **ઔષધિ :** ઘઉં આદિ ૨૪ ધાન્ય. (જવ, ડાંગર, કોદરા, બાજરી)

(૧૧) **જલરુહ :** જલમાં ઊગે તે કમળ, શિંગોડા.

(૧૨) **કુહણ :** ભૂમિને ફોડીને નિકળનારી વનસ્પતિ કુહણ કહેવાય. ઉદહેલિકા, ભૂમિ ફોડા (બિલાડીના ટોપ).




## ❑ પ્રત્યેક વનસ્પતિની સંખ્યા પ્રમાણ :

પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિકાય જીવ ઘનીકૃત લોકાકાશની શ્રેણિના અસંખ્ય ભાગમાં રહેલા આકાશ પ્રદેશની રાશિ પ્રમાણ સંખ્યા છે અને તે પર્યાપ્ત

બાદર અગ્નિકાય જીવોથી અસંખ્ય ગુણ અધિક છે તથા અપર્યાપ્ત બાદર પ્રત્યેક વનસ્પતિકાય જીવોથી અસંખ્ય લોકાકાશ પ્રદેશ રાશિ અને તે અપર્યાપ્ત બાદર અગ્નિકાયની સંખ્યાથી અસંખ્ય ગુણ અધિક છે.

**વનસ્પતિમાં જીવપણાની સિદ્ધિ શાસ્ત્રમાં બતાવેલ છે.**

**सचेतनास्तरवः सर्व त्वगपहरणे मरणात् गर्दभवत् ।**

સચેતન વૃક્ષો તેની છાલ ઉખેડી નાંખવાથી તે તરત મૃત્યુ પામે. જેમ મનુષ્ય કે ગધેડાદિ પશુઓની પણ ચામડી ઉતારવામાં આવે અથવા ચામડીના છિદ્રો સંપૂર્ણ પૂરવામાં આવે તો અવશ્ય મરણ પામે કારણ કે છિદ્રોમાંથી શ્વાસોચ્છ્વાસ અને લોમાહાર મળતો બંધ થયો તેથી તે મૃત્યુ પામે. આહારથી સચેતનવાળો જીવ વૃદ્ધિને પામે અને આહાર, શ્વાસોચ્છ્વાસ વિના મૃત્યુ પામે.

❑ **આચારાંગ શાસ્ત્રમાં બતાવેલા વનસ્પતિકાયનાં વિશેષ લક્ષણો :**

વનસ્પતિકાયમાં કર્મોનો ઉદય તથા કષાય, લેશ્યા, સંજ્ઞા, શ્વાસોચ્છ્વાસ, યોગ, ઉપયોગ, અધ્યવસાય, મતિ અજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન, થીણદ્ધિ નિદ્રા વિગેરે હોય છે.

❑ **વનસ્પતિકાયમાં જણાતી સંજ્ઞાઓ :**

★ **આહારસંજ્ઞા :** વૃક્ષના મૂળિયા જલાહાર તથા ખાતરાદિને આહારરૂપે ગ્રહણ કરી વૃદ્ધિ પામે છે, ખાતરાદિ આહાર ન મળતાં કરમાઈ જાય છે. તેમજ સ્પર્શનેન્દ્રિય રૂપ છિદ્રો વડે પણ વૃક્ષ લોમાહાર અને શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે. જો ઝાડની છાલ ઉતારી નાખવામાં આવે તો તે તરત કરમાઈ જાય—મૃત્યુ પામે. માટે વનસ્પતિને અચિત્ત કરવા માટે બે મુખ્ય નિયમ ફળોમાંથી છાલ અને બી જુદા કર્યા બાદ બે ઘડી પછી તે અચિત્ત તરીકે ગણાય. ખંધક મુનિએ ૧૨ાા કરોડ વર્ષ પૂર્વે મનુષ્ય ભવમાં કોઠીંબડાની છાલ ઉતારીને તેના આનંદ—અનુમોદન વડે નિકાચિત કર્મ બાંધ્યું હતું તે મુનિપણામાં ઉદયમાં આવ્યું. સાધના દ્વારા કર્મોના અનુબંધો તોડી નાખ્યાં. આત્મા પર કરેલી કરુણા અને શરીર પર કરેલી કઠોરતાના કારણે છાલ ઉતારવાના કર્મને નિર્જરા માટે બનાવ્યું.

પોતે વિચારે છે કે કર્મ ખપાવવાનો આવો સુંદર મોકો મળી ગયો. માટે મારાઓને કહે છે કે મારી કાયા અતિ કઠિન લોહી–માંસ વિનાની છે તેથી તમને તેની છાલ (ચામડી) ઉતારતાં ત્રાસ થશે, માટે તમને કષ્ટ ન પડે તેમ હું ઊભો રહું. કરુણાની પરાકાષ્ટા પર પહોંચી શરીર પ્રત્યે અત્યંત કઠોરતા પ્રાપ્ત કરી તેના પરિણામે જેમ જેમ ચામડી ઉતરતી ગઈ તેમ તેમ તેઓ સમતા રસમાં મહાલતા ગયા અને કર્મ ખપાવતા ગયા અને ઘાતી કર્મનો નાશ થતાં કેવલજ્ઞાન મેળવી, અઘાતી કર્મો ખપાવી સિદ્ધ ગતિને પામ્યાં. આમ આત્મા (જીવ) પ્રત્યેના બહુમાન અને શરીર પ્રત્યેના ઉદાસીન (ઉપેક્ષા) ભાવના પરિણામે મોક્ષની પ્રાપ્તિ થઈ.

★ **ભયસંજ્ઞા :** મનુષ્ય, તિર્યંચોની જેમ તેમાં (વનસ્પતિમાં) પણ ભય સંજ્ઞા જોવા મળે છે. તેને કોઈ કાપવા–છેદવા જાય કે બાજુની વનસ્પતિને છેદાતી જોઈ તેના (વનસ્પતિનાં) પાંદડા બીડાઈ જાય તે તેની ભયસંજ્ઞા છે.

★ **મૈથુનસંજ્ઞા :** અશોક, તિલક, કુરુબકાદિ.... વૃક્ષો મનોહર સ્ત્રીના આલિંગનથી વિકાસ પામે. ફ્રાન્સ અને ઈટાલીમાં વેલેસ્નેરિયા અને સ્પાઈરલિશ નામના જળરોપાઓ થાય છે. તેમાં નારી ફુલ જળથી સપાટી પર આવે છે ત્યારે નર ફુલ પોતાના રોપામાંથી છૂટું પડી તેની પાસે જાય છે અને તેને અડતા જ ફાટે છે આથી તેની પરાગ–નારી ફુલમાં પડે છે.

★ **પરિગ્રહસંજ્ઞા :** નાળિયેરીના વૃક્ષો પોતાના મૂળિયા નિધાન સુધી લંબાવે આમ વનસ્પતિમાં તે ઓઘસંજ્ઞા રૂપે પ્રગટ થાય છે.

★ **ક્રોધ કષાય :** કેલિફોર્નિયામાં એક જાતનું વૃક્ષ છે તે અતિ શાંતિપ્રિય છે. હવા કે કોઈ વડે તેની શાંતિમાં ભંગ થતાં તે ગુસ્સે થઈ પાંદડાને ખખડાવવા વડે ક્રોધને પ્રદર્શિત કરે અને સાથે એવા પ્રકારની ગંધ છોડે કે તેની આજુબાજુ ઊભા રહેવું ભારે પડે.

★ **માન કષાય :** રુદંતી નામની વનસ્પતિના છોડમાંથી પાણી ટપકે.... એવા અહંકારથી કે હું સુવર્ણ સિદ્ધ કરાવનાર છતાં લોકો દુઃખી કેમ ?

★ **માયા કષાય :** વેલડી પોતાના ફળને પાંદડા વડે ઢાંકી દે છે.

★ **લોભ કષાય :** સફેદ આંકડો, પલાશ વૃક્ષ, બિલવૃક્ષ, નાળિયેર વગેરે પોતાના મૂળિયા જમીનમાં દાટેલા નિધાન સુધી લંબાવે.

★ **હર્ષ :** અકાળે વનસ્પતિઓનું ખીલી ઉઠવું અથવા અકાળે ફળ આવવા.

★ **નિદ્રા :** મદ્રાસમાં અન્નાખૂર જિલ્લામાં એક વૃક્ષ રાત્રે નીચે પડવા માંડે, દિવસે સૂઈ જાય, સાંજે ટટ્ટાર થઈ જાય. પાંદડાનું સંકોચાવું તે પણ વનસ્પતિની ઊંઘ સૂચવે છે. તેઓને થિણદ્ધિ નિદ્રાનો ઉદય હોય.

★ **હિંસકભાવ :** માનવ ભક્ષી વૃક્ષ :– આફ્રિકામાં માડાગાસ્કર ટાપુમાં એક વૃક્ષ ૮/૧૦ ફુટ ઊંચુ છે. કુંવારપાઠાના આકારવાળા પાંદડા, તે પાંદડાની ધાર તીક્ષ્ણ કાંટાઓની હારવાળી, વૃક્ષના લાંબા તંતુઓ હવામાં લટકતાં હોય–તેનાથી તે માણસનું લોહી–માંસ ચૂસી લે પછી તેને છોડી દે. ત્યાંના લોકો કોઈને ફાંસી આપવાની હોય તો આ વૃક્ષનો ઉપયોગ કરે છે.

અમુક વનસ્પતિના પાંદડા પર જીવડા બેસે તો પાનની વચ્ચે દબાવી દે, કાંકરા નાંખો તો તે ન દબાવે (રતાળુ, આલેન્દ્રો, પીંગીફૂલા, વનસ્પતિ તથા ડ્રેસેસાના પાંદડા પોતાના કાંટાથી ઈયળને પાંદડામાં ફસાવી તેના પ્રાણ લે.)

❑ **વનસ્પતિકાયના શસ્ત્રો :**

શીત યોનિવાળી વનસ્પતિને ઉષ્ણતામાં રાખવામાં આવે તો એ નાશ પામે તેમ ઉષ્ણ યોનિવાળી વનસ્પતિને શીતળતામાં રાખવામાં આવે તો તે નાશ પામે છે.

(૧) **દ્રવ્ય શસ્ત્ર :** કુહાડી, તલવાર, ચપ્પુ, છૂરી, ફરસી વિગેરે....

(૨) **સ્વકાય શસ્ત્ર :** લાકડી, સોટી.....

(૩) **પરકાય શસ્ત્ર :** અગ્નિ, પથ્થર, પાણી.....

(૪) **ઊભયકાય શસ્ત્ર :** હાથા સહિત કુહાડી–ફરસી.

(૫) **ભાવ શસ્ત્ર :** મન–વચન–કાયાના અશુભ અધ્યવસાય કરવા વડે.

## ❑ ભવરૂપી સમુદ્રમાં જીવ કયા કારણે ડૂબે છે ?

આચારાંગ શાસ્ત્રમાં પુદ્ગલના શબ્દાદિ ગુણ પર્યાયોને ભવ સમુદ્રના વિષયરૂપી મહા આવર્ત્ત કહ્યા છે.

**जे गुणे से आवट्टे, जे आवट्टे से गुणे ।(सू.४०-उ.५)**
**(આચારાંગ સૂત્ર)**

જે શબ્દાદિ વિષયો (ગુણો) છે તે સંસાર રૂપી આવર્ત છે. જે આવર્ત છે તે સંસાર છે. જેમ સમુદ્રના આવર્તમાં ફસાયેલો જીવ તે આવર્તમાં ઘુમતો-ઘુમતો સમુદ્રના તળિયે ચાલ્યો જાય છે તેમ શબ્દાદિ આવર્તમાં ફસાયેલો જીવ દીર્ઘકાળ સંસારમાં ભમે છે અને દુર્લભ રીતે પ્રાપ્ત થયેલા ધર્મને પણ ગુમાવી દે છે. સંસારમાં જે સાતા (અનુકુળતા)નું સુખ મળે છે, તેમાં મૂળ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય તથા તેમાં વિશેષથી વનસ્પતિકાય છે. વનસ્પતિકાય તરફથી મળતી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શાદિ સુખ-સાતાને સ્વયં ગ્રહણ કરવા રૂપ માને છે માટે જ ભોગવવા રૂપ સંસાર આવર્તમાં ફસાય છે અને પોતાના માનેલા સ્વજનાદિને પણ તેમાં ફસાવે છે.

## ❑ શા માટે જીવ સંસારરૂપી આવર્તમાં ફસાય છે ?

પ્રથમ જીવમાં મિથ્યાત્વનો આવર્ત છે. તેથી વિપર્યાસ પરિણામ થાય છે. સ્વાભાવિક આત્મ ગુણની રુચિવાળા હોવા છતાં વર્તમાનમાં કાયાથી વીંટળાયેલો છે. તેથી ગુણની રુચિ કાયામાં પરાવર્તન પામે છે, તેથી કાયાવાળાના ગુણોની રુચિ પ્રગટ થઈ. કાયાના ગુણો વર્ણ-ગંધાદિ છે, તે પાંચે ઈન્દ્રિયોના વિષયરૂપ છે તેથી જીવ પાંચ વિષય રૂપી આવર્તમાં ફસાઈ આર્તધ્યાન રૂપ સંસારમાં ભમી રહ્યો છે. વિષયો ક્યારે મળે, મળેલા હું જ ભોગવું, બીજા ભોગવી ન જાય અને મને મળેલા વિષયો છૂટી ન જાય તેની સત્તત ચિંતા. આમ આર્ત્તધ્યાનરૂપ આવર્ત્તમાં ફસાઈ જીવ સંસારમાં ભમે છે અને જો સાવધાન ન થાય તો રૌદ્રધ્યાનમાં ચડી જતાં વાર ન લાગે. **પાંચે વિષયોનું મૂળ વનસ્પતિકાય**

**વિશેષથી છે.** બાકી પૃથ્વીકાયાદિ પણ કારણ છે પણ તે ગૌણ કારણ છે. જો આપણા આત્માને વિષયોમાં જતો અટકાવવો હોય તો સમતા ગુણમાં રાચવું જોઈએ. સહનશીલતા વધારવી જોઈએ. કાયાની સામે કઠોર બનવું પડે. ગરમી કોને લાગે ? આત્માને કે શરીરને ? તેનો નિર્ણય થવો જોઈએ. પુણ્યના ઉદયે મળેલી સામગ્રીમાં રાચવું ન જોઈએ. મળેલી અનુકૂળતાને છોડવી જોઈએ.

આત્મ જાગૃતિ માટેના સર્વોત્કૃષ્ટ સ્થાનોમાં પરમ તારક પરમાત્માનું સમોવસરણ છે. જ્યાં પરમાત્મા ઉપ ગુણોથી યુક્ત દેશના (વાણી) માલકોષ રાગમાં આપે છે. તેમના મેઘ ગર્જના જેવા અતિ ગંભીર શબ્દોમાં દેવતાઓ દેવદૂંદુભિ આદિ વાજીંત્રના નાદ દ્વારા સૂર પૂરાવે છે. આવી રસાળ વાણી સાંભળીને કાલસૌરિક કસાઈ જેવા જીવો પણ ડોલાયમાન થાય છે. પરંતુ વિષયસુખમાં આસક્ત જીવો ત્યાં પણ પરમાત્માની અર્થ સભર વાણીને નહીં સાંભળતા શબ્દાદિ પાંચે ઈન્દ્રિયના અનુકૂળ વિષયોને ભોગવે છે. આમ ભયંકર કર્મ બાંધી દુર્ગતિનું સર્જન કરે છે.

આકર્ષણ કરનારી પૂતળી—પૂતળા, લાકડાની પ્રતિમા, તોરણો, રંગો, વસ્ત્રો, શરીર શોભાના સાધનો વગેરે વનસ્પતિમાંથી જ બનતાં હોય છે. (મલ્લિકુમારીની મૂર્તિ જોઈ છ રાજા આકર્ષાયા અને તેથી તેને ગ્રહણ કરવા રાજ્યની ચારે બાજુ ઘેરો ઘાલીને રહ્યાં. મલ્લિકુમારીએ પોતાના વિશેષ જ્ઞાનથી આ જાણ્યું અને રાજાને પ્રતિબોધ પમાડ્યાં.) શરીરની પુષ્ટિમાં પણ વનસ્પતિનો વિશેષ ઉપયોગ, સ્વાદ સુખમાં પણ વનસ્પતિનો વિશેષ ઉપયોગ તથા ફળના રસો (જ્યુસ), વિવિધ વાનગીમાં પણ વનસ્પતિનો વિશેષ ઉપયોગ. ગરમીમાં ઠંડક માટે શેરડીને પીલવામાં આવે પછી તેનો રસ પીને આનંદ માણવાનો, દરેક ફુટના સ્વાદ માણવા તેને યંત્રમાં પીલવાનું, છરી આદિથી કાપવાનું ભયંકર કાર્ય કરવું જ પડે. સર્વજ્ઞ ભગવંતે આ શરીરને ટકાવવા અચિત્ત આહારનો ઉપયોગ કરવાનું કહ્યું છે. શરીર પોતે અચિત્ત છે તેથી અચિત્ત આહાર વડે તેને

ટેકો મળી શકે છે. પરંતુ જીવો સચિત્તની પસંદગી વધારે કરે કારણ કે સચિત્તમાં જે રસાસ્વાદ પ્રાપ્ત થાય તેવો અચિત્તમાં ન થાય. સચિત્તમાં આસક્તિ વધે, સત્ત્વ ઘટે. સત્ત્વ ઘટવું એટલે સ્વભાવમાંથી સહનશીલતા પણ જાય, સ્વભાવ ચીડિયો, ક્રોધી, દ્વેષી વગેરે થાય. આથી આત્મા પર કરુણા લાવી વનસ્પતિકાય જીવોની પણ દયા ચિંતવવી જોઈએ.

## ❑ રૂપાદિ પાંચે ઈન્દ્રિયોનું મૂળ વનસ્પતિ કઈ રીતે ?

★ **ગંધ વિષયક :** કપૂર, કેતકી, સરસ, ચંદન, અગરુ, ઈલાયચી, જાયફળ, તજ, કેશર, કંકોલક વનસ્પતિની છાલ, જૂઈ, ચંપો, મોગરો, ગુલાબ વિગેરે પુષ્પોની ગંધ આકર્ષણનું કારણ બને છે. ભમરાઓ કમળની સુગંધથી આકર્ષાઈને તેની ઉપર બેસે પછી બિડાઈને મરે.

★ **રૂપ વિષયક :** લાકડાની બનેલી પૂતળી, પ્રતિમા, તોરણ, વેદિકા, કળામય કોતરણી આદિ આંખોને મનોહર લાગે, ખીલેલી વનરાજીની શોભા આંખોનું વિશેષ આકર્ષણ બને, અને કપડાદિ પણ વનસ્પતિમાંથી બને.

★ **રસ વિષયક :** મૃણાલ, મૂલ, કંદ, પુષ્પ, કોમળ પાંદડા, ફણગા, છાલ, અંકુર, કિસલય, મકાઈ આદિના પોંક, શેરડી, આમ્રફળો આદિના રસો રસનેન્દ્રિયને અપૂર્વ આનંદ આપે છે.

★ **સ્પર્શ વિષયક :** કમળની પાંદડી, મૃણાલ, વલ્કલ, ઓશિકા, શય્યા, ગાદલા, કપડાદિમાં કોમળ સ્પર્શ તથા શરીર આદિની ચામડીનો સ્પર્શ જીવોને મોહ મુગ્ધ કરે છે.

★ **શબ્દ વિષયક :** વેણુ, વીણા, પટ્ટક, મુકુંદ, વાંજિત્રોની બનાવટ વનસ્પતિથી થાય, તેનાથી મનોહર શબ્દો અને સંગીત ઉત્પન્ન થાય. વાયોલિનના મધુર ઝીણા સ્વરથી સિકંદરનો ગુરુ એરિસ્ટોટલ પરમાત્માનું ધ્યાન છોડી શાહજાદીને વશ થયો.

**एस लोए वियाहिए एत्थ अगुत्ते अणाणाए ॥ ४२ ॥**
**(सू. उ.-५ आचारांग)**

જે આંખોથી દેખાય અને બાકીની ઈન્દ્રિયોથી અનુભવાય તે શબ્દાદિ વિષય લોક. જે સાધુ મન-વચન કાયાથી ગુપ્ત ન હોય અર્થાત્ મનમાં તેના સંબંધી રાગ કરે છે, વચનથી પ્રાર્થના કરે છે અને કાયાથી સેવે છે તે સાધુ જિનની આજ્ઞામાં નથી જિનાજ્ઞા બહાર વર્તે છે અને જે **पुणो पुणो गुणासाए,, वंक समायरे ॥४३॥ (आचारांग)** જે શબ્દાદિ વિષયોનો વારંવાર સ્વાદ કરે છે, તે વક્ર અસંયમ (નરકાદિ ગતિને) આચરનારો છે. અર્થાત્ **ते साधु प्रमत्त अगारं आवसति** । તે સાધુ પ્રમત્ત તે પ્રમાદાદિ-વિષયોમાં આસક્ત ઘરમાં વસનારો છે. આથી દુર્ગતિના કારણરૂપ ઈન્દ્રિયોના પાંચ વિષયોને પ્રમાદના સ્થાન ગણી સાધુ તેનો ત્યાગ કરી આત્માના પાંચે ગુણોમાં રમનારો થાય.

❑ **વનસ્પતિની જયણા :**

જિન વચનનું સ્વરૂપ જાણીને આત્મ કલ્યાણના ઈચ્છુક મુમુક્ષુઓએ આત્માની શક્તિ-સત્ત્વ હોય તો સર્વથા સચિત્તનો ત્યાગ રાખવો જોઈએ. તે ન બની શકે તો પાન-ભાજીનો ત્યાગ કરવો જોઈએ, તે પણ ન બની શકે તો શાકભાજી તથા ફળોના નામ, નંગ અને વજનથી પરિમાણ કરવું જોઈએ. અમુક કાળ સુધી કાયમી કે રોજે-રોજ ધારવાનું કરવું. શાકભાજીના બી-છાલ ગમે ત્યાં નાંખવા વડે ફરી ઊગે અથવા બી પગ નીચે આવવાથી વિરાધનાનું પાપ લાગે. ઉદ્યાન બગીચા મેદાનાદિમાં ફરવા જતાં તેની વિરાધના થાય, તેથી અનુમોદના ન થઈ જાય તેની કાળજી રાખવી જોઈએ. ઘરમાં જોઈતા અનાજનું પરિમાણ કરવું. ધાન્ય સડી ન જાય તે પ્રમાણે રાખવું. જયણા પાળવી, ચાલતાં ચાલતાં સચિત્ત પર પગ ન આવવો જોઈએ. સચિત્તની વિરાધના ન થાય તેનો ઉપયોગ રાખવો. ચાતુર્માસમાં ભેજવાળા વાતાવરણના હિસાબે જો કાળજી રાખવામાં ન આવે તો નિગોદ થવાની પૂરી શક્યતા માટે ખૂબ જયણાપૂર્વક વર્તવું.

ગાથા : ૧૪

**પત્તેયતરું મુત્તું, પંચ વિ પુઢવાઈણો સયલ લોએ ।**
**સુહુમા હવંતિ નિયમા, અંતમુહૂત્તાઉ અદિસ્સા ॥ ૧૪ ॥**

પ્રત્યેક તરુ વિણ પૃથ્વી આદિ, પાંચ સ્થાવર જેહ છે;
અંતર્મુહૂર્ત પ્રમાણના, આયુષ્યવાળા તેહ છે;
વળી આંખથી દેખાય ના, તેવા જ સૂક્ષ્મ હોય છે;
સર્વત્ર ચૌદ રાજલોકે, તેહ નિશ્ચે જોય છે. ૧૪

સ્થાવરકાયમાં પ્રત્યેક વનસ્પતિના જીવોને છોડીને પાંચે પૃથ્વીકાયાદિ સૂક્ષ્મ (પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય અને સાધારણ વનસ્પતિકાય) ૧૪ રાજલોકમાં સર્વત્ર ઠાંસી – ઠાંસીને ભરેલાં છે અને તે અંતર્મુહૂર્ત આયુષ્યવાળા અને ઈન્દ્રિયોથી અદશ્ય છે.

## ★ ત્રસકાય જીવોનું સ્વરૂપ ★

વાદિવેતાલ પૂ. શાંતિસૂરિ મહારાજ મહાવીર પરમાત્માને વિશિષ્ટ વિશેષણ વડે ભાવવંદના કરે છે. **ભુવણત્તયદીવ વીરં** ત્રણ ભુવનમાં વીર દીપક સમાન છે. સિદ્ધના જીવો ત્રણ ભુવનમાં ભ્રમણ કરતાં ત્રસ અને સ્થાવર જીવોને કેવલજ્ઞાનમાં જોઈ રહ્યાં છે. સ્થાવર જીવો ઇચ્છારહિત કાયાવડે ૧૪ રાજલોકમાં ભમતાં જોવાય છે. જ્યારે ત્રસકાય જીવો ૧૪ રાજલોકની મધ્યમાં રહેલી એક રજજુ અસંખ્ય યોજન સુધી પહોળી અને ૧૪ રજજૂ લાંબી હોય, તેવી ત્રસનાડીમાં રહેલા હોય છે. ત્રસ નાડીની બહાર કોઈ પણ ત્રસ જીવો ઉત્પન્ન થાય કે મરણ પામે નહીં તેમજ રહી કે જઈ શકે નહીં. માત્ર કેવલી ભગવંત નિર્વાણ પૂર્વે સમુદ્‌ઘાત કરે ત્યારે પોતાના આત્મ પ્રદેશો ૧૪ રાજલોકમાં સર્વત્ર ફેલાવે, પાછા સંહરી લે, તે વખતે સમગ્ર ૧૪ રાજલોકની સ્પર્શના કરે.

ત્રસ નામ કર્મ પુણ્ય પ્રકૃતિ છે, તેથી ઇચ્છા મુજબ હરવા–ફરવાની છૂટ માત્ર સુખ–અનુકૂળતા લેવા અને દુઃખ પ્રતિકૂળતા દૂર કરવા માટે જો

ત્રસપણાનો ઉપયોગ કરવામાં આવે તો અકામ નિર્જરાથી મળેલું ત્રસપણું આમને આમ ચાલ્યું જાય. ત્રસપણામાં જીવ વધારેમાં વધારે ૨૦૦૦ સાગરોપમ સુધી જ રહી શકે, પછી જીવને ફરજિયાત ત્રસપણું છોડી સ્થાવર કાયમાં જવું પડે. ભૂતકાળમાં આપણને ત્રસ જીવો કરતાં સ્થાવર કાય જીવો સાથે વધારે કાળ રહેવાનું થયું છે અને વર્તમાનમાં પણ તેની સાથે રહેવાનું ગમે છે. તેનું મુખ્ય કારણ જીવ માત્ર સુખ–શાતાને ઇચ્છે છે. કાયાને સુખ–શાતા સ્થાવરથી મળે છે તેથી શાતાને અનુભવવા ત્રસ જીવો સ્થાવર પાસે વધારે જાય. જેમ ભમરો સુગંધ માટે પુષ્પો પાસે જાય અને કમળમાં બિડાઈને મરણને શરણ થાય. ત્રસ જીવોમાં પણ બે પ્રકારના ભેદ છે.

❑ **ત્રસકાયના મુખ્ય બે ભેદ :** વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય.

**ત્રસ્યન્તિ ત્રસનાત્ સ્પન્દનાત્ ત્રસાઃ** જે દુઃખોથી દૂર ખસી શકે, દુઃખોને વ્યકત રૂપે અનુભવી શકે તે.

વિકલ એટલે જેને કર્મના ઉદયે પરિપૂર્ણ ઇન્દ્રિય મળી નથી તે **વિકલેન્દ્રિય**, જેને પાંચે ઇન્દ્રિય મળી છે તે **પંચેન્દ્રિય** અને માત્ર જેને એક સ્પર્શેન્દ્રિય મળી છે તે **સ્થાવરકાય** કહેવાય. સ્થાવરકાયને અવ્યક્ત ઇચ્છા હોય. અવ્યક્ત ઇચ્છા રૂપે ઓઘ સંજ્ઞા હોય. જે માત્ર પ્રત્યેક વનસ્પતિમાં સ્પષ્ટ જોવાં મળે. વેલડી ઉપર ચડી જાય, નાળિયેર આદિના વૃક્ષ ઘનના ભંડાર ઉપર પોતાના મૂળિયા ફેલાવી દે, તે તેની ઓઘ સંજ્ઞા છે. જ્યારે વિકલેન્દ્રિય જીવો પોતાની ઇચ્છા મુજબ ગમનાગમન પ્રવૃત્તિ કરે છે પણ તેને વર્તમાનકાળ રૂપ હેતુવાદોપદેશિકી સંજ્ઞા હોય છે. જે જે ઇન્દ્રિયોની પ્રાપ્તિ થાય તે તે ઇન્દ્રિયોના ઇષ્ટ વિષયોને પ્રાપ્ત કરવા અને અનિષ્ટ ઇન્દ્રિયોના વિષયોથી દૂર થવા માટે હરવા–ફરવા રૂપ મળેલી શક્તિ જે ત્રસ નામ કર્મના ઉદયથી મળે છે. આમ જીવ ઇષ્ટની શોધમાં અનિષ્ટથી દૂર ભાગવા દ્વારા કર્મવૃદ્ધિ કરવાનું કામ કરે છે. તેથી તેમને જેમ–જેમ ઇન્દ્રિય અધિક મળે તેમ તેમ કર્મોનો બંધ અધિક વધતો જાય છે. બેઇન્દ્રિયને એકેન્દ્રિય કરતાં ૨૫ ગણો કર્મબંધ વધે, તેઇન્દ્રિયને ૫૦ ગણો કર્મબંધ વધે, ચઉરિન્દ્રિયને ૧૦૦ ગણો કર્મબંધ વધે, બેઇન્દ્રિયથી

ચઉરિન્દ્રિય સુધીના બધા જીવો વિકલેન્દ્રિય કહેવાય. તે બધા સંમૂર્છિમ જીવોને વિશિષ્ટ જ્ઞાનનો અભાવ છે અર્થાત્ બધા મિથ્યાદષ્ટિ છે, અર્થાત્ આત્મહિતનું કાર્ય તેઓ કરી શકતા નથી પણ આત્માનું અહિત કરવાની જ પ્રવૃત્તિ તેમની ચાલુ હોય છે. (આ વિકલેન્દ્રિય જીવો ઉપદ્રવ કરવાના સ્વભાવવાળા હોવાથી તેમની ઉત્પતિ દેવલોકમાં, યુગલિક ક્ષેત્રમાં કે યુગલિક કાળમાં થતી નથી. જ્યારે પાંચ ભરત પાંચ ઐરાવત ક્ષેત્રમાં યુગલિકકાળ હોય ત્યારે પણ ન હોય. કારણ કે દેવલોક અને યુગલિક ક્ષેત્ર તે ભોગ ભૂમિ છે) માટે તે જીવો વધારે દયાને પાત્ર છે તેમાં વિકલેન્દ્રિય જીવો બીજા જીવોને ત્રાસ–પીડા ઉપદ્રવ કરવાનું કાર્ય કરતા હોય છે એટલે વિકલેન્દ્રિય જીવો એકેન્દ્રિય જીવો કરતાં પણ અતિ તુચ્છ જીવો છે. વિકલેન્દ્રિયમાંથી મનુષ્ય ભવમાં આવેલા જીવો સાધુપણું પામી શકે પણ કેવલજ્ઞાન ન પામી શકે. જ્યારે સ્થાવરકાયમાં–બાદર વનસ્પતિ, બાદર પૃથ્વીકાય અને બાદર અપ્કાયમાંથી સીધા મનુષ્ય ભવમાં આવેલા જીવો કેવલજ્ઞાન પામી શકે.

### ❑ આત્માને પોતાની સત્તાગત શુદ્ધ સિદ્ધાવસ્થાનું સહજ ભાન ન થવાના ત્રણ મુખ્ય કારણો :

આત્મા સત્તાએ સિદ્ધ સ્વરૂપી હોવા છતાં પોતે સિદ્ધ સ્વરૂપી છે તેવો પોતાને સતત ઉપયોગ રહેતો નથી. તેનું મુખ્ય કારણ સ્થાવર નામ કર્મ અને ત્રસ નામ કર્મનો ઉદય એની સાથે મિથ્યાત્વનો પણ ઉદય ભેગો હોય. માત્ર સંજ્ઞી પંચેન્દ્રિય સિવાયના બીજા પર્યાપ્ત ભવમાં તો નિયમા મિથ્યાત્વનો ઉદય હોય છે એટલે આત્માને પોતાની સત્ય અવસ્થાનું ભાન ન આવે, કદાચ ભાન થાય તો પણ સ્વીકારે નહીં–રુચિ ન થાય.

### ❑ આત્માને રુચિ સહિત શુદ્ધ અવસ્થાના ભાનરૂપ સમકિત સંજ્ઞી પંચેન્દ્રિયમાં પણ દુર્લભ છે.

અલ્પ જીવોને સંજ્ઞી પંચેન્દ્રિપણામાં સમકિતની પ્રાપ્તિ થાય અને તેમાં પણ ક્ષાયિક સમકિત, અતિ નિર્મળ અને અતિ દુર્લભ છે. ક્ષાયોપશમિક

સમકિત મળે તો પણ મિથ્યાત્વનો પ્રદેશોદય હોય તો શંકાદિ અતિચાર સંભવે. તે વખતે પણ આત્માને પોતાની શુદ્ધ અવસ્થાનું ભાન આવે તે માટેના પ્રયત્ન હોય કે ન પણ હોય. આત્માએ દીર્ઘકાળ નિગોદમાં પસાર કર્યો અને ત્યાંથી નીકળીને બહુ મોટો ભાગ પાંચ સ્થાવરમાં પસાર કરીને અકામ નિર્જરાના બળે જીવ ત્રસપણાને પામ્યો. સકામ નિર્જરા તો સ્થાવરકાયમાં શક્ય જ નથી, તેને મન જ નથી તેથી ઇચ્છાપૂર્વક નિર્જરા કરી શકે નહીં. ઇચ્છાની શરૂઆત ત્રસકાયથી શરૂ થાય પણ તેમાં અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી જીવને જે ઇચ્છા થાય તે તપ સંબંધિ થાય નહીં પણ ઇષ્ટ પ્રાપ્તિ અને અનિષ્ટ ત્યાગ રૂપ ઇચ્છા થાય તેથી તેને કર્મબંધ વધતો જાય. સંજ્ઞી પંચેન્દ્રિયમાં પણ દેવ–નારકો નિકાચિત પુણ્ય–પાપને ભોગવતાં હોવાથી તેઓ તપની ઇચ્છા કરી શકતા નથી તેથી તેમને વિશિષ્ટ નિર્જરા ન થાય. જ્યારે તિર્યંચો પ્રાયઃ ક્ષુધાવેદનીયના ઉદયવાળા હોવાથી તેઓને પણ તપની ઇચ્છા મહા દુર્લભ. કોઈક જીવોને જાતિ–સ્મરણાદિ થાય તો તપ–ત્યાગાદિની સમજણ પડે તો સ્વેચ્છાએ ત્યાગ–કષ્ટ સહન કરવા વડે સકામ નિર્જરા કરી શકે. ફક્ત મનુષ્ય ભવમાં જ જીવ સકામ નિર્જરા કરી શકે છે પરંતુ મોટા ભાગના આત્માઓ હરવા–ફરવામાં સુખ માને છે. અનુકૂળ તા મેળવવા અને ભોગવવામાં સુખ માનનારા હોવાથી તે મેળવવા માટે ત્રસનામ કર્મ ખપાવવાને બદલે વધારી નાખે છે. બગીચામાં ફરવા ગયા ત્યાં બહુ મજા આવી–આનંદપૂર્વક ત્યાં સ્થિર થવામાં જાતને સુખી માનવા દ્વારા સ્થાવર નામકર્મ બાંધી લે, કારણ કે લીલોતરી ગમી–હવા ગમી અને તેમાં સ્થિર થયા તો કર્મ સત્તા જીવને ત્યાં સ્થિર કરી દે છે.

**ત્રસકાયમાં કોણ રખડે ?** જે તત્ત્વને જાણતો નથી અર્થાત્ આત્માના હિત અહિતનો જેને વિવેક નથી તે સંસારમાં પરિભ્રમણ કરે છે.

# ★ વિકલેન્દ્રિય જીવોનું સ્વરૂપ ★

❑ **ત્રસકાયમાં વિકલેન્દ્રિય જીવનું સ્વરૂપ :** જે જીવોને વિકલ એટલે ઓછી ઈન્દ્રિય હોય અર્થાત્ પૂરેપૂરી ન હોય તે વિકલેન્દ્રિય કહેવાય.

**વિકલેન્દ્રિયના મુખ્ય ત્રણ ભેદ :** (૧) બેઈન્દ્રિય (૨) તેઈન્દ્રિય અને (૩) ચઉરિન્દ્રિય.

## ❑ બેઈન્દ્રિય જીવો ❑

**ગાથા : ૧૫**

**સંખ કવડ્ડય ગંડુલ જલો ય ચંદણગ અલસ લહગાઈ ।**
**મેહરિ કિમિ પૂઅરગા, બેઈંદિય માઈવાહાઈ ॥ ૧૫ ॥**


શંખ, ગંડોલા, જળો, કોડા, અળસિયા, લાળીયાં;
જાણ આયરિયા પુરા, ને કાષ્ઠકીડા, કરમીયા;
ચુડેલ, છીપ, વાળા વગેરે, જીવ છે બેઈન્દ્રિયા. ૧૫

❑ **બેઈન્દ્રિય જીવોનું સ્વરૂપ :**

★ **શંખ :** દરિયામાં થતાં કીડા છે. શંખ જીવતો હોય ત્યારે કાચલાની અંદર બદામી રંગના કીડા રૂપે હોય છે.

★ **કવડ્ડય :** તે પણ દરિયામાં થનારા જીવો છે. નાના હોય તેને કોડી કહેવાય અને મોટા હોય તેને કોડા કહેવાય તેમાં બેઈન્દ્રિય જીવ રહે.

★ **ગંડુલ :** પેટમાં રહેનારા મોટા કૃમિ (મીઠાશ વધારે ખાનારાને પ્રાયઃ તે થાય)



★ **જલો :** પાણીમાં થનારા જીવો ત્રણ ઈંચ લાંબા–બગડેલ લોહી ચૂસી પછી શરીરથી છૂટું પડી જાય. પૂર્વના કાળમાં રંગારા જલો કીડામાંથી લોહી કાઢી, તે લોહી વડે કપડા રંગતા. કપડું ફાટે પણ રંગ ન જાય. ઘણી વખત ક્રોધના આવેશમાં કહેવાઈ જાય છે કે **અરે પીટીઆ, મારું લોહી પીએ છે હજી કયાં સુધી પીવું છે ?** આવું બોલનાર જો આલોચના ન કરે તો તે જીવોને **જેવો ભાવ તેવો ભવ** બીજાને લોહી પીનારો કહેનારને કર્મ સત્તા કદાચ લોહી પીવાના સ્થાનમાં મોકલી આપે...


★ **ચંદણગ :** અક્ષ તરીકે પ્રસિદ્ધ અથવા આરિયા–શંખ જેવા શંકુ આકારના દરિયામાં ઉત્પન્ન થનારા હોય છે.

ઉપરનો ભાગ કાપીને નીચેનો ભાગ સ્થાપનાચાર્યમાં ઉત્તમ દ્રવ્ય તરીકે ઉપયોગમાં લેવાય છે કારણ કે સુધર્માસ્વામીજીની જંઘામાં તેનું ચિન્હ હોવાથી તેનો ઉપયોગ કરવામાં આવે છે.

★ **અલસ (શિશુનાગ) :** વર્ષાકાળમાં કોમળ માટીની નીચે પ્રાયઃ વિશેષ જથ્થામાં ઉત્પન્ન થાય. શરીર અત્યંત કોમળ અને ત્રણ–ચાર ઈંચ લાંબુ, બન્ને બાજુ સર્પની જેમ ચાલનારા હોય, તેને લોકમાં અળસીયા કહેવાય છે.

★ **લહુગાઈ :** (લહુગા) લાળિયા જીવ. કુથિત પરૂ વગેરેમાં તથા લાળ વગેરેમાં ઉત્પન્ન થાય.


★ **મેહરિ :** લાકડામાં ઉત્પન્ન થાય (ઘુણ) લાકડાને કોરી તેમાં 'અ' વગેરે અક્ષરો કરે. તેના પરથી લોકમાં ઘુણાક્ષર ન્યાય પ્રસિદ્ધ થયો.



★ **કૃમિ :** વિષ્ટામાં જે નાના–નાના કૃમિ પડે તે. (કોઠામાં ગરમી થવાના કારણે કે કાચો કે બળેલ ખોરાક વાપરવાથી કે ખોરાક ન પચવાના કારણે પણ કૃમિઓ થાય.) વિષ્ટામાં પુષ્કળ થાય.

★ **પૂઅરગા :** પોરા-પાણીમાં ઉત્પન્ન થાય. લાલ વર્ણવાળા અને કાળા મુખવાળા હોય.

★ **માઈવાહાઈ :** માતૃવાહિકા – ચૂડેલ વંશિ મુખી હોય.




★ **રસજ :** રસની વિકૃતિથી ખાટી છાસ, બગડેલા દૂધ વગેરેમાં થાય.

★ **બેક્ટેરીયા :** મરેલા કલેવરમાં કીડા ઉત્પન્ન થાય તે.

★ **દ્વિદળમાં :–** કાચા દૂધ, દહીં, છાશ સાથે કઠોળ મિશ્રિત કરીને વાપરવાથી બેઇન્દ્રિય જીવો ઉત્પન્ન થાય તથા વાસી ખોરાકમાં અને મૈથુન ક્રિયામાં સ્ત્રી યોનિમાં બેઇન્દ્રિય જીવો ઉત્પન્ન થાય.

## ❑ તેઈન્દ્રિય જીવો ❑

**ગાથા : ૧૬ – ૧૭**

**ગોમી મંકડ જૂआ, પિપીહી ઉદ્દેહિયા ય મક્કોડા,**
**ઈલ્લિય ઘયમિલ્લિઓ, સાવય ગોકીડ જાઈઓ ॥ ૧૬ ॥**

**ગદ્દહય ચોરકીડા, ગોમયકીડા ય ધન્નકીડા ચ,**
**કુંથુ ગોવાલિય ઈલિયા, તેઈંદિય ઈદગોવાઈ ॥ ૧૭ ॥**

જૂ, લીખ, માંકડ, કાનખજૂરા, કંથવા, ઉત્તિંગિયા;
સાવા, કીડી, ઉધેઈ, ને ઘીમેલ, ઈયળ, ધાન્યની;
ચાંચડ, ઘનેડા ને મકોડા, ને ઈયળ ગુડ ખાંડની; ૧૬


છાણ અને વિષ્ટાતણા, કીડા ગીંગોડા જાતિઓ;
તેઈન્દ્રિ ગોપાલિક, ગોકળગાય આદિને જુઓ. ૧૭

## ❑ તેઈન્દ્રિય જીવોનું સ્વરૂપ :

★ **ગોમી :** કાન ખજુરા–કર્ણશૃગાલી (ગુલ્મી) ઘણા પગવાળા હોય.

★ **માંકણ :** માંકડ (બીજા જીવોનું લોહી પીવાનું કામ કરે છે.)

★ **જૂ :** માથામાં જૂ પડે તે. પરસેવો અને મેલના કારણે જૂ પડે. મેલા અને પરસેવાવાળા કપડામાં પણ જૂ પડવાની સંભાવના હોવાથી સાધુઓને લોચ કરાવવાનો છે. **જિન કલ્પીઓને લોચ રોજ કરવાનો, સ્થવિર કલ્પીઓને વર્ષમાં બે કે ત્રણ વાર, વધારે વાર પણ કરાવી શકાય.** અહિંસાના પાલન અર્થે જિન દીક્ષા ગ્રહણ કરતી વખતે પ્રથમ જ લોચ કરવાનું ફરજિયાત છે. **પ્રથમ મસ્તક મુંડન થાય, પછી બધા વેશનું પરિવર્તન થાય છે. દ્રવ્યથી મસ્તક મુંડન–ભાવથી કષાય મુંડન.** શરીરની મમતા તોડવાની છે. જાવજ્જીવ સામાયિકની પ્રતિજ્ઞા કરીને સમતામાં રહેવાનું, સમતામાં રહેવા માટે કાયાની મમતા તોડવાની છે.




★ **પિપીલિઆ :** કીડી તેઇન્દ્રિય જીવોમાં સૌથી વધારે વિકસિત છે. વૈજ્ઞાનિકોએ તેની ૮ હજાર જાતિની શોધ કરી છે. આફ્રિકા, ઉત્તર ઓસ્ટ્રેલિયાના ઘટાટોપ જંગલોમાં કીડીઓની વસાહતો જોવા મળે. કીડીઓ લાળો દ્વારા ઉત્પન્ન રેશમના સુંદર તાંતણા દ્વારા હજારો પાંદડાઓને, ડાળીઓને બાંધી આકાશી વસાહત ઊભી કરે. કીડીઓ અને ઉધઈ મળીને પૃથ્વીની સપાટી પરની માટીને ઉથલાવે છે. વનસ્પતિને દૂર દૂર ફેલાવે છે. કીડીઓ નાના જીવોના કલેવરને આરોગી જાય છે અને તે રીતે પર્યાવરણ શુદ્ધ કરે છે. કીડીઓ એકલી રહેતી નથી. તેમાં પરિગ્રહ સંજ્ઞા વિશેષ હોય છે. ઉત્તર આફ્રિકામાં એક કીડીની જાત ૬ દિવસ જીવે તે દરમ્યાન પોતાના વજનથી ૧૫ થી ૨૦ ગણા વજનનો ખોરાક પોતાની વસાહતમાં ભેગો કરે.

★ **ઉદેહિયા :** ઉધઈ. ઉધઈ લાકડા, કાગળ કોરી ખાય.

★ **મંકોડા :** મંકોડા ગોળાદિ દ્રવ્યમાં ચોંટી જાય, વરસાદની ગરમીમાં કાળા રંગના પ્રગટ થાય.

★ **ઈલ્લિય :** ઇયળ. ઇયળ ધાન્યમાં ઉત્પન્ન થાય તે. ગોળ વગેરેમાં પણ અતિ કોમળ શરીરવાળી સફેદ ઉત્પન્ન થાય.




## ☐ ઇયળમાં કોણ ઉત્પન્ન થાય ?

દૂતમાં અતિ રાગવાળી દૂતની પાંચ પત્ની ઇયળ તરીકે ઉત્પન્ન થઈ. દૂત રાજાના કામે મહિનાઓ માટે પરદેશ માટે જાય છે. ત્યારે પાંચે પત્ની સ્નેહથી એક–એક લાડવો તેને અર્પણ કરે છે. વળાવવા માટે તેની પાંચે પત્નીઓ


ગામના પાદર સુધી આવે છે. જ્યાં સુધી દૂત દષ્ટિમાં (નજરે) પડ્યો ત્યાં સુધી તેને જોવામાં તલ્લીન છે. દૂત તો આગળ ચાલ્યો જાય છે. રસ્તામાં મુનિ મહાત્મા મળે છે. વંદના–સુખ શાતા પૂછે છે અને પછી પૂછે છે ભગવંત ! મારું આયુષ્ય કેટલું છે ? મુનિ કહે : લાખ વર્ષ. દૂત આનંદમાં આવી ૧ની આગળ પાંચ મીંડા એમ કહી નાચવા લાગ્યો. મુનિ કહે એકની પાછળ પણ પાંચ મીંડા છે. આશ્ચર્ય.... રહસ્ય શું ? ગુરુને આગ્રહ કરીને પૂછે છે. મુનિ કહે છે કે ભથવારનો ડબ્બો ખોલ, લાડુના બે ભાગ કરતાં દરેક લાડવામાં એક એક ઈયળ, તાજા લાડુમાં ઈયળ ક્યાંથી ? મુનિ ભગવંત સમજાવે છે કે – તારી પાંચ પત્ની તારો વિયોગ સહન ન થતાં મૃત્યુ પામીને, દેહનો ત્યાગ કરીને ઈયળરૂપે લાડવામાં તારી પાસે આવી પહોંચી છે. તે સાંભળી દૂતને અપૂર્વ વૈરાગ્ય આવી ગયો અને દીક્ષા ગ્રહણ કરી.

★ **ઘયમિલ્લિય :** ઘીમેલ ઘીની ઈયળ, જૂના ઘીમાં પડવાનો સંભવ.

★ **સાવય (ચામડીની જૂ) :** વાળના મૂળમાં ઉત્પન્ન થાય. તેમાં ચોંટી રહે. શાસ્ત્રના આધારે ભાવિમાં કષ્ટને સૂચવનાર હોય છે.

★ **ગોકીડ જાઈઓ :** ગીંગોડાની જાતિ કૂતરાદિ તિર્યંચોના કાનમાં તે જાતિના જીવડા થાય.

★ **ગદ્ધહય :** તે અવાવરુ ભીની માટીમાં થાય.





★ **ચોરકીડા :** વિષ્ટાના કીડા ભૂમિમાં નીચે મુખ રાખનારા અને વિસ્તારવાળા ગોળાકાર છિદ્રને કરનારા.

★ **ગોમયકીડા :** છાણના કીડા

★ **ધન્નકીડા :** ધનેરા, ધાન્ય (ઘઉં આદિમાં) વિશેષથી જોવા મળે. ઘઉંની ગુણીઓ પર થરનાં થર જામી જાય.

★ **કુંથુ :** કુંથુઆ ગરમીમાં (ભાદરવા–આસો મહિનાના ભેજવાળા વાતાવરણમાં) વિશેષથી થાય ને એટલા સૂક્ષ્મ હોય કે જે જાણી ન શકાય. ઘણા તો માત્ર શાહીના બિંદુ જેવા હોય તેથી ચાતુર્માસમાં ખૂબ વિરાધના થવાનો સંભવ તેથી વારંવાર પૂંજવા પ્રમાર્જવાનું કરવું જોઈએ.




★ **ગોવાલિય :** જીવ વિશેષ (વસ્ત્રોમાં પડતી જૂ)

★ **ઈંદ ગોવાઈ :** લાલ વર્ણવાળા કીડા વર્ષાઋતુની પ્રથમ વૃષ્ટિમાં ઉત્પન્ન થાય. ગોકળગાય તરીકે વિખ્યાત છે.

★ **ઈલિયા :** ઝાડ પાન વગેરે વનસ્પતિમાં થતી લીલા રંગની ઈયળ.



# ❑ ચઉરિન્દ્રય જીવો ❑

ગાથા :– ૧૮

***ચઉરિંદિયાય વિચ્છૂ ઢિંકુણ, ભમરા ય ભમરિયા તિડા,***
***મચ્છિય ડંસા મસગા, કંસારી કવિલ ડોલાઈ. ॥૧૮॥***

વીછીં, બગાઈ, ભમરી, ભમરા, તીડ, માંખી, ડાંસ ને,
કરોળીયા, ખડમાંકડી, કંસારી, મચ્છર, જંતુ ને;
ભણકુત્તિકા, ઢિંઢણ, પતંગાદિક, ચઉરિન્દ્રિય છે.
નારકી, તિર્યંચ, માનવ, દેવ, પંચેન્દ્રિય છે. ॥૧૮॥

## ❑ ચઉરિંદિય જીવોનું સ્વરૂપ :

જે જીવો ચક્ષુ ઈન્દ્રિયની પ્રધાનતાવાળા છે. અર્થાત્ જે જીવોને સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય તથા ચક્ષુરિન્દ્રિયની પ્રાપ્તિ થઈ છે.

★ **વીંછી :** પૂંછડે આવેલ કાંટા વડે ડંખ મારનાર (પાંદડા, છાણના ઢગલામાં કે જળમાં ઉત્પન્ન થાય) વીંછી ડંખ મારવાના સ્વભાવવાળા છે. તેના ડંખમાં ઝેર રહેલું છે ને શરીરમાં વ્યાપી જવાથી ડંખવાળાનું મૃત્યુ થાય. જે જીવો પૂર્વે, બીજાને મારવાના વૈરઝેરની તીવ્ર ભાવનાપૂર્વક મૃત્યુ પામે તેઓને પ્રાયઃ આવા ભવોની પ્રાપ્તિ થાય.

★ **ઢિંકુણ :** બગાઈ. ઢોર પર બેસતી માખી. આ બગાઈને પાંખ હોતી નથી. આ જંતુ પંચેન્દ્રિય જીવોના લોહીનો આહાર કરે છે.




★ **ભમરો :** ષટ્પદી (છ પગ હોવાથી ષટ્પદી કહેવાય છે.) સામાન્યથી તેને ગંધ વિશેષ પ્રિય છે. તેથી જ્યાં સુગંધી પુષ્પો થાય ત્યાં તે વિશેષથી જોવા મળે છે. તે પુષ્પ વગેરેમાં રહેલી સુગંધને માણવા ભમે છે. તે કોઈને ડંખતા કરડતા નથી. સતત ભમવાના સ્વભાવના કારણે મનને પણ ભમરાની ઉપમા આપવામાં આવે છે. (મન ભમરા તું ક્યાં ભમ્યો?) ગંધને જાણવાના અધ્યવસાયમાં મન ભમ્યા કરે તો તેવા અધ્યવસાયમાં આયુષ્યનો બંધ પડવાથી જીવ ભમરા તરીકે ઉત્પન્ન થાય.

★ **ભમરી :** પીળા વગેરે અનેક રંગની વેદના કરનારી માખી. આ ભમરીઓ માટીનું ઘર બનાવી તેમાં ઈયળને ડંખ મારી આ ઘરમાં લાવી તેને બંધ કરી તેને મારી નાંખે છે પછી ત્યાં બીજી ભમરીઓ ઉત્પન્ન થાય.

★ **તીડ :** ટોળામાં ઉત્પન્ન થાય અને એક જ દિશામાં ઊડે, ઉપદ્રવી જીવ તરીકે પ્રસિદ્ધ (અનાજના ખેતરોને સાફ કરી દે).

★ **મચ્છી :** માખી ગંદકીમાં વિશેષ ઉત્પન્ન થાય.

★ **ડાંસ :** વર્ષાકાળમાં થાય. મચ્છર પણ ગંદકીમાં તથા અશુદ્ધ વાતાવરણ તથા સૂર્યાસ્ત થવાના મિશ્ર વાતાવરણમાં વિશેષથી ઉત્પન્ન થાય. માખી, ડાંસ અને મચ્છર એ ઉપદ્રવ કરનારા તેથી અતિ તુચ્છ જાતિ ગણાય. તેનો સ્પર્શ કર્કશ હોવાથી તેનો સ્પર્શ આપણને ગમતો નથી પણ તે કોમળ સ્પર્શને પસંદ કરે છે તેથી માખી પણ ચીકાશવાળા




પદાર્થ પર વિશેષથી બેસે છે ગોળ, કફ, સળેખમ વગેરે પર જામી પડે છે. મચ્છર પણ આપણા શરીરના કોમળ ભાગ પર વિશેષથી બેસવાનો પ્રયત્ન કરે છે તેથી આપણને તેના પર વિશેષથી દ્વેષ–અરતિ અણગમો પ્રગટ થાય છે. જો તેમાં સાવધાન ન રહીએ તો તે ભવોમાં જવું સુલભ થઈ જાય. આથી જ્ઞાનીઓએ સમતાની સિદ્ધિ માટે ડાંસ–મચ્છરના પણ પરિષહને સહન કરવાનું વિધાન કર્યું છે.

★ **મચ્છર :** લોહી પીને જીવન ગુજારનાર એક જીવ. તેનો ડંખ ખૂબ તિક્ષ્ણ હોય છે તે મનુષ્ય તથા બીજા અન્ય પ્રાણીઓનું લોહી ડંખ મારીને ચૂસે છે.

★ **કંસારી :** (ઝીંગુર) અવાજ કરતું એક જીવ. તે ઉડી શકતું નથી કૂદકા મારી શકે છે. તે રાત્રે અવાજ કરે તો એક કિલોમીટર સુધી તેનો અવાજ સંભળાય શકે છે.

★ **કવિલ :** કરોળિયા. મુખની લાળના તંતુઓ વડે જાળ બનાવતો આઠ પગવાળો જીવ છે. સામાન્યથી આ જીવ પોતાની જાળમાં ફસાયેલા કીટો પર જીવન ગુજારે છે. કેટલાક કરોળિયા અત્યંત ઝેરી હોય છે.

★ **ડોલાઈ :** ખડમાંકડી. આ જીવ દેખાવે રૂપવાન હોય છે અને મનુષ્યથી ગભરાઈને તેનાથી બચવા માટે તે મનુષ્ય ઉપર મૂત્ર કરતું હોય છે. તે મૂત્રમાં એસીડનું પ્રમાણ વધારે હોવાથી ચામડી ઉપર ફોલ્લા થતા હોય છે.



ચઉરિન્દ્રિય જીવોને સામાન્યથી ૬ થી ૮ પગ હોય અને મોઢા પર શિંગડા જેવા બે વાળ જેવા ભાગ હોય. તેઇન્દ્રિય જીવોને ૪ કે ૬ પગ હોય અને બેઇન્દ્રિય જીવોને પગ ન હોય, ચઉરિન્દ્રિય જીવોને ચક્ષુ મળવાથી વસ્તુમાં રૂપનું જ્ઞાન થાય અને તે તે રૂપમાં આસક્ત થાય અને વિવેકના અભાવે તેમાં તદાકાર થઈ જાય. પતંગિયા અગ્નિને ભાળે અને તેમાં પડે ને મૃત્યુને પામે અને ઘ્રાણેન્દ્રિય જેની તીવ્ર હોય તે ભમરાદિ સુગંધમાં આસક્ત થાય. કમળની ગંધમાં આસક્ત થઈ કમળ બિડાઈ જવાથી તેમાં મૃત્યુ પામે. મધમાખીઓ પરાગ ચૂસી ચૂસીને તેની લાળ વડે મધ બનાવે તે જ મધમાં તેઓ આસક્ત થાય તેની મમતાથી બંધાઈ જાય. મનુષ્ય ભવમાં ગંધ, રૂપની આસક્તિ વડે આવા ભવોની પ્રાપ્તિ થાય. અમેરિકામાં કીડી, મંકોડાને મધ ખવડાવી તગડા કરી બ્રેડ વચ્ચે રાખી જીવતા (સેન્ડવીચ) રૂપે ખાય.

વિકલેન્દ્રિય જીવો અતિશય તુચ્છ ભવવાળા કહેવાય. પ્રાયઃ ઉપદ્રવના સ્વભાવવાળા છે તેથી દેવલોકમાં, યુગલિકક્ષેત્રમાં કે યુગલિક કાળમાં ઉત્પન્ન થતા નથી. વિકલેન્દ્રિય જીવો–નરક ગતિમાં જઈ શકતા નથી અને દેવમાંથી વિકલેન્દ્રિય જીવ તરીકે ઉત્પન્ન પણ થઈ શકતા નથી. વિકલેન્દ્રિયમાંથી મનુષ્ય ભવમાં આવેલ જીવ વિપુલમતિ–મનઃપર્યવ જ્ઞાન અને કેવળજ્ઞાન પ્રાપ્ત ન કરી શકે. અર્થાત્ અપ્રમત્ત ગુણ સ્થાનકની સ્પર્શના ન કરી શકે. વિકલેન્દ્રિય જીવો ત્રસનાડીમાં હોવાથી છ એ દિશાનો આહાર ગ્રહણ કરે.

## ❑ વિકલેન્દ્રિય જીવોનું સંખ્યા પ્રમાણ :

સાત રાજ ઘની કૃત એક પ્રતરના અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ (જેટલા ખંડો થાય તેટલા) પર્યાપ્ત બેઇન્દ્રિય જીવો, તેટલાં જ તેઇન્દ્રિય, તેટલાં જ ચઉરિન્દ્રિય અને તેટલાં જ અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોનું સંખ્યા પ્રમાણ છે. અપર્યાપ્તા અસંખ્યાત પ્રમાણ લેવાના (પંચ સંગ્રહ).

પર્યાપ્ત ચઉરિન્દ્રિય સર્વથી થોડા છે. એનાથી અધિક પર્યાપ્ત બેઈન્દ્રિય. તેનાથી પણ અધિક પર્યાપ્ત તેઈન્દ્રિય છે. એનાથી અસંખ્યાત ગુણ અપર્યાપ્ત ચઉરિન્દ્રિય છે એથી અધિક અપર્યાપ્ત તેઈન્દ્રિય અને એથી વિશેષ અપર્યાપ્ત બેઈન્દ્રિય છે. વિકલેન્દ્રિયના પર્યાપ્ત અને અપર્યાપ્ત એ બે ભેદ આથી તેના કુલ છ ભેદ થાય.

પશ્ચિમ દિશામાં સૌથી ઓછા વિકલેન્દ્રિય, પૂર્વમાં અધિક, દક્ષિણમાં એથી અધિક અને ઉત્તરમાં એથી પણ અધિક છે. એમનું અલ્પ બહુત્વ અપ્કાય જીવો પ્રમાણે છે કારણ કે એમની ઉત્પત્તિ જળાશયોમાં વધુ જણાય છે. પોરા, શૃંખલા વિગેરે જીવો પ્રાયઃ જળમાં ઘણા હોય છે. કુંથવા વિગેરે સેવાળમાં અને ભમરા વિગેરે કમળ–પુષ્પમાં બહુ હોય છે.

### ❑ વિકલેન્દ્રિય જીવોની જયણા :

આ જીવો સામાન્યથી ગંદકીવાળા ક્ષેત્રોમાં અને વિષમ વાતાવરણમાં વિશેષ ઉત્પન્ન થાય છે તેથી જેટલી સ્વચ્છતા વધારે તેટલો ઉપદ્રવ ઓછો થાય. એંઠવાડ વિગેરે વધારે ન થાય, જ્યાં ત્યાં તેને ન ફેંકતા, યોગ્ય રીતે સુકાઈ જાય તે રીતે જયણાપૂર્વક તેનો નિકાલ કરવાથી વિકલેન્દ્રિય જીવોની જયણા થાય.

કપડા, અનાજ, મસાલા વિગેરે ખાદ્ય પદાર્થો રાખવામાં ડામરગોળી, પારો, દિવેલ લગાડવું. પુસ્તકમાં તમાકુ મૂકવાથી જીવાત ન થાય.

ooo

# ★ પંચેન્દ્રિય જીવોનું સ્વરૂપ ★

## ☐ પંચેન્દ્રિયમાં બે વિભાગ : સંજ્ઞી અને અસંજ્ઞી.

પંચેન્દ્રિયમાં પણ બે વિભાગ સંજ્ઞી અને અસંજ્ઞી. અસંજ્ઞી પંચેન્દ્રિયને મન નથી માટે તે સંમૂર્છિમ જેવા છે. દા.ત. ૨,૩,૪ ઈન્દ્રિયવાળા કરતાં એનું જ્ઞાન અધિક છે, પ્રવૃત્તિ વધુ કરી શકશે પરંતુ ઉદય મિથ્યાત્વનો છે માટે આત્મહિતની વિચારણા નહીં કરી શકે માટે એની પુણ્યપ્રકૃતિ પણ પાપ વધારવા માટે જ છે. માટે જ એકેન્દ્રિય કરતાં બેઈન્દ્રિયને ૨૫ ગણું, તેઈન્દ્રિયને ૫૦ ગણું, ચઉરિન્દ્રિયને ૧૦૦ ગણું અને અસંજ્ઞી પંચેન્દ્રિયને ૧૦૦૦ ગણું કર્મ બંધાય જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિયને સાગરોપમની સ્થિતિનું કર્મ બંધાય. માટે આ જીવોને જોઈને આપણે કરુણાના પરિણામ લાવવાના છે **દયા ધર્મકા મૂલ હૈ.**

જીવ સમ્યગ્દર્શન કયા પરિણામોનો અનુભવ કરે ? જીવ સમ્યગ્દર્શનમાં શુદ્ધ સ્વ પર દયાના પરિણામનો અનુભવ કરે છે.

**દેશના અમૃતધારા વરસી, પરપરિણતિ સવી વારી જી** જે જીવોને જોઈને દ્વેષ થાય (કીડી, માંકડ, મંકોડા, મચ્છરો) આપણને ક્રૂરતાના પરિણામ આવી જાય તો ત્યાં ક્રૂરતા નથી કરવાની પણ દયાના પરિણામ લાવવાના છે.

આપણે સંખ્યાત, અસંખ્યાત ને અનંત જીવોની સાથે રહીએ છીએ તે જાણતા નથી માટે દયાનો પરિણામ ક્યાંથી આવશે ? તો ધર્મ શું કર્યો ? દયાના પરિણામ એ સમ્યગ્દર્શનના પરિણામ છે. આપણે બચાવી શકીએ કે નહીં એ બીજા નંબરની વાત છે પણ ઉપયોગ તો હોવો જ જોઈએ. પરમાત્માની આજ્ઞા શું છે ? **નમો સિદ્ધાણં—તું સિદ્ધ બન** પાંચમે અનંતે સિદ્ધના જીવો લોકાંતે રહેલા છે અને આઠમેં અનંતે સંસારી જીવો છે જે સમગ્ર ચૌદ રાજલોકમાં ભરેલા છે. લોકાંતે પણ સંસારી જીવો છે. જ્યારે તમામ જીવોમાં રહેલા સિદ્ધત્વને જુવે અને એક પણ આત્માની પીડા એનાથી સહન ન થાય એ રીતે પોતાના વીર્યને ફોરવે ત્યારે પોતે સિદ્ધ બને. સત્તાએ સિદ્ધ હોવા છતાં વર્તમાનમાં એ

પીડા પામી રહ્યાં છે એમને આપણે પીડા આપીને વધારે દુઃખી ન કરીએ. આપણે આપણા આત્માને દુઃખ ન આપવામાં ત્યારે જ સમર્થ થઈ શકીએ કે જ્યારે બીજાના દુઃખમાં નિમિત્ત ન બનીએ. જેટલું અજ્ઞાન આપણામાં ઊભું છે તે જ્ઞાન પાછું વિપર્યાસવાળું છે માટે આપણે દુઃખી છીએ. આપણે પરમાં જ સુખ માનીએ છીએ.

**જ્ઞાન સુખની ખાણ છે** અર્થાત્ આત્મા જ્ઞાનથી જ પૂર્ણ સુખી બની શકે, પૂર્ણતામાં આવી શકે. **જ્ઞાન તત્ત્વથી શુદ્ધ થવું જરૂરી.** વિપર્યાસ ભાવથી મુકત થાય ત્યારે પૂર્ણ સત્યતાનો નિર્ણય અને સ્વીકાર કરી હેયનો ત્યાગ અને ઉપાદેયની પૂર્ણ આચરણા કરવાથી આત્મા પૂર્ણતામાં આવી શકે. નાવમાં આરુઢ થયેલા અર્ણિકાપુત્રાચાર્યને નાવિકે નદીમાં ફેંક્યા ને દેવે તેમને ત્રિશૂળમાં પકડી લીધા અને લોહીની ધારા છુટી. નીચે અસંખ્ય અપૂકાય જીવોની વિરાધનાનું ભાન થતા દયાના પરિણામ પ્રગટ્યા. દેહમાં છું માટે આ વિરાધના થઈ રહી છે દેહથી જ છૂટી જાઉં તો અને પીડા ભૂલાઈ ને કેવલજ્ઞાન પામી ગયા ને દેહથી કાયમ માટે છૂટી ગયા ભાવમાંથી સ્વભાવમાં આવી ગયા, પૂર્ણતાને પામી ગયા. વેદનાનો અનુભવ જ્ઞાન દ્વારા થાય છે અને એનું સાધન મન છે. જેને મન મળ્યું નથી એવા નિગોદના જીવોને જ્ઞાન અક્ષરના અનંતમા ભાગનું છે માટે એ આત્માને ૭મી નરક કરતાં અનંતગણી વેદના છે છતાં તે વ્યકત પીડા અનુભવતો નથી. એ આત્માને આઠ કર્મોનું આવરણ છે અને કર્મોનો ઉદય પણ છે માટે દુઃખને દૂર કરવાનાં પ્રયાસો પણ નહી કરી શકે. નિગોદના જીવો અવ્યક્ત દુઃખ ભોગવે છે નેં એને સમજવા માટે નરકના જીવોના વ્યક્ત દુઃખોને જાણવા જરૂરી છે.

**ગાથા : ૧૯**

**પંચિંદિયા ય ચઉહા, નારય તિરિય મણુદેવાય**
**નેરઈયા સત્તવિહા, નાયવ્વા પુઢવિ ભેએણં ॥ ૧૯ ॥**

ચઉવિહ પંચેન્દ્રિયમાં, સગવિહ નારક જાણવા;
રત્નપ્રભાદિ પૃથ્વીના, ભેદે કરી પિછાણવા. ૧૯

### ❑ નરકાદિ ક્રમે પંચેન્દ્રિયના ચાર ભેદ અને તેનું કારણ :

નારક - તિર્યંચ, મનુષ્ય અને દેવ. ભેદ પાડવાનું કારણ નરકમાં વ્યક્ત પીડા અત્યંત અધિક છે પછી એનાથી ઓછી તિર્યંચગતિમાં પછી મનુષ્ય ને છેલ્લે દેવ.

### ❑ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના પ્રકાર :

**ચાર પ્રકારના સંજ્ઞી પંચેન્દ્રિય જીવો છે. નરક, તિર્યંચ, દેવ અને મનુષ્ય.** મનુષ્ય અને તિર્યંચ સંજ્ઞી ને અસંજ્ઞી બન્ને પ્રકારના હોય છે. એકેન્દ્રિયાદિ જાતિની અપેક્ષાએ પંચેન્દ્રિય સૌથી ઊંચા કહેવાય. નિશ્ચયથી જીવોની જાતિ છે જ નહીં. **જન્મ જરા મૃત્યુ નિવારણાય** એમ બોલીએ ત્યારે ભાવની સ્પર્શના થાય કે જે પુષ્પો આદિ દ્રવ્યો પૂજા કરતાં પરમાત્માને ચડાવીએ છીએ તે તમામ ભવ્ય આત્માઓ છે. જે આત્માના ભવ્યત્વનો વિકાસ થાય તે જીવો સ્થાવર-કાયાદિમાંથી છૂટીને જન્મ-મરણથી મુક્ત બને અને જે પરમાત્માને અર્પણ કર્યું તેનો ઉપયોગ હવે પોતાના માટે ન કરે અને કરવો પડે તો પણ કેટલો કરે ? અને કઈ રીતે કરે ? ભાવના સાવ લુખ્ખી ન હોવી જોઈએ. પછી પૂજા માટે સ્નાન કરતાં પાણી કેટલું ઢોળાય ? આત્મા જાતિથી રહિત છે અને જાતિ એ કર્મનો પર્યાય છે અને એમાંથી આત્માએ મુક્ત બનવાનું છે. જેમ જેમ આત્મા, આત્મભાન ભૂલી મોહમાં મૂઢ બનતો જાય તેમ તેમ ગુણો દબાતા જાય તેમ તેમ પંચેન્દ્રિયથી ઊતરતા એકેન્દ્રિય સુધીના કર્મો બંધાય.

પંચેન્દ્રિયને પુણ્ય પ્રકૃત્તિ કહી છે બાકીની ચાર એકેન્દ્રિયાદિ પાપ પ્રકૃત્તિ છે. પંચેન્દ્રિયમાં આવીને આત્માને જાણે, આત્માનું હિત કરવાનું મન થાય તો જ પુણ્ય પ્રકૃત્તિ કહેવાશે. દેવ-નરકમાં જીવ, મનને કારણે હિતાહિતનો વિચાર કરી શકે, નરકને પાપ ગતિમાં ગણી છે. મોટા ભાગના જીવોને નરકમાં જીવવું ગમતું નથી પણ મરણ ગમે છે, માટે પાપ ગતિ કહી છે. તિર્યંચોને મરવું ગમતું નથી. નરકમાં સમ્યગ્‌દૃષ્ટિ આત્મા જ સમાધિમાં રહી શકે છે. નરકને પંચેન્દ્રિયજાતિ તરીકે પુણ્ય પ્રકૃતિ ગણાવી છે કારણ સમ્યક્‌દર્શનને પામી શકે છે. ત્રસનાડી એક રજ્જુ પહોળી છે ને ચૌદ રજ્જુ લાંબી છે. ત્રસ જીવો માત્ર

ત્રસનાડીમાં જ રહેલાં છે અને સ્થાવર જીવો ત્રસનાડીમાં અને ત્રસનાડીની બહાર પણ ચૌદ રાજલોકમાં સર્વત્ર રહેલાં છે.

## ❑ સ્થાવરકાય – ત્રસકાય જીવોની રક્ષા કરતાં કેવલજ્ઞાનાદિ ગુણોના લાભને પામેલા મહાત્માઓ :

| | | |
|---|---|---|
| ★ પૃથ્વીકાયના જીવની રક્ષા કરતાં | અનસનપૂર્વક સિંહના મુખમાં ચવાતા શ્રી વ્રજ આર્યસૂરિ | કેવલજ્ઞાન પામ્યા |
| ★ અપ્કાયના જીવની રક્ષા કરતાં | અર્ણિકાપુત્ર આચાર્ય | કેવલજ્ઞાન પામ્યા |
| ★ તેઉકાય (અગ્નિના) જીવોની રક્ષા કરતાં | ગજસુકુમાલ મુનિ | કેવલજ્ઞાન પામ્યા |
| ★ વાયુકાય જીવોની રક્ષા કરતાં | કુરુદત્ત મુનિ | કેવલજ્ઞાન પામ્યા |
| ★ પાણી–માટીના (પણગ-દગ) યોગથી નિગોદના જીવોની વિચારણા કરતા | અઈમુત્તામુનિ | કેવલજ્ઞાન પામ્યા |
| ★ વનસ્પતિકાયમાં જીવ છે તેવી ખાત્રી થતા બૌધ્ધ સાધુ પ્રતિબોધ પામી જૈન મુનિ બન્યા | ગોવિંદાચાર્ય | ચારિત્રગુણને પામ્યાં |
| ★ બેઈન્દ્રિય જીવની રક્ષા કરતાં જીવ તરીકે જ્ઞાનથી | ધનપાલ પંડિત | સમકિતને પામ્યા |
| ★ તેઈન્દ્રિય (કીડી) જીવની રક્ષા કરતાં | ધર્મરુચિ અણગાર | સર્વાર્થસિદ્ધવિમાનમાં દેવપણાને પામ્યા |
| ★ ચઉરિંદ્રિય જીવની (મચ્છર) રક્ષા કરતાં | શ્રમણ ભદ્રમુનિ | કેવલજ્ઞાન પામ્યા |
| ★ પંચેન્દ્રિય ક્રૌંચ પક્ષીના જીવની રક્ષા કરતાં | મેતારજ મુનિ | કેવલજ્ઞાન પામ્યા |

ત્રસપણામાં બે વિભાગો કર્યા વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય. ૨,૩,૪ ઈન્દ્રિયવાળા જીવો માત્ર ભાવપ્રાણના નાશ માટે જ જીવન જીવે છે તેઓને આત્માનું લક્ષ નથી, શરીરનું જ લક્ષ છે. મિથ્યાત્વ છે, મન નથી માટે આહાર સંજ્ઞાને પોષવા, જે જે ઈન્દ્રિયો મળી તેના વિષયોને ભોગવવા માટે જ જીવે છે. અનુકૂળતા શોધે, પ્રતિકૂળ વિષયો ન ગમે, મંકોડા ગોળ જુવે ને ત્યાં ચોંટે,

પતંગિયા (પ્રકાશ) અગ્નિમાં બળી મરે છે. અગ્નિ મને બાળી નાંખશે એવું ભાન નથી પણ રૂપ ગમે છે માટે ત્યાં જાય છે, ને બળી મરે છે.આપણને પણ આત્માનું ભાન ન હોય તો એનામાં ને આપણામાં કાંઈ ફરક નથી. આપણે પણ અનુકૂળતા ભાળી ને એમાં ગરકાવ થઈ જઈએ તો આપણી પણ આ જ અવસ્થા થાય. જેમ જેમ મોહની તીવ્રતા વધારે તેમ તેમ ઊતરતા ક્રમે આયુષ્ય બંધાય, અર્થાત્ સંમૂર્ચ્છિમ મનુષ્ય પછી ૪,૩ કે ૨ ઈન્દ્રિયમાં પણ જાય. પંચેન્દ્રિયમાં બે વિભાગ સંજ્ઞી અને અસંજ્ઞી, એમાં દેવ ને નારક સંજ્ઞી જ હોય, મનુષ્ય અને તિર્યંચમાં સંજ્ઞી ને અસંજ્ઞી બે ભેદ આવે એ ગર્ભજ અને સંમૂર્ચ્છિમ પણ હોય.

# ★ નરક ગતિ ★

## ❑ નરક અને નારકના જીવોના પ્રકાર :

નરક કોને કહેવાય ? નર શબ્દ એમાં પ્રથમ છે. પાપી એવા મનુષ્યોને પાપ ફલના ઉપભોગ માટે આહ્વાન કરે છે તે માટે એને નરક કહેવામાં આવે છે.

આપણે ત્યાં પ્રથમ નિષેધ અને પછી વિધાન એમ બે સ્વરૂપે પરમાત્માની આજ્ઞા છે. પહેલાં ત્યાગ જ કરવાનો છે. નર = મનુષ્ય, ક= કાળા, જે કાળા પાપો કરે છે તેને નરક મળે છે એટલે એનું સ્થાન પણ નીચું. જેણે ભાવથી અધોગતિ કરી છે તેને દ્રવ્યથી પણ નીચે જ જવાનું આવે છે. નરક એ કોઈ કાલ્પનિક વાત નથી. ખ્રિસ્તીઓ નરકને **હેલ** કહે છે અને મુસ્લિમ લોકો **જહન્નમ** કહે છે. નાસ્તિકો નરકને માનતા નથી. નાસ્તિકદર્શન પ્રત્યક્ષને માને તેથી નરકને કાલ્પનિક માને છે, લોકોને ભય બતાવવાનું કારણ માને છે.

## ❑ જીવરાશિમાંથી નરક ગતિમાં કોણ જાય ?

મનુષ્યો અને પંચેન્દ્રિય તિર્યંચો નરકમાં જઈ શકે. તેમાં પણ સાતમી નરકમાં માત્ર (પ્રથમ સંઘયણવાળા) મનુષ્ય અને માછલાં જ જઈ શકે. સ્ત્રી છઠ્ઠી નરક સુધી જઈ શકે. પાંચમીમાં સર્પ, ચોથીમાં સિંહ, ત્રીજીમાં પક્ષી, બીજીમાં – ગર્ભજ ભુજ પરિસર્પ અને પહેલીમાં સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ

જઈ શકે. એનાથી આગળની નરકમાં ન જઈ શકે. અર્થાત્ મનુષ્ય અને માછલાં ૧ થી ૭, સ્ત્રી ૧ થી ૬, સર્પ ૧ થી ૫, સિંહ ૧ થી ૪, પક્ષી ૧ થી ૩, ભુજપરિસર્પમાં જઈ શકે. નરકના જીવોને દ્રવ્ય લેશ્યા નિયત હોય ભાવ લેશ્યા શુભાશુભ હોય.

❑ **નારકીના જીવોના દુઃખ :** ચાર ગતિના જીવોમાં સૌથી ઓછી સંખ્યા મનુષ્યોની છે.ચાર પ્રકારના જીવોનો ક્રમ બતાવવાનો હેતુ એ છે કે નરકના જીવો સૌથી વધારે દુઃખી છે, એનાથી ઓછા દુઃખી તિર્યંચો પછી મનુષ્ય અને પછી દેવો એમ ઉતરતા ક્રમે લીધાં. જીવો સૌથી વધુ તિર્યંચગતિમાં એનાથી ઓછા નરક, એનાથી ઓછા દેવો અને સૌથી ઓછા મનુષ્યો તેમને વધારે દુઃખનું કારણ મન છે. મન મિથ્યાત્વ અને સમકિત બન્નેનું કારણ છે. જેને દેવ-ગુરુ-ધર્મનું ભાન જ નથી તેને અવ્યક્ત મિથ્યાત્વ હોય. મન વગરના બધા જ જીવો અવ્યક્ત મિથ્યાત્વવાળા જ હોય. મનવાળામાં બે ભેદ છે, વ્યક્ત ને અવ્યક્ત, બન્ને પ્રકારના મિથ્યાત્વમાં અજ્ઞાન, વિપર્યાસ ને શંકા ત્રણે મિથ્યાત્વ હોય. જ્ઞાન ન થવું એ મોટું મિથ્યાત્વ, વિપર્યાસ થવો તે મહા મિથ્યાત્વ અને શંકા થવી તે પણ મિથ્યાત્વ પણ એ સમકિતનો અતિચાર છે. આચારવાળાને જ અતિચાર લાગે. અભવીને આચાર જ નથી માટે એને અતિચાર ન લાગે.

નારકીના જીવને વ્યક્ત દુઃખ છે માટે દુઃખને દુઃખ તરીકે જાણે એટલે વધારે દુઃખી થાય ને પાપ બાંધે. એ દુઃખને કર્મકૃત્ દુઃખ માને તો દુઃખી ન થાય ને નિર્જરા કરે. ક્ષેત્ર વેદના, પરમાધામીકૃત વેદના અને પરસ્પર ઉદિરીત વેદના ત્રણે નરકમાં હોય છે. વિશેષથી ક્રોધ કષાયના ઉદય રૂપ ભાવ વેદના ભયંકર હોય, દ્રવ્ય લેશ્યા અશુભ હોય પણ સમકિતીને ભાવ લેશ્યા શુભ હોય. દ્રવ્ય લેશ્યા તો બધાની અશુભ હોય, પરિણામ અશુભ હોય, દેહ અશુભ હોય, વિકિયાવાળા હોય. ૧-૨ નરકમાં કાપોત લેશ્યા,૩ જીમાં કાપોત ઉપર નીચે નીલ લેશ્યા, ૪ થી માં નીલ લેશ્યા,૫ મી માં ઉપર નીલ નીચે કૃષ્ણ લેશ્યા ને ૬/૭ માં કૃષ્ણ લેશ્યા, સાતે નારકીમાં સમકિત દૃષ્ટિ જીવ હોય.

નરકના જીવો કરતાં નિગોદના જીવો અનંતગણુ દુઃખ ભોગવે છે પણ

તે વેદના તેમની અવ્યક્ત છે. નરકના જીવોને વ્યક્ત વેદના છે. તેઓ સમાધિ રાખી શકે. તેઓ સકામ કે અકામ નિર્જરા કરી શકે અને નવા સંસારના સર્જનનો અનુબંધ અટકાવી શકે પણ સંપૂર્ણ સંસારનું વિસર્જન કરી શકતા નથી.

### ❑ નરકમાં શું મળે ?

**પુદ્ગલરાગે નરક વેદના વાર અનંતી વેદી. પુણ્ય સંયોગે નરભવ લાધો. અશુભ પુદ્ગલ ગતિ વેદી.** વર્તમાનમાં જે ભોગવે તે ભવિષ્યમાં મળે. અવ્યક્ત દુઃખ તો આત્મા અનાદિકાળથી ભોગવતો જ હતો પણ જેમ–જેમ જ્ઞાનની સમજણ વધતી ગઈ તેમ–તેમ પોતાનું સુખ ભોગવવાને બદલે પારકામાં સુખ ભોગવવા ગયો માટે એને દુઃખ ભોગવવાનો વારો આવ્યો. મિથ્યાત્વ એ મોટું અજ્ઞાન છે. જ્ઞાનીઓએ જેને દુઃખ કહ્યું હતું તેને સુખની ભ્રાન્તિથી ભોગવ્યું માટે દુઃખ ભોગવવા નરકમાં જવાનો વારો આવ્યો. વ્યક્ત દુઃખ નરકમાં વધારે છે માટે એ પ્રમાણે વર્ણન કર્યું. **વર્તમાનમાં જે ભોગવે તે ભવિષ્યમાં મળે.** નીચે–નીચે જેમ જાઓ તેમ–તેમ નરકવાસો આવાસો ઘટતા જાય છે. પ્રથમ નરકના ૧૩ પ્રતરમાં ૩૦ લાખ નરકાવાસ શાશ્વત છે, તેની ભીંતો શાશ્વત તથા વજ્રમય બનેલી છે, નારકોનું જન્મસ્થળ કુંભી ગોખલા જેવી, છિદ્ર સહિત અંદરથી પહોળી ને બહાર નીકળવાનો માર્ગ એકદમ સાંકડો છે એટલે તેને બહાર નીકળતી વખતે ભયંકર પીડા થાય છે. ત્યાં દસ પ્રકારની વેદના છે. આ વેદના જે જીવોએ અહીં ભોગવી હોય તેને નરકમાં આ દસ પ્રકારની વેદના ભોગવવાનો વારો આવે છે. નિયમ એ છે કે વર્તમાનમાં તમે જે ભોગવો છો તે જ ભવિષ્યમાં ગુણાકાર રૂપે મળે છે. વર્તમાનમાં પુણ્યના ઉદયે મળ્યું છે માટે ભોગવી લો તો ફરી પણ એ જ મળશે પણ ન ભોગવો તો ભવિષ્યમાં એ ન મળે. માટે હવે આપણે આ નિર્ણય કરવાનો છે કે ભોગવવું છે કે નહીં ? નરકમાં અસાતા ને દેવલોકમાં સાતાના પુદ્ગલો જ ભોગવવાના છે. જે પુણ્ય-પાપના ઉદયથી મળવાના છે પણ ભોગવવામાં આપણે સ્વતંત્ર છીએ, ભોગવવું કે ન ભોગવવું ? ભોગવવું એ આત્માનો સ્વભાવ છે. દસ પ્રકારના પુદ્ગલ

પરિણામો પારકો માલ છે. મનુષ્ય તિર્યંચભવમાં જે ભોગવે તેને તે અહિ મળે. પણ કર્મકૃત અવસ્થાને મારે હવે નથી ભોગવવી, હવે મારા પોતાની પાસે રહેલા જે ત્રણ અરૂપી જ્ઞાન, દર્શન, ચારિત્રના ખજાના છે તેને જ ભોગવવા છે તો કર્મસત્તા બધો હિસાબ ચૂકતે કરી દેશે અને લેવડ-દેવડ બંધ થઈ જશે. જે આ રીતે જીવે તેનો જ જન્મ સફળ, બાકીનાનો જન્મ નિષ્ફળ સમજવો. પારકું જોઈતું નથી ને મારે મારું જ મેળવવું છે. દસ પ્રકારના પુદ્‌ગલ પરિણામ બધો જ પારકો માલ છે, એની જ વેદના છે તે મનુષ્યને તિર્યંચના ભવનું રજીસ્ટ્રેશન કરાવે છે અને તેને ત્યાં તે જ મળે છે. અહીં પુદ્‌ગલની ગતિ મર્યાદાની બહાર કરી માટે નરકગતિ મળે. જ્યાં નાચવાનું ન હતું, જ્યાં કુદવાનું ન હતું ,જ્યાં ચાલવાનું ન હતું, ત્યાં નાચ્યા, કુદ્યા, ચાલ્યા માટે તિર્યંચગતિને પણ વટાવીને નરક ગતિમાં ગયા. તમ લોખંડના ગોળા પર પગ મૂકીને જે પીડા થાય તેવી પીડા ત્યાં ચાલતા જીવોને થાય છે. આત્મા સમાધિમાં રહી ન શકવાથી પુદ્‌ગલોની સહાય લીધી ત્યાં પશ્ચાતાપના ભાવપૂર્વક આરાધના ન કરી એના કારણે એને ભોગવવાનો વારો આવ્યો ત્યારે વિચારવું જોઈએ કે મારામાં એવી સહનશક્તિ ન પ્રગટી માટે આ મારા એક જીવ માટે અનેક જીવોની હિંસા કરવા વડે બંધાયેલા કર્મોને ભોગવવાનો વારો આવ્યો. જીવ શાતા માટે બધું કરે. એ.સી., ફ્રીઝ, ટી.વી વગેરે આનંદ અનુમોદન પૂર્વક ભોગવ્યાં તો કર્મસત્તા બધો જ હિસાબ લે ક્યાંય બાંધછોડ નહીં કરે.

પુદ્‌ગલના પરિણામથી દસ પ્રકારે વેદના થાય. પુદ્‌ગલ દ્રવ્યના સંયોગથી જ જીવને સાતા ને અસાતાની વેદના થાય છે પુદ્‌ગલના પરિણામને છોડવાનો અવકાશ પણ અહીં મનુષ્ય ભવમાં જ છે, નહીં તો ચાર ગતિનો પરિણામ તો ઊભો જ છે. માટે જ જીવે પુદ્‌ગલનો ગતિ પરિણામ સમજીને જ છોડવાનો છે. પૂર્ણ ભાવ પણ અહીં મનુષ્ય ભવમાં જ પ્રગટ કરી શકે અને પૂર્ણ છોડી પણ અહીં જ શકે.

જે ઝવેરી બનીને શાસનને પામે તેને જ આ શાસનની કિંમત સમજાશે.

તો જ એક–એક સમયની ગંભીરતા સમજાશે. મનુષ્યના ભવમાં ઊર્ધ્વગતિનું કામ ન કર્યું માટે એને આયુષ્ય બંધાયું. ભાવથી ઊર્ધ્વગતિ છોડી એટલે એને દ્રવ્યથી અધોગતિ જ બંધાય. ગતિ કર્મમાં પણ નરક આનુપૂર્વીગતિ, અશુભ વિહાયોગતિ ને નરક ગતિ, આ ત્રણે નામકર્મની ત્રણે અશુભ પ્રકૃતિઓ જે દેવ, મનુષ્યને ઉચિત કાર્ય ન કરે પણ હિંસાદિ પાપો તીવ્રભાવે કરે તેને બંધાય. નરકગતિનો ઉદય આવે એટલે એને અધોગતિમાં જવું પડે. વળાંક વખતે આનુપૂર્વીગતિ ઉદયમાં આવે, બે ગતિના પ્રભાવે જીવ નરકમાં આવી ગયો ને ચાલવાનો જ્યારે પ્રસંગ આવે ત્યારે એ વિહાયોગતિ કહેવાય. અશુભ વિહાયો ગતિના કારણે નરકની ચાલ અશુભ હોય. શુભ વિહાયો ગતિના કારણે હાથીની ચાલ શુભ હોય. ઉત્તરવૈક્રિય શરીર બનાવી શકે પણ નરકની બહાર ન જઈ શકે. શરીર સારું બનાવવા ધારે તો પણ ખરાબ જ બને અને બીજા શરીર બનાવીને બીજાને માર્યા કરે. નરકનો જીવ ચાલે એ બીજાને પણ ગમે નહી અને તપેલા લોખંડ પર પગ મૂકતાં જે પીડા થાય તેવી પીડાનો અનુભવ એને ચાલતી વખતે થાય. આવું કર્મ કઈ રીતે બંધાયું? શરીરને સાતા આપવા કોમળ કાયાવાળા જીવો પર મજેથી ચાલ્યો (બગીચામાં ઘાસ પર) ને એનો સ્પર્શ ગમ્યો, શીતલતા ગમી ને પાછું એની અનુમોદના કરી. આવા પ્રકારના પાપથી આવા કર્મ બંધાવાનું સંભવે. જે સેવો તે જ મળે, છોડી દો તો છૂટે. સાતા, શીતલતા બાંધી માટે વિપરીત મળે. નરકનાં તળિયા કર્કશ હોય - પગ છોલાયા કરે, અશુચિ પદાર્થોથી ભરેલા હોય, નિંદા કરતાં, ઠઠ્ઠા-મશ્કરી કરતાં સો વાર વિચાર કરવાનો છે.

### ❑ પ્રથમ પૃથ્વીમાં રહેલા નરકાવાસનું વર્ણન :

એક લાખ ૮૦ હજાર યોજનની રત્ન પ્રભા પૃથ્વીમાંથી ઉપર નીચે ૧ હજાર યોજન છોડીને બાકીના એક લાખ ૭૮ હજાર યોજનમાં ૧૩ પ્રતર (માળ –વિભાગ) આવેલા છે. પ્રતર ૩ હજાર યોજન ઊંચા છે. પ્રતરો વચ્ચે આંતરું (૧૧૫૮ $^{1}/_{3}$ યોજન) છે. દરેક પ્રતરના મધ્ય ભાગમાં એક એક નરકેન્દ્ર ઈન્દ્ર નરકાવાસ છે.

એમાં પહેલા પ્રતરમાં સીમંતક નરકેન્દ્રથી ચાર દિશામાં અને ચાર

વિદિશામાં એમ આઠ પંક્તિઓ નરકાવાસની નીકળેલી છે. વળી ચારે દિશાઓની પ્રત્યેક પંક્તિમાં ઓગણપચાસ નરકાવાસો છે અને ચારે વિદિશાઓની પ્રત્યેક પંક્તિમાં ૪૮ નરકાવાસો છે. એટલે પહેલા પ્રતરમાં સર્વ એટલે કે આઠે પંક્તિઓના થઈને ૩૮૯ નરકાવાસ છે. તે પછીના બીજા પ્રતરોની આઠે પંક્તિઓમાં ક્રમશઃ એકેક નરકાવાસ ઓછો થતો જાય છે.

## ❑ નરકાવાસની સંખ્યા ❑

| પ્રતર સંખ્યા | ચઉદિશિગત નરકાવાસ સંખ્યા | ચઉવિદિશિગત નરકાવાસ સંખ્યા | ઈન્દ્રક નરકાવાસ | કુલ સંખ્યા |
|---|---|---|---|---|
| પહેલું પ્રતર | ૪૯×૪=૧૯૬ | ૪૮×૪=૧૯૨ | સીમન્તક–૧ | ૧૯૬+૧૯૨+૧=૩૮૯ |
| બીજું પ્રતર | ૪૮×૪=૧૯૨ | ૪૭×૪=૧૮૮ | રોરક–૧ | ૧૯૨+૧૮૮+૧=૩૮૧ |
| ત્રીજું પ્રતર | ૪૭×૪=૧૮૮ | ૪૬×૪=૧૮૪ | ભ્રાન્ત–૧ | ૧૮૮+૧૮૪+૧=૩૭૩ |
| ચોથું પ્રતર | ૪૬×૪=૧૮૪ | ૪૫×૪=૧૮૦ | ઉદ્‌ભ્રાન્ત–૧ | ૧૮૪+૧૮૦+૧=૩૬૫ |
| પાંચમું પ્રતર | ૪૫×૪=૧૮૦ | ૪૪×૪=૧૭૬ | સંભ્રાન્ત ૧ | ૧૮૦+૧૭૬+૧=૩૫૭ |
| છટ્ઠું પ્રતર | ૪૪×૪=૧૭૬ | ૪૩×૪=૧૭૨ | અસંભ્રાન્ત ૧ | ૧૭૬+૧૭૨+૧=૩૪૯ |
| સાતમું પ્રતર | ૪૩×૪=૧૭૨ | ૪૨×૪=૧૬૮ | વિભ્રાન્ત ૧ | ૧૭૨+૧૬૮+૧=૩૪૧ |
| આઠમું પ્રતર | ૪૨×૪=૧૬૮ | ૪૧×૪=૧૬૪ | તપ્ત ૧ | ૧૬૮+૧૬૪+૧=૩૩૩ |
| નવમું પ્રતર | ૪૧×૪=૧૬૪ | ૪૦×૪=૧૬૦ | શીત ૧ | ૧૬૪+૧૬૦+૧=૩૨૫ |
| દશમું પ્રતર | ૪૦×૪=૧૬૦ | ૩૯+૪=૧૫૬ | વક્રાન્ત ૧ | ૧૬૦+૧૫૬+૧=૩૧૭ |
| અગીયારમું પ્ર. | ૩૯×૪=૧૫૬ | ૩૮×૪=૧૫૨ | અવક્રાન્ત ૧ | ૧૫૬+૧૫૨+૧=૩૦૯ |
| બારમું પ્રતર | ૩૮×૪=૧૫૨ | ૩૭×૪=૧૪૮ | વિક્રાન્ત ૧ | ૧૫૨+૧૪૮+૧=૩૦૧ |
| તેરમું પ્રતર | ૩૭×૪=૧૪૮ | ૩૬×૪=૧૪૪ | રોરૂક ૧ | ૧૪૮+૧૪૪+૧=૨૯૩ |
| કુલ આવલિકાગત નરકાવાસોની સંખ્યા | | | | ૪૪૩૩=૩૦ લાખ |

આમાં આવલિકાગત નરકાવાસોની સંખ્યા ૪૪૩૩ ઉપરાંત બીજા આવલિકાઓના વચગાળાના ભાગમાં પુષ્પોની પેઠે અવકીર્ણ હોય પુષ્પાવકીર્ણ કહેવાતા નરકાવાસો પણ છે. તેની સંખ્યા ઓગણત્રીશ લાખ પંચાણુ હજાર, પાંચસો ને સડસઠ કહી છે. આમ બંને મળી પ્રથમ નરકમાં ૧૩ પ્રતરોમાં ૩૦ લાખ નરકાવાસો છે.

## ❑ સાતે નરક પૃથ્વી સંબંધી મુખ, ભૂમિ, સમાસ વિગેરેનું યંત્ર ❑

| | મુખ | ભૂમિ | સમાસ | અર્ધ | પ્રતર સંખ્યા | પંક્તિબદ્ધ આવલિકા પ્રવિષ્ટ નરકવાસ | પુષ્પાવકીર્ણ નરકવાસ | એકંદર |
|---|---|---|---|---|---|---|---|---|
| (૧) રત્નપ્રભાના | ૩૮૯ | ૨૯૩ | ૬૮૨ | ૩૪૧ | ૧૩ | ૪૪૩૩ | ૨૯૯૫૫૬૭ | ૩૦ લાખ |
| (૨) શર્કરાપ્રભાના | ૨૮૫ | ૨૦૫ | ૪૯૦ | ૨૪૫ | ૧૧ | ૨૬૯૫ | ૨૪૯૭૩૦૫ | ૨૫ લાખ |
| (૩) વાલુકાપ્રભાના | ૧૯૭ | ૧૩૩ | ૩૩૦ | ૧૨૫ | ૯ | ૧૪૮૫ | ૧૪૯૮૫૧૫ | ૧૫ લાખ |
| (૪) પંકપ્રભાના | ૧૨૫ | ૭૭ | ૨૦૨ | ૧૦૧ | ૭ | ૭૦૭ | ૯૯૯૨૯૩ | ૧૦ લાખ |
| (૫) ધૂમપ્રભાના | ૬૯ | ૩૭ | ૧૦૬ | ૫૩ | ૫ | ૨૬૫ | ૨૯૯૭૩૫ | ૩ લાખ |
| (૬) તમઃપ્રભાના | ૨૯ | ૧૩ | ૪૨ | ૨૧ | ૩ | ૬૩ | ૯૯૯૩૨ | ૯૯૯૯૫ |
| (૭) તમસ્તમપ્રભાના | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૫ | ૦ | ૫ |
| સાતે નરકના | ૧૦૬૪ | ૭૫૮ | ૧૮૫૨ | ૮૮૬ | ૪૯ | ૯૬૫૩ | ૮૩૯૦૩૪૭ | ૮૪ લાખ |

### ❑ દરેક નરક માટે કરણની સંખ્યા :

**પ્રથમ રત્નપ્રભા પૃથ્વીમાં મુખ (નરકવાસ) :**


૩૮૯ મુખને + ભૂમિ (નરકાવાસ) ૨૯૩ = ૬૮૨ તેનું અર્ધ કરતાં ૩૪૧, તેને તેર પ્રતર વડે ગુણતાં ૪૪૩૩ આવલિકા પ્રવિષ્ટ નરકાવાસ અને બાકી રહેલા પુષ્પાવકીર્ણ = ૨૯, ૯૫, ૫૬૭ બંને મળી કુલ ૩૦ લાખ નરકાવાસ પ્રથમ પૃથ્વીમાં થાય. તે પ્રમાણે બાકીના ૬ પૃથ્વીના નરકાવાસોનું સમજી લેવું.

પૃથ્વીઓ નીચે નીચે વિસ્તારવાળી છે. પ્રથમ રત્નપ્રભા ત્રસનાડીમાં સમાઈ ગઈ છે બાકીની બધી જ પૃથ્વીઓ ત્રસનાડીની બહાર વિસ્તારવાળી છે. **રત્નપ્રભા** કહીને રત્નત્રયીની આરાધના કરતાં ઉત્તમ આત્માઓ ત્યાં જ રહેલા છે માટે યથાર્થ નામવાળી છે તેમજ રત્નાપૃથ્વીનો ૧૬ હજાર યોજનનો એક વિભાગ ૧૬ પ્રકારના રત્નોથી ભરેલો છે, તેથી દ્રવ્યથી પણ તેનું નામ સાર્થક છે. જેમ આત્મા પરિણામથી નીચે પડતો જાય તેમ-તેમ ભાવથી અધોગતિ અને નીચે જવું તે દ્રવ્યથી અધોગતિ. તિર્ચ્છાલોકમાંથી જ જીવો નરકમાં જઈ શકે. બાકીના ક્ષેત્રમાંથી નરકમાં જવાનો પ્રતિબંધ છે. તિર્ચ્છાલોકમાં રહેલા આત્મા જો તિર્ચ્છો સ્વભાવને છોડે તો ઊર્ધ્વગતિ કરી શકે. પોતાના આત્મસ્વભાવમાં ન રહે તો એને નરકમાં પણ જવું પડે. આપણને ઉપયોગ આવવો જોઈએ કે મારું સ્થાન માત્ર દ્રવ્યથી લોકાગ્ર જ છે, નિશ્ચયથી મારા આત્મપ્રદેશોમાં સ્થિર થવું અને પૂર્ણ ગુણ રૂપે રમવું તે જ છે. જે સરળગતિ ન કરે તેને પહેલાં તિર્ચ્છાગતિ આવે પછી અધોગતિ. મનુષ્યમાંથી તિર્યંચગતિને ત્યાંથી વાયા નરકગતિમાં જાય. મનુષ્યગતિ માત્ર પંચમીગતિ એટલે મોક્ષ ગતિમાં જવા માટે છે. જે મનુષ્ય તિર્યંચ ગતિ ને પકડે, સરળતાને છોડી દે તેને તિર્યંચગતિ મળે છે. પોતાનું નથી તે મેળવવાનો ભાવ થયો ને તેને મેળવવા દુઃખી થયો એટલે માયા કપટ કરે. આર્ત્તધ્યાન કરી તે તિર્યંચગતિમાં જાય. ખાવા પીવાના ધ્યાનમાં જ રહે તે તિર્યંચગતિમાં જાય. જે દેવલોકમાં જવાના હોય તેને અંત સમયમાં ખાવા પ્રત્યે અરુચિ થશે. દેવો વિકલેન્દ્રિયમાં ન આવે પણ આસક્તિના કારણે દેવો એકેન્દ્રિયમાં જાય. એને સંતોષના પરિણામને કારણે મનુષ્યભવ પણ મળે.

❑ **નરકમાં ત્રણ પ્રકારની વેદના છે :**


(૧) ક્ષેત્ર વેદના (૨) પરમાધામી કૃત વેદના (૩) પરસ્પર ઉદીરિત વેદના.

પ્રથમક્ષેત્ર વેદના બધાને જ હોય (૧ થી ૭ નરકમાં હોય) પરમાધામી કૃત વેદના પ્રથમ ૩ નરક સુધી હોય. પરસ્પર ઉદીરિત વેદના ૬ઠ્ઠી નરક સુધી


રત્નપ્રભાપૃથ્વી 3 કાંડ
કુલ જાડા ૧,૮૦,૦૦૦ યોજન
૧૬૦૦૦ યોજન
૮૪૦૦૦ યોજન
૩જો પંકબહુલ
૮૦,૦૦૦ યોજન
૨જો પંકબહુલ
૮૦,૦૦૦ યોજન
૧લો ખરકાંડ
૧૬૦૦૦ યોજન
ઘનોદધિ
ઘનોદધિ વલયો
૨૦૦૦ યોજન.
તનુવાતો
ઘનોદધિ વલયો
૧૮૫૦ યોજન
૧ લી નરકે - ૧૩,૦૦૦ યોજન જાડા ૧ કાંડ, રત્ન ૧૬૦૦૦ - ૨૬,૦૦૦ યોજન ૩ કાંડ - કુલ ૩ કાંડ ૮૦,૦૦૦ યોજન

# રત્નપ્રભા પૃથ્વીનો યથાર્થ સંપૂર્ણ દેખાવ

## ॥ ભવનપતિ દેવોનું સ્થાન... ॥



હોય અને તે વિચિત્ર પ્રકારના અસિ, કુન્તાદિ, વિકુર્વેલા શસ્ત્રોના અભિઘાત રૂપ સમજવી. તે ૭મી નરકમાં ન હોય પણ લોહિત કુન્થુવા વ્રજમુખવાળા વિકુર્વેલા એકબીજા પર ફેંકવારૂપ વેદના ૭મીમાં પણ હોય.

❑ **ક્ષેત્રવેદનાના કેટલાં પ્રકાર છે ?**

૧૦ પ્રકારના પુદ્‌ગલના પરિણામની વેદના છે.

(૧) ગતિ (૨) બંધ (૩) સંસ્થાન (૪) ભેદ (૫) વર્ણ (૬) ગંધ (૭) રસ (૮) સ્પર્શ (૯) અગુરુ લઘુ (૧૦) શબ્દ.

**(૧) ગતિ :** નરકમાં વિહાયોગતિ હોય. નરક ગતિનો ઉદય હોય તો સીધો નરકમાં આવે. ઉત્પન્ન થયા પછી શરીરની રચના કરે તે પછીની જે ગતિ તે અશુભ વિહાયોગતિ. ચાલે ત્યારે બીજાને ગમે નહીં અને પોતાને પીડા થાય. આપણે મનુષ્ય ક્ષેત્રમાં આવ્યા પછી પણ ક્ષેત્રાતીત થવાનો ભાવ ન થાય તો પછી આપણને તિર્ચ્છા ચાલવું પડે અને એને નામકર્મ બંધાય. માયા-કપટ કરે તેને અશુભ નામકર્મ બંધાય અને એના કારણે દ્રવ્યથી પણ તમે સીધા નહીં ચાલી શકો. ભાવ સરળ ન રહ્યો.

**(૨) બંધ :** વૈક્રિય શરીરનો બંધ. ઘાસ હોય ત્યાં નીચે પાણી અને માટી હોય તે બેના કારણે ત્યાં નિગોદ થાય અને તેના પર ચાલીને આનંદ માણ્યો તો અનુબંધ જોરદાર પડે. જીવને ખ્યાલ પણ નથી આવતો ને અનર્થદંડનાં જોરદાર પાપોનો બંધ કરે છે. તેની સામે મુનિ મહાત્મા ઈર્યા સમિતિનું પાલન કરે છે. પ્રશસ્ત શુભ ભાવમાં આવ્યા છે ને દેવલોકમાં ગયા તો જમીનથી અધ્ધર ચાલે. પરમાત્માએ જીવદયા એટલી સુંદર પાળી હતી તેથી તેમને સુવર્ણના મખમલ જેવા કમળ પર ચાલવાનું આવે છે.

ગતિના કારણે બંધ પડે છે. તૈજસ અને કાર્મણ દ્વારા વૈક્રિય પુદ્‌ગલોનો બંધ થશે તે પણ અશુભ થશે એટલે શરીર દ્વારા પણ એ સતત ભયંકર પીડા ભોગવશે. જ્યારે દેવલોકના જીવોને પીડા નહીં પણ સાતાનું સુખ જ મળે. દેવોને શીતલ શરીર બંધ હોય, જ્યારે નરકને જાજવલ્યમાન અગ્નિ સમાન

પીડા રૂપી શરીરનો બંધ હોય. નરકમાં પુદ્ગલોનો સંયોગ થાય ત્યારે અગ્નિની જ્વાળ લાગે ને જે વેદના થાય તેવી વેદના બંધન પરિણામ વખતે થાય છે.

(૩) **સંસ્થાન** : પુદ્ગલ આકાર રૂપે જ રહે છે જે એનો સ્વભાવ છે. આત્મા નિરંજન - નિરાકાર છે માટે નિર્વિકાર છે. પુદ્ગલોનો આકાર ગમી ગયો તો આત્મામાં વિકાર ઊભો થયો અને એણે સમતાના પરિણામને ખંડિત કર્યો. સામાન્ય દેવના રૂપને પણ આપણે જોઈ શકતા નથી. નારકનું શરીર હુંડક સંસ્થાનનું હોય પોતાને પોતાનું શરીર જોવું ન ગમે એવું બિભત્સ રૂપ હોય. પક્ષીની કપાયેલી પાંખ, ગાલની ચામડી ઉખડી ગઈ હોય તો કેવું લાગે ? માંસ લબડતું હોય, લોહી ટપકતું હોય તે જોવું પણ ન ગમે, બીક લાગે એવું શરીર નારકીના જીવોનું હોય. વિશેષ કાંઈ પાપ નથી કર્યું માત્ર એક જ વ્યક્તિ સાથે તીવ્ર રૌદ્ર ધ્યાન કરીને નરકનું આયુષ્ય બાંધ્યું ને મરીને નરકમાં ચાલ્યા ગયાં. અહીં માત્ર રૌદ્રધ્યાન કર્યું રૂપને તો જોયું પણ નથી તો વિકૃત રૂપ કેમ મળ્યું ? રૌદ્રધ્યાનમાં હું ધૂવાફૂંવા થઈ ગયો, મોઢું બગડી ગયું, ભ્રકુટી ચડાવી દીધી, આમ નરકનું સ્વરૂપ અહીં જ પ્રગટ કર્યું. રૂપ-આકારને જાતે જ બગાડ્યું માટે કર્મસત્તા પછી એવું જ આપે. પહેલા અહીં નરકગતિને ભોગવવાની પછી ત્યાં તો ચક્રવર્તી વ્યાજ સાથે ભોગવવા જવાનું છે. માટે નરકના જીવને દેહમાં રહેવાની ઈચ્છા ન થાય, સતત મરવાની ઈચ્છા કરતા હોય. મનુષ્ય ભવમાં આવીને નવું કાંઈ કરવાનું નથી માત્ર પોતાનું જે છે એને જ ભોગવવાનું છે. પરમાત્માને માત્ર યાદ કરો કે, પરથી જે પર થયા તે પરમાત્મા અને પરમાત્મા આપણને પણ એ જ કહી રહ્યાં છે કે તું પણ એ જ કર તો પરમાત્મા આપણા પર સદાય પ્રસન્ન જ છે, એમની કૃપા આપણા પર વરસી જ રહી છે. દીક્ષા નથી લઈ શકતા તો તું પુણિયા શ્રાવક જેવું જીવન જીવ માટે જ પરમાત્માએ એના વખાણ કર્યા એ સર્વવિરતિ લઈ શકતા ન હતાં પણ સામાયિક સિવાય એમને કાંઈ ગમતું ન હતું માટે એમને સર્વ સામાયિક મળી જતા વાર લાગશે નહીં.

આત્મા અરૂપી છે એને આકાર નથી, પુદ્‌ગલ રૂપી છે તેને આકાર હોય. સંસ્થાન એટલે આકાર. નરકમાં પોતાને પોતાનો આકાર ગમે નહીં, સતત દ્વેષનો પરિણામ થાય. દ્રવ્ય વેદનાની સાથે નરકમાં ભાવવેદના બહુ જ ભયંકર છે. જીવ ભાવવેદના બાંધીને આવ્યો છે. દ્રવ્યના સંયોગમાં જીવે ભાવવેદના ભોગવી ને ભાવવેદના બાંધી પૂર્વે આપણે બીજાને જોઈને રાગ દ્વેષ કર્યો. મચ્છરને જોઈને દ્વેષ થાય, દ્વેષના પરિણામ સહજ આવી જ જાય છે. જે જે આપણને પ્રતિકૂળ હોય તેના માત્ર આકાર જ દેખાવાના છે. આત્મા તો દેખાવાનો નથી એટલે ત્યાં તરત દ્વેષ થશે જો પોતાના શરીરનો રાગ ન હોય તો મચ્છર પ્રત્યે દ્વેષ નહીં થાય.

(૪) **ભેદ** : શરીરમાં જે પરમાણુનો બંધ થયો તે પરમાણુ છૂટા પડવાના છે, ત્યારે એમને કરવતથી કોઈ કાપે ને જે પીડા અનુભવાય તેવી પીડા નરકના જીવને થાય છે. આપણા શરીરમાંથી પણ પરમાણુ છૂટા પડે જ છે, જે છાયા દેખાય છે તે એની જ છે. માટે જન્મ વખતે જે પીડા છે તેનાથી અનેક ગણી પીડા મરણ વખતે થાય છે. જન્મ વખતે જે કાર્મણ શરીર છે એની સાથે ઔદારિક વર્ગણા જોડાય ત્યારે પીડા થાય છે અને પછી જન્મીને શરીર સાથે એકમેકતા કરી દીધી છે તેથી જ્યારે તેનાથી છૂટા પડવાનું થાય ત્યારે એટલે ભયંકર પીડાનો અનુભવ થાય છે.

(૫) **વર્ણ** : રંગ-રૂપ. નરકના જીવોને સર્વત્ર અંધકારમાં રહેવાનું છે અને તેનો રંગ કાળો હોય છે. વર્તમાનમાં જીવે શરીરને જે જે રંગરાગ કર્યા ને બહારમાં રંગરોગાન કરીને જે જીવોને પીડા આપી, એની અનુમોદના કરી એના કારણે જે પાપ બંધાયું. તેને હવે કર્મસત્તા એવા સ્થાનમાં મૂકી દેશે કે તેને પોતાનું રૂપ જોવું પણ ન ગમે. આત્મામાં વ્યવસ્થિત થવાને બદલે બહારમાં બધું વ્યવસ્થિત કરીને મિથ્યાત્વના કારણે વિપરીત માન્યતા ઊભી કરીને કષાયોને પોષ્યા, બહારના રંગરોગાનથી પોતાને ઠીક લાગ્યું, સમાજમાં સારું લાગશે એમ માન્યું તે મિથ્યાત્વ. જીવદયાના પાલન માટે ઘરને સ્વચ્છ-ઠીક-વ્યવસ્થિત રાખે તે

ઉચિત વ્યવહાર છે પણ આત્મા કેન્દ્રમાં નથી માટે એ બહારમાં બધુ વ્યવસ્થિત કરે. શ્રાવક ઘરના મૂળિયા ઊંડા ન કરે કારણ એ જાણે છે કે કેટલો કાળ અહીં રહેવાનું છે. નરકની ભીંતોમાંથી સતત અશુચિમય પદાર્થો ઝર્યા કરે. લોહી, માંસ, ચરબી, મેદ, સળેખમ, બળખા વગેરે અને સ્મશાન જેવી ભૂમિ જ્યાં હાડકા, વાળ, દાંત વગેરે હોય. નરકમાં બધું જ વૈક્રિય પુદ્ગલોમાંથી વિકુર્વેલું હોય ત્યાં લોહી ને પરૂની વૈતરણી નદી હોય. દેવો શુભને છોડી શકતા નથી અને નારકો અશુભોથી છૂટી શકતા નથી. જ્યારે મનુષ્ય છૂટી પણ શકે છે અને છોડી પણ શકે છે. સાતાને અસાતા બન્ને વેદના મારે હવે ભોગવવી નથી. આ નિર્ણય થયો તો સમતા આવી શકે. અસાતા ન ભોગવવી અર્થાત્ અસાતા-અસાતા રૂપ ન લાગે, તેમાં વેદનાને વેદવી નથી, સાતા મેળવવાનો પ્રયત્ન કરવાનો નથી. જે છે તેને માત્ર જ્ઞાન દ્વારા જોવાનું કાર્ય કરવાનું છે. આપણે ભોગવીએ છીએ માટે કર્મસત્તા આપણને એ જ આપે છે.

(૬) **ગંધ :** ગંધ પણ દુર્ગંધ છે, નીચે-નીચે દુર્ગંધનું પ્રમાણ વધતું જાય છે. વર્તમાનમાં સુગંધનાં પુદ્ગલને માણવાનો પ્રયાસ કર્યો ત્યારે સતત આ કર્મો બંધાતા જાય અને જ્યારે આયુષ્ય કર્મ બંધાય ત્યારે એ બધા કર્મો ઉદયમાં આવી જાય. માટે જ જ્ઞાની ભગવંતોએ પુદ્ગલ દ્રવ્ય પ્રત્યે ઉદાસીન ભાવ રાખવાનું કહ્યું. સુગંધ / દુર્ગંધને ભોગવવાનો પરિણામ નીકળી જાય અને માત્ર એને જ્ઞાનથી જાણવાનું છે. સમતામાં રહેવાનું છે. જ્યાં સુગંધ છે તે જ દુર્ગંધમાં પરિણામ પામી જાય છે. દુર્ગંધ છે એ સુગંધમાં પરિણામ પામી જાય છે. એમાં આપણે નાક મચકોડ્યું, અપ્રીતિ - દ્વેષનો જે પરિણામ થાય છે તેના કારણે કર્મ બંધાય છે. સમતાનો ભાવ ખંડિત થાય છે. માણસ મરી જાય પછી દુર્ગંધ આવવાની શરૂઆત થાય છે. કારણ કે પુદ્ગલોનો સ્વભાવ છે કે પરિવર્તન પામવું. ગંધની તીવ્રતા પણ પ્રાણને હરી લ્યે, માત્રા વધી જાય તો આવું થાય, માટે ટેવ પાડવાથી બહુ શકય બને. અણગમો કર્યો એટલે દંડ થાય જ. કારણ સ્વભાવમાં ન રહ્યાં. સાધના એ છે કે જ્ઞેયના જ્ઞાતા બનવું.

સંસારનું સુખ ઝેર રૂપ છે તેને જે અમૃત માનીને તીવ્ર આસક્તિથી ભોગવે તેને ઝેરરૂપ દુર્ગંધવાળો નરકાવાસ પ્રાપ્ત થાય. જે આત્માએ ક્ષેત્ર નિમિત્તે સુખ ભોગવ્યું ને આત્માને પીડા આપી એના કારણે એનો બંધ થયો અને એ ગુણકાર રૂપે થઈને ઉદયમાં આવે છે. તિર્યંચના ભવમાં કોઈ તિર્યંચ ઝેરી પદાર્થને સુંઘવા ન જાય તો દૂર ભાગે તો પછી અહીં નરકમાં ઝેરી દુર્ગંધ ક્યાંથી મળી? જીવે મનુષ્યભવમાં જે સુગંધ માણી તેનો તીવ્ર રસ માણ્યો. અનુમોદનાનો વધાર કર્યો તેના કારણે જે સુગંધ હતી તે પરાવર્તન પામી ગઈને વધારે કર્મ બંધાયું ને નરકમાં આવી દુર્ગંધ જન્મતા જ મળી. માટે સુગંધને માણતાં પહેલાં સત્તર વાર વિચાર કરવો. વિષયો કિંપાક ફળ જેવાં છે ખાવામાં મધુર, દેખાવમાં સુંદર ને પછી મરણ આપે એવા ઝેરી છે. સંસાર આખો ઝેરથી ભરેલો છે ને જિનવચન અમૃત તુલ્ય છે માટે ઝેરથી બચવા જિનવચનનું શરણ લેવાનું છે. પરમાત્મા અમૃતમય છે માટે પરમાત્માને અર્પણ કર્યા પછી એનો આપણાથી ઉપભોગ ન કરાય. જો સર્વથા છોડવાનો ભાવ નથી તો જે દિવસે પરમાત્માને અર્પણ કર્યું તે દિવસે તો તે દ્રવ્ય ન જ વપરાય, પણ જો અંતરથી એ છોડ્યું હશે તો સર્વથા છૂટી જ જશે નહીં તો આત્માને છેતરવાની જ વાત આવશે.

**(૭) રસ :** નરકમાં કડવા લીમડાના રસથી પણ અધિક કડવો રસ હોય. રસમાં આત્મામાં એટલો બધો રાગનો પરિણામ આવી જાય કે એ ન મળે તો બીજાના પ્રાણોનો ભોગ લેતાં પણ અચકાતા નથી. માત્ર સ્વાદ માટે જ રસનો ઉપભોગ કરે, પેટ ભરવાનું કાંઈ પ્રયોજન નથી ત્યારે એનામાં એવા રૌદ્રધ્યાનનાં પરિણામ થયા કે અને બીજાને પીલાતા જોઈને આનંદ આવે ત્યારે આત્માની શુદ્ધ-બુદ્ધ ન રહી એવો રંગ-રૂપ-સ્વાદ પર આનંદ વધતો ગયો. આત્મા ધિક્કા પરિણામવાળો બન્યો ને વાપરતા જે આનંદ આવ્યો ને પાછી અનુમોદના પણ કરી. એના કારણે આવા પ્રકારના કર્મો બંધાય છે. પરિણામ રૌદ્ર બની જાય તો એકેન્દ્રિયની હત્યાથી પણ નરકનું આયુષ્ય બંધાય. નરક માટે માત્ર પંચેન્દ્રિયની હત્યા જ જવાબદાર નથી. પરિણામનો આધાર છે. શેરડીને પીલાતી જોઈને

આનંદ આવ્યો,પછી રંગ ગમ્યો, પછી રસ ગમ્યો, બીજાને અનુમોદના કરી પરિણામ કેટલા ઘિક્કા બન્યા ? સાતમી નરકમાં સમકિત પામે પણ ૭મીમાંથી નીકળીને મનુષ્ય ન બની શકે. સાતમી નરકમાં સમકિત મળે પછી તેનું વમન થઈ જાય ને એ તિર્યંચ પંચેન્દ્રિયમાં જાય પણ મનુષ્યપણું મળતું નથી. ૧ થી ૬ નરકવાળા સાસ્વાદન સમકિત સાથે લઈને જઈ શકે છે.

(૮) **સ્પર્શ :** અગ્નિથી પણ ભયંકર સ્પર્શ છે. જગતમાં સારા કેમ દેખાવું? એ જ પરિણામ ચાલે છે. માન અને મિથ્યાત્વ આ બે ઓળખી શકાતા નથી. સૌથી ભયાનકમાં ભયાનક સુખ સ્પર્શનું છે. શીતલ પાણી, શીતલ સ્પર્શ, શીતલ વાતાવરણ આપણને વધારે ગમે છે. કાયાને સાતાનું સુખ સૌથી વધારે ભોગવવાનું ગમે છે. મચ્છર કર્કશ છે પણ એને ગમે છે સ્નિગ્ધતા માટે એ એવી જ જગ્યાએ આવીને બેસે છે. માખી પણ એવી જ છે. જોડાણ પણ સ્નિગ્ધ અને રુક્ષવાળાનું જ થાય છે. આપણને પણ સ્નિગ્ધતાવાળા જ જોઈએ છે. ચામડીમાં પણ રૂપ કરતાં સ્નિગ્ધતા - ચીકાશપણું આકર્ષણનું કારણ છે. કોઢીયો જોવો ન ગમે પણ કાળી ચામડીવાળામાં પણ સ્નિગ્ધતા હશે તો તે ગમે છે. સ્નિગ્ધતા હશે ત્યાં શીતલતા હોય. રુક્ષ હોય ત્યાં ઉષ્ણતા હોય છે. ગમાનું, અનુકૂળતાનું ને રાગનું કારણ સ્નિગ્ધતા ને શીતલતા છે. તીવ્ર રાગ-દ્વેષ કરવા એ જ રૌદ્રધ્યાન. તીવ્ર પરિણામ અનંતાનુબંધીનો ચડી જાય ત્યારે રૌદ્રધ્યાન થાય છે. જેમ અગ્નિનો વિશ્વાસ ન થાય તેમ કષાયોનો પણ વિશ્વાસ ન કરવો.

મનવાળા જીવો પીડા ભોગવી શકે અને ધારે તો ન પણ ભોગવે. આત્માનો પીડા આપવાનો સ્વભાવ નથી ને પીડા પામવાનો પણ સ્વભાવ નથી, એનો સ્વભાવ તો અવ્યાબાધ છે. પણ વર્તમાનમાં એ પીડા આપે છે ને પીડા ભોગવે છે આમ કેમ ? પુદ્ગલનો એને જે સંયોગ થયો તેના કારણે આમ બન્યું ને સુખ માટે પણ પુદ્ગલ દ્રવ્યનો સંયોગ જ કારણ છે આપણી માન્યતા પરમાં સુખની છે માટે પીડા પામીએ છીએ ને ભાવિમાં પણ ભયંકર પીડા પામીએ તેવા કર્મોનું સર્જન કરીએ છીએ. સુખની પ્રાપ્તિના હેતુથી પુદ્ગલ સાથે સંયોગ કર્યો ને તેના કારણે જ પીડા બંધાઈ.

(૯) **અગુરુલઘુ :** નરકના જીવને જે પુદ્‌ગલો મળે છે તેનાથી તેને અશાતા મળે છે. નહીં હલકા-નહીં ભારે એ અગુરુલઘુનો પરિણામ છે પણ નરકના જીવોને એ પીડાકારક બને છે, વિપર્યાસ થાય છે, ઉષ્ણ પુદ્‌ગલો આવે તે ગમતા નથી.

(૧૦) **શબ્દ :** આ વ્યવહાર દ્વારા જ આત્મા સુખ - દુઃખની અનુભૂતિ કરે છે, વધારેમાં વધારે કારણ શબ્દ વર્ગણા જ છે. આપણને અનુકૂળ હોય તો એ સુખરૂપ લાગે છે ને પ્રતિકૂળ હોય તો દુઃખરૂપ લાગે છે. કોઈએ આપણને હલકા પાડવા માટે દ્વેષથી ભરેલા શબ્દો કહ્યાં ને આપણે એને ગ્રહણ કરીએ તો તે આપણામા અગ્નિ રૂપે ક્રોધના પરિણામ પામી જશે. જે હલકા ભાવોથી દુષ્ટ ભાવોથી જે શબ્દો છોડ્યા તેને ગ્રહણ કરીને આપણે પણ હલકા ને દુષ્ટ બની ગયાં. પણ જો એ ન ગ્રહણ કરીએ અને સમતામાં રહીએ તો અપૂર્વ નિર્જરા થાય. ગ્રહણ ને છોડવું એ આત્માનો સ્વભાવ નથી. પુદ્‌ગલ - પુદ્‌ગલને વળગે છે માટે મારે વળગાડથી દૂર રહેવું છે. વ્યક્તિ વ્યંતરથી અધિષ્ઠિત બને તેને વળગાડ થયો કહેવાય છે, તેમ શબ્દો રૂપે વળગાડ આપણે ગ્રહણ કરવો નથી. હું શુદ્ધ છું તો મારે શુદ્ધ જ રહેવું છે, શુદ્ધ જ બનવું છે માટે મારે "હું" નામના વ્યંતરથી અધિષ્ઠિત થવું નથી. અર્થાત્ મારે મોહ વળગાડને વળગાડવો નથી. જેને કષાય પર કંટ્રોલ હશે તે વ્યક્તિ જ ઉચિત વ્યવહાર કરી શકશે તે વિના તે ઉચિત વ્યવહાર પણ નહી કરી શકે. નરકમાં આત્માઓ વેદનાઓને (ત્રણે પ્રકારની) સહન કરી શકતા નથી માટે તેઓ સતત ચીસો પાડતા હોય છે. તે રૌદ્ર પરિણામથી એને ભયંકર વેદના થાય છે માટે શબ્દ વેદના સૌથી છેલ્લી બતાવી.

આ દસ પુદ્‌ગલના પરિણામ અશુભ રીતે નારકીમાં સતત ચાલુ છે. ભાષા વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને આત્મા કષાયોના ભાવથી ભાવિત થઈને એ પુદ્‌ગલોને છોડે છે ત્યારે તે શબ્દવર્ગણા બનીને નીકળે છે. નબળાને એ તરત અસર કરે છે. જેમ વાતાવરણમાં ફેરફાર થયો તો જેની રોગ પ્રતિકાર શક્તિ નબળી છે તેને અસર કરે છે પણ જેની રોગ પ્રતિકાર શક્તિ સબળી છે તેને કાંઈ અસર થઈ થતી નથી, તે જ રીતે જે મોહથી વાસિત છે તેને અસર થશે

પણ જે જ્ઞાનાદિ ગુણોથી બરાબર પરિપક્વ બની ગયો છે તેને અસર નહીં થાય. સંગમના વીસ ઉપસર્ગો વખતે પરમાત્માએ એ અસરને ગ્રહણ ન કરી. જીવની અંદર શક્તિ તો રહેલી જ છે પણ એનો ઉપયોગ ક્યાં કરવો તે જાણવું જરૂરી છે. ગુણોનું બહુમાન જાગી જાય તો પછી એની માટે બધું જ સહન કરવા તૈયાર થઈ જશે. સાધક આત્મા માટે ઉપસર્ગો એ વ્યવહાર માત્ર છે. આપણો આ નિશ્ચય નથી માટે આ બધું ઉપસર્ગ ને પરિષહ રૂપ લાગે છે માટે એનો પ્રતિકાર કરીએ છીએ. સંસારના સ્વાર્થ માટે બધું જ કરવા તૈયાર પણ આત્મા માટે કાંઈ નહી કરે. માટે જ્ઞાની ભગવંતો એ એક જ વાત મૂકી કે તું તારો નિશ્ચય કર. જ્યારે આત્મામાં સમર્થતા હતી ત્યારે પુદ્‌ગલમાં સુખ ભોગવવાની બુદ્ધિથી સ્વ-પર ને ભયંકર પીડાઓ આપી એને નરકમાં વેદના ભોગવવાનો વારો આવ્યો.

### ❑ પ્રથમ ક્ષેત્ર વેદના નરકમાં શા માટે ?

નરકની વાતો સાંભળીને આપણે વિચારવાનું છે કે આપણે આ બધું અનંતીવાર ભોગવીને આવ્યા છીએ અને ત્યાં પાછા જવા માટે અહિ બધી સામગ્રી મળી છે. મનાદિનો ઉપયોગ જો હિંસાદિ પાપો કરવામાં અને વિષયોને રાચીમાચીને કરવામાં આવે તો નરક પ્રાયઃ યોગ્ય કર્મબંધ વડે ત્યાં જઈ શકાય. ક્ષેત્રકૃત વેદના પ્રથમ શા માટે મૂકી ? ક્ષેત્રનાં દુઃખનો- સુખનો અનુભવ આપણને તરત થાય છે, વાતાવરણ આપણને તરત સ્પર્શી જાય છે. વિવિધ ક્ષેત્રોમાં જવાનું મન દુઃખ છોડવા ને સુખ ભોગવવા માટે જ થાય છે. જે ક્ષેત્રમાં પરિવર્તન દ્વારા સુખ પામ્યા ત્યાં કર્મ બાંધ્યું.

❑ **નરકમાં શરીરની દસ પ્રકારની વેદના :** શીત, ઉષ્ણ, ક્ષુધા, પિપાસા, ખંજવાળ, જવર, દાહ ,ભય, શોક અને પરાધીનતા.

**(૧) શીત વેદના :** ઉષ્ણ કરતા શીત વેદના વધારે ખરાબ છે. આપણને શીતળતા વધારે ગમે છે. પ્રથમ ત્રણ નરકમાં ઉષ્ણ વેદના છે, ચોથીમાં અડધીમાં ઉષ્ણ ને નીચેની અડધીમાં શીત વેદના છે ૫/૬/૭ માં ફક્ત શીત વેદના જ છે.

પોષ-મહા મહિનાની ઠંડીમાં હિમાલયના શિખર પર નરકના જીવોને મૂકવામાં આવે તો તેને ત્યાં હૂંફાળુ લાગે ને મજેથી ઊંઘી જાય. સાતમી નરકમાં ૩૩ સાગરોપમ સુધી આવી ભયંકર વેદના ભોગવે તો પણ મરે નહીં. જગતના તમામ જીવો, મરુદેવા માતા જેવા કોકને બાદ કરતાં આ સાતે સાત નરકમાં અનંતીવાર જઈ આવ્યા છે. અહીં શીતલતા માણે છે, એમાં જ સુખ બુદ્ધિ માને છે,તેની અનુમોદના કરે છે ને વળી જગતમાં પોતાને બધાથી સુખી માને છે અને રૌદ્રધ્યાનમાં ચડી જાય ત્યારે તીવ્ર અનુબંધ બંધાય. મિથ્યાત્વની હાજરી નરકમાં પહોંચાડે ને સમકિતની હાજરી તીર્થંકર નામકર્મ પણ બંધાવે, ફરક માત્ર સમજણનો જ છે. દા.ત. શ્રેણિક મહારાજાએ આ જ ભવમાં નરકનું આયુષ્ય બાંધ્યુ ને સમજણ ફરી તો એ જ ભવમાં તીર્થંકર નામકર્મ બાંધ્યું. શાકભાજી, ફળો વગેરેને ફ્રીજમાં મૂકીને એને પીડા આપવાનું જ કામ અજ્ઞાન જીવો કરે છે. વાતાવરણ ફર્યું ને આપણામાં પણ ફેરફાર થઈ જાય. દ્રવ્ય પ્રાણ કરતાં ભાવ પ્રાણની રક્ષા વધારે મહત્ત્વની છે. ફ્રીજમાં મૂકવાથી એ જીવને ખૂબ જ રિબામણ થાય, આપણા જીવદયાનાં પરિણામ ધિક્કા થાય, કુણાશ ક્યાં રહી ? પછી સામાયિકાદિ ધર્મ આરાધનાનો પ્રભાવ ક્યાંથી મળે ? અતિ ઠંડી અને અતિ ગરમી પણ પ્રાણ હરનારી બને છે. સંયોગમાં મોહ ભળ્યો તો આનંદ આવ્યો એ આત્માનો સહજ આનંદ નથી.

**(૨) ઉષ્ણ વેદના :** રણપ્રદેશમાં જેઠ મહિનાના મધ્યાહ્નકાળે પિત્ત પ્રકોપવાળાને ત્યાં રાખવામાં આવે ને જે વેદના ભોગવે તેનાથી અનેક ગણી ઉષ્ણ વેદના નરકમાં છે. નરકના જીવને ખેરના અગ્નિમાં જો રાખવામાં આવે તો પણ એને ચંદનનાં લેપ જેવી શીતલતાનો અનુભવ થાય. અથવા કોઈ દેવ મેરુને બરફ બનાવીને નરકમાં લઈ આવે તો ત્યાં પહોંચ્યાં પહેલાં જ એ પાણી રૂપે થઈ જાય.પુદ્ગલના સુખની અનુભૂતિ, અનુમોદના અને આમાં જ સુખ છે એવી બુદ્ધિ અને પાછા બીજાને પણ એ જ કહી પરંપરાનું પાપ ભોગવવા માટે નરકમાં જવું પડે, જ્યાં નિરંતર શીત અને ઉષ્ણ વેદના છે તેથી ત્યાં તેને ભોગવવા માટે જવાનું આવે. **ધર્મસ્થાનકોમાં પંખા, એ.સી.નો પ્રવેશ એટલે**

**નરકનો પ્રવેશ. પાપી આત્માઓ તીર્થે જઈને પાપ છોડે પણ તીર્થમાં (શત્રુંજય આદિમાં) કરેલા પાપને ક્યાં જઈને છોડશે ?** તીર્થમાં એ.સી. વગેરેનાં પાપને છોડવાનાં છે પણ વર્તમાનમાં ટ્રસ્ટી બને છે કોણ ? ધર્મનો જાણકાર કે ધનવાન ? માટે બધી જ ગરબડ ચાલે છે અને અમુક સાધુઓ તરફથી પાછો તેમાં તેમને સહકાર પણ જોરદાર મળે છે.

**(૩) ક્ષુધા વેદના :** નરકના જીવોને ક્ષુધા (ભૂખ) એટલે લાગે કે જગતમાં રહેલા બધા જ અનાજ કે શાકભાજી, ઘી પોતે ખલાસ કરે કે દૂધના સમુદ્રને પી જાય અર્થાત્ જગતનાં બધા જ પુદ્ગલોનું ભક્ષણ કરી જાય તો પણ ક્ષુધા સમન ન થાય પણ તેમની ક્ષુધા વૃદ્ધિ પામે.

**(૪) પિપાશા ક્ષુધા વેદના :** નરકના જીવને તૃષા ભયંકર હોય. દુનિયાના તમામ નદી, સરોવરના પાણી પી જાય તો પણ એમની તૃષા છીપાતી નથી પણ વધારે પ્રદીપ્ત થાય છે. જેમ સમુદ્રનું પાણી પીવાથી તૃષા છીપાતી નથી વધે છે તેમ જેમ ખાવું એ સુખ એમ માનવું એ પ્રથમ પાપ, ખાધું તે બીજું પાપ, અનુકૂળ ખાવું તે ત્રીજું પાપ, ખાધા પછી સ્વાદનો આનંદ - ગુણગાન તેની જ ફરી અભિલાષા એ રીતે પાપની પરંપરા ચાલે. માત્ર ચિત્તની સમાધિ (શરીરની સમાધિ) ટકે માટે ખાવું તે સિવાય ન ખાવું. પાચનતંત્ર મજબૂત હોય પુણ્ય હોય તો પચે, નહીં તો ખાધેલું પણ પચતું નથી. આર્તધ્યાન વધીને રૌદ્રધ્યાનમાં પહોંચે તો નરકનું આયુષ્ય બંધાય.

પરમાત્માના જીવે ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં માનકષાયથી પોતાના પરાધીન નોકરે કહ્યું ન માન્યું તેથી ધગધગતા સીસાનો રસ કાનમાં રેડાવ્યો. તેના કારણે સાતમી નરકે તેમને જવું પડ્યું. તે ભયંકર કર્મનો બંધ પરમાત્માના જીવે કર્યો, તે કર્મ સત્તામાં પડ્યું રહ્યું અને પરમાત્માના ભવમાં ઉદયમાં આવ્યું તે કર્મની અનુમોદના વગેરે કરીને તેમાં વધારો કર્યો. હવે એ કર્મ ત્યારે જ ઉદયમાં આવે જ્યારે એ વેદનાને જીવ સહન કરી શકે એટલે કે ફરીવાર પ્રથમ સંઘયણ વીર્યબળ પણ એટલું વધારે હોય, ત્યાં સુધી એ કર્મ સત્તામાં પડ્યું રહ્યું

અને પરમાત્માના ભવમાં ઉદયમાં આવ્યું. જ્યારે ખીલા ખેંચી કાઢવામાં આવ્યા ત્યારે પરમાત્માના મુખમાંથી ચીસ પડી ગઈ અને પર્વતમાં ફાડ પડી ગઈ. પરમાત્માને તે વખતે ભાવ પીડા ન હતી પણ દ્રવ્ય પીડા થઈ માટે નવા કર્મો ન બંધાયા.

**(૫) ખણજ વેદના (ખંજવાળ) :** નખથી ખણજવાથી કામ ન થાય, છૂરીથી ખણી કાઢે તો પણ સંતોષ ન થાય, તેવી ખણજની વેદનાનો અનુભવ નરકના જીવો કરે છે.

**(૬) જ્વર વેદના :** સતત બેચેન રહ્યા કરે, શરીરમાં ધગધગતો તાવ હોય તે નિરંતર ચાલ્યા જ કરે. ચિત્ત સતત ઉદ્વિગ્ન રહ્યાં કરે છે માટે એ સતત મૃત્યુને જ ઈચ્છે છે. વેદનાઓ સતત મળ્યા જ કરે છે, એના ત્રાસથી ત્રાસીને એ મૃત્યુને ઈચ્છે છે.

**(૭) દાહ વેદના :** શરીરમાં પ્રગટ થાય. શીતલતા માટે ચંદનનો લેપ કર્યો. પ્રત્યેક વનસ્પતિ, વાયુકાય, અપ્કાય વગેરેની વિરાધના થઈ એમાં ઠંડકની સુખ ભોગવવાની બુદ્ધિ થઈ તેના કારણે મહામિથ્યાત્વનો બંધ થાય.

આત્માએ સમતામાં સુખ ન માન્યું પણ સુખ એણે ચંદનના લેપની શીતલતામાં માન્યું. પ્રતિકૂળતામાં પણ એ આનંદ માણી શકે છે તે શેનો આનંદ? સામેથી કર્મના ઉદયથી આવ્યું છે તો એને વધાવી લો અને સમતાથી ભોગવી લો તો નિર્જરા થશે. માટે જ મહાપુરુષો ઉપસર્ગો મજેથી સહન કરી શકે છે.

**(૮) ભય વેદના :** એક દૃષ્ટિએ દસ વેદનામાં ભયની વેદના સૌથી વધુ છે. વાતાવરણ સમગ્ર અંધકારમય છે, પોતાનું શરીર ત્યાંના જે દેશ્યો છે તે બધાથી ભયભીત છે અને અવધિજ્ઞાનના કારણે પણ ભાવિમાં પરમાધામીકૃત વેદના વગેરે જે આવવાની છે તે તેના જ્ઞાનમાં આવ્યા જ કરે, સતત દેખાયા કરે એટલે આવ્યા પહેલાં જ એ ભય પામે છે. નરકમાં કઈ રીતે આત્માઓ રહેતા હશે એ કલ્પના પણ આપણને ધ્રૂજાવી દે તેવી છે. નારકી વર્તમાનમાં સાક્ષાત્

ભોગવી રહ્યા છે અને ભવિષ્યમાં પણ પીડા આવવાની જ છે એવી એને શ્રદ્ધા છે. કર્મસત્તાની એક મોટી ઉદારતા છે કે એ કર્મ ઉદયમાં ન આવે ત્યાં સુધી તેને નિષ્ફળ કરવા બધું જ કરી શકાય પણ ઉદયમાં આવે પછી ભોગવવા જ પડે.

(૯) **શોક વેદના :** ભયંકર વેદના, ભય, નિઃસહાય દશાના કારણે તેઓ શોકથી વ્યાકુળતા અનુભવે.

(૧૦) **પરાધીનતા વેદના :** ૧ થી ૩ નરકમાં પરમાધામીકૃત વેદના હોય. અસુરકુમારના પંદર પરમાધામીના દેવો છે. એ અસુર દેવલોકમાંથી નરકાવાસમાં આવે અને નરકના આત્માઓને પંદર જાતની વેદનાઓ આપે. બધાનાં કામ જુદાં-જુદાં આવી પરાધીનતા ક્યાંથી આવી ? આપણે સ્વતંત્ર થયા ને બીજાને પાછા પરાધીનતામાં રાખ્યા અને તેના દ્વારા આપણો અહં પોષાય. પત્ની આધીન રહે તો પતિનો અહં પોષાય અને પત્ની સામે બોલે તો તે ના ચાલે. નોકર શેઠ સામે પડે તો ન ચાલે. માત્ર માન કષાયને પોષવા માટે જ આ વાતો આવે. માન કષાયને પોષવાની વાત ન હોય તો શેઠ નોકરને પોતાના પુત્રની જેમ રાખે અને આ બધી જ વાત ધર્મસ્થાનકોમાં લાવ્યાં. **દેરાસરનો પૂજારી પરમાત્માનો પૂજારી છે એવા બહુમાન ભાવપૂર્વક રાખવાનો છે. પોતાનું કોઈ કાર્ય એની પાસે ન કરાવાય.** સંસારમાં વડાપ્રધાનનો માણસ હોય તો તેની સાથે કેવો વ્યવહાર કરો ? તો આ તો પરમાત્માનો પૂજારી છે તેને કઈ રીતે સાચવવાનો હોય ? **લાખોના દાન દેનાર, સાધર્મિક ભક્તિ કરે પણ પૂજારીને પૈસા આપવાની વાત આવે તો ના પાડી દે.** ઓચ્છવ - મહોચ્છવ કરવા છે, જગતમાં શાસન બતાવવું છે પણ પરમાત્માની મોટી આશાતના કરીએ છીએ. બધા જ પરમાત્માની પૂજા કરવાનો ભાવ છે, પણ પરમાત્માને સાચવવાની વાત ક્યાં છે ? મિથ્યાત્વ નહીં જાય ત્યાં સુધી આ વાત નહીં સમજાય. **છાણીમાં પરમાત્માની એવી ભક્તિ થતી હતી કે ત્યાં જૈનસંઘમાં લૂલો–પાંગળો કોઈ જન્મતો ન હતો.**

## ❑ નર કોને કહેવાય ?

**नृणन्ति तत्त्वम् इति नरः** । જે તત્ત્વને બરાબર જાણે છે તેને નર કહેવાય. તે આત્મા નરકમાં - નિગોદમાં જતો નથી, તત્ત્વ જીવને જીવતો (જાગૃત) રાખે છે તેથી તેના દ્વાર તેના માટે બંધ થઈ જાય છે. **ઉવસ્સગ્ગહરં સ્તોત્રમાં** પણ આ વાત મૂકી છે :

**નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુઃખ દોગચ્ચં તુહ સમત્તે લદ્ધે,**
**ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ, પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં.**

મિથ્યાત્વથી આપણો આત્મા મૃતઃપાય દશામાં છે, તેને હવે જાગતો કે જીવતો કરવાનો છે, તે કઈ રીતે થાય ? તે તો તત્ત્વજ્ઞાનથી જ જાગતો થાય, માટે જ પ્રથમ જ્ઞાન ને પછી દયા મૂક્યું. આત્માને આત્માનો સ્વભાવ નથી ગમતો પણ પુદ્ગલનો સ્વભાવ જ ગમે છે એ જ પાપ અને એ જ આપણો મોટો ગુન્હો છે. નરકના દુઃખોથી આપણે ગભરાઈ જઈએ ને એવા વ્યવહાર બંધ કરીએ તો એ દુઃખ ગર્ભિત વૈરાગ્ય છે પરંતુ આપણે તો આ જાણીને તત્ત્વથી નિર્ણય કરીને જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળા બનવાનું છે. અનાદિકાળથી આત્મા સુખલિપ્સુ ને દુઃખથી ડરપોક બન્યો છે. શીતલતા ઈચ્છવી એ પાપ છે પણ આપણને શીતલતા ગમે. પુદ્ગલના સ્વભાવને ઈચ્છવું એ જ પાપ તો પાપની ઈચ્છા કરાય ? ન જ કરાય. પરમાત્મા તો હજુ માતાની કુક્ષિમાં આવ્યા ને બે ઘડી સુધી નરકમાં બધી વેદનાઓ શાંત થઈ જાય છે. તે વખતે અનેક આત્માઓ સમકિતને પ્રાપ્ત કરે છે. પરમાત્માનું વિશેષણ જ છે કે બોહિદયાણં, સાતમી નરકમાં અંધકાર જ છે પણ તીર્થંકરોનાં કલ્યાણકોના દિવસોમાં ત્યાં પ્રકાશ થાય છે અને એ પ્રકાશને જોઈને નારકો વિચારે ચડે છે અને એના કારણે એમને સમકિતની પ્રાપ્તિ થાય.

## ❑ તીર્થંકર પરમાત્માના કલ્યાણકો વખતે નરકમાં થતો પ્રકાશ :

– પ્રથમ નરકમાં સૂર્ય જેવો પ્રકાશ.

– બીજી નરકમાં વાદળાથી આચ્છાદિત સૂર્ય જેવો પ્રકાશ.

– ત્રીજી નરકમાં ચંદ્ર જેવો પ્રકાશ.

– ચોથી નરકમાં વાદળાથી આચ્છાદિત ચંદ્રના પ્રકાશ જેવો.

– પાંચમી નરકમાં ગ્રહના પ્રકાશ જેવો.

– છઠ્ઠી નરકમાં નક્ષત્રના પ્રકાશ જેવો.

– સાતમી નરકમાં તારાના પ્રકાશ જેવો.

આ બધી જ પૃથ્વીઓ ગાઢ અંધકારવાળી હોય છે.

તીર્થંકર નામકર્મની મોટામાં મોટી વિશેષતા એ છે કે બંધાયા પછી એ અંતર્મુહૂર્ત્તમાં પ્રદેશોદયમાં આવે છે એટલે નરકમાં પણ એ આત્મા શુભ પુદ્‌ગલોને વેદે. અશુભ પુદ્‌ગલોનો સંયોગ એ જ અશાતાની વેદના. તીર્થંકરના પુણ્ય પ્રભાવે અશુભ શુભમાં પરિવર્તન પામે છે. સમકિતની હાજરીમાં જીવ જે ભાવ કરે છે તેના કારણે શુભ અનુબંધ પડે, નિકાચિત થાય અને મિથ્યાત્વની હાજરીમાં અશુભ કર્મો નિકાચિત થાય. ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં મિથ્યાત્વની હાજરી છે અને સાથે પહેલું સંઘયણબળ છે. સંઘયણબળ જેટલું મજબૂત તેટલું કર્મ વધારે નિકાચિત થાય છે અને એને ભોગવવા માટે પણ સામે એટલું જ સામર્થ્ય જોઈએ તો જ ભોગવી શકે. પ્રદેશોદયના કારણે તીર્થંકરના આત્માઓની બીજા જીવો કરતાં વિશેષતા રહેવાની છે. સમકિતની હાજરી નવા કર્મોનું સર્જન બંધ કરાવે છે. નરકમાં પણ તેઓ સમાધિથી કર્મોની વેદનાને સહન કરે છે પણ નવા કર્મોને બાંધતા નથી.

## ❑ નીચેની નારકોમાં શીત વેદના કેવા પ્રકારની હોય છે ?

લોખંડનો મેરુ પણ ત્યાં પહોંચતા પહોંચતા બરફ થઈ જાય.આખા મેરુ પર્વતને લોખંડનો બનાવી અગ્નિથી તપાવો, તે લાલચોળ બની જાય પછી તેને છઠ્ઠી - સાતમી નારકમાં લાવવામાં આવે તો તે ત્યાં પહોંચતા પહેલાં જ બરફ બની જાય. કેટલી શીતળતા ત્યાં હશે? મુનિ મહાત્માઓને આ નિર્ણય થાય છે કે આ જીવ આવી વેદના ભોગવીને મનુષ્ય ભવમાં આવ્યો છે તો શક્તિ તો છે જ તો ક્રમિક અભ્યાસ દ્વારા મુનિ ભયંકર ઠંડીમાં પણ કાઉસ્સગ્ગ ધ્યાનમાં

મસ્તીમાં રહે, ભેદજ્ઞાન કરે. વેદના બહાર છે અને આત્માએ સમતામાં રહેવાનું છે. વર્તમાનમાં જેટલી શક્તિ છે તેને ધ્યાનમાં લાવીને સહનશીલતા કેળવવાની છે.

નારકોને કવલાહાર હોતો નથી. આકાશમાંથી દશે દિશામાંથી અનંત પ્રાદેશિક અચિત દ્રવ્યોનો આહાર ગ્રહણ કરે છે. પાપના ઉદયથી અશુભ અને તીવ્ર મહાવિસૂચિકાને ઉત્પન્ન કરાવનારા તથા તેવો આહાર અંતર્મુહૂર્ત ભોગવી ફરી તેવા જ આહાર ગ્રહણથી ભારે વિસૂચિકાથી અનંતગુણી વિસૂચિકા થાય. (તીર્થંકર પરમાત્માના આત્માઓ શુભ પુદ્‌ગલોનું વેદન કરે) જેમ આહારના પુદ્‌ગલો પરિણામ પામે તેમ ક્ષુધાની વૃદ્ધિ થાય પણ ઘટે નહીં. નારકીના જીવો લોમાહારથી પરિણમતા પુદ્‌ગલોને અવધિ જ્ઞાનથી જોઈ શકતા નથી.

સત્તા પર આત્મા આવે ત્યારે જગતને પરાધીન બનાવવાનો ભાવ આવે. કવિ ગંગે ખુમારી બતાવી, અકબરે કહ્યું **મારા ગુણગાન ગા** અને કવિ ગંગે કહ્યું : **જિસે હરિ પર વિશ્વાસ નહી, સો આશ કરે અકબરકી** અકબરે અભિમાનથી એને હાથીના પગ તળે કચડી નાંખ્યો. **પ્રભુ પાસે સેવક બનીને આવો તો એ મહાપૂજ્ય છે અને શેઠાઈ કરીને પૂજા કરો તો તે લાભદાયી બનતી નથી.**

## ❑ પરમાધામી કોણ થાય ?

ભવ્ય જ બની શકે. જેણે ધર્મી એવા મા-બાપ ગુરુ- વડીલો વગેરેની સામે અનુચિત જ વર્તન કર્યું, તેને આધીન ન બન્યો તેનો અનાદર કરે તેવા ભવ્ય જીવો જ પરમાધામીનું આયુષ્ય બાંધે છે. **અહીં આત્મા ધર્મને આધીન ન થયો તો નરકમાં તેને પરમાધામી આધીન બનાવી દે છે.** પરમાધામી એટલે પરમ અધર્મી. તીવ્ર પરિણામ આવે ને અનુબંધ પડી જાય ત્યારે આવું કર્મ બંધાય. પરમાધામીને આધીન ન બનવું હોય તો પંચ પરમેષ્ઠિને આધીન બની જાઓ. આપણા આત્મ કલ્યાણના ઈચ્છુક એવા આત્માઓને આધીન બની જાઓ. મા-બાપ પાસે છોકરો આધીન ન બન્યો તે પત્નીને આધીન થાય. જે આપણને સુખાકારી કરી આપે, વાહ વાહ કરે, મોટાઈ કરે તેવાને આપણે આધીન બની જઈએ છીએ. આત્મા માટે કાંઈ ન કર્યું, શરીર માટે બધું જ કર્યું.

**પરાધીનતા સંસારમાં કરવા કરતાં ધર્મની પરાધીનતા સ્વીકારી લઈએ તો પરમાધામીને આધીન ન બનવું પડે.**

જીવ દ્રવ્ય પર દ્વેષ કરવો તે તો પાપ છે જ પણ જે હિતકારી ઉપકારી છે તેના પ્રત્યે દ્વેષ કરે, તેમને વધારે પડતી પીડા આપવાનું કામ કરે તેને પરમાધામીપણું મળે.

ગોખલા જેવી છિદ્ર સહિત કુંભીમાં નારકો ઉત્પન્ન થાય, અંદરથી પહોળી ને મોઢું સાંકડું હોય, કુંભીમાં ભયંકર ઠંડી અને બહાર ભયંકર ઉષ્ણતા. ૧ થી ૩ નરકમાં પરમાધામીકૃત વેદના વિશેષથી હોય છે. પ્રથમ નરકમાં ૭॥ ધનુષનું શરીર ને ઉપર છ અંગુલ, કુંભીમાં ન સમાય અને ઘાણીમાં પીલાતા હોય તેમ ચીસો પાડે છે. જેવા આ જીવો ઉત્પન્ન થાય તેને જોઈને પરમાધામી આનંદ પામે, જેમ કારીગરો વાંસને યંત્રમાં નાંખીને તેમાંથી વાંસની પાતળી સળીઓ ખેંચે તેમ પરમાધામીઓ ઉત્પન્ન થયેલા નારકોને સાંકડી કુંભીમાંથી સાણસાથી પકડીને ખેંચે ત્યારે નારકો ચીસ પાડે ને પરમાધામી આનંદ પામે.

### ❑ જ્ઞાનની હાજરીમાં વ્યક્ત પીડાનો અનુભવ થાય.

જેમ-જેમ જ્ઞાનની વૃદ્ધિ થતી જાય તેમ-તેમ પીડાનો અનુભવ વધારે ને વધારે થતો જાય. જ્ઞાન દ્વારા જ વ્યક્ત પીડાનો અનુભવ વધતો જાય. નિગોદમાં જ્ઞાન અલ્પ છે માટે ત્યાં વ્યક્ત વેદના નથી. જ્ઞાની જ વધારે દુઃખી અને જ્ઞાની જ વધારે સુખી.

### ❑ પરમાધામી દેવોના પ્રકાર :

પંદર પ્રકારના પરમાધામી છે ને તેમના કાર્યો પણ અલગ અલગ છે (૧) અંબ (૨) અંબરિષ (૩) શ્યામ (૪) સબલ (૫) રુદ્ર (૬) ઉપરુદ્ર (૭) કાલ (૮) મહાકાલ (૯) અસિ (૧૦) પત્રધનુ (૧૧) કુંભ (૧૨) વાલુકા (૧૩) વૈતરણી (૧૪) ખરસ્વર (૧૫) મહાઘોષ.

**(૧) અંબ :** નરકપાલ ચારે તરફ દોડી જાય આ પાપીને છેદો- ભેદો અને

મહાબલ નામનું શસ્ત્ર, ભાલા, તલવાર વગેરેથી છેદે ઉપર ફેંકે પછી ભાલામાં પકડે. નારક પ્રથમ શૂળથી ભોંકાય, વજ્રશીલા કાંટાથી વ્યાપ્ત હોય તેના પર નારકને અથડાવે ત્યાં બાદર અગ્નિ ન હોય ત્યાં વિકુર્વેલા અગ્નિ હોય તેમાં રાડો પાડતા જાય. ચિચિયારીઓ પાડતા જાય ને નારકને તેમાં બાળતો જાય. ભયંકર વેદના પામે છેદાય, ભેદાય તો પણ પારાની જેમ શરીર પાછું ભેગું થઈ જાય. આરાથી વીંધે છે, મુદ્ગરથી મારે છે, આકાશમાં ઉછાળે છે અને ઊંધુ મુખ કરીને નીચે પટકે છે.

**(૨) અંબરિષ :** આ દેવો નારકોને એ રીતે હણે છે કે તે તરત બેભાન થઈને પડે પછી તીક્ષ્ણ કાતરોથી કાપે છે. તેમના ભિન્ન-ભિન્ન ટુકડા કરે છે, ખડગના ઘાથી નિશ્ચેતન થયેલા નારકોના સોય જેવી તીક્ષ્ણ કાતરથી મોટાં-નાનાં ટુકડાં કરે છે અને તેમને ભયંકર પીડા ઉપજાવે છે. મોટાં-મોટાં બગીચા વગેરેમાં માળી તેની શોભા વધારવા માટે મોટી-મોટી કાતરો લઈને ખચાખચ વનસ્પતિને કાપે, વિવિધ આકારો બનાવે તે કાર્ય માળીએ કર્યું. આપણે કરવા, કરાવવા અને અનુમોદના કરતાં કરતાં રૌદ્રધ્યાનમાં ચડી જઈએ તો નરકનો અનુબંધ પડે. ખાટકી માંસના ટુકડા કરી વેચે, માચ્છીમારો મોટા માછલાને કાપીને વેચીને આવા કર્મ બાંધે. કર્મના ઉદયે પરમાધામી ત્યાં આ રીતે પીડા આપે. મોટા ભાગના પાપો તો ઉપયોગના અભાવે જ થાય છે. જે કર્મ જે પરિણામની ધારાથી બાંધ્યું અને પછી જાગૃતિ આવી તો તીવ્ર પરિણામની ધારાથી પશ્ચાતાપ કરે તો તે કર્મની નિર્જરા તો થાય પણ સાથે-સાથે પૂર્વે બાંધેલા કર્મોની પણ નિર્જરા થઈ જાય.

**(૩) શ્યામ :** છેદવા, પાડવા, તોડવા, વિંધવા, દોરડા વગેરેથી નારકીને તીવ્ર પીડા આપે છે. પશુ-મનુષ્યને બાંધે, અંગોપાંગને છેદી નાખે, પર્વતો પરથી પાડે, વજ્રમય શસ્ત્રથી મારે, દોરડા તથા લાતોથી મારીને ઘોર વેદના આપે છે.

**(૪) સબલ :** નારકોના પેટમાંથી ફેફસા, આંતરડા, ચરબીને છેદીને બહાર કાઢે છે અને પાછા તે નારકોને બતાવે છે. જીવે સીધી કે આડકતરી રીતે આ જ

ધંધા કર્યા છે.મોટાભાગની માંસાહારી પ્રજા છે, શાકાહારી તો માત્ર પોઈન્ટમાં આવે. જીવે પોતાના સ્વાર્થ માટે બધું જ કર્યું. મનુષ્યભવમાં ઉચ્ચકુળમાં, રાજકુળમાં આવ્યો પણ તેને જિનશાસનની સ્પર્શના ન થઈ. શિકાર વગેરેના શોખ, વ્યસન માને છે. શ્રેણિક જેવો તીર્થંકરનો આત્મા તે જ ભવમાં તીર્થંકર નામકર્મની નિકાચના કરનારો પણ શિકાર કરે છે. ભવ ભ્રમણોમાં આપણા આત્માએ પણ બીજાના પેટ, હૃદય, આંતરડા વગેરેને ફાડ્યા હશે. જંગલી પશુના ભવોમાં તો આપણો આહાર પણ એ જ હતો. લોહીને શરબતની જેમ ગટગટાવી ગયા ને માંસનું ભોજન પણ કર્યું તેના કારણે એવા કર્મો બંધાયા. વર્તમાનમાં તમારા ઘરોમાં પણ કોલેજિનય છોકરાઓ કયા વ્યસનોથી બાકાત હશે ? આયુષ્ય બંધાયુ તે વખતે અનુબંધ ઉદયમાં ન આવ્યો માટે સારો ભવ મળ્યો, પણ અનુબંધ ઉદયમાં આવે તો તે માંસાહાર પણ કરે. સીધી કે આડકતરી રીતે દવાઓમાં, કપડામાં વગેરેમાં માંસાહાર થાય છે. સાબુ વગરેમાં પણ ચરબીનો ઉપયોગ ઘી, તેલ, દૂધ વગરેમાં પણ ચરબી વગેરેની ભેળસેળ થઈ રહી છે. પાપનો ડર રહ્યો જ નથી. સારા સારા ધર્મી આત્માઓને પણ આ ડર નથી રહ્યો. પાપના ઉદયના કારણે હલકા માણસો જ આવવાનાં છે. જેટલું સાદું જીવન જીવાય તે જ બચવાનો એક માત્ર ઉપાય, સમાજનો ભય છોડી દો. નરકમાં વૈક્રિય શરીર છે તેથી ત્યાં હાડકા, માંસ વગેરે ન હોય પણ પરમાધામી વિકુર્વણા કરીને નારકોને બતાવે.

**(૫) રુદ્ર :** રૌદ્ર પરિણામવાળો સ્વભાવે જ ભયાનક. તલવારોથી છેદે, ત્રિશૂલ, શૂળ, સોય, તોમરૂ, ભાલા વગેરેથી કાપે, છેદે, અગ્નિથી બાળે. આપણને બીજાને મારવાના બાળવાના પરિણામ આવ્યા તેનાથી આવા કર્મો બંધાય. સ્મશાન એ વૈરાગ્યને પ્રગટ કરવાનું પરમમાં પરમ સ્થાન છે, યોગીઓ પણ સ્મશાનમાં જઈને સાધના કરે છે. જિનશાસનને પામેલા જીવો મૃત્યુના પ્રસંગને પામીને પોતાના મૃત્યુને સુધારી લ્યે. લવ અને કુશે લક્ષ્મણના મૃત્યુને નિહાળીને અને રામની લક્ષ્મણ પ્રત્યેની મોહચેષ્ટાને જોઈને મૃત્યુ પર વિજય, મોહ પર વિજય પ્રાપ્ત કરવા સમર્થ એવી દીક્ષાનો સ્વીકાર કર્યો. દીક્ષાનો સ્વીકાર ન કરી શકે

તો સ્વજનો આદિભેગા થાય તો ભેગા થઈને આરાધના કરે પણ શોક કરવાનો નથી. ગુરુ ભગવંતો પાસે જાય તો ગુરુ ભગવંતો જિનવાણી સંભળાવે. જેનાથી આપણી અજ્ઞાનતા ટળી જાય. પાર્શ્વનાથ પરમાત્માનો પ્રથમ ભવ મરુભૂતિ, માતા-પિતાના મૃત્યુથી શોક થયો તો ગુરુ ભગવંત પાસે ગયા ને જિનવાણી સાંભળીને સમકિત પામ્યા ત્યાંથી આત્માનું ઉત્થાન થયું અને કમઠ વિષયોમાં વધારે આસક્ત બન્યો. એક આત્મા ગયો તો તેની પાછળ ધર્મને છોડવાનો નથી પણ ધર્મને વધારવાનો છે.

**(૬) ઉપરુદ્ર :** નારકોના અંગોપાંગો બાહુ-સાથળ, હાથ, પગ, માથું વગરેને કાપે છે. કસાઈના ભવમાં માછલાં, બકરાં વગેરેને કાપે છે એ જોઈને આપણે એ વિચારવાનું છે કે અજ્ઞાનતામાં મારા આત્માએ આવા કેટલા પાપો કર્યા હશે? હવે મારો આત્મા આવા પાપ ન કરે અને સમજાયું કે હું એકેન્દ્રિયને પણ મારા રાગ ને સ્વાર્થ ખાતર મારું તો મને પણ આવા જ પાપ બંધાય.

**(૭) કાલ :** પ્રલાપ કરતા નારકોને અગ્નિના ભઠ્ઠામાં, જેમ તીક્ષ્ણ ખીલામાં માંસના ટુકડાને ભરાવવામાં આવે પછી તેને અગ્નિમાં શેકવામાં આવે તેમ નારકના મુખને આ રીતે પકડીને શેકવામાં આવે છે. ખાખરાને શેકવામાં આવે તેમ નારકના આત્માને શેકવામાં આવે છે. અતિ તપતી લોખંડની તવીમાં માછલીને જેમ શેકે છે તેમ એને શેકવામાં આવે અને પોતાનું કરેલું પાપ યાદ અપાવે છે. આનાથી આપણે વિચારવાનું છે કે નાની પણ પીડા આપણો આત્મા કોઈને પણ ન આપે તે અનુકંપાનો પરિણામ છે.

**(૮) મહાકાલ :** સિંહની પૂંછડીની આકૃતિવાળા અને કોડી પ્રમાણવાળા માંસના ટુકડાને છેદીને નારકોને ખવડાવે.

**(૯) અસિ :** તલવાર, નારકોના બે હાથ,પગ, સાથળ, પેટ, માથું વગેરે તલવારથી છેદે છે અને ભયંકર પીડા આપે છે. **તેં આ રીતે કર્યું હતું, પશુ વગેરેના અંગોપાંગ છેદ્યાં હતાં તેના ફળ રૂપે આ તારે સહન કરવાનું છે.** તે વખતે આ સાંભળતા તેને જાતિ-સ્મરણ થાય અને વિચારતાં વિચારતાં

સમ્યગ્દર્શન થાય તો સમતાથી સહન કરે પણ મિથ્યાત્વ હોય તો પાપનો એકરાર ન કરે, પશ્ચાતાપ ન થાય માટે એ પરમાધામી પાસે કરગરે કે હવે મને છોડો તો પણ પરમાધામી તેને છોડતા નથી. માત્ર જો પશ્ચાતાપ કરે તો જ નવા કર્મો ન બંધાય. દેવ અને નરક બન્ને ગતિમાં નિકાચિત કર્મોનો ઉદય ભોગવવો જ પડે.

આ બધું જ જાણીને તમે હવે એવા નિમિત્તોમાં ન જાઓ કે જેનાથી નરકમાં જવું પડે. હક્કનું કેમ જતું કરાય ? તેના માટે સગા ભાઈ સાથે લડો અને કર્મો બાંધો, કોર્ટ - કચેરીમાં જાઓ અને તે વખતે જો આયુષ્યનો બંધ પડ્યો તો વેરના અનુબંધ પડી જાય. વેદનાથી છૂટવાનું મન થાય છે પણ નારકના જીવોને દુઃખના કારણ રૂપ પાપને છોડવાનું મન ન થાય.

**(૧૦) પત્રધનુ :** આ નરકપાલો ત્યાં વન વિકુર્વે ગરમીમાં તાપ પામતા નરકો વનમાં જાય, કંઈક શાંતિ પામે ત્યાં તલવારની ધાર જેવા પાંદડા તેના પર પડે તેનાથી તેમનું છેદન-ભેદન થાય. આવી વેદના કયા કારણથી મળે ? જેઓ અજ્ઞાનતા વશ આખા વનનાં વનને છેદી નાખે. **શ્રાવકોથી ૧૫ કર્માદાનના ધંધા ન કરી શકાય. બિલ્ડીંગો બનાવવાના આજે વધારે લોકો ધંધા કરે છે.** તેના માટે વન, બગીચા, વાડીઓ ખરીદી લીધાં હોય, તેના પર બુલડોઝર ફેરવી નાંખે. પૂર્વનાં કાળમાં કદાચ વનસ્પતિને કાઢવાનો વારો આવે તો તેની પૂજા કરે વિનંતિ કરે કે માફ કરજો મારે આ કરવું પડે છે તેમના પરિણામો કૂણા હતાં. જ્યારે આજે તમે બંગલા બંધાવો, પાછા ઝાડ વગેરે રોપો, લોન બનાવો ને પાછો આંનદ - અનુમોદના કરો. ઠંડક મળે આંખોને, સુંવાળો સ્પર્શ વગેરે ગમે તો દરરોજ પાપનું મીટર ચડતું જાય ને પાછા બીજાને બોલાવીને દેખાડે અને પ્રભાવના કરે. પરમાત્માની વાતને ન સમજે તો આવા કંઈક પાપો કરીને ચાલ્યો જાય. પાપને પાપ ન માને અને પાછું તેની અનુમોદના કરીને મરે. **અજ્ઞાનતા વશ બધા પાપો કર્યા કરે. ન જાણવું એ મોટું પાપ અને જાણીને પાપ તરીકેનો સ્વીકાર ન કરે તે મહાપાપ. કારણ જાણીને પણ પાપને પાપ ન માને તેને અશુભ અનુબંધ કર્મ બંધાય. આ પાપ છે તેમ જાણે છતાં કરે, પણ સાથે પશ્ચાતાપ કરે તો તેને કર્મ બંધ ઓછો થાય.**

**(૧૧) કુંભ :** પરમાધામી કડાઈમાં નારકને તેલમાં તળે. જે એકેન્દ્રિય જીવોને તળે તે વખતે તેનો આકાર, રૂપ, રસ, ગંધ વગેરે જો ગમી જાય, આનંદ આવે. આખા મરચા, કેળાવડા વગેરેના ભજીયાની અનુમોદના થાય ? જીવને જો આનો ઉપયોગ ન હોય તો જેના પર રાગ છે તેના માટે વસ્તુઓ બનાવતા હોઈએ, તેને ખુશ કરવા માટે બનાવીએ અને એ ખુશ થાય તો આપણે પણ ખુશ. એ જીવો તો તળાઈ ગયા ને આપણે તેમાં તણાઈ ગયાં. આર્ત-રૌદ્ર ધ્યાનમાં આવી જાય. રાગ તીવ્ર હોય તો તે અનંતાનુબંધીમાં જાય તો આવું કર્મ બંધાઈ જાય. જેમ શ્રેણિકે નિર્દોષ ગર્ભિણી (હરણી)ની હત્યા કરી ત્યારે તેને રૌદ્રધ્યાન હતું અને તેમાં આનંદ આવ્યો ને તે વખતે આત્મા પોતાની જ ભયંકર હિંસા કરી રહ્યો છે, સ્વભાવ વિરુદ્ધનું કાર્ય કરી રહ્યો છે, મહામિથ્યાત્વ અને કષાયોના ઉદયમાં વર્તી રહ્યો છે માટે ભયંકર કર્મોને બાંધ્યો. સમ્યગ્દૃષ્ટિ સાવધાન હોય સંસારમાં તેને વ્યવહાર કરવો પડે છે માટે તે ઉપયોગમાં આવી જાય. જ્યારે જન્મ ધારણ કરે છે ત્યારે કાર્મણ શરીર આખું ઔદારિક શરીરનું સ્વરૂપ ધારણ કરી લે છે, નામકર્મના ઉદયથી તે અશુચિમય પદાર્થોને કાર્મણ વર્ગણા દ્વારા ગ્રહણ કરે છે અને શરીર બનાવે છે. આ વિચારણા કરતાં કરતાં એના કર્મો નિર્જરી જાય તો તળાવાની માથાકૂટ એની કાયમ માટે મટી જાય.

**(૧૨) વાલુકા :** તડતડ અવાજની જેમ કદમ નામની વાલુકામાં ચણાની જેમ નારકોને શેકે. કદમના વૃક્ષના જેવા આકારવાળા હોય છે. ત્યાં રેતી અનંતગણી તપેલી હોય છે. નરકમાં આવી વસ્તુઓ નથી પણ પરમાધામી દેવો આ બધું જ વિકુર્વે છે. અહીં પુણ્યોદયને છોડો, નહીં તો ત્યાં તમારો પાપોદય એવો જાગશે કે પરમાધામી દેવો બોલાવી-બોલાવીને પીડા આપશે.

**(૧૩) વૈતરણી :** વૈતરણી નામના પરમાધામી છે, તેમ વૈતરણી નામનું નરક પણ છે અને ઈતરલોક પણ તેને માને છે. કારણ કે મોટા ભાગના બધા અહીંથી જ ત્યાં ગયા છે. વૈતરણીમાં કોણ ઉત્પન્ન થાય ? પતિવ્રતા પત્ની સતી હોય, કુલીન હોય છતાં તેનો દ્વેષ બુદ્ધિથી ત્યાગ કરે તો અવશ્ય વૈતરણીમાં જાય. લોકમાં જે સજ્જન તરીકે પ્રખ્યાત હોય તેના પર દોષનું આરોપણ કરે, શીલવાન

પર કલંક લગાવે, પરસ્ત્રીમાં આસક્ત હોય, ખોટી સાક્ષી આપનાર, વૃક્ષોનો છેદ કરનારા, સતીને હેરાન કરનારા આવા પાપો વૈતરણી નામની નરકમાં લઈ જાય છે.

**(૧૪) ખરસ્વર :** નરકપાલો નારકને કેવી વેદના આપે છે તે બતાવે છે. જે આત્મા વૃક્ષોને છેદી નાંખે છે તેમને નારકો પરશુ- કુહાડીથી છેદી નાખે. વૃક્ષમાં એક જીવ હોય, ડાળી, પાંદડા, પુષ્પોમાં અસંખ્યાત જીવ હોય, કુમળા પાંદડામાં અનંત જીવો હોય. એક વૃક્ષના છેદનમાં સંખ્યાત-અસંખ્યાત-અનંત જીવોનો સંહાર થાય છે. વૃક્ષો કાપ્યાં, લાકડાં બનાવ્યાં, પાટિયા પાડવા તે બનાવીને તૈયાર કરાવીને જલસા કર્યા તો પરમાધામી આ રીતે છેદશે, કરવતથી કાપશે. જેવો તમે વૃક્ષો સાથે વ્યવહાર કર્યો તેવો જ વ્યવહાર તમારી સાથે થશે. **શ્રાવકોને ખેતીના ધંધાનો નિષેધ છે. શ્રાવકોને સ્થાન રહેવા માટે જોઈએ તો તૈયાર મળતું હોય તો બંધાવે નહીં,** ઈંટ જોઈતી હોય તો તૈયાર ઈંટ મળે તે લેવાની પણ ઓર્ડર આપીને બનાવાય નહીં. વ્રતધારી શ્રાવકોને ચૂલા પણ બાંધેલાં હતાં, ભૂખ્યા રહે પણ ગમે તેના હાથનું ન ખાય, ગમે તેના ઘરનું ન ખાય. અન્ન તેવો ઓડકાર માટે જેને બચવું છે તેણે જગતની શેહમાં તણાવા જેવું નથી.

**(૧૫) મહાઘોષ :** આ નરકપાલો ભય પામેલા નારકોને ભયંકર ત્રાડ પાડીને ધ્રૂજાવે છે. જે સહન ન કરે તે ભાગી રહેલા નારકોને, પશુના વધ કરવા માટેના વધસ્તંભ પાસે રાખે, તેમને ભેગા કરે છે પછી તેમને બાળી નાખે, ભાંગી નાખે, તળી નાખે, રાઈ-રાઈ જેટલા ટુકડા કરી નાખે તો પણ તે શરીર પાછું ભેગું થઈ જાય. આપણો આત્મા એક શરીરને ટકાવવા રોજના કેટલાં જીવોને બાળે, કાપે, ટુકડા કરે, છેદે-ભેદે કેટલું કરે ? તમારો પુણ્યોદય એવો જાગ્યો છે કે તમને બધું જ ઝડપી જોઈએ છે માટે બધું જ ઈલેકટ્રિક પર ચાલતું થઈ થયું. તમે ત્યારે વિચાર જ ક્યાં કરો છો કે આમાં કોઈ પંચેન્દ્રિય જીવો મરે. શરીરની એક પણ સગવડતા છોડો નહીં તો જિન આજ્ઞાનું પાલન થાય કઈ રીતે ? **તીર્થયાત્રા કરો, દહેરાસર–ઉપાશ્રયે જાઓ તો તે ફળતા કેમ નથી ? કારણ કે જિન આજ્ઞાનું પાલન નથી તો જીવદયાનું પાલન કઈ રીતે કરશો.**

## ❑ વનસ્પતિ પર ચાલવામાં પાપ શું ?

વનસ્પતિ પર પાણી છાંટવામાં આવે તો જ એ લીલીછમ રહે છે.નીચે પાણી હોય એટલે નિગોદ થાય અને પાછા ત્યાં ત્રસ જીવો પણ રહેલા છે. જેમ મનુષ્યોનો ખોરાક વનસ્પતિ છે તેમ ત્રસ જીવોનો પણ ખોરાક તો વનસ્પતિ જ છે. મૂળ, થડ, ઝાડ, પાંદડા, ફળ, ફૂલ પર ઝીણી-ઝીણી જીવાત જોવાં મળે છે, માટે જ સમગ્ર વનસ્પતિનો ત્યાગ કરવાનો છે. તમામ અંકુરા પ્રથમ તો નિગોદ રૂપે જ હોય છે. સાધારણ વનસ્પતિમાંથી તે પ્રત્યેક વનસ્પતિ બને છે માટે કારણ વગર અમારે વનસ્પતિ ન વપરાય અને તમારે પણ સચિત્તનો ત્યાગ જ કરવાનો છે, ત્યાગ નથી જ કરી શકતા તો મર્યાદામાં આવવું જોઈએ. **વનસ્પતિ પર ચાલવાથી ભયંકર ભાવ હિંસા થાય છે.** લીલી છે, કોમળ છે, ઠંડક છે, સુગંધી છે, સ્નિગ્ધતા છે, સુંવાળી છે માટે ભાવહિંસાનું કારણ બને અને તેમાં ગરકાવ થઈ જાય તો આર્તધ્યાનમાંથી રૌદ્રધ્યાનમાં પહોંચી જાય ને નરકમાં જવું પડે. લોન પર ચાલવાથી પૃથ્વી- અપ્- વાયુ- વનસ્પતિ, ત્રસ કાય જીવોની વિરાધના થાય છે. લોન પરથી આવતો વાયુ મંદ-મંદ ઠંડો, સુંગધવાળો હોવાથી તેની અનુમોદના ચાલે તો અનુબંધ કર્મ બંધાય. કંડરિકે માત્ર ખાવાનો પરિણામ કર્યો, દ્રવ્ય હિંસા એટલી નથી કરી પણ ભાવહિંસાના કારણે સાતમી નરકે ગયા.

## ❑ પરમાધામી ક્યાં ઉત્પન્ન થાય ? અથવા જળચર મનુષ્યમાં કોણ ઉત્પન્ન થાય ? શા માટે થાય ?

પરમાધામી - પરમ અધર્મી - જેનામાં દયાનો છાંટો પણ નથી. જેનાં હૃદયમાં સહેજ પણ દયાનો છાંટો હોય તો તે નારકોને છેદવા, ભુંજવા, બાળવા, કાપવા વગેરે કાંઈ પણ ન કરી શકે. પરમાધામી નારકના જીવોને પૂર્વે કરેલી પાપ પ્રવૃત્તિની યાદ દેવડાવે છે. તેમને જળચર મનુષ્ય તરીકે ઉત્પન્ન થવું પડે છે. જેનું નિશીથ સૂત્રમાં એક દૃષ્ટાંત આવે છે. સુમતિ અને નાગિલ બંને ભાઈઓ સાર્થ સાથે જોડાયા તેમાં શિથિલાચારી સાધુના પરિચયમાં આવીને તેમના બાહ્ય તપ -ત્યાગ તેને ગમી જતાં નાગિલની ના છતાં પણ સુમતિએ એમની પાસે દીક્ષા

લીધી અને તે પણ શિથિલાચારને પોષણ આપનાર સાધુ બન્યો. તીર્થંકર પરમાત્માના વચન પ્રત્યે અનાદર કરતાં જળચર મનુષ્ય તરીકે ઉત્પન્ન થયો.

ગંગા-સિંધુ નદીનો જ્યાં મેળાપ થાય છે ત્યાંથી પંચાવન યોજન અંદર સુડતાલીસ ગુફાઓ છે જ્યાં ૧૨૫ હાથ પ્રમાણ ઊંચાઈવાળા કાળા વર્ણવાળા આ જળચર મનુષ્યો રહે. ગુફાઓ ૩૫ યોજન ઊંચી છે ને અંધકારમય છે. તે પ્રથમ સંઘયણવાળા હોય છે. તેઓ દારુ- સ્ત્રી - માંસના લંપટ હોય છે. રત્નદ્વીપથી થોડા દૂર છે. રત્નો મેળવવા માટે વેપારીઓ આમને પકડે. એમનામાં રહેલી અંડગોળીને ચમરી ગાયના વાળમાં બાંધીને તેના પ્રભાવથી તેઓ સમુદ્રમાં ડૂબે નહીં અને ભયંકર જળચર પ્રાણીથી ડરે પણ નહીં. તે અંડગોળીને કાઢવા રત્નદ્વીપના વેપારીઓ રત્નદ્વીપથી ૩૧ યોજન દૂર વહાણ લઈ જાય અને તે વહાણ જળચર મનુષ્યોની ગુફાથી થોડા દૂર ઊભા રાખી ત્યાંથી દારુ- માંસથી ભરેલા તુંબડાઓ ફેંકે. તે લેવા જળચર મનુષ્યો આવે એટલે વહાણ દૂર-દૂર લેતા જાય અને વહાણમાંથી દારુ- માંસના તુંબડાઓ ફેંકતા જાય. તેના લોભમાં જળચર મનુષ્યો દૂર-દૂર જાય પછી વહાણ ઊભું રાખે. વહાણમાં એક વજ્રસંપુટ હોય તે ઘરઘંટીના આકારે હોય, તેના ઉપર દારુ-માંસનાં પેકેટો બધે લટકાવેલા હોય. જળચર મનુષ્યો તે લેવા વહાણમાં ચડે અને સંપુટમાં પ્રવેશે. ખાવામાં અને પીવામાં તે મસ્ત બને એટલે વહાણની કેબીનમાં છુપાઈને રહેલા બખ્તરધારી સૈનિકો બહાર નીકળી સંપુટનું દ્વાર બંધ કરે અને પછી યંત્ર વડે તેને દળે. જળચર મનુષ્યો એટલા બધા બળવાન હોય કે એક વર્ષ સુધી દળાયા પછી માત્ર તેમની આંગળીનું એક હાડકું ભાંગે એટલે મૃત્યુ થયેલું જાણી વજ્રસંપુટ ખોલી તેના શરીરમાંથી અંડગોળી કાઢી લે. આમ એક વર્ષ સુધી ઘોર રિબામણ થાય.

સુમતિનો જીવ સાત ભવ જળચર મનુષ્યોના કરી ત્યાંથી કૂતરા તરીકે અવતરી ત્યાંથી વ્યંતર - પછી લીંબડાના વૃક્ષ - મનુષ્ય - સ્ત્રી - ૬ઠ્ઠી નરકમાં - કોઢિયો મનુષ્ય - નરક - તિર્યંચાદિ ઘણાં ભવ ભમીને અનુત્તરદેવ , ચક્રવર્તી થઈ ચારિત્ર સ્વીકારી સિદ્ધ થશે. **આમ જે આત્માઓ તીર્થંકરની ઘોર**

**અસાતનાઓ કરે છે, શિથિલાચારને પોષે, તેની સાથે વાસ કરે, તેની પ્રશંસા, અનુમોદનાદિ કરે તો તેના વડે જળચર મનુષ્યનો ભવ પ્રાપ્ત કરે.**

### ❑ ધર્મગુરુઓ પાસે અધર્મ કબૂલાતથી શું ફાયદો ?

ધર્મગુરુઓ પાસે અધર્મની કબૂલાત કરી તેનો નિકાલ કરી લો જેથી પરમાધામીને તે યાદ દેવડાવવું ન પડે. પરમાધામી પરમ અધર્મી છે ને અધર્મ જ એનું કાર્ય છે માટે એ અધર્મ જ યાદ કરાવે છે. જો આપણે આપણા અધર્મને યાદ કરીને એનો દેવ -ગુરુ પાસે જઈ નિકાલ કરી દઈએ તો આપણે ત્યાં જવાનું રહેતું નથી. એ આપણે ન કર્યુ ને છુપાવ્યું તો પરમાધામીની પાસે જવું પડે ને એ બધું જ યાદ કરાવશે. એ આપણને છોડશે તો નહીં જ માટે અહીં સ્વેચ્છાએ સ્વીકારી લો, નહીં તો ત્યાં જવાનું જ છે. ભગવાનની વાત ન માને અને લોકોમાં પણ સર્વજ્ઞની વાતનો અપલાપ કરવો, નિંદા કરવી, આ ધર્મ હંબક છે એમ કહેવું વગેરે પરમાધામી યાદ દેવડાવે છે. મોહને જીવ એટલો બધો આધીન બની જાય કે તેને ધર્મ કરતા શરમ નડે પણ અધર્મ કરતા શરમ ન આવી !!!

પરમાધામી પાસેથી આવું ન સાંભળવું હોય તો જિનવાણી સાંભળીને, દુષ્કૃત ગર્હા કરીને, પશ્ચાતાપ કરીને, પાપોનો નિકાલ કરવાનો છે ને નવા ન બંધાય તેનો ખ્યાલ રાખવાનો છે.

## ★ तिर्यंचगति ★

### ❑ ચાર ગતિમાં સૌથી વિશાળ ગતિ તિર્યંચગતિ છે.

તિર્યંચગતિનાં પ્રકાર સૌથી વધારે અને દુઃખ ભોગવવાનો કાળ પણ વધારે છે. કર્મસત્તા જીવને જુદા- જુદા શરીરોમાં પીડા ભોગવવા માટે ગોઠવે છે તે જાણીને તે તે જીવોની પીડા જાણવાની છે. જીવો બે પ્રકારના છે સંસારી ને સિદ્ધ. જો આત્માનો ઉધ્ધાર કરવો હોય અર્થાત્ જીવે જીવતા રહેવું હોય તો આ જિનશાસન મળ્યા પછી સત્તાગત જિનને ન ઓળખીએ અર્થાત્ જિનના દર્શન

કરીને નિજ સત્તાગત જિનના દર્શન ન થાય તો દુર્લભ મનુષ્યભવ નિષ્ફળ જાય માટે જ યોગી મહારાજની નાભિમાંથી બુલંદ અવાજ નીકળી ગયો કે.....

**અબ હમ અમર ભયેંગે, નહિ મરેંગે યા**
**કારણ મિથ્યાત્વ દીયો તજ, કયું કર દેહ ધરેંગે.**

અર્થાત્ હું આત્મા છું પણ દેહ નથી. એટલે હવે દેહ માટે ને દેહવાળા માટે જીવીશ નહીં, હવે ભાવપ્રાણ માટે જ જીવન જીવીશ, દેહ તો મરેલો જ છે. આપણને લાગે છે કે દેહ જીવતો છે. દેહ તો અજીવ છે તેથી તે મરેલો જ છે ને આપણે તેની માવજત સારી રીતે કરીએ છીએ પણ જે જીવતો છે તેનું ધ્યાન પણ રાખતા નથી. દેહમાં રહેવાનું મન થાય, દેહને સુખ આપવા માટે જ બધું કરાવે તે જ મિથ્યાત્વ. જો સમકિતનો પરિણામ આત્મામાં આવી ગયો તો કામ થઈ જાય તો આત્મા માટે જ જીવવાનું છે. **મિથ્યાત્વપૂર્વક જીવવું એટલે આત્માનું મરણ અને સમ્યક્ત્વપૂર્વક જીવવું એટલે આત્માનું જીવન.** જે આત્માને શરીર માને અને આત્મા ભિન્ન છે તેનું ભાન પણ નથી તેવા આત્માઓ શરીરના સુખ માટે જીવોને ભયંકર પીડા આપે. તેમના પ્રત્યે આપણને મહાકરુણા આવવી જોઈએ કે આ બધા સત્તાએ સિદ્ધના આત્માઓ છે પણ વર્તમાનમાં ભયંકર પીડા ભોગવી રહ્યાં છે તો તેમને હું કેમ પીડા આપું ? સર્વજ્ઞ સિવાય આ જાણ ને સમજ આપવાની બીજાની તાકાત નથી. આવા પરમાત્મા પાસે પણ હજી આપણને સંસાર લીલો રાખવાના મનોરથો થાય અને આ પાટેથી પણ એવી જ પ્રરૂપણા થાય છે માટે તમને એ ગમી જવાનું છે.

સ્વરૂપથી જીવને જાણીને આપણે જીવતા થઈ જઈએ. પાણીમાં માછલાને જોઈને એમ થાય કે આ જીવ અહીં કેમ આવ્યો ? સમકિત અને મિથ્યાત્વીના પરિણામમાં ભેદ શું પડે ? ગજસુકુમાર સમ્યકિતિ છે તેના મસ્તકે બેરના અંગારા છે, સૌથી ભયંકર અગ્નિ છે પણ જ્ઞાતા ભાવે એ વેદના જોઈ જીવોની દયાનો પરિણામ આવ્યો ને શ્રેણી માંડી કેવલજ્ઞાન પામ્યા. જ્યારે બાવીસ બ્રાહ્મણો મિથ્યાત્વી હોવાથી અગ્નિમાં બળતાં, પાણી-પાણી કરતા

આર્તધ્યાનવશ મરીને માછલા તરીકે નદીમાં ઉત્પન્ન થયા. ગૌતમસ્વામી મંગલશેઠના ભવમાં શરીરે રોગગ્રસ્ત થતાં ચારે આહારના ત્યાગપૂર્વક અનસન કર્યું તેમાં તીવ્ર તૃષા સહન ન થતાં મુંઝાયા ભાવ ધારા તૂટતા અશુભ વિચારધારા શરૂ થઈ, ધન્ય છે માછલાઓ જેઓ સતત પાણીમાં રહે છે તેમને તૃષાવેદનાનું દુઃખ નથી તેથી તે માછલાં તરીકે ઉત્પન્ન થયાં. માટે જ જગતને અને જીવોને સ્વરૂપથી જાણવા અત્યંત જરૂરી છે.

જો આત્માનો આ નિર્ણય થાય કે મારે પીડા પામવી નથી તો તેણે સતત મન પર ચોકી પહેરો રાખવાનો છે કે તું બીજાને પીડા આપવાના વિચાર કરે છે માટે તો તું વર્તમાનમાં જ સ્વયં પીડા પામી જ રહ્યો છે. સર્વજ્ઞનું શાસન સ્વપ્રધાન છે તેમાં પરની પ્રધાનતા નથી, તેને ગૌણ કરી છે. જે સ્વની ચિંતા કરે છે તેને પરનો પણ લાભ મળે છે. તારા મનમાં કયા પરિણામ ચાલુ છે ? કયા અશુભ વિચાર ચાલે છે ? સ્વભાવની વિરુદ્ધ આત્મા કંઈ કરે છે ? કંઈક ખાવાનો વિચાર આવ્યો તો સચિત્ત તો નથી જ ખાવું - અચિત્ત ખાવાનો વિચાર કર્યો તો વિચારવાનું છે કે ખાવું તે તારો સ્વભાવ નથી, નથી ચાલતું ને પાપનો, ક્ષુધાવેદનીયનો ઉદય આવ્યો તો સમાધિ ટકે તે રીતે વાપરવું. **સચિતને પાપ માનશે પણ અચિત વાપરવું તેમાં પાપ નથી માનતો તો તે પણ મિથ્યાત્વ જ થયું.** સ્વરૂપથી પરમાત્માની આજ્ઞા ન સમજયા માટે ધર્મની આરાધના કરીને પણ ધર્મ ન થયો. માટે ધર્મની આરાધના કરતાં પણ સતત ચોકી પહેરો રાખવાનો છે કે મન શું વિચારે છે, વચનથી શું બોલે છે અને કાયાથી કેવી પ્રવૃત્તિ કરે છે તો સાચી ધર્મની આરાધના થશે.

જેટલા દ્વીપ છે તેટલા જ સમુદ્રો છે. એક બાજુ બધા જ દ્વીપ સમુદ્રો ને બીજી બાજુ એક માત્ર સ્વયંભૂરમણ સમુદ્ર. દેવ અને નરકમાં પંચેન્દ્રિય જીવ જ જઈ શકે એટલે ત્યાંનો મોટો ખાડો માછલા આદિ તિર્યંચ પંચેન્દ્રિય દ્વારા જ પૂરાય છે. મનુષ્ય સંખ્યાતા છે. સ્થાવર, વિકલેન્દ્રિયમાંથી દેવ-નરકમાં ન જઈ શકે. માછલાને જાતિસ્મરણ જ્ઞાન થાય ને નિયાણું કરે તો દેવલોકમાં જાય. માનસરોવરમાં જ્યોતિષ દેવો ક્રીડા કરવા જાય તેને જોઈને પણ માછલા નિયાણું

કરે અને દેવલોકમાં જાય. માછલામાં રસનેન્દ્રિયની આસક્તિ વધારે. બીજા જીવોને ખાવા માટે વનસ્પતિ વગેરે મળે છે પણ માછલાને માંસ સિવાય ખાવાનું બીજું નથી ને માંસ એ મહાવિગઈ કહી છે તેની આસક્તિ દ્વારા તે મરીને નરકમાં જાય છે. જીભમાં રસ ને સ્પર્શ બે વસ્તુ છે. કોમળ વસ્તુ વધુ ગમે છે, માંસ કોમળ છે, માંસથી શરીર પુષ્ટ બને છે ને શીતલતા પાણી દ્વારા મળે છે એટલે રસ અને સ્પર્શ બન્ને દ્વારા માછલાનાં ભવ મળે ને વળી પાછા ત્યાં આ રસ - સ્પર્શને ભોગવે છે.

આત્મામાં જો નિર્વેદ, અનુકંપા ન હોય તો આત્મા - આત્મા સાથે રહી ન શકે, પણ શરીર સાથે શરીર સુખ ભોગવવા રહેવાનો ભાવ આવે, પણ સમ્યગ્દર્શનનો પરિણામ હોવાથી સતત શરીરાદિમાં સાક્ષીભાવે રખાવે. **કાયાદિકનો સાખીધર રહ્યો.** નવતત્ત્વના અભ્યાસ વિના શરીરાદિનો ભેદ સમજાતો નથી, તો છલાંગ મારીને સીધો સાક્ષીભાવ આવે ક્યાંથી ? સમકિતનો પરિણામ ન હોય તો પીડા - પીડા રૂપ લાગતી જ નથી.

**ગાથા : ૨૦**


**જલયર, થલયર, ખયરા, તિવિહા પંચિંદિયા તિરિક્ખાય**
**સુસુમાર મચ્છ, કચ્છવ, ગાહા ય મગરાય જલચારી. ॥ ૨૦ ॥**

ત્રિવિધ પંચેન્દ્રિય તિર્યંચો જ, જળ–થળ–ખેચરા;
ઝુંડ માછલાંને કાચબા, સુસુમાર, મગરો જલચરા. ૨૦

❑ **તિર્યંચ પંચેન્દ્રિયના ત્રણ ભેદ :** જલચર, થલચર અને ખેચર.

**જલચર :** જન્મ પાણીમાં થાય ને રહે પાણી કે જમીન પર રહેલા ઘણાં સર્પો એવાં છે જેનો જન્મ પાણીમાં થાય પછી જમીન પર આવે એ જ રીતે દેડકા, મગરમચ્છ, કાચબા વગેરે પણ પાણી અને જમીન પર રહે છે.

**સુસુમાર :** એ વહેલ જાતિનો મત્સય. આ મત્સયો સમુદ્રી ગાય, સમુદ્રી પાડા કે સમુદ્રી હાથી તરીકે પણ અતિ પ્રસિદ્ધ છે. તે સમુદ્રમાં રહેનારા શાકાહારી મત્સયો તરીકે વધુ પ્રખ્યાત છે. તેઓ મનુષ્યો સાથે




હળીમળીને રહે છે. વિવિધ અવાજો કરી શકે છે. આ ઉપરાંત આ એક રમતિયાળ અને પરગજુ પ્રકૃતિ માટે જગમશહૂર છે.

★ **માછલાં :** અનેક પ્રકારે (વિવેચન આગળ)

★ **કચ્છવ :** કાચબા. બે પ્રકારે. (૧) અસ્થિ (હાડકા) કચ્છપ અને (૨) માંસ કચ્છપ. તે જમીન પર ઈંડા મૂકે છે અને પાણીમાં રહેતા હોય છે. તે પાણીમાં ઘણો સમય રહી શકવાની ક્ષમતા ધરાવે છે, શ્વાસ લેવા ઉપર આવે છે.

★ **ગ્રાહ (સુંડ કે મગરમચ્છ) :** તાંતણા જેવું લાબું પ્રાણી. હાથી આદિને કિનારેથી ખેંચી જાય તે ગ્રાહ એટલે કે મગર. મગરની પૂછડીમાં કરવતના દાંતા જેવા તીક્ષ્ણ દાંતો હોય છે જે કાતિલ હથિયારનું કામ કરે છે. સામાન્ય રીતે મગરો મોટા તળાવ, સરોવર કે દરિયામાં રહે છે. જમીન કરતા પાણીમાં મગરનું બળ ઘણું હોય છે.

★ **આઠ પગવાળુ ઓક્ટોપસ** માનવી જેવા અંગવાળુ હોય. પોતાના બાહુ સ્પર્શથી આખી સબમરીનને પણ ઉંધી વાળી નાખે.

★ **દરિયાઈ ઘોડા :** બે ઈંચથી દોઢેક ફૂટ જેટલા મોટા તેના શરીરમાં કાણું પડે તો તે દરિયાની નીચે જતું રહે, તેના શરીરમાં પંચર સરખું કરી પાછો તે ઉપર આવી જાય.

❑ **ત્રણ પ્રકારે તિર્યંચ પંચેન્દ્રિય :** સંમૂર્ચ્છિમ, અસંજ્ઞી અને સંજ્ઞી ગર્ભજ.

ચાર પ્રકારની સંજ્ઞા તમામ તિર્યંચોમાં હોય. મનવાળાને સમકિતની પ્રાપ્તિ થાય. અસંજ્ઞી તમામ મિથ્યાત્વી, તેઓ બધાને હેતુવાદોપદેશિકી સંજ્ઞા હોય.

❑ **વિવિધ પ્રકારના માછલા :** (૧) અંડજ (૨) પોતજ (૩) સંમૂર્ચ્છિમ.

અંડજ અને પોતજ ત્રણ પ્રકારે : સ્ત્રી, પુરુષ અને નપુંસક.

(૧) **ઈલેકટ્રીક માછલી :** કાળા માથાવાળી, ટીપાઈ જેવી. ઘોડા સાથે અથડાતાં ઘોડો મૃત્યુ પામે તેટલા તીવ્ર વિદ્યુત તરંગો તેમાંથી નીકળે.

(૨) **ભગત માછલી :** માથામાંથી ભગત જેવા વાળની જટા નીકળે.

(૩) **ટ્રાન્સપરન્ટ માછલી :** દરિયામાં માઈલો નીચે જાય, અંધારામાં પણ માર્ગ શોધી લે. આરપાર દૃષ્ટિ છે આ શક્તિથી તે અંધારામાં માર્ગ શોધી અને પોતાનો ભક્ષ્ય શોધશે.

(૪) **સેફિયા :** સેફિયા રંગનો ધૂમાડો મુખમાંથી છોડે એટલે સામેવાળો મૂંઝવણ પામે એટલે પીડા પામે. તિર્યંચો પોતાની શક્તિ દ્વારા બીજાને પીડા જ આપશે અને અજ્ઞાની મનુષ્ય પોતાની શક્તિ દ્વારા બીજાને પીડા જ આપશે. જ્યારે મનુષ્ય પોતાની શક્તિનો વિવેક દ્વારા ઉપયોગ કરીને કાર્ય કરશે તો પીડા નહીં ઉપજાવે. એક-એક જીવ વિશે જાણીને આત્માનો વિચાર કરવાનો છે અને તો એ આસ્તિક્ય દ્વારા કરુણાનો પરિણામ આત્મામાં લાવવાનો છે. સમકિત વિના આ પરિણામ ન આવે. સમજીને વ્રતો ગ્રહણ કરો તો પરિણામ નિર્મળ થયા વિના ન રહે.

(૫) **એકનીશ્યન વામ માછલી :** નદીમાં પડી-પડી કાંઠા પર ૨૦ - ૨૫ ફૂટ દૂર પાણીની ધારા છોડે, તે સામે ન આવે પણ પોતાનો શિકાર હોય તે પાણીમાં પડે એટલે તેને ખાઈ જાય. પાણીની પિચકારી છોડવાની રમતમાં જો આયુષ્યનો બંધ થાય તો આવા સંસ્કારના કારણે માછલીના આવા ભવ પણ મળે.

(૬) **કુરાન :** એના શરીર પર **અલ્લાહ** શબ્દ લખેલો હોય છે. જેને અલ્લાહ પર અતિશય રાગ હોય ને પાણી વગેરેમાં આસક્ત બનેલો છે તેને આવા ભવ મળે.

(૬) **સ્વાર્ડફીશ :** તલવાર જેવા દાંત હોડીને પણ ચીરી નાખે તથા તે મનુષ્ય, મગરમચ્છ વગેરેને ફાડી નાખે.

(૮) **પાયલોટ માછલી :** વેલ વગેરે પર ચડી જાય.

(૯) **ફીશમાછલી :** મોટી માછલીની આજુ-બાજુ નાની માછલીનો પરિવાર હોય જાણે તેની છડી પોકારતી ન હોય.

(૧૦) **શૃંગીમત્સ્ય :** ખારા સમુદ્રમાં જ્યાં મીઠું પાણી હોય ત્યાં મીઠાં જળને તે પીએ.

(૧૧) **રોહિતમત્સ્ય :** ચબરાક હોય. મચ્છીમારની જાળમાં ન ફસાય. માંસ ખાઈ જાય ને મચ્છીમારના હાથમાં ન આવે. જીવોને નિકાચિત કર્મોના ઉદયે સંસારમાં રહેવું પડે તો તે આ રોહિત માછલાની જેમ રહે પોતે ભોગવાઈ ન જાય. યશોધર મહર્ષિનો આત્મા રોહિત મત્સ્ય બને છે, જાળમાં સપડાઈ જાય છે ને માછીમાર તેને રાજાને આપે છે તે વખતે જાતિસ્મરણ જ્ઞાનથી તેને પોતાનો પુત્ર - પરિવાર વગેરે બધું દેખાય છે પણ પોતાને આત્માનું ભાન નથી આવતું. પુત્ર માંસ ખાય છે તે માંસ ન ગમ્યું તેથી રસોઈયાને ઓર્ડર કરે છે કે આ માછલાને મસાલેદાર કરીને શેકીને મને આપ. પોતાનો પુત્ર પોતાને ખાવા તૈયાર થયો છે છતાં મિથ્યાત્વના ઉદયે આત્મહિત સૂઝતું નથી.

(૧૨) **શ્યામી :** યુગલ સાથે ઉત્પન્ન થાય ને ત્યાં પણ યુધ્ધ કર્યા કરે.

પન્નવણા આગમમાં પણ કહ્યું કે આહાર નિમિત્તે જ માછલા સાતમી નરકે જાય છે. હેય વસ્તુને ઉપાદેય માનીને તીવ્ર પરિણામે ગ્રહણ કરે ત્યારે તે સાતમી નરકે જાય અને પુદ્ગલ ગ્રહણ કરવાનો પરિણામ દરેક ભવોમાં જીવ કરે છે માટે જ મનુષ્યભવની વિશેષતા છે કે તે આ પરિણામને છોડી શકે છે તેને ફેરવી શકે છે. પરનું ગ્રહણ છોડીને સ્વગુણોની ગ્રાહયતા મનુષ્ય ભવમાં થઈ શકે છે. જીવે જન્મ ધારણ કર્યો ને તરત આહાર લીધો ને પીડા શરૂ થઈ કારણ

કે પર દ્રવ્યનો સંયોગ જ આત્માને પીડા રૂપ છે. મિથ્યાત્વને બુદ્ધિની મર્યાદા છે કારણ કે તેની બુદ્ધિ ગમે તેટલી વિશાળ હોય અને સૂક્ષ્મ હોય તો પણ મિથ્યાત્વના કારણે એની મર્યાદા આવી જાય છે. જ્યારે સમકિતિને જરા પણ જ્ઞાન ન હોય, બુદ્ધિનો જડ હોય, તો પણ તે સર્વજ્ઞની વાતોને વિકલ્પ વિના સ્વીકારે છે.

**ગાથા : ૨૧**

**ચઉપ્પય ઉરપરિસપ્પા, ભુયપરિસપ્પા ય થલયરા તિવિહા**
**ગો–સપ્પ–નઉલ–પમુહા, બોધવ્વા તે સમાસેણં. ॥ ૨૧ ॥**

ગાય આદિ ચઉપગા, પ્રાણી ચતુષ્પદ જાણવા; ઉરપરિસર્પ
પેટે ચાલનારા, સાપ આદિ માનવા
ભુજપરિસર્પ હાથે ચાલનારા, નોળિયાદિ પિછાનવા; એમ
ત્રણ ભેદે કરી, તિર્યંચ થલચર ભાવવા ૨૧

❑ **સ્થલચર, તિર્યંચ પંચેન્દ્રિયના ત્રણ ભેદ :**

(i) ઉરપરિસર્પ (ii) ભુજપરિસર્પ (iii) ચતુષ્પદ.

**(i) ઉરપરિસર્પ :** એટલે એટલે પેટ વડે ચાલનારા પ્રાણી. તેના ચાર પ્રકાર છે. (૧) સર્પ (૨) અજગર (૩) આસાલિક (૪) મોહોરગ.

કર્મસત્તા કોઈને ઝેરી બનાવતી નથી પણ આપણે અહીં ઝેરી બન્યા તો કર્મસત્તા તે આપવા માટે મજબૂર બને છે. માટે અહીં ઝેરી બનવું કે અમૃતવાળા બનવું તે નક્કી કરવાનું છે. આત્માને અમૃતવાળો બનાવવા જિનવાણી છે માટે તેને સાંભળવામાં, સ્વીકારવામાં કદી પણ પ્રમાદ કરવો નહીં.

મનુષ્યથી અધિક દેવો છે તેનાથી અધિક નરક છે ને તેનાથી અધિક તિર્યંચો છે. આર્ત્તધ્યાન સહજ છે, રૌદ્રધ્યાન માટે જીવને અધિક પુરુષાર્થ કરવો પડે છે. સર્પ માત્ર ક્રોધના અનુબંધથી નહીં લોભના અનુબંધથી પણ થાય. તિજોરી પર વારંવાર નજર જાય ને આયુષ્ય બંધાય તો પણ સર્પ થાય. તે જ રીતે માયાથી

પણ થાય. સર્પ કરતાં અજગર મોટો છે. પરિણામોની તીવ્રતાથી અજગર થાય.

હાલમાં સાપની સાતસો થી અધિક જાતો જોવા મળે છે. સાપને પગ હોતા નથી પણ તેના શરીરમાં હાડકાની રચના એવી હોય છે કે ઝડપથી ઊંચાનીચા થવા દ્વારા ગતી કરી શકે છે.

**(૧) સર્પ :**

**મુખ્ય બે પ્રકાર :** દર્વીકર (ફેણવાળા) અને મુકુલી (ફેણવગરના)

★ **ફેણવાળા સર્પના પ્રકારો :**

| | | | |
|---|---|---|---|
| (A) | આશીવિષ સર્પ | : | જેની દાઢમાં ઝેર હોય. |
| (B) | દષ્ટિવિષ સર્પ | : | આંખમાં ઝેર હોય. |
| (C) | ઉગ્રવિષ સર્પ | : | શરીરમાં ઝેર હોય. |
| (D) | ત્વચાવિષ સર્પ | : | ચામડીમાં ઝેર હોય. |
| (E) | ઉચ્છ્વાસ વિષ સર્પ | : | શ્વાસ લેવામાં ઝેર હોય. |
| (F) | નિશ્વાસ વિષ સર્પ:- | : | શ્વાસ કાઢવામાં ઝેર હોય. |

**(A) આશીવિષ સર્પ :** કોઈને આપણે દાઢમાં રાખીએ તે ઝેર રૂપે બને છે. ક્રોધનો પરિણામ ઝેર રૂપ બને છે અને જ્યારે તીવ્ર બને ત્યારે તે લોહીમાં ભળે છે. કોઈ વખતે આપણે કોઈને દાઢમાં રાખીને તે વખતે તેને મારી ન શક્યા તો કર્મસત્તાએ એને આશીવિષ સર્પ બનાવ્યો. મંડુક એટલે દેડકા આશીવિષ ઝેરવાળા હોય. તેની દાઢમાં ઝેર હોય. અર્ધ્ધભરત ક્ષેત્રમાં ઝેર વ્યાપે તેટલું ઝેર તેનામાં હોય.

દીર્ઘસંયમી સાધુને નાના સાધુએ ભૂલ બતાવી તે ન ગમી. તેનો સ્વીકાર ન કર્યો ને ક્રોધ પ્રગટ થયો. આ તો સહવર્તી સાધુ છે તેમાં કયાં અણગમો કરવાનો ? સહેજ પણ અણગમો આવ્યો તો તેને દૂર કરી દેવાનો છે. પણ જો એમ ન થયું તો જુદા થતા વાર નહીં. પણ જો દાઢમાં રાખે અને જો આયુષ્યનો બંધ પડી જાય તો આશીવિષ સર્પમાં ઉત્પન્ન થવું પડે.

**(B) દૃષ્ટિવિષ સર્પ :** તે જ રીતે દૃષ્ટિમાં વિષ હોવું. ચંડકૌશિકના પૂર્વભવમાં સાધુ પર ક્રોધ કર્યો તો પછીના ભવોમાં તે વિસ્તાર પામતાં-પામતાં ક્યાં સુધી પહોંચ્યો ? કરુણાનો પરિણામ કરવાને બદલે ક્રૂરતાનો પરિણામ કર્યો તો તે બહાર ન જતાં અંદરમાં રહીને પોતાને જ તે આ રીતે મારનારો બને છે.

જો પશ્ચાતાપ ન કર્યો, પછી જોઈ જોઈને બળ્યા કરે પોતાનાથી તે આગળ વધી જાય ત્યારે આત્માને અંદરમાં ઈર્ષ્યા આવી જાય એટલે તીવ્ર પરિણામ આવી જાય અને પછી તેને નજર સમક્ષ જોઈ પણ ન શકે ત્યારે તે મોહનો પરિણામ વિષમાં પરિવર્તન પામી જાય પછી તે ભવોભવ મારનારો બને છે. વિષ એક ભવમાં મારે પણ વિષયના અનુબંધ પડે તો ભવોભવ બગાડે. સાથે રહેલા જીવો પ્રત્યે જો પ્રીતિ - ભક્તિ ન હોય તો ઈર્ષ્યા તેનું સ્થાન લે. જો તેની વૃદ્ધિ થઈ જાય તો દૃષ્ટિવિષ સર્પ બની જાય. અહીં પંચેન્દ્રિય જીવ જ આવે. દેવલોકમાંથી આવે તો પણ મનુષ્ય ભવમાં જ તેનો અનુબંધ પાડીને જીવ જાય છે. અનુબંધ અહીં જ પડે છે.

વ્યક્તિમાં દોષના દર્શન થયા ને તે દોષ આપણને ન ગમ્યો, જેને આપણે આપણા માની લીધેલા છે તેનામાં આ ભાવ વધારે થાય છે. જ્યાં રાગ છે ત્યાં દ્વેષના પરિણામ ચાલવાના છે ને જેની સાથે રહ્યાં છીએ તેની સાથે આ પરિણામ વધારે ચાલે ને વેરનાં ભયંકર અનુબંધ પડે છે.

ક્રોધની માત્રા જેમ જેમ વધે તેમ ઝેરમાં પરિણમી જાય છે. કોઈને પણ સંપૂર્ણ નાશ કરી નાખવાનો પરિણામ ત્યારે જ આવે જ્યારે રૌદ્રધ્યાન આવે અને અને ત્યારે તે તીવ્ર અનંતાનુબંધિ કષાયનો ઉદય થાય. જ્યારે તે અનુમોદનાના સ્તર પર જાય ત્યારે તીવ્ર અશુભ અનુબંધ પડે ને તે આગળ - આગળ વધતો જાય. જેમ સાધુને પહેલાં સાધુ પર, પછી તાપસો, પર પછી ઉદ્યાનમાં અને છેલ્લે જંગલમાં જ્યાં ઉત્પન્ન થયો છે ત્યાં એમ ક્ષેત્ર વધતું જાય.

તપ જેમ-જેમ આત્મામાં વધતો જાય તેમ-તેમ બ્રહ્મચર્યની વિશુદ્ધિ થાય, વિષયો નાશ પામે, કષાય નાશ પામે તેથી આનંદની વૃદ્ધિ થાય છે સમતા

વધે છે. **માત્ર ત્યાગમાં તપ નથી પણ વૃત્તિના ત્યાગમાં તપ છે.** સાધુએ તો અગુરુલઘુના પરિણામમાં રહેવાનું છે તો સમતા ટકે. પોતે મોટો તપસી છે અને એ નાનો છે એ મોટાઈ લાગી એટલે નાના પર તિરસ્કારનો ભાવ આવ્યો એટલે તપ દ્વારા માન કષાય તૂટવાને બદલે વૃદ્ધિ પામ્યો. તપ એને અનર્થનું કારણ બન્યું. સાધુ જીવનમાં એ જ ધ્યાન રાખવાનું છે કે હું નાનો પણ નથી ને મોટો પણ નથી. સ્વરૂપને લક્ષમાં રાખવાનું છે. **પોતાને નાનો માને તો હીનતા આવે ને મોટો માને તો માન આવે.** તેથી સ્થાવરકાય જીવોને જોઈને બહુમાનનો ભાવ કરવાનો છે. સત્તાએ દરેક જીવ સિદ્ધ છે.

**(C) ઉગ્ર વિષ સર્પ :** આખા શરીરમાં વિષ હોય. પૂર્વના કાળમાં રૂપાળી નાની કન્યાને જરા જરા ઝેર આપવામાં આવે તે પછી આખી ઝેરથી વ્યાપ્ત બની જાય અને તે જેને આલિંગન કરે તે મરી જાય. આવું કર્મ ક્યારે બંધાય ? આખું શરીર જ્યારે વિષયોથી વ્યાપ્ત બને. વિષયોની તીવ્રતા - આસક્તિ - લોલુપતા એટલી હોય કે જે બાધક બને તેને સહન ન કરી શકે, તેના પ્રત્યે આત્મા ક્રોધી બની જાય અને અનુબંધ પડે. **જેને જગતના માન–સન્માન ન ગમે, સાતા અનુકૂળતા ન ગમે તેને જ આત્માના ગુણો ગમે. એક ધ્યાનમાં બે તલવાર કદી ન રહી શકે. મોહને છોડવું એનું નામ જ મોક્ષ, તો જ ગુણ પ્રગટે તેને પછી પુદ્ગલના ગુણો ન ગમે.**

**(D) ત્વચા વિષ સર્પ :** આખા શરીરમાં માત્ર ચામડીમાં વિષ હોય, બીજે ન હોય.

**(E) ઉચ્છ્વાસ વિષ સર્પ :** શ્વાસોશ્વાસમાં ઝેર હોય. જેમ શ્વાસે-શ્વાસે પરમાત્માનું નામ સ્મરણ કરવાથી ઝેર ઊતરે તેમ સંસારને શ્વાસોશ્વાસમાં વણી લીધો હોય તીવ્ર આસક્તિ પેદા થઈ હોય તેના શ્વાસોશ્વાસમાં ઝેર વ્યાપે.

**(F) ઘ્રાણસર્પ :** સૂંઘવા માત્રથી ઝેર ચડી જાય. આપણે સુગંધને સુખરૂપ માનીને સૂંઘવાનો પ્રયત્ન કર્યો તો આત્માને તરત જ પીડા આપવા દ્વારા માર્યો. આત્માના મરણ પર આપણે મિજબાની ઊડાવીએ છીએ.

આ ઉપરાંત કસદિર, ડોલાક, મેલવિધ, શશીદર આવા અનેક પ્રકારના સર્પ છે. આ બધા ફેણવાળા સર્પ છે.

★ **ફેણ વગરના સર્પ :** ફેણવગરના પણ જુદાં-જુદાં સર્પો છે (મુફલીન) દિવાનમ, ગણેસા, કંસાદિયા, વઈફઆ, ચિત્તલીન, મંડલિના, ખલીન, અડિસલગી, વાસપહાડથા.

**(૨) અજગર :** તેની કાયા તોતીંગ હોય છે. તેની લંબાઈ ૨૦ ફુટ થી ૪૫ ફુટ સુધીની હોય છે. અજગરની આંખમાં એક પ્રકારની આકર્ષણ શક્તિ હોય છે. એટલે તે કોઈ વૃક્ષની નીચે પડ્યો પડ્યો ઉપરની ડાળ પર રહેલા પક્ષી પર થોડી વાર મીટ માંડે તો તે પક્ષી તરફડી નીચે પડે છે અને તે એને પોતાના વિકસિત મુખમાં ગળી જાય છે. મોટાભાગે જંગલમાં ખડકવાળા ભાગમાં રહેનારા હોય છે.

**(૩) આસાલિક :** સંમૂર્ચ્છિમ હોય, મન વગરનો લવણ ને કાલોદધિ સમુદ્રમાં થાય. ચક્રવર્તી કે વાસુદેવના સૈન્યનો નાશ કરવા ઉત્પન્ન થાય. ચક્રવર્તીનું સૈન્ય કેટલું? ૯૬ ક્રોડ પાયદળ, ૮૪ લાખ હાથી - ઘોડા. અંતઃમુહૂર્ત્તમાં ૧૨ યોજનવાળો થઈ જાય તે જ્યારે મૃત્યુ પામે ત્યારે જેનો નાશ કરવાનો હોય તેની નીચે જ ઉત્પન્ન થાય. ચક્રવર્તીની છાવણીની નીચે ઉત્પન્ન થાય. ગામ, નગર, ખેતર વગેરેનો નાશ કરે છે. તે મરી જાય ત્યારે ખાડો પડે છે ને આખા સૈન્યનો નાશ થઈ જાય.

આવું કર્મ કઈ રીતે બંધાયું ? ચક્રવર્તીના સૈન્યનો નાશ કરનારો થાઉં ત્યારે તેને આવો અનુબંધ પડે. કોણિકે પૂર્વે શ્રેણિકને મારવાનું નિયાણું કર્યું છે હવે ભાવ બચાવવાનો છે છતાં પણ બચાવી ન શક્યો ને મરણમાં નિમિત્ત બન્યો. શ્રેણિકને નરકનું નિકાચિત આયુષ્ય હોવાથી તેને મોહના પરિણામના કારણે આપઘાતનો વિચાર આવ્યો પણ અનશન કરવાનું મન ન થયું. **કોઈનું અહિત ચિંતવ્યું ને આપણું અહિત તરત જ થઈ ગયું, ચિત્તની પ્રસન્નતા ગઈ. કોઈનું અહિત સર્જવાથી તેનું અહિત થાય કે ન થાય પણ પોતાના**

**આત્માને એના વિપાકો ગુણાકારરૂપે ભોગવવાના રહેશે.**

**(૪) મહોરગ :** અનેક પ્રકારના ભેદ છે. મોટા સર્પ અઢીદ્વીપની બહાર હોય. જમીનમાં જ ઉત્પન્ન થાય. પાણીમાં ઉત્પન્ન ન થાય પણ પાણીમાં ચાલી શકે ખરા. અવગાહના જુદી-જુદી હોય. ૨ થી ૯ અંગુલ, ૨ થી ૯ વેંત, ૨ થી ૯ હાથ, ૨ થી ૯ કુક્ષી (૨ હાથ = ૧ કુક્ષી) ૨ થી ૯ ધનુષ, ૨ થી ૯ યોજનથી માંડી ૧૦૦૦ યોજન પ્રમાણ પણ હોય.


**(ii) ભુજપરિ સર્પ :** પગ વડે અને હાથ વડે ચાલનારા, ખાનારા. વાંદરા, નોળિયા, ખિસકોલી વગેરે જેની ભૂજા ખાવામાં, ચાલવામાં બન્નેમાં કામ કરે. મનને વાંદરાની ઉપમા આપવામાં આવે છે, તે સતત કૂદા- કૂદ કરે ઠરીઠામ થઈને બેસે નહીં. જે આત્માને ઈન્દ્રિયોની અતિ ચંચળતા હોય તેનું મન પણ ચંચળ હોય. જે આત્માઓ વારંવાર વિષયોની સેવનાવાળા હોય તે ચંચળ હોય. જગતને નચાવે-કુદાવે સતત ભોગવવાની ઈચ્છાવાળો હોય તે આર્તધ્યાનમાં રહેતો હોય, ચિંતિત હોય તેથી આવા ભવોમાંથી તિર્યંચ ભવોમાં જતા વાર ન લાગે.

**(iii) ચતુષ્પદ :** ચાર પગવાળા. આખો દિવસ ગમે ત્યાં ફરવાનું, ખાવાનું પીવાનું,ભોગવવાનું દાત. ઘેટા, બકરા, ગાય, ભેંસ વગેરે. તેના ચાર પ્રકાર હોય છે.

(૧) **એક ખૂરાવાળા :** જેને પગમાં એક ખૂરી હોય તે. દા.ત. અશ્વ, ગધેડા, ખચ્ચર.

(૨) **બે ખૂરાવાળા :** જેના પગમાં બે ખૂરી હોય તે દા.ત. ઊંટ, ભેંસ, ભુંડ, ચમરી ગાય, બકરી, સરભ, બોકડા આદિ.






(૩) **ગંડીપદા :** જેને એરણ જેવા ગોળ પગ હોય તે દા.ત. હાથી, ગેંડો, હિપોપોટેમસ આદિ.

(૪) **સનખપદા :** નખ સહિતના પગવાળા દા.ત. સિંહ, વાઘ, દીપડા, કૂતરા, સસલા, ચિત્તા, શિયાળ.

## :: ખેચર જીવો ::

**ગાથા : ૨૨**

**ખયરા રોમય–પક્ખી, ચમ્મય–પક્ખી ય પાયડા ચેવ,**
**નર લોગાઓ બાહિં, સમુગ્ગ પક્ખી વિયય પક્ખી. ॥ ૨૨ ॥**

રૂંવાટીઓનીપાંખવાળા, હંસ આદિ પક્ષિઓ; ચામડાની
પાંખવાળા, વાગોળ આદિ પક્ષિઓ;
ક્રમથી રોમજ પક્ષી, ચર્મજ પક્ષીઓ તે જાણવા;
આ ભેદ બે પ્રખ્યાત છે, અઢી દ્વીપમાં તે માનવા
બીડાયેલ પાંખો હોય જેને, તે સમુદ્ગત પક્ષીઓ;
પહોળી કરેલી પાંખવાળા, જાણ વિતત પક્ષીઓ;
બહાર માનવ લોકથી, આ ભેદ બે જ પિછાણવા,
તિરિયંચ ખેચર સર્વના, ઈમ ચાર ભેદો જાણવા. ૨૨

❑ **ખેચર :** ખે એટલે આકાશ. તેમાં રહે તે ખેચર અર્થાત્ આકાશમાં ઉડનારા અને જમીનમાં ચાલનારા. પાંખથી જ્યાં જવું હોય ત્યાં ઊડ્યા કરે. અહીં વિમાન દ્વારા ઊડવાનું કર્યું, ઉડવામાં આનંદ અનુમોદન કરતા તિર્યંચ ગતિનો કર્મબંધ જીવ કરે.

❑ **ખેચર પક્ષી મુખ્ય બે પ્રકારે.**




(૧) **રોમજ પક્ષી :** રુંવાટીની પાંખવાળા હોય જેમ કે પોપટ, મેના, ચકલી, હંસ આદિ. હાલમાં આવા પક્ષીઓની કુલ આઠ હજાર જાતો જોવા મળે છે.

(૨) **ચર્મજ પક્ષી :** ચામડાની પાંખવાળા પક્ષી જેમ કે ચામાચીડિયા, વાગોળ, જલોય, ભારંડ પક્ષી. ભારંડ પક્ષીને એક પેટ, બે શરીર, ત્રણ પગ, બે મન હોય વિરુધ્ધ ઈચ્છાવાળા મન બને ત્યારે તે મૃત્યુ પામે. ભારંડ પંક્ષી અપ્રમત્ત હોય તેથી પરમાત્માને તેની ઉપમા આપવામાં આવી છે.

❑ **પક્ષીઓના અન્ય બે પ્રકાર :**

(૧) **સમુદ્ગ પક્ષી :** જેમની પાંખો આજીવન બીડાયેલી જ રહે છે. છતાં તેઓ ઉડી શકે.

(૨) **વિતત પક્ષી :** તે અઢીદ્વીપની બહાર હોય, વિતત પક્ષી એટલે વિસ્તારવાળી પાંખો ઊડે ત્યારે વહાણ ચાલવા માંડે તેટલો તેનો ફફડાટ હોય.

જે પંચેન્દ્રિય પ્રાણીઓ પક્ષ એટલે પાંખથી યુક્ત છે અને આકાશમાં દૂર સુધી ઊડવાની શક્તિ ધરાવે છે તેમને આપણે પક્ષીઓ કહીએ છીએ. ખપેડી, તીડ, ફૂદાં, પતંગિયા વગેરેને પાંખો હોય છે પણ તે પંચેન્દ્રિય પ્રાણીઓ નથી તેમજ આકાશમાં દૂર સુધી ઊડવાની શક્તિ ધરાવતા નથી તેથી તેમનો સમાવેશ વિકલેન્દ્રિય જીવો એટલે જંતુ અને કીડામાં કરીએ છીએ.

જ્યારે મન મળે છે ત્યારે તે સ્વભાવમાં રહેવાને બદલે ઈચ્છા મુજબ પરિભ્રમણ કરે છે. પંચેન્દ્રિયમાં ૭ થી ૮ લગાતાર મનુષ્ય ભવ કે તિર્યંચ ભવ મળે. પંચેન્દ્રિયમાં ૧૦૦૦ સાગરોપમથી વધારે કાળ ન રહી શકે. મનુષ્ય ભવમાં મહાવિદેહના ઉત્કૃષ્ટ આયુષ્યવાળા સાત ભવ મળ્યા તો સાત પૂર્વક્રોડ ને યુગલિકમાં ત્રણ પલ્યોપમ એથી વધારે મનુષ્યભવનું આયુષ્ય લગાતાર ન મળે. ત્રસપણું ૨૦૦૦ સાગરોપમકાળનું છે જો આટલા કાળમાં ત્રસપણું ન ખપાવે તો તે અવશ્ય સ્થાવરકાયમાં જાય.

## ❑ કામલત્તા વેશ્યામાં આસક્ત ૨૨ પુરુષોનું દૃષ્ટાંત :

**વર્ગચૂલિકા** આગમમાં દૃષ્ટાંત છે કે જીવ થોડી ભૂલ કરે તો કઈ રીતે રખડે ? કોઈ સમકિત પામીને અને કોઈ સમકિત પામ્યા વગર રખડે. ગોશાલો સમકિત પામ્યો પણ પરમાત્માની આસાતનાના કારણે રખડ્યો છે. પૂ.ભદ્રબાહુસ્વામીના વખતની આ વાત છે. તેમના શિષ્ય અગ્નિદત્ત મિથિલા નગરીમાં લચ્છી નામના ઉદ્યાનમાં પ્રતિમા સ્વીકારીને કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા હતા, તે જ ઉદ્યાનમાં ૨૨ પુરુષો મદ્ય–માંસમાં આસક્ત તેથી કામને પરવશ બનેલા. કામલત્તા નામની અત્યંત પ્રસિદ્ધ ને ઋદ્ધિવાન વેશ્યા સાથે કામચેષ્ટા કરે છે. તે વખતે તેમની દૃષ્ટિ આ મહાત્મા પર પડી, કામી હોય તે સામાન્યથી ક્રોધી હોય, દયાનો પરિણામ ન આવે, નિષ્ઠુર બનેલા હોય તેથી સાધુના દર્શનથી ક્રોધ એવો ભભૂક્યો કે વેશ્યાને છોડીને મુનિને મારવા દોડ્યા, આંધળા થઈને દોડ્યા ને વચ્ચે કાંઠા વિનાના કૂવામાં પડ્યા, અવાજના કારણે મુનિનું ધ્યાન ભંગ થયું, ત્યાં આવીને જોયું તો ૨૨ લાશ તરતી જોવાઈ.

## ❑ કામી જીવોની કેવી સ્થિતિ થાય ?

દારુ - માસમાં આસક્ત થયેલાં ૨૨ મિત્રો કામરસથી ખૂબ ઘેરાયા અને એમનું ધ્યેય કામલત્તા વેશ્યા બની અને એમનું વિષયોની પૂર્તિ ધ્યેય ધ્યાનરૂપ બની ગયું. વિષયોનો રાગી ગુણનો દ્વેષી બને એટલે સાધુને જોઈને એમના પર દ્વેષ આવ્યો. કામથી ક્રોધની વૃદ્ધિ થાય એટલે ક્રોધથી આત્મા આંધળો બન્યો.

**જેને આત્માના ગુણો ન ગમે તે જ આત્મા આનંદપૂર્વક વિષયોનું સેવન કરે બીજા ન કરી શકે. જેને સ્વ આત્મા પર દ્વેષ જાગ્યો છે તેને ગુણિયલ આત્મા જોવો પણ ન ગમે.** મોહ જ્યારે આત્મા પર સવાર થાય ત્યારે તે ભયભીત હશે. તેની આંખો ચકળવકળ થયા કરશે તે સ્થિર નહીં રહી શકે, કારણને પકડો તો બધું સમજાઈ જાય.

૨૨ આત્માઓ કામને વશ ક્રોધી બન્યા, સમતાને બદલે વિકારને વશ બન્યા. કામ અને ક્રોધ એ ભાવહિંસા છે અંદર કષાય છે તો કામ પ્રગટ થાય. કેવલીઓની સામે કરોડો દેવાંગનાઓ આવે અથવા તેમની કેડ પર બેસે તો પણ તેમને કામ ઉત્પન્ન ન થાય, કારણ મૂળમાં કષાય નથી તેનો ક્ષય થયો છે. **કામ એ મહાહિંસા છે, આપણે તેને હિંસા માનતા નથી.** જે મુનિ ધર્મ-ધ્યાનમાં છે તેની હિંસા કરવા તે ૨૨ દોડ્યા ને પોતાના શસ્ત્રોથી જ છેદાયાં.

પૂ. ભદ્રબાહુસ્વામીના શિષ્ય અગ્નિદત્ત ઉદ્યાનમાંથી આવીને પૂ.યશોભદ્ર સૂરિને ૨૨ જીવોની સ્થિતિ વિશે પૂછતા આચાર્ય યશોભદ્ર સૂરિએ અગ્નિદત્તને કહ્યું કે તે ૨૨ પુરુષો દારુ પીને કામને વશ બનેલા તારા વધ માટે આંધળા થઈને કૂવામાં પડ્યા ને પોતાના શસ્ત્રોથી કપાયા ને ભયંકર આર્ત્તધ્યાનમાં ચડ્યા. તદ્‌ગતચિત્ત થવું તે ધ્યાન. શરીરની પીડામાં તદ્‌ગતચિત્તવાળા બન્યા માટે તે ધ્યાનવાળા બન્યા ને પૂર્વે વિષયોમાં આસક્ત હતા તે ૨૨ પુરુષો કામલત્તા ને સેવવાના પરિણામવાળા હતા. તે મરીને કામલત્તાના જમણા સ્તનમાં જે છેદ પડ્યા છે તેમાં કૃમિ તરીકે ઉત્પન્ન થયાં. પંચેન્દ્રિય જીવમાંથી સીધા બેઈન્દ્રિયમાં ગયાં. વિષયમાં આસક્ત બન્યા તેથી સંમૂર્ચ્છિમ તરીકે ઉત્પન્ન થયા અને પાછું અનુબંધવાળુ કર્મ છે તેથી પરંપરા ઊભી થાય. કામલત્તાને તેનાં કારણે તીવ્ર વેદના થઈ. ઉત્કૃષ્ટ પાપનું ફળ તીવ્ર બને ને તરત મળે. કામલત્તાએ શ્રેષ્ઠ વૈદ્યોને બોલાવ્યાં ને ૨૨ ને જીવતા કાઢ્યાં. હાડકા - માંસ - લોહીથી આ જીવો બંધાયેલા છે તેમને પાણીથી ભરેલા પાત્રમાં મૂકીને વેશ્યાને બતાવ્યાં. ઔષધિથી વેશ્યાના ઘાને રૂઝવી દીધો તેથી તેને સમાધિ થઈ. વૈદ્યોને માંગવું ન પડે તેટલું દાન આપ્યું.

વેશ્યાને ૨૨ કીડાઓ પર દયા આવી કારણ પૂર્વે એના પ્રત્યે સ્નેહથી બંધાઈ હતી તેથી મારા હાથે એમનું મૃત્યુ ન થાઓ. મિથિલા નગરીના ખાડામાં મરેલો કૂતરો પડ્યો હતો, જેનું માંસ સૂકાઈ ગયું છે તેના કલેવરમાં આ ૨૨ કીડાઓને મૂકી દે છે. કર્મસત્તા જીવને ક્યાં મૂકી દે છે ! તેઓ ૨થી ૯ અંતર્મુહૂર્ત્ત પ્રમાણમાં કાળ કરી ગયા. તેઓ આટલા કાળમાં પણ ક્ષુધા-તૃષા તડકાથી પરાભવ પામ્યા. ત્યાંથી તેઓ સાધારણ વનસ્પતિ નિગોદમાં ગયા. બાદર નિગોદમાં અકામ નિર્જરાના કારણે જલદીથી નીકળી શક્યા. સંમૂર્ચ્છિમ દશાના એવા તીવ્ર અનુબંધો પડ્યા કે કંદમાં ઉત્પન્ન થયાં. ત્યાં છેદન - ભેદન - કપાતા - ખવાતા ત્યાંથી પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ એ પાંચ એકેન્દ્રિયમાં જઘન્ય ને મધ્યમ સ્થિતિવાળા આયુષ્યને ભોગવશે અને મનુષ્યો વગેરેથી ખવાતા - કપાતા - છેદાતા ત્યાંથી ફરી કામલત્તાના પેટમાં કૃમિ તરીકે ઉત્પન્ન થશે તેથી કામલત્તા વેશ્યા રેચ લેશે ને પછી (કામલત્તાની) વિષ્ટામાં તેઓ ઉત્પન્ન થશે.

## ❑ અનુબંધકર્મના વિપાકની હારમાળા

ગુરુ વારંવાર અગ્નિદત્તને નામથી સંબોધન કરી રહ્યા છે. કારણ તેમની કરુણા છે કે શિષ્ય જાગૃત થાય. તેથી આગળ જણાવતાં કહે છે કે ૨૨ જીવો પછી તેઈન્દ્રિય જીવ તરીકે ઉત્પન્ન થઈ પછી ચઉરિન્દ્રિય તરીકે ઉત્પન્ન થશે. બન્ને જગ્યાએ વિષ્ટામાં ઉત્પન્ન થશે. કામલત્તાની જ ગંદકીમાં ૭ વાર વિકલેન્દ્રિય તરીકે ઉત્પન્ન થશે. કામલત્તાને સેવવાની જે વાત હતી તે કાળ કેટલો હતો તેના ફળની આ વાત છે. ૨૯ ભવો પસાર થશે. ૩૦ મા ભવે ગટરના પ્રવાહમાં દેડકા તરીકે ઉત્પન્ન થશે. (સંમૂર્ચ્છિમ) ૨ થી ૯ વર્ષનું આયુષ્ય પછી ૩૧ મા ભવે ઉંદરડા તરીકે કામલત્તાના ઘરમાં ફરશે. ૨ થી ૯ માસના આયુષ્યવાળા થશે. ૩૨ મા ભવે ડુક્કર થશે ૨ થી ૯ માસના આયુષ્યવાળા થશે. અજ્ઞાનથી કરેલા કર્મનું આ ફળ છે. તીવ્ર ક્રોધવાળા ૨૨ ડુક્કરો ભેગા થશે ને તે અત્યંત ક્રૂર થશે અને બહાર નીકળેલા દાંતવાળા તે કાદવમાં ખરડાયેલા અશુચિ ગાત્રવાળા આહારને કરતાં ને ભયંકર અવાજને કરતાં ને એકેન્દ્રિય જીવોની

હિંસા કરીને તેમાં જ આનંદ માણશે. ૨ થી ૯ વર્ષ કાળ પસાર થશે. ૩૩ મા ભવે અવંતી દેશમાં અકામ નિર્જરા દ્વારા ચંડાળ કુળમાં પહોંચશે. હુંડક છેલ્લું સંસ્થાન - પેટ લાંબું, વર્ણ પણ એવો જ, ભેંસના શીંગડા જેવી કાંતિ કોઈને ગમે નહીં તેવા ઉત્પન્ન થશે. તેને જોઈને લોકોને ચિતરી ચડે તેવા તે થશે. આજીવિકા માટે ચામડા સીવવાનો, જોડા સીવવા વગેરે ધંધો કરશે.

કામલત્તા ખૂબ શ્રીમંત બનીને અર્થીજનોને દાન વગેરે આપશે ને પરિવ્રાજક ધર્મને સ્વીકારવા કાશી દેશમાં આવશે અને શૌચમૂલ ધર્મનો સ્વીકાર કરશે. ન્હાવું - ધોવું વગેરે એમનો ધર્મ અને આ ધર્મમાં એ ચુસ્ત બનશે. પોતાના ગુરુ અનેક પરિવ્રાજકોની સાથે તીર્થયાત્રાએ નીકળશે. રાતા વસ્ત્રો ધારણ કરી, કમંડલ વગેરેને ધારણ કરી, યાત્રા કરતા કરતા ક્ષિપ્રા નદીના કિનારે આવશે અને ચંડાલ કૂળમાં જન્મેલા ૨૨ ચંડાલો પણ ત્યાં આવશે. કામલત્તા તેમને ધર્મ કહેશે. દ્રવ્યથી પાણી માટી વગેરેથી ને ભાવથી ઘાસ - મંત્ર વગેરેથી શૌચ કરાવે છે અને સમજાવે છે કે શૌચ મૂલ ધર્મ છે અને એનાથી શરીરને પવિત્ર કરવાથી અને તીર્થોના પાણીથી શરીરને સ્નાન કરાવે તો તેને મોક્ષ મળે. અજ્ઞાનતા છે પણ લક્ષ્ય મોક્ષનું છે માટે લાંબાકાળે પણ એ માર્ગમાં આવે. વર્તમાનમાં ન્હાવું વગેરે ક્રિયા હિંસાજન્ય છે પણ લક્ષ્ય મોક્ષનું છે તેથી દીર્ઘકાળે અનુબંધથી માર્ગમાં આવે. જ્યારે અભવ્યનો આત્મા ઊંચામાં ઊંચી સંયમની ક્રિયા પાળે, અહિંસા પાળે છતાં લક્ષ્ય મોક્ષનું નથી તેથી અનંતકાળ ભટકવાનો જ છે એનો કદી પણ મોક્ષ થવાનો નથી. ૨૨ ચંડાલો શૌચમૂલ ધર્મને સાંભળીને હર્ષિત થશે ને કામલત્તાને ત્રણ પ્રદક્ષિણા આપીને ધર્મનો સ્વીકાર કરશે ને પાછા વંદન કરીને પોતાને સ્થાને જશે. હવે એમને ઋષિઘાતનું કર્મ ઉદયમાં આવશે અત્યાર સુધી કર્મ સત્તામાં પડ્યું હતું. મન મળ્યું એટલે વ્યક્ત દ્વેષ આવે. આભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ બને એટલે અન્ય ધર્મો પ્રત્યે દ્વેષ આવશે ને પોતાનો જ ધર્મ શ્રેષ્ઠ લાગશે. બાકીના પાંચ દર્શનોમાં પણ જૈન ધર્મ - ચૈત્યો - શ્રાવકો - સાધુઓનો ભયંકર અવર્ણવાદ બોલીને મહાભયંકર કર્મો બાંધશે. અમે જલદીથી મુક્તિને પામીએ તેવા ભાવથી પાંચ વર્ષ પરિવ્રાજક ધર્મ પાળશે. મહામિથ્યાત્વને દૃઢ

કરી ચોત્રીસમાં ભવે ભાંડ જાતિમાં ઉત્પન્ન થઈ ભયંકર, સાહસિક, કષ્ટ, નાટક-ચેટક કરનારા, બની બ્રહ્મદ્વીપ રાજાની સામે નાટક કરતા અઠ્ઠમના તપવાળા સાધુ યુગલને પારણા માટે જતાં જોઈ અને એમની સામે અવાજ કરતા દોડશે અને એમની ઘણી જ કદર્થના કરશે. પરિતાપ, કિલામણા વગેરે કરવા દ્વારા નિંદા વગેરે કરશે, હસી-મજાક કરશે, સાધુ ભગવંતો મૌન ધારણ કરશે તેથી આ ૨૨ આત્માઓમાં કંઈક કરુણા આવશે. ભવ્યત્વના કારણે કલિષ્ટ કર્મોમાં ગાબડું પડશે. શાસ્ત્રકારોએ હૃદય કંઈક કૂણું પડશે એની નોંધ લીધી છે. આપણે સામી વ્યક્તિના ગુન્હાને પકડીને તેના થોડા પણ ગુણ હોય તો તેની ઉપેક્ષા કરીએ છીએ. શાસ્ત્રકારો આપણને અહીં એ શીખવે છે કે ભયંકર કદર્થના કરનારનું પણ હૃદય કંઈક કૂણું બનશે તેની નોંધ લેવી. સાધુઓને છોડી દેશે. નાના પણ ગુણને જ્ઞાની ભગવંતોએ કેટલું મહત્વ આપ્યું. અંશ પ્રગટ્યો નાનું કિરણ પ્રગટ્યું. એમના આત્મામાં કંઈક માર્દવતા આવી. એક રાત્રે વિજળી પડી ને મધ્યદેશમાં જુદા-જુદા કૂળોમાં ચાલ્યા જશે. પાંત્રીસમાં ભવ સુધી ૨૨ ને ભેગા રાખી જુદા પડી ફરી ભેગા થશે અને તેઓ ચૌદ વિદ્યાના પારગામી બ્રાહ્મણ બનશે. ગૌશાલાએ ભયંકર આશાતના કરી પણ પશ્ચાતાપ કર્યો તો સમકિત પામ્યો ને બારમાં દેવલોકે ગયો. કર્મસત્તા ન્યાય બરાબર કરે છે. જ્ઞાનીઓની દૃષ્ટિ અત્યંત પરિણામી હોય. ૨૨ બ્રાહ્મણો પરીસ્ત બ્રાહ્મણના આમંત્રણથી ધારાપ્રદેશમાં જઈને બારણું બંધ કરીને યજ્ઞ કરતાં તે અગ્નિમાં બળી પાણી-પાણી કરતાં આર્તધ્યાનમાં મરીને ક્ષિપ્રા નદીમાં માછલા તરીકે તેમના સાત ભવ થશે.

૨૨ પુરુષો હવે તિર્યંચ પંચેન્દ્રિય ગર્ભજના લગાતાર સાત ભવ સંખ્યાત વર્ષના કરશે અને નવ ભવ ખેચરના ને અગિયાર ભવ સ્થલચર ચતુષ્પદના સંમૂર્છિમ ભવો કરશે. આમ બાંસઠમાં ભવમાં તિર્યંચ હરણ તરીકે થઈ અગ્નિથી મૃત્યુ પામશે. ત્રેસઠમાં ભવમાં મધ્યદેશમાં શ્રાવક તરીકે ઉત્પન્ન થઈ યૌવન વયમાં આવી પરવંચક, કુશીલ, દુષ્ટ થશે. જો શ્રાવક બુદ્ધિનો ઉપયોગ

પરમાત્માના શાસનમાં ન કરે તો ભયંકર પાપ બાંધે. પૂર્વભવના મિથ્યાત્વના પરિણામનો અનુબંધ હટ્યો નથી તેથી જિનધર્મના દુશ્મન બની દેવ-ગુરુની ભયંકર નિંદા કરી પરમાત્માએ જેનો નિષેધ કર્યો છે તેનો વિરોધ કરશે. તત્ત્વની અન્યથા પ્રરૂપણા કરી પોતે લોકો પાસે ઉન્માર્ગને પ્રરૂપશે. જિનપ્રતિમા, સાધુ, સાધ્વી, ચૈત્યોની નિંદા - કુથલી - અપભ્રાજના કરશે. કામલત્તા સાત દિવસનું અણસણ કરીને ૯૬ વર્ષનું આયુ પૂર્ણ કરીને દક્ષિણના વાણવ્યંતર ઈન્દ્રની સુયશા નામની દેવી તરીકે ઉત્પન્ન થશે. વિભંગ જ્ઞાનથી તે ૨૨ પુરુષોને જોઈ તેમના પર રાગી થઈ તેમને સહાય કરશે. ધન - ધાન્ય - પુત્ર - પરિવારની વૃદ્ધિ થશે એટલે એ લોકો આગળ અભિમાનપૂર્વક ચાલશે અને હજારો લોકો સામે પોતાનો ધર્મ સાચો છે એમ પ્રરૂપણા કરશે. દેવો પણ અમને સહાય કરે છે તથા અમારા ધર્મ દ્વારા અહીં જ સુખ મળે છે એવી જોરદાર કુધર્મની પ્રરૂપણા કરશે. શ્રાવક ધર્મથી ભ્રષ્ટ થયેલા તે કુમતનો સ્વીકાર કરશે અને છએ દર્શનની શ્રદ્ધાથી રહિત તે નાસ્તિક થશે અને પોતાનો મત જ પ્રરૂપીને દુર્લભ બોધિ બનશે. વિષયના રાગના કારણે જ જીવ ધર્મનો દ્વેષી બને છે. મરીચિએ પણ એ જ કર્યું. શરીરના રાગે જ જીવ પડે છે. શરીરના રાગના કારણે જ આપણને ધર્મ કરતાં શરીર વધારે ગમે છે, અનુકૂળતા જ ગમે છે. શરીરની સાતાનો રાગ જ બધે આગ લગાડે છે.

શરીર જે કદી સખણું ન રહે, જે અવશ્ય નાશ થવાનું છે એમ શરીરનો સ્વીકાર કરી લે તો વાંધો નહીં, નહીં તો આત્માને છોડીને શરીરને જ પકડશે. અતિ કલિષ્ટ દર્શન મોહનીય કર્મ બાંધ્યું એટલે ભવ્ય હોવા છતાં અસંખ્યકાળ સુધી બોધિ નહીં પામે. ૯૪ વર્ષનું આયુ પાળીને સોળ મહારોગથી વાસિત બનીને નરકમાં જશે. પ્રથમ પ્રત્તરમાં ૧૦,૦૦૦ વર્ષના આયુષ્યવાળા નારક થશે. આભિનિવેશિક મિથ્યાત્વને સ્વીકારનારા પછી જુદા-જુદા ભવોમાં ભમશે અને શ્રાવકપણું પામીને શ્રુતની હિલના કરશે. વધારે પાપ બાંધવા માટે પણ જિનકૂળ મળે છે.

કામલત્તાને દેવગતિ મળશે પરંતુ તેમાં પોતાના આત્માનો ખ્યાલ નહીં આવે તો તે દેવગતિ પણ મિથ્યાત્વની પુષ્ટિ કરીને શક્તિ વધારશે તેથી સહાયક પણ બનશે ને ભયંકર દુર્ગતિ પેદા કરશે અને બોધિદુર્લભ બની અને અનેક આત્મામાં પણ બોધિદુર્લભનું કારણ બનશે. માટે જ ઉત્સૂત્રની પ્રરૂપણા જેવું ભયંકર બીજું પાપ નથી એ વ્યક્તિ જેટલી પુણ્યશાળી ને શક્તિશાળી તેટલું વધુ નુકશાન કરશે. કારણ ભોળા - ભદ્રિક લોકો તેમાં આકર્ષાઈને તેની વાત માનીને બોધિદુર્લભ બનશે.

પૂ.યશોભદ્રસૂરિ અગ્નિદત્તમુનિને આ પ્રમાણે કહે છે કે, વીર પરમાત્માના નિર્વાણ પછી ૨૯૧ વર્ષ પસાર થયે સંપ્રતિ મહારાજા થશે તે સવા લાખ જિનમંદિર, સવા ક્રોડ જિનબિંબ, એક લાખ ધર્મશાળા, ૫૦૦ ધાતુની પ્રતિમા અને ૩૬૦૦૦ જિન મંદિરનો જીર્ણોધ્ધાર કરાવશે. ત્યાર પછી ૧૬૯૯ વર્ષ પછી દુષ્ટ વાણિયાઓ દ્વાદશાંગીને નહીં માને, એની અવગણના કરશે તે સમયે શ્રુતની રાશિ નક્ષત્રમાં આડત્રીસમો ધૂમકેતુ ગ્રહ લાગશે તેનો કાળ ૩૩૩ વર્ષથી અધિક મીન રાશિમાં પ્રવેશ થયા પછી સંઘ, શ્રુતનો ઉદય થશે.

આ પ્રમાણે ૨૨ પુરુષો કામલત્તા વેશ્યામાં કરેલી આસક્તિ તથા સાધુપ્રત્યેના દ્વેષના કારણે કેવા કટુવિપાકો ભોગવશે અને તેની પરંપરા કેવી થશે તે સાંભળીને વૈરાગ્યને પામેલા તે મુનિએ વિચારણા કરી કે **મહા મોહને વશ થયેલા જીવો શ્રુત, જિનબિંબ, જિનચૈત્યની હિલના કરી કેવી વિડંબણા પામે.** આ પ્રમાણે નિર્વેદ ભાવ આવ્યો અને એમણે અણસણ કર્યું.

આપણે પણ આ સાંભળીને એવું કરીએ કે જેથી આવી ઘોર આસાતના વડે ભવમાં ભમનારા ન બનીએ અર્થાત્ દુર્ગતિના પરિભ્રમણ બંધ કરનારા બનીએ તો આ સાંભળેલું સફળ ગણાય. અગ્નિદત્ત મુનિ કષાય-કાયાને કૃશ કરીને સંવેગના અતિશયથી સમાધિપૂર્વક કાળ કરીને સૌધર્મ દેવલોકમાં ગયા.

# ★ મનુષ્ય ગતિ ★

## ★ સંમૂર્ચ્છિમ અને ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયો અને મનુષ્યો ★

**ગાથા : ૨૩**

**सव्वे जल-थल-खयरा-समुच्छिमा गब्भया दुहा हुंति**
**कम्मा-कम्मग भूमि-अंतरदीवा मणुस्सा य. ॥२३॥**

સર્વ જળચર થલચરો ને, ખેચરોને જાણીએ;
સંમૂર્ચ્છિમ ગર્ભજ એમ એ, બે ભેદવાળા માનીએ.
કર્મભૂમિ ને અકર્મભૂમિ અંતરદ્વીપના,
મનુષ્ય સઘળા ભેદ, ત્રણવાળા જ સમજો સજ્જના. ૨૩

### ❑ સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયના મુખ્ય ત્રણ ભેદ :

(૧) જલચર (૨) સ્થલચર (૩) ખેચર.

આ ત્રણે ભેદો ગર્ભજ પણે (અર્થાત્ નરમાદાના સંયોગ રૂપે) ઉત્પન્ન થાય તેમજ સંમૂર્ચ્છિમ રૂપે અર્થાત્ નર–માદાના સંયોગ વિના જુદા જુદા દ્રવ્યોના સંયોગ થવાથી અથવા વાતાવરણના કારણે અંતર્મુહૂર્તમાં જ પંચેન્દ્રિય સંમૂર્ચ્છિમ રૂપે ઉત્પન્ન થઈ જાય.

ઘડામાં અમુક પ્રકારનો પાવડર નાંખી ઘડો વારંવાર હલાવવાથી તેમાં માછલા ઉત્પન્ન થાય. અમુક પ્રકારનું ચૂર્ણ પાણીમાં નાખવાથી દેડકા થાય, અમુક પ્રકારના દ્રવ્યોના સંયોજનથી દૃષ્ટિવિષ સર્પ પણ થાય. પ્રદ્યોતન રાજાના દૂતને મારવા લોકોએ દ્રવ્યોના સંયોજનવાળા લાડવા આપ્યા, તે લાડવા વાપરવા બેસતા ત્રણ વખત અપશુકન થવાથી ખાધા વિના રાજા પાસે ગયા. રાજા પાસે રહેલા (બંદીખાનામાં) અભયકુમારને પૂછતાં તેનું રહસ્ય પ્રગટ કરવા કહેતા તે લાડવા જંગલમાં ભીંત બનાવી તેમાં બાકોરુ પડાવી તેમાં તે લાડવા ફેંકાવી તેના પર પાણી છાંટતાં તેમાંથી દૃષ્ટિવિષ સર્પ પ્રગટ થયો. તેમ સિંહાદિની પણ ઉત્પત્તિ આ રીતે દ્રવ્યોના સંયોજનથી થાય. ઈંટના નિંભાડાના અગ્નિમાં

ઉષ્ણ યોનિમાં સફેદ ઉંદરોની ઉત્પત્તિ થાય. નીલ (ગળી) થી રંગાયેલા વસ્ત્રોમાં તથા મનુષ્યોના પરસેવાના સંસર્ગથી તત્કાળ કુંથવા આદિની ઉત્પત્તિ થાય છે. ગરોળી અવયવ મિશ્રિત આહારથી પેટમાં ગરોળી ઉત્પન્ન થાય. આમ જલચર, સ્થલચર અને ખેચર (પક્ષીઓ) એ બધા જ સંમૂર્ચ્છિમ અને ગર્ભજ બન્ને પ્રકારના હોય. જે સંમૂર્ચ્છિમ હોય તે મન વગરના અસંજ્ઞી હોય અને જે ગર્ભજ હોય તે મનવાળા હોવાથી તે સંજ્ઞી કહેવાય. આમ પાંચેય તિર્યંચ પંચેન્દ્રિયના એટલે કે જલચર, ચતુષ્પદ સ્થલચર, ઉરપરિસર્પ સ્થલચર, ભુજ પરિસર્પ સ્થલચર અને ખેચરમાં આ પાંચના સમુર્ચ્છિમ અને ગર્ભજ એમ બે–બે ભેદ છે. ૫×૨ =૧૦ ભેદ. તે દસના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે–બે ભેદ છે. માટે ૧૦×૨ = ૨૦ ભેદ થાય છે.

તિર્યંચ અને મનુષ્યમાં ભેદ રહે છે. દેવ - નારક સંજ્ઞી પંચેન્દ્રિય છે. દેવો શય્યામાં અને નારકો કુંભીમાં ઉત્પન્ન થાય, ગર્ભજને ગર્ભમાં ઉત્પન્ન થવું પડે, નવ મહિના ત્યાં પીડા ભોગવવી જ પડે છે તે વ્યક્ત પીડા છે. આત્મા જ્યારે પણ પુદ્‌ગલને ગ્રહણ કરે છે ત્યારે તેને પીડા થાય જ છે. પીડા વગર જન્મ થાય જ નહીં. માટે જ **જન્મ–જરા–મૃત્યુ નિવારણાય....** સ્વાહા બોલો છો, તો ત્યાં બોલી જાઓ છો પણ અર્થ કદી વિચાર્યો છે ? ધર્મનો ચોપડો કદી ખોલવો જ નથી એને ગુપ્ત રાખી દેવાનો છે. **યજ્ઞમહે સ્વાહા** એટલે યજા, યજ્ઞ - થતાં અક્ષતની આહુતિ - મોહને જ બાળી નાખવાનો છે. જેને જન્મ લેવાનો મોહ નથી, જન્મ આપવાનો મોહ નથી તે જીવન જ એવું જીવે કે જેથી તેનું નિર્વાણ થાય અને પરમાત્માની આજ્ઞા પણ એ જ છે માટે જ જયણાનો યજ્ઞ મનુષ્યભવમાં માંડવાનો છે.

❑ **મનુષ્યને ઉત્પન્ન થવાની ત્રણ ભૂમિ :** (૧) કર્મભૂમિ (૨) અકર્મભૂમિ (૩) ૫૬ અન્તર્દ્વીપ.

કર્મભૂમિ, અકર્મભૂમિ અને ૫૬ અંતરદ્વીપમાં ગર્ભજ અને સંમૂર્ચ્છિમ બન્ને રીતે મનુષ્યો ઉત્પન્ન થાય છે. મળ - મૂત્ર - એંઠવાડ જે મનુષ્યની ગંદકી છે તેમાં જ આ સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય. તેને ઉત્પન્ન થવાના ચૌદ સ્થાનો

છે. બે ઘડીમાં આ ગંદકી ન સુકાય તો આ જીવોને આપણે જન્મ આપીએ છીએ. જન્મનું દુઃખ એ સૌથી મોટું છે. જે જન્મે તેને મરણ અવશ્ય આવે. જે જીવ જીવે તે અનેકના પ્રાણોને હરે - પીડા આપે. તે જ્યારે અહીંથી જાય ત્યારે તે હસતો હસતો જઈ શકે ? ન જઈ શકે. જે આત્મા સમાધિમાં રહે છે, જગતના જીવોને પણ સમાધિ આપે છે તેને જ સમાધિ સહજ મળે. બાકી એક શરીરને ટકાવવા માટે સંખ્યાત, અસંખ્યાત ને અનંત જીવોની વિરાધના થાય છે. માટીના માટલામાં પાણી ભર્યું તે દરરોજ ન બદલાય તેના કારણે તેમાં નિગોદ થાય, માટી પાણી ભેગા થાય, મારવાનો ભાવ નથી પણ ઉપયોગ નથી તેથી જીવોને ઉત્પન્ન થવામાં નિમિત્ત બનો. જે પ્રમાણે એંઠી થાળી—વાટકાદિ બે ઘડીથી અધિક કાળ રહી જાય, માત્રું, વિષ્ટા, ગળફા, પરૂ આદિ જો ન સુકાય તો તેમાં પણ સંમૂર્ચ્છિમ મનુષ્ય જ ઉત્પન્ન થાય છે. આ જન્મ-જરા-મરણના ચક્કરને બંધ કરવા માટે આ મનુષ્ય જન્મમાં એક ઉજળી તક મળી છે તે સર્વવિરતિ. સર્વવિરતિ એ એના માટે શ્રેષ્ઠ ઉપાય છે પણ જો તે નથી કરી શકાતું તો દેશવિરતિ. જીવન જીવીને શરીરને છોડીને માત્ર આત્માનો જ વિચાર કરીને ઉપયોગપૂર્વક જીવન જીવવાનું રાખીએ તો ઘણાં જીવોને અભયદાન આપી શકાય.

## ❑ સંમૂર્ચ્છિમ મનુષ્યોને ઉત્પન્ન થવાના ચૌદ સ્થાનો :

સંમૂર્ચ્છિમ મનુષ્ય અપર્યાપ્ત અંતર્મુહૂર્ત આયુષ્યવાળા, અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહનાવાળા, ચક્ષુથી ન જોઈ શકાય તેવા મન વગરના મિથ્યાદષ્ટિ, અજ્ઞાની, અસંજ્ઞી હોય છે અને અપર્યાપ્ત અવસ્થામાં જ મૃત્યુ પામે. તેઓના ઉત્પન્ન થવાના સ્થાનો (૧) મનુષ્યોની વિષ્ટામાં (૨) મૂત્રમાં (૩) કફમાં (૪) સળેખમમાં (૫) ઉલ્ટીમાં (૬) પિત્તમાં (૭) પરુમાં (૮) લોહીમાં (૯) વીર્યમાં (૧૦) સુકાઈ ગયેલા વીર્યના પુદ્ગલો ભીના થાય તેમાં (૧૧) જીવ રહિત કલેવરમાં (૧૨) સ્ત્રી—પુરુષના સંયોગમાં (૧૩) નગરની ખાળમાં (૧૪) એંઠવાડમાં. આમ સર્વ અશુચિ સ્થાનોમાં સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થાય. દેવ, નારકી, યુગલિક, અગ્નિ, વાયુ, સિવાયના જીવો સંમૂર્ચ્છિમ મનુષ્ય તરીકે ઉત્પન્ન થઈ શકે.

## ❑ મોક્ષની સાધના માટે માત્ર મનુષ્ય ભવ જ :

મોક્ષની સાધના મનુષ્યભવમાં જ થાય છે. પ્રભુએ પણ નયસારના ભવથી જ સાધનાની શરૂઆત કરી અને નંદનઋષિના ભવમાં એ સાધનાની પૂર્ણતા કરી. ગુરુ મળ્યા તો ગુરુને એવા સાધ્યા કે હવે ગુરુની જરૂર નહીં એ રીતે બોધ પ્રાપ્ત કર્યો, એ રીતે જીવ્યા ને એ રીતે જ બોધને પ્રવર્તાવ્યો માટે એ રીતે પૂર્ણતા કરી. સાધનાની પૂર્ણતા માટે મનુષ્યભવ જ ઉત્તમ છે બાકીની ત્રણ ગતિમાં તે થઈ શકવાનું નથી. આ જીવવિચારના ચાર ગતિના સ્વરૂપને જાણીને વિચારવાનું કે મનુષ્ય સિવાયના તમામ ભવો નકામા છે. આત્માનો છેલ્લામાં છેલ્લો ગુણ અવ્યાબાધ, તે મુખ્ય સાધ્ય છે એને જે પકડે તે જ સિદ્ધ બની શકે, પૂર્ણ સમતાને પામી શકે. સમતામાં બાધક સાતા - અસાતા છે, તેમાં માત્ર જ્ઞાતા બને. બન્નેમાં ઉદાસીન પરિણામ રહેલો હોય ત્યારે આત્મા સમતાને વેદી શકે. સાતા મળે તો રતિ અને ન મળે તો અરતિનો પરિણામ થાય તે ન ચાલે. **ધર્મે માયા નો માયા** આવી માયા ચોથા ગુણઠાણાથી શરૂ થાય. બહારથી ઉચિત વ્યવહાર કરે અંદરથી ન્યારો રહે. નટની જેમ જ્યાં સુધી કર્મો વળગેલા છે ત્યાં સુધી આમ જ રહેવાનું છે. માયા નવમે ગુણઠાણે જશે માટે માયાને કાઢવા પ્રશસ્ત માયાનો જ ઉપયોગ કરવાનો બહિરાત્મામાંથી નીકળી અંતરાત્મામાં રહીને પરમાત્માની સાધના કરી લેવાની છે.

## ❑ કર્મભૂમિના મનુષ્ય :

**नर=नृणन्ति वस्तु तत्त्वमिति नरः** જે વસ્તુ તત્ત્વને (સ્થિતિ) સર્વજ્ઞ દૃષ્ટિ પ્રમાણે યથાર્થ જાણીને સમજીને અને જાણ્યા–સમજ્યા પછી તેનો વિવેક કરી શકે તે નર અથવા મનુષ્ય. **મનનાત્ મનુષ્ય** મનન કરવા દ્વારા હવે ફરી પાછું મન મળે નહીં અને આત્માની જે સિદ્ધ અવસ્થા છે તેને પ્રાપ્ત કરે. મન આત્માનું નથી કર્મે આપેલું છે તેથી તે જવાનું છે તો તે જાય તેના કરતાં તેનો એવો ઉપયોગ કરવો કે મન મળે અને મનને કાઢવાનો જ પુરુષાર્થ ચાલે. મુનિ મન દ્વારા સર્વજ્ઞના વચનો દ્વારા સર્વ જગતને જાણી લે અને પછી શું કરે ? મૌન થઈ જાય. આપણે જાણીને તાણીએ ને જગતને જણાવીએ એટલે તણાઈ જઈએ.

**मुनेः भावं मौनम्.** જે જે આત્માએ આત્માને જાણ્યો અને પર્વતોમાં, ગુફાઓમાં, ઉદ્યાનોમાં જઈને કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યાં તેમણે શ્રેણી માંડીને પોતાનું કાર્ય સાધી લીધું. **મનન કરે તે મનુષ્ય, મર્યાદાથી જે શોભે તે મનુષ્ય.**

## ❑ મનુષ્યભવમાં સાધના ક્યાં થશે અને ક્યાં નહીં થાય ?

માત્ર કર્મભૂમિમાં સાધના થાય. જ્યાંથી આત્માને કર્મો કરીને ચાર ગતિમાં જવાની છૂટ અને કર્મોનો અંત કરીને પંચમગતિમાં જવાની પણ છૂટ. અકર્મભૂમિવાળો યુગલિક દેવગતિ સિવાય ક્યાંય ન જાય એના માટે માત્ર દેવગતિ જ છે. કર્મભૂમિ એટલે અસિ-મસિ-કૃષિ કરે ને ચાર ગતિમાં ૮૪ લાખયોનિમાં બધી જ જગ્યાએ આત્મા જાય. મનુષ્યભવ એ જંકશન છે. પંદર કર્મભૂમિમાં જ જિનનો જન્મ થાય અને અજન્મા બનવાની સાધના પણ પ્રાયઃ ત્યાં જ થાય અને જૈનધર્મની સ્થાપના પણ અહીં જ થાય. ચૌદ રાજલોક તો અત્યંત વિશાળ છે, તેમાં માત્ર પંદર કર્મભૂમિમાં જ ધર્મ છે.

## ❑ કર્મભૂમિમાં રહેલી વિશેષતા :

પંદર કર્મભૂમિમાં જે પાંચ ભરત ક્ષેત્ર છે તેમાં માત્ર જમ્બૂદ્વીપના જ ભરતક્ષેત્રમાં શાશ્વત એવો સિદ્ધ ગિરિરાજ આવેલ છે, તે સિવાય કોઈપણ ક્ષેત્રમાં શાશ્વત ગિરિરાજ નથી. તેથી મહાવિદેહમાં વિચરતા સીમંધર સ્વામી તેના ગુણગાન ગાય છે. પંદર કર્મભૂમિમાં પાંચ મહાવિદેહ ક્ષેત્ર રહેલાં છે. તે મહાવિદેહની મધ્યમાં મેરુ પર્વત આવેલો છે. દરેક મહાવિદેહમાં ૩૨ વિજયો (ભરત ક્ષેત્ર જેટલો દેશ) રહેલા છે. એક મહાવિદેહની જઘન્ય ચાર વિજયમાં વિચરંતા તીર્થંકરો રહેલા હોય છે. જમ્બૂદ્વીપના મહાવિદેહમાં ચાર વિજયમાં સીમંધર સ્વામી (૮મી પુષ્પકલાવતી) બાહુજિન (૯મી વત્સ) સુબાહુજિન (૨૪મી નલીનિ) અને યુગમંધર સ્વામી (૨૫મી વપ્રવિજયમાં) હાલ સદેહે કેવલજ્ઞાન પર્યાયમાં વિચરી રહ્યા છે. આમ એક મહાવિદેહમાં જઘન્ય ચાર તીર્થંકર માટે પાંચ મહાવિદેહમાં ૨૦ તીર્થંકરો વિચરે અને ઉત્કૃષ્ટ દરેક વિજયમાં

એક એમ પાંચ મહાવિદેહમાં ૧૬૦ તીર્થંકરો અને પાંચ ભરત અને પાંચ ઐરાવતમાં હોય એટલે કુલ ૧૭૦ તીર્થંકર પરમાત્મા ૧૫ કર્મભૂમિમાં હોય. બીજા અજિતનાથ પરમાત્માના સમયે આવો પુન્ય પરાકાષ્ટવાળો કાળ હતો કે જયારે પંદર કર્મભૂમિમાં દરેક વિજયમાં સાક્ષાત્ તીર્થંકરો વિચરતા હતાં. આપણો આત્મા આ કાળમાં પણ હતો છતાં તેનું પરિભ્રમણ મુકત થયું નહીં. તો હવે આ કર્મભૂમિમાં પ્રાપ્ત મનુષ્ય ભવને પામી એવી સુંદર આરાધના કરી લઈએ કે જેથી સંસારમાં વધારે રખડપટ્ટી ન થાય.

૧૦૧ ગર્ભજ પર્યાપ્તા + ૧૦૧ ગર્ભજ અપર્યાપ્તા + ૧૦૧ સંમૂર્ચ્છિમ એમ કુલ ૩૦૩ ભેદ મનુષ્યના છે. તેમાં પણ માત્ર ૧૦૧ મનુષ્યના પર્યાપ્ત ભેદમાં જે અનાર્ય કૂળમાં ધર્મ દુર્લભ બને છે. માત્ર આર્યકૂળમાં જ ધર્મની પ્રાપ્તિ થઈ શકે. આથી ધર્મ પ્રાપ્તિ દુર્લભ, દુર્લભ ધર્મ પ્રાપ્ત પછી પાળવું મહા દુર્લભ, તેથી દુર્લભ ધર્મનો એક સમયનો પણ પ્રમાદ કરવા જેવો નથી.

**आरात् यातः सर्व हेय धर्मजयः इति आर्य :**
**અર્થાત્, સર્વ હેય કાર્યોથી નીકળી ગયા તે આર્ય.**

**આર્ય કૂળ :** આત્મા માટે જ જીવન જીવનારા હોય. આત્માના રક્ષણ માટે જ સંસ્કૃતિ, વ્યવહાર જ્યાં પ્રધાન હોય, તે આર્ય કહેવાય. પંદર કર્મભૂમિમાં છ ખંડ છે ત્રણ ખંડ અનાર્યથી ભરેલાં છે. વૈતાઢ્ય પર્વતથી બે ભાગ થાય છે. ચક્રવર્તી સિવાય ત્યાં કોઈ ન જઈ શકે. ત્રણ ખંડમાં પણ ૨પા દેશો જ આર્ય છે બાકીના અનાર્ય. અનાર્ય મનુષ્યો મ્લેચ્છ એવા નામથી ઓળખાય (આચાર ધર્મ મર્યાદાથી રહિત હોય) તેમના પ્રકારો શાક, પવન, સબર, બખ્બર, મુરુંડ, આરબ, હૂણ, બોકસ, ભીલ, અંબ, પુલિંદ, ચીન, કીરાદ, ગજકરણ, અપકરણ, મેઢમુખ, ખરમુખ વગેરે અનેક પ્રકારે હોય. આર્ય ક્ષેત્રો ખૂબજ ઓછા છે અને તેમાં બે પ્રકારનાં આર્ય બતાવ્યાં, ઋદ્ધિપ્રાપ્ત અને અઋદ્ધિપ્રાપ્ત.

**(એ) ઋદ્ધિપ્રાપ્ત આર્ય છ પ્રકારે :** તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, વિદ્યાધર અને ચારણમુનિ.

(૧) **તીર્થંકર :** જે ૧૫ કર્મભૂમિમાં આર્ય ક્ષેત્રમાં ઉત્પન્ન થાય, નિર્મળ સમ્યગ્ દર્શનની હાજરીમાં જે સર્વ જીવ શાસનરસીની સર્વોત્તમ ભાવના વડે જે તીર્થંકર નામ કર્મ બાંધે તે તીર્થંકર થઈ વિશ્વના જીવોને તારક એવા તીર્થની સ્થાપના કરે.

(૨) **ચક્રવર્તી :** પંદર કર્મભૂમિમાં જ ઉત્પન્ન થયેલ, છ ખંડ જીતે. તે ચક્ર રત્ન મેળવે. (કુલ ૧૪ રત્નો હોય) એક અવસર્પિણીના છઠ્ઠાં આરામાં બાર ચક્રવર્તી થાય. દીક્ષા ગ્રહણ કરે તો દેવલોક અથવા મોક્ષમાં જાય નહિતર નરકમાં જાય, ભવ્ય જ હોય.

(૩) **વાસુદેવ :** પ્રતિવાસુદેવને જીતીને ત્રણ ખંડ ભોગવીને વાસુદેવ ત્રણ ખંડના સ્વામી બને. તેને સાત રત્નો હોય અને મરીને નિયમા નરકમાં જાય. પૂર્વે નિયાણું કરીને આવે.

(૪) **બળદેવ :** બળદેવ વાસુદેવના મોટા ભાઈ હોય. રામ બળદેવ અને લક્ષ્મણ વાસુદેવ અને રાવણ પ્રતિ વાસુદેવ. બળદેવ બધા મોક્ષગામી જ હોય, દીક્ષા લઈ મોક્ષ પામે.

(૫) **વિદ્યાધર :** વિદ્યાધર કુળમાં ઉત્પન્ન થાય વિદ્યાને ધારણ કરનાર દીક્ષા તે વિદ્યાચારણ મુનિ કહેવાય. વિદ્યાના બળે તીર્થોના દર્શન કરવા જાય.

(૬) **ચારણ મુનિ :** ચરણ–ગમન જંઘા વડે જવા–આવવાની શકિત (લબ્ધિ) પ્રગટ થાય. તપ–ચારિત્રના બળે વિશિષ્ટ શકિત ઉત્પન્ન ચાર આંગળ પ્રમાણમાં આકાશથી અદ્ધર જંઘા મૂકવા – ઉઠાવવામાં નિપુણ હોય અથવા આકાશ ગામિની વિદ્યા વડે પણ જાય તે.

(બી) **અઋદ્ધિપ્રાપ્ત આર્ય નવ પ્રકારે :**

ક્ષેત્ર, જાતિ, કુલ, કર્મ, શિલ્પ, ભાષા, જ્ઞાન, દર્શન, ચારિત્ર એમ નવ પ્રકારે આર્ય બતાવ્યાં.

(૧) **ક્ષેત્ર આર્ય :** જે ક્ષેત્રોને વિષે જ્યાં તીર્થંકર પરમાત્મા વિચરે તથા તેમની પ્રરૂપેલી તારક ધર્મ પ્રવૃત્તિ હોય તેવા ક્ષેત્રોને (૨૫½ દેશોને) આર્ય ક્ષેત્ર કહેવાય.

(૨) **જાતિ આર્ય :** જે જાતિથી ઉત્તમ હોય. કલંદા, વિદેહા, વેઢંગા, હરિયા, સુચણા. આ ઉત્તમ જાતિ છે જે હાલ પ્રસિદ્ધ નથી.

(૩) **કુલ આર્ય :** ઉગ્ર, ભોગ, રાજન્ય, ઈક્ષ્વાકુ, કૌરવકુલ, જ્ઞાતકુલ આ છ પ્રકારે કુલ આર્ય છે.

(૪) **કર્મ આર્ય :** લોકમાં નિંદનીય ધંધા ન કરે. દુષિક (દોશી), ગંધિક (ગાંધી), કાર્પાસિક (કપાસીક), કૌટુંબિક, સૌતિક (સુતરિયી) દત્તકાર વગેરે.

(૫) **શિલ્પ આર્ય :** તુન્નાક, લેપ્પકાર, રાખકાર, ચિત્રકાર.

(૬) **ભાષા આર્ય :** અર્ધ માગધી ભાષા બોલે અને બ્રાહ્મી આદિ અઢાર લીપી પ્રવર્તે.

(૭) **જ્ઞાન આર્ય:** મતિ આદિ જ્ઞાનવાળા (સમ્યગ્દૃષ્ટિ) ગણાય, પણ મિથ્યાદૃષ્ટિ ન ગણાય.

(૮) **દર્શન આર્ય :** ક્ષાયિક આદિ સમકિતને ધારણ કરનારાં.

(૯) **ચારિત્ર આર્ય :** ચારિત્રને ધારણ કરનાર.

આ રીતે વિચારતાં આર્યો કરતાં અનાર્યો વધારે છે. પંદર કર્મ ભૂમિ કરતાં ત્રીસ અકર્મ ભૂમિ વધારે છે + ૫૬ અંતરદ્વીપ એટલે ૮૬ યુગલિક ભૂમિ છે તેનું ક્ષેત્ર વધારે છે અને ધર્મ માટે દુર્લભ છે.

(૧) **કર્મભૂમિ :** જયાં અસિ–મસિ–કૃષિનો વેપાર થાય તથા જયાં તીર્થંકર, ચક્રવર્તી વગેરે ઉત્તમ પુરુષો જન્મે, તેઓ મોક્ષ માર્ગની આરાધના વડે સદ્‌ગતિ પ્રાપ્ત કરે. સંપૂર્ણ મોક્ષ માર્ગની સાધના વડે ચારે ગતિનો અંત આણી પાંચમી જે સિદ્ધ ગતિ એટલે કે મોક્ષ શાશ્વત સુખના ધામ રૂપ અવસ્થાને પામી શકે અથવા દુષ્કૃત્ય કરવા વડે નરકાદિ દુર્ગતિ પામે તે કર્મભૂમિ.

કર્મભૂમિઓ પંદર છે. પાંચ ભરત, પાંચ ઐરાવત, અને પાંચ

મહાવિદેહ ક્ષેત્ર. જમ્બૂ દ્વીપમાં એક ભરત, એક ઐરાવત અને એક જમ્બૂ દ્વીપના મધ્યમાં એક મહાવિદેહ ક્ષેત્ર જેમાં બત્રીસ વિજયો આવેલા છે. જમ્બૂ દ્વીપને ફરતો લવણ સમુદ્ર અને તેને ફરતાં ધાતકીખંડમાં બે ભરત, બે ઐરાવત, બે મહાવિદેહ અને ધાતકી ખંડને ફરતે કાલોદધિ સમુદ્ર અને તેને ફરતાં પુષ્કરવર દ્વીપના અડધા ભાગમાં બે ભરત, બે ઐરાવત અને બે મહાવિદેહ ક્ષેત્ર છે. આમ પંદર કર્મ ભૂમિ છે. તેમાં જઘન્યથી એક મહાવિદેહમાં ચાર તીર્થંકર વિચરતા હોય. આથી પાંચ મહાવિદેહમાં વીસ પરમાત્મા સદેહે વિચરતા હોય છે. પાંચ મહાવિદેહની મધ્યમાં પાંચ મેરુપર્વત છે. ભરત ક્ષેત્રમાં છ ખંડો રહેલા છે. છ ખંડમાંથી મધ્ય ખંડમાં માત્ર ૨પા આર્ય દેશો છે. બાકી બધા અનાર્ય દેશો છે.

| ૧૫ કર્મભૂમિઓ : | ભરત | ઐરાવત | મહાવિદેહ |
|---|---|---|---|
| જંબૂદ્વીપ | ૧ | ૧ | ૧ |
| ધાતકીખંડ | ૨ | ૨ | ૨ |
| અર્ધ પુષ્કરાવર્તદ્વીપ | ૨ | ૨ | ૨ |
| | ૫ | ૫ | ૫ |
| | | | કુલ–૧૫ |

## ❑ સાડી પચીસ આર્ય દેશોના નામ ❑

(૧) મગધ દેશ
(૨) અંગ દેશ
(૩) બંગ દેશ
(૪) કાશી દેશ
(૫) કોશલ દેશ
(૬) કલિંગ દેશ
(૭) કુરુ દેશ
(૮) કુશાવર્ત
(૯) પાંચાલ
(૧૦) જંગલ
(૧૧) વિદેહ
(૧૨) વત્સ
(૧૩) મયલ્લ
(૧૪) વૈરાટ
(૧૫) દશાર્ણ
(૧૬) શાંડિલ્ય
(૧૭) વચ્છદેશ
(૧૮) સિંધુ દેશ
(૧૯) વિદર્ભ
(૨૦) સુરસેન
(૨૧) ભૃંગી દેશ
(૨૨) ભંગ દેશ
(૨૩) કુણાલ
(૨૪) બાટ
(૨૫) કૈકય
(૨૫ા) સોરઠ દેશ અડધો

## (૨) અકર્મ ભૂમિ :

જ્યાં અસિ–મસિ–કૃષિ ઈતિ આદિનો વ્યવહાર ન હોય પણ માત્ર યુગલિક સ્વભાવ પ્રવર્તે છે તેને અકર્મભૂમિ કહેવાય. જ્યાં યુગલિક સાથે જન્મે અને સાથે મરે અને મરીને નિયમા દેવલોકમાં જ જાય તે ભોગ ભૂમિ કહેવાય. ત્યાં વ્યવહાર ધર્મ ના હોય, માત્ર સમકિત હોય શકે. અલ્પ કષાયવાળા, બધા પ્રથમ સંઘયણ, પ્રથમ સંસ્થાનવાળા , પાદચારી, વાહનનો ઉપયોગ ન કરે. દૂધ–અનાજનો ઉપભોગ નહીં. દેહ સુગંધી, શ્વાસોશ્વાસ કમળ જેવો, કંઠ પક્ષી જેવો, ગુહ્ય ભાગ કબૂતર જેવું. જઠર અગ્નિ પત્થરને પચાવે તેવું, ગોળ જંઘા, પગ કાચબા જેવા સુંદર, કલ્પ વૃક્ષ ફળ કે માટીનું ભોજન. માટી શેરડીથી મધુર, ગંદકીનો અભાવ, મચ્છરાદિ, તુચ્છ વિકલેન્દ્રિયનો અભાવ, રોગાદિ ઉપદ્રવ નહીં. માત્ર ખાસી, છીંક કે બગાસુ ખાતા મૃત્યુ પામે. મૃત્યુ પહેલા છ મહિના એક યુગલ જન્મે, ક્રમે ૪૯ દિવસ યુગલને પાળે, સાત દિવસ યૌવન અવસ્થા પામીને ભોગને સમર્થ બને પછી કેટલાક સમકિતને યોગ્ય બને કેટલાક સમકિતને લઈને ત્યાં આવે અથવા નવું સમકિત પામે. યુગલિક તિર્યંચો, પણ સમકિતધારી હોય, સ્ત્રી તિર્યંચને ક્ષાયિક સમકિત ન હોય. યુગલિક તિર્યંચો વાઘ, સિંહ પણ અહિંસક હોય તેઓ અલ્પ કષાયી મરીને દેવલોકમાં જાય.

### ☐ અઢીદ્વીપમાં આવી ત્રીસ અકર્મભૂમીઓ છે. તે નીચે પ્રમાણે :

| | હૈમવત | હિરણ્યવત | હરિવર્ષ | રમ્યકવર્ષ | દેવકુરુ | ઉત્તરકુરુ |
|---|---|---|---|---|---|---|
| જંબૂદ્વીપ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ઘાતકીખંડ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ |
| અર્ધ પુષ્કરાવર્તદ્વીપ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ |
| | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ |
| કુલ ૩૦ | | | | | | |

જમ્બૂદ્વીપમાં છ યુગલિક ક્ષેત્રો છે. દેવકુરુ ક્ષેત્ર અને ઉત્તરકુરુ ક્ષેત્ર મેરુની ઉત્તરે અને દક્ષિણે છે. મહાહિમવંત પર્વતની ઉત્તરે અને નિષેધ પર્વતની

દક્ષિણે હરિવર્ષ ક્ષેત્ર અને મહાહિમવંત પર્વતની દક્ષિણે તેમજ નિલવંત પર્વતની ઉત્તરે રમ્યક્વર્ષ ક્ષેત્ર આવેલું છે. રૂકમણી પર્વતની ઉત્તર દિશામાં હિરણ્યવંત ક્ષેત્ર આવેલું છે.

## (૩) પ૬ અન્તર્દ્વીપો :

જંબૂદ્વીપમાં હિમવંત અને શિખરી પર્વતની બંને બાજુએથી ગજદંત જેવી જે બબ્બે દાઢાઓ નીકળીને લવણ સમુદ્રમાં ગયેલી છે, તે દરેક પર સાત–સાત દ્વીપો આવેલા છે તેને અંતરદ્વીપ કહેવાય છે. હિમવંત પર્વતની બે બાજુથી બે દાઢાઓ નીકળે અને તે દરેક પર સાત–સાત અંતરદ્વીપો હોય એટલે કુલ ૨૮ અંતરદ્વીપો થાય. શિખરી પર્વતનું પણ એમ જ સમજવું. આ રીતે અંતરદ્વીપની કુલ સંખ્યા પ૬ થાય છે.

આમ જમ્બૂદ્વીપમાં છ યુગલિક ક્ષેત્રો, ધાતકીખંડમાં બાર યુગલિક ક્ષેત્રો અને અર્ધપુષ્કરાર્ધ દ્વીપમાં બાર યુગલિક ક્ષેત્રો. આમ કુલ ત્રીસ ક્ષેત્રો અને પ૬ અંતરદ્વીપો મળી કુલ ૮૬ યુગલિક ક્ષેત્રો છે. આ અંતરદ્વીપમાં રહેલા મનુષ્યો અકર્મભૂમીના મનુષ્યો જેવા જ એટલે યુગલિયા હોય.

અકર્મ ભૂમિમાંથી જીવ માત્ર દેવલોકમાં જ જાય અને યુગલિક વખતે તેનું જે આયુષ્ય હોય તેટલું અથવા તેનાથી અલ્પ આયુષ્યવાળા દેવ બને તેથી અધિક આયુષ્યવાળા દેવલોકમાં ન જાય. યુગલિકમાંથી તે જીવ બીજી કોઈ ગતિમાં ન જાય. એ દેવલોક એની માટે ભયાનક પણ બને. વિરતિ ધર્મની સાધના કરી શકતો નથી અને સમકિત ન હોય અને મિથ્યાત્વનો ઉદય થાય તો દેવલોકમાં ગયા પછી પણ ત્યાં વધારેમાં વધારે પડવાના સ્થાન છે. કારણ અનુકૂળતા વધારે મળી ને સાવધાન ન રહ્યો તો સીધો એકેન્દ્રિયમાં જાય. કારણ ત્યાં મનુષ્યલોક કરતાં રત્નો, વાવડીઓ, વગેરે વિશિષ્ટ કોટીના હોય. દેવલોકમાંથી એકેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યમાં આવે વિકલેન્દ્રિયમાં ન જાય. સમકિત ન હોય તો દેવલોકમાં જાગૃતિ આવવી ખૂબ જ દુષ્કર છે.


**જે સંસ્કાર વીરતી દ્વારા વીતરાગતાના અંશનો અનુભવ કરાવી શકે તેમ છે તે અહીં ન કરીએ તો ભાવિમાં કોરા પુણ્યને ઉદયે મળેલી દેવ કે મનુષ્ય અવસ્થા મહાભયંકર બનશે.** કારણ આત્માનો ઉપયોગ ન આવ્યો તો પરમાં તો જવાનો જ છે. પણ જો શુદ્ધ ધર્મના લક્ષે વર્તમાનમાં અંશને ભોગવવાનો લક્ષ હશે તો વિશિષ્ટ અનુબંધના કારણે જ્યાં પણ જશે ત્યાં ભટકશે નહીં.નરકમાં પણ સમાધિ જાળવી શકશે. વિશિષ્ટ બંધ અને અનુબંધ અહીં થઈ શકે તેમ છે તે લક્ષમાં રાખવું જરૂરી છે.

❑ **મનુષ્યનું જન્મ–મરણ અઢીદ્વીપમાં જ થાય.**

મનુષ્ય અઢીદ્વીપમાં જ જન્મી ને મરી શકે તેની બહાર નહીં. દેવ કે વિદ્યાના બળે તે અઢીદ્વીપની બહાર જઈ શકે પણ મૃત્યુ વખતે પાછા અઢીદ્વીપમાં આવી જવું પડે. પાંચ ભરત અને પાંચ ઐરાવતમાં કાળ અસ્થિર છે. મહાવિદેહક્ષેત્રમાં અને યુગલિક ક્ષેત્રમાં કાળ-આરા સ્થિર છે. પાંચ ભરતને પાંચ ઐરાવતમાં કાળનું પરિવર્તન થાય છે. અવસર્પિણીના ત્રીજા આરાના ૮૪ લાખ પૂર્વ ત્રણ વર્ષ અને ૮॥ માસ બાકી રહે ત્યારે અને ઉત્સર્પિણીમાં ત્રીજા આરાના ૮૯ પખવાડિયા પૂર્ણ થતાં પ્રથમ તીર્થંકરનો જન્મ થાય અને યુગલિક કાળ પૂર્ણ થવા આવે. ૨૩ તીર્થંકરો ત્રીજા આરામાં થાય. અવસર્પિણીમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-આકાર વગેરે ઘટતું જાય. **સંબોધસિત્તરીમાં** પાંચ વસ્તુ ઘટતી કહી છે (૧) દ્રવ્ય (૨) ધન (૩) સ્વાસ્થ્ય (૪) વિદ્યા (૫) વૈભવ. આત્માના હિતમાં આયુષ્ય, સ્વાસ્થ્ય ને વિદ્યા ઘટે તે બાધક બને છે. વર્તમાન જીવન એવું જીવીએ કે અનંતા ભવિષ્યને સુધારી શકીએ. તેનો ઉપાય અનુબંધ સાધના અને સાધનમાં જેટલો નિર્વેદ અને સંવેગ વધારે તેટલો અનુબંધ પડે. શુદ્ધ ધર્મનાં કારણે નિર્જરા થશે તે પ્રશસ્તમાં થશે ત્યારે શુભ અનુબંધ પડશે. સાધનામાં લક્ષ એવો રાખવાનો છે કે હમણાં જ અનુભૂતિ થાય. માત્ર વિધિ-ક્રિયા સારી થઈ તેનાથી સંતોષ નથી માની લેવાનો. પરિણામનું લક્ષ સાથે મજબૂત જોઈશે તો જ અનુબંધ સાધના થશે.

## અઢીદ્વીપ સમુદ્ર

જંબૂદ્વીપ બંગડી આકારે છે અને તે લવણ સમુદ્રથી વીંટળાયેલો છે. દ્વીપ સમુદ્રો પૂર્વ–પૂર્વાના દ્વીપ–સમુદ્રથી બમણા પહોળા–વીંટળાઈને રહેલા છે...



# ★ દેવગતિ ★

**ગાથા : ૨૪**

**દસહા ભવન્ના–ડહિવઈ, અટ્ઠ–વિહા વાણમંતરા હુંતિ ।**
**જોઈસિયા પંચ–વિહા દુ–વિહા વેમાણિયા દેવા. ॥ ૨૪ ॥**

દશવિધ ભવનાધિપતિ, અડવિધ વ્યંતરદેવ છે;
પાંચ ભેદે જ્યોતિષી ને, દુવિધ વૈમાનિક છે. ૨૪

## ❑ દેવોના મુખ્ય ચાર પ્રકાર :

(૧) દસ ભવનપતિ (૨) આઠ વાણવ્યંતર (૩) પાંચ જ્યોતિષ (૪) બે વૈમાનિક.

આ ચાર પ્રકારના દેવો ત્રણે લોકમાં રહેલા છે. રત્નપ્રભા પૃથ્વીમાં નીચે ભવનપતિના દેવો તથા વ્યંતર, વાણવ્યંતર, તિર્યગ્જૃંભક અને પંદર પરમાધામી દેવો રહેલા છે. તિચ્છાલોકમાં જ્યોતિષ દેવો અને ઉર્ધ્વલોકમાં વૈમાનિક દેવો રહેલા છે.

## (૧) ભવનપતિ દેવો :

આ દેવો ભવનમાં રહે છે તેથી ભવનપતિ કહેવાય છે અને ક્રિડામાં રત રહેતા હોવાથી કુમાર કહેવાય છે. તેઓના દસ પ્રકાર છે.

**ભવનપતિ દેવોનું સ્થાન :** પ્રથમ પૃથ્વી જે એક લાખ એંસી હજાર યોજન જાડી, એક રાજ પહોળી તેમાં એક હજાર યોજન ઉપરના અને એક હજાર યોજન નીચેના છોડી વચલા એક લાખ ૭૮ હજાર યોજન પ્રમાણ જે નારકના તેર પ્રતરો આવેલા છે તેના વચલા બાર પ્રતરોના આંતરાના ઉપરનો એક એક અને નીચેનો એક એક એમ આંતરા છોડીને વચલા દસ આંતરામાં એક એક ભવનપતિ નિકાયના દેવોના આવાસ આવેલા છે. પહેલા આંતરામાં ભવનપતિના પ્રથમ અસુરકુમારના દેવોના નિવાસ ત્યારપછી બીજા આંતરામાં

બીજા નાગકુમાર આદિ દેવોના ક્રમસર નિવાસ રહેલા છે. તેમજ તે આંતરામાં પંદર પ્રકારના પરમાધામી દેવોના આવાસો પણ આવેલા છે. એટલે તે ભવનપતિ જાતીના પરમાધામી દેવો કહેવાય છે.

## દસ પ્રકારના ભવનપતિ દેવો

| | દેવોના નામ | દક્ષિણદિશાનાઈન્દ્રનું નામ | પટરાણી | ઉત્તર દિશાના ઈન્દ્રનું નામ | પટરાણી |
|---|---|---|---|---|---|
| ૧ | અસુરકુમાર | ચમરેન્દ્ર | ૫ | બલીન્દ્ર | ૫ |
| ૨ | નાગકુમાર | ધરણેન્દ્ર | ૬ | ભૂતાનેન્દ્ર | ૬ |
| ૩ | સુવર્ણકુમાર | વેણુદેવેન્દ્ર | ૬ | વેણુદાલીન્દ્ર | ૬ |
| ૪ | વિદ્યુતકુમાર | હરિકાંતેન્દ્ર | ૬ | હરિસ્સહેન્દ્ર | ૬ |
| ૫ | અગ્નિકુમાર | અગ્નિશીખેન્દ્ર | ૬ | અગ્નિમાનવેન્દ્ર | ૬ |
| ૬ | દ્વીપકુમાર | પૂર્ણેન્દ્ર | ૬ | વસિષ્ઠેન્દ્ર | ૬ |
| ૭ | ઉદધિકુમાર | જયકાંતેન્દ્ર | ૬ | નીલપ્રભેન્દ્ર | ૬ |
| ૮ | દીપકુમાર | અમિતગતીન્દ્ર | ૬ | અમિતવાહનેન્દ્ર | ૬ |
| ૯ | વાયુકુમાર | વેલંનેન્દ્ર | ૬ | પ્રભજનેન્દ્ર | ૬ |
| ૧૦ | સ્તનિતકુમાર | ઘોષેન્દ્ર | ૬ | મહાઘોષેન્દ્ર | ૬ |

ભવનો જઘન્ય એક લાખ યોજન પ્રમાણ અને ઉત્કૃષ્ટ અસંખ્ય યોજન પ્રમાણ હોય છે. અસુર નિકાયનો દક્ષિણ દિશાનો સ્વામિ ચમરેન્દ્ર તેને કાલિ આદિ પાંચ પટરાણી અને તે દરેક પટરાણીને આઠ હજાર દેવીઓનો પરિવાર ગણતા કુલ ચાલીસ હજાર દેવીઓનો પરિવાર હોય. ચાર લોકપાલ દેવો દરેક ઈન્દ્રને હોય, સાત સૈન્યો હોય અને સાત સેનાપતિ હોય. ચમરેન્દ્રને સંપૂર્ણ જમ્બૂદ્વીપ તથા અસંખ્ય દ્વીપ સમુદ્રોને પૂરી શકવામાં સમર્થ વૈક્રિય લબ્ધિ હોય પણ તે તેનો ઉપયોગ કરે નહીં. અસુરકુમારો એકાન્તરે આહાર કરે, અનાભોગ આહાર નિરંતર ચાલુ હોય. અસુરકુમારની ઉત્તર દિશાના ઈન્દ્ર બલીન્દ્ર છે તેને પાંચ પટરાણી હોય. નાગકુમારની દક્ષિણ દિશામાં ઈન્દ્ર ધરણેન્દ્ર

છે. તેને છ પટરાણી અને તે દરેકને છ હજાર દેવીઓનો પરિવાર હોય. એ જ રીતે સુવર્ણકુમાર વિદ્યુતકુમાર વિ. દેવોના પરિવાર ઉપર કોઠામાં જણાવ્યા મુજબ હોય છે.

❑ **અસુર દેવલોકમાં કોણ જાય ?**

**બાલતવે પડિબદ્ધા ઉક્કડરોસા તવેણ ગારવિયા ।**
**વૈરેણ ય પડિબદ્ધા મરિઉં અસુરેષુ ઉવવાઓ ॥ ॥૧૬૦॥**
**(બૃહદ્‌સંગ્રહણી)**

જે ક્ષુધા પિપાસા સહન કરે, શીત આતાપના, ડંશાદિ પરિસહ સહન કરે, બ્રહ્મચર્ય પાળે, સ્નાન ન કરે, અજ્ઞાન તપ કરનારા, તપમાં ગર્વ કરનારા તે વૈરથી પ્રતિબદ્ધ મિથ્યાત્વીઓ અસુરનિકાય આદિ હલકા દેવલોકમાં ઉત્પન્ન થાય.

**(૨) વ્યંતર દેવો :**

જ્યાં સુધી જીવ માત્ર જીવના સ્વરૂપનું આલંબન પકડીને સાધના કરતો નથી ત્યાં સુધી તેને ભવભ્રમણ ઉભું રહે છે. વિવિધ પ્રકારના કષ્ટો સહન કરે. તપ, ત્યાગાદિ અકામ નિર્જરાદિ વડે જીવ દેવલોકનું આયુષ્ય બાંધી વ્યંતરાદિ દેવલોકમાં જાય છે. તેમાં ઈન્દ્રપણું પ્રાયઃ કરીને સમ્યગ્‌દૃષ્ટિ આત્માને પ્રાપ્ત થાય છે. આથી કુમારપાળ મહારાજા પરમાત્મા ભક્તિ અને દેશવિરતિની સાધના વડે વ્યંતરેન્દ્ર થયા.

❑ **વ્યંતર દેવોના નગર સ્થાનો :** રત્નપ્રભા પૃથ્વીના એક હજાર યોજન જે ઉપરના છોડેલા છે તેમાંથી ૧૦૦ યોજન ઉપરના ને ૧૦૦ યોજન નીચેના છોડીને વચ્ચેના ૮૦૦ યોજનને વિષે આઠ વ્યંતર જાતિના નગરો આવેલાં છે.૧૦૦ યોજન ઉપરના જે છોડ્યા છે તેમાંથી ઉપર–નીચેના ૧૦–૧૦ યોજન છોડી વચ્ચેના ૮૦ યોજનમાં વાણવ્યંતર દેવોના નગર આવેલા છે. આ દેવોની ઉત્પત્તિ પોતાના સ્થાનોમાં થાય પછી તે તિર્ચ્છાલોકમાં પણ રહેવા જાય. કેટલાંક દેવાલયો, ગિરિપર્વતો પર અધિષ્ઠાયક થઈને રહે છે. કેટલાંક હલકા દેવો વૃક્ષો, કોતરો–નિર્જર સ્થાનોમાં રહે છે અને મનુષ્યોને પીડા આપે છે.

કેટલાંક દેવો– દેવીઓ સમ્યગ્દષ્ટિ પણ હોય છે. ચોવીશ જિનના યક્ષ–યક્ષણીઓ વ્યંતર નિકાયના દેવ–દેવીઓ છે. દેવોના નિવાસસ્થાન રૂપ અસંખ્ય નગરો છે. જઘન્યથી ભરત ક્ષેત્ર પ્રમાણ ૫૨૬ યોજન છ કલા પ્રમાણ, મધ્યમ જંબૂદ્વીપ પ્રમાણ અને ઉત્કૃષ્ટે મહાવિદેહક્ષેત્ર પ્રમાણ દરેક નગરોમાં અસંખ્યાત જિન ચૈત્યો છે. દસ પ્રકારનાં તિર્યગ્જૃંભક દેવો પણ વ્યંતર જાતિના છે. આ દેવો શાપ આપી નિગ્રહ કરે અથવા ધનધાન્ય આપી અનુગ્રહ કરે છે. તેઓ મૂળ શરીરે સાત હાથ પ્રમાણ હોય છે.

**આઠ વાણવ્યંતર દેવો** : ઉપરના છોડેલા ૧૦૦ યોજનમાં દસ યોજન નીચે અને દસ યોજન ઉપરના છોડીને વચલા એંસી યોજનમાં વાણવ્યંતરના નગરો આવેલા છે. આ દેવોની ઉત્પત્તિ અહીં નગરોમાં થાય ત્યાંથી ઉત્તરવૈક્રિય શરીર કરીને તેઓ તિચ્છ્રલોકમાં કોતરો, ગુફા, ઝાડ વગેરેમાં રહે.

## ❑ આઠ પ્રકારના દેવો ❑

| | વ્યંતર દેવોના નામ | દક્ષિણેન્દ્ર | ઉત્તરેન્દ્ર | વાણવ્યંતર દેવોના નામ | દક્ષિણેન્દ્ર | ઉત્તરેન્દ્ર |
|---|---|---|---|---|---|---|
| ૧ | પિશાચ | કાળ | મહાકાળ | અણપન્ની | સન્નિહીત | સામાનિક |
| ૨ | ભૂત | સુરૂપ | પ્રતિરૂપ | પણપન્ની | ધાતા | વિધાતા |
| ૩ | યક્ષ | પૂર્ણભદ્ર | મણિભદ્ર | ઈષિવાદી | ઋષિ | મહાઋષિ |
| ૪ | રાક્ષસ | ભીમ | મહાભીમ | ભૂતવાદી | ઈશ્વર | મહેશ્વર |
| ૫ | કિન્નર | કિન્નર | કિંપુરુષ | કંદિત | સુવત્સ | વિશાલ |
| ૬ | કિંપુરુષ | સત્પુરુષ | મહાપુરુષ | મહાકંદિત | હાસ્ય | હાસ્યરતિ |
| ૭ | મહોરગ | અગ્નિકાય | મહાકાળ | કોકંદ | શ્વેયાંસ | મહાશ્વેયાંસ |
| ૮ | ગંધર્વ | ગીતરતિ | ગીતયશ | પતંગ | પદ્મ | પદ્મપતિ |

પિશાચ – કુલમાંડાદિ પંદર પ્રકારે હોય છે. ભૂત નવ પ્રકારે, યક્ષ તેર પ્રકારે અને રાક્ષસ સાત પ્રકારે ભયંકર, વિકરાળ અને લાંબા હોઠવાળા હોય છે તેના નામ (૧) ભીમ (૨) મહાભીમ (૩) વિઘ્ન (૪) વિનાયક (૫) જળ (૬) બ્રહ્મ (૭) રાક્ષસ. કિન્નરો પણ દસ પ્રકારે, કિંપુરુષ દસ પ્રકારે, મહોરગ દસ પ્રકારે અને ગંધર્વ બાર પ્રકારે હોય છે.

❑ **વ્યંતર નિકાયમાં કોણ ઉત્પન્ન થાય ?**

**રજ્જુગ્ગહણે વિસભક્ખણે ય જલણે ય જલપવેસે ય,**
**તણ્હા છુહા કિલંતા, મરિઊણ હવંતિ વંતરિયા. ॥ ૧૬૧ ॥**
**(બૃહદ્‌સંગ્રહણી)**

દોરડાદિનો ગળે ફાંસો ખાવો, વિષભક્ષણ, અગ્નિમાં પ્રવેશ કરી અથવા જળમાં પ્રવેશ કરીને કે ક્ષુધા તૃષાથી પીડિત થઈને જે જીવનનો અંત આણે તેવા તિર્યંચ પંચેન્દ્રિય કે મનુષ્યો અકામ નિર્જરા વડે વ્યંતર જાતિમાં ઉત્પન્ન થાય.

**રજ્જુગ્ગહણે વિસભક્ખણે ય જલણે ય ગિરિસિરપડણે,**
**મરીઊણં વંતરાતો, હવિજ્જ જઈ સોહણં ચિત્તં. ॥ ૧૬૨ ॥**
**(બૃહદ્‌સંગ્રહણી)**

દોરડાના ફાંસાથી, વિષ ભક્ષણથી, અગ્નિમાં પ્રવેશ કરવાથી, ગિરિ શિખર ઉપરથી પડવાથી. અકામ નિર્જરા વડે અર્થાત્ અત્યંત રૌદ્ર અથવા આર્ત ચિત્ત ન હોય તો વ્યંતર દેવલોકમાં ઉત્પન્ન થાય.

★ **તિર્યગ્જૃંભક દેવ :** દસ પ્રકારે (૧) અન્નજૃંભક (૨) પાન જૃંભક (૩) વસ્ત્રજૃંભક (૪) લેણજૃંભક (૫) ઘર જૃંભક (૬) પુષ્પજૃંભક (૭) ફલજૃંભક (૮) શયનજૃંભક (૯) વિદ્યા જૃંભક (૧૦) અવ્યક્તજૃંભક. આ દરેક દેવો પોતાના નામ પ્રમાણે વસ્તુ આપવા સમર્થ છે તથા અનુગ્રહ કરવાના સ્વભાવવાળા છે. આર્યવજ્રસ્વામિને મિત્ર તિર્યગ્‌જૃંભક દેવોએ આકાશગામિની વિદ્યા આપી હતી.

આ દેવોનું મૂળ રહેઠાણ અધોલોકમાં વ્યંતરો સાથે જ હોય છે. તેમ છતાં તેઓ એક હજાર કંચનગીરીઓ, યમક–શમક પર્વતો, ચિત્ર–વિચિત્ર પર્વતો, વૈતાઢ્ય પર્વત અને મેરુ પર્વત ઉપર આવીને વસે છે.

**(૩) જ્યોતિષ દેવો :**

(૧) ચંદ્ર (૨) સૂર્ય (૩) ગ્રહ (૪) નક્ષત્ર (૫) તારા. આ પાંચ પ્રકારના પરિભ્રમણ કરતા ચરવિમાનો અઢીદ્વીપમાં મનુષ્યલોકમાં હોય છે. આ પાંચમાં ચંદ્ર અને સૂર્ય ઈન્દ્ર ગણાય છે.

❑ **જ્યોતિષ દેવોનું સ્થાન :** જ્યોતિષ દેવોનું સ્થાન અઢીદ્વીપમાં મેરુની સમભૂતલા પૃથ્વીની ૭૯૦ યોજન ઉપર અને ૯૦૦ યોજન સુધી એટલે કે ૧૧૦ યોજન આકાશમાં બધા જ જ્યોતિષ વિમાનો રહેલાં છે. આથી જ્યોતિષ દેવો તિર્ચ્છાલોકમાં ગણાય છે. મેરુ પર્વતથી ૧૧૨૧ યોજન દૂર રહીને તે વિમાનો પોતાના પરિવાર સહિત મેરુને પ્રદક્ષિણા આપવાના કારણે અસ્થિર છે અને અઢીદ્વીપની બહાર વિમાનો સ્થિર છે અને સંખ્યામાં અસંખ્યાતા છે. અઢી દ્વીપના જ્યોતિષ વિમાનો કરતા પ્રમાણમાં અડધા અને શીતોષ્ણ હોય છે. આગળ આગળના દ્વીપ સમુદ્રોમાં તે વિમાનોનું પ્રમાણ વધતું જાય. વિમાનો પોતાની સહજ ગતિથી ચાલે છે. દેવો તેને ચલાવતા નથી છતાં દેખાવ રૂપે આભિયોગિક સેવક દેવો રૂપ વિકુર્વીને પૂર્વ તરફ સિંહ રૂપે, દક્ષિણમાં હાથી રૂપે, પશ્ચિમે બળદ રૂપે અને ઉત્તરે અશ્વ રૂપે રહે છે. ચારે દિશામાં દેવોની સંખ્યા સરખી રહે છે. ચારે દિશામાં થઈને પ્રત્યેક ચંદ્ર વિમાનને સોળ હજાર, સૂર્ય વિમાનને સોળ હજાર, ગ્રહ વિમાનને આઠ હજાર, નક્ષત્ર વિમાનને ચાર હજાર અને તારા વિમાનને બે હજાર દેવો વહન કરે.

જંબૂદ્વીપમાં ધ્રુવ તારા ચાર હોય છે જેથી દરેક દિશાની ઉત્તર – દિશામાં કાયમ રહે. તે સદા સ્થિર રહે છે તેની નજીક વર્તુળ તારા મંડલ મેરુને નહીં પણ ધ્રુવના તારાને જ પ્રદક્ષિણા આપે છે. ધ્રુવ તારાને આધારે જંગલાદિમાં દિશા ભૂલેલા રાત્રે પણ માર્ગને શોધી શકે છે. ધ્રુવ તારા સદા સ્થિર છે. ધ્રુવ તારાની જેમ આપણે પણ સદા સ્થિર થવાનું છે.

એક વખત અમેરીકાના પ્રમુખ અબ્રાહમ લિંકન પોતાના મિત્રોની સાથે મુસાફરી કરી રહ્યો હતો અને અચાનક વાતાવરણ ગમગીન બન્યું, પવન ફૂંકાવા લાગ્યો અને ભયનું વાતાવરણ ઊભું થયું. મિત્રો ભયભીત થયા પણ અબ્રાહમ લિંકનને સ્થિર, સ્વસ્થ ચિત્તવાળા જોઈને મિત્રોને નવાઈ લાગી, કારણ પૂછ્યું અબ્રાહમ લિંકને કહ્યું મારી દષ્ટિ આકાશમાં ધ્રુવ તારા તરફ હતી તેથી હું સ્થિર હતો, શાંત હતો, તમારી દષ્ટિ ફરતા વાતાવરણ તરફ હતી તેથી તમે

અસ્થિર થયા. ભયભીત થયા. સ્થિરનું આલંબન સ્થિરતા આપે છે ને અસ્થિરતાનું આલંબન અસ્થિરતા આપે છે. ધ્રુવ તારા તરીકે સિદ્ધ ભગવંતોનું આલંબન લેવામાં આવે તો તેઓ સ્થિર છે અને તે સિવાયનું બધું જ અસ્થિર છે તો આપણને પણ સ્થિર થતા વાર ન લાગે. સૂર્ય સદા અંધકારને દૂર કરનાર છે તેમ આપણે પણ આપણા આત્મામાં રહેલા કેવલજ્ઞાન રૂપી સૂર્યને પ્રગટાવવાનું ધ્યેય રાખવું જોઈએ. જેથી મિથ્યા–મોહ રૂપી અંધકાર સદા માટે દૂર થાય. એ જ રીતે ચંદ્ર સદા શીતલતા વર્ષાવે છે તેમ આપણે પણ આપણા ક્રોધાદિને શાંત કરી સમતા રૂપી શીતલતા જગત પર વર્ષાવવાની છે.

નવે ગ્રહોનું નડતર જેમ લોકોને નડતરરૂપ થાય છે તેમ આપણે નવપરિગ્રહ રૂપ ગ્રહને સદા દૂર કરવાનો પ્રયત્ન કરવાનો છે. નક્ષત્ર ને તારા ચંદ્રની શોભા વધારવામાં સહાય બને છે તેમ મતિ અને શ્રુત જ્ઞાનરૂપી નક્ષત્ર ને તારા વડે આત્માની શોભા વધારવાની છે.

## ❑ અઢીદ્વીપની અંદર કુલ ૧૩૨ ચંદ્ર અને ૧૩૨ સૂર્ય હોય છે.

| | ચંદ્ર | સૂર્ય | ગ્રહ | નક્ષત્ર | તારા | |
|---|---|---|---|---|---|---|
| જમ્બૂદ્વીપ | ૨ | ૨ | ૧૭૬ | ૫૬ | ૧૩૩૯૫૦ | ક્રોડાક્રોડ |
| લવણસમુદ્ર | ૪ | ૪ | ૩૫૨ | ૧૧૨ | ૨૬૭૯૦૦ | ક્રોડાક્રોડ |
| ધાતકીખંડ | ૧૨ | ૧૨ | ૧૦૫૬ | ૩૩૬ | ૮૦૩૭૦૦ | ક્રોડાક્રોડ |
| કાલોદધિ સમુદ્ર | ૪૨ | ૪૨ | ૩૬૯૬ | ૧૧૭૬ | ૨૮૧૨૯૫૦ | ક્રોડાક્રોડ |
| પુષ્કરવરદ્વીપ | ૭૨ | ૭૨ | ૬૩૩૬ | ૨૦૧૬ | ૪૮૨૨૨૦૦ | ક્રોડાક્રોડ |

એક ચંદ્ર અને એક સૂર્યનો પરિવાર ૮૮ ગ્રહ, ૨૮ નક્ષત્ર અને ૬૬૯૭૫ ક્રોડાક્રોડ તારા હોય છે. તે સમગ્ર પરિવાર સહિત સૂર્ય અને ચંદ્ર મેરુને પ્રદક્ષિણા આપતા હોય છે. જઘન્ય સ્થિતિવાળા તારાનું વિમાન ૫૦૦ ધનુષ્ય, પહોળાઈ ૨૫૦ ધનુષ્ય ઊંચાઈ હોય છે. મેરુપર્વતની સમભૂતલા પૃથ્વીની ૭૯૦ યોજન ૫૨ પ્રથમ તારાના વિમાનો છે પછી સૂર્ય, તેનાથી આગળ ચંદ્ર પછી નક્ષત્ર અને પછી ગ્રહ. સૌથી ઝડપી ગતિમાં તારા અને સૌથી ધીમી ગતિ ચંદ્રની છે અને ઋદ્ધિમાં ચંદ્રની અધિક અને તારાની ન્યૂન. સૂર્યના કિરણો ઊંચે ૧૦૦

યોજન સુધી અને બન્ને સૂર્ય મેરુ તરફના અર્ધા ક્ષેત્રને તપાવે.જંબૂદ્વીપમાં એક તારાથી બીજા તારાનું અંતર ૧૨૨ યોજન અને સૂર્યનું અંતર ૯૯૬૪૦ યોજન અને ભરતક્ષેત્રથી સૂર્યનું અંતર ૪૪૮૨૦ યોજન છે.

### ❑ જ્યોતિષ દેવોના શરીરની અવગાહના :

જન્મતી વખતે તેમની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી હોય અને અંતર્મુહૂર્તમાં સાત હાથ પ્રમાણ થાય છે. ઉત્તર વૈક્રિય શરીર નાનું–મોટું કરી શકે છે. પોતાના વિમાનમાં પોતાના પરિવાર યુક્ત રહે છે. સૂર્ય ચંદ્ર બે દેવો ઈન્દ્ર રૂપ છે. તેમનું આયુષ્ય પૂર્ણ થાય એટલે બીજો જીવ ત્યાં ઉત્પન્ન થાય છે. ઈંદ્ર વિના વધારેમાં વધારે છ મહિનાના કાળનો વિરહ પડે છે.

### ❑ જ્યોતિષ દેવોમાં કોણ ઉત્પન્ન થાય ?

તાપસ, વનવાસી, કંદમૂળ ફળાદિ આહાર કરનારા જપ–તપ કરનારાઓ જ્યોતિષ દેવમાં ઉત્પન્ન થાય. તાપસો વિશિષ્ટ પ્રકારનું તપોમય જીવન જીવતા હોય પણ સાથે અજ્ઞાનતા હોવાને કારણે શુદ્ધ દયાનું પાલન ન કરી શકે માટે તેમને સંપૂર્ણ નિર્જરા ન થાય, તેઓને દેવલોકની પ્રાપ્તિ થાય તેમાં તે વધારેમાં વધારે જયોતિષ દેવ સુધી જઈ શકે.

### (૪) વૈમાનિક દેવો :

**વૈમાનિક દેવો મુખ્ય બે પ્રકારે કલ્પોપપન્ન અને કલ્પાતીત.**

વૈમાનિક દેવો વિમાનમાં ઉત્પન્ન થતા હોવાથી વૈમાનિક કહેવાય. જ્યોતિષ દેવોથી અધિક અર્ધરજજુ ઉપર ગયા પછી વૈમાનિક દેવોની હદ શરુ થાય છે. સમ્યક્ત્વની હાજરીમાં મનુષ્યને નિયમા વૈમાનિક દેવલોકનું જ આયુષ્ય બંધાય છે.

**(૧) કલ્પોપપન્ન :** જ્યાં નાના મોટા, સ્વામી સેવકનો વ્યવહાર મર્યાદા હોય તે કલ્પોપપન્ન. એક થી બાર દેવલોકના દેવો, ત્રણ કિલ્બિષિક અને નવ લોકાંતિક આ ચોવીસ કલ્પોપપન્ન દેવો કહેવાય છે. કલ્પોપન્ન એટલે જ્યાં

સ્વામી અને સેવકપણાનો વ્યવહાર હોય છે. ત્યાં મહર્ધિક દેવ તથા બીજા સેવક દેવો તથા દેવીઓનો પરિવાર વગેરે હોય.

**(૨) કલ્પાતીત :** જ્યાં સ્વામી સેવકાદિનો વ્યવહાર ન હોય. બધા દેવો મુખ્ય દેવ તરીકે, તેથી તેઓ અહમિન્દ્ર તરીકે ઓળખાય. ત્યાં દેવીઓ કે સેવક દેવોનો પરિવાર ન હોય. નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર દેવો કલ્પાતીત દેવો છે.

**❑ વૈમાનિક દેવોનું સ્થાન :** જ્યોતિષચક્રની ઉપર અસંખ્યાત યોજન બાદ સમભૂતલા પૃથ્વીથી (એક રાજ) ઉપર મેરુ પર્વતના દક્ષિણ ભાગમાં પ્રથમ સૌધર્મ દેવલોક અને ઉત્તર ભાગમાં બીજા ઈશાન દેવલોક ઘનોદધિ ઉપર આવેલા છે. સૌધર્મથી અસંખ્ય યોજન (૧ રાજે) ત્રીજા સનત્કુમાર દેવલોક અને ઈશાનથી સમ શ્રેણીઓથી મહેન્દ્ર દેવલોક ઘનવાત પર રહેલા છે. આ બે દેવલોકની મધ્યમાં અડધોરાજ ઊંચે બ્રહ્મદેવલોક ઘનવાત પર રહેલા છે. તેની સમ શ્રેણીમાં અડધા રાજે છઠ્ઠા લાંતક દેવલોક અને તેની જ સમ શ્રેણીમાં ઊંચે સાતમા મહાશુક્ર દેવલોક અને તેની જ સમ શ્રેણીમાં ઊંચે સહસ્રાર દેવલોક આવેલો છે. આ ત્રણે દેવલોક ઘનોદધિ અને ઘનવાત પર રહેલા છે. ત્યાર પછીના ચાર આનત, પ્રાણત અને આરણ અને અચ્યુત તે માત્ર આકાશના આધારે રહેલા છે. આમ કુલ બાર દેવલોક છે.

### ❑ વૈમાનિક દેવલોકમાં પ્રતર અને વિમાનોની સંખ્યા ❑

| દેવલોકના નામ | પ્રતર | વિમાન |
|---|---|---|
| (૧) સૌધર્મ દેવલોક | ૧૩ | ૩૨ લાખ |
| (૨) ઈશાન દેવલોક | ૧૩ | ૨૮ લાખ |
| (૩) સનત્કુમાર દેવલોક | ૧૨ | ૧૨ લાખ |
| (૪) માહેન્દ્ર દેવલોક | ૧૨ | ૮ લાખ |
| (૫) બ્રહ્મલોક દેવલોક | ૬ | ૪ લાખ |
| (૬) લાંતક દેવલોક | ૫ | ૫૦ હજાર |
| (૭) મહાશુક્ર દેવલોક | ૪ | ૪૦ હજાર |

| | | |
|---|---|---|
| (૮) સહસ્રાર દેવલોક | ૪ | ૬ હજાર |
| (૯) આનત દેવલોક – | ૪ | ૭૦૦ |
| (૧૦) પ્રાણત દેવલોક – | ૪ | ૭૦૦ |
| (૧૧) આરણ દેવલોક – | ૪ | ૭૦૦ |
| (૧૨) અચ્યુત દેવલોક – | ૪ | ૭૦૦ |
| નવ ગ્રૈવેયક નીચેના – | ૩ | ૧૧૧ |
| નવ ગ્રૈવેયક મધ્યમ – | ૩ | ૧૦૭ |
| નવ ગ્રૈવેયક ઉપરના – | ૩ | ૧૦૦ |
| અનુત્તર | ૧ | ૫ |
| **કુલ** | **૯૫** | **૮૪ લાખ ૯૭ હજાર ૨૩** |

વિમાનો માખણથી અધિક કોમળ સ્પર્શવાળા ઉદ્યોત કરનારા પંચવર્ણનીય ચાર નિકાયના દેવોમાં આઠમાં દેવલોક સુધી દેવો સંખ્યાત કે અસંખ્યાત ઉપજે, નવમાંથી પાંચ અનુત્તર સુધી સંખ્યાત દેવો જ ઉત્પન્ન થાય.

❑ **નવ ગ્રૈવેયકમાં કોણ ઉત્પન્ન થાય ?**

**सव्वजियाणं जम्हा, सुत्ते, गेविज्जगेसु उववाओ,**
**भणिओ जिणेहि सो न य, लिङ्गं मोत्तुं जओ भणिओ.**
**जे दंसणववावन्ना लिंगसाहणं करेंति सामन्ने,**
**तेसिंपि य उववाओ उक्कोसो जवि गेविज्जा.**

**(પંચાશક પ્રકરણ)**

સર્વ જીવો પ્રાયઃ કરીને નવમા ગ્રૈવેયકમાં ઉત્પન્ન થાય છે અને તે પણ જિનલિંગે જ (જૈન સાધુ બનીને) થાય અને જે સમ્યગ્દર્શન વમી ગયેલા એવા પણ નિન્હવો દ્રવ્યચારિત્રના પાલન વડે નવમા ગ્રૈવેયકમાં જાય તેમ જિનેશ્વર પરમાત્માએ કહ્યું છે.

પૂ. શાંતિસૂરિ મહારાજા જીવ વિચાર પ્રકરણમાં ભવના સ્વરૂપનું સાધ્ય બતાવે છે કે જીવને સ્વભાવના પ્રથમ સાધ્યની રુચિ થવી અતિ દુર્લભ છે.

અનાદિભવ ભ્રમણમાં ભમવા અચરમાવર્તકાળ સૌથી મોટો છે. નિગોદમાંથી નીકળ્યા પછી અનંતા પુદ્ગલ પરાવર્તકાળ આત્મા સ્વરૂપના ભાવ વિના ભમ્યો છે. અનંતીવાર મનુષ્ય ભવ, જિન કુળાદિ પુણ્યયોગે મળ્યા પણ કર્મલઘુતા ન થવાના કારણે પોતાના સ્વરૂપની રુચિ ન આવી અને કર્મકૃત બાહ્ય સ્વરૂપ ગમ્યું તેથી જીવે શરીર સુખના લોભમાં અનંતીવાર ચારિત્ર સ્વીકારી મહાકષ્ટપૂર્વકનું ચારિત્ર દ્રવ્યથી શુદ્ધ પાળ્યું પણ લક્ષ ન બંધાણું અને તેના ફળ રૂપે નવ ગ્રૈવેયક દેવલોકમાં સુખને માણવા અનંતીવાર ત્યાં જઈ આવ્યો. નવ ગ્રૈવેયકમાં જિન લિંગે જવાય, પ્રથમ સંઘયણ જરૂરી, દ્રવ્યથી નિરતિચાર જેવું ચારિત્ર પાળી પુણ્ય બાંધી સાતા ભોગવવા ત્યાં જાય. અહીં ૩૧૮ વિમાનો આકાશને સ્પર્શીને રહેલા હોય છે. ત્યાં દેવીઓ નથી દેવો કામવાસના વિનાના હોવા છતાં તેમને પ્રાયઃ દુર્ગતિ નિશ્ચિત હોય. કારણ મિથ્યાત્વના કારણે રુચિ વિષય સુખની પડેલી હોય છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિ દેવોની સદ્ગતિ થાય.

### ❑ નવ લોકાંતિક દેવો :

પાંચમા બ્રહ્મલોક દેવલોક જે માત્ર ઘનવાત પર પ્રતિષ્ઠિત છે. જેમાં ચાર લાખ વિમાનો છે. બ્રહ્મલોક દેવલોકના છેડે જે ચાર દિશા ચાર વિદિશામાં તથા એક મધ્યમાં રહેલા વિમાનો તે લોકાંતિક દેવો છે. આ દેવો લઘુકર્મી હોવાથી જલદી લોકનો અંત કરનાર તેથી તેઓ લોકાંતિક દેવો કહેવાય અને તેઓનો કલ્પ છે કે તીર્થંકર પરમાત્માના દીક્ષાકાળને જણાવવાર્થે અચૂક તેઓ આવે. અહિ ત્રિદંડીવેશે મિથ્યાત્વી પરિવ્રાજકો ઉપવાસ, બ્રહ્મચર્યાદિના પ્રભાવે આવી શકે. આ દેવો એકાવતારી હોય છે. મતાંતરે સાત અથવા આઠ ભવ કરનારા હોય છે.

### ❑ પાંચ અનુત્તરમાં કોણ ઉત્પન્ન થાય ?

જે આત્માઓને મોક્ષ પ્રત્યે તીવ્ર રુચિ પ્રગટ થાય અને તે માટે પ્રમાદનો ત્યાગ કરીને અપ્રમતપણે સંયમની સાધનાના પ્રયત્નવાળા હોય તેમને આયુષ્ય સાત લવ ઘટી જાય અથવા છટ્ઠનો તપ સાધનામાં ખૂટી જાય એવા આત્માઓ

અનુત્તર દેવલોકમાં ઉત્પન્ન થાય. અહીં સમ્યગ્દૃષ્ટિ જીવો જ અપ્રમત સંયમની સાધના વડે આવી શકે. અનુત્તર એટલે તેનાથી ઉત્તર આગળ કોઈ દેવલોક ન હોય અર્થાત્ આનાથી અધિક પૌદ્ગલિક સુખ બીજા કોઈપણ સ્થાનમાં ન હોય. વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત એમ ચાર દિશામાં ચાર અને સર્વાર્થસિદ્ધ તેની વચ્ચે હોય ત્યાંથી સિદ્ધશીલા બાર યોજન દૂર છે. નવમા ગ્રેવેયક અને પાંચ અનુત્તર વિમાનો આકાશમાં પ્રતિષ્ઠિત શ્વેત રંગના છે. સર્વાર્થસિદ્ધ ગોળ બાકીના ત્રિકોણ છે. સર્વાર્થસિદ્ધના દેવો એકાવતારી બાકીના બે ભવ પણ કરે. એક હાથ પ્રમાણ શરીર અને શય્યામાંથી ઉભા પણ ન થાય. તત્ત્વ વિચારણા રૂપ રમણતામાં કાળ પસાર કરે. મોતીઓના ટકરાવાથી દિવ્ય સંગીત, નાટકો જોવામાં કાળ પસાર કરે છે. આ દેવોને વીતરાગ પ્રાયઃ પણ કહેવાય છે.

## ❑ દેવલોકનો વ્યવહાર :

ચાર નિકાયના દેવમાં દસ પ્રકારના દેવો વડે દેવલોકનું તંત્ર સુવ્યવસ્થિત ચાલે છે. કલ્પોપન્ન દેવોની વ્યવસ્થા ઈન્દ્રાદિ દસ પ્રકારના દેવોથી થાય.

(૧) **ઈન્દ્ર :** રાજા તરીકે સર્વ દેવો તેની આજ્ઞા માને.

(૨) **સામાનિક :** ઈન્દ્ર સમાન ઋદ્ધિવાળો અને ઈન્દ્રને પણ તે પૂજ્ય ઈન્દ્રને તેના કાર્યમાં સહાય સલાહ આપે. (મુખ્યમંત્રી રૂપે)

(૩) **ત્રાયસ્ત્રિંશત્ :** ૩૩ની સંખ્યા હોય. ઈન્દ્રોની માલિકીના વિમાનોની ચિંતા કરે. શાંતિ કાર્ય કરવા વડે પુરોહિતનું કાર્ય કરે. ઈન્દ્રના મંત્રી કહેવાય.

(૪) **પર્ષદા :** ઈન્દ્ર મિત્ર સરખા દેવ સભામાં બેસે. તેમને ત્રણ પર્ષદા હોય.

(૫) **આત્મરક્ષક :** ઈન્દ્રની પાસે શસ્ત્ર ધારણ કરીને ઉભા રહે.(અંગરક્ષક)

(૬) **લોકપાલ :** ઈન્દ્ર મહારાજાએ ફરમાવેલ આદેશ પ્રમાણે વ્યવસ્થા કરનાર

તથા શિક્ષા કરનાર. ઈન્દ્રના વિમાનની ચારે દિશામાં તેના વિમાનો હોય. પૂર્વમાં સોમ, દક્ષિણમાં યમ, પશ્ચિમમાં વરુણ અને ઉત્તરમાં કૂબેર. દરેક લોકપાલ પટ્ટરાણી અને એક હજાર પરિવારયુકત હોય.

**(૭) અનિક :** (સૈન્યરૂપદેવો) હાથી, ઘોડા, રથ, મહિષ (પાડો), પાયદળ ગંધર્વ, નાટય એમ સાત પ્રકારે સૈનિક દેવ હોય.

**(૮) પ્રકીર્ણક :** સામાન્ય પ્રજા જેવા દેવો હોય.

**(૯) આભિયોગિક :** નોકર, ચાકર, દાસ તરીકે કાર્ય કરતા દેવો.

**(૧૦) કિલ્બિષિક :** ચંડાળ, ભંગી જેવા કાર્ય કરનાર ઉપરના દેવો વડે તિરસ્કાર પામનાર, બીજા, ત્રીજા અને છટ્ઠા દેવલોક નીચે રહેનારા. તે અસ્પૃશ્ય હલકા દેવો ગણાય. પૂર્વ ભવમાં ધર્મની નિંદા, ઉત્સૂત્રની પ્રરૂપણા, આચાર્ય, ગુરુની હિલના કરનારાને આ ભવની પ્રાપ્તિ થાય. જમાલી અહીં ઉત્પન્ન થયો.

## ❑ દેવલોકમાં શું હોય ?

આગમમાં વર્ણન આવે છે. સૂર્યાભદેવનું વિમાન સૌધર્મ કલ્પમાં બત્રીસ લાખ વિમાનોના વચ્ચે પાંચ અવતંસ તેમાં વચ્ચે સુધર્મા અવતંસ (રત્નમય) તેની પૂર્વ દિશામાં અસંખ્યલાખ યોજન સૂર્યાભ વિમાન અને તેની ફરતો ચારે બાજુ એક મોટો ગઢ ૩૦૦ યોજન ઉંચો,પાંચ રત્નમય રંગવાળા વિમાનની ચારે બાજુ ચાર હજાર બારણા, એક બારણું ૫૦૦ યોજન ઊંચું, પહોળું ૨૫૦ યોજન પ્રવેશમાં શિખરો સુવર્ણમય, થાંભલા રત્નમય, તળિયું પંચરત્નથી મઢેલું હોય. વિમાનમાં ૧૬૮ ગોખલા (બારીઓ) તેટલી જ બેઠકો પૂતળીઓ, ૧૬–૧૬ કમળો પર ચંદન કળશો. સુગંધી પાણીથી ભરેલા, એક બારી પર ૧૦૮ ધ્વજા અને વિમાનની ચારે બાજુ ચાર વનખંડો તેમાં નદી, તળાવ, કૂવા અને એક હજાર પાંખડીવાળા કમળો.

## ❑ દેવલોકની સામાજીક વ્યવસ્થા :

**(૧) ઉપપાત સભા :** જ્યા રહેલી દેવશૈયામાં પૂણ્ય બાંધીને આવેલો જીવ યુવાન દેવ તરીકે ઉત્પન્ન થાય.

**(૨) અભિષેક સભા :** જ્યારે એ દેવ આંખ ખોલીને ચારે બાજુ નજર કરે અને કંઈક વિચારે એ પહેલા આજુબાજુમાં રહેલા દેવો તેને અભિષેક સભામાં લઈ જાય અને ત્યાં તેનો અભિષેક કરે છે.

**(૩) અલંકાર સભા :** વસ્ત્રો, અલંકારો તથા ફૂલની માળા આ સભામાં તેમને પહેરાવવામાં આવે છે. આયુષ્ય પૂર્ણ થવાના છ મહિના બાકી હોય ત્યારે આ ફૂલની માળા કરમાવા માંડે છે. જે દેવો ચરમશરીરી હોય તથા ચોસઠ ઈન્દ્રોની ફૂલની માળા કરમાતી નથી.

**(૪) વ્યવસાય સભા :** આ સભામાં તેમને તેમનું સ્થાન, કાર્ય વગેરેની જાણકારી આપવામાં આવે છે તથા રત્નનું એક પુસ્તક આપવામાં આવે છે જેમાં દેવોના આચારો લખ્યા હોય છે.

**(૫) સુધર્મા સભા :** ત્યારબાદ તેમને નંદા સરોવર (વાવડી)માં ફરીથી નવડાવે, વસ્ત્રો પહેરાવે પછી તેમને શાશ્વતા ચૈત્યમાં પૂજા કરવા મોકલે અને ત્યારબાદ તેઓ દેવલોકના સુખો ભોગવે છે.

દેવોમાં બે પ્રકારની દેવીઓ હોય (૧) પરિગૃહીતા–દેવની (પત્નીરૂપ) પટ્ટરાણી (૨) અપરિગૃહીતા – સર્વ દેવ પાસે જનારી (વેશ્યા) દેવીઓ પહેલા અને બીજા દેવલોક સુધી ઉત્પન્ન થાય પછી દેવીઓ ઉત્પન્ન ન થાય પણ આઠમાં દેવલોક સુધી અપરિગૃહીતા દેવીઓ જાય.

## ❑ દેવોને રહેવાનાં નિવાસ સ્થાનો (ભવનો) :

જઘન્ય નાનામાં નાના એક લાખ યોજન (જંબૂદ્વીપ પ્રમાણ) અને ઉત્કૃષ્ટથી અસંખ્ય યોજનના હોય છે. દેવલોકની શય્યા પર દેવો ઉત્પન્ન થાય, ઉત્પન્ન થતી વખતે તેમના શરીરની અવગાહના અંગુલના અસંખ્યાતમો ભાગ

પ્રમાણ અને અંતમુહૂર્તમાં તે સાત હાથ પ્રમાણ થઈ જાય. પોતાના દેવલોકની બહાર તિર્ચ્છાલોકમાં જાય ત્યારે તે ઉત્તર વૈક્રિય શરીર બનાવે અને તે શરીર ઉત્કૃષ્ટે એક લાખ યોજન સુધીની ઊંચાઈવાળું વિકુર્વી શકે. નાનું શરીર અંગુલના અસંખ્યાતમા ભાગનું અદશ્ય પણ બનાવી શકે. બીજાનાં શરીરમાં પણ પ્રવેશી શકે અને બીજાના શરીરમાં પ્રવેશીને પૂર્વના વૈરાદિને યાદ કરીને બીજાને પીડા પણ આપી શકે. વિવિધ રૂપ પણ ધારણ કરી શકે અને વૈક્રિય રૂપ કરી તીર્થંકરોના કલ્યાણક વખતે સમોવસરણની રચના કરવા અથવા નંદીશ્વર દ્વીપ આદિમાં મહોત્સવ કરવા પણ જાય. પરમાધામી દેવો વૈક્રિય રૂપ કરી પહેલી, બીજી કે ત્રીજી નરકમાં જઈ ત્યાં નારકીના જીવોને વિવિધ રૂપ કરી વિવિધ પ્રકારની વેદના આપવા વડે ભવભ્રમણ વધારે.

ooo

# ★ સિદ્ધના ૧૫ ભેદ ★

**ગાથા : ૨૫**

**સિદ્ધા પનરસ-ભેયા, તિત્થા-ઽતિત્થા-ઽઽઈ-સિદ્ધ-ભેએણં**
**એએ સંખેવેણં, જીવ વિગપ્પા સમક્ખાયા. ॥ ૨૫ ॥**

તીર્થસિદ્ધા અતીર્થસિદ્ધાદિક ભેદે જાણજો,
મુકત જીવના ભેદ પંદર, હૃદય અંદર આણજો. ૨૫

સિદ્ધોના આત્માઓ પીસ્તાલીસ લાખ યોજન પ્રમાણ લોકાંત પર સંખ્યામાં પાંચમે અનંતે રહેલાં છે. સિદ્ધના સર્વ આત્માઓ સ્વરૂપથી અને સ્વભાવથી એક સરખા છે તેમાં કોઈપણ ભેદ રહેતો નથી. બધા જ આત્માઓ સર્વ કર્મ-કાયા અને કષાયથી સંપૂર્ણ મુક્ત છે. તેમના અસંખ્યાત આત્મ પ્રદેશો સંપૂર્ણ શુદ્ધ અરૂપી-નિરાકાર છે અને સર્વ આત્મ પ્રદેશોમાં અનંત જ્ઞાનાદિ ગુણ પૂર્ણ પ્રગટેલા છે. તેઓ સર્વ સદાકાળ તેને ભોગવવામાં લીન છે. સર્વ પ્રકારના સંગથી રહિત, અસંગદશાવાળા, શાશ્વતકાળ સુધી અવ્યાબાધ સુખના ભોક્તા રૂપે રહેલા છે. છતાં સિદ્ધના પંદર ભેદ બતાવવાનું પ્રયોજન સિદ્ધના આત્માઓ જ્યારે સિદ્ધપણાને પામ્યા તે વખતે તેમની પૂર્વ અવસ્થા જે હતી તેનો ત્યાગ કર્યો તે અપેક્ષાએ તેમના ભેદો અહીં કહ્યાં છે.

❑ **સિદ્ધના પંદર ભેદો :**

(૧) **જિન સિદ્ધ :** જે આત્માઓ તીર્થંકર નામકર્મ બાંધીને તીર્થની સ્થાપના કરવા વડે તીર્થંકર થયા અને પછી જે સિદ્ધ થયા તેઓને જિન સિદ્ધ કહ્યા. (મહાવીર પરમાત્મા)

(૨) **અજિન સિદ્ધ :** જે આત્માઓ તીર્થંકર થયા વિના કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને સિદ્ધ થાય તે અતીર્થંકર સિદ્ધ કહેવાય. (ગૌતમ સ્વામી વગેરે)

(૩) **તીર્થ સિદ્ધ :** તીર્થની સ્થાપના થયા પછી જે આત્માઓ સિદ્ધ થાય તે તીર્થ સિદ્ધ કહેવાય. (જંબૂસ્વામી વગેરે)

(૪) **અતીર્થ સિદ્ધ :** તીર્થની સ્થાપના થયા પૂર્વે જે આત્માઓ સિદ્ધ થાય તે અતીર્થ સિદ્ધ કહેવાય. (મરુદેવી માતા).

(૫) **ગૃહલિંગ સિદ્ધ :** ગૃહસ્થ વેશમાં જે કેવલજ્ઞાન પામી સિદ્ધ થાય તે. (ભરત મહારાજા આદિ)

(૬) **સ્વલિંગ સિદ્ધ :** જિન લિંગે સિદ્ધ થાય તે. (ગજસુકુમાલાદિ)

(૭) **અન્યલિંગ સિદ્ધ :** અન્ય તાપસાદિ વેશમાં જે કેવલજ્ઞાન પામી સિદ્ધ થાય તે અન્યલિંગ સિદ્ધ ગણાય. (વલ્કલચીરિ.)

(૮) **સ્ત્રીલિંગ :** સ્ત્રી પર્યાયે સિદ્ધ થાય તે. (ચંદનબાળા આદિ)

(૯) **નરલિંગ સિદ્ધ :** પુરુષ પર્યાયે સિદ્ધ થાય તે. (કૂર્માપુત્રાદિ)

(૧૦) **નપુંસક લિંગ સિદ્ધ :** નપુંસક પર્યાયે સિદ્ધ થાય તે. જે જન્મથી નપુંસક ન હોય ને પાછળથી કૃત્રિમ રીતે નપુંસક થયા હોય તે સિદ્ધ થઈ શકે. (ગાંગેય) (જન્મથી નપુંસક હોય તેવા આત્મા સિદ્ધ થઈ શકતા નથી.)

(૧૧) **પ્રત્યેક બુદ્ધ સિદ્ધ :** કોઈ નિમિત્ત પામીને જે સાધુપણું સ્વીકારે ને કેવલજ્ઞાન પામીને સિદ્ધ થાય તે (કરકંડુ), કપિલ બે માષા સુવર્ણ લેવા ગયેલ પછી લોભ વધતા મર્યાદા વધારી અને વિચાર કરતા વૈરાગ્ય ભાવ થયો અને ત્યાં જ સાધુપણું સ્વીકારી લીધું.

(૧૨) **સ્વયંબુદ્ધ સિદ્ધ :** તીર્થંકર પરમાત્મા પોતાની મેળે જ બોધ પામે છે તેમનાં કોઈ ગુરુ બની શકે નહીં. તેઓ જન્મતાં જ નિર્મળ એવા ત્રણ જ્ઞાનને ધારણ કરનાર હોય છે.

(૧૩) **બુદ્ધ બોધિત સિદ્ધ** : ગુરુ વડે બોધ પામીને સિદ્ધ થનારા. (૧૫૦૦ તાપસો આદિ)

(૧૪) **એક સિદ્ધ** : વીર પ્રભુ એકલા જ સિદ્ધ થયાં.

(૧૫) **અનેક સિદ્ધ** : એકી સાથે અનેક આત્માઓ સિદ્ધ થાય તે. પુંડરિક સ્વામી પાંચ ક્રોડની સાથે, પાંડવો વીસક્રોડ સાથે.

સિદ્ધોનું સુખ જગતમાં કોઈપણ સુખની તુલના કે ઉપમાને પામી શકે તેવું નથી.

**નવિ અત્થિ મણુસ્સાણં, સુખ નવિ સવ્વ દેવાણં**
**જં સિદ્ધાંણં સુખં, અવ્વાબાહં ઉવગયાણં.**

અવ્યાબાધ સ્થિતિને પામેલા સિદ્ધોને જે સુખ છે તે મનુષ્યોને કે સર્વ દેવોને પણ નથી.

**સુરના સુખ ત્રિહુંકાળના, અનંત ગુણા તે કીધ.**
**અનંત વર્ગ વર્ગિત કર્યા, તો પણ સુખ સમિધ ॥૪૨॥**
**તે સુખની ઈચ્છા કરો તો, મૂકો પુદ્ગલસંગ.**
**અલ્પ સુખને કારણે, દુઃખ ભોગવે પરસંગ ॥૪૩॥**
**(અધ્યાત્મ ભાવની)**

સર્વ દેવોના ત્રણે કાળના સુખને ભેગું કરવામાં આવે અને અનંતવર્ગથી તેને ગુણવામાં આવે તો પણ તે સુખ સિદ્ધના સુખની તોલે અંશ રૂપ પણ ન આવે. દેવનું સુખ પુદ્ગલના સંગથી પ્રાપ્ત થનારું છે. તે સુખ પણ અપેક્ષાએ પીડારૂપ જ છે. જ્યારે સિદ્ધોનું સુખ કોઈપણ પુદ્ગલના સંગથી રહિત આત્મામાં રહેલું સ્વાભાવિક સુખ છે. તે મેળવવા પુદ્ગલના સુખનો ત્યાગ અવશ્ય કરવો જ પડે. જ્યાં સુધી આત્મા સર્વ પુદ્ગલ–સંગનો ત્યાગ કરતો નથી ત્યાં સુધી પુદ્ગલના સંગ રૂપ દેહમાં રહીને બીજા દેહવાળા જીવોને અર્થાત્ કર્મના ઉદયથી જે જે શરીરાદિ પ્રાપ્ત થાય છે તે વડે સ્વયં પીડા ભોગવે અને

બીજાને પણ પીડા ભોગવવામાં નિમિત્ત બને. કયા–કયા જીવ પર્યાયમાં કેવા કેવા શરીર વડે કેટલો કાળ તે દુઃખ પામશે તેની વાતો ગ્રંથકાર હવે પછીની ગાથામાં જણાવશે.

## ❑ માપ ❑

**માપ ત્રણ પ્રકારે :** (૧) ઉત્સેધ અંગુલ (૨) પ્રમાણ અંગુલ (૩) આત્માંગુલ.

**(૧) ઉત્સેધ અંગુલ :** સ્વદેશ, સ્વક્ષેત્ર, સ્વકાળે, પોતાનું જેવું શરીર હોય તેના પ્રમાણથી સ્વાંગુલ માપ અથવા

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૮ | જવ | = | ૧ અંગુલ | – | – | – | |
| ૧૨ | અંગુલ | = | ૧ વેંત | – | – | – | |
| ૨ | વેંત | = | ૧ હાથ | = | ૨૪ અંગુલ | = ૧/૪ ધનુષ્ય | |
| ૪ | હાથ | = | ૧ ધનુષ્ય | = | ૯૬ અંગુલ | | |
| ૨૦૦૦ | ધનુષ્ય | = | ૧ ગાઉ | = | ૧,૯૨,૦૦૦ અંગુલ | | |
| ૧ | ગાઉ | = ૨ માઈલ, ૩ ગાઉ = ૬ માઈલ = ૧૦ કિલોમીટર | | | | | |
| ૪ | ગાઉ | = | ૧ યોજન | – | – | – | |

(દેવ, મનુષ્યોનાં શરીર તથા બીજી અશાશ્વત વસ્તુઓ આ માપે મપાય)

**(૨) પ્રમાણ અંગુલ :** ઉત્સેધ અંગુલથી ૪૦૦ ગણું પ્રમાણ અંગુલ થાય. (શાશ્વતી વસ્તુ, વિમાનાદિ આ માપે મપાય)

**(૩) આત્માંગુલ :** જે કાળે ભરત, રામ આદિ, મનુષ્યોના શરીર પ્રમાણયુક્ત હોય તેમનું અંગુલ આત્માંગુલ ગણાય. (નદી, તળાવાદિ આ માપે મપાય)

### ❑ બીજી રીતે માપનો કોઠો ❑

| | |
|---|---|
| ૮ યવમધ્ય= ૧ ઉત્સેધાંગુલ | ૪ ઉત્સેધાંગુલ = ૧ મુઠી |
| ૬ ઉત્સેધાંગુલ = ૧ પાદ | ૩ મુઠી = ૧ વેંત |
| ૨ પાદ = ૧ વેંત | ૨ વેંત = ૧ હાથ |

૨ વેંત = ૧ હાથ
૨ હાથ = ૧ કુક્ષી
૨ કુક્ષી = ૧ ધનુષ્ય
૨ હજાર ધનુષ્ય = ૧ ગાઉ
૪ ગાઉ = ૧ યોજન

દસ હાથ = ૧ વંશ
વીસ વંશ = ૨૦૪ હાથ
૨૦૪ હાથ = ૧ ક્ષેત્ર

**નોંધ : જીવોના શરીરની અવગાહના, આયુષ્ય તથા કાયસ્થિતિ વગેરેના કોઠા આ પુસ્તકના પાછળના ભાગમાં આપેલા છે.**

## ❑ જીવોના શરીરની અવગાહના ❑

ગ્રંથકાર પૂ. શાંતિસૂરિ મહારાજ હવે જે જીવોએ પોતાનું સત્તાગત શુદ્ધ સ્વરૂપ, સર્વસંગથી રહિત, પૂર્ણ સિદ્ધત્વ પ્રગટ કર્યું નથી તેવા સંસારી જીવો કઈ રીતે પીડા પામશે અથવા કર્મ વડે અપાયેલ કઈ સામગ્રી વડે પીડા પામશે અને બીજા જીવોને પણ પીડા આપવામાં નિમિત્ત બનશે તે વાત જણાવે છે. આયુષ્ય કર્મના ઉદયે શરીરાદિ દ્રવ્ય પ્રાણોની સાથે રહેવા જેટલો કાળ પસાર કરવાનો છે તેના માટે શરીર (ઔદારિકાદિ) ધારણ કરવા જીવે યોનિ રૂપ યંત્રમાં પીલાવું પડે. આત્માના ભાવ પ્રાણોની વિરુદ્ધ એવા કયા દ્રવ્ય પ્રાણોને જીવે ધારણ કરવા પડશે, તથા ક્યા ક્યા દેહમાં (ભવમાં) કેટલા પ્રાણો ધારણ કરવાના અને કેટલો કાળ તેને જીવ ધારણ કરશે ? તે વિગત ગ્રંથકાર કહે છે. પ્રથમ શરીરનું પ્રમાણ કહેવાય છે.

**ગાથા : ૨૬**

**એએસિં જીવાણં, શરીર માઉઠિઈ સકાયંમિ**
**પાણા જોણિ–પમાણં, જેસિં જં અત્થિ તં ભણિમો. ॥ ૨૬ ॥**

સંક્ષેપથી રૂડી રીતે, ભેદો કહ્યા એ જીવના;
હવે એ જીવોમાં જેટલું છે, તેટલું હે ભવિજના !
શરીર ને આયુષ્યનું, ત્રીજું સ્વકાય સ્થિતિતણું;
પ્રમાણ પ્રાણ ને યોનિઓનું, દાખશું તેઓ તણું. ૨૬

ગાથા : ૨૭

**અંગુલ–અસંખ–ભાગો, સરીરમેગિંદિયાણં સવ્વેસિં ।**
**જોયણ–સહસ્સમહિયં, નવરં પત્તેય રુકખાણં ॥ ૨૭ ॥**

અસંખ્યાતમા અંગુલના, વિભાગ જેટલું ભાખિયું,
શરીર સવિ એકેન્દ્રિયોનું, આટલું વધુ દાખિયું,
હજાર યોજનથી અધિક, પ્રત્યેક તરુનું ભાખિયું. ૨૭

## ❑ એકેન્દ્રિય જીવોના શરીરની અવગાહના :

અંગુલના અસંખ્યાતમા ભાગથી માંડીને સાધિક હજાર યોજન સુધી હોય. તેમાં પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય અને સાધારણ વનસ્પતિકાય, સૂક્ષ્મ અને બાદર સર્વ જીવનું શરીર માપ (અવગાહના) જઘન્ય કે ઉત્કૃષ્ટથી અંગુલના અસંખ્યાતમા ભાગથી અધિક ન હોય. અંગુલના અસંખ્યાતમા ભાગમાં પણ તેના અસંખ્ય ભેદો હોવાથી તેમાં પણ દરેકના અંગુલના અસંખ્યાતમા ભાગમાં તરતમતા હોય. આંગળીના એક વેઢા જેટલો ભાગ તે એક અંગુલ કહેવાય. તેના અસંખ્યાતમા ભાગ જેટલું એક શરીર હોય તેટલા સૂક્ષ્મ માપે સ્થાવરોનું શરીર અત્યંત સૂક્ષ્મ હોય. અસંખ્યાતા શરીર કે અનંત શરીર ભેગા થાય તો પણ ઈન્દ્રિયોનો વિષય ન બને. બાદર જીવો અસંખ્યાતા ભેગા થાય ત્યારે ઈન્દ્રિયોનો વિષય બને. પર્યાપ્ત એક પૃથ્વીકાય જીવના શરીરની અવગાહનામાં (અંગુલના અસંખ્યાત ભાગમાં) અપર્યાપ્ત પૃથ્વીકાયના જીવો અસંખ્યાતા લોકાકાશના અસંખ્ય આકાશ પ્રદેશો તેટલા અસંખ્યાતા ૧૪ રાજલોકના જે અમુક સંખ્યા પ્રમાણ એક બાદર પૃથ્વીકાય જીવની સાથે અપર્યાપ્ત અવસ્થા રૂપે રહેલા હોય. આથી એક સોયના અગ્રભાગ ઉપર લીધેલા કાચા મીઠાનો કણિયો જે આંખેથી જોઈ શકાય છે, તેમાં અસંખ્યાતા શરીરો ભેગા થયેલા છે. તે જીવો સાતે નારકીના કુલ જીવો કરતાં અસંખ્યાત ગુણા અધિક અથવા ચારે નિકાયના દેવોની સંખ્યા કરતા અસંખ્યાતગુણા અધિક રહેલા હોય છે. આથી કાચું મીઠું આદિ પૃથ્વીકાયાદિની

વિરાધનામાં આટલી હિંસા થાય અર્થાત્ તે જીવોને આપણા તરફથી પીડા થાય. જેમ શરીર સૂક્ષ્મ તેમ કોમળ વધારે હોય અને તેમાં અસંખ્યાત આત્મપ્રદેશો સંકોચાઈને રહેલાં હોય તેથી તે જીવોને પીડા વધારે થાય. અશાતાના ઉદય રૂપ અવ્યક્ત પીડા તેમને ચાલુ જ હોય છે પણ આપણે આપણા સુખ ખાતર તેનું છેદન, ભેદન, દહન આદિ કરવા વડે મહાવેદનામાં નિમિત્ત બનીએ છીએ.

## સૂક્ષ્મ તથા બાદર સ્થાવરકાયની અવગાહનાની તરતમતા (ભગવતી શતક ૧૯૩–૩)

### પાંચ સ્થાવરોની અવગાહનાનું અલ્પબહુત્વ

| જીવ પ્રકાર | પૃથ્વી | અપ. | તેઉ. | વાયુ. | પ્રત્યેક વન. | સાધારણ (નિગોદ) |
|---|---|---|---|---|---|---|
| સૂક્ષ્મ અપર્યા. જઘન્ય | ૫ અસં. | ૪ અસં. | ૩ અસં. | ૨ અસં. | × | ૧ સર્વથી થોડા |
| સૂક્ષ્મ અપર્યા. ઉત્કૃષ્ટ | ૨૫ વિશે. | ૨૨ વિશે. | ૧૯ વિશે. | ૧૬ વિશે. | × | ૧૩ વિશે. |
| સૂક્ષ્મ પર્યા. જઘન્ય | ૨૪ અસં. | ૨૧ અસં. | ૧૮ અસં. | ૧૫ અસં. | × | ૧૨ અસં. |
| સૂક્ષ્મ પર્યા. ઉત્કૃષ્ટ | ૨૬ વિશે. | ૨૩ વિશે. | ૨૦ વિશે. | ૧૭ વિશે. | × | ૧૪ વિશે. |
| બાદર અપર્યા. જઘન્ય | ૯ અસં. | ૮ અસં. | ૭ અસં. | ૬ અસં. | ૧૦ તુલ્ય | ૧૧ તુલ્ય |
| બાદર અપર્યા. ઉત્કૃષ્ટ | ૩૭ વિશે. | ૩૪ વિશે. | ૩૧ વિશે. | ૨૮ વિશે. | ૪૩ અસં. | ૪૦ વિશે. |
| બાદર પર્યા. જઘન્ય | ૩૬ અસં. | ૩૩ અસં. | ૩૦ અસં. | ૨૭ અસં. | ૪૨ અસં. | ૩૯ અસં. |
| બાદર પર્યા. ઉત્કૃષ્ટ | ૩૮ વિશે. | ૩૫ વિશે. | ૩૨ વિશે. | ૨૯ વિશે. | ૪૪ અસં. | ૪૧ વિશે. |

ક્રમાંક પ્રમાણે અલ્પબહુત્વ જાણવું. અસં = અસંખ્યાતગુણ. વિશે = વિશેષાધિક

સૂક્ષ્મ નામકર્મના ઉદયથી જેને સૂક્ષ્મ શરીર મળ્યું હોય તે સૂક્ષ્મ જીવો બાદરથી છેદન ભેદનાદિ પામતા નથી તેથી તેમની વિરાધના આપણાથી શક્ય નથી પણ બાદર જીવોની વિરાધના સતત થવાની શક્યતા છે. સૌથી વધારે કોમળ શરીર અને સૂક્ષ્મ અવગાહના બાદરમાં વાયુકાય જીવોની છે અને તેનો સંયોગ સતત શરીર સાથે ચાલુ હોય છે તેથી તેની વિરાધના વધારે થવાની શક્યતા છે.

❑ **વાયુકાયના જીવોની વિરાધના કઈ રીતે થાય ?**

**ઘ્રાણાદિતોડનું પાતેન, શ્વાસેનૈકેન જન્તવ : ।**
**હન્યતે શતશો બ્રહ્મન્નળુ માત્ર અક્ષર વાદિનામ્ ॥**
**(સાંખ્યમત)**

હે ! બમ્હન : એટલા માત્ર અક્ષરને બોલનારાઓની નાસિકા અને મુખમાંથી નીકળેલા એક શ્વાસ વડે સેંકડો વાયુકાયના જીવો હણાય છે. આથી સાંખ્ય પરિવ્રાજકો જ્યારે બોલે ત્યારે મુખ તથા નાસિકાના વાયુ દ્વારા જીવોને વ્યાઘાત ન થાય તે માટે તેઓ મુખ પાસે લાકડાની પાટલીને રાખીને બોલે છે.

**વૈક્રિય શરીરિણઃ શક્રસ્યડપિ અનાવૃત્તમુખત્વેન ।**
**ભાષમાણસ્ય ભાષા સાવદ્યા ભવતિ ॥**
**તદા સુતરાણા મનુષ્યાણં ભાષા સાવદ્યા ભવતિ**
**(ભગવતી–સંદેહદોહવલી ટીકા)**

વૈક્રિય શરીરને ધારણ કરનાર ઈન્દ્ર પણ જો ઉઘાડા મુખે બોલે તો વાયુકાયની વિરાધના થવા વડે તેની ભાષા સાવદ્ય બને તો પછી મનુષ્યની ભાષા **સુતરાં સાવદ્ય** જ બને. તેથી બોલતી વખતે મુહપત્તિનો ઉપયોગ રાખવો જોઈએ, નહીં તો અસંખ્યાતા વાયુકાયના જીવોની વિરાધનાનું પાપ લાગે. તેમ અગ્નિકાય અને અપ્કાયના જીવો પણ કોમળ છે તેથી તેના ઉપયોગમાં પણ સાવધાની રાખવી જરૂરી. વધારે અનુકૂળતા તે જીવો તરફથી જ મળે છે તેથી તેની વિરાધનાની સંભાવના વિશેષ છે. તે જ રીતે સુંવાળી માટી (પૃથ્વીકાય) પણ વધારે કોમળ હોય છે. તેમના સૂક્ષ્મ શરીરના સમૂહથી કોમળતા પ્રાપ્ત થાય. કાળી, લાલ, રાખોડી, પીળી, સફેદ અને ગોપી ચંદનની માટી અત્યંત સુંવાળી હોય છે તેથી તેના ઉપયોગ વખતે વિરાધના ન થાય તે લક્ષમાં રાખવું જરૂરી છે.

❑ **પ્રત્યેક વનસ્પતિના શરીરની અવગાહના :**

જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અને ઉત્કૃષ્ટ સાધિક

એક હજાર યોજન હોય છે. સ્વયંભૂરમણ સમુદ્ર એક હજાર યોજન ઊંડો છે તેના તળિયે કાદવમાં કમળની ઉત્પત્તિ થાય અને તેની દાંડી એક હજાર યોજન પાણીના ઉપરના ભાગની સપાટી સુધી લાંબી હોય. કમળ પુષ્પ રૂપે ઉપર ફેલાયેલું હોય તેથી સાધિક એક હજાર યોજન થયું. વૃક્ષ જેટલું મોટું તેમ તેના મૂળિયા જમીનમાં ઊંડા–ઊંડા આહારની સતત શોધમાં હોય, વનસ્પતિ નિરંતર આહાર ગ્રહણ કરે અર્થાત્ આહારની પીડા ચાલુ હોય. મૂળિયા રૂપ શરીર માટી પાણીનું શસ્ત્ર રૂપ બને. આમ પાંચે સ્થાવરકાય જીવોને નિરંતર વેદના જેમ કોઈ દુશ્મનાદિને કંટકાદિના માર મારવામાં આવે અને તેની ઉપર મીઠાના કે મરચાના પાણી છાંટવામાં આવે તેનાથી અસંખ્યાત ગણી વેદના આ જીવોને હોય, છેદન–ભેદનાદિ થી થતી વેદના તો વધારાની છે.

**ગાથા : ૨૮**

**બારસ જોયણ તિન્નેવ, ગાઉઆ જોયણં ચ અણુક્કમસો**
**બેઈંદિય તેઈંદિય, ચઉરિંદિય–દેહમુચ્ચત્તં. ॥ ૨૮ ॥**

શરીર યોજન બારનું, બેઈન્દ્રિયોનું આખિયું;
ત્રણ ગાઉનું તેઈન્દ્રિયનું, ચઉરિન્દ્રિયનું યોજન તનુ. ૨૮

## ❑ વિકલેન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ અવગાહના :

બેઈન્દ્રિયની બાર યોજન, તેઈન્દ્રિયની ત્રણ ગાઉ અને ચઉરિન્દ્રિયની ચાર ગાઉ = એક યોજન પ્રમાણ હોય છે. ઉત્કૃષ્ટ અવગાહનાવાળા જીવો મોટે ભાગે અઢીદ્વીપની બહાર હોય છે. શંખ વગેરે બાર યોજન વિસ્તારવાળા હોય, જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી હોય છે.

અઢીદ્વીપની અંદર જ્યારે ચક્રવર્તીઓ વિદ્યમાન હોય અને તેઓનું છન્નું કરોડના પાયદળનું આયુષ્ય એક સાથે પૂર્ણ થવાનું હોય ત્યારે બાર યોજન વિસ્તારવાળા આસાલિક (બેઈન્દ્રિય જીવ) ઉત્પન્ન થાય. તે અંતર્મુહૂર્તના આયુષ્યવાળો હોય અને તે મરણ પામે તે વખતે ખાડો પડે તેમાં ૯૬ કરોડ

પાયદળ એકી સાથે દટાઈને મરણ પામે. બેઈન્દ્રિયનું આ ઉત્કૃષ્ટ શરીર અનેક જીવોના મરણમાં નિમિત્તભૂત બને.

તેઈન્દ્રિય જીવો કાનખજૂરા, કીડી વગેરે ત્રણ ગાઉના શરીર ધારણ કરનારા પ્રાયઃ અઢીદ્વીપની બહાર હોય. કીડીઓ સામાન્યથી ૦.૦૪ ઈંચ જેટલી હોય છે. ઉત્કૃષ્ટ અવગાહના ત્રણ ગાઉ હોય છે. કીડીઓની ૮૪૦૦૦ જાતો વૈજ્ઞાનિકોએ શોધી છે. ધ્રુવપ્રદેશ સહિત સર્વત્ર તે પથરાયેલી છે. કીડીઓ પોતાનાથી નાના જંતુઓને ખોરાક તરીકે આરોગે છે. કીડીની એક એવી જાત છે જેનાં શરીરમાં રસાયણિક દ્રવ્ય ભરેલું હોય છે. જેનો ઉપયોગ તે શસ્ત્ર રૂપે કરે છે. તેના સમગ્ર શરીરમાં એક છેડેથી બીજે છેડે પહોંચે તેમ વિષ ભરેલી એક સૂક્ષ્મ પેશી હોય છે. પોતે મરતાં–મરતાં વિષનો વરસાદ કરે છે. વળી સાથે–સાથે અન્ય પેશીઓમાંથી એવું પણ રસાયણ છોડે છે જે અન્ય કીડીઓને દુશ્મનના હુમલાનો સંદેશો પહોંચાડે છે. દક્ષિણ બ્રાઝિલમાં જલતી કીડીઓ (ફાયરએન્ટ) હોય છે. આ કીડીઓ પોતાનાં સ્વ બચાવ માટે ડંખે ત્યારે એવું વિષ ઠાલવે છે કે ડંખની જગ્યાએ ગરમાગરમ સોય ભોંકાય તેવી તીવ્ર બળ તરા થાય છે. આ ઉપરાંત આફ્રિકા, અગ્નિએશિયા, ઉત્તર ઓસ્ટ્રેલિયાનાં ઘટાટોપ જંગલોમાં વૃક્ષોની છત્રમાં વસાહત ઊભી કરનારી કીડીઓની એક જાત તો વણકર કહેવાય છે. તેની લાળ દ્વારા ઉત્પન્ન થતા રેશમના સુંદર તાંતણાઓ દ્વારા સેંકડો અને હજારો પાંદડાઓ અને ડાળીઓને બાંધી આકાશી વસાહત ઊભી કરે છે. કીડીઓ વીંછી, ગરોળી, સર્પ જેવાં ઝેરી પ્રાણીઓ પર એકી સાથે સમૂહમાં તૂટી પડે છે ને તેને ફોલી ખાય છે.

કીડીઓની અંદર સંપ – સહકાર પૂર્વક વર્તવાની શક્તિઓ રહેલી હોય છે. અમેરિકા ખંડના લુઈશિયાના – આર્જેન્ટિનામાં વસવાટ કરતી કીડીઓનો ખોરાક મોટે ભાગે શાકાહાર હોય છે. તેઓ વનસ્પતિના પાંદડા કાપી તેના ટુકડા કરી, પુષ્પોના ટુકડા કરી તેને ભેગા કરી તેમાંથી **ફૂગ** બનાવીને પછી તેને ખાય છે. કીડીઓમાં ચારે પ્રકારની સંજ્ઞા – આહાર, ભય, મૈથુન

અને પરિગ્રહ જોવા મળે છે. આ સંસ્કારો લઈને તેઓ મનુષ્યાદિ ભવમાં આવી છે અને ત્યાં પણ તેઓ વિશેષથી ચારેય સંજ્ઞાઓને પોષનારી બને છે. ઉત્કૃષ્ટ પ્રમાણ શરીરવાળી કીડીઓ અઢીદ્વીપની બહાર હોય છે.

### ❑ ચઉરિન્દ્રિય જીવોની અવગાહના :

**ચઉરિન્દ્રિય જીવ :** વીંછી, ભમરા, મધમાખી, પતંગિયા, મચ્છરાદિની ઉત્કૃષ્ટ અવગાહના એક યોજન = ચાર ગાઉ સુધીની હોય છે અને તે મોટા ભાગે અઢીદ્વીપની બહાર જંગલોમાં વિશેષથી હોય છે. જેમ શરીર મોટું તેમ તેમને આહાર માટે વધારે ભમવું પડે.

### ❑ નરકના જીવોની અવગાહના :

**ગાથા : ૨૯**

**ધણુ–સય–પંચ–પમાણા નેરઈયા સત્તમાઈ પુઢવીએ ।**
**તત્તો અદ્ધદ્ધુણ્ણા, નેયા રયણ–પ્પહા જાવ ॥ ૨૯ ॥**

સાતમી નરકે જીવોનું, પાંચસો ધનુનું તનુ;
નરક છટ્ઠીમાંહિ નારકનું, અઢીસો ધનુષ્યનું,
શરીર પાંચમી નારકમાંહિ, સવાસો ધનુષ્યનું.
ચોથી નારકીના જીવોનું, સાડી બાસઠ ધનુષ્યનું,
તનુમાન ત્રીજીમાં સવા, ઈગતીસ ધનુઓનું ગણું;
સાડી પંદર ધનુષ્ય ઉપર, બાર અંગુલ બીજીમાં,
ધનુષ્ય પોણાઆઠ ષટ્ અંગુલનું તનુ પહેલીમાં. ૨૯

સાતમી તમઃ તમપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ શરીરની ઊંચાઈ ૫૦૦ ધનુષ્ય પ્રમાણ છે અને તે ઘટતી–ઘટતી પ્રથમ નરકમાં પોણા આઠ ધનુષ્ય અને સાત અંગુલ જાણવી.

## ❑ સાત પૃથ્વીઓ ❑

| | નરક–પૃથ્વી નામ | જાડાઈ | નામ | પહોંળાઈ |
|---|---|---|---|---|
| ૧. | રત્નપ્રભા પૃથ્વી | ૧ લાખ ૮૦ હજાર યોજન | ઘમ્મા | ૧ રાજ પહોળી |
| ૨. | શર્કરાપ્રભા પૃથ્વી | ૧ લાખ ૩૨ હજાર યોજન | વંશા | ૨ રાજ પહોળી |
| ૩. | વાલુકાપ્રભા પૃથ્વી | ૧ લાખ ૨૮ હજાર યોજન | શૈલા | ૩ રાજ પહોળી |
| ૪. | પંકપ્રભા પૃથ્વી | ૧ લાખ ૨૦ હજાર યોજન | અંજના | ૪ રાજ પહોળી |
| ૫. | ધૂમપ્રભા પૃથ્વી | ૧ લાખ ૧૮ હજાર યોજન | રિષ્ટા | ૫ રાજ પહોળી |
| ૬. | તમઃપ્રભા પૃથ્વી | ૧ લાખ ૧૬ હજાર યોજન | મઘા | ૬ રાજ પહોળી |
| ૭. | તમસ્તમઃ પ્રભા પૃથ્વી | ૧ લાખ ૮ હજાર યોજન | માઘવતી | ૭ રાજ પહોળી |

દરેક પૃથ્વીની જાડાઈમાં પ્રતરો (માળા) આવેલાં છે. બે પ્રતરોની વચ્ચે આંતરું છે. દરેક પ્રતરની જાડાઈ ૩૦૦૦ યોજન હોય છે. ઉપર–નીચેના પ્રતર ગાઢ છે. વચ્ચેના પ્રતરોમાં પોલાણ છે જેમાં નરકાવાસો આવેલા છે. દરેક નરકાવાસની ઊંચાઈ ૧૦૦૦ યોજન છે. પણ ઉપરના ભાગમાં શિખરાકારે, ઘુમ્મટાકારે કે અણીવાળા થતાં હોવાથી સંકુચિત વિસ્તારે હોય છે.

પ્રથમ રત્નપ્રભા પૃથ્વીના ઉપર–નીચેના ૧–૧ હજાર યોજન છોડીને વચ્ચેના ૧ લાખ – ૭૮ હજાર યોજન પ્રમાણ ૧૩ પ્રતરો આવેલાં છે. તે પ્રતરોની વચમાં આંતરું–પોલાણ હોય છે તેમાં નરકાવાસ આવેલાં છે. ૧૩ પ્રતરોમાં ૩૦ લાખ નરકાવાસ છે. તેમાં કેટલાંક સંખ્યાત યોજનવાળા તેમાં સંખ્યાત નરકનાં જીવો અને કેટલાંક અસંખ્યાત યોજનવાળા તેમાં અસંખ્યાત નરકનાં જીવો રહેલા હોય છે. નાનામાં નાનો નરકાવાસ જંબૂદ્વીપના ભરતક્ષેત્ર (૬ ખંડ પ્રમાણ) ૫૨૬ યોજન ઉપર છ કલા પ્રમાણનો હોય છે. પ્રથમ નરકવાસ ૪૫ લાખ યોજન પ્રમાણ સીમંત નામે તેમાં સંખ્યાતા નરકનાં જીવો રહેલાં છે. એક નરકવાસથી બીજા નરકવાસનું આંતરું કેટલાક સંખ્યાત અને કેટલાંક અસંખ્યાત યોજને હોય છે. નારકીઓનો જન્મ

(ઉપપાત) કુંભીમાં અંતર્મુહૂર્તમાં સ્વદેહ–આયુષ્ય પ્રમાણ થાય છે. પહેલાં સીમંત નામના પ્રતરમાં ઉત્પન્ન થતી વખતે અંગુલના અસંખ્યાતમા ભાગનું શરીર અંતર્મુહૂર્તમાં ત્રણ હાથનું થઈ જાય છે.

**પ્રથમ રત્ના પૃથ્વીના નરકાવાસની ૧૩ પ્રતરના નરકોની શરીર અવગાહના**

| | | | |
|---|---|---|---|
| ૧લા પ્રતરમાં | ૦ | ૩ હાથ | ૦ |
| ૨જા પ્રતરમાં | ૧ ધનુષ | ૧ હાથ અને | ૮।। અંગુલ |
| ૩જા પ્રતરમાં | ૧ ધનુષ | ૩ હાથ અને | ૧૭ અંગુલ |
| ૪થા પ્રતરમાં | ૨ ધનુષ | ૨ હાથ અને | ૧।। અંગુલ |
| ૫મા પ્રતરમાં | ૩ ધનુષ | ૦ | ૧૦ અંગુલ |
| ૬ઠ્ઠા પ્રતરમાં | ૩ ધનુષ | ૨ હાથ અને | ૧૮।। અંગુલ |
| ૭મા પ્રતરમાં | ૪ ધનુષ | ૧ હાથ અને | ૩ અંગુલ |
| ૮મા પ્રતરમાં | ૪ ધનુષ | ૩ હાથ અને | ૧૧ ।। અંગુલ |
| ૯મા પ્રતરમાં | ૫ ધનુષ | ૧ હાથ અને | ૨૦ અંગુલ |
| ૧૦મા પ્રતરમાં | ૬ ધનુષ | ૦ | ૪।। અંગુલ |
| ૧૧મા પ્રતરમાં | ૬ ધનુષ | ૨ હાથ અને | ૧૩ અંગુલ |
| ૧૨મા પ્રતરમાં | ૭ ધનુષ | ૦ | ૨૧।। અંગુલ |
| ૧૩મા પ્રતરમાં | ૭ ધનુષ | ૩ હાથ અને | ૬ અંગુલ |

૧૩ પ્રતરોની વચ્ચે ૧૨ આંતરા છે તેમાં પહેલા – છેલ્લા છોડીને વચલા આંતરામાં ભવનપતિ અને પરમાધામી દેવોના નિવાસ સ્થાનો રહેલાં છે.

બીજી શર્કરાપ્રભા પૃથ્વી એક લાખ ૩૨ હજાર યોજન જાડાઈ અને બે રાજ પહોળાઈ છે તેમાં એક હજારના એક એક એમ બે અંતરા છોડવાથી તેમાં ૧૧ પ્રતરો છે. વચ્ચેના એક રાજના પોલાણમાં નારકીનાં જીવો રહેલા છે. એક લાખ ૩૦ હજાર યોજનમાં ૧૧ પ્રતરો છે.

## ❑ બીજી શર્કરાપ્રભા પૃથ્વીના નારકોના શરીરની અવગાહના ❑

| | | | | |
|---|---|---|---|---|
| ૧લા પ્રતરમાં | ૭ ધનુષ | ૩ હાથ | ને | ૬ અંગુલ |
| ૨જા પ્રતરમાં | ૮ ધનુષ | ૨ હાથ | ને | ૯ અંગુલ |
| ૩જા પ્રતરમાં | ૯ ધનુષ | ૧ હાથ | ને | ૧૨ અંગુલ |
| ૪થા પ્રતરમાં | ૧૦ ધનુષ | ૦ | ને | ૧૫ અંગુલ |
| ૫મા પ્રતરમાં | ૧૦ ધનુષ | ૩ હાથ | ને | ૧૮ અંગુલ |
| ૬ઠ્ઠા પ્રતરમાં | ૧૧ ધનુષ | ૨ હાથ | ને | ૨૧ અંગુલ |
| ૭મા પ્રતરમાં | ૧૨ ધનુષ | ૨ હાથ | ને | ૦ |
| ૮મા પ્રતરમાં | ૧૩ ધનુષ | ૧ હાથ | ને | ૩ અંગુલ |
| ૯મા પ્રતરમાં | ૧૪ ધનુષ | ૦ | ને | ૬ અંગુલ |
| ૧૦મા પ્રતરમાં | ૧૪ ધનુષ | ૩ હાથ | ને | ૯ અંગુલ |
| ૧૧મા પ્રતરમાં | ૧૫ ધનુષ | ૨ હાથ | ને | ૧૨ અંગુલ |

ત્રીજી વાલુકાયપ્રભા પૃથ્વી એક લાખ ૨૮ હજાર યોજન જાડાઈની છે. એક હજારના એક–એક એમ બે આંતરા છોડવાથી તેમાં નવ પ્રતરો આવેલી છે. આંતરાના પોલાણમાં નારકીના જીવો રહેલા છે.

ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વી એક લાખ ૨૬ હજાર યોજનમાં નવ પ્રતર છે.

## ❑ ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીના નારકોની શરીર અવગાહના ❑

| | | | |
|---|---|---|---|
| ૧લા પ્રતરમાં | ૧૫ ધનુષ | ૨ હાથ | ૧૨ અંગુલ |
| ૨જા પ્રતરમાં | ૧૭ ધનુષ | ૨ હાથ | ૭ા અંગુલ |
| ૩જા પ્રતરમાં | ૧૯ ધનુષ | ૨ હાથ | ૩ અંગુલ |
| ૪થા પ્રતરમાં | ૨૧ ધનુષ | ૧ હાથ | ૨૨ા અંગુલ |
| ૫મા પ્રતરમાં | ૨૩ ધનુષ | ૧ હાથ | ૧૮ અંગુલ |

| | | | |
|---|---|---|---|
| ૬ઠ્ઠા પ્રતરમાં | ૨૫ ધનુષ | ૧ હાથ | ૧૩॥ અંગુલ |
| ૭મા પ્રતરમાં | ૨૭ ધનુષ | ૧ હાથ | ૯ અંગુલ |
| ૮મા પ્રતરમાં | ૨૯ ધનુષ | ૧ હાથ | ૪॥ અંગુલ |
| ૯મા પ્રતરમાં | ૩૧ ધનુષ | ૧ હાથ | ૦ |

ત્રીજી પૃથ્વી પૂર્ણ થયે તેને વીંટળાઈને ૨૦ હજાર યોજનનો ઘનોદધિ આવેલો છે. તે પછી અસંખ્યાત યોજન સુધી ઘનવાત અને તેના પછી અસંખ્યાત યોજન તનવાત હોય છે અને પછી અસંખ્યાત યોજન આકાશ છે. ત્રણ રાજ પહોળાઈના વચલા એક રાજમાં નારકો રહેલા હોય છે. દરેક પૃથ્વીના એક લાખ ૨૦ હજારમાંથી ઉપર–નીચેના ૧–૧ હજાર યોજન છોડીને વચ્ચેના પોલાણમાં નરકાવાસો રહેલાં છે.

ચોથી પંકપ્રભા પૃથ્વી એક લાખ ૧૮ હજાર યોજનમાં ૭ પ્રતર છે.

### ❑ ચોથી પંકપ્રભા પૃથ્વી નારકોના શરીરની અવગાહના ❑

| | | | |
|---|---|---|---|
| ૧લા પ્રતરમાં | ૩૧ ધનુષ | ૧ હાથ | ૦ |
| ૨જા પ્રતરમાં | ૩૬ ધનુષ | ૧ હાથ | ૨૦ અંગુલ |
| ૩જા પ્રતરમાં | ૪૧ ધનુષ | ૨ હાથ | ૧૬ અંગુલ |
| ૪થા પ્રતરમાં | ૪૬ ધનુષ | ૩ હાથ | ૧૨ અંગુલ |
| ૫મા પ્રતરમાં | ૫૨ ધનુષ | ૦ | ૮ અંગુલ |
| ૬ઠ્ઠા પ્રતરમાં | ૫૭ ધનુષ | ૧ હાથ | ૪ અંગુલ |
| ૭મા પ્રતરમાં | ૬૨ ધનુષ | ૨ હાથ | ૦ |

એક લાખ ૧૮ હજારમાંથી ઉપર નીચેના ૧–૧ હજાર યોજન છોડવાથી તેમાં સાત પ્રતરો આવેલી છે. વચલા આંતરાના પોલાણમાં નારકીના જીવો રહેલા છે.

પાંચમી ધુમપ્રભાપૃથ્વી એક લાખ ૧૬ હજાર યોજનમાં પાંચ પ્રતર છે.

### ❑ પાંચમી ધુમપ્રભા પૃથ્વી નારકોના શરીરની અવગાહના ❑

| | | | |
|---|---|---|---|
| **૧લા પ્રતરમાં** | ૬૨ ધનુષ | ૨ હાથ | ૦ |
| **૨જા પ્રતરમાં** | ૭૮ ધનુષ | ૦ | ૧૨ |
| **૩જા પ્રતરમાં** | ૯૩ ધનુષ | ૩ હાથ | ૦ |
| **૪થા પ્રતરમાં** | ૧૦૯ ધનુષ | ૧ હાથ | ૧૨ અંગુલ |
| **૫મા પ્રતરમાં** | ૧૨૫ ધનુષ | ૦ | ૦ |

એક લાખ ૧૬ હજારમાંથી ઉપર નીચેના ૧–૧ હજાર યોજન છોડવાથી તેમાં પાંચ પ્રતરો આવેલા છે. વચલા પોલાણમાં નારકીના જીવો રહેલા છે.

છઠ્ઠી તમઃ પ્રભા પૃથ્વી એક લાખ ૧૪ હજાર યોજનમાં ત્રણ પ્રતર છે.

### ❑ છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વીના નારકોની શરીરની અવગાહના ❑

| | | | |
|---|---|---|---|
| **૧લા પ્રતરમાં** | ૧૨૫ ધનુષ | ૦ | ૦ |
| **૨જા પ્રતરમાં** | ૧૮૭ ધનુષ | ૨ હાથ | ૦ |
| **૩જા પ્રતરમાં** | ૨૫૦ ધનુષ | ૦ | ૦ |

### ❑ સાતમી તમસ્તમઃ પૃથ્વીના નારકોની શરીરની અવગાહના ❑

સાતમી તમસ્તમઃ પ્રભા પૃથ્વી એક લાખ ૮ હજાર યોજન એક જ પ્રતર વચ્ચેનું આંતરું નથી તેની મધ્યમાં પાંચ નરકાવાસો છે અને તેમાં ૫૦૦ ધનુષ્યની ઊંચાઈવાળા નારકો હોય છે.

એક લાખ–૮ હજારમાંથી ઉપર નીચેના ૧–૧ હજાર યોજન છોડવાથી તેમાં ત્રણ પ્રતરો આવેલા છે. તેના વચલા પોલાણમાં નારકીના જીવો રહેલા છે.

## ❑ પંચેન્દ્રિય તિર્યંચના શરીરની અવગાહના :

**ગાથા : ૩૦**

**જોયણ–સહસ્સ–માણા, મચ્છા ઉરગા ય ગબ્ભયા હુંતિ ।**
**ધણુહ – પુહુત્તં પક્ખીસુ, ભુઅ–ચારી ગાઉઅ – પુહુત્તં ॥૩૦॥**

ઉરગ ગર્ભજ જાણ એક, હજાર યોજન માનના,
ગર્ભજસંમૂર્ચ્છિમ મચ્છ, જલચર તેટલા તનુમાનના,
પક્ષી ગર્ભજ માનવાળા, છે ધનુષ્યપૃથક્ત્વના
ભુથજ ગર્ભજ જાણ, ગાઉ–પૃથક્ત્વ દેહ પ્રમાણના. ૩૦

પંચેન્દ્રિય તિર્યંચો ગર્ભજ અને સંમૂર્ચ્છિમ એમ બે પ્રકારના હોય છે. ગર્ભજ જીવો માતાના ગર્ભમાં જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટે આઠ વર્ષ રહે છે. (લોક પ્રકાશ) અપર્યાપ્ત અવસ્થામાં શરીરની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ અને પર્યાપ્ત અવસ્થામાં જલચર માછલા લવણ સમુદ્રમાં ૫૦૦ યોજન પ્રમાણ અને કાલોદધિ સમુદ્રમાં ૭૦૦ યોજન પ્રમાણ અને સ્વયંભૂરમણ સમુદ્રમાં એક હજાર યોજન પ્રમાણના હોય છે. **સામાન્યથી ત્રણ સમુદ્રોમાં લવણ, કાલોદધિ અને સ્વયંભૂરમણ સમુદ્રમાં જ માછલા અને મત્સ્યાદિ હોય છે.**

### ❑ સર્વ સમુદ્રાશ્રયી જલસ્વાદ તથા મત્સ્ય પ્રમાણનું યંત્ર ❑

| નામ | સ્વાદ | મત્સ્ય પ્રમાણ |
|---|---|---|
| લવણ સમુદ્રનું | લવણ (ખારું) પાણી છે | ૫૦૦ યોજન ઉત્કૃષ્ટ |
| કાલોદધિ સમુદ્રનું | મેઘજલવત્ | ૭૦૦ યોજન ઉત્કૃષ્ટ |
| પુષ્કરવર સમુદ્રનું | મેઘજલવત્ | નાના નાના પ્રમાણવાળા |
| વારુણિવર સમુદ્રનું | મદિરા સમાન | નાના નાના પ્રમાણવાળા |
| ક્ષીરવર સમુદ્રનું | દૂધ સમાન | " " |

| | | |
|---|---|---|
| ઘૃતવર સમુદ્રનું | ગાયના ઘૃત સમાન | " " |
| અસંખ્યાતા સમુદ્રનું | સર્વ ઈક્ષુ રસ સમાન | જુદી જુદી જાતના પ્રમાણવાળા |
| સ્વયંભૂરમણ સમુદ્રનું | વરસાદના વારિવત્ | ૧૦૦૦ યોજન ઉત્કૃષ્ટ પ્રમાણવાળા |

❑ **ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોની અવગાહના :**

એક હજાર યોજનવાળા ઉત્કૃષ્ટે પ્રાયઃ અઢીદ્વીપની બહાર સંભવે. મહોરગ – અઢી દ્વીપની બહાર હોય. સ્થલમાં ઉત્પન્ન થાય પણ જલમાં ઉત્પન્ન ન જ થાય પણ પાણીમાં ચરી શકે. તે વિવિધ અવગાહનાવાળા હોય ૨ અંગુલથી માંડી ૯ અંગુલ સુધીની હોય, ૨ થી ૯ વેંત, ૨ થી ૯ હાથ, ૨ થી ૯ કુક્ષી (બે હાથ = એક કુક્ષી) ૨ થી ૯ ધનુષ્ય સુધી તેમજ ૨ થી ૯ ગાઉ, યોજન, સહસ્ત્ર યોજન સુધીના પણ હોય.

એકસો ફૂટ લાંબા ડાયનોસોર અને સારોપોડ નામના રાક્ષસી પ્રાણીઓનાં હાડકાં વૈજ્ઞાનિકોને મળી આવ્યા છે. વજનમાં પાંચ ટન અને એક ક્રોડ પૂર્વ વર્ષના હશે તેવી સંભાવના કરાય છે. પૂર્વ જ્યોર્જિયામાં દસ લાખ વર્ષ જૂનું હાથીનું હાડપિંજર પંદર ફીટ લાંબુ અને બે ટન વજનવાળું મળી આવ્યું છે.

❑ **ગર્ભજ ભૂજપરિસર્પ :** ૨ થી ૯ ગાઉ શરીરની ઊંચાઈ હોય છે.

❑ **ગર્ભજ ચતુષ્પદ :** શરીરની ઊંચાઈ છ ગાઉ.

❑ **ગર્ભજ ખેચર :** ૨ થી ૯ ધનુષ્ય શરીરની ઊંચાઈ હોય છે.

❑ **સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચોની અવગાહના :**

**ગાથા : ૩૧**

**ખયરા–ધણુહ–પુહુત્તં, ભુયગા ઉરગા ય જોયણ–પુહુત્તં**
**ગાઉઅ–પુહુત્ત–મિત્તા, સંમૂચ્છિમા ચઉપયા ભણિયા ॥ ૩૧ ॥**

સંમૂર્ચ્છિમ ખેચર ને ભુજગનું, છે ધનુષ્ય પૃથકૃત્વનું,
યોજન–પૃથકૃત્વ પ્રમાણનું, તનુમાન ઉરપરિસર્પનું. ૩૧

❑ **સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચો :**

– પર્યાપ્તાની જલચરની અવગાહના એક હજાર યોજનની ઊંચાઈ.

– ઉરપરિસર્પની અવગાહના ૨ થી ૯ યોજનની ઊંચાઈ.

– ભુજપરિસર્પની અવગાહના ૨ થી ૯ ધનુષની ઊંચાઈ.

– ચતુષ્પદની અવગાહના ૨ થી ૯ ગાઉની ઊંચાઈ.

– ખેચરની અવગાહના ૨ થી ૯ ધનુષ્યની ઊંચાઈ.

ઉત્કૃષ્ટ અવગાહનાવાળા પ્રાયઃ કરીને અઢીદ્વીપની બહાર હોય છે છતાં કોઈ વખત તેઓ જંબૂદ્વીપમાં પ્રવેશી પણ જાય. થોડા વર્ષો પહેલાં એક મગરમચ્છ ૮૫ ફૂટ લાંબો ૩૦ ફૂટ ઊંચો મળી આવેલ.

સંજ્ઞી પંચેન્દ્રિય ગર્ભજ તિર્યંચોને સ્વાભાવિક કે નિમિત્તાદિથી સમ્યગ્દર્શન પ્રગટ થાય ત્યારે પશ્ચાતાપ થાય અને તે વિચારે, જેમ પાર્શ્વ પ્રભુનો આત્મા હાથીના ભવમાં અરવિંદ મહર્ષિ વડે પ્રતિબોધ પામ્યો ત્યારે વિચારે છે કે આ મારી વિશાળ કાયાથી જો હું જરા પણ પ્રમાદ કરું તો કેટલા જીવોનો સંહાર કરનારો બનું ? આના પોષણ માટે મારે કેટલો આહાર આ શરીરને આપવો પડે ? ત્યાર પછી અચિત્ત પાણી અને અચિત્ત જ આહાર ગ્રહણ કરવાનો નિયમ કરે છે.

**પશુભવમાં મળેલું શરીર જ્યારે છોડે ત્યારે જયણા પાળવી કેટલી દુષ્કર થાય** – ચંડકોશિયાનો આત્મા પણ પ્રતિબોધ પામ્યા પછી પોતાના દેહનું હલનચલન સંપૂર્ણ બંધ કરી મુખ બિલમાં નાંખી અને અનશન કરીને રહ્યો હવે પોતાની દૃષ્ટિ કોઈના પર ન પડે. આજ સુધી માત્ર દૃષ્ટિ નાખવા દ્વારા કેટલાયના પ્રાણોના ભોગ લીધાં, આમ પશ્ચાત્તાપના કારણે તે આરાધના કરીને આઠમાં દેવલોકમાં ગયો.

## ❑ ચતુષ્પદ જીવોની અવગાહના :

**ગાથા : ૩૨**

**છચ્ચેવ ગાઉઆઈં, ચઉપ્પયા ગબ્ભયા મુણેયવ્વા ।**
**કોસ–તિગં ચ મણુસ્સા, ઉક્કોસ–શરીર–માણેણં ॥૩૨॥**

ચતુષ્પદ સંમૂર્ચ્છિમનું તનુ, ગાઉ પૃથકૂત્વ પ્રમાણ છે
ગર્ભજ ચતુષ્પદનું તનુ, નિશ્ચે છ ગાઉ પ્રમાણ છે.
ગર્ભજ મનુષ્યોનું તનુ, ત્રણ ગાઉનું ઉત્કૃષ્ટ છે. ૩૨

## ❑ મનુષ્યોના શરીરની અવગાહના :

સંમૂર્ચ્છિમ મનુષ્યની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની જ હોય છે. તેઓ અપર્યાપ્ત અવસ્થામાં જ કાળ કરે છે. ગર્ભજ મનુષ્યમાં સંખ્યાત વર્ષવાળા અને અસંખ્યાત વર્ષોવાળા યુગલિક મનુષ્યો એમ બે પ્રકાર છે. ચોથા આરામાં સંખ્યાત વર્ષવાળા મનુષ્યોની ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ ધનુષ્ય પ્રમાણ હોય છે. પાંચમાં આરામાં સાત હાથની કાયા અને છઠ્ઠા આરામાં બે હાથની કાયા ઉત્કૃષ્ટે હોય છે.

## ❑ અસંખ્યાત આયુષ્યવાળા યુગલિકોના શરીરની અવગાહના :

દેવકુરુ અને ઉત્તરકુરુના મનુષ્યોની અવગાહના ત્રણ ગાઉ અને તિર્યંચોની છ ગાઉ હોય છે. ૩–૩ દિવસને આંતરે માત્ર તુવેરના દાણા જેટલો આહાર કરે છે. તેમને ૨૫૬ પાંસળીઓ હોય છે અને સ્ત્રીઓ એક જ વખત જોડલાને જન્મ આપે અને ૪૯ દિવસ સુધી તેનું પાલન–પોષણ કરે. તે યુગલ પ્રથમ સાત દિવસ ચત્તા સૂતા અંગૂઠો ચૂસે છે. પછીના સાત દિવસમાં પૃથ્વી પર જરા પગ માંડે પછીના સાત દિવસમાં કાંઈક મધુરવાણી બોલે છે. પછીના સાત દિવસમાં કાંઈક સ્ખલના પામતા ચાલે છે. પછીના સાત દિવસમાં સારી રીતે સ્થિરતા પૂર્વક ચાલે છે. પછીના સાત દિવસમાં સમસ્ત કળાઓને જાણનારા બને છે. પછીના સાત દિવસમાં યૌવન અવસ્થાને પામીને ભોગ ભોગવવાને સમર્થ બને છે. પછી કેટલાંક સમ્યક્ત્વને યોગ્ય બને છે અને કેટલાક

પૂર્વભવનું સમકિત લઈને આવેલા હોય અથવા નવું સમ્યક્ત્વ પામે. પણ યુગલિક તિર્યંચ પંચેન્દ્રિય સ્ત્રી ક્ષાયિક સમકિત લઈને ન આવે. નવું સમ્યકત્વ પણ ઉપશમ કે ક્ષાયિક ત્યાં ન પામે. આ જીવો પોતાને જે ઈચ્છિત વસ્તુ જોઈએ તે કલ્પવૃક્ષો પાસેથી મેળવી લે છે. બધાને પહેલું સંઘયણ અને પહેલું સંસ્થાન હોય છે. મંદ કષાયવાળા હોય છે તેથી મરીને નિયમા દેવલોકમાં જાય. જાતિ વૈરવાળા સિંહાદિ પ્રાણીઓ પણ ત્યાં રૌદ્ર સ્વભાવવાળા હોતા નથી અહિંસક હોય છે. ત્યાં ચતુષ્પદ ને ખેચર પક્ષીઓ ગર્ભજ હોય પણ સંમૂર્ચ્છિમ હોતા નથી, તેઓ પણ અલ્પકષાયવાળા હોવાના કારણે મરીને વર્તમાન આયુષ્ય પ્રમાણ દેવમાં કે તેનાથી અલ્પ આયુષ્ય પ્રમાણ દેવમાં ઉત્પન્ન થાય. અલ્પ કષાયને કારણે વિષયની તીવ્ર આસક્તિ હોતી નથી.

### ❑ હરિ વર્ષ અને રમ્યક્ક્ષેત્રના યુગલિક મનુષ્યોના શરીરની અવગાહનાઃ

બે ગાઉની અને તિર્યંચોની ચાર ગાઉની હોય છે. મનુષ્યો બે દિવસને આંતરે બોર જેટલો આહાર ગ્રહણ કરે છે અને તિર્યંચો ૧–૧ દિવસને આંતરે આહાર કરે છે. તેમને ૧૨૮ પાંસળીઓ હોય અને ૬૪ દિવસ (પુત્ર–પુત્રી) જોડલાનું પાલન કરે.

### ❑ હિમવંત અને હિરણ્યવંત ક્ષેત્રના યુગલિક મનુષ્યોના શરીરની અવગાહના :

એક ગાઉની અને તિર્યંચોની બે ગાઉની હોય છે. મનુષ્યો એક દિવસને આંતરે આમળા જેટલો આહાર ગ્રહણ કરે અને તિર્યંચો ચોવીસ કલાકે દરરોજ એક વખત આહાર ગ્રહણ કરે. તેમની પાંસળીઓ ૬૪ અને જોડલાનું પાલન ૭૯ દિવસ કરે.

### ❑ અવસર્પિણીકાળના છ આરાનું સ્વરૂપ :

દેવકુરુ– ઉત્તરકુરુમાં સદા પહેલો સુષમા–સુષમા નામનો આરો.

હરિવર્ષ અને રમ્યક્ક્ષેત્રમાં હંમેશા બીજો સુષમા નામનો આરો. હિમવંત ને હિરણ્યવંત ક્ષેત્રમાં હંમેશાં ત્રીજો સુષમા–દુષમા નામનો આરો હોય છે. ભરતક્ષેત્રમાં તે આરા ક્રમે કરીને ફરતાં રહે છે. પ્રથમ આરો ચાર કોડાકોડી સાગરોપમનો, બીજો આરો ત્રણ કોડાકોડી સાગરોપમનો, ત્રીજો આરો બે કોડાકોડી સાગરોપમનો તેટલો કાળ યુગલિક જીવો હોય. ત્રીજા આરાના ૨/૩ કાળ સુધી યુગલિક ભાવ રહે છે. છેલ્લા ભાગની શરૂઆતમાં છએ સંઘયણવાળા, પાંચ સંસ્થાનવાળા સેંકડો ધનુષ્યની કાયાવાળા અને અસંખ્ય હજાર વર્ષોનાં આયુષ્યવાળા જીવો હોય છે. તેઓ કાળ કરીને દેવલોકમાં જાય. આહારનું અંતર ઘટતું જાય, પ્રમાણ વધતું જાય, રાગાદિ કષાયોની વૃદ્ધિ થાય. અપત્ય જોડલાનું પાલન પણ વધતું જાય અને જીવો મરણ પામીને ચારે ગતિમાં જનારા થાય છે. કલ્પવૃક્ષોનો પ્રભાવ ઘટતો જાય, વૃક્ષના ફળાદિના રસ–કસ ઘટે, યુગલિકમાં સંગ્રહવૃત્તિ આવે, પરસ્પર કલહ થાય, પાચન શક્તિ મંદ પડે, છેલ્લા પલ્યોપમનો આઠમો ભાગ બાકી રહે ત્યારે ક્રમસર સાત કુલકરો થાય. તેઓ હકાર, મકાર, ધિક્કાર નીતિનું પાલન કરાવે. કેટલાંક કાળે તે નીતિ મર્યાદાનો પણ ભંગ થાય, કલ્પવૃક્ષો નિષ્ફળ જાય.

આ પ્રમાણે ત્રીજા આરાના ૮૪ લાખ પૂર્વને ૮૯ પખવાડિયા (૩ વર્ષ સાડા ૮ માસ) બાકી રહે ત્યારે યુગલિક કુલકરને ત્યાં પ્રથમ તીર્થંકર પરમાત્માનો જન્મ થાય. પછી બાદર અગ્નિ ઉત્પન્ન થાય. ૬૪ પ્રકારની કળા પ્રવર્તાવે. અસિ–મષિ ને કૃષિ આદિ કર્મ પ્રવર્તે ત્યારથી તે કર્મભૂમિ બને. તે વખતે ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની કાયા અને પૂર્વકોડ વર્ષનું આયુષ્ય હોય. આ આરાના ૮૯ પખવાડિયા બાકી રહે ત્યારે પ્રથમ તીર્થંકરનો મોક્ષ થાય.

ચોથો આરો દુષમા–સુષમા નામનો ૪૨ હજાર ન્યૂન એક કોડાકોડી સાગરોપમના કાળવાળો હોય. શરૂઆતમાં ૫૦૦ ધનુષ્યની કાયા પછી ધીમે–ધીમે શરીર ઘટતા જાય. ૫૦ લાખ કોડ સાગરોપમનો કાળ વિત્યા પછી બીજા તીર્થંકર ભગવંતોનો જન્મ થાય. આ આરામાં ૨૩ તીર્થંકરો, ૧૧ ચક્રવર્તીઓ,

૯ પ્રતિવાસુદેવ, ૯ વાસુદેવ, ૯ બળદેવ એ રીતે ૬૧ શલાકા પુરુષો થાય. તેમજ ૯ નારદ અને ૧૧ રુદ્રો થાય છે. આ આરામાં જન્મેલાઓનો પાંચમા આરામાં મોક્ષ થાય. પહેલા સંઘયણવાળા જીવો હોય તે મરીને સાતમી નરક સુધી પણ જઈ શકે છે. આ આરાના ૮૯ પખવાડિયા બાકી રહે ત્યારે ૨૪મા તીર્થંકરનું નિર્વાણ થાય ને ૮૯ પખવાડિયા પૂર્ણ થયે ચોથો આરો પૂરો થાય.

પાંચમો આરો દુષમા નામનો ૨૧ હજાર વર્ષનો શરૂ થાય. શરૂઆતમાં અવગાહના સાત હાથની અને આયુષ્ય ૧૩૦ વર્ષનું. પછી અવગાહના ને આયુષ્ય ઘટતા જાય. રસકસ ઘટતા જાય, કષાયો વૃદ્ધિ પામતા જાય. આ આરામાં જન્મેલાનો મોક્ષ થતો નથી. સંઘયણો નબળા થતાં જાય અને છેલ્લું ને છેવટનું સંઘયણ રહે. આ સંઘયણવાળા ચોથા દેવલોક સુધી અને બીજી નરક સુધી જઈ શકે છે. ધીમે–ધીમે ધર્મની હાનિ થાય. વચ્ચે–વચ્ચે યુગપ્રધાનો થાય ત્યારે કાંઈક ધર્મનો પ્રકાશ થાય. મતાંતરો વધતા જાય, ઋદ્ધિ, આયુષ્ય, સંપ, સંપત્તિ, નીતિ આદિ ઘટતા જાય.

છેલ્લો છઠ્ઠો આરો દુષમ–દુષમા નામનો ૨૧ હજાર વર્ષનો થશે. બે હાથની કાયા ને વીસ વર્ષના આયુષ્યવાળા જીવો થશે. તપમાં છઠ્ઠ (બેલો) ઉત્કૃષ્ટ તપ ગણાશે. દશવૈકાલિક આગમ રહેશે. છેલ્લે આચાર્ય દુપ્પસહસૂરિ યુગપ્રધાન થવાના છે. બાર વર્ષ ગૃહસ્થપણે અને આઠ વર્ષ ચારિત્ર પાળશે. ચાર વર્ષ સામાન્ય પર્યાય અને ચાર વર્ષ આચાર્ય પર્યાય પાળશે. ક્ષાયિક સમકિત સાથે જ જન્મશે અને છેલ્લે અઠ્ઠમનો તપ કરીને કાળધર્મ પામશે. તે સાથે ચતુર્વિધ સંઘ નાશ પામશે. ધર્મનો વિચ્છેદ થશે. મધ્યાહને વિમલવાહન રાજા–સુધર્મ મંત્રી મૃત્યુ પામશે અને સાંજે બાદર અગ્નિ પણ વિચ્છેદ પામશે અને ક્ષાર, આમ્લવિષય, વિષાગ્નિ અને વજ્રમય જલની વૃષ્ટિઓ થશે. ભયંકર વાયરા વાશે. માત્ર થોડા મનુષ્યો ગંગા–સિંધુ નદીના કિનારે બિલોમાં રહેશે. ગંગા–સિંધુ નદી ગાડાનાં ચીલા પ્રમાણ વિસ્તારવાળી થશે, ઋષભકૂટ અને લવણસમુદ્રની ખાડી આ પાંચ સિવાય બધું નાશ પામશે. શત્રુંજયગિરિ પ્રાયઃ સાત હાથ પ્રમાણ અને ગિરનાર પ્રાયઃ ૧૦૦ ધનુષ પ્રમાણ રહેશે.

## ❑ દેવોના શરીરની અવગાહના :

**ગાથા : ૩૩**

**ઈસાણંત–સુરાણં, રયણીઓ સત્ત હુંતિ ઉચ્ચતં !**
**દુગ–દુગ–દુગ ચઉ–ગેવિજ્જ–ણુત્તરઈક્કિક્કપરિહાણી ॥ ૩૩ ॥**

ભવનપતિથી માંડીને, ઈશાનનો જ્યાં અંત છે;
ત્યાં સુધી દેવની ઊંચાઈ, સાત જ હાથ છે,
ત્રીજા જ ચોથા દેવલોકે, સુર તનુ ષટ્ હાથ છે.
પાંચમા છઠ્ઠા જ સ્વર્ગે, પાંચ હાથ પ્રમાણનું,
તનુમાન સ્વર્ગે સાતમે, ને આઠમે કર ચારનું;
ચરમ ચારે સ્વર્ગમાં, ત્રણ હાથની ઉંચાઈ છે,
ગ્રૈવેયકે કર બે, અનુત્તરનું તનુ કર એક છે. ૩૩

ભવનપતિ દેવોથી માંડીને ઈશાન દેવલોક સુધીના દેવોના શરીરની ઊંચાઈ સાત હાથની હોય છે. પહેલા બીજા દેવલોકની સાત હાથની, ત્રીજા ચોથા દેવલોકની છ હાથની, પાંચમાં છઠ્ઠા દેવલોકની પાંચ હાથની, સાતમાં આઠમાં દેવલોકમાં ચાર હાથની, નવ થી બારમાં દેવલોકની ત્રણ હાથની. નવગ્રૈવેયકમાં બે હાથ અને પાંચ અનુત્તરમાં એક હાથની અવગાહના હોય છે.

સંસારી જીવોને ઔદારિક કે વૈક્રિય શરીરમાં રહેવા રૂપ જે સમય મર્યાદાકાળ નક્કી થાય તેને આયુષ્ય કહેવાય, તે દરેક સંસારી જીવોનું જુદું–જુદું હોય છે. સિદ્ધ શુદ્ધાત્મા સર્વથા દેહકર્મ કષાયાદિથી રહિત પૂર્ણ અવસ્થાવાળા છે. કર્મ સહિત જ્યાં સુધી જીવ હોય ત્યાં સુધી તેને સ્થાવર કે ત્રસ આ બે કાયામાં રહેવું પડે છે. તેમાં સૌથી દીર્ઘકાળ જીવે સ્થાવરકાયમાં રહેવાનું કર્યું છે. દેવાદિ ભવની અવગાહનાના વિશેષ કોઠા પાછળ આપવામાં આવ્યા છે.

# ★ જીવોનો આયુષ્યકાળ ★

## ❑ કાળનું સ્વરૂપ ❑

સમય, આવલિકા તે કાળના પર્યાય છે. કાળનો અતિસૂક્ષ્મ કે જેના કેવલી પણ બે ભાગ કલ્પી ન શકે તેવા નિર્વિભાજ્ય કાળાંશને સમય કહેવાય છે. સૌથી જઘન્ય સમય હૃષ્ટ–પુષ્ટ બત્રીસ વર્ષના યુવાનને અત્યંત જીર્ણ – શીર્ણ એક વસ્ત્રને ફાડતાં એક તંતુથી બીજા તંતુ સુધી પહોંચતા અસંખ્યાતા સમય પસાર થાય. અસંખ્યાતા સમય = ૧ આવલિકા. (૨/૯ સમય= ૧ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત = ૪૮ મિનિટ = બે ઘડીમાં ૧ સમય ન્યૂન – (ઓછો) કાળ તે, મધ્યમ અંતર્મુહૂર્ત = જઘન્ય અને ઉત્કૃષ્ટ વચ્ચેનો કાળ, ૧ મુહૂર્ત = ૪૮ મિનિટ બે ઘડી (૩૦ મુહૂર્ત = ૧ પ્રહર).

૨૫૬ આવલિકા = ૧ ક્ષુલ્લકભવ = નિગોદના એક જીવનું આયુષ્ય ૧૭મા ક્ષુલ્લક ભવ = ૧ પ્રાણ. (હૃષ્ટ–પુષ્ટ યુવાનનો એક શ્વાસોશ્વાસ) (સંખ્યાતા ઉચ્છ્વાસનો એક નિશ્વાસ. ઉચ્છવાસ અને નિશ્વાસ મળી એક પ્રાણ).

| | | |
|---|---|---|
| ૭ પ્રાણ | = | એક સ્તોક |
| ૭ સ્તોક | = | ૧ લવ |
| ૭૭ લવ | = | ૧ મુહૂર્ત |
| ૧ મુહૂર્ત | = | ૨ ઘડી – (૧ ઘડી = ૨૪ મીનીટ) |
| ૨ ઘડી | = | ૩૭૭૩ પ્રાણ – ૬૫,૫૩૬ |
| | | ક્ષુલ્લક ભવ– ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકા |
| ૩૦ મુહૂર્ત | = | ૧ દિવસ |
| ૧૫ દિવસ | = | ૧ પક્ષ |
| ૨ પક્ષ | = | ૧ માસ |
| ૨ માસ | = | ૧ ઋતુ (શરદ, વસંત) |
| ૩ ઋતુ | = | ૧ અયન |

૨ અયન = ૧ વર્ષ

૫ વર્ષ = ૧ યુગ

૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વાંગ

એક પૂર્વ એટલે ૮૪ લાખ વર્ષ ×૮૪ લાખ વર્ષ (૭૦,૫૬૦ અબજ વર્ષ)

એક પૂર્વને પૂર્વાંગ વડે ગુણતા એક તુરિતાંડવ આવે તેને પૂર્વાંગ વડે ગુણતા એક ત્રુટિત આવે તે રીતે દરેક સંખ્યાને પૂર્વાંગ વડે ગુણતા છેલ્લે સંખ્યાનો આંકડો એક શિર્ષ પ્રહેલિકા આવે. (આ આંક માથુરી વાચના પ્રમાણે નીચે મુજબ છે.) ૭૫૮૨, ૬૩૨, ૫૩૦, ૭૩૦, ૧૦૨, ૪૧૧, ૫૭૯, ૭૩૫, ૬૯૯, ૯૭૫૬, ૯૬૪૦, ૬૨૧, ૯૬૬, ૮૪૮૦૮૦૧, ૮૩૨૯૬, એની ઉપર ૧૪૦ મીંડા કુલ આંકડાની સંખ્યા **૧૯૪** થાય.

૧૦,૦૦૦,૦૦૦×૧૦,૦૦૦,૦૦૦=૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦=૧ કોટા કોટી

(એક ક્રોડને ક્રોડ થી ગુણીએ ત્યારે એક કોટાકોટી થાય)

અસંખ્યાત કાળ = અસંખ્યવર્ષ = ૧ પલ્યોપમ

૧૦ કોટાકોટી પલ્યોપમ = ૧ સાગરોપમ

૧૦ કોટાકોટી સાગરોપમ = ૧ ઉત્સર્પિણી + ૧ અવસર્પિણીકાળ

૨૦ કોટાકોટી સાગરોપમ = ૧ કાળ ચક્ર

| આરા | અવસર્પિણી કાળ | આરા | ઉત્સર્પિણી કાળ |
|---|---|---|---|
| ૧ | ૪ કોટાકોટી સાગરોપમ | ૧ | ૨૧ હજાર વર્ષ |
| ૨ | ૩ કોટાકોટી સાગરોપમ | ૨ | ૨૧ હજાર વર્ષ |
| ૩ | ૨ કોટાકોટી સાગરોપમ | ૩ | ૧ કોટાકોટી સાગરોપમ (ન્યૂન ૪૨ હજાર વર્ષ) |
| ૪ | ૧ કોટાકોટી સાગરોપમ (ન્યૂન ૪૨ હજાર વર્ષ) | ૪ | ૨ કોટાકોટી સાગરોપમ |
| ૫ | ૨૧ હજાર વર્ષ | ૫ | ૩ કોટાકોટી સાગરોપમ |
| ૬ | ૨૧ હજાર વર્ષ | ૬ | ૪ કોટાકોટી સાગરોપમ |

અવસર્પિણીના ૧ થી ૬ આરા –૧૦ કોટાકોટી સાગરોપમ + ૧૦ કોટાકોટી સાગરોપમ (ઉત્સર્પિણીના)

ઉત્સર્પિણી + અવસર્પિણીકાળ = ૧૨ આરા–૨૦ કોટાકોટી સાગરોપમ = ૧ કાળ ચક્ર અને આવા અનંતા કાળ ચક્ર= ૧ પુદ્ગલ પરાવર્તકાળ

| | | |
|---|---|---|
| ભૂતકાળ | = | અનંતા પુદ્ગલપરાવર્તકાળ |
| ભવિષ્યકાળ | = | અનંતાપુદ્ગલ પરાવર્તકાળ |
| વર્તમાનકાળ | = | એક સમય રૂપ |

❑ **પલ્યોપમનું સ્વરૂપ :** પલ્યોપમ ત્રણ પ્રકારે. પલ્ય એટલે કુવો કે ખાડો. તેની ઉપમા વડે સમજાવતું જે માપ તે પલ્યોપમ.

(૧) અદ્ધા પલ્યોપમ (૨) ઉદ્ધાર પલ્યોપમ અને (૩) ક્ષેત્ર પલ્યોપમ

**(૧) અદ્ધા પલ્યોપમ :** એક યોજન ઊંડા, લાંબા, પહોળા અને ગોળાકાર ખાડાના કુરુક્ષેત્રના સાત દિવસના જન્મેલા યુગલિક બાળકના એક વાળના ૮–૮ ટુકડા કરવામાં આવે (એકવાળના ૨૦,૯૭, ૧૫૨ ખંડ થાય તેવા વાળો વડે) અને એવા ટુકડાથી આખો કૂવો ભરવામાં આવતા તેમાં ૩૩૦,૭૬૨,૧૦૪,૨૪૬,૫૬૨,૫૪૨,૧૬૬,૬૦૯,૭૫૩,૬૦૦,૦૦૦,૦૦૦,૦= ૩.૩૦×૧૦$^{૩૯}$ વાળના ટુકડા સમાય અને એવા કૂવા ઉપરથી ચક્રવર્તીનું સૈન્ય પસાર થાય તો પણ તે કૂવામાં વાળ દબાય નહીં, ગમે તેટલો વરસાદ પડે તો પણ ભીંજાય નહીં તથા અગ્નિથી બળે નહીં તેવા નક્કર કૂવામાંથી દર સો વર્ષે એક–એક વાળ કાઢતાં કૂવાને ખાલી થતા જે સમય લાગે તેને એક બાદર અદ્ધા – પલ્યોપમ કહેવાય. તે જ કૂવાને એક વાળના સાત વાર ૮–૮ ટુકડાને બદલે હવે અસંખ્યાત ટુકડા કરીને ભરવામાં આવે અને તેનાથી પૂર્ણ ભરાયેલા તે જ કૂવામાંથી ૧૦૦ વર્ષે એક વાળને કાઢતા કૂવાને ખાલી થવામાં જે કાળ પસાર થાય તે કાળને સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ કહેવાય છે. દેવ, નરક અને મનુષ્યાદિના આયુષ્ય આ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ વડે ગણવામાં આવે છે. બાદર અદ્ધા પલ્યોપમ માત્ર સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ સમજવા માટે જ સમજવાનો છે.

**(૨) ઉદ્ધાર પલ્યોપમ :** ઉપરોક્ત સંખ્યાત ટુકડાવાળા કૂવામાંથી એક ટુકડાને સમયે–સમયે કાઢવામાં આવે અને કૂવો ખાલી થતાં જે કાળ પસાર થાય તે બાદર ઉદ્ધાર પલ્યોપમ કહેવાય અને તે જ વાળના અસંખ્યાત ટુકડાવાળા કૂવામાંથી સમયે–સમયે એક વાળ કાઢતા જેટલો સમય કૂવાને ખાલી થવામાં લાગે તે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ કહેવાય. (દ્વીપ, સમુદ્રો આ માપે મપાય છે.)

**(૩) ક્ષેત્ર પલ્યોપમ :** અસંખ્યાતા બાદર કલ્પેલા વાલાગ્રે સ્પર્શેલા આકાશ પ્રદેશને સમયે–સમયે અપહરણ કરતાં કૂવો ખાલી થતાં બાદર ક્ષેત્ર પલ્યોપમ કહેવાય છે અને આકાશ પ્રદેશને સ્પર્શેલા અને નહીં સ્પર્શેલા બધા આકાશપ્રદેશોને સમયે–સમયે અપહરણ કરતાં કૂવો ખાલી થાય તેને સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ કહેવાય. (પૃથ્વી આદિ જીવોની સંખ્યા આ માપે ગણાય.)

## ❑ સ્થાવર જીવોનો આયુષ્ય કાળ :

**ગાથા : ૩૪**

**બાવીસા પુઢવીએ, સત્તય આઉસ્સ તિન્નિ વાઉસ્સ ।**
**વાસ–સહસ્સા દસ તરુ–અણાણ તેઉ તિરત્તાઉ ॥ ૩૪ ॥**

આયુષ્ય પૃથ્વીકાયનું, છે વર્ષ બાવી હજારનું
હજાર સાત અપ્કાયનું, અહોરાત્રિ ત્રણ અગ્નિ તણું;
આયુષ્ય વાયુકાયનું, છે વર્ષ ત્રણ હજારનું,
દશ હજાર જ વર્ષનું, પરમ આયુ તરુ પ્રત્યેકનું. ૩૪

### (૧) પૃથ્વીકાય જીવોનો આયુષ્યકાળ :

સૂક્ષ્મ નિગોદમાં અને સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ પાંચેમાં અંતર્મુહૂર્ત માત્ર આયુષ્ય ધારણ કરવા વડે સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ સાથે સૂક્ષ્મ જીવોના શરીરનો સંયોગ થવાના કારણે ભયંકર અવ્યક્ત પીડા ભોગવતા અને બાદર કાયા વડે પીડા ન ભોગવતા તેઓ દીર્ઘકાળ ત્યાં રખડી અકામ નિર્જરા વડે બાદર પર્યાયમાં જાય. બાદર કાયમાં પૃથ્વી કાયની પર્યાપ્ત શરીર અવસ્થામાં જીવ ઉત્કૃષ્ટથી

૨૨,૦૦૦ વર્ષ રહી શકે. તે પ્રાયઃ વિશેષથી ખર પૃથ્વી જેમકે રત્નો, પર્વતની શિલાદિમાં વિશેષથી રહે. તેથી સતત તેમને તે શરીરો વડે પીડાની પ્રાપ્તિ થાય. સચિત્ત પૃથ્વીકાયને પાણીનો સંયોગ, અગ્નિ, વાયુકાય આદિના સંઘટ્ટાથી પીડા થાય. ખોદેલી માટી તાજી હોય તેના પર ચાલવાથી તેને પીડા થાય. સચિત્ મીઠાનો ઉપયોગ કરવાથી તેને પીડા આપવાનું પાપ લાગે. પૃથ્વીકાયના બનાવેલા વાસણ, ઘર, મકાન, દિવાલ, રત્નો, આભૂષણો, ગવાક્ષ, હવેલીઓ આ બધા પર રાગ, આસક્તિ, મમત્વ, મૂર્છા આવી જાય તો જીવ પૃથ્વીકાયના આયુષ્યનો બંધ પાડી પૃથ્વીકાય રૂપે થાય. બીજાની હવેલી, ઘર, આભૂષણો, ઘરેણાદિ ગમી જાય, અનુમોદના થાય, કેવા તેઓ પુણ્યશાળી સુખી છે ? તે વખતે આયુષ્યનો બંધ પડે તો પણ જીવ પૃથ્વીકાયમાં જાય.

સંસાર ભાવના પ્રકરણમાં જ્ઞાની મહર્ષિઓ સ્થાવરકાય જીવોની વેદના વર્ણવતા કહે છે (૧) કેટલાક આત્માઓ હળ આદિ શાસ્ત્રોથી ફડાય, ટ્રેકટર, કોદાળી પાવડા વગેરેથી ખોદાય (૨) કેટલાક આત્માઓ ઘોડા, હાથી, ગધેડાદિ પશુઓની ખુરા વડે મર્દન કરાય. (૩) કેટલાક પાણીના પ્રવાહોથી પલ્લવિત થાય (૪) કેટલાક દવાગ્નિથી દહાય (૫) કેટલાક આત્માઓ, લવણ, આચામ્લ, મળ–મૂત્રાદિનાં પાણીથી વ્યથિત થાય (૬) લવણ–ક્ષારપણાને પામેલા પૃથ્વીકાય ઉષ્ણ પાણીમાં ઉકાળાય (૭) કેટલાક આત્મા કુંભારાદિ દ્વારા ઘડા, ઈંટો, આદિ થઈને પકાવાય (૮) કેટલાક માટી–રેતી–ચૂનો આદિ પૃથ્વીકાય ને કાદવ – ગારો કરી ભીંતની અંદર ચોંટાડે (૯) કેટલાક પૃથ્વીકાય જીવોને ક્ષાર દ્વારા પકાવીને કારીગરો શણ ઉપર ખૂબ ઘસે (૧૦) કેટલાક પૃથ્વીકાય આરસાદિ પત્થરોને ટાંકણાંથી કોતરાવે. આ પ્રમાણે પૃથ્વીકાયની અનેક પીડા જાણીને વિવેકી આત્માઓએ સર્વથા તેમને પીડા આપવાનું બંધ કરવું જોઈએ અથવા તે માટે કંઈક મર્યાદા પણ બાંધવી જોઈએ.

## (૨) અપ્કાય જીવોનો આયુષ્યકાળ :

પૃથ્વીકાયથી કોમળ શરીરવાળા, અસંખ્યાતા સમુદ્રો, વાવડી, કૂવા,

તળાવાદિમાં રહેલાં છે. મનુષ્યો, તિર્યંચોનાં જીવન નિર્વાહ કરવામાં અપ્કાય જરૂરિયાત રૂપે થાય છે અને શરીર સુખ માટે પણ તે જીવોનાં શરીર વડે સાતા–અનુકૂળતા મળે છે, તેથી શરીરને સ્વચ્છ કરવામાં, ન્હાવામાં, કપડાદિને ધોવામાં તેની વિરાધના થાય છે. એક બાદર પર્યાપ્ત અપ્કાય જીવને આશ્રયે એ જ શરીર અવગાહનામાં અસંખ્યાતા લોકાકાશના આકાશ પ્રદેશોની સંખ્યા જેટલા અસંખ્યાતા બાદર અપર્યાપ્ત અપ્કાયના જીવો રહેલાં હોય છે અને તે ચારે નિકાયના દેવોની સંખ્યા કરતાં અસંખ્યાત ગુણા અધિક છે. અથવા પાણીના એક બિંદુમાં સાત નારકીના જીવો કરતાં અસંખ્યાત ગુણા અધિક છે. પાણીમાં રહેલ શીતળતા, કોમળતા, સ્નિગ્ધતાદિના કારણે તેમાં સાતા રૂપે સુખ અનુભવવાના કારણે તેમાં રહેવાનું મન થાય. ઉનાળાની ઋતુમાં ભયંકર તાપમાં જો શીતલ જળાશય, કુંડ, હોજ મળી જાય તો તેમાં રહેવાનું, ડૂબવાનું, રમવાનું મન થાય અને અનુમોદના થાય તો અલ્પકાળ તેમાં રહીને દીર્ઘકાળ સુધી ત્યાં રહેવાનું કર્મ બાંધે. અપ્કાયનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાત હજાર વર્ષ છે. મોટા આયુષ્યવાળા અપ્કાયના જીવો લવણ સમુદ્રમાં રહેલા પાતાલ કળશોમાં નીચેના ભાગમાં રહેલા હોય છે. જ્યાં તેઓને મોટે ભાગે કોઈ પીડા ન કરે અથવા ખીણો વગેરેમાં જે સ્થાનમાં ખાબોચીયા હોય છે જ્યાં બીજા કોઈ અવર–જવર ન કરે તેવાં સ્થાનમાં પાણી રૂપે ઉત્પન્ન થાય છે અથવા દેવોની વાવડીના નીચેના ભાગમાં, દ્રહોમાં પાણી રૂપે ઉત્પન્ન થાય છે. અધોલોકમાં રહેલી ૭ પૃથ્વીઓને વીંટળાઈને ઘનોદધિ (ઘીની જેમ થીજેલા પાણી) અપ્કાય તરીકે ઉત્પન્ન થાય.

## (૩) તેઉકાય જીવોનો આયુષ્યકાળ :

બાદર અગ્નિકાય જીવોની ઉત્પતિ આ અવસર્પિણી કાળના ત્રીજા આરાના અંતે જ્યારે ઋષભદેવનું રાજ્ય સ્થપાયું ન હતું અને યુગલિક કાળ પૂર્ણ થયો તે વખતે થાય છે. તેનું ક્ષેત્ર ખૂબ જ નાનું છે. માત્ર અઢીદ્વીપ અને તેમાં પણ માત્ર કર્મભૂમિમાં અને તે પણ પાંચ ઐરાવત ને પાંચ ભરતમાં હોય

છે. અકર્મભૂમિ રૂપ યુગલિક ક્ષેત્રોમાં અગ્નિકાય ન હોય. આથી માત્ર પાંચ મહાવિદેહમાં સદા હોય. અવસર્પિણીના ત્રીજા આરામાં તીર્થંકર પરમાત્માના જન્મ પછી ઉત્પન્ન થાય અને પાંચમા આરાના અંત સુધી હોય પછી તે નાશ પામે છે. તે જ પ્રમાણે ઉત્સર્પિણીના ત્રીજા આરાના ૮૯ પખવાડિયા પછી પ્રથમ શ્રી પદ્મનાભ તીર્થંકરનો જન્મ થશે તે પછી બાદર અગ્નિ ઉત્પન્ન થશે. ચોવીસમા તીર્થંકરના નિર્વાણ પછી સંઘના નાશ પછી બાદર અગ્નિ નાશ પામે. આમ બાદર અગ્નિનું ક્ષેત્ર અને કાળ અલ્પ છે અને એક ભવનું ઉત્કૃષ્ટ આયુષ્ય સ્થાવરકાય જીવોમાં અગ્નિકાયનું આયુષ્ય સૌથી અલ્પ માત્ર ૩ અહોરાત્રિ છે. છતાં બીજા બધા કરતાં અગ્નિકાય તિર્ચ્છાલોકમાં દીર્ઘ શસ્ત્ર રૂપે આચારાંગમાં કહ્યો છે. તેની હાજરીમાં ષટ્કાય જીવોની વિરાધના સૌથી વધારે થાય, શસ્ત્રના ઘા કરતાં શરીર બળવાની વેદના મહાભયંકર છે. સર્વ શસ્ત્રોમાં અગ્નિ એ પ્રબળ શસ્ત્ર છે. આખા જંગલનો નાશ કરવો હોય તો બીજા શસ્ત્રો વડે ઘણો સમય જાય જ્યારે અગ્નિશસ્ત્ર વડે બળતા વાર લાગે નહીં. યુદ્ધમાં પણ સૌથી વધારે વિનાશકારી અણુબોંબ, એટમ બોમ્બ દારૂગોળાનો જ ઉપયોગ કરવામાં આવે છે. અગ્નિકાયનું વારણ પણ અતિ દુષ્કર છે. સમગ્ર ઈલેકટ્રીસીટી વીજળી વડે ચાલતા તમામ યંત્રો વડે થતી અગ્નિકાય સહિત છ કાયની વિરાધનાનું મહાપાપ આજે પુષ્કળ પ્રમાણમાં અનુકૂળતા ભોગવવામાં થાય છે. એ.સી., પંખા, લિફ્ટ, ટી.વી. વિગેરે શરીર સુખના મોટા ભાગના સાધનો ઈલેકટ્રીસીટીના આધારે જ ચાલે છે. તેનાથી કામ ઝડપી અને ઓછી મહેનતે થવાના કારણે તેનો બહોળો ઉપયોગ થાય છે પણ તેની પાછળની ઘોર હિંસા, જીવ વિરાધના નજરમાં આવતી નથી અને તેમાં આનંદ, અનુમોદના ભળતા જીવ અગ્નિકાયમાં રહેવાનું કર્મ બાંધી લે છે. અગ્નિકાયમાંથી નીકળીને જીવ તરત જ દેવ, નારક કે મનુષ્યભવમાં આવી શકતો નથી. તિર્યંચ પંચેન્દ્રિયમાં જવા છતાં ત્યાં પણ સમકિત પ્રગટ કરી શકતો નથી. જેમ કષાયના ઉદયથી જીવને સંતાપનો તરત અનુભવ થાય તેમ અગ્નિનો

ઉપયોગ સાવધાની પૂર્વક કરવામાં ન આવે તો તરત શરીરને બળતરા થવા રૂપ પીડા ઉત્પન્ન કરનારો થાય અર્થાત્ પ્રતિકૂળતા વડે આર્તધ્યાન અને અનુકૂળ તા વડે પણ આર્તધ્યાન કરાવશે. માટે અલ્પ આયુષ્યવાળા અગ્નિકાયથી વિશેષ સાવધાની પૂર્વક રહેવાનું છે. અગ્નિકાયથી સર્વવિરતિ માત્ર સાધુ જ સ્વીકારી શકે અને પાળી શકે.

## (૪) વાયુકાય જીવોનો આયુષ્યકાળ :

બાદર વાયુકાયના જીવોનું ક્ષેત્ર પાંચે સ્થાવરકાયમાં સૌથી વધારે છે. કારણ બાદર વાયુકાય અતિ કઠિન (નક્કર) પૃથ્વીકાય સિવાય ૧૪ રાજલોકમાં સર્વત્ર જ્યાં–જ્યાં પોલાણો છે ત્યાં છે અને સર્વ જીવો કરતાં તે અતિ કોમળ છે અને સર્વ જીવોના શરીરને સ્પર્શીને રહેલો છે. આથી સ્થાવરકાયમાં વાયુકાયના શરીરો સાથે સૌથી વધારે કાળ રહેવાનું છે તેનું શરીર શીતળ અને કોમળ હોવાથી સાતાનો અનુભવ વિશેષ થવાથી તેમાં ઉદાસીન ભાવે રહેવાનું અતિ દુષ્કર છે અને વિશેષમાં વાયુકાય જીવોનું શરીર દૃષ્ટિગોચર બનતું નથી તે માત્ર સ્પર્શનેન્દ્રિય દ્વારા અનુભવાય તેથી તેનો ઉપયોગ રહેવો પણ દુષ્કર છે. આથી અનુકૂળ વાતાવરણમાં ગમો ઊભો રહે, તેની અપેક્ષા ઊભી રહે પછી તે મળતાં આનંદિત થઈ જવાય. વાતાવરણ બહુ જ સારું હતું તેથી આરાધના સારી થાય તેવી માન્યતા થઈ જાય અને આયુષ્યનો બંધ પડી જાય તો જીવને વાયુકાયમાં જવાનું થાય. વાયુકાયનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ હજાર વર્ષનું છે. તે જીવો સામાન્યથી ઘનાદિના વલયની નીચે ઘનવાત ને તનવાત તરીકે હોય છે અને લવણ સમુદ્રના પાતાળ કળશોમાં નીચેના વાયુ રૂપે રહેલા છે. દરિયામાં ભરતી, તોફાની મોજાઓનું ઉછળવું તે બધું વાયુકાય–પાણીના જીવો સાથે ભળે ત્યારે થાય છે. મોટાં–મોટાં વાવાઝોડા વગેરે વાયુકાયના વિકુર્વેલા શરીર રૂપે છે જેના કારણે ગામ–નગરમાં રહેલાં ઘરો ઊડાડી મૂકે, પશુ, પંખી

વચ્ચેરેનો મહાનાશ થાય. વાયુકાયમાંથી નીકળેલા જીવો સીધા દેવ–મનુષ્ય–નારકમાં આવી શકે નહીં અને તિર્યંચ પંચેન્દ્રિયમાં જવા છતાં સમકિત પ્રગટ કરી શકે નહીં.

## (૫) વનસ્પતિકાયં જીવોનો આયુષ્યકાળ :

પાંચ સૂક્ષ્મ પૃથ્વીકાયાદિનું જઘન્ય ને ઉત્કૃષ્ટ આયુષ્ય અંતર્મુહૂર્ત્તનું છે. સાધારણ વનસ્પતિકાય સૂક્ષ્મ અને બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત બન્નેનું આયુષ્ય અંતર્મુહૂર્ત્તનું છે. પ્રત્યેક વનસ્પતિકાયનું જઘન્ય પર્યાપ્ત અને અપર્યાપ્ત બન્નેનું અંતર્મુહૂર્ત્ત છે અને ઉત્કૃષ્ટ દસ હજાર વર્ષનું છે. સાધારણ વનસ્પતિકાયનું આયુષ્ય અલ્પ હોવા છતાં વેદના સૌથી વધારે ભોગવે છે. એક શ્વાસોચ્છવાસમાં તેના ૧૭ા ભવ થાય છે એક ભવમાં અત્યંત અલ્પ કાળમાં તેને શરીરની રચના– આહાર– શ્વાસોશ્વાસ પૂર્ણ કરવા પડે છે અને બે પર્યાપ્તિઓ અનંતા શરીરોએ સાથે રહીને કરવી પડે છે. અનંતા જીવો સાથે કર્મ–કષાય અને કાયાના સંગ સહિત રહેવાના કારણે જીવને મહાપીડા ઉત્પન્ન થાય છે, આત્મા સ્વયં સાતમી નરકથી અનંતગણી વેદના ભોગવે છે અને બીજા નિગોદના જીવોને પણ પોતાનું શરીર વેદના આપવામાં નિમિત્ત બને છે.

સ્વયંભૂરમણ સમુદ્રમાં એક હજાર યોજનથી અધિક કાયા ધરાવતું કમળ રહેલું હોય છે ત્યાં તેને દસ હજાર વર્ષ સુધી અપ્કાયનાં જીવોની સાથે રહેવું પડે છે. તેનું શરીર અપ્કાયના કોમળ શરીર સાથે ઘર્ષણ પામે અને પરસ્પર કિલામણા થાય. આમ પ્રત્યેક વનસ્પતિકાયના જીવો અપ્કાયના કોમળ શરીર વડે પોતે પણ કિલામણા પામે અને બીજાને પણ કિલામણામાં નિમિત્ત બને. આવા જીવો ઉત્કૃષ્ટ આયુષ્યમાં વધારેમાં વધારે તે આઠ ભવ કરી શકે પછી એક ભવ બદલવો પડે. આમ દીર્ઘકાળ આવી વેદના ભોગવતાં અકામ નિર્જરા કરવા વડે તે મનુષ્યાદિ ભવમાં આવે છે.

## ❑ ત્રસ કાય જીવોનો આયુષ્યકાળ :

**ગાથા : ૩૫**

**વાસાણિ બારસાઉ, બેઈંદિયાણં તેઈંદિયાણં તુ,**
**અઉણાપન્ન–દિણાઈ, ચઉરિંદીણં તુ છમ્માસા ॥૩૫॥**

બે ઈન્દ્રિયોનું બાર વર્ષોનું, વળી તેઈન્દ્રિયોનું,
દિવસ ઓગણપચાસ, અને ચૌરિન્દ્રિયનું ષટ્માસનું. ૩૫

## ❑ બેઈન્દ્રિય જીવોનો આયુષ્યકાળ :

બેઈન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાર વર્ષ, તેઈન્દ્રિય જીવોનું ૪૯ દિવસ અને ચઉરિન્દ્રિય જીવોનું છ મહિનાનું હોય છે. જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત હોય છે.

શાસ્ત્રમાં બેઈન્દ્રિય જીવોની વેદનાનું વર્ણન કરતાં કહે છે.

**द्विन्द्रियत्वं च ताप्यन्ते, पीयन्ते पूतरादय : ।**
**चूर्नन्तं कश्चमयः पादै भक्ष्यन्ते चटकादिभि : ॥**
**शंखादयो निखयन्ते, निकलयन्ते जलौकस : ।**
**गुण्डुपद्याद्याः पात्यन्ते, जठरादौपधादिभिः ॥**

પાણીમાં રહેલા પોરા ઉત્કૃષ્ટ આયુષ્ય બાર વર્ષનું ધરાવે છે. પણ તે પ્રાયઃ અઢીદ્વીપની બહાર હોય, સૂર્યના તાપથી તેઓને તપવું પડે. તિર્યંચાદિ જીવો એ પાણી પીવે એની સાથે તેઓ પણ પીવાઈ જાય. કૃમિ જીવોને પગથી ચૂરીને ખાય છે. પશુ–પક્ષીઓ કૃમિઓને મુખ દ્વારા ભોજન કરવા વડે ભયંકર ત્રાસ પમાડે. જળો લોહીથી પુષ્ટ બનેલ હોય તેનાં લોહીને ચૂસવા દ્વારા દીર્ઘકાળ સુધી તેને ત્રાસ આપવામાં આવે. (ગુણ્ડુપદ) કૃમિઓ પેટમાં ઉત્પન્ન થાય છે અને મનુષ્યોનો આહાર ખાવા વડે શરીરને પુષ્ટ બનાવે છે. પેટમાં પીડા થવાથી મનુષ્યો તે કૃમિઓનો ઔષધ દ્વારા નાશ કરે છે.

## ❑ તેઈન્દ્રિય જીવોનો આયુષ્યકાળ :

તેઈન્દ્રિય જીવોનું આયુષ્ય દીર્ઘ નથી. ઉત્કૃષ્ટ ૪૯ દિવસનું આયુષ્ય છે. આથી તેમને જલદી મરણ આવવાનું નિશ્ચિત છે પણ તેટલા આયુષ્ય દરમ્યાન વિવિધ કીડારૂપે થાય જેમ કે ધનેડાનાં જીવો અનાજમાં (ઘઉંમા) ઉત્પન્ન વિશેષ થાય. ઘઉં, કઠોળાદિમાં પડી તેને સડાવવા–ફોલી ખાવા વડે તેને ત્રાસ આપવાનું કામ કરે છે. મોટા ભાગના કીડાઓ (માંકડ, જૂ, લીખ, કીડી) મનુષ્યો, તિર્યંચો કે વનસ્પતિના શરીરમાં રહીને તેનું લોહી – માંસના રસને પીવા દ્વારા, ચટકા ભરવા વડે ત્રાસ આપવાનું કામ કરે છે. આમ તેમનું અલ્પજીવન પણ માત્ર આહાર સંજ્ઞાને પોષવામાં, રસનેન્દ્રિયને પોષવા વડે સ્વાત્માને પીડા આપવામાં અને બીજાના શરીરમાંથી લોહી, માંસનાં રસને પીવા અને સ્પર્શવા દ્વારા બીજાને પીડા આપવામાં પસાર થઈ જાય છે. તાપાદિ છેદન–ભેદન–વેદનરૂપ ભયંકર પીડા ભોગવવા વડે અકામ નિર્જરા દ્વારા તેઓ મનુષ્યાદિ ભવોને પ્રાપ્ત કરે છે, પણ મનુષ્યભવ પામીને મોક્ષ પામી શકતા નથી.

## ❑ ચઉરિન્દ્રિય જીવોનો આયુષ્યકાળ :

તેઈન્દ્રિય કરતાં અધિક છે એટલે કે છ માસ છે, છ માસના આયુષ્યમાં જન્મ ધારણ કરીને વધારેમાં વધારે એક યોજન જેટલું શરીર ધારણ કરી શકે. પણ સંમૂર્ચ્છિમ જન્મ હોવાના કારણે તેમને મોટા શરીર ધારણ કરવામાં લાંબો સમય પસાર ન કરવો પડે. જન્મતાં જ તરત તેટલા – મોટા શરીરવાળા બની જાય. બીજા જીવોને ત્રાસ આપવાની શક્તિ વિકલેન્દ્રિયમાં સૌથી વધારે છે. વીંછી ડંખ મારવામાં સૌથી વધારે કુશળ છે અને ડંખ મારવા વડે બીજામાં ઝેર પ્રસરાવી તેનું મૃત્યુ પણ કરે. ડાંશ, મચ્છર, માખી આદિ જીવો બીજા પ્રાણીઓને ડંખ–સ્પર્શ કરવા વડે ખૂબ ત્રાસ આપે છે અને અપ્રીતિના કારણ બને છે. છ માસ દરમ્યાન તેઓ સતત માત્ર આહારની શોધમાં ફરતાં હોય છે, ભમતાં

હોય છે. ભમરા–માખી આદિ ગંધની શોધમાં સતત ભટકે અને આહાર સંજ્ઞા, ગંધ સંજ્ઞાને પુષ્ટ કરી હિંસક વૃત્તિઓને પુષ્ટ બનાવી આયુષ્ય પૂર્ણ કરે છે. મનુષ્યાદિ તેના ત્રાસથી બચવા તેને દૂર કરવા ધૂમાડાં ઝેરી દવાઓ છાંટવા આદિ કરવા દ્વારા તે જીવો સાથે વૈરાનુબંધ દ્વેષાદિ કરી ભવની પરંપરા ઊભી કરે છે. આ બધા જીવોની આ ભવની અવસ્થા વિચારીને વિશેષ સાવધાન થવાનું છે.

## ❑ દેવો તથા નારકના જીવોનો આયુષ્યકાળ :

**ગાથા : ૩૬**

**સુર–નેરઈયાણ ઠિઈ ઉક્કોસા સાગરાણિ તિત્તીસં,**
**ચઉપય–તિરિય–મણુસ્સા, તિન્નિય પલિઓવમા હુંતિ ॥ ૩૬ ॥**

ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ, આયુ નારક–દેવનું,
જઘન્યથી તેઓનું તો, છે દશ હજાર જ વર્ષનું. ૩૬

દેવ તથા નરકના જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમની હોય છે અને સામાન્યથી જઘન્યસ્થિતિ દસ હજાર વર્ષની હોય છે.

પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યોની ઉત્કૃષ્ટ ભવ સ્થિતિ ત્રણ પલ્યોપમની હોય છે અને સામાન્યથી જઘન્યસ્થિતિ અંતમૂર્હતની જાણવી.

વ્યક્ત દુઃખ ભોગવવાનું ક્ષેત્ર નરક છે. જીવે પૂર્વે બાંધેલા નરક આયુષ્યના કારણે તે ભોગવવા માટે વૈક્રિય શરીરની પ્રાપ્તિ થાય છે અર્થાત્ નિકાચિત કર્મના ઉદયરૂપ તે શરીરમાં જેટલું આયુષ્ય કર્મ બાંધ્યું હોય તેટલો કાળ ફરજિયાત તે શરીરમાં રહીને પીડા ભોગવવી પડે છે. જીવે શરીર માટે અને શરીર વડે જે જીવોને પૂર્વે પીડા આપી છે તેની સજા રૂપે કર્મસત્તા તે જીવને તેવા જ પ્રકારની પીડા આપે છે. ચૌદ રાજલોકમાં ચારે ગતિમાં રહેલા સર્વજીવોમાં સૌથી વધારે વ્યક્તપીડા સાતમી નરકમાં રહેલા નરકજીવને હોય છે. ૩૩ સાગરોપમ સુધી એક સરખી પીડા, વેદના અને દુઃખો ભોગવે છે.

જ્યારે સૌથી અધિક ઔદયિક સુખ ભોગવવાનું સ્થાન દેવલોક છે, ત્યાં જીવ પૂર્વે કરેલાં સુકૃત વડે અર્થાત્ શરીરને કષ્ટ આપી શરીરના સુખને છોડીને જે સુકૃત કરે તેના વડે બંધાયેલા નિકાચિત પુણ્યથી શરીરના સુખ ભોગવવા માટે જીવ દેવગતિમાં જાય. દેવભવમાં આયુષ્ય કર્મના કારણે દેવભવને યોગ્ય શરીર ધારણ કરવા દેવલોકમાં ઉત્પન્ન થાય તેટલો કાળ ત્યાં વૈક્રિય શરીરથી સુખ ભોગવે. પૂર્વે બીજા જીવોને જયણાના પાલનથી સાતા આપી અથવા જીવોની રક્ષાદિ માટે શરીરના કષ્ટો સહન કર્યા અથવા પ્રશસ્ત ભાવથી દેવ ભક્તિ આદિ કરવા વડે જે પુણ્ય બંધાયું તેથી તે સુખ ભોગવવા જીવોને દેવગતિની પ્રાપ્તિ થાય. દેવભવનું પુણ્ય પણ નિકાચિત, એટલે તે અવશ્ય ભોગવવું પડે. તેનો પણ ઉત્કૃષ્ટ કાળ ૩૩ સાગરોપમનો છે. અનુત્તરવાસીદેવને પૂર્વભવમાં માત્ર સાત લવ જેટલું આયુષ્ય ખૂટવાના કારણે કે છઠ્ઠનો તપ ખૂટવાના કારણે નિર્જરા ઓછી થાય છે અને પ્રશસ્ત પુણ્ય બંધાય છે. તે ભોગવવા ૩૩ સાગરોપમ સુધી તેને એક હાથના શરીરમાં રહેવું પડે. પંચેન્દ્રિય મનુષ્યો અને તિર્યંચોને પણ ત્રણ પલ્યોપમનું આયુષ્ય પ્રાપ્ત થાય છે. યુગલિકના ભવમાં તે જીવને શારીરિક દુઃખો નથી હોતા, રોગો થતાં નથી, આહારની પણ અલ્પ જરૂર પડે છે. શરીર વડે કરેલાં તપ–યાત્રાદિ કરવા વડે અને જયણાના પાલનથી બીજાને સાતા આપવાથી શરીરના સુખ ભોગવવા માટે યુગલિક ભવ મળે. દેવભવ અને યુગલિક ભવ સુખ ભોગવવા માટે છે પણ આત્માનું સુખ ભોગવી શકાતું નથી.

યુગલિક સિવાય પંચેન્દ્રિય તિર્યંચો અને ગર્ભજ મનુષ્યોનો ભવ સુખ અને દુઃખ ભોગવવા માટે હોય છે. સુખ–દુઃખ બંને ભોગવવાનું આત્મા છોડે તો આત્મા સમતા સુખને માણી શકે અને મનુષ્ય આ દેહ વડે દેહથી દૂર થવા દેહમાં વિરક્ત ભાવે રહીને જો આત્મામાં સ્થિર એટલે કે આત્મ સ્વભાવમાં લીન બની જાય તો કર્મનો ક્ષય કરી શકે. માટે સદા દેહમાંથી નીકળવાનું કરી શકે છે. (દેવ–નરક અને તિર્યંચોનું આયુષ્ય વિગેરે વિશેષ વિગત – કોષ્ટકમાં જોઈ લેવી.)

## ❑ જળચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખેચરના જીવોનો આયુષ્યકાળ :

**ગાથા : ૩૭**

**જલયર–ઉર–ભુયગાણં, પરમાઉ હોઈ પુવ્વ–કોડીઓ,**
**પક્ખીણં પુણો ભણ્ણિઓ, અસંખ–ભાગો ય પલ્લિયસ્સ ॥૩૭॥**

ગર્ભજ મનુષ્યોનું અને, ગર્ભજ ચતુષ્પદ પ્રાણીનું,
ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમનું, જઘન્ય અંતર્મુહૂર્તનું;
ગર્ભજસંમૂર્ચ્છિમ જલચરો, ગર્ભજ ઉરગ ભુજગનું,
ઉત્કૃષ્ટ આયુ પૂર્વકોડ વર્ષનું, ત્રણેય તણું.
અસંખ્યાતમો છે ભાગ, પલ્યોપમતણો પક્ષી તણું. ૩૭

જલચર સમૂર્ચ્છિમ અને ગર્ભજ તે બંનેનું ક્રોડ પૂર્વ વર્ષનું આયુષ્ય સમજવું. જલચર, ઉરપરિસર્પ અને ભુજપરિસર્પનું ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રોડ પૂર્વ વર્ષનું તથા પક્ષીઓનું પલ્યોપમના અસંખ્યાત્મ ભાગ જેટલું છે. સમૂર્ચ્છિમ ચતુષ્પદ ૮૪,૦૦૦ વર્ષ, પક્ષી–૭૨,૦૦૦ વર્ષ, ઉપરપરિસર્પ–૫૩,૦૦૦ વર્ષ અને ભુજપરિસર્પ–૪૨,૦૦૦ વર્ષ જણાવેલ છે.

જલચર તરીકે માછલી આદિના ભવમાં (શરીરમાં) આત્માને પૂર્વ ક્રોડવર્ષ સુધી રહેવાનું આયુષ્ય કર્મ બંધાયું અર્થાત્ પૂર્વ ભવમાં જે શરીરમાં રહેવાનો અધ્યવસાય કર્યો હોય જેમકે બાથમાં સ્નાન કરતાં પાણીમાં રહેવાનું સુખરૂપ લાગે અને તેનો ગમો થયો, તેની અનુમોદનાદિ વડે નિકાચિત એવું કર્મ બાંધી લીધું, જેના ઉદયે જીવ મનુષ્ય મટી જ્યાં પાણીમાં દીર્ઘકાળ રહી શકાય એવા સમુદ્ર વિગેરેમાં માછલા તરીકે ઉત્પન્ન થાય. ત્યાં તેટલો કાળ જીવે માછલામાં એક હજાર યોજન પ્રમાણ શરીરને પોષવા કેટલાય માછલાનાં સંહાર કરવા વડે શરીરને પોષવું પડે અને તેમાં જો આસક્તિ આવી જાય તો

ફરી તેવા જ ભવોમાં અનુબંધ પડે અને જીવ તે ભવોમાં ભટક્યા કરે. આથી શરીરના સુખના ત્યાગનું લક્ષ રાખવું જરૂરી. શરીરમાંથી નીકળવાના પરિણામ પૂર્વક સાવધાનીપૂર્વક રહેવું પડે.

### ❑ સર્વ સૂક્ષ્મજીવો તથા સાધારણ વનસ્પતિ તથા સંમૂર્ચ્છિમ મનુષ્ય જીવોનો આયુષ્યકાળ :

ગાથા : ૩૮

**સવ્વે સુહુમા સાહારણા ય, સંમૂચ્છિમા મણુસ્સા ય ।**
**ઉક્કોસ–જહન્નેણં અંત–મુહૂત્તં ચિય જિયંતિ ॥૩૮॥**

ઉત્કૃષ્ટ આયુ છે વળી, એકેન્દ્રિય સૂક્ષ્મ સર્વનું;
સંમૂર્ચ્છિમ મનુષ્યોનું જ, સાધારણ વનસ્પતિકાયનું,
જઘન્ય ને ઉત્કૃષ્ટથી, આયુષ્ય અંતર્મુહૂર્ત્તનું. ૩૮

સઘળા ય સૂક્ષ્મ જીવો તથા સાધારણ વનસ્પતિકાયના જીવોનું તથા સંમૂર્ચ્છિમ મનુષ્યોનું જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી એક અંતર્મુહૂર્તનું જ આયુષ્ય હોય છે તેટલો કાળ તેઓ જીવે છે.

ગાથા : ૩૯

**ઓગાહણા–ડડઉ–માણં, એવં સંખેવઓ સમક્ખાયં ।**
**જે પુણ ઈત્થ વિસેસા, વિસેસ–સુત્તાઉ તે નેયા ॥ ૩૯ ॥**

અવગાહના ને આયુ કેરું, દ્વાર એમ સંક્ષેપથી,
ભાખિયું પણ જાણવું, બાકી વિશેષ જ સૂત્રથી; ૩૯

**(આ પ્રમાણે સંક્ષેપથી અવગાહના તથા આયુષ્ય દ્વારનું વર્ણન કર્યું તેમાં જે કાંઈ વિશેષ છે તે વિશેષ સૂત્રથી જાણી લેવું. અવગાહનાનો કોઠો પુસ્તકના અંતભાગમાં આપવામાં આવ્યો છે.)**

## ❑ એકેન્દ્રિય જીવોની સ્વકાયસ્થિતિ :

ગાથા : ૪૦

**એગિંદિયા ય સવ્વે, અસંખ ઉસ્સપિણી સકાયમ્મિ**
**ઉવવજ્જંતિ ચયંતિ ય, અણંત–કાયા અણંતાઓ ॥ ૪૦ ॥**

નિજકાયમાં ઉપજે મરે, જીવો નિરંતર જ્યાં સુધી,
સ્વકાય સ્થિતિ દ્વાર છે, કહીશું હવે સુણજો સુધી !
અનંતકાયોની અનંતી, ને સકલ એકેન્દ્રિયની;
અસંખ્ય છે ઉત્સર્પિણી, અવસર્પિણીના માનની; ૪૦

## ❑ સ્વકાય સ્થિતિ :

સ્વકાય સ્થિતિ એટલે જુદી–જુદી કાયામાં ગયા વિના એક જ કાયામાં ફરી–ફરી ઉત્પન્ન થવું, જેમ કે પૃથ્વીકાયના જીવો પૃથ્વીકાય તરીકે કેટલો કાળ ફરી ઉત્પન્ન થઈ શકે ? પૃથ્વીકાયના જીવોનું ઉત્કૃષ્ટ એક ભવનું આયુષ્ય બાવીસ હજાર વર્ષ. એવા એક પૃથ્વીકાયના કોઈ ચોક્કસ ભેદમાં (દા.ત. રત્ન તરીકે વધારેમાં વધારે આઠ ભવ કરી શકે અને જઘન્ય અંતર્મુહૂર્ત્તના આયુષ્યવાળા. બધા ભવો વધારેમાં વધારે એક ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત થાય તેટલા કરે) ઉત્કૃષ્ટ આઠ ભવ કરીને એક ભવ પૃથ્વીકાયના ભેદનો બદલાવે અર્થાત્ રત્નને બદલે પત્થર, માટી આદિ જુદાં–જુદાં પર્યાયમાં જાય અને આવી રીતે પૃથ્વીકાયમાં સૂક્ષ્મ અને બાદર પર્યાયમાં અસંખ્ય ઉત્સર્પિણી / અવસર્પિણી કાળ સુધી પરિભ્રમણ કર્યા કરે. જીવની કાયસ્થિતિના પરિભ્રમણ માટેનો કાળ સમજ્યા, હવે કાળના સ્વરૂપને સમજવું જરૂરી છે.

## ❑ કાયસ્થિતિ :

ચૌદે રાજલોકના જીવોમાં માત્ર સિદ્ધના જીવો કાયસ્થિતિ વિનાના છે. તેઓએ પોતાની મૂળ દ્રવ્યાતીત સર્વ પર દ્રવ્યોના સંગોથી સંપૂર્ણ રહિત શુદ્ધ નિરંજન નિરાકાર અવસ્થા પ્રગટ કરી લીધી છે. તેથી તેઓ પર દ્રવ્યાતીત છે.

તેમજ રૂપથી પૂર્ણ અતીત જે અરૂપી અવસ્થા છે તે પણ તેમણે પ્રગટ કરી લીધી છે તથા સર્વ પરક્ષેત્રથી અતીત અવસ્થા માત્ર સ્વાત્મ પ્રદેશોમાં જે રહેલા પૂર્ણ ગુણમાં પૂર્ણ વીર્ય પ્રર્વતાવવા વડે સ્વક્ષેત્રમાં જ રહીને તેમાં જ પૂર્ણ રમી રહ્યાં છે. તેમજ સર્વકાળથી પણ અતીત અવસ્થા છે અર્થાત્ સિદ્ધોને રાત્રિ–દિવસાદિનો કાળ લાગતો નથી. તેમની પ્રગટ થયેલી શુદ્ધ, સિદ્ધાવસ્થા તે જ સ્વરૂપે કાંઈ પણ બાહ્ય ફેરફાર થયા વિના કાયમી અનાદિકાળ સુધી રહેશે અર્થાત્ તેમનો નાશ નહીં થાય. આથી સિદ્ધોને કાયસ્થિતિ નથી. તેમજ દેવ અને નરકના જીવો પણ એ જ ભવમાં અર્થાત્ દેવનો જીવ મરીને ફરી દેવપણે ઉત્પન્ન ન થઈ શકે. એક ભવ તિર્યંચ કે મનુષ્યમાં જવું જ પડે. દેવનો આત્મા મરીને નરકમાં સીધો જઈ શકે નહીં. તેમજ નરકના જીવો પણ સીધા ફરી નરક તરીકે ઉત્પન્ન ન થઈ શકે. એક ભવ તિર્યંચ કે મનુષ્યનો કરવો પડે. તે જ પ્રમાણે યુગલિકોના જીવો પણ ફરી મરીને યુગલિક તરીકે ઉત્પન્ન ન થાય. તેમને માટે દેવલોકમાં જવું ફરજિયાત હોય છે. યુગલિક પંચેન્દ્રિય તિર્યંચો પણ દેવલોકમાં જાય માટે તેમની પણ કાયસ્થિતિ નથી.

- **ચૌદ રાજલોકમાં રહેલા સંસારી જીવો બે રાશિ (વિભાગ)માં વહેંચાયેલા છે. (૧) અવ્યવહાર રાશિ (૨) વ્યવહાર રાશિ.**

અવ્યવહાર રાશિ કે જેમાં રહેલા જીવો અનાદિઅનંત કાળથી ત્યાં જ જન્મ–મરણની પરંપરાને કરે છે. એક પણ વખત નિગોદના સૂક્ષ્મ પર્યાયમાંથી બીજા કોઈપણ પર્યાયને હજુ સુધી પ્રાપ્ત કર્યું નથી. તેમની કાયસ્થિતિ અનંતાનંત પુદ્ગલ પરાવર્તકાળની છે. તેમાં જે જાતિ ભવ્ય જીવો છે તેઓ કોઈપણ કાળમાં અનાદિ અવ્યવહાર રાશિની નિગોદમાંથી બહાર નીકળવાના નથી. એક જીવ જ્યારે સિદ્ધમાં જાય ત્યારે અનાદિ નિગોદમાંથી એક ભવ્ય કે અભવ્ય જીવ બહાર નીકળે. પણ જાતિ ભવ્ય કે જાતિ અભવ્ય ક્યારે પણ બહાર નીકળે નહીં. અનાદિ અવ્યવહારરાશિ નિગોદમાંથી બહાર નીકળ્યા પછી તેઓ પૃથ્વીકાયાદિ જુદા–જુદા પર્યાયને પામવાની યોગ્યતાવાળા બને.

અવ્યવહાર રાશિમાંથી નીકળ્યા પછી પ્રાયઃ કરીને સૂક્ષ્મ વનસ્પતિકાય નિગોદમાં જીવ ભમે અને નરક કરતાં અનંત ગણી વેદના ભોગવે પછી જીવ પૃથ્વીકાયાદિ પાંચ સૂક્ષ્મમાં અસંખ્યાત લોકાકાશના જેટલા આકાશ પ્રદેશો છે તેટલી અવસર્પિણી કાળ સુધી ભમે છે. બાદર પૃથ્વીકાયાદિ, બાદર વનસ્પતિમાં ઓઘથી જીવ અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશ પ્રમાણ અવસર્પિણી કાળ ઉત્કૃષ્ટે ભમે છે. નિગોદમાંથી નીકળ્યા પછી બાદરપણામાં જઘન્ય કાયસ્થિતિ ક્વચિત્ અંતર્મુહૂર્ત પણ હોઈ શકે.

વ્યવહાર રાશિમાં આવ્યા પછી (સૂક્ષ્મ–બાદર) નિગોદમાં ફરી સૂક્ષ્મ નિગોદમાં એક થી માંડી અનંતા જીવો જઈ શકે.

અનાદિ નિગોદમાંથી બહાર આવ્યા પછી જો જીવ (સમકિત પામ્યા વિના) ફરી નિગોદમાં જાય તો વધારેમાં વધારે કાળ નિગોદમાં અઢી પુદ્ગલ પરાવર્ત કાળ (ઉત્કૃષ્ટ કાળ) રહી શકે અને જો સમકિત પામીને કોઈ જીવ નિગોદમાં જાય તો અર્ધ પુદ્ગલ પરાવર્તકાળની અંદર અવશ્ય બહાર નીકળી મોક્ષ પામે.

### ❑ બાદર પૃથ્વીકાય આદિ પાંચ (દરેકમાં) કેટલો કાળ ભમે ?

સ્થાવરકાય બાદર પ્રત્યેકની કાયસ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ કાળ સુધી પૃથ્વીકાયના જીવ તરીકે પૃથ્વીકાયમાં વિવિધ ભેદ રૂપે વધારેમાં વધારે ઉત્પન્ન થઈ શકે. પછી તે જીવ પૃથ્વીકાયનો પર્યાય બદલાવે અને અપ્કાયાદિ રૂપે ઉત્પન્ન થાય ત્યાં પણ તે અપ્કાય તરીકે વિવિધ ભેદ રૂપે ૭૦ કોડાકોડી સાગરોપમ કાળ સુધી ઉત્કૃષ્ટે ઉત્પન્ન થાય પછી તે અગ્નિકાય તરીકે, તે જ પ્રમાણે વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય અને પાંચે સ્થાવરમાં દરેકમાં વધારેમાં વધારે ૭૦ કોડાકોડી સાગરોપમ કાળ રહી શકે અને પૃથ્વીકાયાદિમાં સૂક્ષ્મ કે બાદર પર્યાયમાં ઓઘથી અસંખ્ય ઉત્સર્પિણી કાળ સુધી પરિભ્રમણ કરે.

## ☐ વિકલેન્દ્રિય જીવોની સ્વકાય સ્થિતિ.

ગાથા : ૪૧

**સંખિજ્જ–સમા વિગલા, સત્તટ્ઠ ભવા પણિંદિ તિરિ–મણુઆ,**
**ઉવવજ્જંતિ સકાએ, નારય–દેવા ય નો ચેવ ॥ ૪૧ ॥**

સ્વકાયસ્થિતિ વર્ષ, સંખ્યાતા તણી વિકલેન્દ્રિયની,
તિર્યંચ પંચેન્દ્રિ મનુષ્યોની જ, ભવ સાત આઠની.
દેવતા ને નારકી, નિજ કાયમાં ન જ ઉપજે,
સ્વકાયસ્થિતિ તેમની, સ્વાયુ પ્રમાણે સંપજે; ૪૧

વિકલેન્દ્રિય જીવની સ્વકાય સ્થિતિ સંખ્યાતા ભવો અને પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોની ૭–૮ ભવો અને દેવ–નરકને સ્વકાય સ્થિતિ નથી.

વિકલેન્દ્રિય જીવોને ફરી વિકલેન્દ્રિય જીવ તરીકે ઉત્પન્ન થવાનું હોય તો તેઓ સંખ્યાતા ભવો જ કરી શકે અર્થાત્ સંખ્યાતા હજાર વર્ષ કે સંખ્યાતા માસ કે સંખ્યાતા દિવસ. બેઇન્દ્રિય જીવ ઉત્કૃષ્ટ બાર વર્ષના સંખ્યાતા ભવ કરી શકે. તેઇન્દ્રિય ઉત્કૃષ્ટ ૪૯ દિવસના સંખ્યાતા ભવ અને ચઉરિન્દ્રિય ઉત્કૃષ્ટ છ માસવાળા સંખ્યાતા ભવો કરી શકે, પછી તે જીવો સ્થાવરકાય કે પંચેન્દ્રિયમાં જાય. દેવ–નારકના જીવો ફરી તે જ ભવમાં જઈ શકતા નથી. પણ એક ભવ નરકનો કર્યા પછી ફરજિયાત તેમને પંચેન્દ્રિય તિર્યંચમાં કે મનુષ્યમાં જવું પડે ત્યાંથી પછી ફરી નરકમાં જઈ શકે. તે જ પ્રમાણે દેવો પણ દેવપણામાંથી ચ્યવી પંચેન્દ્રિય તિર્યંચ કે મનુષ્યમાં આવે તો તે ત્યાંથી ફરી દેવભવને પામી શકે પણ દેવોનો આત્મા એકેન્દ્રિયમાં (બાદર, સ્થાવર, પૃથ્વી, અપ્કાય કે પ્રત્યેક વનસ્પતિમાં) જાય તો ફરીથી ત્યાંથી દેવભવમાં આવી શકે નહીં.

## ☐ ગર્ભજ મનુષ્યની અને તિર્યંચ પંચેન્દ્રિયની સ્વકાય સ્થિતિ

ગર્ભજ મનુષ્યો અને પંચેન્દ્રિય તિર્યંચો લગાતાર સાત ભવ કરી શકે. અને જો આઠમો ભવ કરે તો યુગલિકનો જ ભવ થાય અને યુગલિક મનુષ્ય કે યુગલિક તિર્યંચ મરીને નિયમા દેવલોકમાં જ જાય તેથી તેઓ સાત કે આઠ

ભવથી વધારે ભવ કરી શકે નહીં.

સંસારમાં પરિભ્રમણ કરતાં દુર્લભ એવા મનુષ્યના લગાતાર સાત–સાત ભવો જીવે પ્રાપ્ત કર્યા હશે પણ તે ભવોમાં ભમવા પ્રત્યે ઉદ્વેગ–નિર્વેદ પ્રગટ થયો નહીં અને સાથે આત્મરમણતા કરવા રૂપ સંવેગનો રંગ લાગ્યો નહીં. તેથી શુદ્ધ ધર્મની સાધના થઈ નહીં માટે જ મનુષ્યભવમાં રહેવાનો વારો આવ્યો.

**પુરુષવેદે :** ૨૦૦ થી ૯૦૦ સાગરોપમથી અધિક કાળ રહી શકાય નહીં.

**સ્ત્રીવેદે :** તિર્યંચ કે મનુષ્ય સ્ત્રી પૂર્વકોટીના ૫/૬ ભવ કરી ઈશાન દેવલોકમાં ૫૫ પલ્યોપમ આયુષ્યવાળી અપરિગૃહીતા દેવી થાય. ફરી પૂર્વકોટી મનુષ્ય કે તિર્યંચની સ્ત્રી તરીકેના ભવ કરી ૫૫ પલ્યોપમ આયુષ્યવાળો દેવીનો ભવ કરે. આ પ્રમાણે ૧૧૦ પલ્યોપમ પૂરાં થતા તેને સ્ત્રીવેદમાંથી પરાવર્તન કરવું પડે. ફરી પુરુષવેદમાં ઉત્પન્ન થાય નહીં તો નપુંસકવેદમાં ઉત્પન્ન થાય. જઘન્ય કાયસ્થિતિ સ્ત્રીવેદે એક સમયની છે. કોઈ સ્ત્રી ઉપશમ શ્રેણીમાં ત્રણે વેદને ઉપશમાવી અવેદને અનુભવી શ્રેણીથી પડે તો સ્ત્રીવેદને એક સમય અનુભવી બીજા સમયે કાળ કરી દેવલોકમાં ઉત્પન્ન થાય તો ત્યાં પુરુષવેદે ઉત્પન્ન થાય.

### ❑ દ્રવ્ય અને ભાવ પ્રાણોનું સ્વરૂપ

**ગાથા : ૪૨**

**દસહા જિયાણા પાણા, ઈંદિય–ઉસાસ–આઉ–બલ–રૂવા,**
**એગિંદિએસુ ચઉરો, વિગલેસુ છ સત્ત અટ્ઠેવ ॥ ૪૨ ॥**

પાંચ ઈન્દ્રિયો જ, શ્વાસોશ્વાસ ને આયુષ્ય છે,
મન વચન ને કાયાના બળ, રૂપ દશવિધ પ્રાણ છે.
ઉપરોક્ત દશવિધ પ્રાણ પૈકી, ચાર છે એકેન્દ્રિયને;
છ સાત આઠ જ પ્રાણ, ક્રમથી હોય છે વિકલેન્દ્રિયને; ૪૨

જીવોને કર્મના સંબંધનાં કારણે આત્માના પાંચ ભાવપ્રાણ અનાદિથી આવૃત્ત થયાં, હવે જીવને જીવન જીવવા માટે દ્રવ્યપ્રાણની સહાય લેવી પડે. જ્યાં સુધી કર્મનો સંબંધ આત્માની સાથે રહેશે અને આત્માના ભાવ પ્રાણો જ્યાં સુધી પૂર્ણતા નહીં પામે ત્યાં સુધી દ્રવ્ય પ્રાણોની સહાય લેવી પડે.

સમ્યગ્દર્શન એ આત્માનો મુખ્ય ભાવ પ્રાણ છે પણ તે અનાદિથી મિથ્યાત્વ મોહનીય કર્મથી આવરિત થયો અને તેના વિકારરૂપે મિથ્યાત્વનો ઉદય થયો. તેના કારણે આત્માને પોતાના સ્વભાવમાં સદા જીવવાનું હતું તેના બદલે આત્મા કર્મના ઉદયથી પ્રાપ્ત દ્રવ્ય પ્રાણોને જ પોતાના પ્રાણ – જીવન માની તેના માટે જ જીવે અને ભાવ પ્રાણોને ભૂલવાથી ભાવ પ્રાણોનું સતત મરણ થયા કરે. તેથી દ્રવ્ય પ્રાણો અને ભાવ પ્રાણોનું જ્ઞાન હોવું જરૂરી છે.

❑ **પાંચ ભાવપ્રાણો :** જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને અનંતવીર્ય.

❑ **દસ દ્રવ્યપ્રાણો :** પાંચ ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય, કાયબળ, વચનબળ, મનબળ એમ કુલ દસ દ્રવ્યપ્રાણો – પુદ્ગલ દ્રવ્યથી બનેલા છે.

**(૧) આયુષ્ય પ્રાણ :** આયુષ્ય કર્મરૂપે કાર્મણ વર્ગણાના સમૂહ રૂપ બનેલા કર્મો જે આત્મા સાથે બંધાય અને બંધાયેલા આયુષ્ય કર્મ જ આત્માને શરીરમાં રહેવાના કારણરૂપ બને છે. બાંધેલા આયુષ્ય કર્મના જેટલા દળિયા હોય અને તે જ્યાં સુધી આત્મ પ્રદેશો સાથે રહે ત્યાં સુધી આત્માને ઔદારિક કે વૈક્રિય શરીરમાં રહેવું પડે. આમ આયુષ્ય પ્રાણ એ શરીરમાં રહેવાનું મહાબંધન છે. આ આયુષ્ય બંધનરૂપ હોવા છતાં જ્ઞાનીઓએ મનુષ્યના આયુષ્યને મહામંગલકારી કહ્યું છે. જો આત્મા જાગૃત થઈ ભવરૂપ બંધનને બંધન રૂપ જાણી અને તેમાંથી છૂટવાનો નિર્ણય કરી સર્વજ્ઞે કહેલા મુક્તિના ઉપાયોનો સ્વીકાર કરી સાધના કરે તો સદા માટે આત્મા ભવના બંધનથી મુક્ત થઈ જાય. માટે મનુષ્યના આયુષ્યને મહામંગલકારી કહેવાય છે અને જો આ ભવ ગમી જાય તો અનંતભવોનાં અનુબંધોને બાંધી સંસારમાં ભ્રમણ વધારે. આથી વીરપરમાત્માએ કહ્યું છે **समयं गोयमं मा पमायए** મનુષ્ય ભવમાં એક

પણ સમય પ્રમાદ કરવા જેવો નથી. પ્રતિ સમય આત્માની પૂર્ણતા પ્રગટાવવા માટે ઉપયોગ હોવો જરૂરી છે.

**(૨) કાયબળ :** આયુષ્યના ઉદય પ્રમાણે જે ભવમાં (શરીરમાં) રહેવાનું છે તે પ્રમાણે જીવ આહારના પુદ્‌ગલો ગ્રહણ કરી તેમાંથી શરીરની રચના કરશે. આમ તે શરીર પ્રાણરૂપ બની જશે. શરીર એ ઔદારિક કે વૈક્રિય પરમાણુ સ્કંધોથી બનેલું છે તેથી તે દ્રવ્ય પ્રાણ કહેવાય.

**(૩ થી ૭) પાંચ ઈન્દ્રિય પ્રાણ :** જીવ આહારના પુદ્‌ગલોમાંથી ઈન્દ્રિયોનું નિર્માણ કરે અને તે ઈન્દ્રિયો વડે આત્મા હવે જ્ઞાન કરવાનું કામ કરશે. જ્ઞાનનું સાધન બનેલ ઈન્દ્રિય તે રૂપે પ્રાણ થાય. તે ઈન્દ્રિય પણ પુદ્‌ગલથી બનેલી છે તેથી દ્રવ્ય પ્રાણ રૂપે કહેવાય. પાંચ ઈન્દ્રિય આમ બંધન રૂપ છે, છતાં જ્ઞાનના સાધનરૂપ છે. જો ઈન્દ્રિયો જ્ઞાનની સાધનાના ઉપયોગમાં ન આવે તો તે વિષયોના કારણરૂપ બની ભવભ્રમણ કરાવનાર બને.

**(૮) શ્વાસોચ્છ્વાસ બળ :** શ્વાસોચ્છવાસ એ પણ પુદ્‌ગલવર્ગણા છે. તેને ગ્રહણ અને છોડવા રૂપ જે પ્રક્રિયા કરવી તે દ્રવ્ય પ્રાણ છે. આયુષ્ય પ્રાણ સુધી તે પણ રહે.

**(૯) વચન પ્રાણ :** પોતાના આત્માને જે જ્ઞાન પ્રગટ થાય તે જ્ઞાનને સમજ રૂપે પ્રગટાવવા બીજાને વ્યક્ત કરવા ભાષા વર્ગણાના પુદ્‌ગલો ગ્રહણ કરવા તે વડે તેને વચન રૂપે પરિણમાવી વિસર્જન કરવા. વચન પ્રાણ પણ પુદ્‌ગલદ્રવ્ય રૂપ હોવાથી તે દ્રવ્ય પ્રાણ છે.

**(૧૦) મન પ્રાણ :** આત્મામાં પ્રગટ થતા જ્ઞાનને પોતાના બોધ રૂપ અનુભવ થાય તે માટે વિચાર રૂપે પ્રગટાવવા. મનોવર્ગણા ગ્રહણ કરી તેને મન રૂપે (વિચારણા કરવા) પરિણમાવી વિસર્જન કરે તેને મન પ્રાણ કહેવાય.

દસ દ્રવ્યપ્રાણો પુદ્‌ગલરૂપે હોવા છતાં જ્યારે તેમાં આત્મવીર્ય રૂપ ભાવપ્રાણ જોડાય ત્યારે જ તે દ્રવ્ય પ્રાણો કાર્યરૂપ બને છે. આત્મા પોતે અનંતશક્તિનો ધણી છે. પોતાની શક્તિઓને (ગુણોને) પોતે અનુભવવા સમર્થ

હોવા છતાં કર્મની પરાધીનતાથી તેને હવે પોતાની શક્તિઓને અનુભવવા માટે દ્રવ્યપ્રાણોની સહાય લેવી પડે છે.

જેટલા દ્રવ્ય પ્રાણો જીવને વધારે, તેટલી તે આત્મ શક્તિઓને વિશેષ અનુભવે. જેટલા દ્રવ્ય પ્રાણો ઓછા, તેટલી આત્મ શક્તિઓને ઓછી અનુભવે અને તેટલી કર્મવેદના જીવ વધારે ભોગવે. આથી એકેન્દ્રિયોને ચાર પ્રાણ (આયુષ્ય, શરીર, શ્વાસોચ્છ્વાસ અને સ્પર્શેન્દ્રિય) બેઇન્દ્રિયને છ પ્રાણ રસનેંદ્રિય તથા વચનબળ બે વધે, તેઇન્દ્રિયને સાત પ્રાણ ઘ્રાણેન્દ્રિય વધે, ચઉરિન્દ્રિયને આઠ પ્રાણ ચક્ષુરિન્દ્રિય વધે.

એકેન્દ્રિયને માત્ર એક ઇન્દ્રિય હોવાથી સૌથી અલ્પજ્ઞાન અને સૌથી વધારે અજ્ઞાન. જેટલું અજ્ઞાન વધારે તેટલું દુઃખ વધારે તથા જેટલું જ્ઞાન વધારે, તેટલું સુખ વધારે. શરીરનું પણ સુખ ભોગવવા જ્ઞાનની જરૂર, આત્માના સુખ ભોગવવા માટે સમ્યગ્દર્શન યુક્ત જ્ઞાન હોય તો જ આત્માનું સુખ ભોગવી શકાય.

**ગાથા : ૪૩**

**असन्नि–सन्नि–पंचिंदिएसु, नव–दस कमेण बोधव्वा,**
**तेहिं सह विप्पओगा, जीवाणं भन्नए मरणं ॥ ४३ ॥**

અસંજ્ઞિ પંચેન્દ્રિયને, મનબળ વિના નવ હોય છે.
દશ પ્રાણ જાણો સંજ્ઞિ, પંચેન્દ્રિયમાંહિ હોય છે.
પ્રાણ સાથે જે વિયોગ જ, તે જીવોનું મરણ છે. ૪૩

અસંજ્ઞી પંચેન્દ્રિયને નવ પ્રાણ હોય છે. (પાંચ ઇન્દ્રિય + શરીર બળ + વચન બળ + શ્વાસોચ્છ્વાસ + આયુષ્ય). અસંજ્ઞી પંચેન્દ્રિયને મન પ્રાણ નથી. તેથી માનસિક સુખ ભોગવી શકતા નથી પણ પાંચ ઇન્દ્રિયો દ્વારા પાંચ ઇન્દ્રિયોના સુખને ભોગવે છે. કષ્ટો સહન કરી અકામ નિર્જરા વડે અસુરનિકાય દેવલોક સુધી જઈ શકે છે અને હિંસાદિ પાપ કરી પ્રથમ નરક સુધી પણ જઈ

શકે છે. સંજ્ઞી પંચેન્દ્રિયને દસમું મનપ્રાણ પ્રાપ્ત થાય છે. મન પ્રાણ દ્વારા તેઓને જ્ઞાન અધિક મળવાથી શરીરના સુખને ઇચ્છાપૂર્વક ભોગવી શકે છે. મિથ્યાદૃષ્ટિ આત્માઓને મન દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત થાય તેમાં શરીર સુખને ઉપાદેય રૂપે માને અને તે સુખ ભોગવવા માટે જ જીવન જીવે તેથી વધુ પાપ કરવાથી નરકાદિ દુર્ગતિમાં જાય અને ત્યાં શારીરિક, માનસિક દુઃખોને ભોગવે. સંજ્ઞી જીવોને જેમ–જેમ મિથ્યાત્વ મંદ થતું જાય તેમ–તેમ તેઓ શરીરના સુખને હેય માનતા જાય અને મોક્ષસુખ ઉપાદેય લાગતું જાય તેમ–તેમ તેઓ પાપથી ઉદાસીન બનતા જાય તેમ–તેમ તેઓ દુઃખોથી બચતા જાય. જે સંજ્ઞી પંચેન્દ્રિય જીવો મિથ્યાત્વને દૂર કરે અને તીવ્ર રાગ–દ્વેષની ગાંઠને અપૂર્વ વીર્યોલ્લાસ દ્વારા ભેદે ત્યારે તેનામા સમકિત પ્રગટ થાય. હવે તેને શરીર આત્માના બંધન રૂપ લાગે અને શરીરનું સુખ પીડા રૂપ લાગે તેથી શરીર અને શરીરના સુખોમાંથી સતત છૂટવાનો અભિલાષ થાય અને પોતાના આત્મામાં રહેલા અનંત સુખોને ભોગવવાનો તલસાટ જાગે. પોતાના અનંતકાળના ભવ પરિભ્રમણનો હવે નિશ્ચિત અંત આવશે તેવો દૃઢ નિશ્ચય થવાથી અપૂર્વ આનંદ હોય, સાથે પોતાના આત્મામાં રહેલા અનંત સુખને પોતે વર્તમાનમાં ભોગવી શકતો નથી તેમજ વિરતિનો સ્વીકાર કરી શકતો નથી અને આત્માને પીડા કરનારા સંયોગો સાથે પોતે રહેલો છે તેનું અત્યંત દુઃખ હોય છે. આમ સંજ્ઞી પંચેદ્રિય જીવો માટે મન એ મોક્ષની સાધનાનું પરમ સાધન છે અને મિથ્યાદૃષ્ટિ (શરીર સુખના રાગીઓ) માટે મન એ નરકાદિ દુર્ગતિનું પરમ સાધન બને. માટે મન પ્રાણ એ દ્રવ્ય પ્રાણ હોવા છતાં મોક્ષનું પરમ સાધન છે.

મનુષ્યભવનું શરીર કાયબળ, વચનબળ, પંચેન્દ્રિયો, શ્વાસોચ્છ્વાસ વિ. દ્રવ્ય પ્રાણો અનંત કેવલ જ્ઞાનાદિ ભાવપ્રાણોને પ્રગટાવવા માટે પરમ સાધનો છે માટે પુણ્યોદયે મળેલા દ્રવ્યપ્રાણોનો ઉપયોગ ભાવ પ્રાણોની પૂર્ણતા કરવામાં થાય તો પુણ્ય સફળ થાય, નહીં તો દ્રવ્યપ્રાણો દ્વારા ભાવપ્રાણોને ગુમાવવાનો અવસર આવે.

ગાથા : ૪૪

**અવં અણોર–પારે, સંસારે સાયરમ્મિ ભીમમ્મિ,**
**પત્તો અણંત–ખુત્તો, જીવેહિં અપત્ત–ધમ્મેહિં ॥ ૪૪ ॥**

ધર્મને પામ્યા નથી, એવા જ જીવો એહ છે;
તે અનંતીવાર પામ્યા, છે મરણ આવું અહો !
ભયંકર અપાર સંસાર–સાગરને વિષે નિશ્ચે કહો. ૪૪

જે પાર ન કરી શકાય તેવો વિશાળ – ગંભીર અને ભયંકર છે એવા ભવસમુદ્રમાં અનાદિકાળથી પરિભ્રમણ કરતાં જીવો સર્વજ્ઞ કથિત ધર્મને પામ્યા વિના સ્વયં પોતે પીડા પામે છે અને અનેક જીવોની પીડામાં નિમિત્ત બને છે. ભવસમુદ્ર અણોરપાર (જેનો છેડો ન દેખાય તેવો) કયારે લાગે ? જ્યારે જીવોની કાયસ્થિતિનો વિચાર કરીએ અને તેમાં સ્થાવરકાયમાં જીવો કેટલું પરિભ્રમણ કરે છે તે જો બરોબર સમજાઈ જાય તો આ સંસારના રૌદ્ર સ્વરૂપનો ખ્યાલ આવે. હવે સંસારને તરવાનો માત્ર એક જ ઉપાય છે, સર્વજ્ઞ કથિત ધર્મનો જે આત્મા સ્વીકાર કરે અને તેને આત્મસાત્ કરે તો જ તે આત્મા આ ભવસમુદ્રને સહેલાઈથી પાર પામી જાય બાકીના બધા આત્મા રખડયાં કરે.

# ★ યોનિદ્વાર ★

**ગાથા : ૪૫**

**તહ ચઉરાસી લક્ખા, સંખા જોણીણ હોઈ જીવાણં,**
**પુઢવાઈણં ચઉન્હં, પત્તેયં સત્તસત્તેવ ॥ ૪૫ ॥**

જીવોની યોનિ કેરી સંખ્યા, લાખ ચોરાશી જ છે,
પૃથ્વી પાણી અગ્નિ વાયુ, કેરી સાત જ લાખ છે; ૪૫

જીવોની યોનિની સંખ્યા ચોર્યાસી લાખ છે. પૃથ્વી વગેરે ચારમાં દરેકને સાત લાખ છે.

**ગાથા : ૪૬**

**દસ પત્તેય–તરુણં, ચઉદસ લક્ખા હવંતિ ઈયરેસુ,**
**વિગલિંદિએસુ દો દો, ચઉરો પંચિંદિ–તિરિયાણં ॥ ૪૬ ॥**

યોનિઓ દશ લાખ છે, પ્રત્યેક તરુઓની સહી;
સાધારણ વનસ્પતિકાય કેરી, ચૌદ લાખ જ છે કહી.
બબ્બે લાખ વિકલેન્દ્રિય તણી, વળી દેવ ને નારક તણી;
ચાર ચાર જ લાખ છે, તિર્યંચ પંચેન્દ્રિય તણી; ૪૬

પ્રત્યેક વનસ્પતિની યોનિઓ દશ લાખ, સાધારણ વનસ્પતિકાયની ચૌદ લાખ, વિકલેન્દ્રિયની બબ્બે લાખ યોનિ અને તિર્યંચ પંચેન્દ્રિયની ચાર લાખ યોનિઓ હોય છે.

**ગાથા : ૪૭**

**ચઉરો ચઉરો નારય, સુરેસુ મણુઆણ ચઉદસ હવંતિ,**
**સંપિંડિઆ ય સવ્વે, ચુલસી લક્ખા ઉ જોણીણં ॥ ૪૭ ॥**

ચૌદ લાખ જ માનવોની, યોનિઓ કહેવાય છે,
એમ એ સર્વે મળી, ચોરાશી લાખ જ થાય છે. ૪૭

નારક અને દેવોની પણ ચાર ચાર લાખ યોનિ તથા મનુષ્યને ચૌદ લાખ યોનિઓ છે. આ રીતે કુલ ચોર્યાશી લાખ યોનિઓ થાય છે.

## ❑ ૮૪ લાખ જીવયોનિનું સ્વરૂપ :

યોનિ એટલે જીવને ઉત્પન્ન થવાનું સ્થાન અર્થાત્ આત્મા–પૂર્વે ધારણ કરેલ ઔદારિક કે વૈક્રિય શરીરનો ત્યાગ કરી તૈજસ–કાર્મણ શરીર સહિત જે સ્થાને જાય ત્યાં નવા શરીરને યોગ્ય પુદ્ગલ વર્ગણા ગ્રહણ કરે તેને તપ્તલોઢાના ગોળાની જેમ પુદ્ગલોને એક મેક કરે તે સ્થાનને યોનિ કહેવાય. જેમ ઊકળતા તેલની કડાઈમાં વણેલી પૂરી તળવામાં આવે અને તે પૂરી તેલના પરમાણુઓને પોતાની ચારે તરફથી (કોરથી) પરિણમાવે, તેમ આત્મા તૈજસ – કાર્મણ પુદ્ગલોથી વ્યાપ્ત – સર્વ આત્મપ્રદેશોથી શરીર યોગ્ય પુદ્ગલોને પરિણમાવે.

જ્યારે આત્મા પોતાના સ્વભાવ અને સ્વરૂપ વિરુદ્ધ પ્રવૃત્તિ કરે અર્થાત્ પુદ્ગલ ગ્રહણ કરવા અર્થે આત્મવીર્ય તેમાં પ્રવર્તમાન થાય તે સ્વભાવ વિરુદ્ધ પ્રવૃત્તિ થઈ. તે પુદ્ગલ ગ્રહણ કરી પોતાની અરૂપી અવસ્થા ઢાંકવાથી રૂપ અને આકાર જે જીવની સ્વરૂપ વિરુદ્ધ અવસ્થા થવાથી પીડા અનુભવે છે. આથી જન્મ ધારણ કરવો એ જીવ માટે મહાદુઃખ રૂપ છે. આથી જન્મ લેવો એ પાપ છે. આથી અજન્મા બનવાની સાધના કરવાની છે.

સર્વ જીવોની અપેક્ષાએ યોનિની કુલ સંખ્યા ૮૪ લાખ છે. જીવોને ઉત્પન્ન થવાના સ્થાનો અસંખ્ય છે. પરંતુ જે સ્થાનોના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને આકાર સમાન હોય તેવા બધા સ્થાનોની એક યોનિ ગણાય. તેવી યોનિઓની કુલ સંખ્યા ૮૪ લાખ છે.

હવે એક યોનિમાં અનેક કુલ (જાતિ) હોય જેમ કે છાણાંનો એક પોદળો તે એક યોનિ છે. તેમાં જુદાં જુદાં જીવોની જાત ઉત્પન્ન થાય. કૃમિ, કુલ, કીટક કુલ, વૃશ્ચિક કુલ વગેરે તેને કુલ કોટી કહેવાય. આવી કુલ કોટીની સંખ્યા એક ક્રોડ ૯૭ા લાખની છે.

❑ **યોનિના નવ પ્રકાર :** સચિત્ત, અચિત્ત, મિશ્ર, શીત, ઉષ્ણ, શીતોષ્ણ, વિવૃત્ત, સંવૃત્ત અને સંવૃત્તવિવૃત્ત.

૧. **સચિત્ત યોનિ :** જીવના પ્રદેશોની સાથે એક મેક થઈ ગયેલા એવા જીવતા જીવનો દેહાદિક ભાગ તે સચિત્ત યોનિ કહેવાય. દા.ત. જીવતી ગાયના શરીરમાં ઉત્પન્ન થતાં કૃમિ વગેરે જીવોની યોનિ સચિત્ત યોનિ કહેવાય.

૨. **અચિત્ત યોનિ :** જીવના ઉત્પત્તિસ્થાન રૂપ સૂકું લાકડું વગેરે અથવા જીવના સંબંધથી સર્વથા રહિત એવા ઉત્પત્તિ સ્થાનને અચિત્ત યોનિ જાણવી. દેવ નારક ઉત્પત્તિ ક્ષેત્ર ભાગમાં એકેન્દ્રિય જીવો હોવા છતાં બીજા કોઈ જીવ પ્રદેશોથી તે પરિગૃહિત નથી તેથી અચિત્ત યોનિ કહેવાય. તેઓ ઉપપાત રૂપી જન્મ ધારણ કરે છે.

૩. **મિશ્ર યોનિ :** ઉપર્યુકત ઉભય સ્વભાવવાળી યોનિને સચિત્તાચિત્ત (મિશ્ર) જાણવી. ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચની યોનિ મિશ્ર છે. કેમકે તે સ્થાનમાં તેઓ ઉત્પન્ન થાય છે ત્યાં શુક્ર શીતોષ્ણાદિ અચિત્ત પુદ્‌ગલો છે તથા ગર્ભાશય સચિત્ત છે.

એકેન્દ્રિયથી ચઉરિંદ્રિય જીવો તેમજ સર્વ સંમૂર્ચ્છિમ જીવોની યોનિ સચિત્ત, અચિત્ત તથા મિશ્ર એમ ત્રણે પ્રકારની હોઈ શકે છે.

૪. **શીત યોનિ :** શીત સ્પર્શવાળી યોનિ. અનંતકાયની શીત યોનિ હોય છે.

૫. **ઉષ્ણ યોનિ :** ઉગ્ર ઉષ્ણ સ્પર્શવાળી યોનિ. (નિંભાડાના અગ્નિમાં સફેદ ઉંદર ઉત્પન્ન થાય)

૬. **શીતોષ્ણ યોનિ :** શીત + ઉષ્ણ સ્પર્શવાળી યોનિ ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય, ગર્ભજ મનુષ્ય તથા દેવોના ઉપપાત ક્ષેત્રનો સ્પર્શ શીતોષ્ણ હોવાથી દેવોની યોનિ શીતોષ્ણ યોનિ કહેવાય.

૭. **વિવૃત્ત યોનિ :** જીવની ઉત્પત્તિના આધારભૂત તેમજ (જલાશયાદિની પેઠે) સ્પષ્ટ રીતે દેખાતા એવા સ્થાન વિશેષને વિવૃત્ત યોનિ જાણવી. બેઈન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીના પ્રાણીઓ તથા સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય તથા સંમૂર્ચ્છિમ મનુષ્યની યોનિ વિવૃત્ત હોય છે.

૮. **સંવૃત્ત યોનિ :** જીવની ઉત્પત્તિના આધારભૂત એવા તેમજ અદશ્ય (સ્પષ્ટ રીતે જોઈ ન શકાય તેવા) સ્થાનને અર્થાત્ દિવ્ય શય્યા વગેરેની માફક વસ્ત્રાદિકથી ઢંકાયેલા ઉત્પત્તિ સ્થાનને સંવૃત્તયોનિ કહેવાય છે. ચારે પ્રકારના દેવતા, નારક અને એકેન્દ્રિયની યોનિ સંવૃત્ત છે.

૯. **સંવૃત્તવિવૃત્ત યોનિ :** (સ્ત્રીના ગર્ભાશયની પેઠે) જેનો બહારનો ભાગ દેખાતો હોય પરંતુ અંદરનો ભાગ ગૂઢ હોય એવા જીવના ઉત્પત્તિ સ્થાનને સંવૃત્તવિવૃત્ત એટલે મિશ્ર યોનિ જાણવી. ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અને ગર્ભજ મનુષ્યની યોનિ મિશ્ર છે.

❑ **મનુષ્યની સ્ત્રીની યોનિના આકારથી ત્રણ ભેદ છે.**

(૧) **કૂર્મોન્નત :** જે યોનિ કાચબાની પીઠની જેમ ઊંચી હોય. આવી યોનિમાં ઉત્તમ નરો ઉત્પન્ન થાય છે. અરિહંત, ચક્રવર્તી, વાસુદેવ તથા બળદેવ (૬૩ શલાકા પુરુષોમાં પ્રતિવાસુદેવ સિવાયની) માતાઓની યોનિ કૂર્મોન્નત જાણવી.

(૨) **શંખાવર્ત :** શંખ જેવા આવર્ત (ચકરડા) હોય તેવી આવર્તવાળી યોનિ. આ યોનિ ગર્ભ વિનાશક છે. અત્યંત પ્રબળ કામાગ્નિના કારણે ગર્ભ નાશ પામે છે માટે ગર્ભ વર્જિત છે. ચક્રવર્તીનું સ્ત્રી રત્ન આવી યોનિવાળું છે.

(૩) **વંશીપત્ર :** વાંસના સંયુક્ત બે પત્રો જેવા આકારવાળી યોનિ. બાકીની સર્વ સ્ત્રીઓની યોનિ આ પ્રકારની છે.

## ❑ બીજી રીતે આઠ પ્રકારની યોનિ :

સ્થાનાંગ (અ. ૭ ઉ.૩ સૂ. ૫૪૩)માં યોનિના આઠ પ્રકાર બતાવ્યાં છે. એક અને આઠ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં આઠ પ્રકાર ઉપપાત સહિત છે.

(૧) **સંમૂર્ચ્છિમ :** સંમૂર્ચ્છિમથી બનેલાં કૃમિ, કીડા, માખી વગેરે.

(૨) **અંડજ :** ઈંડામાંથી ઉત્પન્ન થાય તે. પક્ષી, કુકડા, કાગડો, મોર વગેરે

(૩) **જરાયુજ :** જરાયુમાં રહેલા કોશ જે જરાયુથી વીંટળાયેલા હોય. જરાયુ એ એકજાતનું જાળ જેવું આવરણ છે કે જે માંસ અને લોહીથી ભરેલું હોય છે. જેમાં પેદા થનાર બચ્ચું લપેટાઈને રહેલું હોય છે. દા.ત. મનુષ્ય, ગાય, ભેંસ વગેરે.

(૪) **ઉદ્ભિન્ન :** ભૂમિને ભેદીને ઉત્પન્ન થતાં જીવો દા.ત. પતંગિયું.

(૫) **સંસ્વેદજ :** સંસ્વેદ એટલે પરસેવો. પરસેવાથી ઉત્પન્ન થતા જીવો. દા.ત. માંકડ.

(૬) **ઔપપાત્તિક :** દેવ, નારક વગેરે.

(૭) **પોતજ :** પોત એટલે વસ્ત્ર તેની જેમ ઉત્પન્ન થતાં જીવો પોતજ છે. આ જીવો ખુલ્લા અંગે પેદા થાય છે. તેમનો પ્રસવ શુદ્ધ છે. જરાયુથી લપેટાઈ કે ઈંડામાંથી પેદા થતા નથી. હાથી, સસલું, ઉંદર, નોળીયો, ભારંડ વગેરે તથા ચર્મપક્ષીઓ પોતજ છે.

(૮) **રસજ :** છાસ, દહીં, કાંજી વગેરે વિશે વાયુ કૃમિના જેવા આકારવાળા અત્યંત સૂક્ષ્મ જીવો રસજ છે.

**ગાથા : ૪૮**

**સિદ્ધાણં નત્થિ દેહો, ન આઉકમ્મં ન પાણ જોણીઓ,**
**સાઈ–અણંતા તેસિં, ઠિઈ જિણિંદાગમે ભણિઆ ॥ ૪૮ ॥**

સિદ્ધને નથી દેહ તેથી, આયુ કે કર્મો નથી,
દ્રવ્ય–પ્રાણો તેહથી નથી, યોનિઓ નથી તેહથી,
એક સિદ્ધ આશ્રયીને, સિદ્ધની સ્થિતિ કહી;
જિણંદ કેરા આગમે, સાદિ અનંતી છે સહી. ૪૮

(સંસારી જીવોની જેમ) સિદ્ધના જીવોને શરીર, આયુષ્ય, પ્રાણ, યોનિ, જેવું કાંઈ જ નથી. જિનાગમમાં તેઓની સ્થિતિ સાદિ અનંત કહી છે.

સિદ્ધ ભગવંતો સર્વકર્મથી રહિત અવસ્થાવાળા છે. અર્થાત્ આઠ કર્મોનો અભાવ થવાથી કર્મના ઉદય અવસ્થા રૂપ આયુષ્ય કર્મનો પણ અભાવ હોવાથી કોઈપણ ભવમાં (શરીર) હવે રહેવાનું નથી અને ઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય (અભાવ) થવાથી આત્માના પોતાના જ્ઞાનાદિ સ્વભાવ રૂપ ભાવ પ્રાણો પૂર્ણ પ્રગટી ગયા છે તેથી હવે ઈન્દ્રિયાદિ દ્રવ્યપ્રાણોની જરૂર નથી. દ્રવ્યપ્રાણોના અભાવના કારણે જન્મ મરણ રૂપ અવસ્થા ચાલી ગઈ તેથી હવે આત્માની કયારે પણ જન્મ થવા રૂપ – અર્થાત્ પરના સંગ થવા રૂપ અવસ્થા થવાની નથી. હવે આત્માની પોતાની શુદ્ધ નિઃસંગ, નિરાકાર, નિર્વિકાર, સ્વાભાવિક અવસ્થા સદા માટે (કાયમી – અનાદિકાળ સુધી) એમને એમ જ રહેવાની છે.

**જિનવચન વિના જીવને પીડા ભોગવવા વિવિધ યોનિમાં ભમ્યા કરવું પડે.**

**ગાથા : ૪૯**

**કાલે અણાઈ–નિહણે, જોણી–ગહણમ્મિ ભીસણે ઈત્થ,**
**ભમિયા ભમિહિંતિ ચિર, જીવા જિણ–વયણમલહંતા ॥૪૯॥**

અન્ત ને આદિ વિનાના, આ સકળ કાળે અરે !
વિકરાળ યોનિ–ભ્રમણથી, બિહામણા ભવ–સાયરે,
જિનવચન નવ પામતા, જીવો ભમ્યા ભમશે ખરે !
ચિકરાળ સુધી જાણી એવું, ધર્મ કર ચેતન ! અરે ! ૪૯

જે જીવોને જિનેશ્વર પરમાત્માનું વચન પ્રાપ્ત થયું નથી. અર્થાત્ પોતાના શુદ્ધ સ્વરૂપનો નિર્ણય થયો નથી તેવા જીવો પ્રાપ્ત થતા ભવોમાં દેહમાં

જ પોતાનું અસ્તિત્વ માની અને તેના સુખ માટે તથા તેની રક્ષા માટે તે જીવનની પૂર્ણાહૂતિ કરી અનેક ભવોના કર્મોનું સર્જન કરી તિર્યંચગતિરૂપ ગહનવન અને નરકગતિ રૂપ દુઃખોથી ભિષણ એવી ભવ–યોનિમાં અનાદિકાળ સુધી ભમ્યા અને જ્યાં સુધી જિન વચનને પામીને તેની પૂર્ણ આરાધના નહીં કરે ત્યાં સુધી ભમ્યા કરશે.

**ગાથા : ૫૦**

**તા સંપઈ સંપત્તે, મણુઅત્તે દુલ્લહે વિ સમ્મત્તે,**
**સિરિ–સંતિસૂરિ–સિટ્ઠે, કરેહ ભો ! ઉજ્જમં ધમ્મે ॥ ૫૦ ॥**

મોંઘી માનવ જીંદગી આ, પરમ દુર્લભ ને વળી;
ચંગ સમકિત રંગ પામી, મુક્તિ–કુસુમ કેરી કળી;
શ્રી શાન્તિસૂરિ રાજ વચને, સારજે આ જીવનને,
કર તે ભાવિક ! ઉત્તમ પુરુષે, આચરેલા ધર્મને. ૫૦

આવા ભયંકર ભવગહનવન રૂપ સંસારમાં જીવોને મનુષ્ય ભવ મળવો દુર્લભ છે. આવા દુર્લભ એવા મનુષ્યભવમાં પણ સૌથી દુર્લભ સમ્યક્ત્વની પ્રાપ્તિ છે. પુણ્યના યોગે બીજી બધી સંપત્તિ – સંબંધો – સંયોગો આદિ સર્વની પ્રાપ્તિ થવી સુલભ છે પણ તેમાં આત્માની સંપત્તિ રૂપ સમ્યક્ત્વની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી જ જીવના અનાદિ પરિભ્રમણ પર અંકુશ આવે છે અને હવે સદા માટે ભવભ્રમણથી છૂટવાનો કાળ નિશ્ચિત થાય છે. આથી પૂ. શાંતિસૂરિ મહારાજ ભવ્ય જીવોને કહી રહ્યા છે કે તમે આ દુર્લભ સમ્યક્ત્વની પ્રાપ્તિના કારણ ભૂત જીવ વિચારાદિ શ્રુત ધર્મને જાણવાનો પ્રત્યન કરો. **જીવાઈ નવ પયત્થે જો જાણઈ તસ્સ હોઈ સમ્મતં ।**

જે જીવાદિ નવતત્ત્વોને જાણીને તેની શ્રદ્ધા કરશે તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થશે. આથી જીવવિચારાદિ સમ્યક્ શ્રુત જ્ઞાન વડે સમ્યક્ત્વના મૂળભૂત સ્વજીવાત્માના સ્વરૂપનો નિર્ધાર કરી તેની રુચિ કરી તે પ્રમાણે ચારિત્રધર્મમાં પ્રયત્ન કરવો જોઈએ.

ગાથા : ૫૧

**એસો જીવ–વિચારો સંખેવ–રુઈણ જાણણા હેઉ,**
**સંજ્ઞિત્તો ઉદ્ધરિઓ, રુદ્ધાઓ સુય–સમુદ્ધાઓ ॥૫૧॥**

અલ્પમતિવાળા જીવોના. બોધ માટે હેતુથી,
ગંભીર શાસ્ત્રરૂપી, મહાસાગર થકી સંક્ષેપથી;
ઉપકારબુદ્ધે આ કીધો, ઉદ્ધાર જીવવિચારનો,
જીવશાસ્ત્ર જે કહેવાય છે, તે ઉર ધરો હે ! ભવિજનો ! ૫૧

પૂ. શાંતિસૂરિ મહારાજ જણાવે છે કે સંક્ષેપથી જીવ વિચાર જાણવાની રુચિવાળા જિજ્ઞાસુ જીવો માટે મેં વિશાળ એવા શ્રુત સમુદ્રમાંથી આ સંક્ષેપ રૂપ જીવ વિચાર પ્રકરણનો ઉદ્ધાર કર્યો છે.

તમો પણ આ જીવ વિચાર પ્રકરણના સારને જીવનમાં ઉતારી તમારા આત્માનો ઉદ્ધાર કરી મળેલ દુર્લભ એવું માનવ ભવ સફળ કરો.

○○○

# પૂ. આચાર્ય ગુરુદેવશ્રીને જીવ વિચારની વાંચના આપતા પ્રગટેલી આત્મ સંવેદનાઓનો રસથાળ

પૂ. શાંતિસૂરિ મહારાજ વીર પરમાત્માને ભાવ વંદન કરે છે. તેમને ક્ષયોપશમથી પ્રગટેલા મતિ–શ્રુતજ્ઞાન વડે પ્રભુના કેવલજ્ઞાનને વંદન કરે છે. પ્રભુના ગુણની પ્રાપ્તિ માટે ગુણથી ગુણને વંદન કરવું. જે ગુણવૃદ્ધિ શુદ્ધિનું કારણ બને તે ભાવ વંદન ગણાય. વંદન વખતે ઉપયોગમાં (ભાવમાં) શું હોય? હું કેવલજ્ઞાન ધારક પ્રભુને વંદન કરું છું. અને મારામાં કેવલજ્ઞાનના પ્રગટેલા અંશરૂપ મતિ–શ્રુતજ્ઞાનથી વંદન કરું છું જે જ્ઞાન દ્વારા મિથ્યાત્વ નીકળે તે જ્ઞાન મતિ–શ્રુત રુપે બને, નહીં તો મતિ અજ્ઞાન–શ્રુત અજ્ઞાન કહેવાય. નિશ્ચયથી સત્તાએ બધા જીવ ગુણથી પૂર્ણ કેવલી છે માટે પોતાના જીવની સાથે બધા જીવોનો વિચાર પણ આવી જાય કે હું સત્તાએ કેવલજ્ઞાની છું તેમ બધા જીવ પણ સત્તાએ કેવલજ્ઞાની છે. તે બધા વ્યવહારે ભિન્ન ભિન્ન હોવા છતાં તેમને મતિ– શ્રુત જ્ઞાનનો ઉપયોગ છે પણ અલ્પ અને અશુદ્ધ છે તેવું જાણીને તેમના પર કરુણા ધારણ કરવાની છે. તેમની પાસે સત્તાએ કેવલજ્ઞાન હોવા છતાં હાલ માત્ર અંશ જ મતિ–શ્રુત અજ્ઞાન ખુલ્લો છે. જે ખુલ્લો ભાગ છે તે પણ અજ્ઞાન–અશુદ્ધ રૂપે છે. તેના કારણે તે જીવો વધારે દુઃખી છે કારણ કે અજ્ઞાન એ જ દુઃખનું કારણ છે. દુઃખી અજ્ઞાની જીવો ઉપર વધારે કરુણા લાવી મારું મતિ–શ્રુતજ્ઞાન નિર્મળ કરવાનું છે.

વંદન કરતી વખતે પોતાનો આત્મા જ્યારે વંદનીય લાગે ત્યારે એ આત્મા ભાવમાંથી સ્વભાવમાં આવ્યો કહેવાય અને ત્યાર બાદ ભાવવંદના થાય. ગુણમય બનવા માટેની ભૂમિકા એ ભાવ છે અને ભાવ પ્રમાણે એ થાય ત્યારે તે વર્તનમાં આવે અને ગુણમય બની જાય ત્યારે સ્વભાવમય બની જાય છે. બીજા બધા માટે જીવોએ અનંતીવાર દ્રવ્યપ્રાણો આપ્યા છે પણ જીવના ભાવ પ્રાણોની રક્ષા માટે એણે એક પણ વાર પૂર્ણ દ્રવ્યપ્રાણોનું બલિદાન નથી

આપ્યું માટે સિદ્ધ નથી બન્યા પણ જેઓએ ભાવ પ્રાણની રક્ષા માટે દ્રવ્ય પ્રાણ સંપૂર્ણ અર્પણ કર્યા તેઓ પૂર્ણતાને પામી ગયા.

અજીવમય બનેલા જીવને જીવમય બનવા માટે મોક્ષમાર્ગની સાધના કરવાની છે. સિદ્ધના જીવોમાં કોઈ ભેદ નથી. કર્મના કારણે જીવોમાં ભેદ પડે છે. તીર્થંકરરૂપે કે સામાન્ય કેવલીરૂપે કે કોઈ પણ રીતે સિદ્ધ થયેલા જીવોની સિદ્ધક્ષેત્ર રૂપ લોકાંત પર સર્વ સિદ્ધોની સ્વરૂપ સ્થિતિ સમાન છે.

**अनिच्छन् कर्म वैषम्यं ब्रह्मांशेन समं जगत्**
**आत्माभेदेन य : पश्येदसौ मोक्षंगमी शमी ॥**
**(ज्ञान सार : शम अष्टक-गाथा-२)**

### ❑ મંગલાચરણ શા માટે? મંગલ અર્થાત્ પાપથી નિવૃત્ત થવું તે.

કોઈપણ ગ્રંથની શરૂઆતમાં મંગલાચરણ કરવામાં આવે છે. જે આત્મા પોતાના પૂર્ણ સ્વભાવ રૂપ નથી તેને મંગલાચરણ કરવાનું છે. પોતાના આત્માનું મંગલમાં આચરણ કરવાનું છે. પોતાનો સ્વભાવ એ મંગલ છે. નંદી સૂત્રમાં પણ જ્ઞાનને પરમ મંગલ કહ્યું છે. મંગલાચરણ કરવા દ્વારા પોતાની ભાવના વ્યક્ત કરે છે. અમંગલથી દૂર થવા ઈચ્છે છે, એટલે મંગલ થવા ઈચ્છે છે. પોતાના ગુણોની પૂર્ણતા (પોતાની સિદ્ધ અવસ્થાને) પામી જાય પછી એને કોઈ મંગલ કરવાનું રહેતું નથી. અહીં વીર પરમાત્માને (અરિહંત પરમાત્માને) મંગલરૂપે વંદના કરી છે. કારણ પરમાત્મા પોતાના સ્વભાવ પ્રમાણે વર્તે છે અને જગતને પણ તેનો જ બોધ આપે છે. પરથી પર થઈને સ્વ સ્વભાવમાં રમણતા કરી રહ્યાં છે એટલે મંગલ કરી રહ્યાં છે અને એનું જ આચરણ કરી રહ્યાં છે. માટે હું પણ એમને વંદના કરવા દ્વારા કેવલજ્ઞાનાદિ ગુણોવાળો બની જ જાઉં. અમને આ અપૂર્વ શ્રદ્ધા છે કે મને એ અવસ્થા મળી જ જવાની છે.

પરમાત્મા પણ નિરંતર જીવ રૂપી જ્ઞેયને એના સ્વરૂપને જાણી રહ્યાં છે, જોઈ રહ્યા છે ને પોતાના સ્વભાવને માણી રહ્યા છે. માટે મારે પણ પોતાના

અને સર્વ જીવના સ્વરૂપને જોવાનું છે, જાણવાનું છે ને મારામાં રમવાનું છે એના માટેનો ઉપાય પણ એ જ બતાવ્યો કે **તું જીવને જાણ.** આગમ દ્વારા એમણે પણ આ સ્વરૂપ જાણ્યું ને જે જીવો આ જાણતા નથી તેઓ પણ જાણતા થાય તેના માટે પૂ. શાંતિસૂરીશ્વરજી મ. સા. એ જીવવિચાર પ્રકરણની રચના કરી.જીવો પ્રત્યે એમનામાં કરુણાનો પરિણામ પ્રગટ થયો માટે એમણે આ જીવવિચારની રચના કરી. જે જીવો જે ગુણસ્થાનક પર હોય ત્યાં તે પ્રકારે ઉચિત વ્યવહાર કરે. માટે જ જીવવિચાર પ્રકરણની રચના દ્વારા ઉચિત વ્યવહાર બતાવે છે. પરમાત્માએ પ્રકાશ્યું ન હોત તો અને ગણધરોએ એને ઝીલ્યું ન હોત અને આગળના મહાપુરુષોએ તે જ્ઞાનનો પ્રવાહ ન વહેવડાવ્યો હોત તો શું થાત ? એમ એમનો ઉપકાર વિચારીને મારે પણ આ જીવ વિચાર ભણીને મારામાં કરુણાનો ધોધ વહેવડાવવાનો છે. કરુણાના ઉપચાર રૂપે આ ગ્રંથની રચના કરું છું ને આ માર્ગ છેલ્લે સુધી ચાલે તે માટે એ રીતે જીવન જીવવાનું છે. જેથી બીજાને પણ અનુમોદનાનો વિષય બને અને તેથી શાસનની પરંપરામાં પણ ઉપકાર થાય.

તમે નીચે જોઈને ચાલો તો ઉત્તમ જીવો એની અનુમોદના કરશે, પૂજા વગેરે પણ એ રીતે કરો કે બીજા એને જોઈને ખુશ થાય કે આ કેવી સુંદર રીતે પરમાત્માની પૂજા કરી રહ્યાં છે અને એ આત્મા પણ અનુમોદના કરવા દ્વારા અને પોતાની શક્તિ વગેરે હશે તો તે પ્રમાણે કરવા પ્રેરાય તેના દ્વારા શાસનની પરંપરા પણ ચાલે એટલે સ્વ ને પર બન્ને પર મહા ઉપકારનું કારણ બને છે. આ કાર્ય ચાર ગતિમાં માત્ર મનુષ્ય ગતિમાં કરી શકાય. તે માટે નરક ગતિ નકામી છે. ત્યાં જીવ કોઈ પર પણ ઉપકાર કરી શકતો નથી. તેથી નરક ગતિથી બચવા તેનું સ્વરૂપ જાણવું જરૂરી.

**જીવવિચાર** એટલા માટે જ છે કે કર્મોની કોટડીમાં આપણા પરમાત્મા પૂરાયેલા છે તેને મુક્ત કરવાના છે અને તે જીવદ્રવ્ય પર કરુણા લાવ્યા વિના થઈ શકવાનું નથી. પરમાત્માએ મહાકરુણા કરી પોતાના આત્માને તાર્યો એ

કરુણા એવી વિશિષ્ટ કોટિની હતી કે સ્વમાં ન સમાણી પણ સર્વમાં પ્રસરી ગઈ. આવી મહાકરુણા થઈ છતાં પણ વરસાવી તો પોતાના પર જ માટે પહેલો ઉધ્ધાર તો મારા આત્માનો જ કરવાનો છે કે જે પીડાથી યુક્ત છે તેને પીડાથી મુક્ત કરું. પહેલો મારો ઉધ્ધાર કરી લઉં તો જ બીજાનો ઉધ્ધાર કરી શકીશ. આત્માને જોવા માટે જ આગમ છે. **આગમ રૂપ અરિસો જોવતાં, મોક્ષ નગર દીઠો અતિ દૂર જો** ચૌદ પૂર્વો તેના માટે જ રચાયા છે. મલિન થયેલાને કઈ રીતે શુદ્ધ કરવો તે જ આગમમાં બતાવ્યું છે અને તેના માટે દૃષ્ટિ પણ તેવી જ હોવી જોઈએ તો જ ફળે નહીં તો આગમ પણ ન ફળે. પૂ. શાંતિસૂરિ મ.સા.એ પણ એ જ જોયું કે પરમાત્માએ ૧૨॥ વર્ષ સુધી સાધના કરી જગત સાથે નાતો તોડી નાંખ્યો અને આપણી બે ઘડી પણ છોડવાની તૈયારી નથી. જગત સાથે નાતો તોડી આત્મા સાથે નાતો જોડે તે જ ખરો ઉપાય, કાયા-કર્મ-કષાયથી મુક્ત થવાનું છે. પોતાની પીડા આપણને દેખાતી નથી તેથી જગતના જીવોની પીડા પણ દેખાતી નથી. દેખાય છે માત્ર અસાતાની પીડા ને તેને દૂર કરવા જગતના જીવોને પીડા આપ્યા વિના રહી શકતા નથી. પીડા આપવાનો પરિણામ ન હોય તો ય પીડા આપી રહ્યાં છીએ. આનું આમ કરું, ત્યાં તેમ કરું એમ અનેક વિચારો, વિકલ્પોની ગડમથલમાં સામે ચાલી પ્રભુને છોડ્યા અને પારકાને ઘાલ્યા જેનું આપણને ભાન પણ નથી. જે પીડા પામી રહ્યો છે તે ભયંકર અસાતા પામી રહ્યો છે અને તેને અંદરમાં ઘાલ્યા તો અશાંતિ જ થાય. શાંત એવા પ્રભુને બહાર કાઢ્યા પછી શાંતિ ક્યાંથી મળે. સેવકનો નિર્ણય કે **બીજો મન મંદિર આણું નહીં એ અમ કુલવટ રીત, કારણ સુખિયાને પકડીએ તો સુખી થઈએ, દુઃખિયાને પકડીએ તો દુઃખી થઈએ.** બીજો પીડાવાળો છે તે આવશે તો પીડા જ ઊભી કરશે. દુઃખ દૂર કરવા દુઃખીને અંદર ઘાલ્યા ને સુખીને બહાર કાઢ્યા તો સુખ મળે કેમ? સાધુ જંગલમાં-ગુફામાં-વનમાં મસ્તી અનુભવતા કેમ? કેમકે એમણે અરિહંત સિદ્ધાદિ જે સુખ અનુભવી રહ્યાં છે તેવા સુખિયાને પકડ્યા માટે. પીડિત આત્માને માત્ર યાદ કરાય કે હવે એમને વધારે પીડા આપવી નથી પણ મનમાં તો ઘલાય જ નહીં.

જે આત્મા ઉત્તમ હશે તે ઉત્તમતાને જ પકડશે, હલકા હલકાને પકડશે. માટે જ આત્માએ સુખ ભોગવતા, અનુકૂળતા ભોગવતા, બીજા પાસેથી મળતાં આદર સત્કાર સ્વીકારતાં સો વાર વિચાર કરવો. દુઃખ- પ્રતિકૂળતા વેઠી લેવી, અહીં તો થોડામાં પતશે ત્યાં અધિક ગણું થઈને આવશે.

પાપ એમને એમ ન થાય એ પહેલાં કેટલી બધી વિચારણાઓ થાય કે પકડાઈ તો નહીં જાઉં ને ? પકડાય તો છૂટી કઈ રીતે જવું, એના સાધનો કઈ રીતે મેળવવા, એનું વિસર્જન કઈ રીતે કરવું, જૂઠું કઈ રીતે બોલવું, ચોરી કઈ રીતે કરવી, વસ્તુ મળી ગઈ પછી કઈ રીતે એને સુરક્ષિત રાખવી વગેરે. એની તીવ્ર વિચારણા રૌદ્રધ્યાનપૂર્વક ચાલતી હોય. રૌદ્રધ્યાનનાં ચાર પ્રકાર છે. હિંસાનુંબંધી, મૃષાનુબંધી, સ્તેયાનુબંધી અને સંરક્ષણાનુબંધી. આ બધામાંથી હેમખેમ નીકળી જાય ત્યારનો આનંદ, આગળ - પાછળના ઘણા બધા અધ્યવસાયો ચાલતા જ હોય.

જે પૂર્વે ભાવથી પાપ કર્યા હોય અર્થાત્ પૂર્વે રાચીમાચીને કર્યા હોય તે પાપ ઉદયમાં આવે ત્યારે ફરી પાપ બંધાવે નહીં તો કર્મબંધ ન જ થાય, ઈર્યાપથિક બંધમાં રસ વગરનો બંધ થાય છે. ભાવ વિનાનો છે માટે રસ નથી માત્ર પ્રદેશબંધ આવે, ચોંટે જ નહીં. વસ્તુની ઈચ્છા ન કરી એટલે ચિત્ત રાગથી વ્યાકુળ ન બન્યું.

### ❑ મોક્ષને કોણ પ્રગટ કરી શકે ?

જે જગતમાં જીવોની કર્મકૃત વિવિધ બાહ્ય અવસ્થાને જોતો નથી, માત્ર નિશ્ચયથી સત્તાએ સર્વ જીવોમાં રહેલી શુદ્ધ–સિદ્ધ અવસ્થાને જ જુએ છે અને તેઓ સાથે તેવો જ વ્યવહાર કરવાનો પ્રયત્ન કરે છે તે જ સ્વની મોક્ષ અવસ્થા પ્રગટ કરી શકે. પણ મોટા ભાગના જીવો અનાદિ કાળથી મિથ્યાત્વને વશ થવાના કારણે જીવોની વિવિધ બાહ્ય અવસ્થાને પકડીને રાગ–દ્વેષની વૃદ્ધિ કરે છે અને આપણે પણ આપણું નથી તેને આપણું માનીને પકડીને બેઠાં છીએ. જેને તત્ત્વથી ધર્મ સમજાઈ જાય તેને તે છોડવું વાસ્તવિક સહજ છે. કારણ કે

પારકી વસ્તુ સંયોગ સ્વભાવવાળી હોવાથી તે છૂટી શકે છે. તત્ત્વની સમજણ આવ્યા પછી છોડવામાં મહેનત નહીં પડે મહેનત તો પકડવામાં જ છે.

## ❑ જીવની રખડપટ્ટી શા માટે થઈ ?

સૌ પ્રથમ જીવે એ સમજવાની જરૂર છે કે એક માત્ર મનુષ્ય ભવ જ એવો છે કે ત્યાંથી સદાને માટે રખડપટ્ટી બંધ થઈ શકે. મોક્ષ અને સંસાર એક વખત સાચી રીતે સમજાઈ જાય પછી સંસારમાં તે વ્યક્તિને રહેવું દુષ્કર લાગે. જેમ અવંતિ સુકુમાલને પૂ. આર્યસુહસ્તિસૂરીના મુખારવિંદમાંથી નલિની ગુલ્મ વિમાનના વર્ણનવાળું અધ્યયન સાંભળવા માત્રથી જાતિસ્મરણ જ્ઞાન થયું અને જાતિસ્મરણથી દેવલોકને સાક્ષાત્ જોયો અને તેથી અહીંના સુખો તેમને તુચ્છ લાગ્યા તેથી તે સ્થાને પહોંચવા મન ઉત્કંઠિત થવા લાગ્યું. તેમને એકક્ષણ પણ અહીં રહેવું ભારે લાગ્યું, તેથી રાતના સમયે જ પૂ. આર્યસુહસ્તિસૂરિ પાસે આવીને દીક્ષાની માંગણી કરી. ગીતાર્થ ગુરુએ જ્ઞાનોપયોગ મૂકી અવંતિ સુકુમાલની યોગ્યતા જાણી માતા–પિતાની રજા વિના પણ દીક્ષા માટે સંમતિ આપી. તેમણે દીક્ષા ગ્રહણ કરીને તે જ રાત્રે જંગલમાં જઈ અનશન કર્યું. શિયાળે આખી રાત ઉપસર્ગ કરી તેમના દેહને ફાડી ફાડીને ખાધો છતાં મુનિ લેશ માત્ર ન ડગ્યા અને સમતામાં રહ્યાં. તેમને નલિની ગુલ્મ વિમાનમાં જવાનું લક્ષ બંધાઈ ગયેલું તેથી સમતાથી સાધના કરી તો તરત જ તે જ વિમાનમાં ઉત્પન્ન થયાં. મનુષ્યના સુખ કરતાં દેવલોકનું સુખ કિંમતિ લાગ્યું તો કેવું વીર્ય ફોરવી શક્યા? ઉપસર્ગને સહન કરવાની શક્તિ ક્યાંથી આવી ? **મનુષ્ય જો નક્કર નિર્ણય કરે તો બધું જ કરી શકે છે. તો મોક્ષ સુખ માટે તે શું ન કરી શકે. જે જીવ મળેલ શક્તિનો સદ્ ઉપયોગ કરતો નથી તેને કર્મ સત્તા ફરી શક્તિ આપતી નથી.** આથી મોક્ષ સુખની પ્રાપ્તિ માટે જીવે સર્વ–જીવોની આશાતના ટાળવા માટે પુરુષાર્થ કરવો જોઈએ. આથી આત્માએ જ્ઞેયના જ્ઞાતા બની સર્વ જીવોનું જ્ઞાન કરી, સર્વ જીવોમાં સિદ્ધપણાના દર્શન કરવાનો પ્રયાસ કરવાનો છે.

## ❑ મનુષ્ય ભવની સફળતા શેમાં ?

પોતે જીવ છે અને બીજાને પણ જીવ તરીકે સ્વીકારીને તેને જીવવાનો અધિકાર જાળવી રાખે તેમાં બાધા રૂપ ન થાય તો જ પોતે પૂર્ણરૂપે જીવી શકે. પોતે પૂર્ણ સુખરૂપે જીવવું હોય તો બીજાની પીડામાં બાધક ન બનવું તે મુખ્ય માર્ગ છે. તે માટે જોઈતા સાધન મનુષ્ય ભવ, પ્રથમ સંઘયણ અને દરેક જીવોમાં સિદ્ધપણાનો સ્વીકાર અને તે પ્રમાણે સર્વ જીવોને પીડા ન આપવાનો દૃઢ સંકલ્પ કરી પુરુષાર્થ કરે તો મનુષ્ય જન્મ સફળ બને. તેવા પ્રકારની પૂર્ણ સામગ્રી ન મળે તો પણ સાધ્ય નિર્ણય સ્પષ્ટ દૃઢ કરીને, યથાશક્તિ પ્રયત્ન શરૂ કરે, સર્વ જીવોને સિદ્ધ સ્વરૂપી માની શક્ય પીડા આપવાનું ટાળે. પીડામાં નિમિત્ત બને તો પશ્ચાતાપ ખેદ રહ્યા કરે, દુઃખી જીવોને જોઈ જેમ–જેમ કરુણા પ્રગટે તેમ તેમ સમ્યગ્દર્શન નિર્મળ થાય.

વર્તમાનમાં આત્મા પોતાના સ્વભાવથી વિરુદ્ધ વર્તન કરે છે, આત્માને બદલે શરીરના સુખનો રાગી પક્ષપાતી બને છે ત્યારે બીજાને પીડા આપ્યા વિના રહેતો નથી. **जीवाइ नवपयत्थे जो जाणइ तस्स होइ सम्मत्तं।** માટે જીવાદિ નવતત્ત્વને જાણવાથી જીવને જીવપણાની (જીવમાં સિદ્ધ પણાની) શ્રદ્ધા પ્રતીતિ થશે અને અજીવમાં જડ પુદ્ગલ બુદ્ધિ પ્રગટશે તો શરીર સુખની સ્પૃહા જશે અને આત્માના સુખની સ્પૃહા પ્રગટ થશે. આત્માનું સુખ સમતા વિના ન અનુભવાય અને સમતા સમકિત વિના ન આવે. સમકિત જીવમાં જીવપણાની સિદ્ધિ કરવાથી જ પ્રગટ થાય.

## ❑ જીવ કયા કારણે ચાર ગતિમાં ભટકે છે ?

**જ્યાં પ્રમાદ ત્યાં પીડા અને જ્યાં અપ્રમતપણું ત્યાં પ્રમોદ.** જીવદ્રવ્યમાં જ પીડા છે, પ્રમાદ છે ને પ્રમોદ છે. જીવ ચાર ગતિના ચક્કરમાં ભટકે છે અને અન્ય સંસારી જીવો પણ આ ચાર ગતિમાં પીડા પામી રહ્યાં છે તેનું મૂળ પ્રમાદ છે માટે તું તેમનું પણ સ્વરૂપ જાણ અને જાણીને સ્વ પરને પીડા

આપવાનું બંધ કર. વધારેમાં વધારે બીજાને પીડા મન-વચન-કાયાથી પંચેન્દ્રિય જીવો જ કરી શકે છે. મનથી પીડા આપવાના મનોરથો કરે, વચનથી બોલીને પીડા આપે ને કાયાથી પીડા આપે છે તે સ્વેચ્છાએ આપે છે. માટે પાછી વ્યક્ત પીડાઓ એને મળે છે. મનુષ્યભવમાં પીડા આપવાનું અને પીડા ન આપવાનું કાર્ય સ્વેચ્છાએ થઈ શકે છે. મનુષ્યભવમાં જ જીવ પોતાના આત્મામાં રહેલો પ્રમોદ માણી શકે અને અનાદિનો પ્રમાદ દૂર કરી શકે. પ્રમોદ માણવા સ્વ અને પર પીડા આપવાનું બંધ કરવા અપ્રમત્ત બનવું પડશે. અપ્રમત્તપણું મનુષ્ય સિવાય બીજા ભવમાં અશક્ય છે. તેથી મનુષ્ય સિવાયના ભવમાં પ્રમોદ સહજ માણી શકતો નથી અને તેના કારણે પ્રમાદી બની ચારે ગતિમાં ભટકે છે માટે મનુષ્યભવની દુર્લભતા છે. જો જીવ સ્વનો પ્રમોદ નહીં માણે તો તે બહાર માણવા પ્રમાદી બની બીજાને પીડા આપશે જેમ ગરમીથી કંટાળી એ.સી. ચાલુ કર્યું ને વાયુકાયના અસંખ્ય જીવોને શીતલતાની પીડા આપી ને આપણે આનંદ માણીએ અને એ દ્વારા આપણે સમાધિ મેળવી કે પીડા ? આ વિચારણીય બાબત છે કે વર્તમાનમાં **ધ્યાનના** કલાસ પણ એ.સી. માં ચાલે છે. **સમતાનો પરિણામ લાવવા માટે દયાનો પરિણામ પ્રથમ જોઈએ. દયા પ્રથમ છે. સમતા (સમ) એ તો પાંચમા સ્થાને છે.** આસ્તિક્ય, અનુકંપા, નિર્વેદ, સંવેગ ને શમ. એક શરીરના સુખ માટે અસંખ્ય જીવોની વિરાધના આવો વિચાર કેમ આવ્યો ?

**જેને પણ સંસારની પેઢી ચાલુ રાખવી હોય તે જનનું માને અને સંસારની પેઢી બંધ કરવી હોય તે જિનનું માને.** શરીરનું સુખ ભોગવવાની ઈચ્છા થઈ એટલે આપણે સ્વેચ્છાએ આત્માને પીડા આપવાનું ચાલુ કર્યું અને સાથે-સાથે અસંખ્ય જીવોને પીડા આપવાનું કામ કરીએ છીએ.

સર્વાર્થ સિદ્ધમાં રહેલા આત્માનું એક હાથનું શરીર છે, ઔદયિક ભાવનું અનુપમ સુખ છે, નિકાચિત કર્મના ઉદયથી એને છોડી શકતો નથી પણ એમાં ઉદાસીન ભાવ છે, અનુબંધ પડતો નથી, સંસારનું સર્જન થતું નથી અને એ

સુખ ભોગવવાનો પરિણામ પણ નથી. દેહમાં એ રીતે રહે કે દેહની મમતા નહીં. તત્ત્વજ્ઞાનની મસ્તીમાં મસ્ત છે. સર્વાર્થ સિદ્ધમાંથી આવેલા આત્માઓ અહીં પણ પરાક્રમ આવું જ કરે છે. બાહુબલી યુદ્ધના મેદાનમાં કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહી ગયા. ભરત મહારાજા અરિસા ભુવનમાં કેવલજ્ઞાન પામ્યા. પૃથ્વીચંદ્ર -રાજસિંહાસન પર બેઠાં-બેઠાં અને ગુણસાગર આઠ પત્નીઓના હાથ હાથમાં છે ને મોહના ઘરમાં ઘૂસીને મોહને પરાસ્ત કર્યો એ આત્માને ત્યાં જ ચોરીમાં ફેરા ફરતાં - ફરતાં કેવલજ્ઞાન થયું.

નરકગતિથી પછી અધિક દુઃખ આત્મા તિર્યંચગતિમાં ભોગવે છે. નરકમાં કાળ મર્યાદિત છે જ્યારે તિર્યંચગતિમાં કાળ વધારે છે ને ગતિ પણ વિશાળ છે.જીવ નરક ને દેવનો એક જ ભવ કરી શકે ત્યારબાદ ફરજિયાત મનુષ્ય કે તિર્યંચગતિમાં જવું જ પડે, જ્યારે તિર્યંચ મરીને ફરી તિર્યંચ બની શકે છે. દેવોને સુખ ભોગવતા ન આવડે, સાવધાન ન રહે તો આત્માની દુર્ગતિ નિશ્ચિત છે માટે દેવતાઓ આયુષ્ય પૂર્ણ કરીને તિર્યંચગતિમાં, એકેન્દ્રિય કે પંચેન્દ્રિયમાં આવે. દેવો વિકલેન્દ્રિયમાં ન આવે. નરક ગતિવાળો પંચેન્દ્રિયમાં જ જાય તે સિવાયના દ્વારો તેમના માટે બંધ, ત્યાં ઉદાસીન રહે તો કાળ કરીને મનુષ્ય બને અને સાધના કરીને પાંચમીગતિમાં પણ જઈ શકે છે. સમકિતની હાજરી સિવાય ત્યાં ઉદાસીન પરિણામે રહેવું મુશ્કેલ છે.

### ❑ જીવ માટે સાધ્યઃ જીવને પુદ્‌ગલ દ્રવ્યથી જુદો કરવો.

જેને દુર્ગતિ ન જોઈતી હોય અને મોક્ષગતિ જ જોઈતી હોય તે દરેક માટે એક જ સાધ્ય, આત્માને પુદ્‌ગલ દ્રવ્યથી જુદો કરવો. સાધ્ય બધા માટે એક જ આત્મા પુદ્‌ગલ દ્રવ્યોથી રહિત થઈ જાય અને પોતાનું સ્વરૂપ પ્રગટ થાય પછી એ એના સ્વભાવ પ્રમાણે જ વર્તે, ભટકવાનું એનું બંધ થઈ જાય. પણ આત્મા પુદ્‌ગલમય બનેલો છે માટે ભટકવાનું ચાલુ છે. માટે જ સાધના પુદ્‌ગલથી છૂટવા માટે કરવાની છે. ભણ્યા પછી જ્ઞાનને ઉપયોગમાં લાવવું જ પડે તો જ જ્ઞાનનું કાર્ય થાય.જેને જીવો પ્રત્યે શ્રદ્ધા થાય તે જ જીવદયાનું પાલન

કરી શકે. કારણ વગર સાધુ અંગોપાંગ પણ હલાવે નહીં. સાધ્યનો નિશ્ચય થાય એટલે બધું જ કાર્ય થાય. આત્મા પોતાની તમામ શક્તિને ત્યાં કેન્દ્રિત કરી જ દે. આત્મા કેવો છે ? અચિંત્ય શક્તિનો સ્વામી છે. આપણી સાધના શરીર દ્વારા આત્મામાં થવી જોઈએ તે થતી નથી, શરીરમાં જ થાય છે માટે પ્રગતિ થતી નથી અને શરીર સાથે રહેલો છે એટલે આત્મા આર્તધ્યાનમાં ગયો તે તેને તિર્યંચગતિમાં લઈ જાય. ગુણોમાં નથી રહ્યો તો દોષોમાં રહ્યો છે. મોહનો પરિણામ જ્યારે મધ્યમ હોય ત્યારે આર્તધ્યાન અને તીવ્ર ચાલતો હોય ત્યારે રૌદ્રધ્યાનમાં જવા વડે દુર્ગતિમાં જાય છે.

જીવમાં ગુણો પ્રત્યેની પ્રીતિ ન આવે તો તેનું સ્થાન ઈર્ષા લેશે. માયા-લોભ-રાગનો પરિણામ છે. ક્રોધ-માન દ્વેષનો પરિણામ છે. ગુણ જોઈને ગુણો પર પ્રેમ - આનંદ થવો જ જોઈએ. આનંદ ન થાય ને અપ્રીતિ આવી તો ક્રોધ દ્વેષ રૂપે ઈર્ષાનો પડદો આવી ગયો, મિથ્યાત્વ આવ્યું. ઈર્ષા એ આર્ત્તધ્યાન છે તેનું લક્ષણ દીનતા છે. તેની પાસે છે ને મારી પાસે નથી. તેથી દીનતા આવે છે. આપણને આવું થાય તો સમજવું કે દીનતા આવી તેથી આર્ત્તધ્યાન ચાલુ છે. જ્ઞાનની સાથે આચાર ને ક્રિયાનો સમન્વય થવો જોઈએ.

## ❑ ઈર્ષાભાવથી ગચ્છાધિપતિ સર્પપણાને પામ્યા.

રાજા વડે માન-સન્માનને પામતા એવા એક ગચ્છાધિપતિના એક લઘુ શિષ્ય પ્રકાંડ વિદ્વાન બન્યા. આચાર સંપન્ન છે તેથી લોકો માન-સન્માન એમને આપે છે, પ્રશ્નોના સમાધાન તેની પાસે મેળવે છે. આથી ગચ્છાધિપતિને મનમાં થાય છે કે હવે બધા તેને પૂછે છે મને તો કોઈ પૂછતું પણ નથી, એ આર્તધ્યાનમાં રહે છે, કાળ કરીને ભોરિંગ સર્પ બને છે. નૂતન આચાર્ય ગચ્છાધિપતિ બન્યા. એકવાર ઉદ્યાનમાં ગયા તે વખતે તે સર્પ સામે જ આવે છે તેમાં પણ તે લઘુ શિષ્ય તરફ જ વારંવાર જાય છે તેથી નૂતન આચાર્યને ખ્યાલ આવ્યો કે કદાચ આ આપણા ગુરુ તો નહીં હોય ને ? તેથી બધાએ ભેગા થઈને તેમને પ્રાર્થના કરી કે અમારો કોઈ પણ અપરાધ થયો હોય તો ક્ષમા કરશો.

આમ વારંવાર થવાથી તે સર્પ ઉહાપોહ કરે છે ને જાતિસ્મરણ જ્ઞાન થાય છે. બધું યાદ આવે છે કે હું ગચ્છાધિપતિ હતો ને આગમવેત્તા કહેવાતો હતો, તે બધું યાદ આવ્યું ને વર્તમાન સ્થિતિનો ખ્યાલ આવ્યો ને તરત અનશન સ્વીકાર્યું.

શરીરમાં સુખ-દુઃખ રૂપે તે વેદે છે તે મોહનો ઉદય છે. ગરમી લાગે છે તે જ્ઞેય દ્વારા જાણે ખરો પણ તેમાં આકુળ—વ્યાકુળ ન બને. ઠંડી કેમ લાગે છે ? આત્મા શરીરની મમતા સાથે જોડાયેલો છે માટે ઠંડી લાગી તો શાલ ઓઢવાનું મન થાય. પણ ઠંડી છે માટે જ્ઞેયનો જ્ઞાતા બને અને આત્મવીર્યને આત્માના ગુણો સાથે જોડી દે ત્યારે પ્રચંડ વીર્યશક્તિ ઉત્પન્ન થાય પણ જો મોહને વેદે તો પીડા અનુભવે છે. વીરપ્રભુને ત્રિપુષ્ટ વાસુદેવના ભવમાં ખાવાની લાલસા ન હતી પણ સત્તાનું બળ હતું તે બતાવી દેવાની લાલસા હતી. તેથી તેના રૌદ્ર પરિણામના કારણે સાતમી નરકે ગયા. ત્યાં કર્મ ન ખપ્યું તેથી કર્મે ફરી સિંહના ભવમાં મૂક્યા ત્યાં પણ હિંસક વૃત્તિના કારણે ફરી ચોથી નરકે ગયા. સ્વભાવની સામ્યતા કેવલીમાં પૂર્ણ થાય અને સ્વરૂપની સંપૂર્ણ પૂર્ણતા તો માત્ર સિદ્ધોમાં જ હોય. કેવલીમાં કોઈ સમુદ્‌ઘાત કરે ને કોઈ ન પણ કરે. અનંતવીર્ય છે છતાં તેના ઉપયોગમાં તરતમતા આવે. જ્યારે સિદ્ધમાં કોઈ તરતમતા નહીં. ચૌદ પૂર્વીમાં પણ ભિન્નતા રહેવાની. દ્રવ્યથી સમાન, અર્થની ભિન્નતા રહે. છદ્મસ્થ જીવોમાં કર્મોના કારણે વિવિધતા રહે છે. આત્માની સ્વરૂપદશાની વિચારણા કરો તો જ સમાનતાનો પરિણામ આવે. જ્યાં સુધી જીવ સ્વરૂપની વિચારણા નહીં કરે ત્યાં સુધી આત્માના સ્વરૂપનો ઉઘાડ નથી થતો. આ મનુષ્યભવને પામીને જો વિવેકપૂર્વકનો વ્યવહાર ન કરે તો તેને તિર્યંચગતિમાં જવાનો વારો આવે છે પણ વિવેકપૂર્વક વ્યવહાર કરે તો તેને નરક-તિર્યંચગતિ બંધ થઈ જાય. મન-વચન-કાયા ત્રણેનો વિવેક કરે તેને દુર્ગતિના દ્વાર બંધ થાય. વિવેક વિનાનું જીવન એટલે જ આર્તધ્યાન. મન દ્વારા વિવેક ચૂક્યો, ખાવાના વિકલ્પોમાં રહ્યો અને જો આયુષ્યનો બંધ પડે તો તિર્યંચગતિમાં જાય. પ્રથમ તો સંસારને છોડવાનો જ છે પણ જો સામર્થ્ય નથી તો પછી તે સંબંધોને ફેરવવા પડે તો તે ફેરવાયેલું પણ છોડાવવા સમર્થ બને છે.

## ❑ સાધના મુખ્ય બે કરવાની.

પરમ ધ્યેય સ્વરૂપ એવા પરમાત્માને પૂ. શાંતિસૂરિ મહારાજા વંદના કરી રહ્યાં છે. જ્ઞાનના પરિણામથી તે પરિણત થયા છે ને પોતાને સાધક તરીકે જાણી રહ્યાં છે ને સાધ્યના સ્વરૂપના ઉપયોગમાં પરમાત્મા છે. સાધના સિદ્ધિ મેળવવા કરવાની છે અને તે સાધકે જ કરવાની છે બહાર સાધના કરવાની નથી. જે આત્માનું નથી તે કર્મકૃત સર્વેને છોડવા માટે અને જે આત્મામાં ગુણવૈભવ છે તેને પ્રગટ કરવાના એમ બે સાધના કરવાની છે. પરને જેટલો છોડતો જાય તેટલો સ્વને પકડતો જાય અને જેમ-જેમ સ્વમય બનતો જાય તેમ-તેમ સિદ્ધિ પ્રગટ થતી જાય છે.

બધું જ અંદરમાં છે તો પણ પરમાત્માનું આલંબન શા માટે લેવાનું ? પરમાત્માએ પણ આ જ કામ કર્યું. સ્વયં સાધક બન્યા ને સિદ્ધિને પ્રાપ્ત કરીને પરથી પર થઈ ગયા માટે પરમાત્મા કહેવાયા. માટે જ તેમનું આલંબન લેવાનું છે. પરથી પર તો ઘણાં થયા તો પછી અહીં મહાવીર પરમાત્માને જ કેમ વંદના કરે છે ? કારણ કે આપણને માર્ગ એમણે બતાવ્યો છે. આપણા નજીકના ઉપકારી છે માટે. આલંબન એ એક ટેકો છે, ટેકો લઈને પછી તેને પણ છોડી દેવાનો છે. પરમાત્માનું આલંબન લઈને પછી પરમાત્મામાં પણ માત્ર જ્ઞેય બની જવાનું છે. (સ્વ-પરમાત્મામય) પરમાત્માને જોવાથી - સ્વરૂપનું જ્ઞાન થાય એટલે સાધકને પોતાના સ્વરૂપનું ભાન આવે ત્યારે જ આપણું સાધકપણું સાર્થક છે.

મિથ્યાત્વ આપણને આપણે પરમાત્મા સ્વરૂપ છીએ તે સ્વીકારવા દેતો નથી. પરમાત્માના દર્શન ખરેખર આપણને થયા તે ક્યારે કહેવાય ?

**જયારે આપણને આપણા સત્તાગત પરમાત્માના દર્શન થાય ત્યારે દર્શન થયા કહેવાય. પરમાત્મા સિવાયના બીજા ઓછા ગમતા થાય. આત્મા સિવાયના સંબંધો, સામગ્રીઓ પરથી પ્રેમ ઓછો થાય ત્યાંથી હટી જાય ને પરમાત્મા પ્રત્યે પ્રીતિ આવી જાય તો મિથ્યાત્વ**

**હટયું છે એમ કહેવાય. પ્રતિકુળતામાં પરમાત્મા યાદ આવે છે એ મિથ્યાત્વનો મહાઉદય છે, કારણ દુઃખ નથી ગમતું માટે.**

પરમાત્મા ગમ્યા અર્થાત્ આત્માના ગુણો ગમ્યા એટલે પરમાત્માની આજ્ઞા ગમે જ. **દુઃખમાં રામ ને સુખમાં રમા યાદ આવે છે તે મિથ્યાત્વ છે.** જ્યાં ગમો ત્યાં મન મસ્ત બની જાય છે. જો આત્મામાં સમકિતનો પરિણામ આવી જાય તો કોઈ પણ ક્રિયા કરતાં તેને પરમાત્મા સ્વરૂપ યાદ આવે. ક્રિયા કરવાની છે કાયા દ્વારા ને ઉપયોગમાંથી કાયા છૂટી જાય અને જ્ઞાનના ઉપયોગમાં ભળી જવાનું છે. આપણી સામાયિકાદિ તમામ ક્રિયાઓ પાંચમા છઠ્ઠા ગુણઠાણાની છે. સમગ્ર જીવરાશિનું જ્ઞાન હોય તેના પ્રત્યેની શ્રદ્ધા પ્રગટ થશે ને સામર્થ્ય આવશે તો અભયદાન આપી શકાશે અને દેશવિરતિ કે સર્વવિરતિ ગ્રહણ કરશે આ વાત જિનશાસન સિવાય બીજે ક્યાંય નથી. પીડા જીવદ્રવ્યને જ છે. કારણ કે તે અજીવદ્રવ્ય સાથે જોડાયેલો છે. સિદ્ધના જીવોને કોઈ પીડા નથી કારણ કે તેઓ અજીવથી સંપૂર્ણ છૂટી ગયા છે. માટે અરિહંત હોય કે ગુરુ હોય મોક્ષ માર્ગ બધા માટે એક જ છે.

## ❑ જીવના સ્વરૂપનું જ્ઞાન

પરમાત્મા વીર દ્વારા પૂ. શાંતિસૂરિ મ.સા.ને જીવોના સ્વરૂપનું જ્ઞાન મળ્યું તે કઈ રીતે મળ્યું ? પરમાત્માને પ્રથમ જ્ઞાન પ્રગટ થયું અને પછી તેમણે આપણને કહ્યું. સર્વજ્ઞના વચન પર પરમાત્માના આત્માએ શ્રદ્ધા કરી અને તેના કારણે છદ્મસ્થ અવસ્થામાં પરમાત્માના આત્મામાં પણ મૈત્ર્યાદિ ભાવો જીવો પર પ્રગટ થયા. આપણને તેવા ભાવો નથી થતાં પણ ભવો વધે તેવા ભાવો જીવોને જોઈને થાય છે તો સમજવું કે આપણે જીવોને સર્વજ્ઞની દૃષ્ટિ પ્રમાણે જાણતાં નથી. જે પીડિત હોય તેના પર કરુણા થાય અને સુખી હોય તે પ્રમોદનો વિષય બને છે. જે આત્મા ધર્મ કરી રહ્યો છે તે પ્રથમ ધર્મથી જ પ્રભાવિત થવો જોઈએ તો જ તેની પાસે આવનાર પણ ધર્મના બહુમાનવાળો બનીને

જાય. જ્યાં તમે રહ્યા છો ત્યાં જરા પણ જતુ કરવાની તૈયારી ન હોય, સહન કરવાની તૈયારી ન હોય તો તમારી કરુણા ક્યાં ? સ્થાવરકાય પર તમને દયા નથી કરુણા નથી તો આગળના જીવો પર કરુણા કઈ રીતે આવશે ?

કાળના પ્રવાહમાં જે ન તણાય તે જ બચશે અને શાસનની સ્થાપના પણ તેના માટે જ છે. જમાના પ્રમાણે ચાલશો તો ભગવાનની આજ્ઞા મુજબ જીવી નહીં શકો. વર્તમાનમાં તમારે સુખ જોઈએ છે તો ભગવાનની આજ્ઞા મુજબ જીવો. તમારે સુખી થવું છે ને ? તો અમારે કહેવું છે કે તમે સમાધિમાં રહો. અનુકૂળતાનું જીવન બીજા જીવોને પીડા આપ્યા વગર મળવાનું નથી. તમે બીજા જીવોને જેટલી પીડા આપવાનું બંધ કરશો તેટલા તમે સમાધિમાં રહી શકશો. ગમે તેવી પરીસ્થિતિ હોય સમકિત દષ્ટિ સમાધિમાં જ હોય.

શ્રેણિક મહારાજા નરકમાં હોવા છતાં પણ ત્યાં તે સમાધિમાં છે અને નવા ભવોનું સર્જન નહીં કરે. ૮૪,૦૦૦ વર્ષ સુધી તે ત્યાં રહેશે ને ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને તીર્થંકર થઈને મોક્ષે જશે. સમકિત તેમણે અહીં મનુષ્યના ભવમાં જ મેળવ્યું છે. તેમણે પરમાત્માની વાતનો સ્વીકાર કરી લીધો. આપણે સ્વીકારીએ છીએ છતાં સમકિત કેમ નથી ? રુચિનો પરિણામ નથી માટે. રુચિ છે તો તે પ્રમાણે કર્યા વગર નહીં રહે અને વિપરીત કરે તો પશ્ચાત્તાપનો પાર ન હોય. રાત્રિ ભોજન ન કરવું એ વાત ગમી ગઈ તો તે પ્રમાણે કરશે ને નહીં થાય તો પશ્ચાત્તાપ થશે એટલે અંતરાય કર્મ તૂટતા જશે અને એનું રાત્રિભોજન બંધ થઈ જ જશે. નરકમાં જે પણ મળવાનું છે સમાધિ કે દુઃખ તે બધું ઉપાર્જન તો અહીં જ કરીને જવાનું છે. શ્રેણિક મહારાજાએ ગર્ભવતી હરણીનો શિકાર કર્યો ને આનંદ-અનુમોદના કરી. તે રૌદ્રધ્યાન હતું તેથી નરકનું નિકાચિત આયુષ્ય બંધાઈ ગયું અને સમકિતની પ્રાપ્તિ થતાં પશ્ચાત્તાપ દ્વારા અનુબંધ તોડી નાખ્યા પણ નિકાચિત કર્મના કારણે નરકમાં જવું પડ્યું.

બીજાને પીડા ન અપાય તો પછી પોતાના આત્માને તો પીડા ન જ અપાય. જ્યારે-જ્યારે આપણને અનુકૂળતા ભોગવવાનો ભાવ થયો ત્યારે-

ત્યારે આત્માને પીડા મળી એટલે ભાવિમાં પણ પીડા - અસાતા જ બંધાઈ. એકેન્દ્રિય વિકલેન્દ્રિય જીવો પર કરેલી કરુણા આગળ જતાં ભયંકર અને હિંસક પ્રાણીઓ પ્રત્યે પણ કરુણાનો પરિણામ લાવે. પૂ. રવિચંદ્રસૂરિ મ.સા.ના સંસારી માતુશ્રી મણીબેને સર્પને મુસલમાનો પાસેથી છોડાવીને પોતાની સાડીના પાલવમાં **આવી જા બેટા** કહીને લઈ લીધો અને થોડા આગળ જઈને એને છોડી દીધો, સર્પ પણ ઉપકાર સમજીને એમને નમસ્કાર કરીને ચાલ્યો ગયો. જે આત્મા પોતાને પીડા ન આપી શકે તે બીજાને પીડા આપી શકતો નથી. જે સ્વયં સમાધિમાં રહી શકે તે જ બીજાને સમાધિ પમાડી શકે. કોઈનું બગાડવાનો વિચાર આપણને ક્યારે આવે ? જ્યારે અંદરમાં દ્વેષનો પરિણામ હોય અને મોહના પરિણામનો ઉદય થાય ત્યારે આત્માને અશાંતિ જ થાય છે. **રાગની અગ્નિ ઠંડી છે ને દ્વેષની અગ્નિ ગરમ છે, બન્ને બાળનાર જ છે. કષાયોની અગ્નિમાં આત્માને અશાંતિ જ હોય.** તે વખતે જે કર્મ બંધાય તે કેવા બંધાય ? અશુભ કર્મ બંધાય. તે ઉદયમાં આવે ત્યારે કર્મસત્તા સાધન-સામગ્રી સારી આપશે માટે તમે બરાબર કાર્ય કરી શકશો. દા.ત. અગ્નિશર્મા ને ગુણસેનના ભવો એનું દૃષ્ટાંત છે. અગ્નિશર્મા મરીને દેવ બન્યો અને ગુણસેનને વૈરાગ્ય થતાં ગુરુની શોધમાં નીકળ્યા અને કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા રહ્યાંને અગ્નિશર્માએ તેમના પર અગ્નિની વર્ષા કરી અને તેમનું મૃત્યુ થયું. દેવ ભવમાં મનુષ્ય કરતા શક્તિ - સામર્થ્ય વધારે મળ્યાં.

વાદિ વેતાલ પૂ. શાંતિસૂરિ મહારાજે જીવ વિચાર પ્રકરણ ગ્રંથમાં જીવનું સ્વરૂપ કહેવા વડે જીવન શું છે તે જણાવ્યું છે. જ્ઞાનાદિ ગુણ રૂપ ભાવ પ્રાણ એ જીવન છે. તે જાણી તે પ્રમાણે જીવન જીવતા શીખવાનું છે. મોટાભાગના જીવો જીવે છે પણ કર્મના ઉદયથી દ્રવ્યપ્રાણરૂપ જીવન જીવવા વડે તેઓ બહિરાત્મ ભાવમાં જીવીને સ્વ પરને પીડા આપવાપૂર્વક જીવે છે.

ઈન્દ્રિયોને સુખ આપવા વિષયોના સેવન કરવામાં સુખ માનીને જીવે છે. વિષયો આત્મા માટે વિષરૂપ છે અને જ્ઞાન–દર્શન–ચારિત્ર એ આત્મા માટે અમૃતરૂપ છે છતાં તેનું સેવન બધાને ગમતું નથી. આથી જીવે જીવનો

વિચાર કરવાનો છે. પરમાં સુખ માનનારને જીવનો વિચાર નહીં પણ પુદ્‌ગલનો (અજીવ) જ વિચાર આવશે. જ્ઞાનીઓએ આપણા પર કરુણા કરી આ જીવવિચાર પ્રકરણની રચના કરી છે.

જીવનો વિચાર એટલે દયાનો પરિણામ. જીવ જ્યારે જીવનો વિચાર કરશે ત્યારે તેમાં દયાનો પરિણામ સહજ આવશે. માત્ર દ્રવ્યપ્રાણની દયા તો પુણ્યનાબંધનું કારણ છે. સમ્યગ્‌દર્શનની હાજરીમાં દ્રવ્યદયાની સાથે ભાવદયાની પ્રધાનતા હોય છે. ભાવદયામાં ભાવપ્રાણોની પ્રધાનતા હોય. જેમ ભાવદયા વૃદ્ધિ પામે તેમ સમ્યક્‌ત્વ નિર્મળ થાય અને ચારિત્ર નજીક આવે. જે આત્મા ચારિત્ર ગ્રહણ કરીને પણ ભાવદયાની પ્રધાનતા વિના દ્રવ્યદયાની પ્રધાનતા કરી સર્વજ્ઞ વચન પ્રમાણે ક્રિયા, તપ, ત્યાગ, સંયમ અને જયણા પ્રધાન કષ્ટો સહન કરે તો તે નિમિત્તે પુણ્ય જ બંધાય અને તે પુણ્ય ઉદયથી દેવલોકની પ્રાપ્તિ થાય. દેવલોક એ સાતાને ભોગવવાનું સ્થાન છે.

## ❑ ભવ્યાત્મા ઈશ્વરપણાને કઈ રીતે પ્રગટ કરી શકે ?

પરમાત્માના શાસનમાં કોઈપણ ક્રિયા કરવાની હોય તે પોતાની પૂર્ણતા પ્રગટ કરવા માટે કરવાની છે. તે માટેનો ઉપાય છે, સૌ પ્રથમ પોતાના જીવનો વિચાર કરવો પછી પરમાત્માનો વિચાર અને પછી સર્વ જીવોનો વિચાર કરવાનો છે. આમ સંપૂર્ણ જીવ દ્રવ્યનો વિચાર કરવો જરૂરી, તે જ સાચી રીતે પરમાત્માને ભક્તિ–વંદનાને યોગ્ય બને. વંદન કરીને પોતે પણ વંદનીય બનવાનું છે. જેટલા આત્માઓ સિદ્ધ થયા તે બધાએ આ જ પ્રક્રિયા વડે પોતાનું સિદ્ધત્વ પ્રગટ કર્યું. જેવો સિદ્ધનો સ્વભાવ છે તેવો સ્વભાવ અહીં મનુષ્યભવમાં પ્રગટ કરવાનો છે. દરેક ભવ્યાત્મામાં આ શક્તિ પડેલી છે. અર્થાત્‌ દરેક આત્મા સત્તાએ ઈશ્વર છે. જે આસન્નભવ્ય હોય તે જ પોતાના ભવોનું વિસર્જન કરવા સમર્થ છે અર્થાત્‌ સત્તાગત ઈશ્વરપણાને પ્રગટ કરવા સમર્થ છે.

પરમાત્મા કેવલજ્ઞાન રૂપી સૂર્યના પ્રકાશવાળા છે. ત્રણ ભુવનમાં પરમાત્મા કેવલજ્ઞાનનો પ્રકાશ પાથરે છે. જીવો ૧૪ રાજલોકમાં ઠાંસી ઠાંસીને

ભરેલા છે અર્થાત્ ત્રણે ભુવન જીવોથી ભરેલા છે અને પરમાત્મા એ બધાને જોનાર છે. એક પણ જીવના ઉપયોગના અભાવવાળા નથી. જીવોનું દર્શન કરવું એ તમામ જીવોનો પણ મૂળભૂત સ્વભાવ છે માટે જિન દર્શન કરવાનો વ્યવહાર જ્ઞાનીઓએ મૂક્યો. જિનનો સ્વભાવ છે જીવ માત્રના દર્શન કરવા, અને આપણે પણ આ ઉપયોગ લાવવાનો છે. પરમાત્મા સતત આપણા દર્શન કરે છે આપણે એમના દર્શન નથી કરતાં માટે આપણે પરમાત્માના દર્શન કરવાના છે અને મારો પણ આ જ સ્વભાવ છે, પરમાત્માની જેમ સત્તાએ હું પણ કેવલી છું તેમ હું પણ સમગ્ર જીવરાશિના દર્શન કરતો થાઉં. પૂ. શાંતિસૂરિ મ.સા. ને એ ઉપયોગ ઘટે કે પરમાત્મા ત્રણે ભુવનમાં રહેલા જીવોને જોઈ રહ્યાં છે માટે એમણે આ રીતે વંદના કરી. જિનેશ્વર પરમાત્મા જે રીતે કહી ગયા છે તે રીતે મારે પણ સમગ્ર જીવરાશિને એના સ્વરૂપને જાણવાનું છે અને યોગ્ય જીવોને જણાવવાનું છે.

જીવ જ્યારે જાણે કે મારો આત્મા પૂર્વકૃત કર્મના ઉદયે આટલી વેદના તો ભોગવે છે તો હું હવે બીજા જીવોને વધારે વેદના કઈ રીતે આપું ? તો સાધુ માર્ગ પર અહોભાવ થાય અને પરમાત્મા પ્રત્યે અહોભાવ થાય કે પરમાત્મા પાપથી બચવા અને સુખને અનુભવવા માટેનો કેવો સુંદર માર્ગ બતાવી ગયા છે, તો એ માર્ગ કંટકમય કે કંટાળામય નહીં લાગે કારણ કે સામે મોટો જબરદસ્ત લાભ દેખાય છે માટે અપૂર્વ બહુમાન આવશે. સ્થાવર જીવો પણ પીડા ભોગવે છે. સંખ્યામાં પણ અધિક અને કાળ પણ એમનો અધિક છે. જે જીવો નિગોદમાંથી બહાર જ આવ્યા નથી તે જીવો સૌથી વધારે દુઃખી છે, સૂક્ષ્મ નિગોદમાં રહેલા જીવોને આપણે પીડા નથી આપી શકતા એમને અંદરોઅંદરની વેદના છે પણ જીવદ્રવ્ય પ્રત્યે આપણને દ્વેષ આવી જાય તો એમની હિંસાનું પાપ લાગે. એક સમાજની વ્યક્તિએ કંઈક ગુનો કર્યો તો આપણે એમ વિચારીએ કે તે આખી જ્ઞાતિની જાત જ આવી તો તે જ્ઞાતિના તમામ જ્ઞાતિજનો પર દ્વેષ આવ્યો ને ભાવહિંસાનું પાપ લાગી ગયું.

સંસારી તરીકે આપણે આપણી જાતને માનીએ તો સત્તાએ સિદ્ધ તરીકે પણ આપણને તેનો ઉપયોગ આવવો જ જોઈએ, માટે હવે મારે સંસારી મટીને સિદ્ધ બનવાનું છે કારણ કે હું સત્તાએ સિદ્ધ જ છું અને એ જ મારી અવસ્થા છે. વ્યવહારે કર્મકૃત પરિણામે સંસારી છું આ વિચારથી સમાધિની શરૂઆત થાય છે, મોહનો નાશ થતો જાય. સિદ્ધપણાની મને સ્પર્શના થવી જ જોઈએ. જેમ ભાવતી વસ્તુ નજર સામે આવે અને એને મેળવવાનો - વાપરવાનો ભાવ થાય છે એ જ રીતે હું સત્તાએ સિદ્ધ છું અને મારે હવે સિદ્ધપણું મેળવી જ લેવું છે એ ભાવ આવે અને સંસારમાં કંટાળો આવે ત્યારે તત્ત્વ સ્પર્શ્યું કહેવાય. અન્ય જીવો સાથે ઉચિત વ્યવહાર ન કરીએ એમાં રહેલું સત્તાએ સિદ્ધત્વ ન દેખાય તો સંસારીપણું આપણે વધારે મજબૂત કરતાં જઈએ છીએ. સમજ નથી, સમજણ પડ્યા પછી પણ એને સ્વીકારી લેવું એની માટે અપૂર્વ પુરુષાર્થ માંગે છે.

ત્રસ ને સ્થાવર તે બેમાં આપણે સૌથી વધુ વ્યવહાર સ્થાવર જીવ સાથે કરવાનો છે. દ્રવ્ય પ્રાણોને બચાવવા કે ભાવપ્રાણને બચાવવા, બે માંથી એક માટે જીવન જીવાય છે. સાધુએ દ્રવ્યપ્રાણને ટેકા માટે અને ભાવપ્રાણની રક્ષા માટે જ જીવન જીવવાનું છે. જ્યારે દ્રવ્ય પ્રાણો કામ આપવાનું બંધ કરે ત્યારે અનશન કરવાની વાત શાસ્ત્રોમાં કહી છે. શરીરને સુખ આપવું છે તેવું લક્ષ બંધાય તો કેટલાય જીવોના બલિદાન લેવા પડે અને એનાથી મોહ પોષાય. સાધુપણું નથી લઈ શકતા તો શ્રાવકપણું સ્વીકારો અને પ્રયોજન વગરનું કોઈ કાર્ય ન કરો. વગર મફતના આરંભ સમારંભ ન કરો. આથી શ્રાવકોને અનર્થદંડનાં પાપનો નિષેધ છે તે કારણે શ્રાવક અર્થદંડ પણ મર્યાદા પૂર્વક કરે.

### ❑ ચાર ગતિ પીડા ભોગવવાના સ્થાન રૂપ અને પાંચમી ગતિ માત્ર સુખ ભોગવવાના સ્થાન રૂપ છે.

મારો આત્મા ચાર ગતિમાં ભમ્યો જ છે. એમને એમ અહીં નથી આવ્યો પણ અનંતી પીડા ભોગવીને આવ્યો છે. પીડા ભોગવવા માટે જ ચાર ગતિ છે. જેને પીડા નથી ભોગવવી તેની માટે પંચમીગતિ સિદ્ધગતિ—મોક્ષગતિ છે માટે

નિર્ણય કરવાનો છે કે પીડા જોઈએ છે કે આત્માનું સુખ જોઈએ છે ? દેવલોકમાં સાતાની પીડા છે પણ સમ્યગ્દૃષ્ટિને જેટલા અંશે ગુણોનો ઉઘાડ થયો છે તેટલા અંશે સંતોષનો અનુભવ કરે છે, સંતોષનું સુખ મળે છે. સાતાની પણ પીડા જ છે માટે એને ઉપાદેય નથી માની. પંચમીગતિ પીડાથી સંપૂર્ણ રહિત છે. મોહના અભાવે (ઉપશમ) જેટલા સમય માટે મોહની વ્યાકુળતા ગઈ તેટલો જ સમય ગુણોના સુખનો અનુભવ કરે છે. દેવના સુખમાં જે આસક્ત છે તેની માટે એ દુર્ગતિ જ છે, પણ અનુકૂળતામાં જે આસક્ત નથી બનતો એ દેવલોકમાં સુખી છે, અનુકૂળતાને છોડી નથી શકતો એનું એને દુઃખ છે એના માટે દેવલોક સદ્‌ગતિ બનશે. જ્ઞાની ભગવંતો એ ચારેગતિને સંસાર જ ગણ્યો છે. મનુષ્ય ભવને માત્ર એટલા માટે જ ઉપાદેય ગણ્યો કે ચારગતિથી રહિત આત્મા અહીં જ મોક્ષની અનુભૂતિ કરી શકે છે. ભવભાવના પ્રકરણમાં પણ ચાર પ્રકારના ભવ (ગતિ) બતાવ્યાં છે. તેમાં પણ પ્રથમ નરકની જ વાત મૂકી, વ્યક્ત દુઃખનું મહાસ્થાન નરક છે. વ્યક્ત દશામાં કર્મબંધ વધારે કરી શકે છે માટે વધારે સાવધાન બનવાનું છે.

### ❑ જીવે જીવમય બનવા જીવવિચાર ભણવાનું છે.

સર્વજ્ઞ બનવા શું કરવું ? એનો ઉપાય પણ એ જ છે કે સર્વજ્ઞ પરમાત્માએ જે કહ્યું તે ગણધર ભગવંતોએ ઝીલ્યું અને તે પછીના મહાપુરુષોએ પણ તે જ પ્રમાણે જે કહ્યું છે તે પ્રમાણે હું કહીશ–કરીશ. સર્વજ્ઞ બનવાનો ઉપાય એટલે જ "જીવવિચાર" ભણીને જીવમય બનવું છે. જીવે જીવ દ્રવ્ય પ્રત્યે કરુણાનો ભાવ લાવવાનો છે માટે ચારે ગતિનું સ્વરૂપ જાણવાનું છે.

મહાવ્રતધારી હોય તે સૂક્ષ્મ બાદર તમામ જીવોની હિંસા કરે નહીં, કરાવે નહીં, કરતાને અનુમોદે નહીં. માધુકરી ભિક્ષાવૃત્તિથી જીવનારા હોય. ભમરાની જેમ ભિક્ષા લે, અનેક ઘરોમાંથી થોડી–થોડી લે. ગૃહસ્થોને પણ લાભ થાય અને પોતાને પણ રત્નત્રયીનો લાભ થાય. સાધુએ **ધર્મલાભ** સિવાય

કાંઈ બોલવાનું નથી. જે સદા સામાયિકમાં રહેનારો હોય તે ધર્મ સિવાય કોઈ ઉપદેશ ન આપે. સમતા પ્રગટ થયા વિના કદી પણ સર્વજ્ઞપણું પ્રગટ થાય નહીં.

સૌથી વધારે દુઃખ એકેન્દ્રિયમાં છે તે અવ્યકત છે અને પંચેન્દ્રિયમાં નરકમાં સૌથી વધુ વ્યકત દુઃખ છે. નરકમાં માત્ર પંચેન્દ્રિય જીવ જ જાય એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય જીવો નરકમાં જતાં નથી. દેવો મરીને નરકમાં ન જાય અને નારક મરીને ફરી નારક ન થાય. 'નાયવ્વા' શબ્દ દ્વારા જાણવું યોગ્ય છે પ્રમાદ કરવા યોગ્ય નથી એમ કહ્યું, કારણ આત્માનો સ્વભાવ જ એ છે અને આત્માએ આત્માને સતત જણાવવાનું છે એનો ઉપયોગ રહેવો જોઈએ. ભણીને ભૂલવાનું નથી. આવા દુઃખો કઈ રીતે આવે ? એ જાણીને એવા ધંધા બંધ કરવા પડે. જ્યાં તિર્યંચોનું પ્રમાણ વધારે છે તેને તિચ્છર્લોક કહેવાય છે. નરકમાં સમયે–સમયે અસંખ્યાતા જીવો આવે છે ને જાય પણ છે. મનુષ્યો તો સંખ્યાતા છે ને તેને ચારે ગતિમાં જવાની છૂટ છે માટે તિર્યંચોમાંથી અસંખ્ય નરકમાં ને અસંખ્ય દેવલોકમાં સમયે સમયે જીવો આવે અને જાય છે.

**આત્માને ભવ પ્રત્યેનો અત્યંત ઉદ્વેગ પ્રગટ થાય ત્યારે આત્મામાં ભાવનું પરાવર્તન થાય.** સંસારનો ભાવ - સુખની ઈચ્છા એ જ ભવનો ભાવ છે. આત્માને પરમાત્મ તત્ત્વનું ભાન આવી જાય તો તે પરમાત્મા બનવા તૈયાર થાય, નહીં આવે ત્યાં સુધી સંસારનો ભાવ તો પડેલો જ છે ભવમાંથી છૂટવાનો ભાવ ચરમાવર્તમાં જીવ આવે પછી જ થાય ત્યાં સુધી નહીં થાય.

**ચરમાવર્તમાં કાળની પરિપકવતા અને કર્મલઘુતા એ બન્નેની મહત્તા છે.** કાળની પરિપક્વતા એ ભવ્યત્વનો પરિપાક છે એટલે હવે એને ભવ ન ગમે. જિન વચનની સ્પર્શના એ આત્માને પરોક્ષ રીતે થઈ શકે અને પ્રત્યક્ષ રીતે પણ થઈ શકે. પોતાનામાં રહેલું જે જિનપણું છે તે હવે એને ગમે. તેવા થવાનું મન થાય પરમાત્માને વંદના કરી ને પરમાત્મા બનવાનું મન થાય તો તે ભાવવંદના. જિનવાણી પર બહુમાનનો પરિણામ આવે ત્યારથી આત્માના

વિકાસની શરૂઆત થાય છે. કદાચ એ વખતે એ વાતને સ્વીકારી નહીં શકે. છોડી પણ નહીં શકે. પણ માત્ર અંદરમાં બહુમાન આવવું જરૂરી છે. ભવ્ય જીવના અનંતા પુદ્ગલ પરાવર્ત કાળ નિષ્ફળ નથી જતા કારણ એમાં કર્મોને ઘસારો તો લાગે જ છે. ચરમાવર્તમાં આવેલા જીવે ભવને છોડવા પ્રચંડ પુરુષાર્થ કરવાનો છે, હવે વાર નથી લગાડવાની. હવે પુરુષાર્થ સફળ થશે.

જીવ વિચાર પ્રકરણ દ્વારા આત્માએ ત્રણે- કાળનો નિર્ણય કરવાનો છે. જો મારો આત્મા જગતના જીવો સાથે ઉચિત વ્યવહારથી ન ચાલે તો મારું ભાવિ જીવન કેવું થશે ? અનંતો ભૂતકાળ મારા આત્માએ જે પસાર કર્યો તેમાં જીવોના ૫૬૩ ભેદમાં અનુત્તર દેવ, ઈન્દ્રપણું, તીર્થંકરપદ, ચક્રવર્તી અને ભાવસાધુ આ પર્યાયો સિવાયમાં અનંતીવાર જઈ આવ્યો છે. જો વર્તમાન ભવ સુધરી જાય તો જ અનંતો ભવિષ્યકાળ સુધરી શકે, નહીં તો ફરી ચારગતિ રૂપ સંસારમાં એને ભટકવાનું જ છે ને દુઃખી થવાનું છે. ૧ થી ૭ નરકના તમામ પર્યાયો આત્મા અનંતીવાર ભોગવી આવ્યો છે. દેવલોકના તમામ પર્યાયો આત્માએ નથી ભોગવ્યાં.

**અપુનર્બંધકના લક્ષણો :** (૧) જિજ્ઞાસા (૨) આશંસા વિનાનો ધર્મ (૩) મોક્ષનો અભિલાષ. યોગ બિંદુ ગ્રંથમાં આ મુખ્ય લક્ષણો તથા બીજા પણ ત્રણ લક્ષણો બતાવાયા છે. (૧) પાપ તીવ્ર ભાવે ન કરે (૨) ભવનો રાગ ન હોય (૩) ઉચિત સ્થિતિ સેવે.

❑ **ધર્મબિંદુમાં ૩ વાત બતાવી :**

(૧) **શ્રુતસ્ય શક્ય પાલનમ્ :** પરમાત્માએ જે-જે આજ્ઞા બતાવી તેને એવી રીતે પાળે કે ફરી આજ્ઞા પાલન કરવાનો વારો ન આવે. સર્વવિરતિ ગ્રહણ ન કરી શકાય તો શ્રાવક ધર્મનું પાલન ઉત્કૃષ્ટે કરવું. પુણિયા શ્રાવક જેવું જ જીવન જીવે, એ પ્રમાણે વર્તે. તે નથી થઈ શકતું તો છ બાહ્ય તપ હું કેટલો કરી શકું છું એ પ્રમાણે યથાશક્તિ સમાધિ ટકે, તેટલો તપાદિ કરે, પછી છ અભ્યંતર તપ શક્તિ પ્રમાણે કરે.

દીક્ષા એ મહાનધર્મ છે એ નથી લઈ શકતો તો હવે સંસારનો રસ તો ન જ જોઈએ. **હવે મારો આત્મા જ મારો** તે સિવાયની તમામ બાહ્ય પ્રવૃત્તિને છોડશો તેટલો અંદરમાં રસ વધશે અને બાહ્ય રસ ઓગળતો જશે.

(૨) **અશક્યે ભાવ પ્રતિબંધ :** જે જે આત્મા જિનાજ્ઞાનું પાલન કરવા શક્તિમાન ન હોય તે તે જિનાજ્ઞાનું ભવિષ્યમાં પાલન કરવાનો ભાવ રાખે .

(૩) **કર્તુપ્રશંસોપચાર :** જે જે આત્મા જિનાજ્ઞાનું પાલન કરતા હોય તેની અંતરથી અનુમોદના કરે.

## ❑ ત્રણ દંડથી વિરામ નહીં પામેલો જીવ ચાર ગતિમાં ભટકે.

જીવે મનદંડ, વચનદંડ અને કાયદંડ આ ત્રણદંડ દ્વારા જીવની વિરાધના કરી છે, જીવ દ્રવ્યને પીડા આપી છે એના કારણે ચાર ગતિમાં ભટકી રહ્યો છે. હવે એ પીડાથી મુકત થવું છે તો જીવ દ્રવ્યને પીડા આપવાની નથી, તેનાથી મુક્ત થવાનું છે. આગમોમાં પણ જીવ કઈ રીતે પીડા પામે છે અને બીજાને પીડા કઈ રીતે આપે છે તેની જ વાતો છે. પીડાને કારણે કર્મોથી દંડાય છે. નરકના જીવો સૌથી વધુ પીડા ભોગવે છે. જ્યાં માત્ર પંચેન્દ્રિય જીવો જ જાય છે. પોતાના આત્માને સૌથી વધારે દંડ આપવાનું કે દંડથી મૂકાવવાનુ એ બે કાર્ય સંજ્ઞી પંચેન્દ્રિય જ કરી શકે છે. મનદંડથી પાપ સૌથી વધારે થાય છે. અનુબંધ પડે મનથી, અનુમોદના પણ મનથી જ થાય. વચન અને કાયાને કાળની મર્યાદા છે, મનને કોઈ મર્યાદા નથી. ત્રણે દંડનો આત્માએ ચાર ગતિમાં ભટકતાં દુરુપયોગ જ કર્યો છે. હવે આ મનુષ્યભવમાં સાવધાન થઈ જાય તો કાર્ય થઈ જાય.

વર્તમાનકાળમાં આપણને આ વેદનાઓ સુખરૂપ લાગે છે અને તેને મેળવવાનો જ આપણો પ્રયાસ છે. સુખ નથી છતાં સુખ માન્યું ને સુખરૂપે ભોગવ્યું, નિરંતર ન ભોગવ્યું હોય તો પણ ભોગવવાનો ભાવ નિરંતર હતો

માટે નરકમાં નિરંતર ભોગવવાનું આવ્યું. ભરબપોરે જવું પડે એમ હતું માટે ગયા ને રસ્તામાં હારબંધ વૃક્ષોની છાયા આવી જીવ તરત ત્યાં વળી જ જાય ને પાછી અનુમોદના ચાલે એટલે મનમાં તો શીતલતાનું સુખ પડેલું જ હતું પણ એને નિરંતર ભોગવવા નરકમાં જવું પડે. અવધિજ્ઞાન પણ પરિમિત ક્ષેત્રનું હોય. અહીં બધો જ ફેરફાર થયા કરે છે પણ ત્યાં તો ગરમી કે ઠંડીની ડીગ્રીમાં કોઈ જ ફરક નહીં પડે. દુઃખી દીન અને સુખલિપ્સુ જીવ છે જ ને તેમાં વળી પંચેન્દ્રિયપણું મળ્યું અને પુણ્યે સાથ આપ્યો તો તે મહા કર્મબંધનું કારણ બની જાય. સમ્યગ્દર્શન આવે ને તત્ત્વની વિચારણા કરે તો ભવ સફળ થઈ જાય.

શરીર સંબંધી જ બધી પીડાઓ છે. શરીરને સુખ આપવા માટે આત્માને પીડા આપી એટલે એને પીડા ઉદયમાં આવી, સુખ એ જ પાપ. મોહના ઉદય વિના શરીરમાં સુખનો અનુભવ ન થાય માટે એ વખતે ઉદાસીનભાવ કેળવવાનો છે તો તમને શરીરમાં સુખનો અનુભવ નહીં થાય. ચારિત્ર મોહનીય એ શરીરમાં સુખરૂપ લગાવે છે ને મિથ્યાત્વ મોહનીય શરીરમાં સુખ છે એવી ભ્રાન્તિ ઊભી કરાવે છે, માટે જ સમાધિ શબ્દની વાત છે. શરીર પ્રત્યે રાગ નહીં ને શરીર પ્રત્યે દ્વેષ નહીં. શરીર એ સાધન છે, સાધનામાં કામ આપે છે. મિથ્યાત્વની ભ્રાન્તિ ભયાનક રીતે પ્રસરી ચૂકી છે એટલે **પેટી પેક છે ને માલ ગાયબ છે** અચિત્ત વાયુ, અચિત્ત પાણીમાં જીવોની વિરાધના નથી તો પણ શરીરને જો સુખરૂપ લાગે, ઠંડક મળે, એ ગમે તો એ ભાવપીડા છે અને એની પ્રશંસા કરે, એમાં ભાન ભૂલી જાય, એમાં ગરકાવ બની જાય તો એ જીવની ભયંકર પીડા છે. ગિરિરાજની યાત્રા કરીને ધોમ તડકામાં આવ્યા ને એ.સી. રૂમમાં ઘૂસ્યા ને ત્યાં હાશ થાય. ઊતરતી વખતે પણ જલદી પહોંચવાની જ લેશ્યા હતી, કષ્ટ વેઠવાની તૈયારી ન હતી. ધર્મના મર્મને ન સમજ્યો માટે જ મર્યો છે. **ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યાં પછી કોઈ ન બાંધે કર્મ** આ વાત ન સમજાઈ. જ્યાં શરીરમાં પ્રતિકૂળતા રૂપ ઘટના બની તેને છોડીને અનુકૂળતામાં ગયા તો બન્નેમાં માર ખાધો. બન્નેમાં હકીકતમાં તો કમાણી જ કરી લેવાની હતી. પરમાં તૃપ્ત થવું નહીં અને સ્વમાં તૃપ્ત થવું તે જ તપ. ક્ષુધા વેદનીયનો ઉદય થયો ને આ

વિચાર્યું તો તપ થયો, પણ આપતી વખતે તૃપ્ત થયા તો ક્ષુધાવેદના બંધાણી. હવે થોડીવાર એને નથી આપવું ને જોયા કરવું કે શું થાય છે ? તો ક્ષુધાવેદનીયના કર્મો ખરી જાય છે, નવા બંધાતા નથી. નિશ્ચયવાદી કહે છે કે કેરી, ગુલાબજાંબુ વગેરે આપો કારણ કે પુદ્‌ગલ પુદ્‌ગલ કો ખાતા હે. બસ રાગ દ્વેષ ન કરો. જો તમે એને ખાવાનું નહીં આપો તો એ અંદરથી ચરબી વગરેને ખાઈ જશે કચરો બધો જ નીકળી જશે, પછી માત્ર હાડકા જ દેખાય. કંટાળો લાવ્યા વિના આ તત્ત્વોને ઘૂંટવાના છે.

## ❑ સહનશીલતા અને ધીરજથી સકામ નિર્જરા થાય.

કોઈ ગમે તેવું બોલે તેની સામે બોલે નહીં પણ મનમાં વિચાર ચાલુ હોય તે દ્રવ્યથી સહનશીલતા થઈ જેને શાસ્ત્રમાં અકામ કહે છે ત્યાં પણ બંધ સાથે ચાલુ જ છે. ભાવથી ક્ષમા એ જ મારો સ્વભાવ છે માટે મારે ત્યાં કાંઈ વિચારવાનું જ નથી મનમાં પણ એનો વિચાર ન આવે તો સકામ નિર્જરા થાય. સામો ગાળો આપીને કર્મ નિર્જરા કરવામાં સહાયક બની રહ્યો છે તો તેની સામે મારે પ્રતિકાર કેમ કરાય ? મારે મારા સ્વભાવમાં જ રહેવું તો એકાંતે નિર્જરા જ થાય અને જો સામો ઉત્તમ આત્મા હશે તો વિચારશે - પશ્ચાતાપ કરશે તો તેને લાભ થશે તો ડબલ લાભ થાય, નહીં તો આપણું તો એકાંતે હિત છે જ અને કર્મલઘુતા માટેનો આ જ એક મોટો ઉપાય છે. શક્તિ સામર્થ્ય હોય અને પ્રતિકાર ન કરે તો આત્મહિત થાય જ, સત્યનો પ્રકાશ થયા જ કરે છે. દેર છે પણ અંધેર નથી, પણ આપણામાં ધીરજ નથી. **આત્મામાં એક મોટામાં મોટો દુર્ગુણ છે કે તેને સારા થવાનો ભાવ છે સાચા થાવનો ભાવ નથી.** સાચા થવાનો ભાવ નથી. સાચા બનવા માટે સહનશીલતાને કેળવવાની છે માટે જ અગ્નિમાં પડેલું સોનું દીપે છે, માત્ર જરૂર છે સહનશીલતાની ને ધીરજની.

સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં કર્મલઘુતા થાય. અનિચ્છાએ પણ આત્માએ કષ્ટો સહન કર્યા. જેમ નદીમાં અથડાતો- કૂટાતો- પછડાટ ખાતો પથ્થર પણ ગોળ બની જાય તેમ જીવ પણ સહનશીલતા કેળવી લે તો કર્મલઘુતા થાય. ઈચ્છા કે અનિચ્છાથી કષ્ટો સહન કરે.

**જીવ વર્તમાનમાં જે ભોગવે તે જ બંધાય** અને તે ખપાવે નહીં તો તે જ ઉદયમાં આવે. આત્મા દ્રવ્ય અને ભાવ પીડાને ભોગવે છે તેથી તે જ બંધાય છે ને ઉદયમાં આવે ત્યારે સાવધાન ન રહે તો ફરી કર્મો બાંધે છે. નરકમાં આત્માને ભાન ન હોવાથી તે નવા કર્મોનું સર્જન કરે છે. અકામ નિર્જરાથી જ આગળ આવે છે. આત્મા પીડાને તો ઈચ્છતો જ નથી, સુખ અને આનંદ જ જોઈએ છે કારણ કે તેનો તે સ્વભાવ છે. તમને પીડા નથી જોઈતી તો તમે ચાર ગતિમાં પીડા પામી રહેલાને બરાબર જુઓ અને સર્વજ્ઞના વચનનો નિર્ણય કરો કે આત્મા અનાદિથી કર્મોની જાળમાં ફસાયેલો છે, માટે જ શરીરમાં પૂરાયેલો છે ને પાછો આત્મા તો અનુત્પન્ન છે, તો મારું અસ્તિત્વ તો છે જ. તો મારો આત્મા પણ અનંતા ભવો ભટક્યો તો છે જ કેમકે એ સર્વજ્ઞનું વચન છે તો એને જીવવિચાર ભણવાનું આવશ્યક લાગે, એને કંટાળો ન આવે. દવાઓ છંટાય તો નહીં, ધૂમાડો કરવાનું પણ કહેવાય નહીં, કોઈ કરે તો અનુમોદના પણ ન કરાય. ધૂમાડાથી મચ્છરને ગૂંગળામણ થાય તેનું પાપ પણ આપણને લાગે. ધૂમાડો વધારે થઈ જાય તો આપણને પણ ગૂંગળામણ થઈ જાય. ઘણીવાર પ્રવૃત્તિ અલ્પ હોય પણ વૃત્તિ જોરદાર થઈ જાય તો રૌદ્ર ધ્યાન થઈ જાય તો નરકનું આયુષ્ય બંધાય માટે ખૂબ જ સાવધાન રહેવાનું છે.

**જ્યાં સુધી જીવો પોતાના સ્વરૂપને જાણશે નહીં ત્યાં સુધી તે આત્મા પોતાના સ્વભાવમાં નહીં આવે.** સ્વભાવમાં નહીં આવે ત્યાં સુધી તે પીડાથી મુક્ત નહીં બને. અનાદિકાળથી આત્મા પીડા જ ભોગવી રહ્યો છે. સ્વભાવની સ્થિરતા વિના ભાવ પીડાથી મુક્ત ન બને અને સ્વરૂપની પૂર્ણ સ્થિરતા વિના પરની પીડાથી મુક્ત બની શકાતું નથી માટે સાધના કરતી વખતે ઉપયોગ રાખવાનો કે મારો આત્મા કોઈની પીડામાં નિમિત્ત ન બને. આ લક્ષપૂર્વક જો આરાધના થાય તો ભવનો અંત અને લક્ષ વિના આરાધના કરવાથી સંસારમાં ડૂબવાનું બને છે. પરમાત્મા પ્રત્યે બહુમાન તે માટે જ થાય છે કે તેઓ પીડા પામતા નથી ને કોઈને પીડા આપતા નથી ને જગતને તે જ ઉપદેશ ફરમાવે છે.

મારે પણ હવે આવા જ બનવાનું છે. જે આત્મા જગતમાં પીડા પામે છે તે સ્વભાવમાં નથી રહ્યા માટે જ પીડા બંધાય છે ને પીડા ઉદયમાં આવે છે. જ્ઞાનાદિગુણોમાં ન રમ્યા ને પુદ્‌ગલના ગુણોમાં જ રમ્યા માટે પીડા બંધાય છે. સ્વમાં રમવાનું છે પરમાં ભમવાનું નથી છતાં વર્તમાનમાં કાયામાં રહેવું પડે છે. કાયામાં રહેવા છતાં સ્વમાં રમવામાં વાંધો નથી, ન રમી શકે તેને ભમવું જ પડે કારણ પુદ્‌ગલનો એ જ સ્વભાવ છે. તેની સાથે આપણે રહ્યા છીએ માટે જેમ ચકરડામાં બેસે તે ભમે તેમ આપણે પણ ભમવું જ પડે. દેવોને ભમવાનું છે, દેવી સાથે ભોગો ભોગવે, નાટકો ચાર હજાર વર્ષ સુધી ચાલે. અવધિજ્ઞાનથી જ્યારે અહીં જુએ અને અહીં આવવાનું મન કરે ત્યાં સુધીમાં તો અહીં કેટલીયે પેઢી બદલાઈ ગઈ હોય. ખાવાનું છોડી ન શકે. નવકારશીનું પચ્ચક્‌ખાણ પણ ન કરી શકે. અરે! અભયદાનની ભાવના ભાવી શકે પણ અભયદાન આપી ન શકે.

દેવભવ અને નરકભવ નિકાચિત કર્મના ઉદય રૂપ હોવાથી દેવો નવકારશી ન કરી શકે અને તમે નવકારશી કરી શકો ને ખાતાં ખાતાં કેવલજ્ઞાન પણ મેળવી શકો. અનુત્તરવાસી દેવોને ૩૩ હજાર વર્ષે માત્ર એકવાર ખાવાની ઈચ્છા થાય પણ તેને છોડી ન શકે, પચ્ચક્‌ખ્ખાણ પણ લઈ ન શકે. મનુષ્યગતિમાંથી વધારેમાં વધારે જીવો તિર્યંચગતિમાં જાય ત્યાંથી નરકમાં જાય પછી ફરી તિર્યંચમાં જાય. સમસ્ત જીવરાશિમાં સૌથી ઓછાં મનુષ્ય, તેનાથી અધિક દેવો, તેનાથી અધિક નરક અને તેનાથી અધિક તિર્યંચો છે.

**अब हम अमर भये नहीं मरेंगे,**
**या कारण मिथ्यात्व दियो तज, कयुं कर देह धरेंगे.**

**જેને દેહમાં રહેવાનું મન છે તેને જ આયુષ્યનો બંધ પડે છે અને જેને દેહમાં રહેવાનું મન નથી તે દેહથી ભિન્ન થઈને સતત જાગૃત સ્વ–સ્વરૂપમાં રહે છે તેને આયુષ્યનો બંધ પડતો નથી.** શરીર એ જ હું એવું મિથ્યાત્વ હવે જે આત્માએ ત્યજી દીધું માટે હવે એને દેહ મળવાનો નથી. પણ આપણને શરીરની જ યાદ આવે અને તેના સુખ માટે પણ શરીરવાળા જ યાદ આવે. ઠંડી લાગે તો તાપણું યાદ આવે, ગરમી લાગે તો

પંખો યાદ આવે, ભૂખ, તરસ લાગે ત્યારે પણ વનસ્પતિ, અપ્કાય એ જ યાદ આવે, શરીર મેલું થયું છે તો પાણી યાદ આવે પણ ક્યારેય પણ સિદ્ધ ભગવંતો યાદ આવે છે ? કે એમને શરીર જ નથી તો આ કાંઈ ઉપાધિ તેમને નથી અને સાધુ યાદ આવે છે ? કે જે સિદ્ધ બનવા માટે જ બધા પ્રયત્ન કરી રહ્યાં છે. દેહ માટે દેહવાળા જ યાદ આવે ને પછી સગા-સંબંધીઓ યાદ આવે પણ નિઃસંગ દશા યાદ ન આવે. જેને જીવન મળ્યું પણ જીવવાનો પ્રયત્ન ન કર્યો તેણે પીડાઓનું જ સર્જન કર્યું.

આ જગતમાં સાચામાં સાચું માત્ર સર્વજ્ઞ જ બતાવી શકવાના છે. આપણી પોલ ખુલ્લી પડે માટે આપણને વાંધો છે, પાપ ઢંકાઈને પડ્યા હોય તો વાંધો નથી. સાચી વાત આપણને સ્વીકારવી જ નથી. નાસ્તિકવાદને સર્વજ્ઞની વાતનો જ મોટામાં મોટો વાંધો છે. કારણ તેને તો ખાવું પીવું ને મોજ જ કરવી છે અને જે મળ્યું છે તે ભોગવવાનું એવી માન્યતાવાળા છે. ગોશાલાની જેમ પોતાની જાતને સર્વજ્ઞ માની લેવી અને હું કરું તે બરાબર તેવું જ લોકો માને છે. મનુષ્યભવમાં જીવ તીર્થંકર નામકર્મ બાંધતા બાંધતા આયુષ્ય પુરું થઈ જતાં ૧ થી ૩ નરકમાં જઈને નિકાચિત કરી શકે છે. ૧ થી ૭ નરકમાં સમકિતની પ્રાપ્તિ થઈ શકે છે.

### ❑ ગોશાલા પર વીર પરમાત્માનો અચિંત્ય પ્રભાવ :

પરમાત્માનો અચિંત્ય પ્રભાવ શું ? ગોશાલાએ જે ભયંકર તેજોલેશ્યા પરમાત્મા પર છોડી તે પરમાત્માને સ્પર્શીને ગોશાલામાં પ્રવેશી. પરમાત્માના અચિંત્ય પ્રભાવનાના કારણે તેને અંતે સમકિતની પ્રાપ્તિ થઈ. ગોશાળાએ છોડેલી તેજોલેશ્યાની તાકાત મગધ જેવા ૧૬ દેશોને બાળીને ભસ્મીભૂત કરે તેવી તેજોલેશ્યા છોડવારૂપ ઘોર આશાતનાના ફળ રૂપે સાતમી નરકની પ્રાપ્તિને બદલે પરમાત્માના પ્રભાવના કારણે ગોશાલાને સમકિતની પ્રાપ્તિ થઈ અને ૧૨મા દેવલોકમાં ગયો.

સૌથી મોટું પાપ સર્વજ્ઞને ન માને અને પોતાની જાતને સર્વજ્ઞ જેમ માને એટલે એની પાસે પાપ પણ એવું જ કરાવે અને આ વાત લોકોમાં મનાવા માટે ગમે તેવા પાપ કરવા પણ તૈયાર. ગોશાલો આનું દૃષ્ટાંત છે પૂર્વે પણ ગોશાલાએ ઈશ્વર શ્રેષ્ઠીના ભવમાં ગુરુની વાત ન માની અને નવો પંથ સ્થાપવાના ભાવમાં મરી દીર્ઘકાળ ભમીને ગોશાલો થયો. પરમાત્મા સર્વજ્ઞ-જિન છે એની એને જાણ છે અને લોકોમાં એ પ્રશ્ન ચર્ચાયો કે બે સર્વજ્ઞ (જિન) કઈ રીતે ? એણે આ જાણ્યું તેથી તે પરમાત્માનો નાશ કરવા માટે ગયો અને પરમાત્મા પાસેથી મળેલી જ વિદ્યાનો ઉપયોગ પાછો પરમાત્મા પર જ કર્યો ફરી દીર્ઘકાળ સુધી ભમશે. ઉપકારને કદી ભૂલવો નહીં ને તેની માટે બધું જતું કરવાની તૈયારી હોવી જોઈએ. પરમાત્મા પણ **નમો તિત્થસ્સ** કહીને સમવસરણમાં બેસે છે. જગતને આદર્શ આપે છે. જ્યારે આપણે તો વાત વાતમાં દેવ-ગુરુ-વડીલો, વિદ્યાગુરુઓ સમક્ષ પણ ગમે તેમ બોલતા થઈ ગયા છીએ.

### ❑ અભવી અંગારમર્દક આચાર્ય છતાં દુર્ગતિને પામ્યા :

અંગારમર્દક આચાર્યનો જીવ અભવિનો હતો. ૪૯૯ શિષ્યોને તે અભવી છે તેવી સ્પષ્ટ ખાતરી થતાં એમને છોડી દીધાં. પછીના ભવમાં બધા શિષ્યો રાજપુત્રો બન્યા. સ્વયંવર મંડપમાં પરણવા માટે ગયા છે ત્યાં ઊંટને ભાર વહન કરતાં જોયો ને જાતિ સ્મરણ જ્ઞાન થયું. ઊંટનો જીવ પોતાના પૂર્વભવમાં ગુરુ હતા તે જાણ્યું. તેને જોઈને તેઓ ઉપકારી હતા તેથી પૈસા આપીને ઊંટને છૂટો કરાવ્યો પણ તે અભવ્ય હોવાથી તેને પ્રતિબોધ ન પમાડ્યો. ઉપકાર તો યાદ રાખવાનો જ છે. ગમે તેવા હોય દ્વેષ ભાવ તો નથી જ કરવાનો. માતા-પિતાનો મોહ રખાય નહીં પણ સમાધિ ન જાય તેની કાળજી રાખવાની છે તેથી ખોટી રીતે આર્ત્તધ્યાનમાં ન ચડી જવાય તે જોવાનું છે.

ગોશાલાના પૂર્વભવમાં પણ એને સર્વજ્ઞના મત પર વિશ્વાસ ન હતો, તેથી તેણે બીજો મત સ્થાપી એવો અનુબંધ ત્યાં પાડ્યો ને વિજળી પડી ને મરી ગયો તેથી તેણે ગોશાલાના ભવમાં આજીવક મતની સ્થાપના કરી.

આપણા પરિણામ નિર્મળ થાય માટે આ ચાર ગતિના જીવોનું સ્વરૂપ કહ્યું છે. જીવો પ્રથમ તો પોતાના અસ્તિત્વને જ જાણતા નથી તેથી તે ભયંકર પીડા પામ્યા જ કરે છે ને ચાર ગતિમાં ભટક્યા કરે છે. પાંચ પ્રકારના પાપો હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ તેના દ્વારા તે કરેલ પાપો નરકના જીવોને પરમાધામી યાદ દેવડાવે કે તે આ પાપ કૃત્ય કર્યું હતું તેના કારણે તને આ વેદના આપું છું. નારકનો જીવ વેદના સહન ન કરી શકે, મને બચાવો એમ કહે ત્યારે પરમાધામી એને કહે કે હવે બચવાની વાત કરે છે પણ જ્યારે તે આ પાપ કર્યું ત્યારે તો તે આનંદ માણ્યો, ત્યારે પાપનો ડર ન લાગ્યો ?

**ભયંકરમાં ભયંકર ખરાબ વકીલાતનો ધંધો, ખોટાં ને સાચો કરવા તે માટે છેલ્લામાં છેલ્લા ઉપાયો અજમાવે. જજને પણ ફોડી નાંખે,** વિશ્વાસઘાતના મોટામાં મોટા પાપો કરવા પડે છે. લોકમાં જજ-ન્યાયાધીશ માટે ઘણો વિશ્વાસ હોય છે. વસુરાજા એક જ વાર ખોટું બોલ્યા તો સિંહાસન પરથી નીચે પડ્યા ને સાતમી નરકે પહોંચ્યા. જેટલું સ્થાન ઊંચુ ત્યાંથી નીચે પડે તેટલા હાડકાં વધારે ભાંગે. ૩૩ સાગરોપમના આયુષ્યમાં સમાધિ ન રાખે પણ આર્ત્તધ્યાન - રૌદ્રધ્યાન કરે, તો સાતા જે બંધાયેલી છે તે અસાતામાં ફેરવાઈ જાય.

એક જ ગુન્હો એક સામાન્ય માણસ કરે અને એક મોટો માણસ કરે તો બન્નેની સજામાં–પાપમાં ફરક પડે. **જેમ સ્થાન ઊંચું તેમ લાભ વધારે તેમ દંડ પણ વધારે, કારણ કે લકોમાં તમે આદર્શ બન્યાં છો. ધર્મનો વહીવટ કરનારે પણ આ બાબતનો ખ્યાલ રાખવાનો છે કે જેના દ્વારા તીર્થંકર નામકર્મ પણ બાંધી શકાય છે. તેમ પડવાનો ભય પણ વધારે છે.** ઘણા આત્માઓ સેવા ખૂબ જ કરે, ઘાલમેલ ન કરે, વફાદારી પૂરેપૂરી હોય પણ સ્વભાવના કારણે એ અનાદર પાત્ર બની જાય તો પણ નુકશાન ઘણું મોટું છે.

### ❑ જિનાજ્ઞા પાળવા છતાં પરિભ્રમણ કેમ ?

**જિનની આજ્ઞાનું પરમ રહસ્ય–સ્વયં પીડા પામવી નહીં અને બીજાને પીડા આપવી નહીં.** જિનની તમામ આજ્ઞાઓમાં માત્ર બે જ વાત દેખાશે, સ્વયં પીડા પામે નહીં ને બીજાને પણ આપે નહીં. આ રહસ્ય ન સમજ્યા માટે જિનાજ્ઞાનું પાલન કરીને પણ આપણા ભવભ્રમણ વધે છે. જિનાજ્ઞા અચિંત્ય પ્રભાવવાળી છે, એને ન સમજ્યા માટે એનું આચરણ ન કરી શક્યા એટલે એનો પ્રભાવ ન પામી શક્યા. દેવભવમાં સાતાની પીડા અને નરકમાં અસાતાની પીડા છે જ્યારે પરમાત્મા સાતા અને અસાતાની પીડાથી મુક્ત છે.

### ❑ જે સ્વયં પીડા ભોગવે તે બીજાને પીડા આપે.

પરમાત્મા સર્વજ્ઞ છે એ જ પૂ. શાંતિસૂરિ મ.સા. માટે બહુમાનનું કારણ છે. વંદના પ્રતિવંદનાનું કારણ બને છે. ભાવ પ્રશસ્ત હોય અને તે સ્વભાવ સન્મુખ બને ત્યારે જ તે ભાવ કહેવાય. આત્મા અનાદિકાળથી જે પીડા ભોગવી રહ્યો છે ને જગતને જે પીડા આપી રહ્યો છે તેનાથી મુક્ત થવું એ જ મોક્ષ અને એનાથી વિપરીત તે જ સંસાર. **જે જીવ સ્વયં પીડા ભોગવે છે તે જગતને પણ પીડાની જ ભેટ આપે છે અને જે સ્વયં પીડા પામતો નથી તે બીજાને પીડા આપવાના પરિણામવાળો બની શકતો નથી.** આપણને માત્ર દ્રવ્ય જ પીડા લાગી છે પણ તેનું મૂળિયું મોહ છે એ વાત સમજાણી નથી અને ધર્મ કરતાં પણ મોહને જ વધારવાના ધંધા કર્યા છે માટે એ તગડો થઈને બેઠો છે. આપણે ધર્મની કાંઈ પણ આરાધના કરીએ એટલે જગત પાસેથી આપણી કંઈક અપેક્ષા ઊભી થાય. જગતમાં આપણો કોઈ ભાવ ન પૂછે તો ગમે? એમ થાય કે લોકોએ પ્રશંસા પણ ન કરી !!! આ અપેક્ષા કોણે કરાવી? અંદર રહેલા મોહના પરિણામે. પ્રથમ એ વિચારવાનું હતું કે મેં ધર્મ આજ્ઞા મુજબ કેટલો કર્યો કે લોકોના ધર્મી તરીકેના સર્ટીફીકેટને વધાવી લઉં છું, ને પ્રશંસાને બદલે કોઈ ઉતારી પાડે તો શું થાય ? જ્યાં સુધી આત્મા મોહની પીડાથી મુક્ત ન થાય ત્યાં સુધી એ ધર્મ પણ કેવો કરશે ? આત્મા અનંત સુખનું જ ધામ

છે પણ જ્યાં સુધી એ મોહને આધીન છે ત્યાં સુધી એ સ્વયં પીડા પામે છે અને પીડા મેળવવા માટે જ સંબંધો બાંધે છે માટે અનંત સુખના બદલે અનંત દુઃખનું જ ધામ બને છે. તમારી જાતે, તમારી પાસે રહેલું, તમારું જ સુખ તમે ભોગવો એમ પ્રભુએ કહ્યું છે અને આની સિદ્ધિ માટે જ આ જીવન જીવવાનું હતું તેને બદલે આપણે પીડા વધારવામાં જ જીવન જીવી રહ્યાં છીએ. ધર્મનો વ્યવહાર કરીને ધર્મનો જ અનુભવ કરવાને બદલે આત્મા મોહના સુખનો જ અનુભવ કરે છે કે જે સુખ નથી પણ સુખનો ભ્રમ છે. અહીં અનંત દુઃખમય સંસારનો આત્માને અનુભવ થવો જોઈએ, પ્રતીતિ થવી જોઈએ, તો જ તે સંસારનો ત્યાગ કરવા તૈયાર થશે.

### ❑ આત્મા કર્મે આપેલ માલ (કષાય) ભોગવે તો કર્મબંધ કરે અને પોતાનો માલ (ગુણ) ભોગવે તો નિર્જરા કરે.

કરેલું કર્મ જીવે અવશ્ય ભોગવવું જ પડે છે એ વાતની શ્રધ્ધા થાય તો આત્મા કર્મ બાંધવાનું બંધ કરે.આત્મા કર્મે આપેલા(કષાય)માલને ભોગવે તો કર્મબંધ કરે અને પોતાના (ગુણ રૂપ)માલને ભોગવે તો કર્મ નિર્જરા કરે. જૂના ઉદયમાં આવેલા કર્મો પ્રદેશોદયથી કે વિપાકોદયથી ભોગવાય ને ખરી પડે પણ તે વખતે જો આત્માને તે ભોગવતા ન આવડે તો ફરી નવા કર્મો બાંધે. કાં તો આત્મા કર્મોએ આપેલી વસ્તુને ભોગવે છે ને કાં આત્મા પોતાની વસ્તુને ભોગવે છે. ઉદયમાં આવેલા કર્મો ભોગવતી વખતે આત્મા જો સાવધાન ન રહે, પોતાના સ્વભાવને ભોગવવાના પુરુષાર્થમાં ન હોય તો નવા કર્મો બંધાય કારણ કે તે મોહને ભોગવવામાં જ છે. જે કાળે જે પીડા ભોગવી તે જ પીડા બંધાય છે તે જ પીડા ગુણાકાર રૂપે ભોગવાય છે. જેટલા અંશે આત્મા સ્વભાવમાં રહે તેટલા અંશે કર્મો ન બંધાય પણ નિર્જરા થાય અને જ્યારે પૂર્ણ સ્વભાવમાં આવે ત્યારે તેને બંધ નથી.

ભયંકરમાં ભયંકર વ્યક્ત પીડા ભોગવવાનું સ્થાન નરક અને અવ્યક્ત પીડા ભોગવવા માટે નિગોદનું સ્થાન છે. જેમ ઘેનનું ઈંજેક્શન આપી દીધું હોય ને ઓપરેશન ચાલુ હોય તે વખતે તેમને પીડાનું ભાન નથી કારણ જ્ઞાનેન્દ્રિય વ્યાઘાત પામી ગઈ છે તેમ નિગોદમાં જ્ઞાનનો માત્ર અક્ષરનો અનંતમો ભાગ ખૂલ્લો છે માટે તેને પીડાનું ભાન નથી આ અવસ્થા ખૂબ જ ભયંકર છે. જ્યારે નરકમાં આત્માને ભાન આવે, સમકિત પામે છે તો પીડાને સમતાથી ભોગવી લે. આપણા પરમાત્માનો કેવો અચિંત્ય પ્રભાવ છે કે આવી ભયંકર પીડા પામતા નરકના જીવોને પરમાત્માના કલ્યાણકના દિવસોમાં બે ઘડી સુધી પીડા ન મળે, સાતે નરકમાં અજવાળા થાય અને તેના કારણે નરકના જીવો શુભ અધ્યવસાયમાં ચડે ને સમકિતને પ્રાપ્ત કરે. નરકમાંથી જીવ ૩૩ સાગરોપમના કાળ પછી નીકળી શકે છે પણ નિગોદમાંથી બહાર નીકળવું એટલું સહેલું નથી. અકામ નિર્જરા દ્વારા તે બહાર નીકળે ત્યારે અસંખ્યકાળ વ્યતીત થાય છે. રાત્રિના કાળમાં મિષ્ટાનનું ભોજન કરતો હતો ત્યારે ખુશી વ્યક્ત કરતો હતો અને હવે જ્યારે તારું મુખ કીડીઓથી ભરવામાં આવે ત્યારે તું પોકાર કેમ કરે છે ! પરદેશમાં બ્રેડની વચ્ચે જીવતા જીવો નાંખીને ખાઈ જાય છે, એકેન્દ્રિય જીવોના પુદ્ગલો વાપરો છો ને, અને તે પણ રસપૂર્વક વાપરો, આનંદથી વાપરો, અનુમોદના કરતાં વાપરો, મજેથી-ટેસથી ઉડાવો, પાર્ટી માણતા હો ત્યારે ભયંકર અનુમોદના કરો ને ત્યારે જો અનુબંધ પડે અને આયુષ્યનો બંધ પડે તો નરકમાં આવા પ્રકારની વેદના મળે. અનંતકાયમાં પણ સ્વાદ તો શરીરનો જ મળે છે, કારણ કે તેમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ છે ને અનંતકાયમાં જથ્થો (શરીર) વધારે પણ મળે છે પુદ્ગલોનો એ સ્વભાવ છે.

દારુ પીને નાચતો - કૂદતો હતો તેના ફળ રૂપે તાંબા - તેલ ને સીસાને પીવામાં કેમ પરાંગમુખ બને છે ? રાજસત્તા હતી ત્યારે શૂળ, બંધ, વધ, હનન વગેરે કર્યા તો હમણા તું કેમ આક્રંદ કરે છે ? જે આત્માએ વન - જંગલ વગેરેને

બાળ્યાં છે, દાવાનળ રૂપ અગ્નિ પ્રગટાવીને જીવોને બાળ્યાં છે તેમને પરમાધામી દાવાનળમાં નાખીને બાળે છે ને પૂર્વના કરેલા કર્મો યાદ દેવડાવે છે. રાજા વગેરે શિકાર કરે છે ત્યારે નિર્દોષ જીવોને મારે છે અને તેના પર તે આનંદ માણે છે, માત્ર શોખ ખાતર અને શરીરની શક્તિની સમજણ પર બહાદુરી માને છે. શિકાર વિંધાય છે તેના પર આનંદ અનુમોદના કરે છે તેવા આત્માઓને પરમાધામી આ વાત યાદ અપાવે છે ને સોયના અગ્ર ભાગમાં પરોવે છે, ને જ્વાળામાં શેકે છે, શસ્ત્રોથી કાપે છે, તેને આખાને આખા શેકી નાંખે, વજ્રમુખના પક્ષીઓ વિકુર્વીને ચાંચ વડે આંખો ને માથા ફાડે છે. જેઓને શબ્દ રૂપ વગેરેમાં આસક્તિ હતી તેમને કાનમાં ગરમ સીસાનાં રસ રેડે છે.

ચાર ગતિકર્મ સતત જીવને બંધાય જ છે. આયુષ્ય કર્મ એક જ વાર બંધાય ને જે આયુષ્ય કર્મ બંધાય તે વખતે તે ગતિના બધા જ કર્મોનો સરવાળો ઉદયમાં આવે ને બાકીના સત્તામાં પડ્યા રહે. આયુષ્યને અનુસાર ગતિ કર્મ ઉદયમાં આવી જાય માટે જ એક સમયનો પણ પ્રમાદ ન કર. તમે ગમે તેટલો ધર્મ કર્યો પણ આયુષ્યના બંધ વખતે ખરાબ ગતિ બંધાય તો પહોંચી જાઓ નરકમાં.

મોહ વશ બનેલા આત્માએ, આત્માની પીડા રૂપ આર્તનાદને સાંભળવાનો છે. સત્તાગત આત્માએ આત્મામાં રહેલા અનાહત નાદને સાંભળવાનો હતો તે ન સાંભળ્યો ને બહારના શબ્દો - સંગીત સાંભળવામાં મસ્ત બને છે ને નહીં સાંભળવાનું સાંભળે છે ને સાંભળવાનું સાંભળતો નથી તે બે કાર્ય કરે છે. પરમાત્માના આત્માએ ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં મિથ્યાત્વની હાજરીમાં શય્યાપાલકે આજ્ઞા ન માની તો તેના કાનમાં ઘગધગતું સીસું રેડાવ્યું. મારી આજ્ઞા ન માની એવા અહંકારમાં આવીને વાસુદેવે શય્યાપાલકને સજા કરી. આ ભૂલ જોઈને જીવે પોતાની ભૂલ સુધારવાની જરૂર હતી પરંતુ તેમ ન કર્યું. હવે કર્મસત્તા તેની સાથે તેવો જ બધો વ્યવહાર કરવાની જ છે. પરમાત્મા

થવાવાળો આત્મા પણ ભૂલો કરે છે તો કર્મસત્તાએ એમને પણ નરકના દ્વાર દેખાડી દીધાં. કાનનો દુરુપયોગ કર્યો તો નરકમાં પરમાધામીઓ દ્વારા ગરમાગરમ સીસું અને તેલ રેડાય છે અને આંખો દ્વારા જેઓ સ્ત્રીઓનાં અંગોપાંગો જોવા દ્વારા પાપ બાંધ્યું હોય તેમને પરમાધામીઓ પૂતળીઓ વિકુર્વીને તેમાંથી તણખા ઝરે અને તે નારકની આંખમાં પડે ને ભયંકર પીડા પામે છે. રાવણ-વાલીના યુદ્ધમાં વાલી જીતી જતાં તેમણે વિચાર કર્યો કે વેરનો સંબંધ ન રહે તે માટે પોતાની પુત્રી રાવણને પરણાવી, સુગ્રીવને રાજ્ય આપીને રાવણની આજ્ઞામાં મૂક્યો અને પોતે દીક્ષા લીધી.

ooo

## યોનિ સ્વરૂપ

| જીવ | મૂળભેદ | યોનિ | કુલ કોટિ | જીવ | મૂળ ભેદ | યોનિ | કુલ કોટિ |
|---|---|---|---|---|---|---|---|
| પૃથ્વીકાય | ૩૫૦×૨૦૦૦ | ૭ લાખ | ૧૨ લાખ | તિર્યંચ પંચેન્દ્રિય જલચર | ૨૦૦× ૨૦૦૦ | – | ૧૨.૫૦ લાખ |
| અપ્કાય | ૩૫૦×૨૦૦૦ | ૭ લાખ | ૭ લાખ | ખેચર | ૨૦૦× ૨૦૦૦ | – | ૧૨ લાખ |
| અગ્નિકાય | ૩૫૦×૨૦૦૦ | ૭ લાખ | ૩ લાખ | ઉર પરિસર્પ | ૨૦૦× ૨૦૦૦ | – | ૧૦ લાખ |
| વાયુકાય | ૩૫૦×૨૦૦૦ | ૭ લાખ | ૭ લાખ | ભુજ પરિસર્પ | ૨૦૦× ૨૦૦૦ | ૪ લાખ | ૯ લાખ |
| પ્રત્યેક વનસ્પતિકાય | ૫૦૦×૨૦૦૦ | ૧૦ લાખ | ૨૮ લાખ | ચતુષ્પદ | ૨૦૦× ૨૦૦૦ | – | ૧૦ લાખ |
| સાધારણ વનસ્પતિકાય | ૭૦૦×૨૦૦૦ | ૧૪ લાખ | | નારક | ૨૦૦× ૨૦૦૦ | ૪ લાખ | ૨૫ લાખ |
| બેઇન્દ્રિય | ૧૦૦×૨૦૦૦ | ૨ લાખ | ૭ લાખ | દેવ | ૨૦૦× ૨૦૦૦ | ૪ લાખ | ૨૬ લાખ |
| તેઇન્દ્રિય | ૧૦૦×૨૦૦૦ | ૨ લાખ | ૮ લાખ | મનુષ્ય | ૭૦૦× ૨૦૦૦ | ૧૪ લાખ | ૧૨ લાખ |
| ચઉરિંદ્રિય | ૧૦૦×૨૦૦૦ | ૨ લાખ | ૯ લાખ | | | ૨૬ લાખ + ૫૮ લાખ | ૧૧૬.૫૦ લાખ + ૮૧ લાખ |
| | | ૫૮ લાખ | ૮૧ લાખ | | | ૮૪ લાખ કુલ યોનિ | ૧૯૭.૫૦ લાખ કુલકોટિ |

❑ પૃથ્વીકાયની ૭ લાખ યોનિ કઈ રીતે થાય ?
પૃથ્વીકાયના મૂળ ભેદ ૩૫૦ × ૨ હજારથી ગુણવાના = ૭ લાખ
= (૫ વર્ણ × ૫ રસ × ૨ ગંધ × ૮ સ્પર્શ × ૫ આકાર= ૨ હજાર કુલ.)

કુલ = જયાં જન્મ લે તે કુલ.
કોટિ = કુલની શ્રેણી તે, એકજ જાતિમાં જુદા જુદા કુલો હોય છે.

# (૧) તિર્યંચ ગતિના જીવોનું આયુષ્ય અને અવગાહના યંત્ર

| | ભેદનામ | ભવસ્થિતિ<br>જઘન્ય – ઉત્કૃષ્ટ | અવગાહના<br>જઘન્ય – ઉત્કૃષ્ટ |
|---|---|---|---|
| એ | સૂક્ષ્મ પૃથ્વીકાય | ક્ષુલ્લકભવ અન્તર્મુહૂર્ત (૨૫૬ આવલિકા) | અંગુલઅસંખ્યાત અંગુલઅસંખ્યાતભા |
| | સૂક્ષ્મ અપ્કાય | ક્ષુલ્લકભવ " | " " |
| કે | સૂક્ષ્મ તેઉકાય | " " | " " |
| | સૂક્ષ્મ વાયુકાય | " " | " " |
| | સૂક્ષ્મ સા.વન. | " " | " " |
| | બાદર પૃથ્વીકાય | અન્તર્મુહૂર્ત ૨૨ હ. વર્ષ | " " |
| ન્દ્રિ | બાદર અપ્કાય | " ૭ હજાર વર્ષ | " " |
| | બાદર તેઉકાય | " ત્રણ દિવસ | " " |
| | બાદર વાયુકાય | " ત્રણ હજાર વર્ષ | " " |
| ય | બાદર સા.વન. | " અન્તર્મુહૂર્ત | " " |
| | બાદર પ્રત્યેકવન. | " દસ હજાર વર્ષ | " સાધિકસહસ્ર યોજન |
| વિ | બેઈન્દ્રિય | " ૧૨ વર્ષ | " ૧૨ યોજન |
| ક્લે | તેઈન્દ્રિય | " ૪૯ દિવસ | " ૩ ગાઉ |
| ન્દ્રિય | ચઉરિન્દ્રિય | " ૬ માસ | " ૧ યોજન |
| તિ | સંમૂ. જલચર | " પૂર્વકોડ વર્ષ | " ૧ હ. યોજન |
| | ગર્ભજ જલચર | " " | " " |
| | સંમૂ. ચતુષ્પદ | " ૮૪ હ. વર્ષ | " ગાઉ પૃથક્ત્વ |
| ર્યં | ગર્ભજ ચતુષ્પદ | " ૩ પલ્યોપમ | " ૬ ગાઉ |
| ચ | સંમૂ. ઉરપરિસર્પ | " ૫૩ હ. વર્ષ | " યો. પૃથક્ત્વ |
| પં | ગર્ભજ ઉરપરિ. | " પૂર્વકોડ વર્ષ | " ૧ હ. યો. |
| ચે | સંમૂ. ભૂજપરિ. | " ૪૨ હ. વર્ષ | " ધનુ. પૃથક્ત્વ |
| ન્દ્રિ | ગર્ભજ ભૂજપરિ. | " પૂર્વકોડ વર્ષ | " ૨ થી ૯ ગાઉ |
| ય | સંમૂ. ખેચર | " ૭૨ હ. વર્ષ | " ધનુ:પૃથક્ત્વ |
| | ગર્ભજ ખેચર | " પલ્યો.અસં.ભાગ | " ૨થી નવ ધનુ. |

## (૨) મનુષ્યની–અવગાહના અને આયુષ્યનું યંત્ર

| ક્ષેત્ર | અવસર્પિણી આરો | અવગાહના | આયુષ્ય જઘન્ય | આયુષ્ય ઉત્કૃષ્ટ | આહાર | પ્રમાણ | પાંસળી | અપત્યનું પાલન |
|---|---|---|---|---|---|---|---|---|
| દેવકુરુ–ઉત્તરકુરુ | ૧ લો આરો | ૩ ગાઉ | ૩ પલ્યોપમમાં કંઈક ન્યૂનતમ | ૩ પલ્યોપમ | ૩ દિવસે | તુવેરના દાણા | ૨૫૬ | ૪૯ |
| હરિવર્ષ–રમ્યક્ ક્ષેત્ર | ૨જો આરો | ૨ ગાઉ | ૨ પલ્યોપમમાં કંઈક ન્યૂન | ૨ પલ્યોપમ | ૨ દિવસે | બોર | ૧૨૮ | ૬૪ |
| હેમવંત–હૈરણ્યવંત | ૩જો આરો | ૧ ગાઉ | કંઈક ન્યૂન ૧ પલ્યોપમ | ૧ પલ્યોપમ | એકાંતરે | આમળા | ૬૪ | ૭૯ |
| મહાવિદેહ ક્ષેત્ર | ૪થો આરો | ૫૦૦ ધનુષ્ય | અંતર્મુહૂર્ત | ક્રોડ પૂર્વ વર્ષ | અનિયમિત | અનિયમિત | અનિયમિત | અનિયમિત |
| ભરત–ઐરવત ક્ષેત્ર | ૫મો આરો | ૭ હાથ | અંતર્મુહૂર્ત | ૧૩૦ વર્ષ | " | " | " | " |
| ભરત–ઐરવત ક્ષેત્ર | ૬ઠ્ઠો આરો | ૨ હાથ | અંતર્મુહૂર્ત | ૨૦ વર્ષ | " | " | " | " |
| ૫૬ અન્તર્દ્વીપ | ૩જો આરો | ૮૦૦ ધનુષ્ય | પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન | પલ્યોપમનો અસંખ્યાત–ભાગ | એકાંતરે | આમળા | ૬૪ | ૭૯ |

## (૩) સાતે નારકીનું ઉત્કૃષ્ટ–જઘન્ય આયુષ્ય તથા અવગાહનાનું યંત્ર

| ક્રમ | નારકીનું નામ | ઉત્કૃષ્ટ સ્થિતિ | જઘન્ય સ્થિતિ | અવગાહના ધનુ.–હાથ–અંગુલ |
|---|---|---|---|---|
| (૧) | રત્ન પ્રભા પૃથ્વી | ૧ સાગરોપમ | ૧૦૦૦૦ વર્ષ | ૭ – III – ૬ |
| (૨) | શર્કરા પ્રભા પૃથ્વી | ૩ સાગરોપમ | ૧ સાગરોપમ | ૧૫ – II – ૧૨ |
| (૩) | વાલુકા પ્રભા પૃથ્વી | ૭ સાગરોપમ | ૩ સાગરોપમ | ૩૧ – I – ૦ |
| (૪) | પંક પ્રભા પૃથ્વી | ૧૦ સાગરોપમ | ૭ સાગરોપમ | ૬૨ – II – ૦ |
| (૫) | ધૂમ પ્રભા પૃથ્વી | ૧૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ | ૧૨૫ – ૦ – ૦ |
| (૬) | તમઃ પ્રભા પૃથ્વી | ૨૨ સાગરોપમ | ૧૭ સાગરોપમ | ૨૫૦ – ૦ – ૦ |
| (૭) | તમઃ તમા પ્રભા પૃથ્વી | ૩૩ સાગરોપમ | ૨૨ સાગરોપમ | ૫૦૦ – ૦ – ૦ |

# (૪) ભવનપતિ વ્યંતર દેવોના શરીરની અવગાહના અને આયુષ્ય યંત્ર

| ક્રમ | ભવનપતિદેવ | અવગાહના | જઘન્ય આયુષ્ય | ઉત્કૃષ્ટ આયુષ્ય |
|---|---|---|---|---|
| (૧) | અસુરનિકાય | ૭ હાથ | ૧૦ હજાર વર્ષ | સાધિક ૧ સાગરોપમ |
| | ભવનપતિના | | | |
| | નવ દેવોનું | ૭ હાથ | ૧૦ હજાર વર્ષ | બે પલ્યોપમમાં ન્યૂન |
| | વ્યંતર દેવ | ૭ હાથ | ૧૦ હજાર વર્ષ | ૧ પલ્યોપમ |
| | ભવનપતિ દેવીનું | ૭ હાથ | ૧૦ હજાર વર્ષ | ૪॥ પલ્યોપમ |
| | અસુરનિકાય | | | |
| | નવ ભવનપતિ દેવીનું | ૭ હાથ | ૧૦ હજાર વર્ષ | દેવ કરતા અડધુ |
| **જ્યોતિષી દેવ–દેવીઓના શરીરની અવગાહના તથા જઘન્ય ઉત્કૃષ્ટ આયુષ્ય યંત્ર** | | | | |
| | જ્યોતિષી નામ | અવગાહના | જઘન્ય આયુષ્ય | ઉત્કૃષ્ટ આયુષ્ય |
| | ચન્દ્ર દેવ | ૭ હાથ | ૦॥ પલ્યોપમ | ૧ પલ્યોપમ–ઉપર ૧ લાખ વર્ષ |
| | ચન્દ્ર ઈન્દ્રાણીનું | ૭ હાથ | ૦॥ પલ્યોપમ (૧/૪ ૫૦) | ૫૦ હજાર વર્ષ (તેથી અર્ધ)–૦॥ પલ્યોપમ |
| | ચન્દ્રની પ્રજા–દેવોનું | ૭ હાથ | ૦॥ પલ્યોપમ (૧/૪ ૫૦) | ૧ પલ્યોપમ ઉપર ૧ લાખ વર્ષ |
| | ચન્દ્રની પ્રજા–દેવીનું | ૭ હાથ | ૦॥ પલ્યોપમ (૧/૪ ૫૦) | (તેથી અર્ધ)–૦॥ પલ્યોપમ ઉપર ૫૦ હજાર વર્ષ |
| | સૂર્ય ઈન્દ્રનું | ૭ હાથ | નથી | ૧ પલ્યોપમ ઉપરાંત ૧૦૦૦ વર્ષ |
| | સૂર્યની ઈન્દ્રાણીનું | ૭ હાથ | ૦॥ પલ્યોપમ | ૦॥ પલ્યોપમ ઉપર ૫૦૦ વર્ષ |
| | સૂર્યની પ્રજા–દેવનું | ૭ હાથ | ૦॥ પલ્યોપમ | ૧ પલ્યોપમ ઉપર ૧૦૦૦ વર્ષ |
| | સૂર્ય પ્રજા–દેવીનું | ૭ હાથ | ૦॥ પલ્યોપમ | ૦॥ પલ્યોપમ ઉપર ૫૦૦ વર્ષ |
| | ગ્રહ અધિપતિનું | ૭ હાથ | ૦॥ પલ્યોપમ | ૧ પલ્યોપમ |
| | ગ્રહાધિપતિની ઈન્દ્રાણીનું | ૭ હાથ | ૦॥ પલ્યોપમ | ૦॥ પલ્યોપમ |
| | ગ્રહપ્રજા–દેવનું | ૭ હાથ | ૦॥ પલ્યોપમ | ૧ પલ્યોપમ |
| | ગ્રહપ્રજા–દેવીનું | ૭ હાથ | ૦॥ પલ્યોપમ | ૦॥ પલ્યોપમ |
| | નક્ષત્ર અધિપતિનુ | ૭ હાથ | ૦॥ પલ્યોપમ | ૦॥ પલ્યોપમ |
| | નક્ષત્રાધિપતિની દેવીનું | ૭ હાથ | ૦॥ પલ્યોપમ | ૦॥ પલ્યોપમ |
| | નક્ષત્ર દેવનું | ૭ હાથ | ૦॥ પલ્યોપમ | ૦॥ પલ્યોપમ |
| | નક્ષત્ર દેવીનું | ૭ હાથ | ૦॥ પલ્યોપમ | ૦॥ પલ્યોપમ સાધિક |
| | તારા અધિપતિનું | ૭ હાથ | પલ્યોપમનો આઠમો ભાગ (૧/૮) | ૦॥ પલ્યોપમ |
| | તારા અધિપતિ દેવીનું | ૭ હાથ | " | ૧/૮ પલ્યોપમ |
| | તારા દેવનું | ૭ હાથ | " | ૦॥ પલ્યોપમ |
| | તારા દેવીનું | ૭ હાથ | " | ૧/૮ પલ્યોપમ સાધિક |

## (૫) વૈમાનિક દેવોનું જઘન્ય-ઉત્કૃષ્ટ આયુષ્ય અને અવગાહનાનું યંત્ર

| ક્રમ | દેવલોકના નામ | અવગાહના | જઘન્ય આયુષ્ય | ઉત્કૃષ્ટ આયુષ્ય |
|---|---|---|---|---|
| ૧ | સૌધર્મ દેવલોકે | ૭ હાથ | ૧ પલ્યોપમ | ૨ સાગરોપમ |
| ૨ | ઈશાન દેવલોકે | ૭ હાથ | ૧ પલ્યોપમથી અધિક | ૨ સાગરોપમ સાધિક |
| ૩ | સનત્કુમાર દેવલોકે | ૬ હાથ | ૨ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ૪ | માહેન્દ્ર દેવલોકે | ૬ હાથ | ૨ સાગરોપમ અધિક | ૭ સાગરોપમ સાધિક |
| ૫ | બ્રહ્મ દેવલોકે | ૫ હાથ | ૭ " | ૧૦ સાગરોપમ |
| ૬ | લાંતક દેવલોકે | ૫ હાથ | ૧૦ " | ૧૪ " |
| ૭ | શુક્ર | ૪ હાથ | ૧૪ " | ૧૭ " |
| ૮ | સહસ્રાર | ૪ હાથ | ૧૭ " | ૧૮ " |
| ૯ | આનત | ૩ હાથ | ૧૮ " | ૧૯ " |
| ૧૦ | પ્રાણત | ૩ હાથ | ૧૯ " | ૨૦ " |
| ૧૧ | આરણ | ૩ હાથ | ૨૦ " | ૨૧ " |
| ૧૨ | અચ્યુત | ૩ હાથ | ૨૧ " | ૨૨ " |
| ૧૩ | સુદર્શન ગ્રૈવેયક | ૨ હાથ | ૨૨ " | ૨૩ " |
| ૧૪ | સુપ્રતિબદ્ધ ગ્રૈવેયક | ૨ હાથ | ૨૩ " | ૨૪ " |
| ૧૫ | મનોરમ ગ્રૈવેયક | ૨ હાથ | ૨૪ " | ૨૫ " |
| ૧૬ | સર્વભદ્ર ગ્રૈવેયક | ૨ હાથ | ૨૫ " | ૨૬ " |
| ૧૭ | સુવિશાલ ગ્રૈવેયક | ૨ હાથ | ૨૬ " | ૨૭ " |
| ૧૮ | સુમનસ ગ્રૈવેયક | ૨ હાથ | ૨૭ " | ૨૮ " |
| ૧૯ | સૌમનસ ગ્રૈવેયક | ૨ હાથ | ૨૮ " | ૨૯ " |
| ૨૦ | પ્રિયંકર ગ્રૈવેયક | ૨ હાથ | ૨૯ " | ૩૦ " |
| ૨૧ | આદિત્ય ગ્રૈવેયક | ૨ હાથ | ૩૦ " | ૩૧ " |
| ૨૨ | વિજય વિમાને | ૧ હાથ | ૩૧ " | ૩૨ મતાંતરે ૩૩ સાગરોપમ |
| ૨૩ | વૈજયંત વિમાને | ૧ હાથ | ૩૧ " | ૩૨ " |
| ૨૪ | જયંત વિમાને | ૧ હાથ | ૩૧ " | ૩૨ " |
| ૨૫ | અપરાજિત વિમાને | ૧ હાથ | ૩૧ " | ૩૨ " |
| ૨૬ | સર્વાર્થસિદ્ધ વિમાને | ૧ હાથ | —નથી [મતાંતરે ૩૨] | ૩૩ " |

# (૬) જુદા-જુદા જીવોની કાયસ્થિતિ

| તિર્યંચ ભેદ | પર્યાપ્તા | પ્રત્યેકક્રમથી | ઓઘથી આયુષ્ય | પર્યાપ્તાની | સર્વની જ. |
|---|---|---|---|---|---|
| સૂક્ષ્મ પૃથ્વીકાય | મિશ્રપણે | અસંખ્ય ઉ.અવ. અસંખ્યલોકાકાશ | અસંખ્ય ઉ.અવ. અસંખ્યલોકાકાશ | પ્રત્યેક પૃથ્વી મુજબ | |
| સૂક્ષ્મ અપ્કાય | " | " | " | " | |
| સૂક્ષ્મ તેઉકાય | " | " | " | " | |
| સૂક્ષ્મ સાધારણ વનસ્પતિ | " | અનંતઉ.અવ.– અનંતલોકાકાશ | પ્રત્યેકવત્ | પ્રત્યેકવત્ | |
| બાદર પૃથ્વીકાય | " | ૭૦ કોડાકોડી સાગરોપમ | ૭૦ કોટી.સાગરો. | સં.સહ.વર્ષ– ૨લાખ૭૬ હ.વર્ષ | |
| બાદર અપ્કાય | " | " | " | ૫૬ હજાર વર્ષ | |
| બાદર તેઉકાય | " | " | " | ૨૪ દિવસ | |
| બાદર વાયુકાય | " | " | " | ૨૪ હજાર વર્ષ | |
| બાદર સા.વનસ્પતિ | " | " | " | સં. સહસ્ર વર્ષ | |
| બાદર પ્રત્યેકવન. | " | " | " | ૮૦ હજાર વર્ષ | |
| બેઇન્દ્રિય | " | સંખ્યાતા સહસ્રવર્ષ | સંખ્યાતા સહસ્રવર્ષ | સંખ્યાતા વર્ષ | |
| તેઇન્દ્રિય | " | " | " | સંખ્યાતા દિવસ | |
| ચઉરિન્દ્રિય | " | " | " | સંખ્યાતા માસ | |
| સંમૂ. તિર્યંચપંચે. | " | સાતપૂર્વકોટી વર્ષ | એક હજાર સાગરોપમ | | |
| ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય | " | ૩ પલ્યોપમ | સંખ્યાતા વર્ષ ૭ પૂર્વકોટી વર્ષ | સાગરોપમ | |
| સ. મનુષ્ય | " | અન્તર્મુહૂર્ત્ત | તેટલી જ | × | |
| ગર્ભજ મનુષ્ય | " | ૩ પલ્યોપમ ૭ પૂર્વકોટી | " | × | |
| દેવ નરક | " | કાયસ્થિતિ નથી અપેક્ષાએ ભવસ્થિતિ | " | × | |

ઉ : ઉત્સર્પિણી
અવ : અવસર્પિણી
અ : અસંખ્ય

| પહેલી રત્નપ્રભા પ્રતિપ્રતરે જઘન્યોત્કૃષ્ટ આયુષ્ય સ્થિતિનું યન્ત્ર | | |
|---|---|---|
| પ્રતર | જઘન્યસ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
| ૧ | દસ હજાર વર્ષ | નેવું હજાર વર્ષ |
| ૨ | દસ લાખ વર્ષ | નેવું લાખ વર્ષ |
| ૩ | નેવું લાખ વર્ષ | પૂર્વ ક્રોડ વર્ષ |
| ૪ | પૂર્વ ક્રોડ વર્ષ | $^{1}/_{10}$ સાગરોપમ |
| ૫ | $^{1}/_{10}$ સાગરોપમ | $^{2}/_{10}$ સાગરોપમ |
| ૬ | $^{1}/_{10}$ સાગરોપમ | $^{3}/_{10}$ સાગરોપમ |
| ૭ | $^{3}/_{10}$ સાગરોપમ | $^{4}/_{10}$ સાગરોપમ |
| ૮ | $^{4}/_{10}$ સાગરોપમ | $^{5}/_{10}$ સાગરોપમ |
| ૯ | $^{5}/_{10}$ સાગરોપમ | $^{6}/_{10}$ સાગરોપમ |
| ૧૦ | $^{6}/_{10}$ સાગરોપમ | $^{7}/_{10}$ સાગરોપમ |
| ૧૧ | $^{7}/_{10}$ સાગરોપમ | $^{8}/_{10}$ સાગરોપમ |
| ૧૨ | $^{8}/_{10}$ સાગરોપમ | $^{9}/_{10}$ સાગરોપમ |
| ૧૩ | $^{9}/_{10}$ સાગરોપમ | $^{10}/_{10}$ સાગરોપમ |

| ત્રીજી વાલુકાપ્રભાની સ્થિતિ | | |
|---|---|---|
| પ્રતર | જઘન્યસ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
| ૧ | ૩ સાગરોપમ | ૩ સા. $^{4}/_{6}$ ભાગ |
| ૨ | ૩ સા. $^{4}/_{6}$ ભાગ | ૩ સા. $^{8}/_{6}$ ભાગ |
| ૩ | ૩ સા. $^{8}/_{6}$ ભાગ | ૪ સા. $^{3}/_{6}$ ભાગ |
| ૪ | ૪ સા. $^{3}/_{6}$ ભાગ | ૪ સા. $^{7}/_{6}$ ભાગ |
| ૫ | ૪ સા. $^{7}/_{6}$ ભાગ | ૫ સા. $^{2}/_{6}$ ભાગ |
| ૬ | ૫ સા. $^{2}/_{6}$ ભાગ | ૫ સા. $^{6}/_{6}$ ભાગ |
| ૭ | ૫ સા. $^{6}/_{6}$ ભાગ | ૬ સા. $^{1}/_{6}$ ભાગ |
| ૮ | ૬ સા. $^{1}/_{6}$ ભાગ | ૬ સા. $^{5}/_{6}$ ભાગ |
| ૯ | ૬ સા. $^{5}/_{6}$ ભાગ | ૬ સા. $^{9}/_{6}$ ભાગ |

| પાંચમી ધૂમપ્રભા નરકની સ્થિતિ | | |
|---|---|---|
| પ્રતર | જઘન્યસ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
| ૧ | ૧૦ સાગરોપમ | ૧૧ સા. $^{2}/_{5}$ ભાગ |
| ૨ | ૧૧ સા. $^{2}/_{5}$ ભાગ | ૧૨ સા. $^{4}/_{5}$ ભાગ |
| ૩ | ૧૨ સા. $^{4}/_{5}$ ભાગ | ૧૪ સા. $^{1}/_{5}$ ભાગ |
| ૪ | ૧૪ સા. $^{1}/_{5}$ ભાગ | ૧૫ સા. $^{3}/_{5}$ ભાગ |
| ૫ | ૧૫ સા. $^{3}/_{5}$ ભાગ | ૧૭ સાગરોપમ |

## (૭) એકથી સાત નરકના પ્રતરો સહિત આયુષ્યનો યંત્ર

| બીજી શર્કરા પ્રતિપ્રતરની આયુષ્ય સ્થિતિનું યન્ત્ર | | |
|---|---|---|
| પ્રતર | જઘન્યસ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
| ૧ | ૧ સાગરોપમ | ૧ સા. $^{2}/_{11}$ ભાગ |
| ૨ | ૧ સા. $^{2}/_{11}$ ભાગ | ૧ સા. $^{4}/_{11}$ ભાગ |
| ૩ | ૧ સા. $^{4}/_{11}$ ભાગ | ૧ સા. $^{6}/_{11}$ ભાગ |
| ૪ | ૧ સા. $^{6}/_{11}$ ભાગ | ૧ સા. $^{8}/_{11}$ ભાગ |
| ૫ | ૧ સા. $^{8}/_{11}$ ભાગ | ૧ સા. $^{10}/_{11}$ ભાગ |
| ૬ | ૧ સા. $^{10}/_{11}$ ભાગ | ૨ સા. $^{1}/_{11}$ ભાગ |
| ૭ | ૨ સા. $^{1}/_{11}$ ભાગ | ૨ સા. $^{3}/_{11}$ ભાગ |
| ૮ | ૨ સા. $^{3}/_{11}$ ભાગ | ૨ સા. $^{5}/_{11}$ ભાગ |
| ૯ | ૨ સા. $^{5}/_{11}$ ભાગ | ૨ સા. $^{7}/_{11}$ ભાગ |
| ૧૦ | ૨ સા. $^{7}/_{11}$ ભાગ | ૨ સા. $^{9}/_{11}$ ભાગ |
| ૧૧ | ૨ સા. $^{9}/_{11}$ ભાગ | ૨ સા. $^{11}/_{11}$ ભાગ |

| ચોથી પંકપ્રભાની સ્થિતિ | | |
|---|---|---|
| પ્રતર | જઘન્યસ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
| ૧ | ૭ સાગરોપમ | ૭ સા. $^{3}/_{9}$ ભાગ |
| ૨ | ૭ સા. $^{3}/_{9}$ ભાગ | ૭ સા. $^{6}/_{9}$ ભાગ |
| ૩ | ૭ સા. $^{6}/_{9}$ ભાગ | ૮ સા. $^{2}/_{9}$ ભાગ |
| ૪ | ૮ સા. $^{2}/_{9}$ ભાગ | ૮ સા. $^{5}/_{9}$ ભાગ |
| ૫ | ૮ સા. $^{5}/_{9}$ ભાગ | ૯ સા. $^{1}/_{9}$ ભાગ |
| ૬ | ૯ સા. $^{1}/_{9}$ ભાગ | ૯ સા. $^{4}/_{9}$ ભાગ |
| ૭ | ૯ સા. $^{4}/_{9}$ ભાગ | ૯ સા. $^{8}/_{9}$ ભાગ |

| છઠ્ઠી તમઃપ્રભા નરકની સ્થિતિ | | |
|---|---|---|
| પ્રતર | જઘન્યસ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
| ૧ | ૧૭ સાગરોપમ | ૧૮ $^{1}/_{3}$ સાગરોપમ |
| ૨ | ૧૮ સાગરોપમ $^{2}/_{3}$ | ૨૦ $^{2}/_{3}$ સાગરોપમ |
| ૩ | ૨૦ $^{2}/_{3}$ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| સાતમી તમસ્તમઃ પ્રભાના નરકની સ્થિતિ | | |
| ૧ | ૨૨ સાગરોપમ | ૩૩ સાગરોપમ |

## પૂજ્યશ્રીના વાંચના રૂપે પ્રગટ થયેલા કલ્પતરૂ સમાન શ્રુતજ્ઞાનના પુસ્તકોના પ્રકાશનમાં સંપૂર્ણ લાભ લેનાર ભાગ્યશાળી પરિવારો...

| ક્રમ | પુસ્તકો | લાભાર્થી |
|---|---|---|
| (૧) | નવતત્ત્વ ભાગ–૧ (જીવતત્ત્વ) | ગુરૂભક્તો પરિવાર તરફથી |
| (૨) | જ્ઞાનસાર ભાગ–૧ | શ્રીમતી ભાવનાબેન સુધીરભાઈ શાહ<br>હ. પ્રદિપભાઈ – સુરેન્દ્રનગર |
| (૩) | જ્ઞાનસાર ભાગ–૨ | સ્વ. કમળાબેન મયાભાઈ મોહનલાલ પરિવાર<br>તથા શ્રીમતી મુક્તાબેન ખાંતીલાલ વોરા, અમદાવાદ |
| (૪) | જ્ઞાનસાર ભાગ–૩ | માતુશ્રી કસ્તુરબેન વેલજીભાઈ હરજીયા<br>હ. વીરજભાઈ શાહ–જામનગર |
| (૫) | જીવવિચાર | ઝવેરી કનકલાલ સુંદરલાલ પરિવાર<br>હ. સુધીરભાઈ–અ.સૌ. શોભાબેન તથા ધૈર્ય–જામનગર |
| (૬) | જ્ઞાનસાર ભાગ–૧<br>(પુનઃ પ્રકાશન) | માતુશ્રી જયાલક્ષ્મી અમૃતલાલ વિરચંદ<br>પારેખ પરિવાર હ. કિર્તીભાઈ –મુલુન્ડ |
| (૭) | જીવવિચાર<br>(પુનઃ પ્રકાશન) | **STP Web Hosting-Rajkot**<br>હ. જીલેશ–જીમીત પ્રદિપભાઈ પાટડિયા |
| (૮) | નવતત્ત્વભાગ–૧<br>(જીવતત્ત્વ)<br>(પુનઃ પ્રકાશન) | પૂ. ભાગ્યોદય સાગરજી મ.સા. તથા<br>મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજી તથા સાધ્વીશ્રી<br>પ્રિયદર્શનાની પ્રેરણાથી તેમના ભક્તજનો તરફથી |
| (૯) | જ્ઞાનસાર ભાગ–૨ (પુનઃ પ્ર.) | ગુરૂભક્તો પરિવાર તરફથી |
| (૧૦) | નમસ્કાર મહામંત્ર<br>શ્રી વર્ધમાન પરિવાર પ્રકાશિત | સંઘમાતા વીરાબેન તથા ડાહીબેન જેઠાલાલ બીદ<br>પરિવાર તથા માતુશ્રી મંજુલાબેન ખાન્તિલાલ શાહ |
| (૧૧) | જ્ઞાનસાર ભાગ–૩ (પુનઃ પ્ર.) | ગુરૂભક્ત પરિવાર (ભીંવડી) તરફથી |
| (૧૨) | નવતત્ત્વ ભાગ–૧<br>(જીવતત્ત્વ) (પુનઃ પ્રકાશન) | શ્રીમતી બિનાબેન દિપકભાઈ ઝવેરી, જામનગર.<br>હ. સાગર–ધારા, ભાવિક–ચાર્મી, પરમ–હિયા–દેવ |
| (૧૩) | નવતત્ત્વ ભાગ–૨<br>(અજીવતત્ત્વ) | માતુશ્રી પ્રભાબેન મંગળજીભાઈ શાહ (મહુવાવાળા)<br>હાલ : મુલુંડ |
| (૧૪) | નમસ્કાર મહામંત્ર<br>(પુનઃ પ્રકાશન) | માતુશ્રી પાનીબેન લખમશી લાધા ગડા – ભીવંડી<br>માતુશ્રી મણીબેન સોમચંદ નરશી હરિયા – ભીવંડી |
| (૧૫) | જ્ઞાનસાર ભાગ–૧<br>(પુનઃ પ્રકાશન) | ગુરૂભક્ત પરિવાર મુલુંડ તરફથી |

## પ્રકાશીત પ્રકાશનો

- જ્ઞાનસાર ભાગ-૧
- જ્ઞાનસાર ભાગ-૨
- જ્ઞાનસાર ભાગ-૩
- જ્ઞાનસાર ભાગ-૪
- જીવવિચાર
- નવતત્ત્વ ભાગ-૧ (જીવતત્ત્વ)
- નવતત્ત્વ ભાગ-૨ (અજીવતત્ત્વ)
- નમસ્કાર મહામંત્ર

## આગામી પ્રકાશનો

- જ્ઞાનસાર ભાગ-૫ (નિસ્પૃહ અષ્ટક)

:: પ્રકાશક ::

**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાબંર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ ટ્રસ્ટ**

**આરાધના ભુવન,** માઈ મંદિર રોડ, વિઠ્ઠલ પ્રેસ, સુરેન્દ્રનગર.